
# નિયમસાર સાધના

## ભાગ - ૫


પૂ. ગુરુદેવશ્રી દ્વારા નિયમસાર શાસ્ત્ર પર (૧૯૭૧-૭૩)માં થયેલાં પ્રવચનોનું અક્ષરશ: શાસ્ત્ર



શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદઆચાર્યદેવ



શ્રી પદ્મપ્રભમલધારિદેવ



પૂ. ગુરુદેવશ્રી કાનજીસ્વામી

## અધિકાર

જીવ | અજીવ | શુદ્ધભાવ | વ્યવહારચારિત્ર | પરમાર્થ-પ્રતિક્રમણ | નિશ્ચય-પ્રત્યાખ્યાન | પરમ-આલોચના

શુદ્ધનિશ્ચય -પ્રાયશ્ચિત | પરમ- સમાધિ | પરમ-ભક્તિ | નિશ્ચય-પરમાવશ્યક | શુદ્ધોપયોગ

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ

# નિયમસાર સાધના
# ભાગ-૫

( શ્રીમદ્ કુંદકુંદાચાર્યવર પ્રણીત શ્રી નિયમસાર
ઉપર અધ્યાત્મયુગપ્રવર્તક
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
ઈ. સ. ૧૯૭૧-૭૩ની સાલના પ્રવચન )

પ્રકાશક
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

સહપ્રકાશક
**શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ**
મુંબઈ

| વિક્રમ સંવત | વીર સંવત | ઈ. સન |
| --- | --- | --- |
| ૨૦૮૧ | ૨૫૫૧ | ૨૦૨૫ |

: પ્રકાશન પ્રસંગ :
શ્રાવણ વદ ૨, ૧૧-૦૮-૨૦૨૫;
પૂજ્ય બહેન શ્રી ચંપાબહેન જન્મ જયંતી (વિ.સં.૧૯૭૦)

**પ્રાપ્તિ સ્થાન**
૧. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ, સૌરાષ્ટ્ર-૩૬૪૨૫૦. ફોન-૦૨૮૪૬-૨૪૪૩૩૪
૨. શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ
૩૦૨, કૃષ્ણ કુંજ, પ્લોટ નં. ૩૦, વી. એલ. મહેતા માર્ગ,
વિલે પાર્લા (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૫૬
ફોન (૦૨૨) ૨૬૧૩૦૮૨૦, ૨૬૧૦૪૯૧૨, ૬૨૩૬૯૦૪૬
www.vitragvani.com,
email : info@vitragvani.com

ટાઈપ સેટીંગ
નિજેશ જૈન
મો. : ૯૬૬૨૫૩૫૩૮૭

ૐ

સહજ ચિદાનંદ.

# પ્રકાશકીય નિવેદન

**મંગલં ભગવાન વીરો, મંગલં ગૌતમો ગણી,**
**મંગલં કુંદકુંદાર્યો, જૈનધર્મોસ્તુ મંગલં.**

મહાવીર ભગવાન અને ગૌતમ ગણધર બાદ જેમના નામનો ઉલ્લેખ કરવામાં આવે છે એવા ભરતના સમર્થ આચાર્ય, સાક્ષાત્ સદેહે વિદેહ જઈ સીમંધરભગવાનની દિવ્યધ્વનિનું પ્રત્યક્ષ રસપાન કરનાર શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ મહાન યોગીશ્વર છે. અનેક મહાન આચાર્યો તેમના દ્વારા રચિત શાસ્ત્રોના આધાર આપે છે. તેનાથી એમ પ્રસિદ્ધ થાય છે કે અન્ય આચાર્યો પણ તેમના વચનોને આધારભૂત માને છે.

તેઓ નિર્મળ પવિત્ર પરિણતિના ધારક તો હતા જ; પરંતુ પુણ્યમાં પણ સમર્થ હતા કે જેથી સીમંધરભગવાનનો સાક્ષાત્ યોગ થયો. મહાવિદેહથી પાછા આવ્યા બાદ પોન્નુર તીર્થધામમાં સાધના કરતા–કરતા તેમણે અનેક શાસ્ત્રોની રચના કરી. જેમાં શ્રી સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ—આ પાંચ પરમાગમ તો પ્રસિદ્ધ છે જ, પરંતુ આ સિવાય પણ અનેક શાસ્ત્રોની રચના તેમણે કરેલ છે.

''શ્રી સમયસાર'' આ ભરતક્ષેત્રનું સર્વોત્કૃષ્ટ પરમાગમ છે. તેમાં નવતત્ત્વોનું શુદ્ધનયની દૃષ્ટિથી નિરૂપણ કરી જીવનું શુદ્ધસ્વરૂપ પ્રકાશ્યું છે. ''શ્રી પ્રવચનસાર''માં નામ અનુસાર જિનપ્રવચનનો સાર ઝીલ્યો છે અને તેને જ્ઞાનતત્ત્વ પ્રજ્ઞાપન, જ્ઞેયતત્ત્વ પ્રજ્ઞાપન અને ચરણાનુયોગસૂચક ચૂલિકા નામના ત્રણ અધિકારોમાં વિભાજિત કર્યું છે. ''શ્રી નિયમસાર''માં મુખ્યત્વે શુદ્ધનયથી જીવ, અજીવ, શુદ્ધભાવ, પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સમાધિ, ભક્તિ, આવશ્યક, શુદ્ધોપયોગ વગેરેનું વર્ણન છે. ''શ્રી પંચાસ્તિકાયસંગ્રહ''માં કાળ સહિત પાંચ અસ્તિકાયોનું (અર્થાત્ છ દ્રવ્યોનું) અને નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગનું નિરૂપણ છે. તથા ''શ્રી અષ્ટપાહુડ'' એક દાર્શનિક ગ્રંથ છે, જેમાં સમ્યક્ રત્નત્રય એક જ મોક્ષમાર્ગ છે એની દૃઢતાપૂર્વક સ્થાપના કરેલ છે.

આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. ''નિયમ'' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. ''નિયમસાર'' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. નિગોદથી માંડીને સિદ્ધ સુધીની સર્વ અવસ્થાઓમાં—અશુભ, શુભ કે શુદ્ધ વિશેષોમાં—રહેલું જે નિત્ય-નિરંજન ટંકોત્કીર્ણ શાશ્વત એકરૂપ શુદ્ધદ્રવ્યસામાન્ય તે પરમાત્મતત્ત્વ છે. તે જ શુદ્ધ અંતઃતત્ત્વ, કારણપરમાત્મા, પરમપારિણામિક ભાવ વગેરે નામોથી કહેવાય છે. આ પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અનાદિ કાળથી અનંત અનંત દુઃખને અનુભવતા જીવે એક ક્ષણમાત્ર પણ કરી નથી અને તેથી સુખ માટેનાં તેના સર્વ ઝાવાં (દ્રવ્યલિંગી મુનિનાં વ્યવહાર-રત્નત્રય સુદ્ધાં) સર્વથા વ્યર્થ ગયા છે. માટે આ પરમાગમનો એકમાત્ર ઉદ્દેશ જીવોને પરમાત્મતત્ત્વની ઉપલબ્ધિ અથવા આશ્રય કરાવવાનો છે.

આ શાસ્ત્રમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવની પ્રાકૃત ગાથાઓ પર તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખનાર મુનિવર શ્રી પદ્મપ્રભમલધારિદેવ છે. તેઓ શ્રી વીરનંદિ સિદ્ધાંતચક્રવર્તીના શિષ્ય છે અને વિક્રમની ૧૩મી શતાબ્દીમાં થઈ ગયા છે. શ્રી પદ્મપ્રભમલધારિદેવે ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવના હૃદયમાં રહેલા પરમ ગહન આધ્યાત્મિક ભાવોને પોતાના અંતરવેદન સાથે મેળવીને આ ટીકામાં સ્પષ્ટ રીતે ખુલ્લા કર્યા છે. આ ટીકામાં આવતાં કળશરૂપ કાવ્યો અતિશય મધુર છે અને અધ્યાત્મ મસ્તીથી તથા ભક્તિરસથી ભરપૂર છે. ટીકાકાર મુનિરાજે ગદ્ય તેમ જ પદ્યરૂપે પરમ પારિણામિક ભાવની ખૂબ મહિમા ગાઈ છે. આખી ટીકા જાણે કે પરમ પારિણામિક ભાવનું અને તદાશ્રિત મુનિદશાનું એક મહાકાવ્ય હોય તેમ મુમુક્ષુ હૃદયોને મુદિત કરે છે. સંસાર દાવાનળ સમાન છે અને સિદ્ધદશા તથા મુનિદશા પરમ સહજાનંદમય છે--એવા ભાવનું એકધારું વાતાવરણ આખી ટીકામાં બ્રહ્મનિષ્ઠ મુનિવરે અલૌકિક રીતે સર્જ્યું છે અને સ્પષ્ટપણે દર્શાવ્યું છે કે મુનિઓની વ્રત, નિયમ, તપ, બ્રહ્મચર્ય, ત્યાગ, પરિષહજય ઇત્યાદિરૂપે કોઈ પણ પરિણતિ હઠપૂર્વક, ખેદયુક્ત, કષ્ટજનક કે નરકાદિના ભયમૂલક હોતી નથી પણ અંતરંગ આત્મિક વેદનથી થતી પરમ પરિતૃપ્તિને લીધે સહજાનંદમય હોય છે.

શ્રી નિયમસારમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે ૧૮૭ ગાથાઓ પ્રાકૃતમાં રચી છે. તેના પર શ્રી પદ્મપ્રભમલધારિદેવે તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકા લખી છે. બ્રહ્મચારી શ્રી શીતલપ્રસાદજીએ મૂળ ગાથાઓનો તથા ટીકાનો હિંદી અનુવાદ કર્યો છે. પં. શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા આ શાસ્ત્રનો ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ નિયમસારની મૂળ ગાથાઓ, તેનો ગુજરાતી પદ્યાનુવાદ, સંસ્કૃત ટીકા અને તે ગાથા – ટીકાનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ પ્રગટ કરવામાં આવેલ છે. આ શાસ્ત્રજીમાં પ્રતિપાદિત વિષયવસ્તુને નીચે મુજબના બાર અધિકારોમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

(૧) જીવ અધિકાર, (૨) અજીવ અધિકાર, (૩) શુદ્ધભાવ અધિકાર, (૪) વ્યવહાર ચારિત્ર અધિકાર, (૫) પરમાર્થ પ્રતિક્રમણ અધિકાર, (૬) નિશ્ચય પ્રત્યાખ્યાન અધિકાર, (૭) પરમ આલોચના અધિકાર, (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત અધિકાર, (૯) પરમ સમાધિ અધિકાર, (૧૦) પરમ ભક્તિ અધિકાર, (૧૧) નિશ્ચય પરમ આવશ્યક અધિકાર, (૧૨) શુદ્ધોપયોગ અધિકાર.

આ નિયમસાર ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને અત્યંત પ્રિય હતો. આચાર્યદેવે નિજભાવના નિમિત્તે રચના કરેલ હોવાથી કારણપરમાત્માને ખૂબ જ ઘૂંટ્યો છે, જે ગુરુદેવશ્રી પોતાના આચાર્ય ગુરુવરની ઉત્કૃષ્ટ સાધના યાદ કરાવતું. તેમને તેની ઉપર ખૂબ જ ઊંડાણથી સ્વાધ્યાય કર્યો હતો અને જાહેરમાં ઘણીવાર તેની ઉપર પ્રવચન પણ કર્યા હતા. આ પ્રવચનોમાંથી આપણી પાસે છ વખતના પ્રવચન આખા ઉપલબ્ધ છે. અત્રે પ્રસ્તુત પ્રવચન તેમાંથી એક વારના પ્રવચનો છે, જે વી. સં. ૨૪૯૭ થી ૨૪૯૯ (ઈ. સ. ૧૯૭૧-૭૩) વર્ષ દરમ્યાનના નિયમસાર શાસ્ત્ર પરના ૨૧૫ પ્રવચનો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને નિરંતર એવી ભાવના રહેતી કે મુમુક્ષુઓ નીતરતા સતધર્મનું શ્રવણ કરી અને નિજ કલ્યાણના માર્ગમાં આગળ વધે. આ જ ઉત્કૃષ્ટભાવનાથી આવાં ગહન શાસ્ત્ર કે જે કુંદકુંદાચાર્યદેવે નિજ ભાવના અર્થે રચ્યું છે, તેને પૂજ્યશ્રીએ છ-છ વાર જાહેર સભામાં લીધું હતું. આ ગહન પ્રવચનો અત્રે અક્ષરશઃ શાસ્ત્રરૂપે પ્રસ્તુત કરવામાં આવે છે. આ રીતે આ શાસ્ત્ર ખરેખર પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રભાવનાનું જ ફળ છે. અધ્યાત્મનું ઊંડું રહસ્ય સમજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીએ જે અપાર ઉપકાર કર્યો છે તેનું વર્ણન વાણીથી વ્યક્ત કરવામાં અમો અસમર્થ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાની જાળવણી સી.ડી., ડી.વી.ડી., વેબસાઈટ (www.vitragvani.com), એપ (Vitragvani App) તથા સોશ્યલ મીડિયા (www.youtube.com/c/vitragvani) જેવા સાધનો વડે શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, વિલેપાર્લા, મુંબઈ દ્વારા કરવામાં આવેલ છે. આ કાર્ય પાછળ ટ્રસ્ટની એવી ભાવના છે કે વર્તમાનના આધુનિક સાધનો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સમજાવેલ તત્ત્વજ્ઞાનનો બહોળો લાભ સામાન્યજન લે, કે જેથી આ વાણી શાશ્વત જળવાઈ રહે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યેક પ્રવચનો અક્ષરશઃ ગ્રંથારૂઢ થાય તેવી ભાવનાના ફળસ્વરૂપે નિયમસાર શાસ્ત્ર ઉપરના ૧૯૭૧-૭૩માં થયેલ ૨૧૫ પ્રવચનો અત્રે પ્રકાશિત કરવામાં આવી રહ્યા છે. તેમાંથી નિયમસાર સાધના ભાગ-૫માં અત્રે (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત્ત અધિકાર અને (૯) પરમ સમાધિ અધિકાર પરના સળંગ ૨૪ પ્રવચનો પ્રસ્તુત કરતાં હર્ષની લાગણી અનુભવી રહ્યા છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીની દિવ્યદેશનાને ઓડિયો ટેપમાં ઉતારવાનું મહાન કાર્ય શરૂ કરનાર શ્રી નવનીતભાઈ ઝવેરીનો આ પ્રસંગે આભાર વ્યક્ત કરીએ છીએ. તેમજ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢે આ ઉમદા કાર્યને અવિરતધારાએ ચાલુ રાખ્યું અને સાચવી રાખ્યું, તે બદલ તેમના આભારી છીએ.

સર્વ પ્રવચનોને સાંભળીને ગ્રંથારૂઢ કરવામાં ચીવટતા રાખવામાં આવેલ છે. વાક્ય રચનાને પૂર્ણ કરવા અર્થે ક્યાંક-ક્યાંક કૌંસ કરવામાં આવેલ છે. આ પ્રવચનો સાંભળી અને ગ્રંથારૂઢ કરવાનું કાર્ય શ્રી નિજેશ જૈન, સોનગઢ દ્વારા કરવામાં આવેલ છે. પ્રવચનોને તપાસવાનું કાર્ય શ્રી દિનેશભાઈ શાહ, વિલે પાર્લા, શ્રી અતુલભાઈ જૈન, મલાડ અને શ્રીમતી આરતીબેન જૈન, મલાડ દ્વારા કરવામાં આવેલ છે. આ પ્રસંગે ટ્રસ્ટ તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરે છે.


જિનવાણી પ્રકાશનનું કાર્ય ગંભીર તથા જવાબદારીપૂર્ણ હોવાથી અત્યંત જાગૃતિપૂર્વક તથા ઉપયોગની એકાગ્રતાપૂર્વક કરવામાં આવેલ છે. તેમ છતાં પ્રકાશન કાર્યમાં પ્રમાદવશ કે અજાગૃતિવશ કોઈ ભૂલ રહી ગઈ હોય તો ત્રિકાળવર્તી વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ક્ષમા યાચીએ છીએ. સર્વ મુમુક્ષુગણને વિનંતી છે કે અશુદ્ધિઓની નોંધ ટ્રસ્ટને પાઠવે જેથી તે આગળની આવૃત્તિમાં સુધારી શકાય. આ પ્રવચનો (www.vitragvani.com અને Vitragvani App) ઉપર ઉપલબ્ધ છે.

પ્રસ્તુત ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રી તથા તદ્દભક્ત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનને સાદર સમર્પિત કરીએ છીએ. પાઠકવર્ગ આ પ્રવચનોનો અવશ્ય લાભ લઈ આત્મકલ્યાણને સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. ઇતિ શિવમ્.

ટ્રસ્ટીગણ,

શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ,

વિલે પાર્લા, મુંબઈ




# કળિકાળસર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



અધ્યાત્મયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસર્જક પૂજ્ય સદગુરુદેવ
# શ્રી કાનજીસ્વામીનો સંક્ષિપ્ત જીવન પરિચય

ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ''ઉમરાળા'' ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી વણિક પરિવારના શ્રેષ્ઠીવર્ય શ્રી મોતીચંદભાઈના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, (તા. ૨૧-૪-૧૮૯૦) રવિવારે વહેલી સવારે આ બાળ મહાત્માનો જન્મ થયો.

જે સમયે આ બાળ મહાત્મા ધરતી પર પધાર્યા, તે સમયે જૈનોના જીવનનો શ્વાસ અંધશ્રદ્ધા, પાખંડ અને શુષ્ક ક્રિયાકાંડમાં રુંધાઈ રહ્યો હતો. કોઈક સ્થળે આધ્યાત્મિક ચિંતન ચાલતું હતું, પણ તેમાં અધ્યાત્મ નહોતું. એવા એ અંધકારમય કળિકાળમાં આ તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા. નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થાય છે. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાય છે. વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યવહારિક જીવન સુગંધિત હતું. સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં. જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતા બાર લીટીના કાવ્યની રચના કરે છે : ''શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ...''

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કરે છે. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કરે છે અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કરે છે. પછી ૨૪ વર્ષની વયે (વિ. સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં

સ્થાનકવાસી સંપ્રદાયની દીક્ષા અંગીકાર કરે છે. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટે છે. તીક્ષ્ણ બુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના શોધક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતાંબર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી. કર્મ છે તો વિકાર થાય છે ને? જો કે પૂજ્ય ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં. છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓ દઢતાપૂર્વક સિંહગર્જના કરે છે ''જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.''

વિ. સં. ૧૯૭૮માં મહાવીરપ્રભુના જિનશાસન-ઉદ્ધારનો અને હજારો મુમુક્ષુઓના મહાન પુણ્યોદય સૂચક એક મંગળકારી પવિત્ર પ્રસંગ બને છે.

૩૨ વર્ષની ઉંમરે, વિધિની કોઈ ધન્ય પળે શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર શેઠ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તકમળમાં આવે છે અને આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળે છે : ''શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.'' એનું અધ્યયન અને ચિંતન કરતાં અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાય છે. આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પરમ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિ નિજ ઘર દેખે છે. ત્યારબાદ વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલા રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગ પ્રકાશક' ગ્રંથ પૂ. ગુરુદેવશ્રીને આપ્યો. જે વાંચતા, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં તેઓ તેના વાંચનમાં એવા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું ગમતું નહીં. ત્યારબાદ શ્રી પ્રવચનસાર, અષ્ટપાહુડ, દ્રવ્યસંગ્રહ, સમ્યગ્જ્ઞાન દીપિકા, વગેરે દિગંબર શાસ્ત્રોના અભ્યાસથી ૧૩ વર્ષ સુધી ખૂબ જ જ્ઞાનની પ્રગાઢતા બાદ તેઓશ્રીને નિઃશંક નિર્ણય થઈ જાય છે કે દિગંબર જૈનધર્મ જ મૂળ માર્ગ છે અને તે જ સત્ ધર્મ છે. તેથી અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેશ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડે છે. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કરે છે.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી ''સ્ટાર ઓફ ઇન્ડિયા'' નામના એકાંત મકાનમાં મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ. સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે સંપ્રદાયના ચિન્હ મુહપત્તીનો ત્યાગ કરે છે અને જાહેર કરે છે : ''હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈન ધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહાવીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

''સ્ટાર ઓફ ઇન્ડિયા''માં ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખુબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન ''શ્રી જૈન સ્વાધ્યાય મંદિર''નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ. સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું.

આ ''સ્વાધ્યાય મંદિર'' જીવન-પર્યન્ત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યા, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી છે. પ્રવચનસાર, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, નિયમસાર, પંચાસ્તિકાય સંગ્રહ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યા છે.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને ભાઈશ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદ્રષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ઈ.સ.૧૯૫૯ થી ૧૯૮૦ સુધી નિયમિત રીતે ટેપમાં ઉતારી લેવામાં આવી હતી. જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે. તેથી એટલું તો નક્કી છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમ કાળના અંત સુધી આ દિવ્યવાણી જ ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ. સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી ''આત્મધર્મ'' નામની માસિક આધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ ''આત્મધર્મ'' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું ''શ્રી સદ્ગુરુ પ્રવચન પ્રસાદ'' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્યવિહારી મહાપુરુષની મંગળવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતાંબર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણપૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે..! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરોના તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોને પુસ્તકરૂપે છપાવવાનું કાર્ય વિ. સં. ૧૯૯૯ (ઇ.સ. ૧૯૪૩)થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાન ગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

દસલક્ષણ પર્યુષણ પર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલા તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત

દિગંબર સમાજમાં જાગૃતિ આવી છે. આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણ પર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ. સં. ૧૯૯૭ (ઇ. સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ. સં. ૨૦૦૩ના શ્રાવણ માસથી શરૂ કરવામાં આવેલ છે.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ નૂતન દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગળ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતાં. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બને છે અને બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિ થાય છે, જેમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહે છે. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

ઇ. સ. ૧૯૪૧ થી ઇ. સ. ૧૯૮૦ દરમ્યાન સૌરાષ્ટ (ગુજરાત) ઉપરાંત ભારત દેશના અનેક શહેરોમાં તથા વિદેશમાં (નાઈરોબીમાં) એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગળ પ્રતિષ્ઠા, આ વીતરાગમાર્ગ પ્રવર્તક સત્પુરુષના પવિત્ર કરકમળ દ્વારા થઈ.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષની મંગળકારી જન્મજયંતી ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા હિરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી જડિત એક આઠસો પાનાનો દળદાર ''અભિનંદન ગ્રંથ'' આ ભાવિ તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન ગૃહમંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા મુંબઈમાં દેશભરના હજારો ભક્તોની હાજરીમાં અર્પણ થયો.

શ્રી સમ્મેદશીખરજીની યાત્રા નિમિત્તે ઈ. સ. ૧૯૫૭ તથા ઈ. સ. ૧૯૬૭માં એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગળ વિહાર કર્યો. તે જ રીતે ઇ. સ. ૧૯૫૯ અને ઇ. સ. ૧૯૬૪માં એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર કર્યો. આ મંગળ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. આ સત્પુરુષને અનેક સ્થાનોથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઇ. સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થ કાળનો જ અનુભવ થતો.

વિ. સં. ૨૦૩૭ના કારતક વદ સાતમ, (તા. ૨૮-૧૧-૧૯૮૦) શુક્રવારના રોજ, આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં

એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ પરમાત્મતત્ત્વમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રથી સ્વર્ગપુરી તરફ પ્રયાણ કર્યું. તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરી અધ્યાત્મયુગનું સર્જન કરતાં ગયાં.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતા. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખુબ જ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જવળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર છે; પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય, તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહેતા. ભાવલિંગી મુનિઓના તેઓ દાસાનુદાસ હતા.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વ પ્રકારે સમજાવ્યો છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરુપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઇત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યા છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે, તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

સમગ્ર જીવન દરમ્યાન આ ગુણવંતા જ્ઞાનીપુરુષે બહુ જ અલ્પ લખ્યું છે, કેમકે તેઓશ્રીને તો તીર્થંકરની વાણી જેવો યોગ હતો. તેમની અમૃતમય મંગળવાણીનો પ્રભાવ જ એવો હતો કે સાંભળનાર તેનું રસપાન કરતાં થાકતા જ નહિ. દિવ્યભાવશ્રુત જ્ઞાનધારી આ પુરાણપુરુષે પોતે જ પરમાગમના આ સારભૂત સિદ્ધાંતો લખાવ્યા છેઃ

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ, સ્પર્શે નહિ.

૨. દરેક દ્રવ્યની દરેક પર્યાય ક્રમબદ્ધ જ થાય છે.

૩. ઉત્પાદ - ઉત્પાદથી છે, વ્યયથી કે ધ્રુવથી નથી.

૪. ઉત્પાદ પોતાના ષટ્કારકના પરિણમનથી થાય છે.

૫. પર્યાયના અને ધ્રુવના પ્રદેશ ભિન્ન છે.

૬. ભાવશક્તિના કારણે પર્યાય હોય જ છે, કરવી પડતી નથી.

૭. ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય છે.

૮. ચારે અનુયોગનું તાત્પર્ય વીતરાગતા છે.

૯. સ્વદ્રવ્યમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ પાડવા તે અન્યવશપણું છે.

૧૦. ધ્રુવનું આલંબન, પણ વેદન નહિ, અને પર્યાયનું વેદન, પણ આલંબન નહિ.

આ અધ્યાત્મયુગસર્જક મહાપુરુષે પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો!

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસનસ્તંભ શ્રી કહાન ગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો!

સત્પુરુષનો પ્રભાવના ઉદય જયવંત વર્તો.

# અનુક્રમણિકા



| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| (૮) શુદ્ધનિશ્ચય પ્રાયશ્ચિત્ત અધિકાર | | | | | | |
| ૧૩૨ | ૨૮-૧૦-૧૯૭૨ | આસો વદ ૭ | શનિવાર | ૧૧૩-૧૧૪ | ૧૮૦ | ૧-૧૨ |
| ૧૩૩ | ૨૯-૧૦-૧૯૭૨ | આસો વદ ૮ | રવિવાર | ૧૧૫-૧૧૬ | ૧૮૧ | ઉપલબ્ધ નથી |
| ૧૩૪ | ૩૦-૧૦-૧૯૭૨ | આસો વદ ૯ | સોમવાર | ૧૧૬ | ૧૮૨ | ૧૩-૨૪ |
| ૧૩૫ | ૦૧-૧૧-૧૯૭૨ | આસો વદ ૧૧ | બુધવાર | ૧૧૬-૧૧૭ | ૧૮૩ | ૨૫-૩૬ |
| ૧૩૬ | ૦૨-૧૧-૧૯૭૨ | આસો વદ ૧૨ | ગુરુવાર | ૧૧૭ | ૧૮૪-૧૮૬ | ૩૭-૪૮ |
| ૧૩૭ | ૦૩-૧૧-૧૯૭૨ | આસો વદ ૧૩ | શુક્રવાર | ૧૧૮ | ૧૮૭-૧૮૮ | ૪૯-૫૯ |
| ૧૩૮ | ૦૪-૧૧-૧૯૭૨ | આસો વદ ૧૪ | શનિવાર | ૧૧૯ | ૧૮૯ | ૬૦-૭૧ |
| ૧૩૯ | ૦૫-૧૧-૧૯૭૨ | આસો વદ ૧૫ | રવિવાર | ૧૧૯ | - | ૭૨-૮૩ |
| ૧૪૦ | ૦૬-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૧ | સોમવાર | ૧૧૯ | ૧૯૦ | ૮૪-૯૫ |
| ૧૪૧ | ૦૭-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૨ | મંગળવાર | ૧૨૦ | ૧૯૧ | ૯૬-૧૦૬ |
| ૧૪૨ | ૦૮-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૨ | બુધવાર | ૧૨૧ | ૧૯૨-૧૯૪ | ૧૦૭-૧૧૮ |
| ૧૪૩ | ૦૯-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૩ | ગુરુવાર | ૧૨૧ | ૧૯૫-૧૯૬ | ૧૧૯-૧૨૯ |
| ૧૪૪ | ૧૦-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૪ | શુક્રવાર | - | ૧૯૬-૧૯૯ | ૧૩૦-૧૪૧ |
| (૯) પરમ સમાધિ અધિકાર | | | | | | |
| ૧૪૫ | ૧૧-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૫ | શનિવાર | ૧૨૨ | - | ૧૪૨-૧૫૨ |
| ૧૪૬ | ૧૨-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૬ | રવિવાર | ૧૨૨-૧૨૩ | ૨૦૦ | ૧૫૩-૧૬૩ |
| ૧૪૭ | ૧૩-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૭ | સોમવાર | ૧૨૩-૧૨૪ | ૨૦૧ | ૧૬૪-૧૭૪ |
| ૧૪૮ | ૧૫-૧૦-૧૯૭૨ | કારતક સુદ ૯ | બુધવાર | ૧૨૪-૧૨૫ | ૨૦૨ | ૧૭૫-૧૮૬ |
| ૧૪૯ | ૧૬-૧૦-૧૯૭૨ | કારતક સુદ ૧૦ | ગુરુવાર | ૧૨૬ | ૨૦૩-૨૦૪ | ૧૮૭-૧૯૭ |
| ૧૫૦ | ૧૭-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૧૧ | શુક્રવાર | - | ૨૦૫-૨૦૯ | ઉપલબ્ધ નથી |
| ૧૫૧ | ૧૮-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૧૨ | શનિવાર | ૧૨૭ | ૨૧૦-૨૧૧ | ૧૯૮-૨૦૮ |
| ૧૫૨ | ૧૯-૧૧-૧૯૭૨ | કારતક સુદ ૧૩ | રવિવાર | ૧૨૮ | ૨૧૨-૨૧૩ | ૨૦૯-૨૨૦ |
| ૧૫૩ | ૨૧-૧૧-૧૯૭૨ | કારતક વદ ૧ | મંગળવાર | ૧૨૯ | ૨૧૩ | ૨૨૧-૨૩૩ |

| પ્ર. ક્રમાંક | તારીખ | તિથિ | વાર | ગાથા | શ્લોક | પૃષ્ઠ નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧૫૪ | ૨૨-૧૧-૧૯૭૨ | કારતક વદ ૨ | બુધવાર | ૧૨૯-૧૩૦ | ૨૧૪-૨૧૫ | ૨૩૪-૨૪૪ |
| ૧૫૫ | ૨૩-૧૧-૧૯૭૨ | કારતક વદ ૩ | ગુરુવાર | - | ૨૧૫-૨૧૭ | ૨૪૫-૨૫૫ |
| ૧૫૬ | ૨૪-૧૧-૧૯૭૨ | કારતક વદ ૪ | શુક્રવાર | ૧૩૧-૧૩૩ | ૨૧૭-૨૧૮ | ૨૫૬-૨૬૬ |
| ૧૫૭ | ૨૫-૧૧-૧૯૭૨ | કારતક વદ ૫ | શનિવાર | ૧૩૩-૧૩૪ | ૨૧૯ | ૨૬૭-૨૭૬ |

## આસો વદ ૭, શનિવાર, તા. ૨૮-૧૦-૧૯૭૨
## ગાથા-૧૧૩-૧૧૪, શ્લોક-૧૮૦, પ્રવચન નં. ૧૩૨

આ નિશ્ચય પ્રાયશ્ચિત્ત અધિકાર છે. નવમો અધિકાર, ૧૧૩ ગાથા. એની-ટીકાની અઢી લીટી ચાલી છે. પ્રાયશ્ચિત્ત એટલે શું? આ પ્રાયશ્ચિત્ત કહે છેને પ્રાયશ્ચિત્ત. કોઈ પાપ લાગ્યું હોય તો પ્રાયશ્ચિત્ત લેવું. એ પ્રાયશ્ચિત્ત એટલે શું? એનો અર્થ કરે છે જુઓ! **પ્રાયશ્ચિત્ત એટલે પ્રાયઃ ચિત્ત...** ત્રીજી લીટી છે. ૧૧૩ ગાથા. **પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત.** બહુ ટૂંકી વાત કરે છે. આત્મા અંદર આનંદસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ આત્મા છે. એમાં ચિત્તને જોડવું અને જોડતાં જે નિર્વિકારદશા થાય, એને અહીંયા પ્રાયશ્ચિત્ત કહે છે, એને ધર્મ કહે છે. જે ધર્મી એનો આ ધર્મ, એનો જે ત્રિકાળ ધર્મ એટલે આનંદસ્વભાવ, એ આનંદની અંતરમાં દૃષ્ટિ કરવી, બાહ્ય દૃષ્ટિ છોડી અને અંતર ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ એમાં દૃષ્ટિ કરતાં જે પરિણતિ-પર્યાય નિર્મળ ઉત્પન્ન થાય એને અહીંયા પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**પ્રાયઃ ચિત્ત-પ્રચૂરપણે** (એટલે) ઘણું જ નિર્વિકાર ચિત્ત એમ કહે છે. આત્મામાં પુણ્ય ને પાપના ભાવ, શુભ-અશુભરાગ એ તો દોષ અને વિકાર છે, એ સંસાર છે. પુણ્ય ને પાપના ભાવ એ દુઃખ ને સંસાર છે. એને છેદવાનો ઉપાય (એ કે) ભગવાન આત્મામાં ચિત્તને એકાગ્ર કરવું. સમજાય છે કાંઈ? આ આત્મા અંદર જે છે એ વસ્તુ તરીકે તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે આત્મા. જેનો અતીન્દ્રિય આનંદ-સુખસ્વભાવ આત્મામાં ઠસોઠસ પૂર્ણ ભર્યો છે. આહાહા! એ આનંદમાં અંતર્મુખ દૃષ્ટિ કરી, ચિત્ત જે બહારમાં છે એને અંતરમાં જોડવું અને એમાંથી જે નિર્મળ આનંદની દશા પ્રગટ થાય એ પ્રાયશ્ચિત્ત છે. સ્વરૂપચંદભાઈ! આવું સ્વરૂપ છે. .....નું કાંઈ નથી અહીં તો. આહાહા!

અહીં તો ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા સમવસરણમાં ઇન્દ્રો અને ગણધરોની સમક્ષ આ વિધિ કહેતા હતા. મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપી દોષ-પાપ એ સંસાર, એ સંસારનું પરિભ્રમણ એનું જેને છેદન કરવું હોય એણે ભગવાન આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ આનંદસ્વરૂપમાં એની દૃષ્ટિ મૂકવી અને એમાં એની એકાગ્રતા કરવી, એવી જે પરિણતિ નામ નિર્દોષદશા એ જ સંસારને બાળવાને માટે પ્રાયશ્ચિત્ત છે. આરે, ભારે. સમજાણું કાંઈ? માર્ગ આકરો છો ભાઈ! અનંત કાળમાં એણે... પોતાના સ્વરૂપમાં આનંદ છે, શાંતિ છે.. શાંતિ છે. પૂર્ણ શાંતિ, પૂર્ણ અવિકારીભાવ, પૂર્ણ નિર્દોષ સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા, સ્વભાવિક નિત્યાનંદ આત્મા છે એમાં એણે કોઈ દિ' અનંતકાળમાં (જોયું નથી).

જૈન સાધુ દિગંબર બાહ્યલિંગી-દ્રવ્યલિંગી થયો, પણ અંતર્મુખ દૃષ્ટિ ન મૂકી. એથી એના જન્મ ને મરણ ગયા નહીં. બળ્યા નહીં, ગયા નહીં, ટળ્યા નહીં. આહાહા! સમજાય છે

કાંઈ? જન્મ-જરા-મરણના ચોરાશીના અવતાર એનું કારણ એવો જે મિથ્યાત્વભાવ ને રાગ-દ્વેષભાવ... મિથ્યાત્વભાવ એટલે મારા સિવાય પુણ્યના ભાવ થાય એમાં સુખ છે, પાપના ભાવ થાય એમાં દુઃખ છે—એવી જે બુદ્ધિ એ મિથ્યાત્વભાવ છે, એ મિથ્યાશ્રદ્ધા છે. આહાહા! શરીરને લઈને મને સુખ છે, પૈસાને લઈને સુખ છે, શરીરની સુંદરતા, કોમળતા, નમણાઈને લઈને મને સુખ છે—એવી જે માન્યતા મહામિથ્યાત્વભાવ છે, અનંત સંસારમાં રખડવાનું એ બીજ છે. સમજાણું કાંઈ?

વીતરાગ પરમાત્મા જેણે પરમ શાંતરસ પ્રગટ કર્યો છે, એની સાથે અતીન્દ્રિય આનંદનો જેને પૂર્ણ અનુભવ છે, શાંતરસ એટલે વીતરાગતા. એવા ભગવાનના મુખે, મોટા-મોટા ગણધરો ને ઇન્દ્રો, ચક્રવર્તીની સભામાં ભગવાન આમ કહેતા હતા કે ભાઈ! આ સંસાર જન્મ-જરા-મરણનું કારણ એવો જે દુઃખરૂપ વિકારીભાવ... મિથ્યાશ્રદ્ધા, રાગ-દ્વેષના ભાવ એ વિકારીભાવ, ઝેરીલો ભાવ છે. આહાહા! જેના ફળ તરીકે ચોરાશીમાં રખડવું પડે છે એને. એ ઝેરીલા ભાવને ટાળવો હોય તો પ્રાયશ્ચિત્ત આ છે. અંતર્મુખ ભગવાન આત્મા જે સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરે જોયો, પરમાત્મા અરિહંતદેવે જે આત્મા અંદર જોયો, એ આત્મા તો પૂર્ણ આનંદ ને પૂર્ણ શાંતિનું ઘર છે. મિત્રસેનજી! ક્યાં મૈત્રી કરવી એમ કહે છે. આહાહા!

ક્યાં મૈત્રી કરવી? આ આત્મા સાથે, એમ કહે છે. આહાહા! અનાદિની મૈત્રી રાગ, પુણ્ય-પાપ ને શરીર સાથે મૈત્રી છે. દુશ્મન સાથે મૈત્રી છે. સ્વરૂપચંદભાઈ! આ તો સમજાય એવું છે સાદું. ભાષા સાદી છે એમાં કાંઈ કોઈ... આહાહા! ઝેરીલા નાગ સાથે લડ્યો છે માળો. એ વિકારીભાવ, મિથ્યાશ્રદ્ધા, રાગ અને દ્વેષ વિકારી ઝેરીલા ભાવ છે. આહાહા! પરમ દિ' નહોતી વાત થઈ? અરજણભાઈ આવ્યા હતા એણે વાત કરી. એવી એક નાગણી થાય છે. ભાઈ કાંઈક કહેતા હતાને? મોહનભાઈ! શું નામ એનું? દઢીયું.

આવડી નાગણ થાય છે નાગણી. એ દરમાં હોય અને આસપાસ આવડા-આવડા કાંકરા હોય આમ. એટલે એને ઓળંગીને કોઈ ત્યાં જાય તો કરડે અને (બાળે) ત્યાં સુધી બહાર રહે. એ ભાળે અગ્નિ કે મરી ગયો ને બાળે છે તો અંદર જાય, નહીંતર બહાર રહે. ન બળે તો એમ ને એમ બેસી રહે. ....... આની કોર ધુમાડો... એવી જાત..... બાળે તો ખરાને. આ ....વાળા આહીર હોય તો બાળે. મુસલમાન દાટે. પણ એવી કહેવત છે. એ પરમ દિ' સાંભળ્યું. એવું આકરું ઝેર કે.... આ હમણાં નહીં મરી ગયો એક ગરાસિયાનો છોકરો? વીંછી કરડીને મરી ગયેલો. અહીં ચાર દિ' થયા. વીંછી કરડ્યો. પંદર વર્ષનો (હતો), મરી ગયો. દેહની સ્થિતિ પૂરી થાય ત્યાં ઝેર આદિ એવા નિમિત્તો આવે.

એમ સંસારમાં રખડવાનું ઝેર... આહાહા! આત્મા આનંદસ્વરૂપ છે એના સિવાય ક્યાંય પણ પ્રસન્નતા ને સુખબુદ્ધિ થવી એ ઝેર છે ચોરાશીના અવતારમાં રખડવાના. આહાહા! એ પૈસાવાળા કરોડપતિ ને અબજોપતિ ધૂળ છે. એ ધૂળના પ્રેમીલા સંસારમાં રખડનારા છે. અહીં

તો પરમાત્મા ત્યાં સુધી કહે છે.... ભાઈ નથી આવ્યા? પ્રફુલ્લભાઈ કાલ બેઠા હતાને ત્યાં? અહીં આવે ત્યારે નવરાશ ન મળે. કહો, સમજાણું કાંઈ? નવરંગભાઈના દીકરા આવ્યા હતાને. આત્મા આનંદની મૂર્તિ પ્રભુ.... અતીન્દ્રિય આનંદ જગતના ખ્યાલમાં નથી. જગતને એ ચૈતન્યના આનંદના ચમત્કારની ખબરું નથી. એ રાજા, મહારાજા, ઇન્દ્રો આદિ જે રાગ-દ્વેષને કરે એ બધા દુઃખી છે અને એના ફળમાં પણ ચાર ગતિમાં રખડવાના ફળવાળો એ રાગ છે. આહાહા! સમજાય છે કાંઈ?

કહે છે કે પ્રાયશ્ચિત્ત, આહાહા! (એટલે) પ્રચૂરપણે નિર્વિકાર ચિત્ત. **અંતર્મુખાકાર પરમ-સમાધિથી યુક્ત...** શું કહે છે? ભગવાન આત્મા અંતર પરમેશ્વર ભગવાન... જેવી ભગવાનને દશા પ્રગટ થઈ અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ, એવો જ આત્માનો સ્વભાવ છે અંદર. એમાંથી એ પ્રગટ થઈ છે. એ કાંઈ બહારથી આવતી નથી. એવો અંતર્મુખાકાર ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ અંદર એના અંતર સન્મુખ થઈને જે ભાવ–પરમ સમાધિ (થઈ)... આહાહા! સમ્યગ્દૃષ્ટિને સમ્યગ્દર્શનના ધ્યેયમાં આખો પૂર્ણ પરમાત્મા ભગવાન પોતે જ આત્મા છે, એને અંતર્મુખાકાર થઈને જે પરમ શાંતિ પ્રગટે, એ **પરમ સમાધિથી યુક્ત**... ઓલા બાવા સમાધિ કરે એની વાત નથી હોં. અંતર્મુખાકાર...

ભગવાન અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનું પૂર છે. આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદનું પૂર છે પૂર. કેમ બેસે? આહાહા! હજી એને શ્રદ્ધાની ખબર નથી, કેવડો હું છું એની એને ખબર ન મળે અને દુનિયાના ડાહ્યા થઈને... ..જી! ડાહ્યા થઈને ફરે. અમે ડાહ્યા છીએ, આમાં હુશિયાર છીએ, સબમેં હમારી લગતી હૈ જહરમેં. હરિભાઈ! પ્રભુ! તારી ચીજ શું છે એ તને ખબર નથી. જેવો પરમાત્મા અરિહંત ને સિદ્ધોને અતીન્દ્રિય આનંદનો અનુભવ જે પ્રગટ્યો છે, એ બધો અતીન્દ્રિય આનંદ અંદરમાં હતો એ પ્રગટ્યો છે. એવો જ અતીન્દ્રિય આનંદમય તું છો. આહાહા! પ્રભુ! તારી પ્રભુતાની તને ખબર ન મળે. તું કેવડો મોટો એની મહિમાની તને ખબર ન મળે. આહાહા!

કહે છે કે જેણે અંતર્મુખાકાર... ભગવાન પૂર્ણ ધ્રૂવ ચૈતન્ય અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ–વસ્તુ એના ઉપર જેણે અંતર્મુખાકાર દૃષ્ટિ કરી, આહાહા! એની સન્મુખ જેણે નજરું માંડી, ભગવાન નિત્યાનંદ આત્મા એમાં જેણે નજરું નાખી, એને પરમસમાધિ થઈ, એને સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ પરમ શાંતિ થાય. એ પરમ શાંતિ આ કષાયરૂપી અગ્નિને બાળવાનો ઉપાય છે. આહાહા! સમજાણું કાંઈ? આકરી વાત છે બાપા! આમ કહે, સામાયિક કરી, પડિકમણા કરી, જાત્રા કરી આવ્યા, દાન કર્યા પાંચ-પચાસ હજારના ને ધર્મ થઈ ગયો. ધૂળમાંય ધર્મ નથી. સમજાય છે કાંઈ? એ તો એક શુભભાવ અશુભ(થી બચવા આવે). ચારિત્રનો અશુભ હોં, મિથ્યાત્વનો અશુભ તો જુદો. આહાહા! ચારિત્રના અશુભભાવથી બચવા એવો શુભભાવ છે,

ધર્મ નહીં. ધર્મ તો, બધી દિશાઓ તરફથી પાછા વળી, જગતની બધી દિશાઓ તરફથી પાછા વળી એક આત્માની દિશા તરફ જવું. આહાહા!

ભગવાનની ભક્તિનો રાગ પણ એ બંધનું કારણ છે કહે છે. એનાથી પાછો વળી... આ બધી દિશાઓ શૂન્ય લાગે એને અને આત્માની દિશામાં આનંદ ભરેલો ભાસે, એવી જે દૃષ્ટિ ને શાંતિ એનું નામ ધર્મ છે. આહાહા! એનું નામ પ્રાયશ્ચિત્ત છે. સમજાણું કાંઈ? હજી તો ખબરું ન મળે કે શું છે આ. પામર તરીકે માન્યો. આહાહા! એક બીડી જરી પીવે ત્યાં એને વૈકુંઠ દેખાય. ઓ.. એમ કરી ખૂબ ધુમાડો કાઢે. શું છે? મૂર્ખાઈ કેટલી તારે બહાર પાડવી છે? એ મૂર્ખાઈનું પ્રદર્શન છે. આહાહા! બે સિગારેટ પીવે ત્યારે દિશા–પાયખાનું ઉતરે આટલા તો જેને વ્યસન. આહાહા! વ્યસનનો અર્થ પીડા થાય છે હોં. વ્યસનનો અર્થ જ પીડા થાય છે. આહાહા! આ ત્રણ લોકનો નાથ આત્મા અંદર ચૈતન્ય ને આનંદના ચમત્કારથી ભરેલો.. ઓહો! જેણે અંતર્મુખ જોયું અને અંતર્મુખ દૃષ્ટિ કરી એને શાંતિ પ્રગટે. હમણા સંભાર્યા હતા. કેમ મોડા થઈ ગયા? કેટલી મીનીટ થઈ? વીસ મીનીટ થઈ ગઈ. આ બધું ઘણું વયું ગયું વીસ મિનિટનું. સમજાણું કાંઈ? આહાહા!

શ્રોતા : ફરીને કહો...

પૂજ્ય ગુરૂદેવશ્રી : જે આવ્યું એ કાંઈ ફરીને આવે? એ જે અંદર.... આહાહા!

કહે છે કે પ્રાયશ્ચિત્ત એટલે પ્રચૂરપણે નિર્દોષ ચિત્ત. બાહ્યની બધી દિશાઓથી પાછો વળી અને એક અંતર્મુખ ભગવાન આત્મા આનંદમૂર્તિમાં અંદર જવું, એ દિશામાં એની દશા ફેરવી નાખવી એનું નામ ધર્મ અને એનું નામ જે સંસારની અગ્નિ સળગી રહી છે–બળી રહી છે એને બાળવાનો આ ઉપાય છે. સ્વરૂપચંદભાઈ! આ બીજી જાતની વાત છે. આહાહા! દુઃખી છે આખી દુનિયા. પૈસાવાળા, રાજા, શેઠિયા મહાદુઃખી બિચારા ભિખારા છે. જેને અંદરમાં આનંદરૂપી લક્ષ્મીની ખબર નથી. ....... ...... સમજાય છે કાંઈ?

કહે છે કે આ સંસાર એટલે શું? અંતરમાં પરમાં સુખબુદ્ધિ માનવી અને રાગ-દ્વેષ થવા એ સંસાર. એ ઝળહળતી અગ્નિ. ઝેરીલા સર્પો કરડ્યા હોય એવો એ સર્પ છે. આહા! પુણ્ય ને પાપ, રાગ અને દ્વેષ અને મિથ્યાશ્રદ્ધા (એટલે) પરમાં સુખ છે એવી માન્યતા ઝેરીલા નાગ છે. એને બાળવું ને ટાળવું હોય તો અંતર્મુખાકાર પરમ શાંતિ... આહાહા! ભગવાન આત્મા કેવો છે એને પહેલો જાણવો જોઈએ અને જાણીને એની સન્મુખ એકાગ્રતા કરવી એ શાંતિ અને આનંદનું કારણ છે. આહાહા! આવું છે.

**પરમ જિનયોગીશ્વર...** અહીં તો મુનિની મુખ્યતાથી વાત કરી છે. જિન નામ જેણે રાગ–પુણ્ય-પાપની રુચિને છોડીને છે અને જેણે ભગવાન આત્માના આનંદની રુચિ પ્રેમથી કરી છે એવા ધર્માત્મા, યોગી એટલે અંદરમાં જોડાણવાળા ઈશ્વર. **પાપરૂપી...** પુણ્ય ને પાપરૂપી જે

વન... શુભ ને અશુભ રાગ... દયા, દાન, વ્રત ભક્તિના પરિણામ એ શુભ અને હિંસા, જૂઠું, ચોરી, વિષયના પરિણામ એ પાપ—બેય કષાયની અગ્નિ છે. આહાહા! એ પુણ્ય ને પાપરૂપી અટવી નામ મોટું વન એને બાળવા માટે અગ્નિ સમાન છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપ પોતે પરમાત્મસ્વરૂપ જ છે. આહાહા! એમાં અંતર એકાગ્ર થવું એ સંસારને બાળવાનો ઉપાય છે. ભારે આકરી વાત, ઉપાય ભારે.

બે-ચાર મંદિર બનાવી દે તો? બે-પાંચ-દસ પચ્ચીસ લાખ ખરચીને મોટા મંદિર બનાવે, પૂજા કરે દરરોજ ચોવીસ કલાક, ભગવાન.. ભગવાન.. ભગવાન. એ બધો રાગ છે, એ અંતર્મુખ સ્વરૂપ નહીં. આહાહા! ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા એમાં અંતર્મુખ થવું (અને) બહારથી વિમુખ થવું. કામ ભારે. પણ એને દુઃખ લાગશે... જન્મ-જરા-મરણ ચોરાશીના અવતાર... આવા ... લૂગડાં, પૈસાની સગવડતા. પણ સગવડતા એ દુઃખના નિમિત્ત છે એનું ભાન નથી એને. આહાહા! એને ભગવાન દુઃખના કારણ કહે છે. સુખનું કારણ તો ભગવાન આત્મા એકલો છે. સમજાણું કાંઈ?

આવડો મોટો આત્મા ભૂલે ભરાઈ ગયો. ભગવાન જેવું જેનું સ્વરૂપ છે, ભગવાન જેવું જ એનું સ્વરૂપ છે. આ પુણ્ય-પાપ ને પરવસ્તુ મારી એવી માન્યતામાં... આહાહા! સર્પના.. શું કહેવાય? દર. એમાં ગરી ગયો છે વિકારમાં. આહા! દુઃખી છે, એને ખબર નથી. બહારમાં ... દાંત કાઢે. વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા એમણે તો દુઃખ ને સંસારના જન્મ-મરણને ટાળવાનો આ એક ઉપાય જોયો છે (કે) અંતર્મુખ થવું (અને) બહિર્મુખથી પાછું ખસવું. આહાહા! શું છે આ?

પુણ્ય-**પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન** છે. પછી મુનિ પોતાની જરી વાત કરે છે. **પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત...** ટીકા કરનાર મુનિ છે ને. પદ્મપ્રભમલધારિદેવ મુનિ છે. પાંચ ઇન્દ્રિયોનો વિસ્તાર અટકી ગયો છે. અણીન્દ્રિય આત્મામાં અંદર ઘુસી ગયો છે. મુનિ એને કહીએ કે અણીન્દ્રિય પ્રભુ આત્મા એમાં જેની લીનતા થઈ ગઈ છે, પાંચ ઇન્દ્રિયના વિષયના ફેલાવથી અટકી ગયા છે. **દેહમાત્ર પરિગ્રહના ધારી** છે. મુનિને તો દેહ જ હોય, બાકી બીજું હોય નહીં. મુનિ જેને કહીએ સાચા અંતર ભાવલિંગી (કે જે) આનંદનું ભાન ને આનંદના અનુભવમાં–ઉગ્ર આનંદમાં આવ્યા હોય, એને તો નગ્નદશા જ હોય. એને તો વસ્ત્ર કે પાત્ર હોય નહીં. એવા મુનિ જંગલમાં વસતા હોય. સમજાય છે કાંઈ?

જેને દેહમાત્ર એક પરિગ્રહ છે. દેહ તો છોડ્યો જાય નહીં આયુષ્ય હોય ત્યાં સુધી. બાકી કોઈ બીજી ચીજ હોતી નથી. લંગોટીનો તાણોવાણો પણ મુનિને હોતો નથી. પણ ઓલા ભાન સહિતની વાત છે હોં. એવા ભાન વિનાના નગ્નમુનિ તો અનંતવાર થયા, પંચમહાવ્રત અનંતવાર પાળ્યા, એમાં કાંઈ વળ્યું નહીં. 'મુનિવ્રત ધાર..' આવે છેને છઢાળામાં. 'મુનિવ્રતધાર

અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયો.' એવું અનંતવાર આવ્યું. હજારો (રાણી) છોડી મુનિ થયો, પંચમહાવ્રત પાળ્યા. પણ એ તો રાગ છે, આસ્રવ છે, એ દુઃખ છે. 'આત્મજ્ઞાન બિના લેશ સુખ..' આત્માનું જ્ઞાન. એ રાગનું નહીં, પરનું નહીં, આત્માનું જ્ઞાન. આત્મા આનંદ ને જ્ઞાન સ્વરૂપીનું જ્ઞાન, જ્ઞાનીના જ્ઞાનનું જ્ઞાન, આનંદનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, સહજાત્મસ્વરૂપ એવો ચૈતન્ય એનું જ્ઞાન. એ જ્ઞાન કોઈ દિ' કર્યું નહીં. અને એ જ્ઞાન કર્યા વિના આત્માને આનંદનો સ્વાદ આવે નહીં. સમજાય છે કાંઈ?

વીતરાગ જિનેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવનો આ હુકમ છે. આહાહા! સમજાય છે કાંઈ? મહાવિદેહમાં ભગવાન બિરાજે છેને સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર. ત્યાં સંવત ૪૯માં ગયા હતા કુંદકુંદાચાર્ય, આઠ દિવસ રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્રો બનાવ્યા છે. ભગવાનનો હુકમ–ભગવાનની આજ્ઞા આ છે. ભગવાન કરોડો દેવો, કરોડો મનુષ્યોની સભામાં આમ કહેતા હતા. એ મેં સાક્ષાત્ સાંભળ્યું એમ કહે છે. સમજાણું કાંઈ? એ મુનિરાજ યોગીન્દ્ર કુંદકુંદાચાર્યે કહ્યું, એમના (લખેલા શાસ્ત્રની) ટીકા મુનિરાજ કરે છે.

કહે છે કે મુનિ, જેને એક શરીરમાત્ર હોય. એમાં એમ આવે છે, અપૂર્વ અવસરમાં નથી આવતું? પાછા માળા બીજા અર્થ કરે. ત્યાં 'દેહમાત્ર' કીધું. ઓલું આવેને 'જાતિવેષનો ભેદ નહીં, કહ્યો માર્ગ જો હોય..' એમાં જાતિ-વેષ નાખે પાછા. ગમે એવો વેશ હોય તો મુનિપણું હોય. તો આ 'દેહમાત્ર' પાછું ખોટું પડશે. (શ્રોતા :...) એ ખોટું છે જ. આહાહા! આવે છે કે નહીં શ્રીમદ્માં અપૂર્વ અવસરમાં? જાતિવેશ ગમે તે હોય, તો પછી અહીં તો (કહ્યું કે) દેહમાત્ર જ જાતિ હોય, બીજો વેષ હોય જ નહીં. એમ કહે છે ત્યાં અપૂર્વ અવસરમાં. પાછળથી તો એ કહ્યું. આહાહા! બધું નગ્નભાવ છે. એમ કરીને એ બચાવ કરે છે (કે) નગ્નભાવ (કહ્યો છે), નગ્નપણું નહીં, એમ. આ શું કીધું છે શરીરમાત્રમાં? દેહમાત્ર નગ્નદશા જ હોય અને તે અંતર અતીન્દ્રિય આનંદમાં ઝૂલતાવાળાની વાત છે અહીં તો. અતીન્દ્રિય આનંદમાં ઝૂલે.. ઝૂલે.. છઠ્ઠું ગુણસ્થાન, સાતમું (ગુણસ્થાન) અંતર્મુહૂતમાં હજારો વાર આવે. આહા! મુનિદશા કોને કહે?

કહે છે કે **સહજવૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ સમાન...** મુનિ પોતે પોતાની વાત કરે છે. **પરમાગમરૂપી પુષ્પરસ-ઝરતા..** મુખમાંથી પરમ-આગમ ઝરે છે કહે છે, (એટલે) આ ટીકા. **મુખવાળા પદ્મપ્રભે આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.** આ ધર્મ આ રીતે જીવે નિરંતર કરવાલાયક છે. આહાહા! અંતર સ્વરૂપમાં પૂર્ણાનંદમાં દૃષ્ટિ કરીને ઠરવા જેવું છે. આ ધર્મ છે, બાકી કોઈ ધર્મ છે નહીં. લાખ જાત્રાઓ કરે, કરોડ (વાર) સમ્મેદશિખરે જાય. આવે છેને ત્યાં સમ્મેદશિખરનું? 'એકવાર વંદે જો કોઈ, નરક પશુ ના હોઈ..' પણ નરક-પશુ ન થાય એમાં શું દાળિયા થયા? આગળ થાશે એ. એ તો શુભભાવ છે. એથી જન્મ-મરણ ટળે એ ચીજ નથી. એ ચીજ તો આત્માનો સ્વભાવ છે. આહાહા! પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ એને આશ્રયે જતાં જન્મ-મરણ

ટળે. ચોરાશીના દુઃખના ઝંઝાળના સળગતા દીવા ત્યાં ઓલવાય. બાકી બીજે ઓલવાય એવું નથી.

**[હવે આ ૧૧૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે:]** ૧૮૦.

**प्रायश्चितं भवति सततं स्वात्मचिंता मुनीनां**
**मुक्ति यांति स्वसुखरतयस्तेन निर्धूतपापाः ।**
**अन्या चिंता यदि च यमिनां ते विमूढाः स्मरार्ताः**
**पापाः पापं विदधति मुहुः किं पुनश्चित्रमेतत् ॥ १८० ॥**

મુખ્યે મુનિની વાત છેને. **શ્લોકાર્થ : મુનિઓને સ્વાત્માનું ચિંતન તે નિરંતર પ્રાયશ્ચિત્ત છે...** એનો અર્થ કે ધર્માત્માને અંતર ભગવાન આત્માના સ્વરૂપમાં સન્મુખતા ને નિરંતર લીનતા એ પ્રાયશ્ચિત્ત છે, એટલે એ ધર્મ છે. બરાબર હૈ? આવું ન કરી શકાય તો શું કરવું? પણ પહેલું માન તો ખરો, ઓળખાણ તો કર. શ્રદ્ધાનો પલટો માર કે એકવાર આ આત્મા તરફ ગયા વિના, અંતર લીનતા કર્યા વિના ત્રણ કાળમાં ક્યાંય સંસારનો આરો આવે એવો નથી. સમજાણું કાંઈ? દુઃખી.. દુઃખી.. બિચારા. જુઓ! હમણા તો ત્રણ-ચાર દિ'માં કેટલું થયું? ... મરી ગયો, છોકરો મરી ગયો, બળદ મરી ગયો, આ મરી ગયો. એકકોર દુકાળ પડ્યો ને એકકોર માણસના દુકાળ પડ્યા. હોળી સળગી આખી દુનિયા.. આહાહા!

રોવે અરેરે! ભાઈ કહેતા હતા. અરે! બાઈયું રોવે..... વડલાના વિસામા તમને કેમ ગોઠશે? આ વડલો હોયને વડલો. મરી ગયા પછી રોવે બાઈયું. ......... એ મોહનભાઈ! આ અરજણભાઈ એમ કહેતા, અહીં તમારી બાઈયું એમ રોવે. વડલાના વિસામા કેમ ગોઠશે? અને ક્યાં જઈને ભાતું ખાશો? હવે મરી ગયો એ ભાતું ખાવાનો? આહાહા! ગયા ઓલા વડલાના વિસામા. મરીને ક્યાં ગયો હશે બિચારો? અહીં તો હજી હાથ ઝાલે ત્યાં દેહ છૂટીને ક્યાંય માયા, કપટ, કુટિલતા, દુનિયાની મમતા કર્યે ઢોરમાં અવતર્યો હોય, કૂતરીને કૂંખે. અહીં મોટો શેઠીયો કહેવાતો હોય ત્યાં કૂતરીને કૂંખે અવતર્યો હોય. છે શું માળા? આહાહા! ભારે ખેલ ભાઈ આ! ખેલાડીએ પણ ખેલ ખેલ્યા છેને આ ઊંધા. આહાહા!

ભગવાન કહે છે કે ધર્માત્માને તો સ્વાત્માનું ચિંતન એ જ ધર્મ છે. છે કે નહીં? ભગવાન પૂર્ણ આનંદ ને જ્ઞાનની મૂર્તિ અંદર એની એકાગ્રતા એ જ ધર્મ છે. જન્મ-મરણને બાળવાનો આ એક જ ઉપાય છે. બાકી મરી મરીને ગયા આ બધા. હવે કહે છે જુઓ! પાછું **નિરંતર પ્રાયશ્ચિત...** નિરંતર આ એક જ પ્રાયશ્ચિત્ત, એમ. આહાહા! પ્રભુ પૂર્ણ આનંદનો નાથ એવો ભગવાન આત્મા બિરાજે છે અંદર ધ્રુવ, એની નિરંતર એકાગ્રતા–અંતર પડ્યા વિના

સ્વરૂપની એકાગ્રતા, બસ એ એક જ જન્મ-મરણને બાળવાનો ઉપાય છે, એ એક જ ધર્મ છે. એ સિવાય કોઈ ધર્મ છે નહીં. આહાહા! આ જૈનધર્મ.

**નિજ સુખમાં રતિવાળા તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે...** જુઓ! શું કહે છે? નિજ સુખમાં પ્રેમવાળા જીવો ધર્માત્મા હોય છે. ધર્મી એને કહીએ કે નિજસુખ (અર્થાત્) આત્માના આનંદમાં પ્રીતિવાળા જીવ છે. જેના પ્રેમ બધાથી ઉઠી-ઉડી ગયા છે. ચક્રવર્તીના રાજ અને ઇન્દ્રના ઇન્દ્રાસન હોય, ધર્મી એને કહીએ કે એમાંથી પણ એની બુદ્ધિ ઉઠી ગઈ છે. નિજ સુખમાં પ્રેમવાળા છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? ચાહે તો ચોથે ગુણસ્થાને હોય સમકિતી, ચાહે પાંચમે શ્રાવક હો કે મુનિ હો, એ બધા નિજ સુખના પ્રેમવાળા છે. આહાહા! છે? ભાષા કેવી વાપરી છે જુઓને! **स्वसुखरतयस्तेन निर्धूतपापाः** જેને પોતાનો આનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનું ચોસલું ભગવાન આત્મા, એના તરફનો પ્રેમ એટલે એને ચૂસવું ને આનંદનો અનુભવ કરવો એ વડે-એવા **પ્રાયશ્ચિત્ત વડે પાપને ખંખેરી મુક્તિને પામે છે.** આહાહા!

ધર્માત્મા જીવો ભગવાન આત્માના આનંદમાં અંદર એકાગ્ર થઈ અને અંતર આનંદના પ્રેમીલા જેની પરમાંથી સુખબુદ્ધિ ઉડી ગઈ છે એ પાપને ખંખેરી મુક્તિને પામે છે. પાપ શબ્દે પુણ્ય ને પાપ બેય. બેય અઘ. આહાહા! પાપ તો ઠીક, પણ પુણ્ય જરી આકરું પડે છે ભારે. પુણ્યનો પ્રેમ, આહાહા! મારી નાખે. પુણ્ય સંસાર છે, શુભભાવ છે એ સંસાર છે. એનો પ્રેમ છે એ સંસારમાં રખડવાના છે. આહાહા!

વસ્તુ આ છે. વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથના માર્ગમાં તો આ રીત છે. બીજે તો ક્યાંય છે નહીં. વીતરાગ સિવાય બીજે ક્યાંય છે નહીં, ધર્મ ક્યાંય છે નહીં. બીજે બધે કલ્પના કરી અવળી. સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન છે, એવા ત્રિકાળજ્ઞાન વિનાનું જગત કોઈ દિ' રહ્યું જ નથી. ત્રિકાળનું જ્ઞાન જગતમાં ન હોય એવું જગતમાં કોઈ દિ' થયું નથી. અનાદિકાળના કેવળીઓ ત્રિકાળજ્ઞાની બિરાજે છે આહાહા! એવા ભગવાનના વિરહ જગતને નથી. આહાહા! કોઈક કહે કે મહાવિદેહમાં છેને. પણ મહાવિદેહ છેને નજીકમાં. તીર્થંકર ભગવાન બિરાજે છે, લાખો કેવળીઓ બિરાજે છે, અત્યારે મોજૂદ છે. આહાહા!

કહે છે કે અરે! ધર્માત્માઓ જે કાળે જ્યાં હોય ત્યાં... પણ તમે તો પાંચમે આરે મુનિ છો ને મુક્તિ પામે છે, આવી વાત કેમ કરો છો? (એમ) કોઈ કહે તો? પણ સાંભળને હવે! આ તો પંચમ આરાના મુનિ છે. મુક્તિ તો નથી છતાં આવી વાત કરે છે. એ મુક્તિ જ છે. આહાહા! જેટલો આનંદમાં ઠર્યો છે એટલી એને ત્યાં મુક્તિ થઈ ગઈ છે. એને પૂર્ણ મુક્તિ થવાને વાર હોય તો હળવે હળવે એકાગ્ર થઈને પૂર્ણ મુક્તિ કરશે. સમજાણું કાંઈ? આવો માર્ગ વીતરાગનો ભારે આકરો લાગે. આ કાંઈ કરવું.. કરવું, વ્રત પાળવા, અપવાસ કરવા—એવું કાંઈ કહે તો

સમજાય. હવે એ તો સમજ્યો અનાદિ કાળમાં, સાંભળને! એ મહાવ્રત તો આ વ્રત છે એ. આત્માના આનંદસ્વરૂપમાં લીન થઈ જવું એ વ્રત છે. આ વ્રતના વિકલ્પો છે એ તો આસ્રવ, રાગ છે. આહાહા! એવો માર્ગ છે. કઠણ પડે એટલે માણસે પછી છોડી દીધો.

આ કરો.. આ કરો.. આ કરો.. અરે ભગવાન! મૂક આ. છતી ઋદ્ધિ આવી સામે ને શું કરવા છોડે છે તું? આહાહા! દિ' ફર્યો છે તારો. ઓલા રાજાનું આવે છેને. આહાહા! રાજા ગાડીએ બેસે ત્યારે ચારણ હોયને આ ચારણો, એની બાઈ ચાંદલો કરે. સાસુ ને વહુ ગયા ચાંદલો કરવા. રા' ગાદીએ બેસવાનો હતો રા'– રાજા. બાઈ–છોકરાની વહુ રૂપાળી, નાની. એ અને એની સાસુ બે ગયા. રૂપાળી બાઈ ... ચારણ. ચાંદલો કરવા ગયા ત્યાં માથું આમ કર્યું. કારણકે ચાંદલો કરે તો દીકરી થઈ જાય. દાનત ફરી ગયેલી રાજાની.

ઓલા નીતિવાળા બહુ હતા, ચારણ-બારણ નીતિવાળા બહુ. કેટલાક તો કાઠી-બાઠી એવા હતા. આ તો હવે બધું નૈતિક જીવન બધા સળગી ગયા–બળી ગયા. પહેલે તો કાઠી પણ એવા હતાને. ગરાસિયા એવા નીતિવાળા. ધર્મ જુદી વસ્તુ છે. એટલે ચાંદલો કરતાં આમ માથું ફેરવ્યું. ત્યાં (વહુએ કહ્યું), બા! રા'નું માથું ફરે છે, ચાંદલો કરવા દેતા નથી. એટલે એની સાસુ કહે છે, દીકરી! રા' નથી ફરતો, એનો દિ' ફરી ગયો છે. દિ' ફર્યો છે એનો. અમે એની પ્રજા તરીકે દીકરી (છીએ). એના ચારણ તરીકે પ્રજા ઉપર માતા-પિતા જેવી બુદ્ધિ જોઈએ, એને ઠેકાણે આ બુદ્ધિ? રા' ફર્યો, એનું રાજ નહીં રહે. એમ કહ્યું. આહાહા! સમજાણું?

એમ અહીંયા કહે છે કે પરમાત્મા તરફના વલણની અમે વાત કરીએ અને ચાંદલો કરીને કહે, આ કર.. આ કર. ના, ના, એ અમારાથી ન થાય.. અમારાથી ન થાય. દિ' ફર્યો છે તારો, સાંભળને! એય નાથુલાલજી! આહાહા! બાપા! ઊંધું થાય ને સવળું ન થાય? હા તો પાડ થઈ કે થઈ જાશે, એમ તો કહે પહેલો. સમજાણું કાંઈ? એને કોઈ કાળ-ફાળ નડતો નથી. કાળ નડતો નથી. કાળ હતો ક્યાં? કાળ કાળને ઘરે રહ્યો. ભગવાન અંદર પૂર્ણાનંદ મોજૂદ છે. તારી નજરને આળસે પડ્યો રહ્યો એકલો. આહાહા!

કહે છે કે અરે! ધર્માત્મા તો આત્માના આનંદના પ્રેમવાળો હોય છે. એને પુણ્ય-પાપના ભાવનો પણ પ્રેમ હોતો નથી. આહાહા! અહીં તો પુણ્ય જરી સરખા હોય, પૈસા કાંઈક થાય, એમાં પાંચ-પચ્ચીસ લાખ મળે ત્યાં તો જાણે આહાહા.. અમે જાણે આભે પાટું મારીએ, આકાશને પાટું મારીએ. ક્યાંય હેઠો ચાલ્યો જાઈશ, સાંભળને હવે! માળા ભિખારા! આત્માની અંતર લક્ષ્મીની તો રુચિ ન મળે અને આ બહાર ધૂળની રુચિ છે. કાનજીભાઈ! અહીં તો આ માર્ગ છે વીતરાગનો.

તીર્થંકર સમકિતી હતા, ચક્રવર્તી હતા. સોળમા શાંતિનાથ, સત્તરમા કુંથુનાથ, અઢારમા અરહનાથ—ત્રણેય ચક્રવર્તી હતા, તીર્થંકર હતા, અરે! કામદેવ હતા ત્રણેય. રાજમાં દેખાય

છતાં અંદર રુચિ નહીં. અંદર ધૂળધાણી જેવું દેખાય બધું. આ નહીં.. આ નહીં. ત્રણે તીર્થંકર, ત્રણે પોતે કામદેવ અને ત્રણે પોતે ચક્રવર્તી. સોળમા, સત્તરમા ને અઢારમા (તીર્થંકર). છતાં અમારો આનંદ અમારી પાસે છે, અમને બીજે ક્યાંય ભાસતો નથી. આહાહા! છન્નું હજાર સ્ત્રીઓ પદમણી જેવી હોં. એ મડદા જડના, હાડકાના, એમાં અમને ક્યાંય સુખબુદ્ધિ દેખાતી નથી. સમજાણું કાંઈ?

કહે છે... આહાહા! ભાષા તો જુઓ! 'રતિ' કહીને શું કીધું છે? **स्वसुखरतः** પોતાના આનંદના પ્રેમીલા છે એ ધર્મી. આહાહા! સમકિતી એને કહીએ, શ્રાવક એને કહીએ કે જેને નિજાનંદનો પ્રેમ છે, જેને પરમાંથી આનંદના પ્રેમ ઉઠી ગયા છે. આહાહા! ભલે સાધુ ન થયો હોય પણ અંતરમાંથી પ્રેમ ઉઠી ગયો છે બધો રાગ ને કુટુંબ ઉપરથી અને દેહ ઉપરથી. પોતાની એક ચીજ સિવાય બીજો સંયોગી ચીજનો પ્રેમ જેને અંદરમાંથી નીકળી ગયો છે. આહાહા! આહાહા! ભાષા કેવી વાપરી છે જુઓને! જેને આત્માના આનંદના સ્વાદ આવ્યો છે એને દુનિયાના બધા સ્વાદ ઝેરીલા લાગે છે. સમજાણું કાંઈ? આહાહા! એ **પાપને ખંખેરી મુક્તિને પામે છે**. એ પુણ્ય ને પાપના દોષીલા ભાવને છોડીને પોતે મુક્તિને પામશે. આહાહા!

**જો મુનિઓને (સ્વાત્મા સિવાય)...** હવે જરી કડક ભાષા છે. અરે! ધર્માત્માને પોતાના આત્માની ચિંતવના ને એકાગ્રતા સિવાય **અન્ય ચિંતા હોય...** બીજા જેને વિકલ્પ હોય **તો તે વિમૂઢ કામાર્ત પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે.** સમજાય છે કાંઈ? અરે! નિજના ઘરમાં આનંદ છે એને છોડીને બીજાના વિકલ્પના પ્રેમમાં આવ્યો, એ વિમૂઢ કામાર્ત છે કહે છે. રાગનો અર્થી થયો એ કામાર્ત છે એમ જરી લે છે. રાગનો અર્થી થયો, રાગનો પ્રેમીલો થયો, એ પરમાર્થે ભોગનો સ્વામી છે. પાપીઓ ફરી પાપને–મિથ્યાત્વને ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? આવી વાત વીતરાગ સિવાય ક્યાંય હશે? એમ કહે કે દયા પાળો... ઓલા કબીર કહે, 'કર સાહેબની બંદગી, ભૂખ્યાને અન્ન દે..' લ્યો, ઠીક. બહુ કબીરે આમ વર્ણવ્યું ને પાછું છેલ્લું આવું વર્ણવ્યું. 'કબીર કહે કમાલ..' એના દીકરાને કહે છે. 'દો બાતા શીખ લે, કર સાહેબની બંદગી, ભૂખ્યાને કુછ દે.' લ્યો.

શ્રોતા : સાહેબ કોણ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સાહેબ ભગવાન ઓલા.

શ્રોતા : ભગવાનને માનતા નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એને પરમેશ્વર માને છે. એના ભક્ત માનેને. ... માને, પણ કર્તા માને. સાહેબ માને.... એને કહે.... છેને એનાથી અમારા ભગવાન ઊંચા છે, એમ એ કહે છે.

કબીરની ચોપડી આવી હતી, અમારે દુકાને પહેલી આવી.... ૬૪-૬૫ની વાત છે. 'કબીરના પદો' એમ કરીને. જૈન સમાચાર મંગાવતા..... ૬૪-૬૫ની વાત છે. સંવત ૧૯૬૪.

જૈન સમાચાર કાઢતાને ભાઈ વાડીલાલ મોતીલાલ, અમદાવાદ. જૈન સમાચાર. પહેલું જૈન હિતેચ્છુ પછી જૈન સમાચાર. દુકાન ઉપર મંગાવતો હતો. તે દિ' ભેટમાં આવ્યું હતું કબીરનું પુસ્તક. કબીરના પદ હોય એ ભેટમાં આવ્યું. તે દિ' વાંચ્યું હતું. વર્ષ થઈ ગયા ૬૩-૬૪. બધી વાતું આવી (હોય) અંદર. ઘડીકમાં વાત મોટી કરે ને ઘડીકમાં આવી વાત કરે. વીતરાગ સિવાય સાચી વાત ક્યાંય છે નહીં. કોઈ પંથમાં ક્યાંય ન મળે. સમજાણું? આહાહા! જુઓને! વાત કેવી કરે છે!

અરે ધર્માત્મા! પોતાના આનંદના સ્વભાવ વિના ક્યાંય જો પ્રેમની ચિંતા ઊભી કરી, વિમૂઢ જીવ (થઈશ). આહાહા! શું કહેવાય? કામાર્ત, પાપીઓ. મુનિ પોતે કહે છે જુઓ! આહાહા! અરે! પુણ્યના પ્રેમીલા થયા એ પાપી છે કહે છે. સમજાણું કાંઈ? ભગવાનનો પ્રેમ છોડીને જે પુણ્યના પ્રેમના રંગ ચઢ્યા, તે પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે.–**આમાં શું આશ્ચર્ય છે?** ફરીને મિથ્યાત્વ ઉત્પન્ન કરીને.... અમરચંદભાઈ! મિથ્યાત્વની વાત કહે છે હોં એ. વીતરાગસ્વભાવના પ્રેમને છોડીને પાછો ફરીને રાગના પ્રેમમાં પડ્યો, પાપી ચાર ગતિમાં રખડીશ. જુઓ! આ પાંચમા આરાના મુનિ કહે છે કે નહીં?

શ્રોતા : ગમે એ આરાના મુનિ હોય....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ગમે હોય એ નહીં, ત્યાં આરો ક્યાં છે? ઓહોહો! એ કળશમાં ભર્યું છેને! હવે ૧૧૪ ગાથા.

**कोहादिसगब्भावक्खयपहुदिभावणाए णिग्गहणं ।**
**पायच्छित्तं भणिदं णियगुणचिंता य णिच्छयदो ॥ ११४॥**

ચિંતા શબ્દ આવે છે, પણ ચિંતા શબ્દે એકાગ્રતા થાય. ભાઈ! શબ્દ 'ચિંતા' આવે છે. ચિંતવનનો અર્થ એકાગ્રતા છે અંદર. ચિંતવનનો અર્થ આમ ચિંતવવું ફલાણું, વિકલ્પ—એમ નહીં. અંદરમાં આનંદની એકાગ્રતા એનું નામ ચિંતા.

**ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના**
**ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪.**

**ટીકા : અહીં (આ ગાથામાં) સકળ કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં...** આહાહા! કર્મનો, રાગનો એક અંશ ન રહે, એમ કહે છે. રાગ એ સંસાર છે. એનો અંશ ન રહે એમ ખોદી નાખે જેને. આહાહા! **સકળ કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ** છે. મૂળિયું ઉખેડીને કાઢી નાખવું, જેથી ફરીને અંકુર ફૂટે નહીં. આહાહા! **એવું નિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે.** એવી ભગવાન આત્મા તરફની એકાગ્રતા, એમ કહે છે. સમજાણું કાંઈ? આરે આવું.

કહે છે, **ક્રોધાદિક...** ક્રોધ, માન, માયા, લોભ એમાં બધું પુણ્ય-પાપ આવી જાય. **સમસ્ત મોહરાગદ્વેષરૂપ વિભાવસ્વભાવોના ક્ષયના કારણભૂત...** બધા મિથ્યાત્વ ને રાગ-દ્વેષરૂપ વિભાવ–વિકારી સ્વભાવના ક્ષયનું કારણ **નિજ કારણપરમાત્માના સ્વભાવની ભાવના...** લ્યો, ભાષા પાછી ફેરવીને એ વાત લાવ્યા. પુણ્ય ને પાપ એવા ક્રોધ, માન, માયા, લોભ—વિકાર, એના ક્ષયનું કારણ–નાશનું કારણ નિજ કારણપરમાત્મા પોતાનો ભગવાન ત્રિકાળી ધ્રુવ કારણપ્રભુ છે, જેમાંથી કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટ થાય. આહાહા!

નિયમસારમાં તો કારણ.. કારણપરમાત્મા વર્ણવ્યો છે ગાથા દીઠ. આહાહા! શરીર નહીં, વાણી, મન નહીં, પુણ્ય ને પાપના રાગ નહીં અને એક સમયની પ્રગટ–વ્યક્ત અવસ્થા એ પણ નહીં. ત્રિકાળી.. ત્રિકાળી.. ત્રિકાળીબિંબ ચૈતન્યપ્રભુ કારણપરમાત્મા નામ ધ્રુવસ્વભાવ જેનો આશ્રય લેતાં, જેને અવલંબતાં કેવળજ્ઞાનરૂપી કાર્ય પ્રગટ થાય એવો જે ભગવાન કારણપરમાત્મા પોતે હોં. આ કારણપરમાત્મા બીજો ભગવાન કોઈ નહીં કાંઈ. આહાહા! આવું ભારે. એક સેકંડના અસંખ્ય ભાગમાં નિજ કારણપરમાત્મા એનો જે સ્વભાવ... ભાષા એમ છે પાછી. આનંદ ને જ્ઞાનાદિ પૂર્ણ જેનો અંતર સ્વભાવ છે એની ભાવના. ભાવના શબ્દે એકાગ્રતા. આહાહા! એની **ભાવના હોતાં નિસર્ગવૃત્તિને લીધે...** લ્યો. **(અર્થાત્ સ્વાભાવિક–સહજ પરિણતિ હોવાને લીધે) પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે...** એને ભગવાને ધર્મ ને પ્રાયશ્ચિત્ત કહ્યું છે. આહાહા! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો વદ-૮, રવિવાર, તા. ૩૦-૧૦-૧૯૭૨
## શ્લોક ૧૮૧, ગાથા ૧૧૫-૧૧૬, પ્રવચન નં. ૧૩૩ ઉપલબ્ધ નથી

## આસો વદ-૯, સોમવાર, તા. ૩૦-૧૦-૧૯૭૨
## શ્લોક-૧૮૨, ગાથા-૧૧૬, પ્રવચન નં. ૧૩૪

૧૧૫ ગાથા (પછીનો) કળશ છે. છે તો આધાર. આંકડો નથી જુઓ! પાનું ૨૩૨ છે હિન્દી. ક્યા કહતે હૈં? દેખો! યહાં તો (કહા કિ) માન, માયા ને લોભ વહ દોષ હૈ, અવગુણ હૈ, આત્માકી શાંતિકો લૂંટનેવાલે હૈં. ઉસકો જીતના–ટાલના ઉસકા નામ ધર્મ હૈ, પ્રાયશ્ચિત્ત હૈ. ક્રોધ, માન, માયા.... ક્યોં? આત્મા અકષાયસ્વભાવ હૈ. આત્માકા સ્વભાવ વીતરાગમૂર્તિ અવિકારી શાંતરસ અકષાયસ્વભાવ હૈ. ઉસસે વિરુદ્ધ ક્રોધ, માન, માયા, લોભ વિકાર હૈ, વહ સંસાર હૈ, દુઃખદાયક હૈ. આત્માકા આનંદ ને શુદ્ધ ચૈતન્યકા આશ્રય લેકર ઉસકો જીતના–ટાલના ઉસકા નામ ધર્મ ને પ્રાયશ્ચિત્ત હૈ. ગુણભદ્રાચાર્યનો આધાર આપ્યો છે.

**ઇસીપ્રકાર (આચાર્યવર) શ્રી ગુણભદ્રસ્વામીને (આત્માનુશાસનમેં ૨૧૬, ૨૧૭, ૨૨૧ તથા ૨૨૩વેં શ્લોક દ્વારા) કહા હૈ કિ :—**

**चित्तस्थमप्यनवबुद्धय हरेण जाड्यात्**
**क्रुद्धवा बहिः किमपि दग्धमनङ्गबुद्धया ।**
**घोरामाप स हि तेन कृतामवस्थां**
**क्रोधोदयाद्भवति कस्य न कार्यहानिः ॥**

સિર મુંડાવ્યું લ્યો. શંકર.. શંકર. આ શંકરને પૂજે છેને બધા. અરે! .... નીલકંઠ ભગવાન. શિવની પ્રતિમા આટલી.... ભ્રમણા.. ભ્રમણા.. ભ્રમણા જગતને. શંકર કોણ હતો એની ખબર નથી જગતને.

**શ્લોકાર્થ :** કહે છે કે **કામદેવ (અપને) ચિત્તમેં રહને પર ભી....** શંકરકે ચિત્તમેં કામદેવ તો થા–ભોગકી વાસના થી. **ચિત્તમેં રહને પર ભી (અપની) જડતાકે કારણ....** વીતરાગી મુનિ ગુણભદ્ર આચાર્ય આત્માનુશાસનમેં કહતે હૈં. આ જગતના દેવ શિવ. એને (લોકો) માને ને એને પૂજે. ઉસકી પૂજા કરાવે, મિથ્યાત્વભાવ હૈ, મહાપાપ હૈ. સ્વરૂપચંદજી! આ પહેલું ચાલ્યું છેને જુઓને! ઓલો સાંઈબાબા કહે, શિવને પૂજો. આ નિલકંઠ .... ભગવાન કહેવરાવે. કાલ આવ્યું હતું છાપામાં. કલ આયા થા. આહાહા! આ સાંઈ કહે છેને..... હાથ આમ કરે તો ફૂલ કાઢે. ...... એ તો એક અભવિ વ્યંતર ભૂતડું હોય એ પણ આવું કરી શકે છે. ઉસમેં હૈ ક્યા? દુનિયાને ભાન નહીં. મખ્ખનલાલજી! સમજમેં આયા?

રતનલાલજી કલ પૂછતે થે. ..... બધા શેઠિયાઓને ખબર નથી કાંઈ. આમાં કેટલો ફેર હશે? એ તો ઉગમણો-આથમણો (ફેર છે). તદ્દન વિપરીત. સાંઈબાબાનું, ભાઈનું કેવું? રજનીશનું, વળી આ નિલકંઠ...... રામજીભાઈ પરમ દિ' કહેતા હતા. મેં વાંચ્યું નહોતું, કાલ એક વાંચ્યું. કાલ આવ્યું હતું કાંઈક, કાગળ મળ્યો હતો ભગવાનજીભાઈનો. આહાહા! એમ અહીં, ........ શિવલિંગ લાયા.. શિવલિંગ લાયા ઔર ઇન્દિરા ગાંધીકો દિયા. ઐસા કલ આયા થા. આ શિવલિંગ તો અનંત રજકણનો પિંડ છે. કૌન લા સકે, કૌન દે સકે? આહાહા! અજ્ઞાનીની ભ્રમણા. ઐસે ઐસે દેવકો માને, તો કહતે હૈં, શંકર... યે શિવકી બાત ચલતી હૈ, જો શિવલિંગ દિયા ઉસકી.

**કામદેવ ચિત્તમેં રહને પર ભી**... શંકરના ચિત્તમાં તો કામની વિહ્વળતા હતી. ફિર ભી **જડતાકે કારણ ઉસે ન પહિચાનકર**... અપનેમેં કામ હૈ, ભોગકી વાસના હૈ ઉસકો તો ન જાનકર **શંકરને ક્રોધી હોકર...** ક્રોધી હુઆ. ..... છે એમ કહે છે. **બાહ્યમેં કિસીકો કામદેવ સમજકર ઉસે જલા દિયા.** કામદેવ તો તેરે પાસ અંદર હૈ. અજ્ઞાનભાવ, રાગભાવ, દ્વેષભાવ, વિષયવાસનાકા ભાવ વહ અંતર જલતી અગ્નિ હૈ. ઉસકા તો છેદ કિયા નહીં ઔર બાહરમેં કિસીકો કામદેવ માનકર જલા દિયા, તો અપના કામ તો જલા નહીં. શંકરને ક્રોધી હોકર બાહ્યમેં કિસીકો કામદેવ સમજકર ઉસે જલા દિયા.

**(ચિત્તમેં રહનેવાલા કામદેવ તો જીવિત હોનેકે કારણ) ઉસને કી હુઈ ઘોર અવસ્થાકો (–કામવિહ્વલ દશાકો) શંકર પ્રાપ્ત હુએ.** પાર્વતી ... ભીલડીને પ્રસન્ન કિયા. પાર્વતી ભીલડી થી. ભીલડી હશે કોઈક જંગલમાં. ઉસસે લગ્ન કિયા. આહાહા! આવી વાત જગતમાં પ્રસિદ્ધ છે છતાં જૈનમાં જન્મેલાને એના ખબર નથી. ક્યા વીતરાગસ્વરૂપ હૈ? પરમેશ્વર ત્રિલોકનાથ અરિહંત જિસકો એક સમયમેં તીન કાલ, તીન લોક જાનનેમેં આયા ઔર જિસકી પૂર્ણ વીતરાગદશા ઐસે પરમેશ્વર સિવા કોઈ દૂસરા પરમેશ્વર હો સકતા નહીં. સમજમેં આયા? શંકરની વાત આવી. કલ ભી આયી થી.

**ઘોર અવસ્થાકો (કામવિહ્વલ દશાકો) શંકર પ્રાપ્ત હુએ**. ભીલડી જે પાર્વતી હતી, રૂપાળી હતી, એની સાથે વિવાહ કર્યા–લગ્ન કિયા. આહાહા! આ શંકર, આ જગતના દેવ અને એને માનનારા વાણિયાના એ ગુરુ. આવું આંધળું ચાલે છે. અરર! ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વર જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકનું જ્ઞાન છે. બિરાજતે હૈં ભગવાન મહાવિદેહમેં. અનંત તીર્થંકર મોક્ષ પધારે. સિદ્ધ હુએ સિદ્ધ. ભગવાન બિરાજતે હૈં મહાવિદેહમેં વર્તમાન અરિહંતપદમેં. કરોડ પૂર્વકા આયુષ્ય હૈ, ૫૦૦ ધનુષકા દેહ હૈ. સાક્ષાત્ ભગવાન કેવલજ્ઞાની વીતરાગમૂર્તિ પ્રભુ મહાવિદેહમેં બિરાજતે હૈં. સમવસરણ હૈ, વાણી નિકલતી હૈ. ઉનકે પાસ કુંદકુંદાચાર્ય ગયે થે. કુંદકુંદાચાર્ય સંવત ૪૯મેં ભગવાનકે પાસ ગયે થે. આઠ દિન

રહે. યહાં આકર યે શાસ્ત્ર બનાયા. સમજમેં આયા? ઐસી વાણી, ઐસા માર્ગ. અહીં તો આચાર્ય ખુલ્લું મૂકે છે. દુનિયાને દુઃખ લાગે કે ન લાગે. શંકર તો તારા આવા હતા. સમજમેં આયા?

**ઘોર અવસ્થાકો (કામવિહ્વલ અવસ્થાકો) શંકર પ્રાપ્ત હુએ. ક્રોધકે ઉદયસે (-ક્રોધ ઉત્પન્ન હોનેસે) કિસે કાર્યહાનિ નહીં હોતી?** જિસકો ક્રોધ આતા હૈ ઉસકે કાર્યમેં હાનિ કૈસે નહીં હોતી? ક્રોધ આયે તો મહા પાગલ હો જાતા હૈ. વિકાર.. વિકાર. ઈસલિયે અપના સ્વરૂપ શુદ્ધ આનંદ અકષાયસ્વભાવ હૈ ઉસકા આશ્રય લેકર ક્રોધકા નાશ કરના, ઉસકા નામ ધર્મ હૈ. યે ધર્મ વીતરાગમાર્ગ સિવા કહીં હૈ નહીં દૂસરે તીન કાલ, તીન લોકમેં. એ પણ દિગંબર ધર્મને વિષે છે. ઉસકે સિવા દૂસરે (કહીં) હૈ હી નહીં. એવી બાત છે.

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : જરીએ નહીં, પૂરો ફેર. તલકચંદભાઈ! શ્વેતામ્બરમેં બહોત ફેર હૈ, હજારો બોલકા ફેર હૈ. સનાતન દિગંબર (ધર્મ), અનાદિ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર સો ઇન્દ્રોંકે પૂજનિક ઉનકા કહા હુઆ માર્ગ સનાતન યહ હૈ. સમજમેં આયા? પણ ઉસમેં જન્મે ઉસકો ભી ખબર નહીં હૈ. આખો દિ' રળવું, ભોગવાસના, મરવું. મરીને પછી જાય ચોરાશીના અવતારમાં. માર્ગ ક્યા હૈ, તત્ત્વ ક્યા હૈ વહ નિર્ણય કરનેકા ભી અવસર મિલે નહીં. આહાહા! ઢોર જેવા અવતાર કહેવામાં આવે છે. રતનલાલજી! પશુ જૈસા અવતાર. જેમ પશુ ગાડા ચલાવેને મજૂર, એમ તમેય મોટા મજૂર, ચોવીસ કલાક. .... આહાહા! મોટા ... પૈસા થયા.

ભાવનગર દરબાર આયે થે એક બાર. ભાવનગર હૈ ન. એક કરોડકા તાલુકા હૈ, એક કરોડકી ઉપજ. યહાં આયે થે, વ્યાખ્યાનમેં આયે થે. તબ કહા થા. કૃષ્ણકુમાર ગુજરી ગયા બિચારા, નરમ માણસ. એક કરોડની ઉપજ બાર મહિને. કીધું, દરબાર! એક મહિનેમેં પાંચ હજાર રૂપિયા માગે વહ છોટા માગણ હૈ. માગણ સમજે? ભિખારી. ઔર દસ હજાર માગે વહ બડા ભિખારી હૈ, લાખ-કરોડ માગે (વહ ઉસસે) બડા ભિખારી હૈ, કીધું. સ્વરૂપચંદભાઈ! દરબાર આવ્યા હતા. આહાહા!

ભગવાન આત્મા અનંત આનંદ ઔર જ્ઞાનકી લક્ષ્મીસે ભરા પડા હૈ. ઉસકી દૃષ્ટિ ઔર ઉસકી રુચિ બિના પરકી રુચિ ભિખારી(પના) હૈ, ભિખારી-રાંકા હૈ. જગત અપને ચૈતન્યરત્નકો ભૂલકર ચોરાશીકે અવતારમેં રુલતા હૈ. આહાહા! ...... કહ્યું હતું. બાર મહિને કરોડ માગે બહોત કરોડ તો બડા ભિખારી હૈ. મૈંને માગણ કહા થા. હમારી ભાષા હૈ ન ગુજરાતી. માગણ.. માગણ.. માગણ કહો કિ ભિખારી કહો. માગે એ માંગણ. લાવ.. લાવ.. લાવ. સમ્યગ્દૃષ્ટિ ધર્મી બાદશાહ હૈ જગતમેં. આત્મા અંતર આનંદસ્વરૂપ જ્ઞાનકી મૂર્તિ ભગવાન બાદશાહકા જિસકો પતા લગા, દૃષ્ટિમેં પતા લગા, વહ બાદશાહ હૈ. ભલે

ગૃહસ્થાશ્રમમેં નિર્ધન હો, સમજે? અરે! સાતવીં નરકમેં નારકી હો, પણ અપના ચૈતન્ય ભગવાન આત્મા, આહાહા! પૂર્ણાનંદસ્વરૂપ ઉસકી જિસે દૃષ્ટિમેં પ્રતીત હુઈ, (વહ) બાદશાહ હૈ.

'સુખીયા જગતમેં સંત, દુરિજન દુઃખિયા.' આત્મા આનંદસ્વરૂપ... સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગદેવને કહા ઐસે આત્માકી જિસે દૃષ્ટિ હુઈ, વહ બાદશાહ હૈ. સમજમેં આયા? અને આ અબજોપતિ હોય, ભિખારી હૈ બડા. અપની ચીજકી ખબર નહીં, દૃષ્ટિ, રુચિ ક્યા ચીજ હૈ (ઉસકી ખબર નહીં). આ લાવ.. આ લાવ. હેરાન.. હેરાન. ભીખાભાઈ! અહીં તો આ છે, અહીં કાંઈ માખણ નથી. કહો, સમજમેં આયા? યે સબ કરોડપતિ હૈં દેખો! આ કરોડપતિ જોડે બેઠા. ભગવાનજી કરોડપતિ છે. બેઠા છેને. .... ગૃહસ્થ હૈ, કરોડપતિ હૈ. પણ કરોડમેં ધૂલ હૈ? આ વળી બે-ત્રણ કરોડ હશે. ...... કાલ વાત કરી હતી. બે અબજવાળા છે અત્યારે વાણીયામાં. રતનલાલજી!

ગોવામેં હૈ એક શાંતિલાલ ખુશાલ. ગોવા.. ગોવા. નામ સુના હૈ? શાંતિલાલ ખુશાલ. દો અબજ ચાલીસ કરોડ. દો અબજ ચાલીસ કરોડ. સો કરોડકા એક અબજ. ધૂલમેં ક્યા હૈ? વહ તો પૂર્વકા પુણ્ય(રૂપ) કોઈ રજકણ હો, વહ ખિરનેકે કાલમેં સંયોગ દિખે, ઉસમેં આત્માકો ક્યા આયા? આત્મામેં તો મમતા આયી. આહાહા! કહતે હૈં... દૂસરા એક હૈ. તુમ જાનતે હો. દુર્લભજી, જયપુર. દુર્લભજી ઝવેરી જયપુરમેં હૈ. .... બે ભાઈ છે. અબજ રૂપિયા છે. દો ભાઈકે બીચમેં અબજ રૂપિયા, એક અબજ. પૂનમચંદ તો દો અબજ કહતે થે. પૂનમચંદ ગોદિકા હૈં ન (ઉનકે) વહાં હમ ઠહરે થે ન, જયપુર.

સામે મકાન દેખાય એક. કહા, યે મકાન કિસકા હૈ? દુર્લભજી. (અપની) સ્ત્રીકે નામમેં ૩૫ લાખ ડાલકર હોસ્પિટલ બનાયા હૈ. ૩૫ લાખ ડાલે હૈં. પૂનમચંદ ગોદિકા, જયપુર. (ઉનકે) વહાં હમ ઠહરે થે ન. કરોડપતિ હૈ. સામને મકાન કિસકા હૈ? સંતોકબાને નામે દુર્લભજીની સ્ત્રી હતી. ૩૫ લાખ ડાલકર બનાયા હૈ. પૈસા કિતના? દો અબજ. વહ તો ધૂલ હૈ. દુઃખી હૈ. દુઃખમાં ઊંડો ઉતરી–ગરી ગયો છે. ભાન ન મળે કાંઈ. આહાહા! વ્યાખ્યાનમાં આવ્યા હતા. ..... ઘરે ગયા હતા દસ મિનિટ. બધું કુટુંબ ભેગું થયું હતું. ...... એના ઘરે. એક હજાર રૂપિયા મૂક્યા. પાંચ મિનિટ બેઠા. જ્ઞાન ખાતે આપ્યા. એક હજાર રૂપિયા.......

યહાં તો કહતે હૈં, આત્મા ભગવાનસ્વરૂપ અનંત અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ... વીતરાગ સર્વજ્ઞને કહા, સ્વીકારા, ઐસી ચીજકી જિસકો દૃષ્ટિ હુઈ... ભલે ગૃહસ્થાશ્રમમાં ભિખારી હોય, વાંઝિયો હોય, દીકરો ન હોય, વાંઢો હોય. સમજમેં આયા? લગ્ન પણ ન કર્યા હોય. અપના સ્વરૂપ ભગવાન આત્મા જિસકી પરમાત્મા ભી પ્રસંશા કરે, આહાહા! ઐસી અપની ચીજકી જિસકો દૃષ્ટિ હુઈ, વહ જગતમેં સુખી હૈ ઔર વહ જગતમાં શાંતિ, સુખકે પંથમેં

પડા હૈ. બાકી સબ દુઃખકે પંથમેં હૈ. બરાબર હૈ ભૈયા? આ બધા દુઃખને પંથે છે. આ પૈસાવાળા ધૂળ(પતિ).

અપના આનંદસ્વરૂપ ભગવાન આત્મા ઉસકી દૃષ્ટિ, રુચિ કરકે, અંતર એકાગ્ર હોતે હૈં વે સુખી હૈં. વીતરાગ ત્રિલોકનાથ ઉસકો સુખી કહતે હૈં. આ કહે છે કે કામદેવને અંદરમાં વાસના છે એનો તો સ્વીકાર નથી, બાહરમેં કિસીકો દેખકર... આવે છેને ત્રીજી આંખ. એમ કે ત્રીજી આંખ કરી. બે આંખ્યું...... ભસ્મ થઈ ગયો. આહાહા! આવા ને આવા દેવ અને એવા દેવને દેવ માનવા. આહાહા! બીજું માન. બીજો (બોલ). માનના મોટા... માન.. માન.. આ મરી જાય છેને માન માટે. કંઈક મોટો કહો, મને મોટો માનો, કોઈપણ રીતે આગળ પડતા છીએ. કામ કરીએ છીએ, સારા છીએ એમ માનો. માની માણસ બિચારા માનમાં મરી ગયા, કહે છે. જાદવજીભાઈ! દાખલો આપે છે. બાહુબલીજીનું દૃષ્ટાંત આપે છે.

**चक्रं विहाय निजदक्षिणबाहुसंस्थं**
**यत्प्राव्रजन्ननु तदैव स तेन मुच्येत् ।**
**क्लेशं तमाप किल बाहुबली चिराय**
**मानो मनागपि हतिं महतीं करोति ॥**

આહાહા! શ્લોક બહુ ઊંચો છે.

**શ્લોકાર્થ : (યુદ્ધમેં ભરતને બાહુબલી પર ચક્ર છોડા...** બાહુબલી ને ભરત—ઋષભદેવ ભગવાનના બે પુત્ર. દોનોંકે બીચમેં લડાઈ હુઈ. ભરતને ચક્ર છોડા બાહુબલી પર. દોનોં ચરમશરીરી–દોનોં ઉસી ભવમેં મુક્તિ પાનેવાલે. કહતે હૈં, યુદ્ધમેં ભરતને બાહુબલી પર ચક્ર છોડા. **પરંતુ વહ ચક્ર બાહુબલીકે દાહિને હાથમેં આકર સ્થિર હો ગયા.)** મારવા માટે છોડ્યું, પણ કુટુંબના માણસને ન મારે એ (ચક્ર). સ્થિર હો ગયા. અને આ તો ચરમશરીરી છે, બાહુબલી તો એ દેહે મુક્તિ જવાવાળા હતા.

દુનિયા કરતા એની જાત જુદી. એ તો અહીંથી ..... નહીં. સમજાણું કાંઈ? બહારના એ બધા કામ કરે, નવરો નહીં. આમ જાય, ત્યાં જાય, ફલાણે જાય. રખડે ..... અહીં આવે તો અહીં .... બેસે. આપણને તો બિલકુલ પસંદ નથી ભાઈ! એની એકેય ચેષ્ટા કે એની ક્રિયા. ઘણી પરીક્ષાયું કરી, ઘણી પરીક્ષાયું કરી. આપણે અહીં એકેય ... નથી. કહો, સમજાય છે કાંઈ?

જુઓ! યે ક્યા કહતે હૈં? માન મારી નાખે છે. આહાહા! **અપને દાહિને હાથમેં સ્થિત (ઉસ) ચક્રકો છોડકર...** કોણ? બાહુબલી. ભરતે ચક્ર માર્યું, બાહુબલીના હાથમાં આવ્યું. **ચક્રકો છોડકર જબ બાહુબલીને પ્રવ્રજ્યા લી...** એ વખતે મુનિપણું લીધું. રતનલાલજી? કિસને? બાહુબલીજીને. ચક્ર હાથમેં આયા. એક હજાર દેવ સેવા કરે ચક્રની. ઐસે ચૌદહ રત્ન થે

ભરતકો. ભરતકે હાથમેં તો થા ..... હાથમેં આ ગયા, બાહુબલીજીકે દાહિને હાથમેં આ ગયા. આહા! ભાઈને યે ક્યા કિયા? સમજમેં આયા?

**ચક્રકો છોડકર જબ બાહુબલીને પ્રવ્રજ્યા લી**... નગ્ન મુનિ હુએ, સબ છોડ દિયા. **તભી (તુરન્ત હી) વે ઉસ કારણ મુક્તિ પ્રાપ્ત કર લેતે...** એટલો વૈરાગ્ય હતો એ વખતે, કહે છે, એક ક્ષણ જો એનામાં ને એનામાં રહેત તરત મુક્તિને પ્રાપ્ત કરી લેત. ... એય! **મુક્તિકો પ્રાપ્ત કર લેતે**... મુક્તિકો પ્રાપ્ત... હોના થા? મુક્તિ નહીં હોની થી. ઉપદેશકા વાક્ય ઐસા હી હોતા હૈ ભાઈ! બતાવવું છે કે માન છે. માની માણસને... આમ તો હતા મુનિ, ધર્માત્મા હોં, છટ્ઠે ગુણસ્થાને. તીન કષાયકા તો અભાવ થા. આહાહા! પણ એક જરી રાગ રહ ગયા ઐસા. અરે! ભરતકો મેરેસે દુ:ખ હો ગયા હૈ. ..... ઐસા માન આ ગયા થોડા. માનકે લિયે... આહાહા! તીન કષાયકા તો અભાવ હૈ હોં. મુનિ થે, સચ્ચે ભાવલિંગી થે.

**વાસ્તવમેં દીર્ઘ કાલ તક પ્રસિદ્ધ (ભાનકૃત) ક્લેશકો પ્રાપ્ત હુએ,** માનકે કારણ. આહાહા! બાર મહિના સુધી... દેખા હૈ ન ભૈયા? બાહુબલી... વેલડીયું વીંટાણી. બાર મહિને ખડે રહે.... લ્યો, આ બાહુબલી. આહાહા! અંતર તો તીન કષાયકા તો અભાવ થા હોં, પણ જરી ખટક ઐસી રહ ગઈ. આહાહા! **પરંતુ વે (ભાનકે કારણ મુક્તિ પ્રાપ્ત ન કરકે) વાસ્તવમેં દીર્ઘ કાલ તક પ્રસિદ્ધ (ભાનકૃત) ક્લેશકો પ્રાપ્ત હુએ.** ઇતના માન, મુનિકો ભી ઇતના (માન) આયા તો કેવલજ્ઞાન પ્રાપ્ત કરનેમેં દેર લાગી. બાર મહિના સુધી.... ગુણભદ્ર આચાર્ય તો કહતે હૈં, એક પ્રવ્રજ્યા ઐસી લી કિ એક ક્ષણ ભી જો અંદર લીન રહતે તો બરાબર કેવલજ્ઞાન પા લેતે. ઇતના પુરુષાર્થ ઉગ્ર થા, અંતરમેં સ્થિત થે. આહાહા! સમજમેં આયા?

**વાસ્તવમેં દીર્ઘ કાલ તક પ્રસિદ્ધ (ભાનકૃત) ક્લેશકો પ્રાપ્ત હુએ. થોડા ભી માન મહા હાનિ કરતા હૈ!** આહાહા! સમજમેં આયા? બાહુબલીજી જૈસેકો ભી ઇતને માન(કી વજહસે) કેવલજ્ઞાન લેનેમેં બારહ મહિને લગ ગયે. બાદમેં ભરત આયે. પૂજા કરતે હૈં બાહુબલીજીકી. ઓહો! ઉસકો તો (મનમેં) કુછ નહીં હૈ. અંદરસે ખટક નિકલ ગઈ ઔર નિકલતે હી અંતર્મુહૂર્તમેં કેવલજ્ઞાન. સમજમેં આયા? કેવળજ્ઞાન ફરતું હતું..... દાખલ થવાના હતા... કેવળજ્ઞાન ફરતું હતું. ઓલા માનને લઈને... આહાહા! મારી નાખે માન... એ સંજ્વલનનું માન હતું હોં. એ કાંઈ મિથ્યાત્વનું માન ને વિપરીત બુદ્ધિ (નહોતી). દુનિયામાં દેખાવા, કહેવા માટે...—એ વાત હતી નહીં. આહાહા! ભારે કામ આકરું. ઇતના માન બાહુબલીજી જૈસે સંતોકો ભી કેવલજ્ઞાનમેં (વિઘ્નરૂપ હુઆ), તો જો પૂરા માનમેં હી પડા હૈ, આહાહા! જિંદગી માનમેં હી બીત ગઈ, ઉસકા ક્યા હોગા? સમજમેં આયા? આહાહા!

**થોડા ભી માન મહા હાનિ કરતા હૈ**! ઉપરથી લીધું, નહીં? આહાહા! એ તો માયામાં લીધું. **मानो मनागपि हतिं महतीं करोति**... પહેલામાં એ આવ્યું હતું, **क्रोधोदयाद्भवति कस्य न**

**कार्यहानिः**.. આમાં એ આવ્યું, **मानो मनागपि हतिं महतीं करोति**.. આહાહા! જરીક માન મારી નાખે. ઐસા નિમિત્ત.... બાર મહિના કેવળ(જ્ઞાન) નહીં. ક્લેશમેં રહે. જિસકો અકેલા માનકા હી પોષણ હૈ, આહાહા! મિથ્યાત્વ સહિત, દૃષ્ટિ મિથ્યાત્વ હૈ. સમજમેં આયા? પરકો અધિક બતાનેકા ભાવ હૈ ઉસકો પુણ્યકી ભી પ્રતીત નહીં. દુનિયા મુજે અધિક માને (ઐસા માને) તો પુણ્યકી પ્રતીતિ નહીં, મિથ્યાદૃષ્ટિ હૈ. સમજમેં આયા? ઔર ઉસકો માન બડા હાનિકારક હોતા હૈ. (અબ) માયા.. માયાકા દૃષ્ટાંત.

**भेयं मायामहागर्तान्मिथ्याघनतमोमयात् ।**
**यस्मिन् लीना न लक्ष्यन्ते क्रोधादिविषमाहयः ॥**

આહાહા! **શ્લોકાર્થ : જિસમેં (–જિસ ગઢ્ઢેમેં) છિપે હુએ ક્રોધાદિક ભયંકર સર્પ દેખે નહીં જા સકતે...** માયાકો મિથ્યાત્વસે લેતે હૈં. માયા હૈ ન. 'માયામેં મિથ્યાત્વ' આયા હૈ શ્લોકમેં. સમકિતી એને જાણીને ..... 'માયા....' સજ્જાયમાળામાં આવે છે. એ તો ઘણા વર્ષની વાત છે. અહીં એ કહે છે જુઓ! જિસમેં, જહાં માયા–કપટ હૈ ઔર કપટકો હી મિથ્યાત્વકા કામ હૈ. સમજમેં આયા? **મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાલા માયા**... ઐસે **માયારૂપી મહાન ગઢ્ઢા** જિસમેં ક્રોધ, માન, માયા (આદિ) સર્પ દેખે નહીં જા સકતે. મિથ્યાદૃષ્ટિકો માયાદિ અપને દોષ દેખનેમેં આતે નહીં. દેખો! ક્રોધ, માન, માયા આદિ ભયંકર સર્પ... માયા હૈ વહ મિથ્યાદૃષ્ટિકો ખ્યાલમેં આતા નહીં. સમજમેં આયા?

**જિસમેં**... જિસમેં એટલે **જિસ ગઢ્ઢેમેં છિપે હુએ ક્રોધાદિ ભયંકર સર્પ દેખે નહીં જા સકતે**. 'આદિ' (કહીને) ઘણા દોષ લીધા છે. ક્રોધ, માન, લોભ, વાસના—ઐસે ઐસે.... અજ્ઞાનીકો, માયાવીકો, મિથ્યાદૃષ્ટિકો દેખનેમેં આતે નહીં. બડા ગઢ્ઢા હૈ. શું કહેવાય? ખાડો. છિપે હુએ... જેમ ખાડામાં છુપાયો હોયને, ઐસે માયા (આદિ) મિથ્યાત્વમેં છુપે હુએ બડે દોષ હૈં. **ઐસા જો મિથ્યાત્વરૂપી ઘોર અંધકારવાલા માયારૂપી મહાન ગઢ્ઢા ઉસસે ડરતે રહના યોગ્ય હૈ.** આહાહા! મિથ્યાત્વસે ઔર માયાસે ડરના, ઐસા કહતે હૈં. વિપરીત માન્યતા અંદર થઈ, ભગવાન આત્મા પડ્યો રહ્યો. માયા.. માયા.. કપટ.. કુટિલતા. આહાહા! ... મિથ્યાત્વકા અભાવ નહીં.

'માયામેં મિથ્યાત્વ..' ઐસા આતા હૈ. એકાંત લિયા દેખો! 'સમકિત મોહ જાણીને, સત્ય ....' એ ત્રીજું પદ છે કાંઈક. 'માયામેં મિથ્યાત્વ..' .... ભૂલી ગયા ઘણા વર્ષનું. સજ્જાયમાળામાં હતું. સજ્જાયમાળા છેને. આ સ્વરૂપચંદભાઈ લાવ્યા. ..... આહાહા! ક્રોધ, માન, માયા તીનકા દૃષ્ટાંત દિયા. ક્રોધમેં શંકરકા દૃષ્ટાંત, માનમેં બાહુબલીકા દૃષ્ટાંત, માયામેં ગહરા ખડ્ડા, જિસમેં સબ દોષ ભરે હૈં, મિથ્યાદૃષ્ટિકો ઉસકા ખ્યાલ આતા નહીં વહ બતાતે હૈં. હવે લોભ. આ તો સમજાય એવી ચીજ છે. આજ તો બહુ કાંઈ.... આ તો ભાષા થોડી-થોડી.....

ક્રોધ, માન, માયા, લોભ ..... પડા હૈ ઉસકી ખબર નહીં. પતા નહીં લગે. માને કિ હમ તો બરાબર ધર્મમેં હૈં. સમજમેં આયા? આહાહા! લોભ. શ્લોક હૈ ઉસકા.

**वनचरभयाद्धावन् दैवाल्लताकुलवालधिः**
**किल जडतया लोलो वालव्रजेऽविचलं स्थितः ।**
**बत स चमरस्तेन प्राणैरपि प्रवियोजितः**
**परिणततृषां प्रायेणैवंविधा हि विपत्तयः ॥**

થોડી-થોડી ભાષા શીખી લીધી. આકરા શબ્દ છેને એમાં. તદ્દન નવા છે... આપણને બહુ શબ્દ આવડે નહીં. પંડિતજીકો પૂછા થા કલ. तावन् હૈ ન? भयत् तावन्... દોડે છે.. દોડે છે. દોડતી હુઈ. **શ્લોકાર્થ : વનચરકે ભયસે ભાગતી હુઈ...** ચરમ ગાય બતાતે હૈં. ચરમ ગાય હોતી હૈ ન? ચરમ.. શું કહેવાય એ? ચમરી ગાય. જિસકા ચમર બહુત ઊંચા હોતા હૈ ન. ....... શ્વેતામ્બરમાં બહુ આવે છે આનું ચમરી ગાયનું દૃષ્ટાંત. એ ચમરી ગાયનું પૂછડું હતું, વાળ.. વાળ. બહુ ધોળા-સફેદ. **વનચરકે ભયસે ભાગતી હુઈ**... 'વનચર'નો અર્થ, **વનમેં રહનેવાલે, ભીલ આદિ મનુષ્ય અથવા શેર આદિ જંગલી પશુ**. શેર–સિંહ, વાઘ આદિ.

**વનચરકે ભયસે**... વનચર એટલે ક્યા કહે? વનમેં ચરનેવાલે ભીલ અથવા વાઘ આદિ. **ભાગતી હુઈ સુરા ગાયકી પૂંછ...** કામધેનુ... સુરાનો શું અર્થ થયો? .... ત્યાં ગુજરાતી ઠીક છે. ચમરી. આમાં સુરા ગાય લખ્યું છે. ... ઐસા લિખા હૈ. ચમરી ગાય. **સુરા ગાયકી પૂંછ દૈવયોગસે બેલમેં ઉલઝ જાને પર...** વનચર શિકારી મારને આયા તો બિચારી જોરસે ભાગી. દોડતે.. દોડતે.. ઉસકી પૂંછકે બાલ બહુત મુલાયમ, સફેદ (હોતે હૈં). **બેલમેં ઉલઝ જાને પર**... કોઈ કાંટામાં કે વેલમાં વાળ ભરાઈ ગયા. **જડતાકે કારણ બાલોંકે ગુચ્છોંકે પ્રતિ લોલુપતાવાલી...** અપને સફેદ બાલકી લોલુપતાવાલી... કંઈક.... ફંસ ગયા કાંટેમેં કિ બેલમેં. વાળ તૂટી જશે (માટે) ઉભી રહી ગઈ ને શિકારીએ આવીને મારી નાખી. વાળના લોભે રહીને શિકારીએ મારી નાખી. આહાહા! એમ આ બધા પૈસાવાળાને બધાને.... આહાહા!

શ્રોતા : આ તો ગાયનો દાખલો છે, આમાં પૈસાવાળા....?

પૂજ્ય ગુરુદેવશ્રી : ગાયના દાખલામાં.... દાખલો કોના ઉપર છે? લોભી પ્રાણી ઉપર દાખલો છે આખો. લોભના કારણે મરી જાય છે તોપણ પોતાની (ગતિ) બગાડે છે, સુધારતા નથી, એમ કહે છે. આટલું કરી લઉં, આટલું મેળવી લઉં, આટલું મેળવી લઉં, મરી જાય છે. કરોડોપતિને સખ ન મળે, અબજોપતિને સખ ન મળે. આહાહા! કહેશેને. આ બાજુમાં છેને. 'તૃષ્ણા પરિણમી છે' એમ કહેશે.

કહતે હૈં, અરે! **જડતાકે કારણ બાલોંકે ગુચ્છેકે પ્રતિ લોલુપતાવાલી વહ ગાય (અપને સુંદર બાલોંકો ન ટૂટને દેનેકે લોભમેં) વહાં અવિચલરૂપસે ખડી રહ ગઈ...** ઊભી રહી ગઈ.

ભીલ ને વાઘે આવીને મારી નાખી. એક વાળના લોભે... આહાહા! ઓલા મમલશેઠનું આવે છેને મમલશેઠ. હમણા વાંચ્યું હતું. લાકડું વીણવા જાય છે. શ્રેણિક રાજા ને ચેલણા રાણી મહેલમાં બેઠા હતા. રાતના બાર વાગે એક બિચારો ગરીબ માણસ પાણીમાં લાકડું લેવા (જાય છે), રાતના બાર વાગે. પાણીમાં લાકડું તરેને લાકડું. લકડી. તમારી ભાષા જોઈએને. લાકડું કહેતા... રતનલાલજી લકડી કહતે હૈં. લકડી લેને (નિકલા). બૈઠે થે રાજા ઔર રાણી.

રાજા કહે, અરે રાણી! આપણા રાજ્યમાં આટલો ગરીબ માણસ? રાતના બાર વાગે, પાણીના લોઢ જાય છે એમાં લાકડું (લેવા જાય). બહુ ગરીબ માણસ (લાગે) છે. આપણા રાજ્યમાં એવો માણસ કોણ? એને બિચારાને દયા આવી. શ્રેણિક રાજાએ માણસને હુકમ કર્યો. જાઓ, એ માણસને લાવો. લાવ્યા. આ તો આપણા નગરશેઠ. મમલશેઠ, નગરશેઠ. અરે! આ મારું સ્વપ્નું તો નથીને, શું છે? સ્વપ્નું છે મારું? આ નગરશેઠ કેમ...? નગરશેઠ હો તુમ મમલશેઠ! તમે કેમ લાકડું લેવા ગયા હતા? સાહેબ! એક રત્નકા બૈલ હમારે ઘરપે બનાયા હૈ. રત્નકા બૈલ બનાયા હૈ. ઉસમેં શીંગ (-શીંગડા) કમ પડતા હૈ, રત્નકે શીંગ. લાકડું વીણતા વીણતા રત્ન મેળવીને એક શીંગડું બનાવવું છે. આહાહા!

રાજા દેખનેકો ઘર પર ગયે તો રત્નકા બૈલ. પૈસા ઇકઠ્ઠા કરકે રત્ન લેકર બૈલ બનાયા થા. રત્નનો બળદ હોં. એમાં શીંગડું નહોતું શીંગડું. પૈસા ઇકઠ્ઠા કરતે કરતે રત્ન લાવે ઔર શીંગ બનાવે. અરર! અરે નગરશેઠ! યે ક્યા? આહાહા! અમારા ગામમાં પણ ભિખારા જેવા નગરશેઠ રહે છે. આહાહા! એવી કથા આવે છે. ...... આપણે આવ્યું છે આમાં? હરિભાઈ! છાપામાં આવ્યું હતું. ...... હા, એમાં છે. આહાહા! ચમરી ગાય અપના પૂંછ જો ચમર હૈ ઉસકી લોલુપતાકે કારણ, બેલમેં ફંસ ગયા (તો) ખડી રહ ગઈ. વાઘે આવીને મારી નાખી. આહાહા! વિમુક્ત કર દિયા ગયા. **ઔર અરેરે! ઉસ ગાયકો વનચર દ્વારા પ્રાણસે ભી વિમુક્ત કર દિયા ગયા! (અર્થાત્ ઉસ ગાયને બાલોંકે લોભમેં પ્રાણ ભી ગંવા દિયે!) જિન્હેં તૃષ્ણા પરિણમિત હુઈ હૈ...** આહાહા! દેખો! **જિન્હેં તૃષ્ણા પરિણમિત હુઈ હૈ..** (અર્થાત્) લોભ, રાગ અંદર તૃષ્ણા.. તૃષ્ણા.. તૃષ્ણા.. લોભ.. લોભ ઔર તૃષ્ણા (એક હી હૈ). એ રતનચંદજી! ઇતના તો સમજે કિ લોભ ઔર તૃષ્ણા એક હી હૈ. આહાહા!

**જિન્હેં તૃષ્ણા પરિણમિત હુઈ હૈ...** આહાહા! **ઉન્હેં પ્રાયઃ ઐસી હી વિપત્તિયાં આતી હૈં.** ચમરી ગાય જૈસી વિપત્તિયાં આતી હૈં, એમ કહતે હૈં. માનમાં ક્ષણમાં મરી જાય, પદવી લેવા, ફલાણા લેવા, જાય હેઠે. આહાહા! તૃષ્ણાના પૂરમાં હણાતાં ચાર ગતિમાં અવતાર કરે છે. આહાહા! **પ્રાયઃ ઐસી હી વિપત્તિયાં આતી હૈં. तृषां प्रायेणैवंविधा** છેને? દાખલો છેને દાખલો. **एवं विधा हि विपत्तयः..** ચાર દાખલા થયા—ક્રોધ, માન, માયા ને લોભ. આ દષ્ટાંત તો ...... માયાના દાખલા..... ખડ્ડેમેં ગયા. હવે પોતે મુનિરાજ શ્લોક કહે છે.

**क्षमया क्रोधकषायं मानकषायं च मार्दवेनैव ।**
**मायामार्जवलाभाल्लोभकषायं च शौचतो जयतु ॥१८२॥**

**શ્લોકાર્થ : ક્રોધકષાયકો ક્ષમાસે** જીતના. અપને સ્વભાવકા આશ્રય લેને પર જો ક્ષમા હોતી હૈ ઉસસે ક્રોધકો જીતના. આહાહા! સમજમેં આયા? **માનકષાયકો માર્દવસે હી...** કોમલતા–નિર્માનતાસે માનકો જીતના. **માયાકો આર્જવકી પ્રાપ્તિસે...** કપટકો સરલતાસે સરલતા.. સરલતા.. સરલળતા.. સીધી બાત. આહાહા! **ઔર લોભકષાયકો શૌચસે (-સન્તોષસે) જીતો.** આહાહા! સંતોષ.. સંતોષ. આહાહા! હવે ૧૧૬ ગાથા આવી. બહુ ઊંચી ગાથા છે.

**उक्किट्ठो जो बोहो णाणं तस्सेव अप्पणो चित्तं ।**
**जो धरइ मुणी णिच्चं पायच्छित्तं हवे तस्स ॥ ११६ ॥**
**ઉત્કૃષ્ટ નિજ અવબોધ અથવા જ્ઞાન અથવા ચિત્તકો;**
**ધારે મુનિ જો પાલતા વહ નિત્ય પ્રાયશ્ચિત્તકો. ૧૧૬.**

**ટીકા : યહાં, 'શુદ્ધ જ્ઞાનકે સ્વીકારવાલેકો પ્રાયશ્ચિત્ત હૈ' ઐસા કહા હૈ.** ભારે અલૌકિક વાત છે! ક્યા કહતે હૈં? અપના આત્મા જ્ઞાન ને આનંદમૂર્તિ પ્રભુ ધ્રુવ ઉસકા જહાં સ્વીકાર હુઆ, આદર હુઆ, બસ સબ પાપકા નાશ હૈ. બોધ નામ ત્રિકાલ જ્ઞાનસ્વરૂપ પ્રભુ, અકેલા જ્ઞાનપુંજ પ્રભુ આત્મા. ઐસા સર્વજ્ઞસ્વભાવી, ઐસા સર્વજ્ઞસ્વભાવ, ઐસા સર્વજ્ઞસ્વભાવકા સ્વીકાર, આદર, પ્રતીત, અનુભવ, આહાહા! વહી પ્રાયશ્ચિત્ત હૈ. વહ નિર્દોષદશા હૈ ઔર વહ પાપકા નાશ કરનેવાલી હૈ. આહાહા! દેખો! પ્રાયશ્ચિત્ત (કહતે) આત્મા હી પ્રાયશ્ચિત્ત(સ્વરૂપ) લે લિયા. પ્રાયશ્ચિત્ત નિર્દોષ–નિર્મલ દશા હૈ. પણ કહતે હૈં કિ નિર્મલ–નિર્દોષ દશા કહાંસે આઈ? પૂરા આત્મા હી પ્રાયશ્ચિત્તસ્વરૂપ હૈ. ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનસ્વરૂપ હૈ, ઉસકા આશ્રય કરનેસે... આહાહા! સમજમેં આયા? કેમ વાત બેસે?

કહતે હૈં, પરમાત્મા તુમ હો, ઐસે કહતે હૈં. પરમાત્મા નામ પરમસ્વરૂપ જ્ઞાન, આનંદ આદિ પરમસ્વરૂપ ધ્રુવ ત્રિકાલ... ઐસા પૂર્ણ સ્વરૂપ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ દર્શન, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા આદિ (ન કહકર) એક જ્ઞાનસ્વભાવ ઐસે લિયા હૈ. પૂર્ણ સ્વરૂપ ભગવાન આત્મા જ્ઞાનસ્વભાવકા જહાં સ્વીકાર હુઆ, આહાહા! વિશ્વાસસે સ્વીકાર હુઆ. મૈં તો પૂર્ણ જ્ઞાન ને આનંદ હૂં. ઐસી જહાં શ્રદ્ધામેં–દૃષ્ટિમેં, વર્તમાન જ્ઞાનકી પર્યાયમેં ત્રિકાલીકા સ્વીકાર હુઆ વહ પ્રાયશ્ચિત્ત હૈ. સારે સંસારકા ઉસમેં નાશ હોતા હૈ. આહાહા! સમજમેં આયા?

ઓહો! મુનિઓએ કથની કરી છેને! ચલતા હૈ પ્રાયશ્ચિત્તકા અધિકાર, ઉસમેંસે નિકાલા કિ તેરા આત્મા હી પ્રાયશ્ચિત્ત-સ્વરૂપ હૈ. આહાહા! પુણ્ય ને પાપકા નાશ કરનેવાલી ચીજ હો તો તેરી ચીજ હૈ. પૂરી ચીજ હી પ્રાયશ્ચિત્ત-સ્વરૂપ હૈ. આહાહા! અજબ-ગજબકી બાત હૈ. એક સમયકી રાગકી દશાકી તો બાત હી નહીં, અપની એક સમયકી પર્યાય ભી નહીં. ભગવાન અસ્તિ તત્ત્વ હૈ ન. ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ હૈ ન. આહાહા! પૂર્ણાનંદકા નાથ પ્રભુ પૂર્ણ સ્વભાવી વસ્તુ, દ્રવ્ય–વસ્તુ, ચૈતન્યકા સત્ત્વ—ઐસા પૂર્ણ સ્વભાવકા સ્વીકાર જહાં દૃષ્ટિમેં હુઆ,

સમ્યગ્દર્શન ઉસ દ્રવ્યકે આશ્રયસે હોતા હૈ. તો વહી પ્રાયશ્ચિત્ત હૈ. આત્મા ભી ત્રિકાલી પ્રાયશ્ચિત્ત (સ્વરૂપ) ઔર સમ્યગ્દર્શન ભી પ્રાયશ્ચિત્ત. યે પર્યાયકા પ્રાયશ્ચિત્ત, વહ દ્રવ્ય પ્રાયશ્ચિત્ત (સ્વરૂપ). સમજમેં આયા?

**ઉત્કૃષ્ટ ઐસા જો વિશિષ્ટ ધર્મ...** દેખો! યહાં, જીવ હૈ ન જો જીવ ઉસકો ધર્મી કહતે હૈં ઔર ઉસકા જ્ઞાન આદિ સ્વભાવ વહ ધર્મ. ત્રિકાલી ધર્મકી બાત હૈ પહલી. સમજમેં આયા? ધર્મ-વીતરાગભાવ જિસકો પ્રગટ કરના હૈ, તો કહતે હૈં કિ વહ ભાવ કહાંસે આયેગા? તેરે સ્વભાવમેં ધર્મ પડા હૈ. આહાહા! પૂર્ણ ધર્મ પડા હૈ.. પૂર્ણ ધર્મ પડા હૈ. આહાહા! એ (ખાલી) વાત નથી ભાઈ! સમજાય છે કાંઈ? તેરી ચીજ હી (ઐસી હૈ). સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ ઐસે ફરમાતે હૈં. આહાહા! ભાઈ! તું પ્રાયશ્ચિત્તસ્વરૂપ હૈ ન અર્થાત્ તેરા સ્વરૂપમેં પૂર્ણ આનંદ ઔર જ્ઞાન હી પડા હૈ. અલ્પ જ્ઞાન ઔર રાગ તેરેમેં હૈ હી નહીં. આહાહા!

**ઉત્કૃષ્ટ ઐસા જો વિશિષ્ટ ધર્મ વહ વાસ્તવમેં પરમ બોધ હૈ** ત્રિકાલી. ધર્મ એટલે જીવનો ધર્મ, આત્માકા ધર્મ. ધર્મ ત્રિકાળી. આ પ્રગટ પર્યાય નહીં. વસ્તુ જો ભગવાન જીવતત્ત્વ ઉસમેં જો ઉત્કૃષ્ટ બોધ-જ્ઞાનસ્વરૂપ હૈ વહી ઉત્કૃષ્ટ બોધ નામ જ્ઞાન હૈ. ઐસા અર્થ હૈ. ગજબ બાત હૈ! આહાહા! **બોધ, જ્ઞાન ઔર ચિત્ત ભિન્ન પદાર્થ નહીં હૈં.** અંતર ભગવાન આત્માકા જ્ઞાન કહો, બોધ કહો, ચિત્તજ્ઞાન કહો. ચિત્ત એટલે આ મનની વાત નહીં. પાઠમેં હૈ ન દેખો! **बोहो णाणं तस्सेव अपणणो चित्तं**.. આહાહા!

ઇસકા સ્વીકાર અનંત કાલમેં નહીં હુઆ, કહતે હૈં. આહાહા! બાકી તો બહોત કિયા જગતમેં રાગ ઔર દ્વેષ. પણ એક સમય-સેકંડકે અસંખ્યવેં ભાગમેં.... ભગવાન પૂર્ણ બોધસ્વરૂપ ત્રિકાલ જ્ઞાનસ્વભાવ, ત્રિકાલ આનંદસ્વભાવ, ત્રિકાલ શુદ્ધ પવિત્ર સ્વભાવ વહ ધર્મ ઔર જીવ ઉસકા ધર્મી. જીવ ધર્મી ઔર ઉસકા વહ ધર્મ ત્રિકાલ. પ્રગટ ધર્મીકી બાત બાદમેં. આહાહા! અધિકાર સારો આવ્યો બરાબર, લ્યો. આહાહા! તેરા અસ્તિત્વ-મૌજૂદ ચીજ તેરી ત્રિકાલ જ્ઞાનસ્વરૂપ હી હૈ, બોધસ્વરૂપ હી હૈ, ચિત્સ્વરૂપ હી હૈ ત્રિકાલ.

**ઐસા હોનેસે ઉસી પરમધર્મીજીવકો...** દેખો! અબ. કહતે હૈં, ભગવાન આત્મામેં પરમજ્ઞાન, ઉત્કૃષ્ટજ્ઞાન, ત્રિકાલીજ્ઞાન પડા હૈ ઉસ કારણસે ધર્મ ઉસકા ઐસા હૈ. જીવકા પરમજ્ઞાન, ત્રિકાલ જ્ઞાન, શુદ્ધજ્ઞાન, પવિત્રજ્ઞાન, અખંડજ્ઞાન વહ ઉસકા ધર્મ હૈ. ધર્મ યે પ્રગટ પર્યાયકી બાત નહીં. **ઉસી પરમધર્મી જીવકો પ્રાયઃ ચિત્ત હૈ...** આહાહા! પરમબોધ ત્રિકાલજ્ઞાન... યે અલૌકિક બાત હૈ ભગવાન! વીતરાગ સિવા યે બાત કહીં હૈ નહીં. આહાહા!

કહતે હૈં, તેરી ચીજ હી ઐસી હૈ. ધર્મી તેરી ચીજ હૈ ઔર તેરી ચીજમેં ત્રિકાલી ધર્મ (અર્થાત્) ધાર રખે ભાવ. અનંત અનંત સર્વજ્ઞસ્વભાવ, કેવલજ્ઞાન સ્વભાવ... ત્રિકાલી સ્વભાવ.... ઐસા બોધ નામ ધર્મ, ઉસકા ધરનેવાલા પરમધર્મી જીવ... ધર્મકો ધરનેવાલા પરમધર્મી આત્માકો પ્રાયશ્ચિત્ત હૈ. આહા! સમજમેં આયા? સૂક્ષ્મ બાત હૈ. ક્યોંકિ ધર્મ કરના હૈ

જિસકો... ધર્મ કરના હૈ ન. ધર્મ કરના હૈ તો ધર્મકી પર્યાયકા મૂલ સ્થાન કૌન? આહાહા! મૂલ સ્થાન તો ત્રિકાલી ધર્મ જો હૈ વહ. ત્રિકાલી ધર્મ વહ પરમધર્મી જીવકા ધર્મ હૈ. પરમધર્મી ઐસા આત્મા, ઉસકા પરમબોધ–પૂર્ણ જ્ઞાન વહ ધર્મ હૈ. આહા! બોધકો હી પ્રાયશ્ચિત્ત કહનેમેં આયા હૈ. આહાહા! આ તે વાત કરી કાંઈ!

યહાં તો કહતે હૈં, વિશ્વાસ..... વિશ્વાસરૂપી ધર્મ. સમકિત-દર્શનરૂપી ધર્મ, સમ્યક્-ચારિત્રરૂપી ધર્મ, સમ્યગ્જ્ઞાનરૂપી ધર્મ. ઉસ ધર્મમેં ત્રિકાલી જ્ઞાનસ્વરૂપકા વિશ્વાસ આના ચાહિયે વહ કભી અનંતકાલમેં આયા નહીં. આહાહા! સમજમેં આયા? હજી તો કુદેવ ને કુગુરુમાં એવી શ્રદ્ધા કે એમાં કાંઈક હશે. આહાહા! અહીં તો કહે છે, રાગ તેરા હો, પુણ્યધર્મ–વ્યવહારધર્મ રાગ હો, ઉસમેં ભી કુછ નહીં. તેરી એક સમયકી પર્યાયમેં ભી પૂર્ણ પ્રાયશ્ચિત્ત-સ્વરૂપ નહીં આતા. આહાહા!

કહતે હૈં, **પરમધર્મીજીવકો પ્રાયઃ ચિત્ત હૈ અર્થાત્ પ્રકૃષ્ટરૂપસે ચિત્ત (-જ્ઞાન) હૈ**. આહાહા! ભારે વાત આ. પ્રભુ! તું તો ધર્મી હૈ ઔર તેરા ધર્મ તો પૂર્ણ જ્ઞાન જો ત્રિકાલી પડા હૈ વહ તેરા ધર્મ હૈ. ઉસ ધર્મકા આશ્રય લેનેસે જો પર્યાય પ્રગટે વહ પ્રગટ ધર્મ હૈ. આહાહા! સમજમેં આયા? કહો, ભીખાભાઈ! આવું કોઈ દિ' સાંભળ્યું નહીં હોય. આહા! સમજાય ત્યારે જે બોલે એને નિમિત્ત કહેવાય. એવી વાતું છે.... આહાહા! કેટલું એણે કાઢવું પડશે? આખી દુનિયાની પિપાસા છોડવી પડશે એણે. આત્મા સિવાય કોઈ બીજો પદાર્થ એમાં કાંઈપણ ઠીક છે અને મને એનાથી ઠીક થશે—એ માન્યતા તદ્દન મિથ્યાદૃષ્ટિ છે.

સમ્યગ્દૃષ્ટિના સ્વીકારમાં તો આખો પૂર્ણ બ્રહ્મ ભગવાન જ્ઞાનસ્વરૂપી એ ધર્મ છે. એ ધર્મનો ધરનાર ધર્મી જીવ એનો અંદરમાં દૃષ્ટિમાં વિશ્વાસ આવે અને એનો વિશ્વાસ આવે ત્યાં નિર્વિકલ્પ દૃષ્ટિ થઈ જાય. કારણ કે એ વસ્તુ નિર્વિકલ્પ ધર્મનો ધર્મી છે. આહાહા! સમજમેં આયા? ઉસકા જહાં સ્વીકાર હુઆ, નિર્વિકલ્પ દૃષ્ટિ હો ગઈ, ઉસકા નામ ધર્મ સમ્યગ્દર્શન હૈ. સમજમેં આયા?

**જો પરમસંયમી ઐસે ચિત્તકો નિત્ય ધારણ કરતા હૈ...** આહાહા! ધન્ય રે ધન્ય! ઐસા **પરમસંયમી ઐસે ચિત્તકો નિત્ય ધારણ કરતા હૈ**... ચિત્ત એટલે અંદર જ્ઞાન ત્રિકાળી. ત્રિકાલી જ્ઞાનકો નિરંતર, આહાહા! ધારણ કરતા હૈ. અપની નિર્મલ પર્યાયમેં ત્રિકાલી વસ્તુકો ધારણ કરતા હૈ, **ઉસે વાસ્તવમેં નિશ્ચય-પ્રાયશ્ચિત્ત હૈ.** પર્યાયનું પ્રાયશ્ચિત્ત છે. એ પર્યાયનું.... આહાહા! વિશેષ આવશે

(પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો વદ-૧૧, બુધવાર, તા. ૧-૧૧-૧૯૭૨
## ગાથા-૧૧૬-૧૧૭, શ્લોક-૧૮૩, પ્રવચન નં. ૧૩૫

૧૧૬નો ભાવાર્થ છેને. જુઓ! આ પ્રાયશ્ચિત્તનો અધિકાર ચાલે છે. પ્રાયશ્ચિત્તનો અર્થ આત્માની નિર્દોષ-પવિત્ર દશા. જે વડે પુણ્ય ને પાપનો નાશ થાય એવા ભાવને અહીંયા પ્રાયશ્ચિત્ત કહે છે. અને એ પ્રાયશ્ચિત્તના જે નિર્દોષ પરિણામ ધર્મના છે એનો આધાર, એનું કારણ એ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એ પણ પ્રાયશ્ચિત્ત (સ્વરૂપ) છે. એ કહે છે જુઓ!

**ભાવાર્થ : જીવ ધર્મી છે...** ભગવાન આત્મા વસ્તુ છે એથી એ ધર્મી છે. **અને જ્ઞાનાદિક તેના ધર્મો છે.** આ કેમ કહ્યું? પાઠમાં **उक्किट्ठो जो बोहो** છેને? ઉત્કૃષ્ટ બોધ જે ત્રિકાળી જ્ઞાન... ઉત્કૃષ્ટ બોધનો અર્થ આત્માનો ખાસ ત્રિકાળી જ્ઞાનસ્વભાવ. ઉત્કૃષ્ટ કહેતાં બીજા અન્ય ધર્મો છે, આત્મામાં અનંત દર્શન, ચારિત્ર, આનંદાદિ અનંત ત્રિકાળી ધર્મ છે. એમાં આ ઉત્કૃષ્ટ-પ્રકૃષ્ટ ધર્મ તે જ્ઞાન છે. ત્રિકાળી હોં, ત્રિકાળીની વાત ચાલે છે આ.

શ્રોતા : અનાદિની....

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, એમાંય ફેર છે. પાઠ છેને **उक्किट्ठो जो बोहो**.. એનો અર્થ એ થયો કે આત્મા જે વસ્તુ છે એ તો ત્રિકાળી છે, એક સમયની પર્યાય ને રાગ વિનાની ચીજ ત્રિકાળી છે. એ તો અનંત ધર્મસ્વરૂપ ધર્મી છે. અનંત ધર્મ એટલે જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત ધર્મ સહિત એ ધર્મી છે. એમાં પણ જ્ઞાન છે એ એનો ઉત્કૃષ્ટ-પ્રકૃષ્ટ ધર્મ છે. આ ત્રિકાળી (ધર્મ)ની વાત છે હોં. સમજાય છે કાંઈ?

જીવ ધર્મી છે. એટલે કે અનંત જ્ઞાન, દર્શન, આનંદાદિ ત્રિકાળી સ્વભાવ એવો જે ધર્મ ત્રિકાળી હોં. અહીં, ધર્મ પ્રગટ થાય એની વાત નથી. ધર્મીમાંથી ધર્મ આવેને. નવો ધર્મ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે ખરો ધર્મ, પણ એ ધર્મ આવે ક્યાંથી? એ જીવ ધર્મી છે, અનંત ધર્મનો ધરનાર છે. અનંત ધર્મ શબ્દે ત્રિકાળી ગુણ. તલકચંદભાઈ! આવું ઝીણું ભારે ભાઈ! વસ્તુ છેને આત્મા, પદાર્થ છેને પદાર્થ. એને ધર્મી કહેવાય, કેમ? કે એમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ આદિ અનંત ગુણો વસેલા છે. એ ગુણો એના ધર્મ કહેવાય ત્રિકાળી હોં. ત્રિકાળી ધર્મનો ધરનાર એવો જીવ તે ધર્મી છે. ધીરુભાઈ! આ દવા જુદી જાતની છે. આહાહા! ભગવાન થવાની (દવા) છે. ઓલી તો મરીને રાંકા થવાની... આહા!

અહીંયા તો પરમાત્મા, પરમ આત્મા એવો જે નિજસ્વભાવ ભગવાન આત્મા, કહે છે કે એને અહીં ધર્મી.. જીવને ધર્મી કહીએ છીએ. કેમ? કે એમાં જ્ઞાનાદિ તેના ધર્મો છે. એટલે? ધર્મો એટલે આ ધર્મ પ્રગટ થાય એ? એ નહીં. ભગવાન આત્મામાં જ્ઞાન, દર્શન, આનંદ,

જીવત્વ, ચિતિ, કર્તા, કર્મ આદિ અનંત (ધર્મ) એમાં ધારી રાખેલા છે, જેવો જીવ અવિનાશી છે એવા એના ધર્મો ત્રિકાળી અવિનાશી છે. સમજાય છે કાંઈ? જીવ ધર્મી છે. આ ધર્મી એટલે ધર્મની–મોક્ષમાર્ગની પર્યાય કરનારો એ નહીં. સમજાય છે કાંઈ? આ 'જીવ ધર્મી છે' એ શબ્દમાં ધર્મ જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, જે મોક્ષનો માર્ગ એ ધર્મ, એનો કરનાર માટે ધર્મી એમ અત્યારે નથી. સમજાય છે કાંઈ? વસ્તુ છે...

આ દેહના રજકણ તો માટી, ધૂળ, અજીવ છે. અંદર કર્મ જે છે એ પણ અજીવતત્ત્વમાં જાય છે. પુણ્ય ને પાપના ભાવ થાય એ આસ્રવતત્ત્વમાં જાય છે. સમજાય છે કાંઈ? અને એક સમયની પર્યાયનો જે ધર્મ એ વર્તમાનદશામાં જાય છે. શું કહ્યું સમજાણું આમાં? આ શરીર, કર્મ, વાણી એ તો અજીવતત્ત્વમાં જાય છે એટલે એ કાંઈ જીવ નહીં, એ જીવ–ધર્મી નહીં. એમાં પુણ્ય ને પાપના વિકલ્પો–ભાવ છે એ આસ્રવતત્ત્વમાં જાય છે, એ જીવ–ધર્મી નહીં. અને એમાં પ્રગટેલ ધર્મદશા એ પર્યાયમાં જાય છે, એ વસ્તુમાં નહીં. સમજાય છે કાંઈ? અને જે વસ્તુ છે.... એ જ્ઞાનસ્વરૂપ છે તો સમજવાનું જ હોયને, બીજું શું હોય? એય! ઘણું છે. અરે! અજ્ઞાનની ક્યાં વાત?

અહીં તો મહાપ્રભુ અનંત-અનંત ધર્મ નામ ગુણ–શક્તિથી બિરાજમાન છે. એવો જે જીવ ધર્મી છે એમ લીધું છેને? એ ભાઈ પંડિતજીએ ખુલાસો કર્યો છે. એ ભાવાર્થમાં નથી કાંઈ. એ ધારણ કર્યો છે. આ **उक्किट्ठो जो** શબ્દ પડ્યો છે ખરોને. ટીકામાં આવી ગયુંને. 'ઉત્કૃષ્ટ એવો ખાસ ધર્મ તે બોધ' એમ આવ્યુંને? આ ધર્મ તે બોધ છે એટલે? કે આત્મા વસ્તુ છે... જેમ આ રજકણો જગતના તત્ત્વો છે વસ્તુ, એમ આત્મા પદાર્થ–વસ્તુ છે અને એ વસ્તુ છે તે ધર્મી છે. ધર્મી છે એટલે? કે અવિનાશી જે ચીજ છે એ ધર્મી. એ ધર્મી છે કેમ? કે એમાં અનંતા ધર્મો–ગુણો અવિનાશી છે માટે તેને અહીં ધર્મી કહેવામાં આવે છે. લ્યો, 'આ ધર્મી માણસ છે' એ અહીં વાત નથી. સમજાણું કાંઈ? આ ધર્મી છે, આ પાપી છે, આ પુણ્યવાળો છે એ અહીં વાત અત્યારે નથી, આ પહેલા શબ્દમાં (છે એ) હોં.

ભગવાન આત્મા... અરે! એણે કોઈ દિ સાંભળ્યું નથી. નિજઘરની સંપદા કેટલી, કેવડી? કેવળીઓને કહેતાં પણ વાણીમાં પાર ન આવે. એક સેકંડમાં... સેકંડ નહીં, (એક) પળમાં એક ગુણ કહે તો અનંતી પળો જેટલું આયુષ્ય તો કેવળીને હોય નહીં. સમજાણું કાંઈ? એક વિપળમાં એક ધર્મ કહે તો એ અનંતી વિપળો એ તો અનંતો કાળ થઈ જાય. એક પછી એક ઝીણી વાત કહે તો અનંતકાળ જોઈએ, (તો) કેવળી પણ કહી શકે નહીં. એ તો એક બાજુ હવે. એમાં અનંત વર્તમાન (દશા) છે એ પણ પૂરી રીતે વર્તમાન શબ્દોમાં આવી શકે નહીં. એવો જે આ ભગવાન આત્મા પોતે પ્રભુ આત્મા અંદર જીવ–ધર્મી... ધર્મ રાખનારો માટે ધર્મી.

ધર્મ કરનારો માટે ધર્મી એ વાત અત્યારે નથી. સમજાણું કાંઈ? ધર્મી, જીવ ધર્મી છે એની વ્યાખ્યા ચાલે છે. એક શબ્દ. આહાહા!

અરે! પોતે પ્રભુ કોણ છે? અનાદિ-અનંત તત્ત્વ છે. જીવ અનાદિ-અનંત ટકનારું એ તત્ત્વ છે. જેમ આ પરમાણુ પણ અનાદિ-અનંત ટકનારું છે. રૂપાંતર–અવસ્થાંતર થાય, પણ વસ્તુ જે મૂળ ચીજ છે એ તો અનાદિ-અનંત રજકણ છે. એમ ભગવાન આત્મામાં પર્યાયો–અવસ્થા–વર્તમાનદશા બદલાય, છતાં એ વસ્તુ તો અનાદિ-અનંત છે. અને એ અનાદિ-અનંતને ધર્મી કહીએ. કેમ કે એમાં અનંતા ધર્મો વસેલા છે માટે ધર્મી કહીએ. આહાહા! ધીરુભાઈ! કોઈ દિ' સાંભળ્યુંય ન હોય લ્યો. આ વર્ષીતપ કર્યા હોય. એક ફેરી કર્યા હતા, ખબર છેને. ભલે.... તે દિ' ભાઈ હતાને, ચુનીભાઈ હતા. આ શેઠિયાના નામ.. હુશિયાર હતા, વર્ષીતપ કર્યા બાયડીયુંની જેમ. બાયડીયું વર્ષીતપ કરે એવું સાંભળ્યું છે બહુ લોકો... કરે છે.. કરે છેને વર્ષીતપ. શું કહે છે? ઋષભદેવ ભગવાનને બાર મહિના આહાર મળ્યો નહોતો. એને ઠેકાણે આ બાર મહિના એક દિ' ખાવું ને એક દિ' નહીં એવું ...? થોડું કેવડું? એની સાથે મેળ જ ક્યાં છે? આહાહા!

અહીં તો મહા ધ્રુવ એક સમયમાં–સેકંડના અસંખ્યમાં ભાગમાં ભગવાન આત્મા ધર્મી છે.. ધર્મી છે. એ કાઢ્યું છે આ ...માંથી કાઢ્યું છે. એ ધર્મી છે એમાં અનંતા જ્ઞાન, દર્શન, શાંતિ, આનંદ આદિ અનંતા ધર્મો એટલે ગુણો એટલે સ્વભાવો એટલે શક્તિઓ એમાં વસેલી છે. આ તો સમજાય એવું છે. સ્વરૂપચંદભાઈ! પરમાત્મા તીર્થંકર કેવળી પરમાત્મા જૈન પરમેશ્વર આમ કહે છે. જૈન પરમેશ્વર કોઈ સંપ્રદાય નથી. વસ્તુના સ્વરૂપમાં જે અનંત-અનંત ધર્મો હતા એ એણે પર્યાયમાં પ્રગટ કર્યા એનું નામ પરમાત્મા. આહાહા! એનું નામ અરિહંત, એનું નામ તીર્થંકર. સમજાય છે કાંઈ? પણ, કહે છે, એ અનંતી શાંતિ, આનંદાદિ પ્રગટ કર્યા એનું સ્થાન ક્યું? એનું ક્ષેત્ર ક્યું? એ ક્યાંથી પ્રગટ્યા? કોઈ અદ્ધરથી આવે છે? આહાહા!

કહે છે કે એ જીવ ધર્મી છે. એ ગાથાના ભાવમાંથી કાઢ્યું છે હોં. ધર્મ એટલે અનંતા આનંદ ને શાંતિ.. શાંતિ.. નિર્વિકલ્પ શાંતિ. અતીન્દ્રિય આનંદની તૃપ્તિથી ભરેલો એ પદાર્થ છે. આહાહા! એવા-એવા અનંતા ધર્મો નામ ગુણો છે માટે તે વસ્તુને–ભગવાનને, ભગવાને એ આત્માને ભગવાન અહીં કહ્યું છે. ઓલા કહે, બે-ચાર ભગવાન છે. અહીં કહે કે અનંતા ભગવાન છે. એ ચીમનભાઈ! ઓલો છેને એક ભગવાન ઓલો સાંઈબાબો ને એક રજનીશ ને એક બાઈ છે, એક વળી નવો નીલકંઠ છે. બધા અજ્ઞાનીઓ છે. આહાહા! સમજાણું કાંઈ?

આ તો પરમાત્મા સર્વજ્ઞ જિનેશ્વરદેવ જેને અનંતી પર્યાયો પૂર્ણ નિર્મળ પ્રગટ થઈ ગઈ. એ વસ્તુના સ્વરૂપની સ્થિતિની વાત છે. કેમકે વસ્તુના સ્વરૂપમાં અનંતા ધર્મો ખીચોખીચ અને એક-એક ધર્મો પૂર્ણ શક્તિ સહિત પડ્યા છે. સમજાણું કાંઈ? આહાહા! આ તો વસ્તુનું સ્વરૂપ

આવું છે. આ જૈનધર્મ કાંઈ કોઈ વાડો કે પક્ષ નથી. ત્રિલોકનાથ તીર્થંકરદેવ ઇન્દ્રો ને ગણધરોની વચ્ચે પ્રભુ એમ કહેતા હતા. મહાવિદેહક્ષેત્રમાં પણ પરમાત્માની વાણીમાં આ આવે છે. સમજાણું કાંઈ? જીવ ધર્મી છે. આહાહા! અરે! એક શબ્દમાં તો કેટલું ભર્યું છે! એકવાર તું બધું ભૂલી જા ભાઈ! તું કોણ છો એની અહીં વાત છે. સમજાય છે કાંઈ? ભગવાન! તારામાં તો અનંત શક્તિઓ એટલે ધર્મો એટલે ગુણો પડ્યા છે, અનંત સંખ્યાએ હોં. અને તે પણ એમાં ત્રિકાળી અવિનાશી ધર્મ છે. ધર્મ પ્રગટ થાય એ તો પર્યાય છે, એની વાત અત્યારે નથી.

એવો જે ત્રિકાળી ભગવાન જીવ ધર્મી છે અને જ્ઞાનાદિ એના ધર્મો છે. આમ કેમ લેવું છે? **उक्किट्ठो जो बोहो** શબ્દ છે ખરોને. એમાં જ્ઞાન, દર્શન, આનંદ છે, અતીન્દ્રિય આનંદ હોં. આહાહા! જેની એક સમયની આનંદની પર્યાયની આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો (તુચ્છ લાગે). (ઇન્દ્રાણીઓ) ધાનના ઢોકળા નથી. આ તો ધાનના ઢોકળા એક દિ' ન ખાય તો શરીર સુકાઈ જાય, રૂપાળું શરીર ગમે તેવું હોય. બે દિ' ન ખાય તો હેં હેં થઈ જાય. ઓલાને ધાન નથી. એવા ઇન્દ્રાણીના કલ્પનાના સુખો, એ આત્માના આનંદની દશા–એક સમયની પર્યાય પ્રગટ કરતા એ બધા ઇન્દ્રના સુખો સડ્યા ઉંદરડા હોય, આમ સડી ગયેલા હોય, મીંદડા સડી ગયા હોય, કૂતરા સડી ગયા હોય એવું લાગે. ધીરુભાઈ! પોતાની વસ્તુ શું ચીજ છે (એની ખબર નથી).

જે ખાસ ચીજ પદાર્થ છે બાદશાહ ભગવાન ત્રણ લોકનો નાથ, આહાહા! કહે છે, ધર્મી જીવ છે તો એને જ્ઞાન, દર્શન, આનંદ એના ધર્મો છે. કેટલા? એ તો ઘણીવાર કીધું છે. આકાશના પ્રદેશો છે એથી અનંતગુણા છે. એક આત્મામાં એટલા ગુણો છે. ધીરુભાઈ! યાદ રાખ્યું છે કોઈ દિ'? શું યાદ રાખે, કોણ યાદ રાખે? છ મહિના ને આઠ સમયમાં સિદ્ધ– અશરીરી પરમાત્મા થાય તો ૬૦૮ થાય. છ માસ ને આઠ સમયમાં મુક્તિ પામે તો ૬૦૮ મુક્તિ પામે. એવું ભગવાનના જ્ઞાનમાં ભાસ્યું છે ને એ રીતે પ્રવાહ ચાલે છે. અહીં ન હોય તો મહાવિદેહમાંથી પણ જાય છે. છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ પામે, તો અનંતા પુદ્ગલ પરાવર્તન થઈ ગયા એમાં કેટલા પામ્યા? અનંતા. સમજાય છે કાંઈ? તો પણ ભવિષ્યકાળ કરતાં અનંતમા ભાગના (હોય). આહાહા!

એવા જે સિદ્ધ થયા એથી અનંતગુણા તો સંસારી જીવ છે. સંસારીમાં નિગોદમાં બટાટા, સક્કરકંદ આદિમાં અનંતગુણા જીવ છે. આહાહા! સમજાય છે કાંઈ? એ જીવની સંખ્યા કરતાં પુદ્ગલની સંખ્યા અનંતગુણી છે. આહાહા! અજ્ઞાનીઓને ઘરે આ વાત ક્યાં છે? બધી વાતું ચમત્કારની, ધૂળની... હેરાન થઈ થઈને મરી ગયા બિચારા. આહાહા! આવી વાત. અરે! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના વાડામાં જન્મ્યા એની એને ખબરું ન મળે. એ ચીમનભાઈ! ત્યાં ઓલી પદવી મળી ગઈ મોટી જજની. અહીં તો હજી મળતા ભારે.

હમણા એક કહેતો હતો કે આત્મજ્ઞાનની પદવી આત્માથી મળે એવી છે. આ પદવી તો પુણ્ય હોય તો દુનિયા આપે. આ પદવી તો આત્મા પ્રગટ કરે એટલે પોતાથી મળે એવી છે, આત્મજ્ઞાનની પદવી.

આત્મજ્ઞાનની પદવી, પણ આત્મા કેવો? કે જેનામાં-પોતે ધર્મીમાં અનંત ધર્મ છે. જે રજકણોની સંખ્યા પણ જીવની કરતાં અનંતગુણી, એના કરતા ત્રણ કાળના સમય અનંતગુણા, એના કરતાં આકાશના પ્રદેશ અનંતગુણા. આકાશનો પાર છે ક્યાંય? છેલ્લે.. છેલ્લે.. છેલ્લે.. છેલ્લે પછી શું હશે? સ્વરૂપચંદભાઈ! પછી શું હશે? પછી શું હશે? ખાલી. ખાલી એટલે શું? આકાશ. એ થઈ રહે ક્યાં? થઈ રહે તો પછી શું? એવું અગમ્ય ...થી પણ પાર. એવો આકાશનો સ્વભાવ પણ ચારે દિશાએ ચાલ્યો જાય છે. છે અજીવ. ક્યાંય અંત નહીં.

એક રજકણ જેટલા (આકાશના ક્ષેત્રમાં) સમાય તે એક પ્રદેશ કહેવાય. એવા (આકાશના) પ્રદેશોની સંખ્યા ત્રણ કાળના સમય કરતાં અનંતગુણી છે. ત્રણ કાળના સમય કરતાં... કાળનો અંત નથી જ્યાં, ભૂત-ભવિષ્ય ..... છે કાંઈ? એના કરતાં આકાશના પ્રદેશ અનંતગુણા છે. એના કરતાં એક જીવમાં અનંતગુણા અનંત ધર્મ છે. આહાહા! ભગવાનજીભાઈ! અહીં બહાર પૈસા હોય તો કેટલા હોય? અબજ, બે અબજ, પાંચ અબજ, દસ અબજ. કેટલા? કરોડ અબજ લ્યોને. એક કરોડ અબજ. આ જ્ઞાનાદિ ધર્મો આટલા છે એમ કહ્યું. છે બીજો બોલ? જ્ઞાનાદિક તેના ધર્મો કેટલા? કે આટલા, કહ્યા એટલા.

**પરમ ચિત્ત અથવા પરમ જ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ...** એટલામાં ઉત્કૃષ્ટ એક મુખ્ય ધર્મ છે, ખાસ ધર્મ છે, એમ. **उक्किट्ठो** કીધુંને? ઉત્કૃષ્ટ. આહાહા! એનો ખાસ-વિશિષ્ટ... ઉત્કૃષ્ટ કીધોને. **उक्किट्ठो** કહ્યો છે અંદર. સમજાણું કાંઈ? આ મૂળ ગાથાનો અર્થ કર્યો છે. ટીકામાં પણ એ છે. ભગવાન આત્મા વસ્તુ.. વસ્તુ.. વસ્તુ. આહાહા! ધર્મી, એના જ્ઞાન, દર્શન, આનંદ (આદિ) સંખ્યાએ આકાશના પ્રદેશ કરતા અનંતગુણા અવિનાશી, ત્રિકાળી ટકતા ધર્મો છે. એ અનંત ધર્મોમાં **પરમ ચિત્ત અથવા પરમ જ્ઞાનસ્વભાવ જીવનો ઉત્કૃષ્ટ વિશેષધર્મ છે.** બધા ધર્મોમાં જ્ઞાન એક મુખ્ય વસ્તુ છે. આ ત્રિકાળીની વાત ચાલે છે હોં. કેમ છે ચેતનજી? ઉત્કૃષ્ટ કેમ કહ્યો? કે ખાસ ધર્મ છે. આત્માનો સર્વજ્ઞસ્વભાવ એ ખાસ ધર્મ છે, ત્રિકાળી હોં ત્રિકાળી. આહાહા! સમજાણું કાંઈ?

સર્વજ્ઞ જે થાય છે એ ત્રિકાળી સર્વજ્ઞસ્વભાવ છે એમાંથી થાય છે. કાંઈ અદ્ધરથી, પરથી થતા નથી. આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાનાદિ ધર્મો એમાં પરમ ચિત્ત પરમજ્ઞાન સ્વભાવ, કેવળજ્ઞાન, કેવળ એટલે આ પ્રગટ પર્યાય નહીં. એકલો જ્ઞાનસ્વભાવ, પરમસ્વભાવ, સર્વજ્ઞ-સ્વભાવ, જેને ભગવાને ૪૭ શક્તિમાં કીધીને સર્વજ્ઞશક્તિ. એ સર્વજ્ઞ 'જ્ઞ' સ્વભાવ, જ્ઞાન સ્વભાવ એ જીવનો ઉત્કૃષ્ટ નામ... પાઠ છેને **उक्किट्ठो... ઉત્કૃષ્ટ નામ વિશેષ ધર્મ છે**. વિશેષ

એટલે વિશેષ જાણે એમ અહીંયા નથી. અનંતા ધર્મમાં જ્ઞાન એ ખાસ છે. એક જ્ઞાનને જ આત્મા કહીએ તો ચાલી શકે એવો એ ધર્મ છે. સમજાણું કાંઈ? આહાહા! અસાધારણ. એ તો ત્રિકાળ છેને, અનંત (ગુણ)માં પણ એક જ્ઞાન છે. જ્ઞાન જ જાણે છે. (બીજા) ગુણને, દ્રવ્યને, પોતાને જાણનારું જ્ઞાન છે. બીજા ધર્મો છે ખરા અસ્તિત્વ (આદિ), પણ એ જ્ઞાન જાણે કે આ છે. સમજાણું કાંઈ?

જુઓ! આ વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરનો પંથ. આહાહા! એ પંથે ગયા એ પંથે પાર પડીને મુક્તિને પામ્યા છે. સુજાનમલજી! અલૌકિક બાત હૈ. લખ્યું છેને આ જુઓને! ભાઈ. આ તો એમાં–ટીકામાંય આવ્યું છે. **ઉત્કૃષ્ટ એવો જે વિશિષ્ટ ધર્મ તે ખરેખર પરમબોધ છે**. પહેલો જ બોલ છે. ઉત્કૃષ્ટ નામ ખાસ. ખાસ જ્ઞાનસ્વભાવ જે ત્રિકાળ હોં ત્રિકાળ. એ અનંત ગુણમાં જ્ઞાનગુણ એ ખાસ ગુણ છે, કે જે એક જ જ્ઞાનને આખો આત્મા કહીએ તો કહી શકાય એવો એ ગુણ છે. સમજાય છે કાંઈ? 'પરમ ચિત્ત' પાઠ છેને ગાથા અંદરમાં? **अप्पणो चित्तं**... પરમ ચિત્ત. આત્માનો–જીવનો જે ત્રિકાળી જ્ઞાનસ્વભાવ (છે એ) ખાસ, ઉત્કૃષ્ટ, ઊંચો, ઊંચો એટલે ઘણો જ કિંમતી, સર્વોત્કૃષ્ટ, વિશેષ ધર્મ છે. આહાહા! સમજાણું કાંઈ?

**માટે...** ત્રણ વાત થઈ ત્રણ. શું? (૧) જીવ ધર્મી છે, (૨) એના અનંતા જ્ઞાનાદિ ધર્મ છે, (૩) એમાં જ્ઞાન ઉત્કૃષ્ટ વિશેષ ધર્મ છે. એ ત્રણ.. ત્રણ વાત થઈ. આહાહા! વજુભાઈ! આ વાંચવા કાંઈ તમને નવરાશ હોય નહીં.... પૂનમભાઈ ... છે. વાંચે તો કંઈ સમજાય નહીં.... સાંભળવા જાય એમાં શું થયું? એ એક લીટી વાંચી શકે છે કે નહીં, એટલી વાત છે. કહો, સમજાણું આમાં? આહાહા! કહે છે કે **માટે સ્વભાવ-અપેક્ષાએ...** ભગવાન આત્માનો ત્રિકાળી ધર્મસ્વભાવ–ટકતા ગુણની અપેક્ષાએ **જીવદ્રવ્યને પ્રાયઃ ચિત્ત છે...** જુઓ! આવ્યું પાછું. પ્રાયઃ આવેને. પ્રાયઃ કહેવું છેને (એટલે) પ્રકૃષ્ટપણે.. 'ઉત્કૃષ્ટ' કહેવું છેને. પ્રાયઃ—પ્રકૃષ્ટપણે જ્ઞાન છે. આત્મામાં પ્રાયઃ એટલે મુખ્યપણે, ઉત્કૃષ્ટપણે જે જ્ઞાન છે એ જ એનું પ્રાયશ્ચિત્ત સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આહાહા! છે કે નહીં સામે પુસ્તક? એથી તો સામે રાખ્યા છે પુસ્તક. ક્યા શબ્દનો ક્યો અર્થ ચાલે છે (એ ખબર પડે). ચીમનભાઈ! આહાહા!

પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ આમ કહે છે કે ભાઈ! તું વસ્તુપણે ધર્મી છો અને તારામાં અનંતા ત્રિકાળી ધર્મો છેને એમાં જ્ઞાન તે ઉત્કૃષ્ટ ધર્મ છે. આહાહા! અને તે **સ્વભાવ-અપેક્ષાએ જીવદ્રવ્યને પ્રાયઃ ચિત્ત છે અર્થાત્ પ્રકૃષ્ટપણે**–ખાસ **જ્ઞાન છે.** એથી આત્માને જ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. ત્રિકાળી વસ્તુ જ પ્રાયશ્ચિત્ત છે. જેની સામું જોયે સંસાર નાશ થઈ જાય, જેની સામું જોયે ભગવાન પરમાત્મપદ પ્રગટ થાય એવો એ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? આપણા પંડિતજીએ બધો મેળ કર્યો છે સરખો. એવો અર્થ ઓલામાં નથી. બહુ સરસ છે, પાઠમાં છેને. સમજાણું કાંઈ? આહાહા! માટે સ્વભાવ... સ્વભાવ એટલે ત્રિકાળ.

ત્રિકાળ અપેક્ષાએ જીવદ્રવ્યને પ્રાયઃ ચિત્ત પ્રકૃષ્ટપણે... ત્રિકાળ અપેક્ષાએ પ્રાયઃ ચિત્ત–જ્ઞાન જ છે. તે જ્ઞાન તે જ પ્રાયઃ ચિત્ત છે. આ ત્રિકાળની વાત છે હોં હજી. પ્રગટ પર્યાય ધર્મનું પ્રાયઃ ચિત્ત થાય એની વાત નથી. આહાહા!

**માટે**... પ્રાયઃ શબ્દ છેને એમાંથી ઉત્કૃષ્ટ કાઢ્યું બધું લ્યો. પ્રાયઃ ચિત્ત–ઉત્કૃષ્ટ જ્ઞાન.. ઉત્કૃષ્ટ જ્ઞાન, પ્રકૃષ્ટ જ્ઞાન, વિશેષ જ્ઞાન, ખાસ જ્ઞાન. એથી આત્માને એકરૂપ ખાસ જ્ઞાન, અનંત ધર્મમાં જે ખાસ જ્ઞાન છે એટલે આખો આત્મા જ ખાસ જ્ઞાન છે તે જ પ્રાયઃ ચિત્ત છે. હવે એણે પાપનું પ્રાયશ્ચિત્ત લેવું હોય તો એની સામે જવું, એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આ મને પાપ લાગ્યું છે, પ્રાયશ્ચિત્ત આપો—એ આ વાત નથી. આ તો ત્રિકાળી ભગવાન આત્મા પ્રાયશ્ચિત્ત.. પ્રાયઃ એટલે ઉત્કૃષ્ટ જ્ઞાનનું સ્વરૂપ છે. એની સામું જો એટલે સંસારની ઉત્પત્તિ જ નહીં થાય, (કેમકે) એમાં એ નથી. સમજાણું કાંઈ? આહાહા! એનો અર્થ કે એનો આશ્રય કર. પણ જેની સામું જોઈએ છીએ એ ચીજ કેવડી છે એ એના ખ્યાલમાં બેસે શી રીતે? આમ ને આમ જિંદગીયું જગતમાં અનંતકાળ ગાળ્યા. વસ્તુને સમજ્યા વિના કરવા માંડ્યો ક્રિયા. સામાયિક કરી, પોષા કર્યા, પડિકમણા કર્યા, ચોવિહાર ને કંદમૂળનો ત્યાગ એ ધર્મ, આ વર્ષીતપ કરે એ ધર્મ. ધૂળમાં ધર્મ નથી, કહે છે. ધૂળમાં નથી એટલે લોકોત્તર પુણ્યેય એમાં નથી એમ કહ્યું.

ભગવાન ત્રિલોકનાથ... પ્રાયઃચિત્ત—પ્રાયઃ (એટલે) ઉત્કૃષ્ટ, જ્ઞાનનું સ્વરૂપ પોતે પ્રભુ. **જે પરમસંયમી આવા ચિત્તને...** હવે આવે છે. પરમધર્મી જીવ... 'સંયમી' એક અર્થ લીધો છેને. સમકિતી, જ્ઞાની અથવા સંયમી. એવો **પરમ સંયમી આવા ચિત્તને**... આવા ચિત્તને એટલે ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માને. આરે, કઈ જાતની વાત છે? .... પોષા કરીએ, પડિકમણું કરીએ, આ કર્યું. એ ચીમનભાઈ! તમે આ સામાયિક કરી ને પોષા કર્યા, ગયા ક્યાં બધા? ......... હતી કે દિ' સામાયિક તારે? ...ભાઈ! આહાહા! આ જેઠાભાઈએ બહુ કર્યા છે, પથરણા બહુ ફાડ્યા છે.

એમ કે આ સામાયિક કરી એ મફતમાં ગયા? એમ કહે છે. એમાં રાગની મંદતા કરી હોય તો અનંત સંસારના કારણભૂત મિથ્યાત્વ સહિત પુણ્ય બંધાય. તે પણ અનંત સંસારનું કારણ મિથ્યાત્વ છે, એમ પાછું. કારણ કે અનંત સંસારનું કારણ મિથ્યાત્વ છે, રાગ હું છું, પુણ્ય હું છું, પર્યાયનો અંશ જેટલો હું છું—એવું મહા મિથ્યાત્વ, અનંત સંસારનું કારણ મિથ્યાત્વ તો સાથે પડ્યું છે. અને એમાં કોઈ ક્રિયામાં રાગની મંદતા થાય તો અનંત સંસારના કારણરૂપ મિથ્યાત્વ સહિત અઘાતિનું પુણ્ય બંધાય. આહાહા! ઘાતિમાં તો કાંઈ પુણ્ય છે નહીં. ઘાતિ તો અનંતું પાપ બાંધે જ છે. આવી વાતું છે આમ. આ .... પર્યાય એવી લાગે બાપુ!

જે પરમધર્મી આવા ચિત્તને... આવા ચિત્તને એટલે અનંત ધર્મોમાં પ્રકૃષ્ટ–ઊંચો ધર્મ જે જ્ઞાન એવો ત્રિકાળી સ્વભાવ એને જે દૃષ્ટિમાં ધારે છે, જે ચિત્તમાં એને ધારે છે, વર્તમાન જ્ઞાનની

પર્યાયમાં એને રાખે છે અને શ્રદ્ધે છે... આહાહા! આવો ભગવાન પૂર્ણ સ્વરૂપ છે, અનંત ધર્મનો ધરનાર ધર્મી, એમાં એનો મુખ્ય ધર્મ તે જ્ઞાન છે. એ જ્ઞાન જ આખો ધર્મી છે એમ જે ચિત્તમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં એને આ રીતે પૂર્ણ સ્વરૂપને ધારે છે, **શ્રદ્ધે છે અને તેમાં લીન રહે છે, તેને નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે.** એ પર્યાય ... થઈ. એ પર્યાય.... સમજાણું કાંઈ? આહાહા! બાપુ! તારા ઘરની વાતું આવી સાંભળવી પણ મહાદુર્લભ છે ભાઈ! અરે! લોકો ક્યાંય ભ્રમણામાં રહી ગયા. આહાહા!

ઓહોહો! વાડામાં આવીને પણ ત્રણ લોકનો નાથ પરમાત્મા એની .... ણમો અરિહંતાણં... એને અરિહંતના પેટની ખબર ન મળે અને અરિહંતના સ્વરૂપની ખબર ન મળે એટલે પોતાના સ્વરૂપની પણ ખબર ન મળે. આહાહા! અને એ ધર્મ કરે સામાયિક, પોષા, પડિકમણા, સાધુપણું, મહાવ્રત. એ રખડવાના રસ્તા છે બધા. આહાહા! બહુ સરસ, ગાથા બહુ સરસ, અલૌકિક છે. નહોતા ને તમે આવ્યા ખરાને. આવાને ચિત્તને–પરમ (જ્ઞાનસ્વભાવને) શ્રદ્ધે છે... જ્ઞાનસ્વભાવ... પરમ જ્ઞાનસ્વભાવ લીધુંને? **उक्किट्ठो**... પરમ જ્ઞાનસ્વભાવ એવો ભગવાન આત્મા, સર્વજ્ઞસ્વભાવ, સર્વજ્ઞશક્તિ, સર્વજ્ઞ... સર્વજ્ઞ ધર્મ એ જ આત્મા. સમજાણું કાંઈ? ગજબ ગાથા. આ બધા નવા-નવા આવ્યા છે તો કાંઈક પુણ્ય લઈને આવ્યા હશેને. કેમ શાંતિભાઈ? ......

**હવે ૧૧૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે** :.. ૧૮૩ શ્લોક. ચાલીસ મિનિટ ચાલ્યું એકલું. ચાલીસ ચાલ્યું આ એક. બહુ સરસ.. બહુ સરસ. આ છેને, કળશ છેને. આહાહા! ગજબની વાતું છે. હલાવી નાખે, ડોલાવી નાખે એવી વાત છે. એને ... વિકલ્પનો અવકાશ રહે નહીં. આહાહા! એવી ચીજને ધારતાં બીજો વિકલ્પ ન રહે, એમ કહે છે. આવડી મોટી (વસ્તુ) જે ધારે એમાં પામર વિકલ્પ ક્યાંથી આવી શકે? સમજાણું કાંઈ? આવો પ્રભુ જ્ઞાનસ્વરૂપી પરમાત્મા પ્રાયશ્ચિત્તસ્વરૂપ ભગવાન છે એને જે ધારે, એવા ભાવમાં પામર રાગનો ભાર છે કે અંદર રાગનો વિકલ્પ ઉત્પન્ન થાય? આહાહા! સમજાય છે કાંઈ? આહાહા!

મોટા રાજાને ઘરે લગ્ન હોય, ઓલા વાઘરી ને કોળી છોકરાઓ આવે ખરા. ..... એના ઘરમાં જઈ શકે માંડવે? ત્યાં જ ઉભા રહે, બારણા પાસે ઊભા રહે. આપણને અહીં આપશે. ........ હોય છેને. ....... એ માંડવા હેઠે ન જઈ શકે. માંડવામાં.... આહાહા! એમ ભગવાન આત્મા પોતાના સ્વભાવની અંદરમાં જાય છે એને પ્રગટ માનવા, શ્રદ્ધવા, ઠરવા. કહે છે કે ત્યાં પામર રાગનું કામ નહીં. એ પુણ્યપરિણામનું સ્થાન નહીં, ગજું નહીં. બહાર ઊભા રહે, અંદરમાં ન જાય. એય! આહાહા!

એક વાઘરી આવ્યો હતો અહીં અમારે ઉમરાળાનો. એને અહીંયા રસ છે. રહી ગયો છે પાંચ-સાત દિ'. વાઘરી. ...... પંદર વર્ષ પછી કામ મૂકી દીધું વાઘરીનું. રેણનું કરે છે. .......... અહીંયા આમાં પ્રેમ આવે છે, તમારા પુસ્તક વાંચું છું. નાતમાં ક્યાં હતું? આહાહા! વાઘરી.... વાઘરીને બેસે, પણ વાણિયાને ન બેસે, અહીંયા એમ કહે છે. .... મને બહુ પ્રેમ આવે છે. આ

તમારા પુસ્તક વાંચું છુંને ...... પ્રેમ બહુ આવે છે. કાંઈક આપો પુસ્તક. પછી આપ્યું હતું કાંઈક. (શ્લોક) ૧૮૩.

**यः शुद्धात्मज्ञानसंभावनात्मा**
**प्रायश्चित्तमत्र चास्त्येव तस्य।**
**निर्धूतांहःसंहतिं तं मुनीन्द्र**
**वन्दे नित्यं तद्गुणप्राप्तयेऽहम् ॥१८३॥**

આહાહા! તદ્દગુણલબ્ધયે.. તદ્દગુણલબ્ધ્યે આવે છેને.

**શ્લોકાર્થ : આ લોકમાં...** એટલે જગત સાચું. અનંત આત્મા, અનંત રજકણોનું જગત. એમાં **જે (મુનીન્દ્ર)...** એમાં જે મુનિન્દ્ર હોય. ઉત્કૃષ્ટ ધર્માત્માની વાત લીધી છેને. **શુદ્ધાત્મજ્ઞાનની...** શુદ્ધાત્મજ્ઞાન જે ત્રિકાળ, એ પ્રકૃષ્ટ જ્ઞાન .... આ જગતની અંદર ધર્માત્મા **શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવનાવંત છે...** શુદ્ધાત્મજ્ઞાની સમ્યક્ ભાવનાવંત જ છે. આહાહા! એને ધર્માત્મા કહીએ કે જેને શુદ્ધાત્મજ્ઞાન ત્રિકાળી ભગવાન જ્ઞાનસ્વરૂપી પિંડ પ્રભુ એની સમ્યક્ ભાવના છે. ભાષા જુઓ! એકલું કલ્પના, ચિંતવના નહીં. અંતરમાં સમ્યક્ પ્રકારે એકાગ્રતા. સમજાણું કાંઈ?

શુદ્ધાત્મજ્ઞાન... શુદ્ધ આત્મા એનું ત્રિકાળી જ્ઞાન હોં. એની સમ્યક્ ભાવનાવંત એ પર્યાય. **છે, તેને પ્રાયશ્ચિત્ત છે જ.** તે પર્યાય પ્રાયશ્ચિત્ત. આ નિશ્ચય પ્રાયશ્ચિત્ત પર્યાય છે. **સમ્યક્ ભાવનાવંત છે, તેને પ્રાયશ્ચિત્ત છે જ**. સમ્યક્ ભાવનાવંત છે એમ કીધું છેને. **જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યો છે...** આહાહા! પાપ ને પુણ્ય બેય હોં. ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રભુ એની જેને ભાવના છે એટલે કે એમાં જેની એકાગ્રતા છે, એને પુણ્ય-પાપની ઉત્પત્તિ થતી નથી. તેથી એણે પુણ્ય-પાપ ખંખેરી નાખ્યા એમ કહેવામાં આવે છે. આહાહા! વાતું બહુ સાંભળી, પણ ઘરની સાંભળી નહીં માળે. 'કથા સુણી ફૂટ્યા કાન..' નથી આવતું? 'તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.' આહાહા! કાંકરા... પથરા, આ બધા પથરા જ છેને. આ બાવા, સાંઈબાબા પથરા છે. આહાહા! અહીં તો એવી વાત છે. એય! જેના ફળ તરીકે એ બધા મિથ્યાત્વી અજ્ઞાની એકેન્દ્રિય થવાના હોં. અરે! કેમ વાત બેસે? કરોડોપતિ ને અબજોપતિ... આહાહા! આ ચમત્કાર! ધૂળેય નથી, સાંભળને! મિથ્યાત્વના પોષક છે. એય ચીમનભાઈ!

શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવનાવંત છે તે પ્રાયશ્ચિત્ત છે, પર્યાય. ભગવાન ત્રિલોકનાથ સહજાનંદ પ્રભુ પોતે, જે જ્ઞાનસ્વભાવી ચીજ ત્રિકાળી છે એમાં જે એકાગ્ર છે તે પ્રાયશ્ચિત્ત છે. એણે આખા સંસારને છેદી નાખવાનું પ્રાયશ્ચિત્ત કર્યું. કહો, સમજાણું કાંઈ? ઓલું ગુરુ પાસેથી લે છેને પ્રાયશ્ચિત્ત. આ ભગવાન આત્મા ત્રિકાળી પાસેથી લીધું, ત્રિકાળીમાંથી લીધું. આહાહા! ગજબ વાત! દિગંબર સંતોના કથનો તો રામબાણ જેવા છે. આહા! અરેરે! પરમાત્માના વિરહ પડ્યા, પણ એમણે (સંતે) વિરહ ભુલાવી નાખ્યા. સમજાણું કાંઈ?

શુદ્ધાત્મજ્ઞાનની સમ્યક્ ભાવનાવંત એ જ પ્રાયશ્ચિત્ત છે. **જેણે પાપસમૂહને ખંખેરી નાખ્યો છે**... જેણે પુણ્ય ને પાપના પરિણામને તો નાશ કરી નાખ્યા છે. ઓલા પ્રાયશ્ચિત્ત (એટલે) નિર્મળ પર્યાય લીધીને. **એવા તે મુનીન્દ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે નિત્ય વંદું છું.** આમાં છે તો વિકલ્પ, પણ અંદરમાં એકાગ્ર કરવાનો ભાવ એ નિત્ય વંદું છું. આહાહા! સમજાણું કાંઈ? આ તો ભાઈ! શાંતિથી જેને જનકલ્યાણ નહીં, પણ જિનકલ્યાણ–આત્માનું કલ્યાણ કરવું હોય એની વાત છે. જનકલ્યાણ માટે નીકળી પડ્યા, જગતનો અમે ઉદ્ધાર કરીએ. અરે બાપા! ભાઈ! તારો જિનસ્વરૂપ ભગવાન એનો તો ઉદ્ધાર કર. સમજાણું કાંઈ? અરે! કોઈ ક્યાંય આપે એવું નથી હોં અને આપનારો બેઠો એ પોતે પૂર્ણ પરમાત્મા અંદર છે. આહાહા! **એવા તે મુનિન્દ્રને હું તેના ગુણોની પ્રાપ્તિ અર્થે નિત્ય વંદું છું**. લ્યો, અહીં ૧૧૬ થઈ. બહુ સારી છે. જરા ભિન્ન-ભિન્ન માણસો આવ્યા છેને. એના ભાગ્ય હોયને સાંભળવાના. આહાહા! ૧૧૭.

**किं बहुणा भणिएण दु वरतवचरणं महेसिणं सव्वं।**
**पायच्छित्तं जाणह अणेयकम्माण खयहेऊ॥ ११७॥**

**બહુ કથન શું કરવું? અરે! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,**
**નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ઋષિરાજનું. ૧૧૭.**

આહાહા! નિયમસાર તે નિયમસાર ને.

**ટીકા : અહીં એમ કહ્યું છે કે પરમ તપશ્ચરણમાં લીન પરમ જિનયોગીશ્વરોને નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે**... એટલે શું કહ્યું? જે કોઈ પરમ તપશ્ચરણમાં લીન છે, આત્માના આનંદ-સ્વરૂપમાં લીનતા તે પરમ તપસ્યા છે. સમજાય છે કાંઈ? પરમ તપશ્ચરણમાં લીન એટલે આત્મા અંદર શુદ્ધાનંદ પ્રભુ—શુદ્ધ આનંદ પ્રભુ શુદ્ધ આનંદ, એમાં એકાગ્ર થઈને જે પ્રતપન (અર્થાત્) તપસ્યા (થઈ), નિર્મળદશા, વીતરાગી પરિણતિ પ્રગટ થઈ એ તપસ્યા. એમાં જે લીન પરમ જિનયોગીશ્વરો છે એ નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે, એની દશા જ પ્રાયશ્ચિત્ત છે. આહાહા! સંસારને ઉડાડવાને માટે એની આ પર્યાય જ પ્રાયશ્ચિત્ત છે કહે છે. સમજાણું કાંઈ? જે ચીજ દુર્લભ છે તે તારી પાસે છે, કહે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! મોટા-મોટા મુનિન્દ્રો વિકલ્પમાં પડ્યા, (તેથી) પહોંચી શક્યા નહીં. એ ચીજ તારી પાસે છે ભાઈ! એમાં જે લીન થાય... આ લીનતાની જ વાત છેને. એમાં જે એકાગ્ર થાય, બસ એ આખા સંસારને છેદવાને માટે પ્રાયશ્ચિત્ત છે. આહાહા!

**એ રીતે નિશ્ચયપ્રાયશ્ચિત્ત**... આવું જે સ્વરૂપનું આચરણ–અંદર સ્થિરતા, પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન એમાં લીનતા એ **સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે એમ કહ્યું છે.** બધા આચરણોમાં એ આચરણ ભગવાને મોટું કહ્યું છે. કહો, સમજાણું કાંઈ? પંચમહાવ્રત, સમિતિ ને ગુપ્તિ ને. ઓહોહો! વ્યવહારની ક્રિયાના પાર ન મળે. શ્રીમદે એકવાર કહ્યું, એમાં આ કરવું-ન કરવું એવો વિધિ-નિષેધ સ્વરૂપમાં ક્યાં છે? પ્રભુ છે આવો એમાં વિધિ-નિષેધ શો? આવું એણે

કરવું પડે ને આવું ન કરવું જોઈએ—એ વસ્તુમાં ક્યાં છે? ભગવાન જ્ઞાનસ્વભાવી આત્મા, ત્રિકાળી પ્રભુ, જ્ઞાનસ્વરૂપી પ્રભુ એમાં જે લીન થાય છે એ પરમ તપસ્યા અને એ જ પ્રાયશ્ચિત્ત. અહીં કહે છેને, અમુક નિયમ આપો, પાપ લાગ્યું, બે અપવાસ કરો, એક અપવાસ કરો.... એ બધું સમજ્યા વિનાનું છે. આ પ્રાયશ્ચિત્ત છે. પૂર્ણાનંદસ્વરૂપ ભગવાન એના સમીપ જે ગુરુએ આપ્યું પ્રાયશ્ચિત્ત. નિર્મળ પરિણતિ પ્રગટ કરી એને વિકારની ઉત્પત્તિ છે નહીં, એનું નામ પ્રાયશ્ચિત્ત છે. આહાહા!

ભારતમાં ....... સીમંધરનાથ....,

મારગકો કિયા હૈ સનાથ, નાથ વીતરાગી સંત ....

..... કૌન બતાયે ભવિજીવોકો માર્ગ.

જબ વિદેહીનાથકે લઘુનંદન ભારતમેં પધારે તબ ઉન્હોંને ક્યા કિયા?

ભવિજનકો ભોજન દિયો કરી કરુણા ગુરુરાજ,

ભોજનમેં અમૃત દિયો નમો મોક્ષ અભિલાષ.

કૃપાળુ.... મોક્ષના અભિલાષી જીવો! આ અમૃત ભોજન જમો

કૃપાળુદેવે કરુણા કરી, દોનો નયનોંમેં કરુણા હરખાય,

મુખારવિંદસે અમૃતકા પ્રવાહ ઝરતા હૈ ઔર ભાવમેં.......

ઐસે સંત ભવિજીવોંકો ભોજનમેં ક્યા દેતે?

.... જિસકે ભંડારમેં ભોજન પડા હૈ અમૃત ભોજન

ઉસ ભંડારકો નિખારતા તાલા ..., વો તાલા ખોલનેકી ચાવી લગ જાય.

ભેદજ્ઞાન સો ભવ મિટે ભેદજ્ઞાન ભગવાન,

ભેદજ્ઞાન જીવ જો કરે તો મિલે મુક્તિ સોપાન.

મિલે મોક્ષકો સ્થાન જીવ જો સરધે ધ્યાવે... વહી જીવ લક્ષ્મીકો પાવે.

ભેદજ્ઞાન ભંડારમાંથી ત્રણ રત્ન પ્રાપ્ત થયા. કેવા છે ત્રણ રત્ન? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને ચારિત્ર. અબ સમ્યગ્દર્શન ક્યોં પ્રાપ્ત કરે?

મોહ કિયે મમતા ટળે ગ્રહે .........

એ ચૈતન્ય તણા પરિણામમાં મોહ કરે પરિચય. ..... આવો સિદ્ધ ... ઘણું સરસ છે. હવે સમ્યગ્જ્ઞાન કેવું છે?

ચૈતન્યચમત્કાર જગમાં બડો, અનંતજ્ઞાન પરકાશ, જાણે દેખે શુદ્ધનય .......

જ્ઞાન ... નિજ જ્ઞેય છે, જ્ઞાતા તણો ઉપયોગ, ચૈતન્યમય... ચલે .....

એકલો જ્ઞાનચેતનાનો ઉપયોગ છે. હવે ચારિત્ર કેવું છે?

ચૈતન્ય... ત્રણ રતન, જ્ઞાન દર્શન ને ચરણ, જીવ જો કરે ત્રણને એક સાથ રહે ......

આ રીતે ભગવાન કૃપાળુદેવ સમજાવીને હવે ભેદજ્ઞાન ....
છ દ્રવ્ય જિનવર દેખિયા સહકાર... તે પરિણમતા,
પણ કોઈ દ્રવ્ય સ્વભાવ છોડી પરભાવમાં નથી પરિણમતો,
પરિણમે પરિણામી નિયમથી નિજદ્રવ્ય... ચિત્તમાં,
પરિણામ તે પર્યાય છે તે દ્રવ્યમાં .......
એ રીત વસ્તુ સ્વભાવ છે ત્રિકાળ સર્વે દ્રવ્યનો,
વ્યવહારથી કહેવાય કર્તા, પણ કર્તા નથી કોઈ અન્યનો.
તો કહે કે આ વ્યવહાર કેમ કીધો?
આ લોકમાં વ્યવહાર વિણ, પણ છે ખરો જિને કહ્યો,
નિશ્ચયતણા નહીં જ્ઞાનમાં વ્યવહારનય એ જાણવો.
આ ... ક્યાંથી વધી જાય?
હોવાપણું નિશ્ચયપણું, એ માનથી કર્તાપણું
આવવાપણું બનવાપણું, તેમાં નથી કરવાપણું.
કરવાપણું ... જ્ઞાનમાં, અજ્ઞાનને તજવાપણું
નિજ આત્મકેરા ભાનમાં .... જ્ઞાન એ તજવાપણું.
પ્રભુ! ..... ....... કર્તાકર્મ છે, બધું છે.
નહીં ગ્રહણ તુજ જ્ઞાનમાં, નહીં ત્યાગ પણ તુજ જ્ઞાનમાં
......... ધ્યાન બેયને જ્ઞાનીને યહ વાણમાં.
નહીં રાગ છે નહીં તુજ જ્ઞાનમાં, નહીં દ્વેષ પણ તુજ જ્ઞાનમાં,
એ રાગનો વળી દ્વેષનો ... અભિમાનમાં
કર્તા નથી તું કર્મનો ને કર્મ તુજ કર્તા નથી,
પરિણામ બંને દ્રવ્યના સ્વસ્વરૂપ છે નિશ્ચય થકી,
શુભ ને અશુભ જે ભાવ ભિન્ને તે રીતે બંધન નહીં,
અપરાધ તે વિકાર છે, સ્વભાવ ગુણનો છે નહીં,
એ રીત વસ્તુસ્વભાવને જીવ જાણ સરધે જ્ઞાનમાં,
સન્માર્ગી છે તે કહેવાય .... વિપરીત છે જે જ્ઞાનમાં.
અને કૃપાળુ ગુરુદેવ ................
ધર્મ અધર્મ ... કહ્યો, કાળ પુદ્ગલ જીવ સ્વરૂપ
જાણજે સ્વપદ તો તુજ પદ જિન..... (પ્રમાણ વચન ગુરુદેવ)

## આસો વદ-૧૨, ગુરુવાર, તા. ૨-૧૧-૧૯૭૨
## ગાથા-૧૧૭, શ્લોક-૧૮૪-૧૮૬, પ્રવચન નં. ૧૩૬

નિયમસાર, ૧૧૭ ગાથા ચાલે છે. **એ રીતે નિશ્ચયપ્રાયશ્ચિત્ત સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે એમ કહ્યું છે.** ત્યાં સુધી આવ્યું છે. છે? નિશ્ચયપ્રાયશ્ચિત્ત એટલે શું? આત્મા જ્ઞાનાનંદસ્વભાવી વસ્તુ છે એવા જ્ઞાન ને આનંદના આચરણમાં લીન થવું, એ વસ્તુમાં એકાગ્ર થવું એનું નામ જ્ઞાન, નિશ્ચયપ્રાયશ્ચિત્ત, નિર્દોષદશા, સંસારના પુણ્ય ને પાપને છેદનારી દશા છે. નવાને ગ્રીક-લેટિન જેવું લાગે, નહીં? કોઈ દિ' સાંભળ્યું નથી. આ દેહ છે એ તો જડ છે. હિન્દી એક માટે નહીં. બધા ગુજરાતી છેને. એક માટે હિન્દી લેવું? બીજા ગુજરાતી છેને. સમજાય છે કાંઈ?

આ આત્મા જે વસ્તુ છે એ તો જ્ઞાન, આનંદ, શાંતિ ને સ્વચ્છતા એવા બેહદ ગુણની શક્તિથી ભરેલો પદાર્થ છે. એમાં જે આ પુણ્ય ને પાપના ભાવ દેખાય છે શુભ-અશુભરાગ, એ તો વિકાર છે. શરીરાદિ તો જડ છે, આ તો માટી છે. એ જડની પાછળ અને પુણ્ય ને પાપના રાગના વિભાવની પાછળ એક વસ્તુ તરીકે ચૈતન્યતત્ત્વ એ અતીન્દ્રિય આનંદ ને અતીન્દ્રિય જ્ઞાનથી ભરેલો પદાર્થ છે. એવા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદમાં સ્વસન્મુખ થઈને અંતર એકાગ્ર થવું એનું નામ ધર્મ છે, એનું નામ પ્રાયશ્ચિત્ત છે, એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.

એ કહે છે, નિશ્ચયપ્રાયશ્ચિત્ત એટલે કે વસ્તુના સ્વભાવની અંદર એકાગ્રતા. એમ તીર્થંકરોએ અને સંતોએ આમ કહ્યું છે. ભાઈ! તારે આ સંસારના દુઃખોથી મુક્ત થવું હોય તો આ એક ઉપાય છે, બાકી બીજો કોઈ ઉપાય નથી. એકેય ઉપાય બીજો (નહીં), આ જ ઉપાય બધો છે. પરમાનંદની મૂર્તિ પ્રભુ... વસ્તુ–પદાર્થ છે એ દુઃખરૂપ કેમ હોય? દુઃખરૂપ તો એની વિકૃત અવસ્થામાં દુઃખરૂપદશા (હોય). એનો સ્વભાવ દુઃખરૂપ... ન્યાય–લોજીકથી જુએ તો એ વસ્તુ દુઃખરૂપ ન હોઈ શકે. વસ્તુ જે છે આત્મા એ તો આનંદ ને જ્ઞાનનો ગાંઠડો છે. અતીન્દ્રિય આનંદનો સાગર છે. જેનો સ્વભાવ છે એને હદ શી? અતીન્દ્રિય અનંત આનંદનો એ સાગર છે. કોઈ દિ' એના તરફ એણે વિચાર કર્યો નથી. બહારના બધા ધૂળધાણીના વિચારો.

એથી કહે છે કે એવો જે ભગવાન આત્મા, સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર એમણે આવો આત્મા કહ્યો. પુણ્ય ને પાપના રાગ વિનાની ચીજ અને એને વર્તમાન જાણવાની જે દશા, પ્રગટ અંશે જ્ઞાન અવસ્થા જે છે, એનાથી પણ રહિત–ભિન્ન તત્ત્વ છે અંદર. સમજાય છે કાંઈ? અરે! એણે કોઈ દિ' સ્વસન્મુખની વિચારણા પણ લીધી નથી. બધી વાતું આ કરો, આ કરો, ધૂળ કરો, કરે નહીં કાંઈ. કરે વિકારના ભાવ. પરનું કાંઈ કરી શકે નહીં. છે?

કહે છે, જેટલા આચરણો સાચા કહેવાય એ બધા આચરણમાં પરમ આચરણ આ છે. આ જ્ઞાન-દર્શન-ચારિત્ર-આનંદાદિ લીધું. બધા આચરણોમાં આ પ્રાયશ્ચિત્ત તે આચરણ છે એમ કહે છે. બીજી ભાષાથી વાત કરી. વસ્તુ તો એની એ છે. જ્ઞાનનું આચરણ, દર્શનનું આચરણ, ચારિત્રનું આચરણ, આનંદનું આચરણ—એ બધું પ્રાયશ્ચિત્તસ્વરૂપ છે, એ જ પ્રાયશ્ચિત્તરૂપ છે. ભારે આકરી વાત ભાઈ! આહાહા! ઊંડે ઊંડે જાવું છે, ત્યાં ભગવાન બિરાજે છે એમ કહે છે. સમજાય છે કાંઈ? દરિયામાં મોતી જોઈતા હોય તો ઊંડે ઊંડે જાય તો મોતી હાથ આવે. એમ ભગવાન આત્મા અતીન્દ્રિય જ્ઞાન ને આનંદની ધ્રુવ ચીજ છે. એમાં બહારથી નીકળી અંદરમાં જાય ત્યારે એને આત્મા હાથમાં આવે કે આ આત્મા છે. આહાહા! સમજાય છે કાંઈ?

જે દશાએ આત્મા હાથ આવ્યો એ દશાને અહીંયા પ્રાયશ્ચિત્ત કહે છે. આહાહા! ક્યાં એને જોવું? જોનારને જોવું એમ કહે છે. ક્યાં એને જોવું? કે જોનારને જોવું. ભગવાન આત્મા નિત્યાનંદ અતીન્દ્રિય આનંદનો... બહારમાં ગયે પૈસા જરી પાંચ-દસ હજાર પેદા થાય ત્યાં રાજી થઈ જાય, બાયડી જરી રૂપાળી આવે તો રાજી થઈ જાય. અરર! આ તે કાંઈ મૂર્ખાઈના ઠેકાણા છે? આ શરીર, માટી, ધૂળ છે. જરીક કાંઈ ઠીક લાગે... આ તો માટી છે બાપા! આ તો સ્મશાનની રાખ છે.

ભગવાન આત્મા, આહાહા! કહે છે કે ત્રિકાળી જ્ઞાનનો કંદ પ્રભુ, જ્ઞાનસ્વભાવી, સર્વજ્ઞસ્વભાવી વસ્તુ છે. એમાં એકાકાર થવું એ વાત કાંઈ સાધારણ છે? બધી દિશાઓથી ફરી અને એની સન્મુખ દિશા કરવી ત્યારે એની દશા ફરી જાય છે. સમજાય છે કાંઈ? ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એમાં ઊંડે ઊંડે આઘે જઈ એની ચીજ જે વસ્તુ છે એનો પત્તો લ્યે, એવી જે દશા એને અહીંયા બધા આચરણમાં ઉત્તમ આચરણ પ્રાયશ્ચિત્ત ને બધા આચરણ એને કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

**બહુ અસત્ પ્રલાપોથી બસ થાઓ, બસ થાઓ.** આહાહા! મુનિરાજ પદ્મપ્રભમલધારિ કહે છે, ઘણા વિકલ્પો ને અસત્ પ્રલાપો–બોલવું (એથી) બસ થાઓ. બસ થાઓ. બે વાર કહે છે. **નિશ્ચયવ્યવહારસ્વરૂપ પરમ-તપશ્ચરણાત્મક...** ભગવાન આત્મા જ્ઞાનનો પુંજ પ્રભુ એમાં એકાગ્ર થવું એ નિશ્ચય આચરણ, એ નિશ્ચય તપ. એમાં જરી અનશન આદિ નિમિત્તોના ભાવ એને વ્યવહારતપ કહે છે, પણ એ બધાને સ્વસન્મુખની દશાની અપેક્ષાએ... પરમ તપશ્ચરણ સ્વરૂપ **એવું જે પરમ જિનયોગીઓને...** એમ કેમ નાખ્યું 'પરમ જિનયોગી'? કે એ જિનસ્વરૂપ જ ભગવાન આત્મા છે. ભગવાન આત્મા જે જિન પરમેશ્વર વીતરાગ જિન પર્યાયમાં થાય છે એ ક્યાંથી થયા? અંદરમાં છે. આહાહા! સમજાય છે કાંઈ?

ચોસઠ પહોરી પીપરની તીખાશ જે બહાર આવે છે એ ક્યાંથી આવે છે? અંદરમાં એ પડી છે. પીપરનો નાનો દાણો, કાળો રંગે છતાં એની અંતર શક્તિના સ્વભાવનું સત્ત્વ ચોસઠ

પહોરી તીખાશથી ભરેલું છે. એને ઘૂંટતા, શક્તિમાં જે ચોસઠ પહોરી છે એ બહાર આવે છે. એમ પરમાત્મા સર્વજ્ઞ જે થયા એ અંદર સર્વજ્ઞ સ્વભાવ ને વીતરાગ સ્વભાવ છે એમાં એકાગ્રતાએ ઘૂંટવાથી એ સર્વજ્ઞ ને વીતરાગ થયા. આહાહા! ભગવાનજીભાઈ! ભારે પણ. આ જગતના .... પૈસા પેદા કર્યા હશે, એક કરોડમાં પાંચ લાખ વધી ગયા, એટલા વધ્યા. દસ લાખની મૂડીમાં ખર્ચ કાઢતા પચાસ હજાર વધ્યા, રાજી રાજી થઈ જાય. અરેરે! જ્યાં દિવાળા નીકળ્યા ત્યાં રાજી થાય. રાગની રમતુંમાં પડ્યો તો ત્યાં આત્માના સ્વભાવનું દિવાળું નીકળ્યું છે. સમજાણું કાંઈ?

રાગની રમતમાં.. આહાહા! અરે! શુભરાગ હો કે અશુભ હો, બેય રાગની રમતું એ સર્પની સાથે ઝઘડા કરવા જેવું છે. રાગની રમતમાં ઝેરની રમતું છે. આહાહા! ભગવાન આત્મા અમૃતનો સાગર પ્રભુ એની અંતર એકાગ્રતા, પછી નિશ્ચય એકાગ્રતા (સાથે) વ્યવહારના રાગની મંદતા થઈ છે એટલે અશુભ છેદે છે. નિશ્ચય છે એ શુભાશુભ બેયને છેદે છે. એનું નિમિત્ત નાખીને પરમતપશ્ચરણ એને કહેવામાં આવ્યું. **એવું જે પરમ જિનયોગી**... એ જિનસ્વરૂપ છે એમાં યોગ નામ જોડાણ કર્યું. અનાદિથી પુણ્ય ને પાપના રાગના વિકાર સાથે જોડાણ હતું એ દુઃખરૂપ જોડાણ ને સંસારના દોષને ઉત્પન્ન કરનારું હતું. આહાહા! ભગવાન તીર્થંકર પરમેશ્વર કેવળજ્ઞાની અરિહંતદેવે જે દશા પ્રગટ કરી એ દશા અંતરમાં (શક્તિરૂપે) હતી. આહાહા! સમજાણું કાંઈ?

ઓલા અલિંગગ્રહણમાં એક (બોલ) આવે છેને. અલિંગગ્રહણ ને? અલિંગગ્રહણ નહીં, અવ્યક્તમાં. અવ્યક્તમાં ત્રીજો બોલ આવે છે. સામાન્ય ચેતનમાં વિશેષચૈતન્યની વ્યક્તતા.. વ્યક્તતા અંતર્લીન છે. અવ્યક્તના છ બોલ છે, ૪૯ ગાથા. અહીં તો એક બોલ કહેવો છે હોં. સામાન્ય ચૈતન્ય જે જ્ઞાનાનંદ ધ્રુવસ્વરૂપ એમાં જ્ઞાનની વ્યક્તતા–વ્યક્ત પર્યાયો જે થાય એ બધી સામાન્યમાં અંતર્લીન છે. આહાહા! સમજાણું કાંઈ? પીપરમાંથી જેટલી બે, પાંચ, દસ પહોર તીખાશ નીકળે પછી ચોસઠ પહોરી છેલ્લી નીકળે, એ બધી અંદર છે. ભાવમાંથી ભાવ આવે. 'નથી'માંથી આવે? 'છે'માંથી 'છે'પણું આવે. એવા ભગવાન આત્મામાં સામાન્ય જ્ઞાન ને આનંદ, ધ્રુવ ચૈતન્યધ્રુવ એમાં કેટલીક જ્ઞાનની વ્યક્તતા–પ્રગટતા–અંશો એ બધા અંતરમાં લીન છે. માટે તે ભગવાન ધ્રુવને અવ્યક્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

આ દુનિયા માળા જ્યાં હોય ત્યાં ઝાંવા નાખી આમ ઝાપટું મારે. અહીંથી સુખી થાશે, અહીંથી સુખી થાશે. આહાહા! શંકર, એકલા શંકરને માને. ધૂળેય નીકળે નહીં પથરો. માથા ફોડે તો લોહી નીકળે. તલકચંદભાઈ! ભગવાન ત્રણ લોકનો નાથ અંદર બિરાજે છે એની એને ખબર નથી. તું પોતે પરમાત્મા સ્વરૂપ છો અંદર. અરે! કેમ બેસે? એક બીડીમાં વેચાઈ જાય. એક રોટલી સારી પૂરણપોળી ઊની ઊની થઈ હોય અને ઘીમાં બોળીને આપે ત્યાં રાજી રાજી

થઈ જાય. આહાહા! આજ તો હો... પૂરણપૂરી આઠ ખાધી ને સાથે પતરવેલિયા ઘીમાં તળેલા. પતરવેલિયા આવે છેને. ધૂળ છે બધી વિષ્ટા. આઠ કલાકમાં વિષ્ટા થઈને નીકળી જશે. એ ક્યાં આત્મા હતો?

પહેલાં તો એમ કરતા હતા. જુવાન (માણસ) મરી જાય તો લાપસી ન ખાવા દેવાય. થડ કાઢી નાખે હોં. અમને ખબર છેને. અમારા મોટાભાઈ દીપચંદભાઈ ગુજરી ગયાને. એ વખતે ઘર સાધારણ અને મહેમાન ઘણા. હવે લાપસી પકવાન કરાય નહીં. ઘીનું તપેલું હતું. રોટલી કરતા જાય ને ઘીમાં બોળીને આપે. થડ કાઢી નાખે. એ વળી પછી, આમાં તો આવા વખતે. રોગ વખતે, મરણ વખતે આપવું પડે. એ જોયું છેને. ૫૭ની સાલની વાત છે. અમારા મોટાભાઈ ગુજરી ગયા. સગાવહાલા આવે, લાપસી ખવડાવાય નહીં. લાપસીને ઠેકાણે થડ કાઢી નાખે ઘીમાં.

ઘીનું તપેલું રાખે, ઊની ઊની રોટલી તાવડીમાંથી એમાં નાખે. સાણસીથી ઉપાડી લે. લાપસી ન ખાય, પણ આ ખાય. શું પણ? વ્યવહારના વિવેકની ખબર નથી. આહાહા! ગળ્યું ન ખવાય, પણ આ થડ નીકળી જાય. તે દિ' ઘી સોંઘું, પણ પૈસા ક્યાં હતા? તે દિ' તો ઘી સોળ રૂપિયે મણ. પૈસા મોંઘા હતાને. સોળ રૂપિયે, પંદર રૂપિયે હોં. ૫૭ની વાત છે. સોળ રૂપિયે મણ ઘી ભેંસનું. આ દીક્ષા થઈ મારી એને ૫૯ વર્ષ થયા. તે દિ' ૧૯ રૂપિયાનું મણ ભેંસનું ઊંચું ઘી. માળા શોક વખતે આવું ખાય. એલા! તારો શોક તો અહીં કર્યો છે, ભગવાન મારી નાખ્યો છે તેં. રાગની રમતમાં ખોઈ બેઠો આત્મા. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે જિનયોગી... આહાહા! જિનસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ આત્મા વસ્તુ છે એમાં જેણે દૃષ્ટિને જોડી દીધી, એમાં જેણે વર્તમાન જ્ઞાનની અવસ્થાને એકત્વ કરી છે, એવા સંતો, એવા ધર્માત્મા **અનાદિ સંસારથી બંધાયેલાં દ્રવ્યભાવકર્મોના નિરવશેષ વિનાશનું કારણ...** જડકર્મનો પણ નાશ કરનાર ને વિકારી પુણ્ય-પાપનો નાશ કરનાર એ આ તપસ્યા છે. તપસ્યા એટલે સ્વરૂપમાં એકાગ્રતા થવું તે. અપવાસ કરીને મરી જાય તોય કાંઈ મળે એવું નથી. આહાહા! રાફડા ઉપર લાકડી માર્યે કાંઈ ઝેર વયું જાય એમાંથી? એમ આ શરીરને ઝીર્ણ કરે, અપવાસ કરી કરીને મરી જાય. આ (શરીર) તો ઓલો રાફડો છે, પણ ઓલો અંદર બેઠો છે એ? આને લાકડીયું મારી-મારીને તપસ્યા કરી-કરીને ઝીર્ણ કરી નાખે. એ સ્વરૂપચંદભાઈ! એ અજ્ઞાનીને બતાવ્યો.... અજ્ઞાની બધા કેવા હોય? દેવજીભાઈ! આ વર્ષીતપ કર્યા હતા કે નહીં? કરે છેને, ઘણા કરે છે. એક દિ ખાવાનું, એક દિ' નહીં. એમણે પોતે કર્યો હતો બલુભાઈએ. લ્યો, ઉજવ્યો હતો. સાત-આઠ, દસ હજાર રૂપિયા ખરચ્યા હતા. કેટલા વર્ષ થયા બલુભાઈ? રાજકોટ. ..... સમજાણું?

કહે છે, આહાહા! અરે! શરીરને લાકડી માર્યે ભગવાનનું ઝેર ન જાય. આત્મામાં જે રાગની એકતાનું ઝેર છે એ તો રાગની એકતા તોડ્યે ઝેર જાય. બાકી કોઈ ઝેર જવાનો બીજો રસ્તો નથી. આહાહા! અપવાસ કરો, આ કરો. મરી જાય બિચારી બાઈયું. લાખોપતિ છોકરાઓની વહુઓ મોટી થાય પછી કાંઈ પાંચ-દસ હજાર ખરચાવવા માટે વર્ષીતપ કરી નાખે. પૈસા હોય એટલે સહુ ખરચાવે. તપસ્યા કરી. ધૂળેય કરી નથી. મિથ્યાત્વ સેવ્યા છે, સાંભળને માળા! એ સ્વરૂપચંદભાઈ! અહીં તો જિનયોગી. અનાદિ સંસારથી બંધાયેલું જડકર્મ ને વિકારી પુણ્ય-પાપના ભાવ, એ સ્વરૂપમાં એકાગ્ર થવાની ક્રિયા બધાનો નાશ કરનારી છે. બલુભાઈ! પણ તે દિ' સાંભળ્યું ક્યાં હતું પહેલું? ......... આ શું કીધું? કોઈ મેળ ન ખાધો. ... એને ખબર છે કે નહીં? આહાહા!

...... હુશિયાર કહેવાય. પાંચ-પચાસ.... એકત્રીસ વર્ષે એમાં જોડાઈ ગયો. આહાહા! આ તો એક વાત છે. બાકી બધા કરે છેને. આવી તપસ્યા કરી અમારે ઘરે બૈરાએ, ભાઈએ, આમ કર્યું, એનું ઉજવણું છે. ગૃહસ્થ માણસ બોલાવે છે. એની બાએ કર્યું ત્યારે પોણો લાખ ખરચ્યા હતા. વીરચંદભાઈના દીકરાની વહુ, ..... અહીં વર્ષીતપ કર્યા હતા. પોણો લાખ. સ્પેશિયલ ટ્રેન અમદાવાદથી અહીં પાલિતાણા. પોણો લાખ ખરચ્યા. પણ પૈસા પ્રમાણે ખરચેને. એમાં શું છે ધૂળમાં? અરે! એવો ધર્મ નહીં ભાઈ! એમ ધર્મ થાતો નથી. ધર્મી એવો આત્મા એનામાં જે આનંદાદિ ધર્મ છે એમાં એકાગ્ર થયે ધર્મ થાય. કહો, સમજાણું કાંઈ?

એ જિનયોગી અનાદિ સંસારથી બંધાયેલા વિકાર અને કર્મને નાશ કરનારું **તે બધું શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત છે એમ, હે શિષ્ય! તું જાણ.** પાઠમાં છે. **पायच्छित्तं जाणह**.. એને તું પ્રાયશ્ચિત્ત જાણ એટલે એને તું નિર્દોષદશા જાણ. ક્યાં જોવું એણે? કરવું શું? એનો પત્તો ખાય છે? આહાહા! દરિયામાં ઊંડા જતા અંદર મોતી પડ્યા છે પ્રભુ! એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાનનો દરિયો છે, તને ખબર નથી. તારી જાતની તને મહિમા નથી. એ મહિમાવાળો પદાર્થ છે પ્રભુ અંદર. એમાં એકાગ્ર થતાં વિકાર ને જડકર્મનો નાશ થાય એને ભગવાને પ્રાયશ્ચિત્ત કહ્યું છે એમ તું જાણ, એમ કહે છે. સમજાણું કાંઈ?

**[હવે આ ૧૧૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ પાંચ શ્લોક કહે છે :]** પહેલો ૧૮૪ કળશ વાંચીએ.

**अनशनादितपश्चरणात्मकं**
**सहजशुद्धचिदात्मविदामिदम् ।**
**सहजबोधकलापरिगोचरं**
**सहजतत्त्वमघक्षयकारणम् ॥ १८४॥**

આ તો મંત્રો છે બધા. આહાહા! ભગવાન! એકવાર જાગને ભાઈ! કહે છે.

**શ્લોકાર્થ : અનશનાદિતપશ્ચરણાત્મક...** હવે અહીં અનશનાદિ આવ્યું એટલે ઓલો વ્યવહાર નાખ્યો, પણ સ્વરૂપ આખું આ. **(અર્થાત્ સ્વરૂપપ્રતપનરૂપે પરિણમેલું, પ્રતાપવંત એટલે કે ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું)...** શું કીધું એ? સ્વરૂપ જે ભગવાન આત્મા છે.. છે ને છે, નિત્ય ધ્રુવ એવો જે એનો સ્વરૂપ–સ્વભાવ, આનંદ, જ્ઞાન, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, પરમેશ્વરતા—એવી અંદર શક્તિઓ બધી પડી છે. એવું જે તત્ત્વ એના સ્વરૂપનું પ્રતપન... એના સ્વરૂપે અંદર શોભિત પરિણતિ–પર્યાય થવી, જેમ સોનાને ગેરુ લગાડતા સોનું ઓપે–શોભે, એમ ભગવાન આત્મા પૂર્ણાનંદનું સુવર્ણ છે, જેને કાટ નથી, નિર્મળાનંદ પ્રભુ છે, એની અંદરમાં એકાગ્ર થવાની જે પર્યાય એનું સ્વરૂપનું પ્રતપન કહેવામાં આવે છે. એવા પ્રતપનપણે થયેલું–પરિણમેલું... આહાહા!

અનાદિથી પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, વિષય-વાસના ને વિકાર એ રૂપે થાય છે એ તો ઝેરરૂપે છે. ભગવાન અંતરમાં આનંદસ્વરૂપમાં જતાં, અંતરમાં એકાગ્ર થતાં જેનું સ્વરૂપે પરિણમેલું પ્રતાપવંત... આહાહા! જેની પૂર્ણ નિર્મળતા પરમાત્મામાં-પોતામાં પડી છે, એની નિર્મળતાની પર્યાય પ્રગટ કરતાં જેનો પ્રતાપ છે એટલે કે **ઉગ્ર સ્વરૂપપરિણતિએ પરિણમેલું...** કોણ? **એવું આ સહજ ચૈતન્યસ્વરૂપને જાણનારોઓનું...** આહા! ત્રિકાળી ભગવાન આત્મા... આહાહા! છે કે નહીં? ત્રિકાળ છે કે નાશવાન છે? તો ત્રિકાળ ભગવાન પ્રભુ એમાં ત્રિકાળ આનંદાદિ ભાવ છે. સહજ શુદ્ધ ચૈતન્ય 'આ' એમ કહીને પ્રત્યક્ષ કીધું છે.

સહજ સ્વભાવિક શુદ્ધ ચૈતન્યસ્વરૂપને જાણનારાઓનું... એવા સ્વરૂપને જાણનારાઓનું **સહજજ્ઞાનકળાપરિગોચર...** એ સ્વભાવિક જ્ઞાનની કળામાં ગમ્ય છે. રાગ, પુણ્ય ને બહારની ક્રિયાને ગમ્ય છે નહીં. આહાહા! **સહજજ્ઞાનકળાપરિગોચર...** સ્વભાવિક જ્ઞાનની કળાથી જે ગમ્ય છે. અંતરની જ્ઞાનકળા, અંતરમાં .... એ ગમ્ય છે. એવું **સહજતત્ત્વ** ત્રિકાળી ભગવાન **અઘક્ષયનું કારણ છે.** અઘ નામ પુણ્ય ને પાપ—બેય પાપ. જુઓ! નીચે લખ્યું છે. **અઘ = અશુદ્ધિ, દોષ, પાપ. (પાપ તેમ જ પુણ્ય બંને ખરેખર અઘ છે**). કહો, મનુભાઈ! કહેતા હતાને તમે ત્યાં ઓલા મલાડવાળાનું. પુણ્ય-પાપ આસ્રવ કીધા ત્યાં ભડક્યા. પુણ્ય આસ્રવ? અહીંના પંડિતજી છે. અહીં બિચારા ... મલાડ ..... પુણ્યેય આસ્રવ? અરે! પુણ્ય ઝેર છે. વિષકુંભ કહ્યા છે. ભગવાનનું સ્મરણ કરવું, પરમાત્માની પૂજા-ભક્તિનો ભાવ, વ્રત, નિયમ, તપનો ભાવ એ બધો રાગ, ઝેર છે. ભારે આકરું કામ. કારણ કે વિકલ્પ છે, વૃત્તિ છે, રાગ છે. સમજાણું કાંઈ?

કહે છે કે એ બધું પુણ્ય ને પાપ બેય અશુદ્ધભાવ છે, એના ક્ષયનું કારણ ત્રિકાળીતત્ત્વ છે. એ ત્રિકાળીતત્ત્વને જ્ઞાન દ્વારા જેણે પકડ્યું છે એ તત્ત્વ વિકાર ને કર્મનો નાશ કરનારું છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? શું કહે છે આ....? માણસ કહે, તપ કરવા હોય તો કરી નાખીએ, ઉણોદરી કરી નાખીએ, રસત્યાગ કરવો, આ ત્યાગ કરવો. હવે રસત્યાગ ક્યારે

કહેવાય? સાંભળ તો ખરો! તારા અતીન્દ્રિય આનંદનો રસ તને આવે ત્યારે બહારના રસનો ત્યાગ કહેવાય.

શ્રોતા : બહારનો રસ જાય ત્યારે જ રસનો ત્યાગ કહેવાય.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ વિના રસત્યાગ (ક્યાં હતો?) અતીન્દ્રિય ભગવાન આત્મા... સમજાય છે કાંઈ? આહાહા! આવી વાતું મળે નહીં. બિચારા ગરીબ માણસ ગોથા ખાય. બહાર માટે એક તો મરે જાણે સાંઈબાબા પાસે. દીકરો નથી ને પૈસાય નથી. ઓલા બધા જલારામ ત્યાં ભટકે ધૂળ માટે. આ આત્માની વાતું ક્યાંય છે નહીં, સાંભળને! બધી ઝેરની વાતું અજ્ઞાનની છે. આહાહા! ત્યાં માથા પટકે ને ભટકે. આ આત્મામાં અંદર જાવું એ શું ચીજ છે એ .... નથી. એને તો આ કાંઈક પૈસા મળે ને શરીર સારું રહે, નાગા-ભૂખ્યા ન રહીએ. આપણે જૈનમાં ઓલા ભક્તામર ભણે છેને? ભક્તામર ગણે તો નાગા-ભૂખ્યા ન રહે. શરીર તો મળ્યા જ કરે. નાગા-ભૂખ્યા ન રહીએ, કહે છે. ભક્તામર આવે છેને. 'ભક્તામર પ્રણિત મૌલિ મણિ પ્રભાણા...'

અહીં તો ભગવાન કહે છે, સાંભળને નાથ! આહાહા! શરીર મળવું એ તો કલંક છે જીવને. આ માંસના લોચા આવે નિમિત્તમાં. આહાહા! અરે! મરી ગયેલા ગધેડાના સડેલા ચામડામાં મેસૂબને વીંટવો. મેસૂબ સમજાય છે? મેસૂબ. આપણે મેસૂબ કહીએ છીએને. હિન્દીમાં શું કહે છે? આપણે તો અહીં મેસૂબ કહે છે. ચાર શેર ઘી પાયેલો મેસૂબ. કીધુંને. એક શેર ચણાનો લોટ અને ચાર શેર ઘી, એમાંથી જે થાય એને મેસૂબ કહેવાય. એક શેર ઘઉનો લોટ ને ચાર શેર ઘી પાય એને સક્કરપારો કહેવાય. આ બધું અમે તો જોયું છેને. અમારી દીક્ષાના દિવસે જ પચાસ મણ મેસૂબ કર્યો હતો. ૫૯ વર્ષ થયા. ૭૦માં માગશર સુદ નોમ. ઘરે દીક્ષા લીધી હતીને. મોટાભાઈ... પચાસ મણ મેસૂબ હોં. પણ પચાસ મણ કેવો? દસ રૂપિયે મણ. એક રૂપિયાનો ચાર શેર. ચાર આનાનો શેર. અત્યારે દસ રૂપિયે શેર મળે નહીં. ઉમરાળાના કંદોઈ કરનારા હુશિયાર બહુ. ........... એવો નહીં. આહાહા!

કહે છે કે મેસૂબના સ્વાદ એ તો જડનો સ્વાદ છે, રાગ છે. એ જડનો કંઈ એનો નથી. રાગનો સ્વાદ, ઝેરનો સ્વાદ છે. આહાહા! ભગવાન અતીન્દ્રિય આનંદનો નાથ પ્રભુ એમાં એકાગ્ર થતાં જે અતીન્દ્રિય આનંદની લહેર થાય, જે આનંદનો અનુભવ થાય એની પાસે દુનિયાના સુખો સડેલા મીંદડા, કૂતરા ને ઉંદર સળ્યા હોય એવા ગંધાય. આ સંસારના વિષયની વાસનાના સુખો. આહાહા! સમજાય છે કાંઈ? એવા સ્વરૂપે પરિણમેલું આવું સહજ તત્ત્વ **અઘક્ષયનું કારણ છે**. આહાહા! પ્રભુ પૂર્ણાનંદ ઉપર મીટ માંડ. આહાહા! ત્યાં ત્રાટક લગાડ, તારા બધા પાપ નાશ થઈ જાશે. સમજાણું કાંઈ? ઓલા એમ કહે છે, તું પાપ ગમે તેટલા કર

પણ ફળ ન માંગીશ, ઈશ્વરને અર્પી દે. શું અર્પે ધૂળ? ઇશ્વર ક્યો બીજો હતો? આવી વાતું કરે આ બધા બાવા-ફાવા. સમજાણું કાંઈ?

સાંઈબાબો બધી વાતો લૌકિક બધી કરે. મુસલમાનને એનો ધર્મ મનાવે. જેનો જે ઇષ્ટદેવ એને નમો, બસ એને ભજો. દેવી-દેવલા, ફલાણા-ઢીંકણા બધા નામ આપ્યા છે. ભૈરવ, ફલાણા બધા આત્મા ભગવાનના જ છે. આહાહા! ગાંડાના કાંઈ ગામ જુદા હોય? અને મુંબઈ જેવા શહેરમાં પાછા. એ કાંતિભાઈ! ક્યાં મુંબઈના છો? બધા વાણિયા ઘણા માને છે. આહાહા! અહીં તો આત્મા, આહાહા! આ હીરો–ચૈતન્ય હીરો જેની પરીક્ષા કર્યે જેનો ન્યાલ થઈ જાય. આહાહા!

અરે! ત્રણ લોકના નાથ તીર્થંકર પરમેશ્વર કેવળીઓનો આ પોકાર જગત પાસે છે. સમજાય છે કાંઈ? જેને સો ઇન્દ્રો પૂજે. એને ક્યાં પૂજ્યપણું જોઈએ છે? એ તો પોતે મહાપ્રભુ થઈ ગયો છે. દુનિયા બહુમાન આપીને પૂજે એવા પ્રભુ એમ ફરમાવે છે, ભાઈ! તારો પ્રભુ તારી પાસે છેને. તું ક્યા જા છો બીજે? આહાહા! ક્યાં આથડીને રખડે છે તું? સુખનો સાગર પડ્યો છે એને જો, પી. આહાહા! ચૈતન્ય તરફ સન્મુખ થતાં જે નિર્વિકલ્પ આત્માનું પીણું આવે એ પીણાથી સંસારનો નાશ થઈ જાય છે લ્યો. આહાહા! એના ઝેરના પીણા બધા મટી જાય છે. કહો, શાંતિભાઈ! એ શાંતિ અહીં આવે. બહારમાં શાંતિ ધૂળમાંય નથી. એ ૧૮૪ શ્લોક થયો.

**प्रायश्चित्तं ह्युत्तमानामिदं स्यात्**
**स्वद्रव्येऽस्मिन् चिन्तनं धर्मशुक्लम् ।**
**कर्मव्रातध्वान्तसद्बोधतेजो**
**लीनं स्वस्मिन्निर्विकारे महिम्नि ॥ १८५ ॥**

૧૮૫. આ વાત તો દુનિયાથી જુદી જાત છે. સ્થાનકવાસી બતાવે કે અપવાસ કરો, આ કરો. દેરાવાસી બતાવે કે જાત્રા-બાત્રા કરો. દિગંબરો બતાવે કે લૂગડાં છોડો, નાગા થાઓ... બધું કાંઈ નથી, થોથા છે. સમજાણું કાંઈ? દેરાસર બે-ચાર બનાવી દો, જાઓ, કલ્યાણ થઈ જશે. .... કલ્યાણ નથી. કરોડ બનાવેને મંદિર? એ તો જડ છે, પર છે. પરને રચે કોણ ને બનાવે કોણ? વસ્તુ છે..... ચીજ જ આમ છેને. વસ્તુની મર્યાદા જ આવી છે. એક ચીજ બીજી ચીજને રચી શકે એવું બની શકે નહીં. હવે લાખ મંદિર બનાવે ને એનું કલ્યાણ થાય. ધૂળેય કલ્યાણ ન થાય. રાગની મંદતા–શુભ(ભાવ) હોય તો પુણ્ય થાય, એ મિથ્યાત્વ સહિત. અનંતું પાપનું લાકડું વળગ્યું છે એનો લાભ એને ધર્મ થાય? ધર્મ તો, ભગવાન ત્રણ લોકનો નાથ પરમાત્મા પોતે અંદર બિરાજે છે, પોતે જ પરમાત્મા અનાદિ-અનંત છે એમાં અંતર એકાગ્ર થવું એ જ ધર્મ છે લ્યો.

**શ્લોકાર્થ : જે (પ્રાયશ્ચિત્ત) આ સ્વદ્રવ્યનું...** જોયું! પરદ્રવ્ય ભગવાનેય નહીં. ભગવાન તીર્થંકરને અરિહંતને માનવા એ પણ શુભરાગ છે. એની પૂજા-ભક્તિ પણ એક શુભરાગ છે,

ધર્મ નહીં. સાંભળવું પણ શુભરાગ છે. કહેવું એ પણ એક શુભરાગ છે. આહાહા! ભારે કામ ભાઈ! એવો ભગવાન જુદી ચીજ જ છેને. જોયું! 'સ્વદ્રવ્યનું' એમ કીધુંને? આ સ્વદ્રવ્ય... આત્મા 'આ' (કહીને) પ્રત્યક્ષ બતાવે છે. 'આ' સ્વીકારનારું જે ચૈતન્યતત્ત્વ ધ્રુવતત્ત્વ એનું **ધર્મ અને શુક્લરૂપ ચિંતન...** ધર્મધ્યાન ને શુક્લધ્યાનરૂપ એકાગ્રતા. એવા ભગવાન આત્મામાં...

ભારે (આત્મા) ગાયો છેને. આખા...... આહાહા! વસ્તુ એવી છે. ગાય શું? 'ગાય રે ગાય, ગાય ખડ ખાય, દૂધ બીજાને પાય..' એમ એકલા ગાણા ગાય છે કે આત્મા શું છે, એની એકાગ્રતા... એ બીજાને પાય, પોતે રહે ભૂખ્યો. આહાહા! આ છ દ્રવ્ય... જેમ આ શરીર છે, જેમ પુણ્ય ને પાપના ભાવ છે, ...ઉપાધિ. એમ આ અંદર ત્રિકાળી સ્વદ્રવ્ય પોતાનું તત્ત્વ, એનું **ધર્મ અને શુક્લરૂપ ચિંતન...** એનું ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ રૂપી એકાગ્રતા. આહાહા!

**જે કર્મસમૂહના અંધકારને નષ્ટ કરવા માટે...** જે કર્મસમૂહને અંધકારને નષ્ટ કરવા માટે **સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે...** આહાહા! કોણ? ઓલું ચિંતન, એકાગ્રતા. ત્રિકાળી.... આ તો વર્તમાન સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે. ત્રિકાળી જ્ઞાનરૂપમાં એકાગ્ર થતાં જે સમ્યગ્જ્ઞાન પ્રગટ થાય... પુણ્ય ને પાપ અંધકાર છે, આંધળા છે, એને નાશ કરવા માટે આ સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે. સમજાણું કાંઈ? નજરે ન પડે એની વાતું. પણ નજરે ન પડે એ નિર્ણય કરનારો કોણ છે? હું મને ન જણાઉં. પણ હું મને ન જણાઉં એમ કોણે નિર્ણય કર્યો? તેં. આહાહા! ગાંડા તે પણ કેટલા? આપણને એ જણાય નહીં. એ એટલે કોણ? આત્મા. જણાય નહીં એમ કોણ કહે છે? કે આત્મા. મારી મને ખબર પડે નહીં એ કોણ જાણે? એ જ કહે છે કે મારી મને ખબર પડે. આહાહા! ભારે પણ સાંભળવું તો....

તે સ્વદ્રવ્યનું... પૂર્ણાનંદ પ્રભુ આત્મા અસ્તિ પ્રત્યક્ષ એનું જે ધર્મધ્યાન ને શુક્લધ્યાન દ્વારા એકાગ્રતા, એવું જે સમ્યગ્જ્ઞાનનું તેજ, એ કર્મસમૂહ (એટલે) પુણ્ય-પાપના વિકાર અને જડ(કર્મ) એ બધાને નાશ (કરે છે). એ અંધકાર છે, પુણ્ય-પાપનો ભાવ પણ અંધકાર છે. સમજાય છે કાંઈ? આહાહા! પણ એના ફળ મીઠા લાગે એને પુણ્યના કડવા કહે. કેમ કહે? બહાર લાગે પૈસાવાળા... આહાહા! બાદશાહ મોટરું... એ..ય ચાલીસ-ચાલીસ મોટરું. બંગલા ચાલીસ-ચાલીસ લાખના હોય. છોકરા કંઈ કહ્યાગરા હોય કે બાયડી કાંઈક ઠીક હોય. પાંચેય પાપ ભેગા થયા એને. ભગવાન આત્મા અંદર રહી ગયો એક. આહાહા! પૂર્ણાનંદસ્વરૂપ પ્રભુ જેની પાસે કેવળજ્ઞાનની પર્યાય પણ અલ્પ જણાય. જે અરિહંતની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જાણે, એ પર્યાય પણ આ ત્રિકાળી તત્ત્વ આગળ હલકી–તુચ્છ ગણાય. આહાહા! ભગવાન અરિહંતો ને તીર્થંકરો સમવસરણમાં આમ કહેતા હતા, એ સંતો આમ કહે છે. આહાહા!

અમે જૈન છીએ. બાપા! જૈન કોને કહેવા? ભાઈ! તને ખબર નથી. પૂર્ણ વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા એમાં એકાગ્ર થઈને જે વીતરાગદશા પ્રગટ કરે એને જૈન કહેવામાં આવે છે. બાકી બધા ફૈન છે. સમજાય છે કાંઈ? એ તો વસ્તુનું સ્વરૂપ છે. એ કાંઈ સંપ્રદાય કે પક્ષ નથી આ ચીજ. એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા એના ધર્મ ને શુક્લધ્યાનની

પર્યાય એ વર્તમાન વીતરાગભાવ છે. એ વર્તમાનભાવ સમ્યગ્જ્ઞાનરૂપી તેજ છે. આહાહા! એ સૂરજનું કિરણ છે. એમ ભગવાન ત્રિકાળી આત્માની એકાગ્રતા એ જ્ઞાનનું તેજ એ ભગવાન આત્માનું તેજ છે. એ તેજ શુભ ને અશુભરાગને બાળવાને સમર્થ છે, એનું નામ અહીંયા પ્રાયશ્ચિત્ત ને ધર્મ કહેવાય છે.

**અને જે પોતાના નિર્વિકાર મહિમામાં લીન છે...** શું કહે છે? વસ્તુ જે પૂર્ણ ચૈતન્યઘન છે એમાં જે ધર્મધ્યાન ને શુક્લધ્યાનની એકાગ્રતા છે એ પોતાની મહિમામાં લીન છે. એ કોઈ રાગ ને પરની મહિમામાં જાતું નથી. આહાહા! નિયમસાર તો નિયમસાર છે. આહા! અરે! સાંભળવાનું મળે નહીં અને એમ કહે કે ડાહ્યા છીએ, અમે સૂરિસાગર છીએ. આહાહા! અંધકાર બાપા! અંધકાર, અત્યારે અંધકાર છે. આ ચૈતન્યને જાણ્યો નહીં એ અંધકાર છે. એ બધા અંધકારામાં જાવાના પાછા બોકડામાં, કાગડામાં, કૂતરામાં ત્યાં જવાના. અહીં બધા અબજોપતિઓ હોય, ઘરે મોટરું હોય પચાસ-પચાસ. મરે ને જાવાના ઢોરમાં, એ માંસ ન ખાતા હોય તો. માંસ-દારૂ પીતા હોય તો મરીને સીધા નરકે–હેઠે.

... લોઢાનો ભાર એને પાણી ઉપર ન રાખે. એમ જેણે આત્માના ભાન વિના મહાપાપ, પાપ કર્યા હોય એ મરીને નરકે જશે. નરક પાતાળમાં છે ત્યાં જાય. પાણી ઉપર મૂકેલો પથરો તળિયે જઈને બેસે, એમ જેના પાપ એકલા (હોય એ) ત્યાં જાય, પુણ્યાદિ કોઈએ કર્યા હોય તો સ્વર્ગાદિ (મળે), પણ એ બધી દુઃખદશા છે. આ પોતાના નિર્વિકારમાં લીન છે, મહિમામાં લીન છે. આ પરિણતિની વાત છે હોં. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પોતાના આશ્રયે જે વર્તમાનદશા પ્રગટ કરી એ પોતામાં લીન છે. એટલે કે એને કોઈની અપેક્ષા નથી.

**એવું આ પ્રાયશ્ચિત્ત...** એવો આ ભગવાન આત્મા એને આશ્રયે ગયેલું જે તત્ત્વ–નિર્મળ પર્યાય પ્રગટ થઈ તે **ખરેખર ઉત્તમ પુરુષોને હોય છે.** આવું પ્રાયશ્ચિત્ત ઉત્તમ પુરુષોને હોય છે. પાપી અને પામરને આની ખબરું હોતી નથી. સમજાણું કાંઈ? પુણ્યના રસીલાને પણ આવું રસીલું તત્ત્વ હાથ આવતું નથી. ભારે આવું કામ. શાંતિભાઈ! આવું થાતું હશે? અનંતા તરીને મોક્ષ ગયા. પણ પંચમ આરો (છે ને)? પંચમ આરો છે તે શું આત્મામાં કાંઈ ખોડખાપણ આવી છે આરાને લઈને? આ વસ્તુ તો એવી ને એવી છે. સાતમે નરકે ગઈ તોય એવી છે, પંચમ આરો હોય તોય એવી છે.

ચૈતન્ય ભગવાન નિત્યાનંદ ધ્રુવ તો એમ ને એમ બિરાજે છે. 'આ' એમ કરીને પ્રત્યક્ષ કીધું છે. એને કાળેય નડતો નથી અને કર્મેય નડતા નથી. આહાહા! માન્યતા એની નડે છે કે અહીંથી મળશે, અહીંથી મળશે. જ્યાં છે ત્યાં જોતો નથી અને નથી ત્યાં ઝાંવા નાખે છે. આહાહા! સમજાણું કાંઈ? એ પ્રાયશ્ચિત્ત તો ખરેખર ઉત્તમ પુરુષોને હોય છે, એમ કહે છે લ્યો. ઠીક! આહાહા! ૧૮૫ કળશ થયો. ૧૮૬.

**आत्मज्ञानाद्भवति यमिनामात्मलब्धिः क्रमेण**
**ज्ञानज्योतिर्निहतकरणग्रामघोरान्धकारा ।**
**कर्मारण्योद्भवदवशिखाजालकानामजस्रं**
**प्रध्वंसेऽस्मिन् शमजलमयीमाशु धारां वमन्ती ॥ १८६ ॥**

**શ્લોકાર્થ** : અહો! **યમીઓને (-સંયમીઓને) આત્મજ્ઞાનથી...** કહે છે, ધર્મી જીવને આત્મજ્ઞાનથી **ક્રમે આત્મલબ્ધિ (આત્માની પ્રાપ્તિ) થાય છે...** એમ કહીને એમ કહે છે કે એની શુભક્રિયા–દયા, દાન, વ્રતના પરિણામથી કાંઈ આત્મજ્ઞાન થાતું નથી, તેમ આત્મજ્ઞાનમાં વૃદ્ધિ–આગળ જાય એ એનાથી થતી નથી. આત્મજ્ઞાનથી લબ્ધિ વધે છે. આહાહા! આરે, ગ્રીક-લેટીન જેવું લાગે. ....... **આત્મજ્ઞાનથી ક્રમે આત્મલબ્ધિ...** આત્માની પ્રાપ્તિ થાય એટલ પૂર્ણ આત્મા થાય, એમ. આત્માનું જ્ઞાન એ જ્ઞાન. એ જ્ઞાનથી આગળ વધતાં વધતાં આત્મપ્રાપ્તિ એટલે પૂર્ણ કેવળજ્ઞાન થાય. તે આત્મજ્ઞાનથી આત્મપ્રાપ્તિ થાય છે. શાસ્ત્રજ્ઞાનથી કે બીજા જ્ઞાનથી થાતું નથી અને કોઈના આશીર્વાદથી પણ એ મળતું નથી. એ વળી કોઈ ઓશિયાળો નથી કે કોઈના આશીર્વાદથી મળે. એક આશીર્વાદ આપે તો મળે, બીજો શ્રાપ આપે તો ટળે, તો એને હાથમાં તો કાંઈ રહે નહીં. એવી એ ચીજ નથી. આહાહા! આવો કેવો ધર્મ? આ સોનગઢનો ધર્મ હશે? આ તો આત્માની વાત ચાલે છે. આહાહા!

તીર્થંકરો કેવળીઓ પરમાત્મા અરિહંત સાક્ષાત્ બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં. સીમંધર ભગવાન મહાવિદેહમાં બિરાજે છે, એનું કહેલું આ લાવીને અહીં મૂક્યું છે. આહાહા! બાપા! શું લાવ્યા વિલાયતમાં જઈને? જુઓ! આ લાવ્યા તારા માટે. કુંદકુંદાચાર્ય ભગવાન પાસે જઈને આ લાવ્યા. અને આ સંદેશો એમણે આપ્યો લ્યો. આહાહા! **આત્મજ્ઞાનથી ક્રમે આત્મલબ્ધિ**... એક એક શબ્દમાં ઓહોહો! વસ્તુ ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ એનું જ્ઞાન, એના સન્મુખ થાય ત્યારે એનું જ્ઞાન થાય. બધાથી વિમુખ થઈ એની સન્મુખ જાય તો એનું જ્ઞાન થાય. એની ઉપર આંખ્યું પડે ત્યારે જ્ઞાન થાયને. કોઈપણ ચીજ જોવી હોય તો આંખ્યું બરાબર (નાખે), એમ એના જ્ઞાનના નેત્રો એના ઉપર જાય ત્યારે એને જ્ઞાન થાય. આહાહા! ભારે વાતું ભાઈ!

ઓલા તો કહે કે પૈસા દાનમાં આપો. જુઓ! તમારી પાસે પચાસ લાખ હોય તો દસ લાખ આપો. ધર્મધુરંધર (કહેવાશો), તમારે કલ્યાણ થઈ જશે. સૂઝેય પડે અજ્ઞાનમાં. ધૂળેય નહીં થાય હવે, તારા કરોડ આપી દેને! કરોડ ક્યાં તારી ચીજ છે? એ તો જડ છે. દેરાસર બનાવો, શાસ્ત્રો બનાવો, શાસ્ત્રના દાન દો, એથી તમને જ્ઞાન ખીલશે, વળી એમેય કહે. એ તો અંદરમાં આશ્રય કર્યો ત્યારે જ્ઞાન મળ્યું. એ તો વાત બધી છે. આમ કીધુંને આત્મજ્ઞાન. પહેલું આત્માનું જ્ઞાન કર્યું ત્યારે એમ કહેવામાં છે કે ફલાણે દાન આપ્યું હતું એમાંથી આવ્યું. એ તો વ્યવહાર થયો, એ (યથાર્થ) વસ્તુ ક્યાં થઈ?

આત્મામાંથી જ્ઞાન આવવું જોઈએ. એને જ્ઞેય બનાવીને જ્ઞાન થાય એ જ્ઞાન કેવળજ્ઞાનનું કારણ છે. બીજા કોઈ શાસ્ત્રજ્ઞાન કે બહારના લૌકિકજ્ઞાન... લ્યો, ચમત્કાર. હાથ હલાવે તો ફલાણું કાઢે. ધૂળેય નથી. હાથમાં ક્યાં આત્મા હતો? આ તો જડ છે, માટી છે, ધૂળ છે. વ્યંતરનો દેવ અભવિ હોય, વ્યંતરનો દેવ અભવિ હોય, આમ ગામ બનાવી દે હજારો. એ શું ચીજ છે? એ ચીજ છે કાંઈ? એ તો ભ્રમણાના કારણ છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મામાં એકાગ્ર થતાં જે જ્ઞાન થાય એ જ્ઞાનની બલિહારી છે. એ એક જ જ્ઞાન છે અને તેને જ જ્ઞાન કહેવામાં આવે છે. એનાથી ક્રમે આત્મલબ્ધિ થાય. 'કે જે ક્રમે ક્રમે થાય'.... .... એ બધું આત્મજ્ઞાનથી થાય છે. કોઈ વ્યવહારથી, વ્યવહારના ક્રિયાકાંડથી આત્માની વૃદ્ધિ થાય છે એમ નથી, એમ કહેવા માટે આ વાત છે.

અને **જે આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે ઇન્દ્રિયસમૂહના ઘોર અંધકારનો નાશ કર્યો છે...** આહાહા! ભગવાન આત્મામાં એકાગ્રતાથી જ્યાં આનંદની લહેર ઉઠી, એણે તો **જ્ઞાનજ્યોતિ વડે ઇન્દ્રિયસમૂહનો ઘોર અંધકાર**... પાંચ ઇન્દ્રિયથી જાણવું એવું જે અજ્ઞાન એનો નાશ કર્યો છે એણે. આહાહા! આવો આત્મા ધોયેલ મૂળા જેવો ગયો ક્યાં? ..... 99ની સાલ. વકીલ. રામજીભાઈના મિત્ર હતા. મિત્ર હોય તે કાંઈ સરખા હોય બધા? એ કહે કે મહારાજ! આવા વખાણ તમે કરો છો તો ગયો ક્યાં ધોયેલ મૂળા જેવો? ભાઈ! બધોય છે, પણ તારી નજરમાં લે તો હાથ આવે. કારણ કે .... જુએ તો શું દેખાય? એમ રાગને પોતાનો માની અંદર આંખ્યું મીંચી તેં. રાગથી, વિષયથી લાભ માનીને (એટલે કે) આંખ્યું મીચીને એને જોવા મળશે? આહાહા! સમજાણું?

**અને જે આત્મલબ્ધિએ જ્ઞાનજ્યોતિ વડે,** એમ. આત્મલબ્ધિ એટલે જ્ઞાનજ્યોતિ વડે. **ઇન્દ્રિય સમૂહના અંધકારનો નાશ (કર્યો છે) અને જે આત્મલબ્ધિ કર્મવનથી ઉત્પન્ન (ભવરૂપી) દાવાનળની શિખાજાળનો (શિખાઓના સમૂહનો) નાશ કરવા માટે,** આહાહા! **તેના પર સતત શમજલમયી ધારાને ઝડપથી છોડે છે—વરસાવે છે.** ભાષા ઓછી પડે છે. આહાહા! કર્મરૂપી વન એનાથી ઉત્પન્ન થયેલો દાવાનળ અગ્નિ સળગે છે, એને નાશ કરવા માટે તેના ઉપર ભગવાન આત્માનું જે જ્ઞાન-આત્મલબ્ધિ જ્ઞાન સતત શમજળની ધારા સમતારૂપી વીતરાગીભાવરૂપી ધારાને ઝડપથી છોડે છે—વરસાવે છે, એનો કર્મબંધ નાશ થઈ જાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ-૧૩, શુક્રવાર, તા. ૩-૧૧-૧૯૭૨**
**શ્લોક-૧૮૭-૧૮૮, ગાથા-૧૧૮, પ્રવચન નં. ૧૩૭**

નિયમસાર, શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર. નિશ્ચયપ્રાયશ્ચિત્ત એટલે શુદ્ધ આનંદની પૂર્ણ... ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એમાંથી અતીન્દ્રિય આનંદની પરિણતિ–પર્યાય પ્રગટ કરવી એ અહીંયા પ્રાયશ્ચિત્ત છે, એટલે કે સંસારને છેદવાનો એ ઉપાય છે. આહાહા! ૧૮૭ કળશ છે ૧૮૭.

**अध्यात्मशास्त्रामृतवारिराशे-**
**र्मयोद्धृता संयमरत्नमाला ।**
**बभूव या तत्त्वविदां सुकण्ठे**
**सालंकृतिर्मुक्तिवधूधवानाम् ॥१८७॥**

મુનિરાજ કહે છે, **શ્લોકાર્થ : અધ્યાત્મશાસ્રરૂપી અમૃતસમુદ્રમાંથી...** આહાહા! શાસ્ત્રરૂપી અમૃત સમુદ્ર... અહીં નાખ્યું.... અધ્યાત્મશાસ્ત્ર એ અમૃત સમુદ્ર છે. કેમકે અધ્યાત્મશાસ્ત્ર, પરમ અમૃતસમુદ્ર એવો ભગવાન આત્મા એને બતાવનાર છે માટે એને–શાસ્ત્રને અમૃત સમુદ્ર કહેવામાં આવે છે. એને કહેવામાં આવે છે. 'વચનામૃત વીતરાગના..' આવે છે કે નહીં? 'પરમ શાંતરસ મૂળ..' વાણી તો વાણી છે, પણ વાણી જે શાંતરસ છે..... આત્મા, આહાહા! અતીન્દ્રિય આનંદનું ધામ, અતીન્દ્રિય સુખનો સાગર એવો જે ભગવાન આત્મા ત્રિકાળી બિરાજમાન છે એને બતાવનારા અધ્યાત્મ શાસ્ત્રો એ પણ અમૃતના સાગર છે એમ કહે છે. સમજાય છે કાંઈ?

**અધ્યાત્મશાસ્ત્રરૂપી અમૃત...** શાસ્ત્ર લીધા છેને પાઠમાં તો. **અમૃતસમુદ્રમાંથી...** કેવા છે એ? અમૃત સમુદ્ર ઉછળ્યો વીતરાગની વાણીમાં. ભગવાન આત્મા... અરે! કેમ બેસે? એ અતીન્દ્રિય આનંદનું પૂર્ણ પૂર છે. ભાઈ! તું પૂરો છો.. પૂરો છો, વિકાર વિનાનો છો. પણ પૂરો શેનો શેમાં? અતીન્દ્રિય આનંદસ્વભાવથી પૂરો છો. મનુભાઈ! એને દવાની જરૂર ન પડે, એમ કહે છે. આહાહા! અરે! ભગવાન.... શાસ્ત્રને અમૃતસમુદ્ર કહ્યા અહીંયા તો. કેમકે અમૃતસમુદ્ર ભગવાન આત્મા એને અધ્યાત્મશાસ્ત્ર બતાવે અને એનું પરિણમન અમૃતસાગરમાંથી આનંદનું પરિણમન થાય, એને અહીંયા પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. આહાહા! સમજાય છે કાંઈ?

એમાંથી **મેં જે સંયમરૂપી રત્નમાળા બહાર કાઢી છે...** ભાષા જુઓ! એમાંથી કાઢી છે. એવો ભગવાન આત્મા અમૃતસાગરનો ભરેલો પ્રભુ, અમૃત અતીન્દ્રિય આનંદ, એમાંથી મેં સંયમરત્ન બહાર કાઢ્યું છે. એને આશ્રયે મેં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન... સમ્યક્ચારિત્રની વાત લીધી એટલે ઓલા બે આવી ગયા. આહાહા! નિયમસાર છેને અહીંયા. હિતના કામીએ,

વાસ્તવિક મૂર્તિરૂપી સુખદશા એના અભિલાષીએ આ પરમ તપસ્યા કરવા જેવી છે કહે છે એટલે કે પૂર્ણાનંદસ્વરૂપમાં લીન થવા જેવું છે. એ લીનતા એ પરમ તપસ્યા છે. ...ભાઈ! આહાહા! સમ્.. સમ્યગ્દર્શનપૂર્વક સ્વરૂપની લીનતા એનું નામ સંયમ. એ સંયમસ્વરૂપ પૂર્ણ આનંદ પ્રભુ જેના આનંદની એક અંશ–લહેર આવતા સંસારના ઇન્દ્રના સુખો પણ સડેલા ઉંદર જેવા દેખાય. આહાહા! એવો જે ભગવાન આત્મા એને કહેવાને જે વચનો છે એને અમૃતના સાગર શાસ્ત્ર કહ્યા. સમજાણું કાંઈ?

**મેં જે સંયમરૂપી રત્નમાળા...** પોતે પણ કાઢી છેને, એમ કહે છે. આહાહા! પૂર્ણાનંદ પ્રભુ એમાં લીન થઈને મેં સંયમરૂપી રત્નમાળા પરિણતિમાં બહાર કાઢી છે. સમજાણું કાંઈ? એ પૂર્ણાનંદ પ્રભુ, એની જપમાળા જપવાથી–એકાગ્ર થવાથી મેં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એવી અવસ્થા એમાંથી ખેંચીને કાઢી છે. અરે! એવી વાતું સાંભળવી મુશ્કેલ થઈ પડી. માણસપણા મળ્યા, પણ માણસપણું કેમ થાય એની વાતુંની ખબર ન મળે. એ દુઃખરૂપી ડુંગરમાં પૂરો પૂરાયેલો છે. અજ્ઞાનને લઈને પુણ્ય ને પાપના રાગની હોંશુંમાં જકડાઈ ગયેલો છે. સમજાણું કાંઈ? પોતાના સ્વરૂપના આનંદ સિવાય બહારમાં ક્યાંય પણ આનંદ ઠીક છે એવી બુદ્ધિથી જકડાયેલાને છૂટવા માટે આ ઉપાય છે કહે છે. સમજાણું કાંઈ?

જેલમાંથી... આવે છેને શ્રીમદ્‌માં નહીં? 'એ દિવ્યશક્તિમાન જેથી ઝંઝીરેથી નીકળે..' એના અર્થની ખબર ન મળે. દિવ્યશક્તિમાન પ્રભુ, જેની શક્તિ દિવ્યતા–અલૌકિકતા એવો જે ભગવાન દિવ્યશક્તિમાન છે, જેથી ઝંઝીરેથી (એટલે) કેદમાં પૂર્યો એમાંથી નીકળે છે. આહાહા! ૧૬ વર્ષે કહે છે શ્રીમદ્. એ તો શરીરની ઉંમર નાની. આત્મા ક્યાં નાનો-મોટો છે? આહાહા! હજી તો લગ્ન કર્યા નહોતા, એના પહેલાની વાત છે. પછી લગ્ન કર્યા. આ માણસને........ અહીં ક્યાં હતું...? રાગ હતો એને જાણનારા હતા. વાત બહુ આકરી છે. કહે છે કે એ જેલમાં પડ્યો છે. આહાહા! કઈ જેલ? એ શુભ-અશુભ રાગ જે છેને એમાં એકત્વબુદ્ધિ કરી છે એ મોટી જેલ છે. ઝંઝીર છે, કેદ છે. આહાહા!

એના નિધાન... સમજાણું કાંઈ? અહો! જેની આલ્હાદની દશા, ચાહે તો શુભરાગ હો કે અશુભરાગ હો, એની એકત્વબુદ્ધિ મિથ્યાત્વનું મહા ઝેર છે. એ ઝેરને ઉતારવા માટે આ મંત્ર છે, કહે છે. આનંદસ્વરૂપ ભગવાન એમાંથી, એને આશ્રયે, એને અવલંબે જે સમ્યગ્દર્શન-જ્ઞાન-સંયમ પ્રગટ થયો, એ બહાર કાઢી. એ શક્તિરૂપે તો હતી અંદર. સંયમ, સમ્યગ્દર્શન આદિ જે આનંદની દશા એ શક્તિરૂપે તો હતી, વસ્તુ તો હતી જ તે, એમાંથી–શક્તિમાંથી વ્યક્તતા બહાર કાઢી. સમજાણું કાંઈ? લ્યો આ ધનતેરસ. આ રતન આવ્યા..... ઓલા ધૂળની પૂજા કરે છેને આજ ધનતેરસે. આ ધનતેરસ છે ભગવાન! પહેલા હા તો પાડ. મારો નાથ આનંદનો ધણી એ અનાદિથી રાગમાં રઝળે, એને માટે આ છેદવાનું પ્રાયશ્ચિત્ત છે કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન અતીન્દ્રિય આનંદનું ધામ મૂર્તિ વસ્તુ એટલે એમાં લપેટાઈ જઈ, એમાં એકાગ્ર થવું એ રત્નમાળા મેં બહાર કાઢીને દુનિયાને બતાવી છે કે આ માળા છે. રત્નમાળા એ તો મોક્ષમાર્ગ કહ્યો. **મુક્તિવધૂના વલ્લભ**–મુક્તિરૂપી સ્ત્રીના વ્હાલા **એવા તત્ત્વજ્ઞાનીઓ...** આવા તત્ત્વને જાણનારા, એમાં રમનારા તત્ત્વજ્ઞાનીઓ, એવા તત્ત્વજ્ઞાનીઓ મુક્તિ નામ પૂર્ણ આનંદરૂપી પરિણતિ નામ સ્ત્રી એના એ વલ્લભ થવાના છે. એની પૂર્ણ આનંદની પરિણતિ કદી એક સમય નહીં છોડે. સમજાણું કાંઈ? આહાહા!

પૂર્ણ આનંદની દશા એનું નામ મુક્તિ. એ મુક્તિરૂપી સ્ત્રીનો એ વલ્લભ થશે, એટલે કે મુક્તિની પરમાનંદદશા એને એક સમય છોડશે નહીં. આહાહા! જુઓને! એના ખેલ, એ ખેલાડીના ખેલ. અજ્ઞાનથી રાગ-દ્વેષમાં ખેલતો, એ તત્ત્વજ્ઞાની થઈને, વસ્તુનું ભાન કરીને મુક્તિરૂપી ખેલાડી આનંદમાં ખેલશે. **એવા તત્ત્વજ્ઞાનીઓના સુકંઠનું આભૂષણ બની છે.** આહાહા! એના સુકંઠમાં એટલે વાણીમાં પણ આ નીકળે કે સંયમ ને શાંતિરૂપી નિધાન છે (અને) પરિણતિમાં એને એ હોય છે એમ કહે છે. ચંદુભાઈ! આહાહા! કોની આશા એણે રાખવી? ભગવાન ત્રણ લોકનો નાથ અંતરશક્તિ દિવ્યશક્તિ .... નીકળે છે. એમાં શક્તિઓ બધી અનંત પડી છે. એમાં એકાગ્ર થઈને, એમાં લીન થઈને અંદર પર્યાય પ્રગટ કરવી, એ તત્ત્વજ્ઞાનીના સુકંઠનું આભૂષણ છે. આહાહા! એના ભાવની શોભા છે કહે છે, અને સુકંઠમાં (એટલે) વાણીમાં પણ એને જ આવશે. મુક્તિનો ઉપાય આ છે, બીજો કોઈ છે નહીં. કહો, બલુભાઈ! આહાહા!

દુનિયા માળી ગાંડી પણ... થોડું ઘણું જ્યાં પૈસા મળે, બાયડી મળે, છોકરા મળે ત્યાં, ગાંડો પાગલ તે પાગલ માળો. ........ પૂછ્યું હતું, કાલ છોકરા આવ્યા હતા. એક છોકરાને પૂછ્યું હતું. એને પૂછ્યું કે દારૂ પીવે એને શું થાય? લોકો એમ કહે છેને, જુઓ! એની–જડની પણ ચૈતન્યને અસર થાય છેને. એક છોકરો...... આહાહા! સમજાણું? એમ કે આ દારૂ....... દારૂ એ વ્યસન નથી. એની ઘેલછાઈની યોગ્યતામાં એ વસ્તુ–દારૂ નિમિત્ત બન્યું. ઘેલછાના ભાવ એની યોગ્યતાએ છે. એ પ્રશ્ન અમારે ઘણા વર્ષ પહેલા થઈ ગયો છે. દામનગર, દામોદર શેઠે મૂક્યો. બીજા અધ્યાયમાં છેને ૨૩મી ગાથા. બીજો અધ્યાય, પંચાધ્યાયીમાં છે. એમ કે દારૂ.... છે તો આ થાય છે. જુઓ! આ બાહ્ય નિમિત્તે થાય છે. ઇન્દ્રિયો ને આત્માને.... કીધું, આત્માને નહીં એમ નહીં. આત્મામાં તે ઘેલછાઈ ઉત્પન્ન કરે ત્યારે દારૂને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા!

એમ કે ઇન્દ્રિયોને આમ થાય, આત્માને ન થાય. અરે! આત્માની પર્યાયમાં પોતાની ઘેલછા હોય ત્યારે પીવાનો કાળ છે. સમજાણું કાંઈ? મોટી ચર્ચા એક-એક... પહેલેથી ચાલતીને બધી. ૫૦-૫૦ વર્ષ પહેલાની આ બધી માથાકૂટ દુનિયા સાથે. આ વાત દુનિયા.... ભગવાન પૂર્ણાનંદનો નાથ એ ભૂલે છે ત્યારે ઘેલછાઈ પામે છે, દારૂને લઈને નહીં. સમજાય છે કાંઈ?

આહાહા! આવો પ્રભુ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરે પ્રસિદ્ધ કરીને પરમાત્મા તરીકે બોલાવીને બહાર કાઢ્યો. આહાહા! એય ભગવાન! આહા! ભગવાન તારું સ્વરૂપ જ છે. તું ભગવાન થઈને હવે પર્યાયમાં આવ. કહો, સમજાણું કાંઈ? એનું નામ આ લક્ષ્મીની પૂજા છે.

અનંત કેવળજ્ઞાન અનંતાનંત... અરે! અસ્તિપણે હો. જેના હોવાપણામાં–ભગવાનના સ્વભાવના હોવાપણામાં બેહદ–અપરિમિત જ્ઞાન એનો સ્વભાવ છે એને મર્યાદા શી? એવું બેહદ જ્ઞાન, બેહદ આનંદ, બેહદ શાંતિ, બેહદ સ્વચ્છતા, બેહદ પરમેશ્વરતા—એવી શક્તિઓનો ભંડાર ભગવાન... અરે! અમે તો અંદરથી સંયમરત્નની માળા કાઢી છે, કહે છે. લ્યો, આ રત્ન આવ્યું. એ ભગવાનજીભાઈ! આહાહા! કહે છે, અમારી પાસે સંયમરત્નમાળા છે. એ અંદરમાંથી કાઢી, પાછી એમ. આહાહા! રાગને લઈને, નિમિત્તને લઈને ન નીકળે એમ કહે છે. આહાહા! કહે છે, માળા પાગલ છે એટલે આવું કહે છે. સાંભળ, સાંભળ એકવાર! પાગલ તું છો, સાંભળ હવે! આહાહા!

મુક્તિવધૂ–મુક્તિરૂપી સ્ત્રીનો વ્હાલો થાય એવા તત્ત્વજ્ઞાનીઓ... જોયું! એવા તત્ત્વજ્ઞાની. એને તત્ત્વજ્ઞાની કહીએ કે જેને મુક્તિરૂપી પરિણતિ વ્હાલી છે અને એના કારણરૂપે જેણે આત્માને સંયમરૂપી રત્નથી સેવ્યો છે. આહાહા! આ બહારના સંયમ નહીં હોં. છ કાયની દયા પાળી, ઢીકણું કર્યું, એ સંયમ-બંયમ નહીં. આ સંયમ. આહાહા! અરે! અનંતો સંયમ અંદર આવ્યો ને અનંતા વિકારના ભાવ..... મારો સ્વભાવ પરિપૂર્ણ જ્યાં પ્રતીતમાં આવ્યો, મહાસંયમ થઈ જાય એને. આહાહા! મિથ્યાત્વનો આશ્રય રોકાઈ ગયો. ..... સંયમ કોને કહેવો? એ ચંદુભાઈ! આવી વાતું છે અહીં તો. આહાહા!

એને કોઈની જરૂર નથી ભગવાન! એને ભગવાન તારી દે એવો એ ભગવાન નથી. બીજો ભગવાન એને તારે એવો એ ભગવાન નથી. આહાહા! મુનિ આનંદમાં આવી ગયા છે. અમે સંયમરૂપી રત્ન જે સાધ્યું છેને, અમારે તો મુક્તિવધૂનો પ્રેમ છે એટલે અમે (વલ્લભ) થવાના, પણ આવું કરે તે મુક્તિવધૂનો વલ્લભ થાશે. આહાહા! ભગવાનજીભાઈ! આવો માર્ગ છે. બાપા! આ તો ધૂળ છે ભાઈ! દેહ માટી, રૂપાળી ધૂળ છે. એ તો એમાં ઈયળું પડે, આહાહા! .... આમ જ્યાં કરે ત્યાં ઈયળું પડે, હેરાન થાય. ...... સમજાણું કાંઈ? આહાહા! આમ જ્યાં કરે ત્યાં ઇયળું પડે. ત્યાં ક્યાં અમૃત નીકળે? અને જડનું અમૃત નીકળે તો એ ઝેર છે, જડ છે. આહાહા!

જુઓ! આ ... કેવો લાગે છે તમને? અંદર આમ ઈલમ છે. ધૂળેય નથી હવે, સાંભળને! ઈલમ તો અંદર ભગવાન આનંદના નાથના અંદરમાં એકાગ્રતા થતાં જે આનંદની લહેર આવે એ ઈલમ છે. એ ઈલમ છે ભાઈ! તને ખબર નથી. જેનાથી સિદ્ધપદ પ્રાપ્ત થાય એવા ઈલમ સિવાય ક્યો ઈલમ હશે? **આભૂષણ બની છે**. તત્ત્વજ્ઞાનીઓના સુકંઠ એટલે ...માં એની

રમણતા જામી ગઈ છે. આહાહા! અને એની વાણીમાં પણ આ જ આવશે કે ભાઈ! શાંતિ જોઈતી હોય તો, ભગવાન શાંતિનો સાગર પ્રભુ તું છો. એ ઉછળી રહ્યો છે, નજર કરતાં ઉછળશે. સમજાણું કાંઈ? ભારે આકરું કામ. આવું કાંઈ કહે કે દયા પાળવાનું, વ્રત પાળવાનું, અપવાસ-બપવાસ કરી નાખીએ લ્યો.

શ્રોતા : કાંઈક પરોપકારની તો વાત કરો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કોણ કરે પરોપકાર? આહાહા! તું તારો ઉપકાર કરને ભાઈ! પરનો (ઉપકાર) કોણ કરે? ત્રણ કાળમાં કરી શકે નહીં. આહાહા! બહુ સમાવ્યું છે હોં. શાસ્ત્રની વાણીમાં અમૃતસમુદ્ર ઉછળે છે, આહાહા! અને શાસ્ત્રમાં સંયમરત્નની જ વાતું કરી છે. સંયમ ખાસ મુક્તિ નિધાન છેને અને એ સંયમરત્ન અંદરમાંથી નીકળે છે. કહો, સમજાણું કાંઈ? ૧૮૭ કળશ થયો. ૧૮૮ કળશ.

**नमामि नित्यं परमात्मतत्त्वं**
**मुनीन्द्रचित्ताम्बुज गर्भवासम् ।**
**विमुक्तिकांतारतिसौख्यमूलं**
**विनष्टसंसारद्रुमूलमेतत् ॥१८८॥**

ઓહોહો! ચૈતન્યરત્ન ... આમાં. આમાં છે ને આવે છેને? છે એમાંથી આવે છેને? આહાહા! **શ્લોકાર્થ : મુનીંદ્રોના ચિત્તકમળની (-હૃદયકમળની) અંદર જેનો વાસ છે...** આહાહા! **જે વિમુક્તિરૂપી કાન્તાના રતિસૌખ્યનું મૂળ છે...** કોણ? પરમતત્ત્વ આત્મા. ત્રિકાળી ભગવાન નિત્યાનંદ રહેનારો પ્રભુ, ધ્રુવસ્વરૂપે રહેનાર, એક સમયની બદલતી પર્યાય વિનાનો ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ. એ ધ્રુવને લક્ષે વહાણ ચાલે છે દરિયામાં. જોયું! એ ધ્રુવ જેમ .... માથે ધ્રુવ હોય. ધ્રુવ ફરે નહીં..... એમ આ ધ્રુવ ભગવાનના લક્ષે મોક્ષના માર્ગના કારણ–ઉપાય ત્યાંથી ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે, **મુનીન્દ્રો**... ઉત્કૃષ્ટ વાત કરી છેને. ચિત્તકમળ–હૃદયકમળ–જ્ઞાનકમળ અંદર એમાં જેનો–પરમાત્મતત્ત્વનો વાસ છે... પરમાત્મતત્ત્વ જે ધ્રુવ ત્રિકાળી, એ ધર્માત્માના જ્ઞાનમાં (અર્થાત્) જ્ઞાનરૂપી કમળ પ્રગટ પર્યાય એમાં જેનો વાસ છે, ભગવાન એમાં વસે છે. આરે, ભારે આકરું પડે. આમાં, વ્રત પાળવા, અપવાસ કરો, પૂજા કરો—એ તો કાંઈ આવતું નથી. ભગવાન ....... કરે છે. એમાં ચીજ શું છે? આહાહા! કહે છે, પરમાત્મતત્ત્વ જે નિત્યાનંદ પ્રભુ, જે ધ્રુવ આદિ-અંત વિનાનું તત્ત્વ, સત્ત્વ, એનો સ્વભાવ છે એ જ્ઞાનીના જ્ઞાનમાં કમળમાં બિરાજે છે. સમજાય છે કાંઈ? એમ કહીને કહ્યું કે એ છે ભલે, પણ એ જ્ઞાન(રૂપી) કમળમાં જણાણું ત્યારે બિરાજે છે એમ જાણ્યું. ઓહોહો! દિગંબર સંતોની શૈલી વસ્તુની સ્થિતિને........

કહે છે, જ્ઞાનની પર્યાય જે પ્રગટ થઈને, આ ચીજ છે એમ જાણ્યું એવી જ્ઞાનની પર્યાયમાં એ ભગવાન બિરાજે છે. છે તો એના ધ્રુવમાં, પણ ભાન થયું ત્યારે કહ્યું કે એમાં– જ્ઞાનમાં એક આ ભગવાન બિરાજે છે. સ્વરૂપચંદજી! અહીં તો આવી વાતું છે. માણસ તો પાગલ કહે હોં. કનુભાઈ! આહાહા! એક આત્મા.. આત્મા.. આત્મા.. આહાહા! ભગવાન ત્રણ લોકના નાથ તીર્થંકરનું ભજન તે પણ એક શુભરાગ છે, ત્યારે ભગવાન આત્માનું ભજન એ અરાગભાવ છે. સમજાણું કાંઈ? જેની પર્યાયમાં ભગવાન આત્મા બિરાજે છે. આહાહા! સમજાણું કાંઈ? ... એવી વાતું, પણ કોઈક કાળે મળે એવી છે. સમજાય છે કાંઈ? કાંતિભાઈ!

મુક્તિરૂપી કાંતા–સ્ત્રી... **(અર્થાત્ જે મુક્તિના અતીન્દ્રિય આનંદનું મૂળ છે)...** મોક્ષરૂપી પરમ અતીન્દ્રિય આનંદ એમાં પરમાત્મ ધ્રુવતત્ત્વ એ મૂળિયું છે. એમાંથી–પરમાત્મતત્ત્વમાંથી પરમાત્મતત્ત્વની પર્યાય આવે છે. આહાહા! સમજાણું કાંઈ? **અને જેણે સંસારવૃક્ષના મૂળનો વિનાશ કર્યો છે...** આહાહા! ભગવાન (આત્મા) તો ત્રિકાળી વસ્તુ છે, એમાં તો સંસાર છે નહીં. લ્યો, સંસારનું પરિણમન પણ વસ્તુમાં નથી. આહાહા! પણ એ પરમાત્મતત્ત્વનો આશ્રય લેતાં સંસારની ઉત્પત્તિ થતી નથી, એટલે એનો પર્યાય જે છે એ પણ સંસારના ભાવનો નાશ કરનારો છે. સમજાણું કાંઈ? ઓહોહો! ગાથા તે ગાથા આવી. કળશે કળશે અમૃત ભર્યા છે. દેરાસર ઉપર કળશ હોય છેને. આ બધા કળશો છે. હવે ગાથા આવી લ્યો. ૧૧૮ ગાથા.

**णंताणंतभवेण समज्जियसुहअसुहकम्मसंदोहो ।**
**तवचरणेण विणस्सदि पायछित्तं तवं तम्हा ॥ ११८॥**

નીચે હરિગીત

**રે! ભવ અનંતાનંતથી અર્જિત શુભાશુભ કર્મ જે**
**તે નાશ પામે તપ થકી; તપ તેથી પ્રાયશ્ચિત્ત છે. ૧૧૮.**

પણ આ તપની વ્યાખ્યા જુદી. ભગવાનના ઘરની બધી વ્યાખ્યા જુદી છે. આહાહા! અરે! જેની સામું જોતાં અમૃત ઝરે, જેની નજરું કરતાં નિધાનની ખબર પડે, સમજાણું? એવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવસ્વરૂપ ભગવાન, કહે છે કે એને અનંત અનંતકાળ... ભાષા એવી લીધી છે. છે તો ૭૦ ક્રોડાક્રોડી .... હોય. પણ અહીંયા પરંપરા.. પરંપરા ... ગણીને અનંત ભવ સુધી એમ કહ્યું છે. શું કહ્યું?

એની **ટીકા : અહીં (આ ગાથામાં), પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં...** આહાહા! ભાષા જુઓ! અરે! પ્રસિદ્ધ છેને પ્રભુ! તું. જુઓ! આવ્યું આ પ્રસિદ્ધ. એમ કહેતા નથી.....? આહાહા! સિદ્ધ તો પ્રસિદ્ધ છે, પણ તારો આત્મા પરમાત્મતત્ત્વ વસ્તુ તરીકે પ્રસિદ્ધ છે. આહાહા! તું પરમાત્મા છો, પૂર્ણ સ્વરૂપ છો એ પ્રસિદ્ધ છે. તેં એને ઢાંકીને ઉઘાડ્યું નથી. એ પ્રસિદ્ધ છે. એ ઓજલમાં રહે એવો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! આવી તે વાત કેવી? આ

જૈનશાસનમાં આવી બધી વાતું (હોય કે) અપાસરે જાય તો ત્યાં સામાયિક કરો, પોષા કરો, પડિકમણા કરો, ચાર અપવાસ કરો એમ આવે. દેરાવાસીમાં જાય તો તમે જાત્રા કરો, સમ્મેદશિખર જાઓ, દાન કરો, ઉપકાર કરો. .....ધર્મના ચાર પ્રકાર. આવે છે કે નહીં? આ બધાએ મુંડાવ્યા છેને ત્યાં. આહાહા! મોઢા આગળ હતા ત્યાં.... પણ એ તો જૂના હોય તો.... આહાહા!

કહે છે કે **પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વ**... આહાહા! મુનિ પણ ખીલી ગયા છેને અંદરથી! આહાહા! ભગવાન આત્મા... ભાઈ! તેં ધ્રુવ કરીને 'નથી' એમ માન્યું, પણ અમે તો કહીએ છીએ કે ધ્રુવ તરીકે પ્રસિદ્ધ છે. સમજાય છે કાંઈ? જેને લક્ષે તરવાનું વહાણ ચાલે, મોક્ષના માર્ગ જેને લક્ષે પ્રગટે એ પ્રસિદ્ધ છે. આહાહા! બલુભાઈ! બહારનું તો બધું ... છે. મોટું દવાખાનું પચાસ લાખનું. દસ લાખ સરકારે આપ્યા, મોટું દવાખાનું કર્યું. ........ ધૂળમાંય નથી. આ દવાખાનું તો અહીં છે. આહાહા!

અરે! ધ્રુવતત્ત્વ તો પ્રસિદ્ધ છેને, કહે છે. ભાઈ! એક સમયની પર્યાયમાં તારું લક્ષ છે એથી તને ધ્રુવ અપ્રસિદ્ધ છે, અજાણ્યું છે. એ કેમ હશે એમ તને લાગે છે. સમજાણું કાંઈ? આ તો સંપ્રદાયમાં આવું મળે એવું નથી. ભાઈ! શું નામ? ત્યાં તો નાના નાના મળે એવું છે, મોટું મળે એવું નથી. આહાહા! જુઓ! આ ધનતેરસની લક્ષ્મીની પૂજા ચાલે છે. ભગવાન પરમાત્મતત્ત્વ પોતે ત્રિકાળી છે એ પ્રસિદ્ધ છે એમ કહે છે. એ ગુપ્ત નથી કે અજાણ્યું રહે એવું નથી. અજાણ્યું રાખ તો અજાણ્યું નહીં રહે, એમ કહે છે. આહાહા! ઇન્દ્રો, ગણધરોની વચમાં ભગવાને આમ કહ્યું હતું, તે મુનિરાજ પોતે કહે છે લ્યો. સમજાણું કાંઈ?

**णंताणंतभवेण**.. શબ્દ છેને ત્યાં. એની સામે (કહ્યું કે) ધ્રુવ એમ ને એમ પ્રસિદ્ધ છે. અનંતા અનંતા ભવથી પુણ્ય ને પાપના અવતાર કરી અનંતા ભવના પાપ તેં બાંધ્યા છે અંદર. આહાહા! અનંતા ભવના... આમ તો ૭૦ ક્રોડાક્રોડી ... હોય પણ........ એમાંથી આ, એમાંથી આ એમ કરતાં કરતાં અનંત ભવ. એ અનંતભવની પાછળ, એ અનંતભવના ભાવના પાપની પાછળ પરમાત્મા પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ? આહાહા! એ તને જવાબ દે એવો છે એમ કહે છે. એની સામું જો તો એ જવાબ દે એવો એ છે. આહાહા! આવા ભગવાનને મૂકીને જ્યાં-ત્યાં આથડે, ફલાણા પ્રસિદ્ધ થઈ ગયા, ફલાણા બાબા થઈ ગયા. અરે ભગવાન! અહીં તો ત્રણ લોકના નાથ તીર્થંકરની ગણત્રી નથી. કારણ કે એ તો પરદ્રવ્ય છે. પરદ્રવ્યની સામું જોતાં તો રાગ જ થશે.

**परदव्वादो दुग्गई सद्दव्वादो हु सुग्गई**.. આવે છે શબ્દ (મોક્ષપાહુડ, ગાથા ૧૬) અષ્ટપાહુડમાં. કુંદકુંદાચાર્ય મહારાજ. ભાઈ! **परदव्वादो**... ચાહે તો ત્રણ લોકના નાથ સાક્ષાત્ કેવળી પરમાત્મા હો, એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક સમેટીને પડ્યા છે એના

જ્ઞાનમાં, એ પણ આ આત્માની અપેક્ષાએ પરદ્રવ્ય છે. અને પરદ્રવ્યનું લક્ષ જતાં તને દુર્ગતિ થશે. આહાહા! રાગ થાશે. રાગ એ દુર્ગતિ છે, રાગ એ આત્માનો સ્વભાવ નથી. આવી વાત તો વીતરાગ કહે હોં. અમારી ભક્તિ કરો, મુક્તિ થાશે. અમારા સાધુને વહોરાવો, તમારું કલ્યાણ થાય. અહીં તો કહે, અમારા સાધુ અને અમે—બેયને તું માન તો તને રાગ છે લ્યો.

**सद्दव्वादो हु सुग्गई**.. પોતાનું પરમાત્મતત્ત્વ ધ્રુવ તે સ્વદ્રવ્ય છે, એનાથી સુગતિ નામ મુક્તિ થાય. સમજાણું કાંઈ? આહાહા! આમાં ઝવેરાતમાં આવું આવતું હશે? આહાહા! એક શબ્દે..... પ્રસિદ્ધ છે. એ પ્રસિદ્ધ તો છે, પણ સતત પ્રસિદ્ધ છે. ભગવાન! તારા પ્રસિદ્ધ તત્ત્વને, પુણ્ય ને પાપના રાગના પ્રેમમાં તેં એને-પ્રસિદ્ધને અપ્રસિદ્ધ કરી નાખ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા! ... ભારે શબ્દ... પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મા... એ શુદ્ધ કારણત્રિકાળીદ્રવ્ય વસ્તુ એ તો પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મા છે, કે જેમાંથી કાર્ય કેવળજ્ઞાન પ્રગટ થાય આહાહા! લ્યો, ભારે ચીજ આવી હોં. ઓલા ધનતેરસમાં પૈસા મૂકી પૂજે. માગે કે શાલિભદ્રની ઋદ્ધિ હજો, ..નું ફલાણું હજો. એવું આવે છે. રાખીશ ક્યાં પણ તું? ફલાણાની ..., અભયકુમારની બુદ્ધિ હજો, બાહુબલીનું બળ હોજો. આહાહા!

અહીં તો કહે છે, શુદ્ધ કારણપરમાત્મતત્ત્વની શોભા છે. એ પ્રસિદ્ધ તત્ત્વ છે એને ગુપ્ત કેમ રાખે છે તું? આહાહા! ટીકા પણ ટીકા કરી છેને! ....અનંત પ્રસિદ્ધ છે, ભલે અનંત ભવ ગયા, ભલે અનંત ભવમાં શુભાશુભના ભાવ સેવ્યા અનંતકાળથી, (પણ) વસ્તુ તો ધ્રુવ એમ ને એમ પ્રસિદ્ધ જ છે. તારી નજરે પડતાં તને પ્રસિદ્ધ છે.... આ તો એવો ને એવો છે. એને સંસારેય નથી, રાગેય નથી એવી એ ચીજ છે. આહાહા!

**સદા અંતર્મુખ રહીને...** હવે વર્તમાન પ્રાયશ્ચિત્ત આવ્યું. પ્રસિદ્ધ શુદ્ધ કારણપરમાત્મતત્ત્વ ધ્રુવ.. ભગવાન આત્મા ત્રિકાળી ધ્રુવ પોતે એને અહીં શુદ્ધકારણપરમાત્મા કહ્યો છે. એમાં **સદા અંતર્મુખ રહીને**... ધ્રુવમાં જેણે દૃષ્ટિ લગાવી છે અને ધ્રુવમાં જે સદા એકાગ્ર અંતર્મુખ છે, બહિર્મુખથી વૃત્તિ છોડી ભગવાન પરમાત્મતત્ત્વમાં જેણે અંતર્મુખ દૃષ્ટિ લગાવી છે. **જે પ્રતપન...** અંતર્મુખ દૃષ્ટિમાં જે દશા થઈ તે પ્રતપન **તે તપ** ને તે **પ્રાયશ્ચિત્ત છે.**

શ્રોતા : આનું નામ તપ?

પૂજ્ય ગુરુદેવશ્રી : આનું નામ તપ ને આનું નામ..... ઓલું વર્ષીતપ પહેલાં સાંભળ્યું નહોતું. .......... કહો, સમજાણું? પણ આ સાંભળેલું નહીં. આહા! કહે છે કે અમે તપ તેને કહીએ અને એ તપને અમે પ્રાયશ્ચિત્ત કહીએ. તપ ને પ્રાયશ્ચિત્ત કોને કહીએ? કે ત્રિકાળી ધ્રુવ તત્ત્વ ભગવાન પોતે છે ધ્રુવ નિત્ય એમાં અંતર્મુખ લીન રહે એને તપ કહીએ અને એને પ્રાયશ્ચિત્ત કહીએ. વીતરાગમાર્ગમાં ત્રિલોકનાથના માર્ગમાં આને તપ કહ્યો છે. આ બધા રોટલા ન ખાય, અપવાસ કરે એ બધી લાંઘણું છે. સમજાણું કાંઈ? આવી વાતું છે.

**સદા અંતર્મુખ રહીને**... દૃષ્ટિ તો સદા ત્યાં જ હોય, પણ સંયમવાળાની સંયમદશા પણ ત્યાં જ હોય. આહાહા! નિયમસાર છેને. નિયમસાર એટલે મોક્ષનો માર્ગ. મોક્ષનો માર્ગ એટલે શું? કે શુદ્ધ કારણપરમાત્મતત્ત્વમાં લીનતા–અંતર્મુખ લીનતા એનું નામ મોક્ષનો માર્ગ. સમજાણું કાંઈ? ભારે તપની વ્યાખ્યા! હજી તો અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ. દૂધ, દહીં ને સાકર, ખાટા ને મધુર રસનો એને ત્યાગ છે. એને આત્માના આનંદનો ત્યાગ છે એથી આનો ત્યાગ છે એમ એ માને છે. આહાહા! સમજાણું કાંઈ? એક દોઢ લીટીમાં બધું સમાડી દીધું.

**પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં**... એ વસ્તુ ત્રિકાળી. **સદા અંતર્મુખ રહીને**... એ વર્તમાન પર્યાય. **સદા અંતર્મુખ રહીને**... ધ્રુવ સામે જોવાની દશા અંતર્મુખ રહીને **જે પ્રતપન**— પ્ર–વિશેષે, શોભન–શોભે. આનંદની લહેરથી જે શોભે એને અહીંયા તપ ને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. જેમાં આનંદની છોળ્યું ઉઠે. આહાહા! સમજાણું કાંઈ? આ અપવાસ કર્યા, ભૂખ લાગી છે, તૃષા લાગી છે..... તે તપ નહીં. ભાઈ! તને ખબર નથી. એ તપિયાએ તપ કર્યા એ અંદરમાં ગયા એણે કર્યા. એ કાંઈ વનમાં વયા ગયા, નાગા થઈને બહારમાં ગયા એને તપ થાય—એમ છે નહીં. આહાહા!

**સદા અંતર્મુખ રહીને**... આમાં (પાના) ૯૭માં છે..... **આ ભુવનવિદિતને**... 'પ્રસિદ્ધ' છેને ભાઈ? 'ભુવનવિદિત' છેને ત્યાં? **આ ભુવનવિદિતને (-આ જગતપ્રસિદ્ધ સત્યને), હે ભવ્ય! તું સદા જાણ**. (કળશ ૭૦) છેને? અને ૨૦૬ પણ છે. આમાં છે? ૨૦૦મું આવી ગયું? ૨૦૫ પાનું. ...... નીચે. (કળશ ૧૪૬). **શાશ્વત મહા આનંદાનંદ જગતમાં પ્રસિદ્ધ છે**... લ્યો. **શાશ્વત**... શરીર, વાણીનું લક્ષ છોડી દો, પુણ્ય-પાપનું લક્ષ છોડી દો, એક સમયની પર્યાય છે તેનું લક્ષ છોડી દો, જે ધ્રુવનું લક્ષ કરનાર છે એનું લક્ષ છોડી દો. **શાશ્વત મહા આનંદાનંદ**... ભગવાન આત્મા શાશ્વત અનાદિ.. અનાદિ.. અનાદિ-અનંત શાશ્વત મહા આનંદાનંદ એ તો જગતમાં પ્રસિદ્ધ છે કહે છે. સમજાય છે કાંઈ? આવો તારો સ્વભાવ એ તો પ્રસિદ્ધ છે. તને ખબરું નથી એટલે કંઈ અપ્રસિદ્ધ થઈ જાય? કહે છે. આહાહા! એમ પ્રસિદ્ધ..... આહા!

**પ્રતપન તે તપ અને તે પ્રાયશ્ચિત્ત છે**. છેને? તે તપ પ્રાયશ્ચિત્ત.. તે તપ પ્રાયશ્ચિત્ત. આહાહા! .... અરે! એનો વિશ્વાસ લાવને. એક સમયમાં ધ્રુવ પૂર્ણ છો એવો. 'છો' એવો વિશ્વાસ અને 'છે' એવામાં સ્થિરતા તે તપ. કહો, સમજાણું કાંઈ? હજી વ્યાખ્યા જ જુદી જાતની. ..ભાઈ! બોટાદમાં હતી? આહાહા! એક આવ્યો હતો નહીં તમારે? ઘણા વર્ષની વાત છે. ........ તમારા હતાને ડોસા. શું નામ? હા, એ વાત કરતા હતા. એ પોતે આવ્યો હતો. એ કહે, મંત્ર... સાત પાંદડા લાવો સાત પાંદડા. પછી કાઢી નાખ. પછી મંતરીને નાખ્યા. ........ એ વાત સાંભળેલી. એ વાત સાંભળેલી તે દિ'. ..... કહેતા. .......... આહાહા!

અહીં તો કહે છે, જ્યાં નજર નાખ ત્યાં પરમાત્મા તને પ્રત્યક્ષ દેખાય. એવી વાત છે. આહાહા! એ ... તારા મંત્રોચ્ચાર છે. આહાહા! તારી વર્તમાન પર્યાયને ધ્રુવમાં વાળ, તને પ્રસિદ્ધ તત્ત્વ પ્રસિદ્ધપણે પ્રાપ્ત થશે. અને એ પ્રસિદ્ધપણે પર્યાયમાં પ્રાપ્ત થાય એવી દશા એને જ અમે પ્રાયશ્ચિત્ત, એને અમે તપ અને અમે મોક્ષનો માર્ગ કહીએ છીએ. આહાહા! એના ગાણા પણ સાંભળ્યા નહીં, એના ચીજના વખાણ પણ સાંભળ્યા નહીં. જયસુખભાઈ!

**(અર્થાત્ શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું–પ્રતાપવંત વર્તવું...** પોતાના પ્રતાપની જાહેરાત કરીને વર્તવું. મારા પ્રતાપમાં કોઈ વિઘ્ન છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! ભગવાન ધ્રુવસ્વરૂપ... અરે! આવા મૂકીને ક્યાં ગોતવા જાય છે? શેત્રુંજયે મળશે, સમ્મેદશિખરે મળશે. ડોળીયું કરીને ચાલો ભગવાન પાસે. ભગવાન તો અહીં બેઠા છે અંદર. સમજાણું કાંઈ? એ તો શુભભાવ હોય ત્યારે નિમિત્ત અશુભથી બચવા, ચારિત્રના દોષમાં અશુભથી બચવા હોં. આહાહા! પાપના, અશુભના મિથ્યાત્વથી બચવા માટે તો શરણું ધ્રુવનું છે. સમજાણું કાંઈ? **શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું—પ્રતાપવંત વર્તવું**... જાહેર થાઓ કે મારે શુદ્ધિનો જ પ્રતાપ અત્યારે વર્તે છે. બીજાનો કાંઈ પ્રતાપ છે કાંઈ નહીં. આહાહા! **અને એ તપ પ્રાયશ્ચિત્ત છે) એમ કહ્યું છે.** પ્રાયશ્ચિત્તનો ક્રમ આ છેને.

હવે, **અનાદિ સંસારથી જ ઉપાર્જિત...** અનાદિ... અનાદિ.. અનાદિ. આહાહા! આદિ વિનાનો નિગોદમાં હતો. બટાટા, સક્કરકંદ, લીલફૂગ. **અનાદિ સંસારથી**... અનાદિ સંસારથી **ઉપાર્જિત દ્રવ્યભાવાત્મક શુભાશુભ કર્મો...** દ્રવ્યકર્મ ને ભાવકર્મ. ભાવકર્મ એટલે વિકારી પરિણામ, દ્રવ્યકર્મ એટલે જડ રજકણો. બેની સંધિ કરી. **શુભાશુભ કર્મોનો સમૂહ—કે જે પાંચ પ્રકારના (-પાંચ પરાવર્તનરૂપ) સંસારનું સંવર્ધન કરવામાં સમર્થ છે...** શુભાશુભભાવ ને કર્મ એ સંસારનું સંવર્ધન કરવામાં સમર્થ છે. સંસારની સમ્યક્ પ્રકારે વૃદ્ધિ કરવામાં સમર્થ છે. આહાહા! હવે ક્યાંથી છેદાય એની વાત કરશે, પણ પહેલું આ કહીને.. **णंताणंतभवेण** છેને. **समज्जियसुहअसुहकम्मसंदोहो** એની વ્યાખ્યા કરી. આહાહા! અહીં તો શુભભાવ પણ સંસારનું સંવર્ધન કરવાને સમર્થ કીધું છે. એમ આવ્યું એમાં? શુભાશુભ.. શુભભાવ, અશુભાવ એ બધું સંસારનું સંવર્ધન, એમ. સારી રીતે વૃદ્ધિ, દુઃખની વૃદ્ધિ. આહાહા!

હવે આ અજ્ઞાનીઓ પાસે જઈને મને લક્ષ્મી આપો, પૈસા આપો. કહે છે, .... માન્યતાથી તે મિથ્યાત્વનું પાપ વધે છે અને પૂર્વના પુણ્ય બાંધ્યા હોય એ પુણ્ય ઘટે છે. આહાહા! આવો જ્યાં નુકશાનનો ધંધો છે ત્યાં લાભનો ધંધો માને. આહાહા! આનું નામ સંસાર. મુંબઈમાં બહુ એવા બ્રાહ્મણ પાના લઈને બેસે. ખોટા.... આહાહા! દુઃખિયા બહુ..... આહાહા! પૈસાની રેલ ચાલે છે હમણાં. શાંતિલાલ કહેતો નરોત્તમનો દીકરો વાવડીવાળો. હમણા આવ્યો હતો. ત્યાં તો પૈસાની રેલ ચાલે છે માટે પહેલા રળીને પછી ધર્મ કરીશું. શું છે ...ભાઈ? એમ કે પહેલા

રળવાનું રળી લઈએ પછી ધર્મ કરીશું. રુચિ કરે, રુચિ જેને છે એ રુચિના વાયદા વાફળ છે. રુચિ જ નથી એને. વાફળ... કાઠિયાવાડી ભાષા છે. વાફળ.... કાઠિયાવાડી ભાષા હૈ. વાફળ ઠેકાણા વિનાનો... આહાહા!

જે અનાદિથી ઉપાર્જેલા દ્રવ્ય-ભાવ શુભાશુભકર્મ એ સંસારનું વર્ધન કરવામાં સમર્થ છે **તે–ભાવશુદ્ધિલક્ષણ (ભાવશુદ્ધિ જેનું લક્ષણ છે એવા) પરમતપશ્ચરણથી વિલય પામે છે...** આહાહા! ભાવશુદ્ધિ જેનું લક્ષણ છે એવી પરમ તપસ્યા. આનું નામ પરમ તપસ્યા. ભાવશુદ્ધિ, જે ત્રિકાળી શુદ્ધતત્ત્વનો આશ્રય લઈને જે ભાવશુદ્ધિ પ્રગટ થઈ તે, સંસારવર્ધનનું કારણ શુભાશુભકર્મ એનો નાશ કરનાર છે. ઓલું વર્ધન કરનાર છે, આ એનો નાશ કરનાર છે. આહાહા! કહો, સમજાણું આમાં? પાંચ પ્રકારનો સંસાર... પંચપરાવર્તન છેને. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ—એ પાંચ પ્રકારનો સંસાર છે. શુભભાવ એ પાંચને વધારે છે એમ કહે છે. અશુભભાવ પાંચને વધારે છે. આહાહા! આવી તો વાત છે.

સંસારનું વર્ધન કરનાર... દ્રવ્ય એટલે રજકણોના સંયોગમાં લઈ જનાર, ક્ષેત્રમાં રખડાવનાર, કાળ એટલે જન્મ-મરણ કરનાર, કાળે કાળે.... અને ભવમાં રખડાવે એવો જે ભાવ શુભાશુભભાવ, જે સંસારવૃદ્ધિનું કારણ છે એને છેદવાનો ઉપાય **ભાવશુદ્ધિલક્ષણ પરમ તપશ્ચરણથી**... ભાવશુદ્ધિલક્ષણ એવું પરમતપશ્ચરણ... ભાવશુદ્ધિ જેનું લક્ષણ છે... પર્યાયમાં જ્યાં વીતરાગતા આવી એનું લક્ષણ પરમતપસ્યાનું લક્ષણ છે. સમજાણું કાંઈ? બધું આકરું લાગે. અભ્યાસ નહીંને લોકોને. નવાને તો ગ્રીક-લેટિન જેવું લાગે. આ તે માર્ગ હશે વીતરાગનો? વીતરાગ આમ કહેતા હશે? કેવળી જૈન પરમેશ્વર આમ કહેતા હશે? આ જૈન પરમેશ્વર કહે છે. સમજાણું કાંઈ?

તે સત્યનિષ્ઠ... **તેથી સ્વાત્માનુષ્ઠાનનિષ્ઠ (-નિજ આત્માના આચરણમાં લીન)** છે. પોતાનો ભગવાન ધ્રુવ આનંદ એના આચરણમાં લીન છે એનું આચરણ... એ પરમતપશ્ચરણ **પરમતપશ્ચરણ જ..,** લ્યો, એકાંત કીધું. **શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત છે એમ કહેવામાં આવ્યું છે.** એ જ ખરેખર નિર્દોષ દશા, વીતરાગીભાવ, વીતરાગ તત્ત્વને ત્રિકાળીને આશ્રયે આશ્રયે પ્રગટ થાય તે જ ખરેખર પ્રાયશ્ચિત્ત છે. તે જ પ્રાયશ્ચિત્ત સંસારના નાશનું કારણ છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ-૧૪, શનિવાર, તા. ૪-૧૧-૧૯૭૨**
**શ્લોક-૧૮૯, ગાથા-૧૧૯, પ્રવચન નં. ૧૩૮**

૧૧૮ ગાથાનો કળશ. છે?

**प्रायश्चित्तं न पुनरपरं कर्म कर्मक्षयार्थं**
**प्राहुः सन्तस्तप इति चिदानंदपीयूषपूर्णम् ।**
**आसंसारादुपचितमहत्कर्मकान्तारवह्नि-**
**ज्वालाजालं शमसुखमयं प्राभृतं मोक्षलक्ष्म्याः ॥ १८९ ॥**

આહાહા! કહે છે કે તપ એને કહીએ, ધર્મ એને કહીએ અને પ્રાયશ્ચિત્ત પણ એને કહીએ કે **શ્લોકાર્થ : જે (તપ) અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી...** અહો! નિગોદથી માંડીને અનંતા ભવ પોતાના સ્વરૂપના ભાન વિના એવા કર્યા. એવો અનાદિ સંસાર... ...ની સંસારદશા, દુઃખદશા, પરિભ્રમણદશા એની આદિ નથી. **અનાદિ સંસારથી સમૃદ્ધ થયેલી**–પુષ્ટ પામેલી **કર્મોની મહા અટવીને...** કર્મરૂપી મોટું વન. અનંત-અનંત કાળમાં એણે વિકારીભાવો કર્યાં અને મોટા કર્મરૂપી અટવીને પુષ્ટિ કરી. **બાળી નાખવા માટે...** એને બાળી નાખવા માટે **અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે....** કોણ? ધર્મદશા, તપ અથવા પ્રાયશ્ચિત્ત અથવા સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. એ કોને કહેવું એ પછી કહેશે.

અનાદિથી–આદિ વિનાના કાળમાં એ પ્રાણી દુઃખી છે. એ દુઃખના ભાવ એણે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, મિથ્યા-આચરણ, રાગ-દ્વેષને અનંતવાર કર્યા અનાદિકાળથી. એનાથી કર્મરૂપી અટવી–જંગલ પોષાઈ રહ્યું છે, ફાલ્યું-ફૂલ્યું છે અજ્ઞાન ને મિથ્યાત્વ. એને બાળી નાખવા માટે... એવા સંસારની (અટવી) એને બાળી નાખવા માટે અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે. **અગ્નિની જ્વાળાના સમૂહ સમાન છે.** અગ્નિ છે એની જ્વાળા ઝળહળ ઝળહળ સળગે. એની જ્વાળા સમાન ધર્મ છે. એટલે શું? આહાહા!

**શમસુખમય છે...** અંતર આનંદ વીતરાગી સુખમય છે. સંસારની અટવીને બાળવા માટે વીતરાગી સુખમયદશા છે. સમજાય છે કાંઈ? શમસુખ (અર્થાત્) વીતરાગી સુખ. આ ઈન્દ્રિયોના સુખ તો કલ્પનાના ઝેર છે. એ ઝેરની પુષ્ટિ તો અનાદિથી અજ્ઞાનીએ કરી છે. એમાં ઝળી–બળી રહ્યો છે એની એને ખબર નથી. ક્યાં દુઃખમાં સળગું છું, બળું છું (એની) ખબર નથી. એને ઓલવવા માટે ઉપાય તો શમસુખમય તપ છે. પહેલી અહીંથી ભાષા ઉપાડી. આત્મા આનંદસ્વરૂપ છે એમાં એકાગ્ર થઈને સમતારૂપી વીતરાગી સુખ જેણે પ્રગટ કર્યું છે એને તપસ્યા કહેવામાં આવે છે. નાનાલાલભાઈ! આહાહા!

ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરના મુખમાંથી આ રીતે... ભાઈ! સંસાર ચોરાશીના અવતારના દુઃખની અટવીને તેં પુષ્ટિ કરી છે. આહા! ભાઈ! એ દુઃખની અટવીને બાળવા માટે અગ્નિની જ્વાળા સમાન... આહાહા! સમૂહ અગ્નિની જ્વાળાના સમૂહ સમાન... તડકો.. તડકો.. આમ. શું? શમસુખમય. તપ. અંદર આત્મા આનંદસ્વરૂપ પ્રભુ છે, અતીન્દ્રિય આનંદનો સાગર ભગવાન આત્મા છે, એમાં એકાગ્ર થઈને જેણે સમતારૂપી આનંદ પ્રગટ કર્યો છે એને ભગવાન તપ કહે છે. કહો, બલુભાઈ! આવું તો સાંભળ્યા પહેલાં વર્ષીતપ થઈ ગયું. વર્ષીતપ કર્યો હતોને ...? એક દિ અપવાસ ને એક દિ'... પાંચ વર્ષ થઈ ગયા, પાંચ થયાને. ... હશેને કાંઈ? આહાહા!

ભગવાન ત્રણ લોકના નાથ સર્વજ્ઞદેવ કહે છે (અને) સંતો એ ભેટણા તરીકે, આડતિયા તરીકે વચ્ચે વાત કરે છે. ભગવાનનો આવો માર્ગ છે, જોઈતો હોય તો લે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એ તો અંદર અતીન્દ્રિય આનંદનો સાગર પૂર છે. આહા! કેમ બેસે? બહારની ઇન્દ્રિયોના વિષયોના સુખમાં અર્પાઈ ગયો. ઝેર ખાઈને અમૃત પીઉં છું એમ માને એને આ કેમ બેસે? કહે છે કે ભગવાન! એકવાર સાંભળને નાથ! તારી કહેણી... અનાદિથી તો અજ્ઞાનને પુષ્ટિ કરી છે તારા...... આહાહા! એને બાળવાને સુખમય–શમસુખમય–વીતરાગી આનંદમય.... આહાહા! એને પ્રાયશ્ચિત્ત કહીએ, તપસ્યા એને કહીએ, ધર્મ એને કહીએ કે જે સમતારૂપી આનંદની દશા પ્રગટ થાય એને ધર્મ કહીએ. સ્વરૂપચંદભાઈ! આવું સ્વરૂપ છે. આહાહા!

ભગવાન! તેં તારી ઋદ્ધિને સાંભળી નથી. તું કેવડી ઋદ્ધિવાળો છો, તારામાં શું છે, તું ક્યાં છો, કેવડો છો, કેમ છો? ભાઈ! તને તારા ઘરની (ખબર નથી). આત્મજ્ઞાન વિના ક્રિયા થાતી. ભાઈ પૂછતો હતો કિર્તી. કિર્તી! પૂછતો હતો. આ જ્ઞાન વિના ક્રિયા ... ન થાય? એમ કાંઈક કીધું. ભૂલી ગયા. એવું કાંઈક કીધું હતું. આ જ્ઞાન વિના ક્રિયા રાગની થાય. એ સંસાર ને દુઃખની ક્રિયા છે. આ તો આત્મજ્ઞાન. પ્રભુ પોતે પૂર્ણાનંદનો નાથ, આહાહા! અતીન્દ્રિય આનંદથી ભરેલું ચોસલું ભગવાન ધ્રુવ છે. એમાં એકાગ્ર થઈને, એમાં લીન થઈને જેણે સમતારૂપી સુખની દશા, સમતારૂપી આનંદની દશા પ્રગટ કરી એને તપ કહેવામાં આવે છે. નવલભાઈ! કોઈ દિ' સાંભળ્યું નહી હોય ત્યાં. આહાહા!

ભાઈ! તારામાં તો પૂર્ણ આનંદ પડ્યો છે. પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ, પૂર્ણ સ્વચ્છતા—એવો તારો ત્રિકાળી સ્વભાવ છે. એને જેણે પકડ્યો, એનો જેણે આશ્રય લીધો, એ આશ્રય લેનારને સમતા અને વીતરાગતારૂપી આનંદદશા જે પ્રગટ થાય એને ત્રિલોકનાથ પરમાત્મા પ્રાયશ્ચિત્ત અને તપ કહે છે. એ તપ, સંસારની અગ્નિ સળગી રહી છે એને બાળવાને સમર્થ છે. અટવી સળગી છે અહીં તો. અનાદિથી સંસારરૂપી અટવી (સળગી રહી છે). આ બધા

પૈસાવાળા, રાજાઓ એ બધા દુઃખી છે હોં, રાંકા–ભિખારા છે બિચારા. સ્વરૂપચંદભાઈ! શું હશે આ? ૫૦-૫૦ કરોડ હોય, અબજ રૂપિયા હોય એ બિચારા દુઃખી છે. એ કષાયની અગ્નિ, રાગની અગ્નિથી સળગી રહ્યા છે. સમજાય છે કાંઈ? એનું એને ભાન નથી.

રોગ બહુ વકરે ત્યારે સનેપાતિયો દાંત કાઢે. સનેપાત રોગ થાય છેને. સનેપાત. વાત, પિત્ત ને કફનું વકરવું એટલે વધી જવું એને સનેપાત કહે છે. એ દાંત કાઢે. ત્યારે એ સુખી છે? દાંત કાઢે એ સુખી છે? એ દુઃખમાં, ઘેલછાઈમાં દાંત કાઢે છે. એની ઘેલછાઈ ને દુઃખ અંદર અપાર વધી ગયું, ભાન રહ્યું નહીં (તેથી) દાંત કાઢે. એમ અજ્ઞાની બહારના વિષયોની સામગ્રી અને પ્રભુતા, આબરૂ, કીર્તિ ... કંઈ ધૂળ થઈ સરખાઈ, એને જુવાન શરીર હોય ફાટેલું.... જોઈ લ્યો સરખાઈમાં પુષ્ટિ છે એમ માને. પાગલ છે મોટો. મિથ્યાત્વ, અજ્ઞાન ને રાગ-દ્વેષ—ત્રણનું સનેપાત એને વકરી ગયું છે. ઓલાને વાત, પિત્ત ને કફ એનો રોગ ફાટ્યો છે. આને મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યા રાગ-દ્વેષ વકરી ગયા. વકરી ગયા એટલે વધી ગયા. સુખી છે. અરે ભગવાન! શું કહે છે તું આ? કહે છે... ઓહોહો! આ ગજબ ગાથાઓ આવી છે હોં. આ તો દિવસ બહુ ઓલા છેને......

**શમસુખમય છે**... આહાહા! પહેલી વાત જ .... વધારશે. તપ એને કહીએ, ધર્મ એને કહીએ કે જેને અંતરમાં વીતરાગી આનંદની દશા આવે એને તપ કહીએ. આહાહા! આ માર્ગ તો એવો કઠણ લાગે છે લોકોને, પણ પ્રભુ અંદર સરળપણે બિરાજે છે. સત્.. સત્.. સત્.. સત્ છે. એ અતીન્દ્રિય આનંદનું સત્ છે પ્રભુ આત્મા. પણ એવો કેમ બેસે? એને બીડી વિના ચાલે નહીં, તમાકુ વિના ચાલે નહીં. એક અડદની દાળ સદડી ને સરખી ન થઈ હોય. છાશ ને દાળ બેય સદડા સરખા–મેળ ન ખાય એવા થયા હોય, ત્યાં (કહે), જોઈએ ત્યારે ધાન–અનાજ લાવી આપીએ અને આવું બગાડ્યું? એને એમ કહે, બાપા! ભાઈ! એ ક્લેશથી તું સળગી રહ્યો છો ભાઈ! તને શાંતિ નથી, અશાંતિના સનેપાત ફાટ્યા છે.

એને ઓલવવાનો એક ઉપાય ભગવાન આનંદમૂર્તિ પ્રભુ, આહાહા! સત્.. સત્.. સત્.. ત્રિકાળી સત્, ત્રિકાળી આનંદ, ત્રિકાળી વીતરાગતા, ત્રિકાળી શાંતિ એવી એક ચીજ તારી પાસે તું પોતે છો. આહાહા! ગાંડા થયા છે..... સુખથી સહિત હોય તો કેમ ભળાયું નહીં અત્યાર સુધી? પણ તેં જોયું છે કે દિ'? સમજાય છે કાંઈ? તારી નજરું ક્યાં ગઈ છે? તારી નજરું પુણ્ય ને પાપ, રાગ ને દ્વેષ, એના ફળ તરીકે અગવડતા-સગવડતા ત્યાં જ તારી નજરું ગઈ. જ્યાં વસ્તુ છે ત્યાં તારી નજર ગઈ નહીં. સમજાણું કાંઈ?

**શમસુખમય**... આહાહા! તપસ્યામાં દુઃખ થાય કે આકુળતા થાય છે એ ન હોય. એ તો બધું પાપ છે. આહાહા! તપની દશામાં જેને પ્રાયશ્ચિત્તસ્વરૂપ વીતરાગી પરિણતિમાં સમતારૂપી આનંદ આવે, આહાહા! એને અહીંયા તપ અથવા પ્રાયશ્ચિત્ત અથવા ધર્મ કહે છે કે જે ધર્મ

જન્મ-મરણની અટવીને બાળવાને સમર્થ છે. આહાહા! એ મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે. આહાહા! મોક્ષ–પૂર્ણાનંદની પ્રાપ્તિ કેવળજ્ઞાન. આત્માની પૂર્ણ કેવળજ્ઞાન ને પૂર્ણ આનંદદશા એની પ્રાપ્તિ એનું નામ મુક્તિ. એ મુક્તિ માટે આ શમસુખની પહેલી દશા, તપની આ દશા, વીતરાગીદશા એ મોક્ષલક્ષ્મીની ભેટ છે. ભેટ આપે છે. લાવ મોક્ષલક્ષ્મી. આહાહા! સમજાણું કાંઈ?

અરે! એના અંતરના ગુણોની શું સ્થિતિ છે એ એણે સાંભળી નહીં હોં. અને સાંભળવા મળ્યું ત્યારે (કહે) એ.. નિશ્ચય છે, એ.. નિશ્ચય છે. વ્યવહાર... નિશ્ચય એટલે એ સાચું છે. સમજાણું કાંઈ? આ ને આ.. કાંઈ ક્રિયાકાંડ કરે એ ખરું. એ તો રાગની ક્રિયા છે. ભગવાન! એ તો અટવી છે, એમાં તો જંગલ–અટવી પુષ્ટિ પામે છે. આહાહા! શુભરાગની ક્રિયા પણ અટવી છે, જંગલ–અટવી છે મોટી પુષ્ટ થયેલી. એને બાળવાનો ઉપાય તો આ ભગવાન આનંદમૂર્તિ પ્રભુ છે. અરે! એકવાર સાંભળને! હા તો પાડ. સમજાય છે કાંઈ? આ ત્રણ લોકના નાથના કહેણ આવ્યા, એ કહેણનો સ્વીકાર કર, કહે છે. સમજાણું કાંઈ? આહાહા!

છોકરો સારો હોય અને કન્યાનું કહેણ આવેને. ૨૫-૫૦ કહેણ આવે. એમાં સારું હોય એને સ્વીકારે. એમ હશે કે નહીં? જુઓને! એણે એમ કર્યું કે નહીં ઓલા નિરંજન માટે? ઓલાનું સ્વીકાર્યું. એને કાઠીયાવાડી ન આવ્યા તો મારવાડી આવ્યા. લે કોણ ને આપે કોણ? ઓહોહો! પ્રભુ આત્મા... એ અંતરમાં જ્વાળાને સળગાવીને અનાદિનો પડ્યો છે, કહે છે કે મિથ્યાશ્રદ્ધા ને મિથ્યાજ્ઞાનને સળગાવી રહ્યો છે. આહાહા! એને ઓલવવાનો ઉપાય તો નાથ! તારી પાસે, પ્રભુ! તું પોતે છો. અતીન્દ્રિય આનંદના સાગરે છોળમછોળ ભરેલો છો. આહાહા!

તને નાની દશામાં આવડી મોટી વાત બેસવી કઠણ પડે. પણ બેસાડવી પડશે ભાઈ! સમજાણું કાંઈ? નાને મોઢે... ભરતક્ષેત્રમાં અવતાર અને પ્રતિકૂળતાનો પાર નહીં, એને આમ કરવું ને આ બેસવું, ભાઈ! પણ છો તો એવો હોં. તારે બેસાડવું પડશે. સમજાય છે કાંઈ? ..ભાઈ! આહાહા! સર્વજ્ઞ વીતરાગ તીર્થંકરદેવ અરિહંતદેવના મુખેથી નીકળેલી વાણી સંતો આડતિયા થઈને જગતને વહેંચે છે. માલ આ છે. ભાઈ! આ માલ છે વીતરાગના ઘરનો. શમમય કીધુંને. આહાહા!

જેમાં વીતરાગી આનંદ પ્રગટે, આહાહા! એને પરમાત્માએ તપ ને પ્રાયશ્ચિત્ત કહ્યું. કે જે **મોક્ષલક્ષ્મી માટેની ભેટ છે.** ભેટણું. 'પ્રાભૃત' છેને અંદર? **प्राभृतं** શબ્દ. ચોથી લીટીમાં છે. **शमसुखमयं प्राभृतं मोक्षलक्ष्म्याः** પૂર્ણાનંદરૂપી સિદ્ધદશા, તારી સિદ્ધદશા થવામાં આ અમૃતરૂપી શમસુખ, આહાહા! અંદરની દશા વીતરાગીધર્મ એ એનું ભેટણું છે. સમજાણું કાંઈ? આવી વાત કઈ આ? જૈનમાં તો અપવાસ કરવા... આ ઉપવાસ અપવાસ છે, ઓલા તો અપવાસ છે– માઠાવાસ છે, .... છે. આ તો ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ છે, ભાઈ! એના ઉપ નામ સમીપે વાસ કરવો એનું નામ ઉપવાસ ને તપ છે. આહાહા! સમજાણું કાંઈ? આહાહા!

**તે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપને...** આહાહા! જે તપમાં ચિદાનંદ-જ્ઞાનાનંદરૂપી અમૃતથી ભરેલું હોય એને તપ કહીએ. આહાહા! આ તો વર્ષીતપ કર્યા, આ કર્યા, આટલા કર્યા. ક્યાંય એમાં આત્માનો આનંદ છે? નામ સાંભળ્યુંય નહોતુંને. આહાહા! ચિદાનંદરૂપી અમૃતથી ભરેલું તપ એને **સંતો કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે...** આહાહા! ભગવાન ત્રણ લોકનો નાથ આનંદમૂર્તિ પ્રભુ તું છો. એનો આશ્રય કરીને જેણે ચિદાનંદ જ્ઞાનનો આનંદનો અમૃતથી ભરેલું તત્ત્વ પ્રગટ કર્યું, મોક્ષનો માર્ગ અંદર પ્રગટ કર્યો એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ જ તપ છે. સમજાણું કાંઈ? આહાહા!

તપ એને કહીએ એટલે ધર્મ એને કહીએ, એટલે કે પ્રાયશ્ચિત્ત, સંસારના નાશના ઉપાય એને કહીએ કે જેમાં ચિદાનંદથી અમૃતથી ભરેલું હોય. આહાહા! એ જ્ઞાનાનંદનો.. જ્ઞાનાનંદનો આનંદ, એનું અમૃત એનાથી ભરેલી દશા એને તપ કહીએ. આ સંથારા થાય ને દુઃખ થાય, મહિનાના અપવાસ કર્યા કરે ને માથું દુઃખે છે, સૂંઠ ચોપડો અને રાજી રાખો. જોડે માણસને ગવરાવો. સાંજી આપે. શું કહેવાય? સાંજી આપેને એટલે ઓલી બાઈ ખુશી થાય. મારી પાછળ સારું કરે છે. હોળી સળગે છે ત્યાં તો. મિથ્યાત્વની હોળી છે ત્યાં. સમજાય છે કાંઈ? આહાહા! મુનિરાજે પણ જગતને જાહેર...... જુઓને!

ભાઈ! તપ તો એને કહીએ, પ્રાયશ્ચિત્ત એને કહીએ, ધર્મ એને કહીએ અને મોક્ષનો માર્ગ એને કહીએ, આહાહા! જેમાં ચિદ્ નામ જ્ઞાનાનંદરૂપી અમૃત ભરેલું હોય. એ પર્યાયમાં તો જ્ઞાનાનંદના અમૃતથી ભરેલી દશા હોય. આહાહા! કહો, ભીખાભાઈ! જુઓ! આ તત્ત્વદૃષ્ટિ છે. આહાહા! કરોડપતિ મળવા આવ્યો હોય અને ગરીબ સામું ન જુએ—એવું આ છે. પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ છે, પણ માળો રાંકો થઈને જોતો નથી કે અંદર શું છે આ. સમજાય છે કાંઈ? અને એ જોવું, કેમ જોવું એની ખબરેય નથી. આહાહા!

કહે છે કે જ્ઞાનાનંદરૂપી અમૃતથી ભરેલું એ તપ છે. સંતો એને તપ કહે છે. આહાહા! ભગવાનજીભાઈ! જેની અંદરમાં અમૃતના ડુંગરા પડ્યા છે. પોતે ભગવાન અમૃતનો ડુંગર છે એમાંથી એકાગ્ર થઈને અમૃતનું ઝરણું ઝરે. અતીન્દ્રિય અમૃતના ઝરણા ઝરે એને ભગવાન તપ કહે છે. બાકી બધાને લાંઘણું કહે છે. બલુભાઈને તો થઈ ગયું છેને એક ફેરી....... બાયડી તો તપ કરે, પણ હવે કેટલાક આદમી વર્ષીતપ કરે છે. જાદવજીભાઈ! બૈરાએ કર્યું હતું કે નહીં કોઈ દિ'? કર્યું હતું? આહાહા!

ભગવાન! તું બાયડી પણ નથી ને આદમી પણ નથી. તું પામરેય નથી અને તું એક સમયની પર્યાયના રાગ જેટલોય નથી અને એક સમયની પર્યાય જેટલો-જ્ઞાનની અવસ્થા જેટલોય તું નથી. જુઓને! આ તો પર્યાયમાં .... છે. પ્રગટ પર્યાય એવી છે ધર્મની કે ચિદાનંદ અમૃતથી ભરેલી છે. આહાહા! જે ધર્મદશામાં... એને ધર્મદશા કહીએ કે જે ચિદાનંદ

જ્ઞાનાનંદરૂપી અમૃતથી ભરેલી દશા છે. આહાહા! ... પુસ્તક છે? વચ્ચે આવ્યા છેને. આહાહા! આ તો પ્રભુ! તારા ઘરની વાત છે હોં. તારા ઘરમાં ભર્યું છે એને તેં જોયું નથી કોઈ દિ'. આહાહા! કહે છે કે એ તો ભરેલો છો, પણ આ તો ધર્મની પર્યાય, જેને ધર્મ કહીએ, જેને તપ કહીએ, જેને પ્રાયશ્ચિત્ત કહીએ, જેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહીએ એ કેવી દશા છે? કે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલી દશા છે. આહાહા!

કહો, ચુનીભાઈ! દુઃખ હશે ત્યાં? આ તો અઠ્ઠમ કર્યા, વર્ષીતપ કરેને પછી છેલ્લો અઠ્ઠમ કરે. તમે કર્યું હતું કે નહીં? છેલ્લો અઠ્ઠમ કર્યો હતો? એ કરે છે. સાંભળ્યું છે, આપણે તો કાંઈ (કર્યું નથી). વર્ષીતપ પૂરો થાયને પછી ત્રણ અપવાસ કરે. ...... ત્રણ અપવાસ કરે, આમ કરે, .... લડાવવા માટે. બહુ દુઃખ લાગે.... ચોવિહાર શું, પાણી પીતા હશે. અઠ્ઠમમાં પાણી પીવેને? મૂળ તો લડાવે. તપસ્વીને લડાવે ત્યારે ઓલી ખુશી થાય. મિથ્યાત્વના ઝેર ચૂસે છે. સમજાય છે કાંઈ? આહાહા! એ ઝેરને બાળવાનો ઉપાય તો પરમાત્મા ભગવાન પોતે એના ભેટણા મૂકીને અંદરમાં એકાગ્ર થાય, આહાહા! અને ધર્મની દશા એને કહીએ, વીતરાગધર્મ એને કહીએ કે જે ચિદાનંદરૂપી અમૃતથી ભરેલી દશા હોય. શાંતિભાઈ! છે એમાં? આહાહા!

ભગવાન તો આનંદથી ભરેલો, અમૃતથી ભરેલો છે જ, પણ ધર્મ થયો એમાં શું થયું? એમ કહે છે. ધર્મ કર્યો ધર્મીએ. એણે ધર્મ કેવો કર્યો? આહાહા! ચિદાનંદરૂપી અમૃતથી ભરેલી દશા છે એ તો. શાંતિ.. શાંતિ.. અમૃત અતીન્દ્રિય આનંદનો સ્વાદ. જેને અતીન્દ્રિય આનંદના સ્વાદના ઘૂંટડા આવ્યા. તૃષા લાગી હોય ને મોસંબી પીવે છેને આમ ગટ.. ગટ.. ગટ.. ગટ.. ગટ. એમ ધર્મી તો આનંદના ઘૂંટડા પીવે છે, કહે છે. ભાઈએ–સોગાનીએ કહ્યું છેને. એમણે શેરડીનો દાખલો આપ્યો છે. શેરડી.. શેરડી. રસ.. રસ. ઘૂંટડા પીવે. તૃષા લાગી હોય એમાં શેરડીનો રસ (હોય). એની ગાંઠું, છેડા કાઢીને વચલી કાતરડીનો રસ હોય. આની કોરની ગાંઠું ને આની કોરનો છેડો, વચલી કાતળીનો રસ એકલો મીઠો. એમ કહે છે પ્રભુ... એ શેરડીનો રસના દાખલો આપ્યો.

જેમ તૃષા લાગી હોયને પીવે, આહાહા! અરે! આઠ વર્ષની બાલિકા હોય પણ સમ્યગ્દર્શન-જ્ઞાનને પામે, ત્યાં અમૃતના ઘૂંટડા વહેતા હોય છે કહે છે. સમજાણું કાંઈ? કહો, ચંદુભાઈ! આ સપરમા દિન કહેવાય બધા. આહાહા! ચિદાનંદરૂપી અમૃતથી ભરેલું તપને કુંદકુંદાચાર્ય આદિ સંતો, મુનિઓ, ધર્માત્મા કર્મક્ષય કરનારું પ્રાયશ્ચિત્ત કહે છે. એનાથી કર્મ ક્ષય થાય એમ ભગવાન કહે છે. આહાહા!

ઓલા તો બિચારા કહે, અપવાસ કર્યા, અઠ્ઠમ કર્યા, આઠ અપવાસ કર્યા, ચોવિહારા કર્યા તો આહાહા... અભિનંદન આપો એને ભાઈ! અભિનંદન આપે એને ઊભા કરીને. શેઠિયાના ઘરમાંથી કોઈ વહુએ કર્યું હોય તો વરઘોડો નીકળે મોટો. ધામધૂમથી મોઢા આગળ

વાજા, વચમાં વાજા, આગળ-પાછળ વાજા. ત્રણ-ત્રણ તો વાજા વગાડે. શું કહેવાય એ? બેન્ડ. ઓહોહો! શું ધર્મની શોભા! ધૂળેય નથી પ્રભાવના. પ્રભાવના તો એને કહીએ કે આત્મામાંથી આનંદની છોળ ઊઠે. જેને ચિદાનંદ–જ્ઞાનનો આનંદ(રૂપ) અંદર અતીન્દ્રિય પરિણતિ થાય એને પરમાત્મા પ્રભાવના ને તપ કહે છે. આહાહા!

તેને કહ્યું, **પરંતુ અન્ય કોઈ કાર્યને નહિ.** આ આકરી વાત લાગે. આ બધા વાંધા. ... ઓલા રતનચંદ જેવાને આકરું લાગે આ. **અન્ય કોઈ કાર્યને નહીં**. તારા દયા, દાન, વ્રત ને ભક્તિના પરિણામ બધા રાગ છે. કોઈ કાર્યને ધર્મ કહેતા નથી લ્યો. કોઈ કાર્યને અમે પ્રાયશ્ચિત્ત ને તપસ્યા કહેતા નથી. આહાહા! સમજાણું કાંઈ? હવે ૧૧૯ ગાથા બહુ સારી છે. ૧૧૯.

**अप्पसरूवालंबणभावेण दु सव्वभावपरिहारं ।**
**सक्कदि कादुं जीवो तम्हा झाणं हवे सव्वं ॥ ११९ ॥**
**આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને**
**ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.**

આહાહા! અલૌકિક ગાથા આવી છે.

**ટીકા : અહીં (આ ગાથામાં) નિજ આત્મા જેનો આશ્રય છે...** આહાહા! જુઓ! પહેલું ઉપાડ્યું છે. નિજાત્મા ભગવાન આત્મા... પરમાત્મા પરમેશ્વર પણ જેનો આશ્રય નહીં. જેને રાગનો આશ્રય નહીં, જેને એક સમયની પર્યાયનો પણ આશ્રય નહીં. જેને નિજ આત્મા જેનો આશ્રય છે **એવું નિશ્ચય-ધર્મધ્યાન...** જુઓ! અહીં ધર્મધ્યાન નાખ્યું. ઓલા કહે, ધર્મધ્યાન તો શુભભાવને જ કહીએ. અરર! પ્રભુ! બહુ ફેરવી નાખ્યું ભાઈ! રતનચંદજી કહે છેને. શુભભાવને ધર્મધ્યાન કીધો. માટે શુભભાવમાં ધર્મધ્યાન પણ છે અને થોડો રાગ છે. અહીં તો નિશ્ચય-ધર્મધ્યાન આ કહ્યું. નિજ આત્માનો જેને આશ્રય એવું નિશ્ચય-ધર્મધ્યાન. ભગવાન પરમાત્મ-સ્વરૂપ પોતે અતીન્દ્રિય અમૃતના સાગરથી ભરેલો છે એનો જેને આશ્રય છે, જે આશ્રય છે એ નિશ્ચય-ધર્મધ્યાન છે. પરનો આશ્રય ને પરના આશ્રયે થતો રાગ એ ધર્મધ્યાન નહીં. આહાહા! બલુભાઈ! આહાહા!

અરે! જૈનના વાડામાં જન્મ્યા. જૈન પરમેશ્વર એટલે શું? આહાહા! વીતરાગ સર્વજ્ઞદેવ તીર્થંકર કેવળી એક સમયમાં જેને પૂર્ણ આનંદનો અનુભવ છે, પૂર્ણ જ્ઞાન ત્રણ કાળ, ત્રણ લોકને એક સમયમાં (જાણે). અરે! એવા ભગવાનના વાડામાં જન્મ તારો. એ વાડાના મોટેરા ભગવાનનું ધ્યાન કર. આહાહા! ભાઈ! તું કેવો છો? કે નિજ આત્માનો આશ્રય કર એ નિશ્ચય-ધર્મધ્યાન છે. પર આત્માનો આશ્રય કરે ત્યાં ધર્મધ્યાન નહીં એમ કહે છે. ભગવાન એમ પોકારે છે. ભગવાન કહે છે કે મારો આશ્રય કરતા રાગ ધર્મધ્યાન નહીં, પુણ્ય છે. આહાહા!

શ્વેતામ્બરમાં બે વાત મૂકે જ્યાં હોય ત્યાં. 'મૂર્તિ ને આગમ ભવિજનકો આધાર.' એય ચેતનજી! આ માનવિજય કહેતા હતા પહેલા. ગુજરી ગયાને એ તો. માનવિજય કહેતા..... માનવિજય નહોતા? દેરાવાસી સાધુ હતા. ગુજરી ગયા. 'જિનમૂર્તિ ને જિનાગમ ભવિજનકો આધાર.' અહીં ભગવાન ના પાડે છે. નિજ આત્મા જેનો આશ્રય છે. આહાહા! સાચું ધર્મધ્યાન અને સાચો ધર્મ એને કહીએ કે જેમાં ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ એનો આશ્રય લીધો, મોટાનો આશ્રય લીધો એની પરિણતિને ધર્મધ્યાન કહીએ, કહે છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ! આવો ધર્મ. આવું ધર્મધ્યાન તો સાંભળ્યોય ન હોય ક્યાંય. નાનાલાલભાઈ! શેઠીયા થઈને...

બાપુ! તારા ઘરની વાત છે હોં. ભગવાન ત્રિલોકનાથે આ વર્ણવ્યું છે, જગતની પાસે આમ પ્રસિદ્ધ–જાહેર કર્યું છે. આહાહા! કાંઈ ગોપવીને રાખ્યું નથી. કહો, ભીખાભાઈ! ક્યાં રહ્યા ઉના પાણી ને તપ ક્યાં રહ્યાં આમાં? આહાહા! પહેલે ધડાકે લીધું. 'આલંબન' છેને પાઠ. મૂળ પાઠમાં છે. **अप्पसरूवालंबण**.. આત્માના રૂપનું આલંબન. આહાહા! એવો જે ભગવાન ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ જેની એકાગ્રતાથી અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે એને નિશ્ચય-ધર્મધ્યાન કહીએ. જેમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે. એ વળી કેવો હશે? સમજાણું કાંઈ? આહાહા! છોકરાઓ નથી લેતા કુલ્ફી ને આ શું? આઈસક્રીમ. ચૂસે છેને કુલ્ફી આમ. એમ ભગવાન આનંદની મૂર્તિ એમાં એકાગ્ર થવું એને ચૂસણું કહેવાય છે. એ આત્માને ચૂસે છે. આહાહા!

અજ્ઞાની અનાદિથી રાગ અને દ્વેષને ચૂસે છે. ઝેરને ચૂસે છે અને માને કે અમે સુખી છીએ. આહાહા! પાગલ થઈ ગયો છે, પાગલ છે આ ગાંડા. આ બધા પૈસાવાળા હોય, રૂપાળા હોય, છોકરાઓ બાયડીઓ બધું સરખું હોય, બંગલા હોય દસ-દસ લાખના. આહાહા! ભાઈ! તને ખબર નથી તારી ઋદ્ધિ બાપુ! આહાહા! કહે છે, કન્યાને જ્યારે વળાવે સાસરે ત્યારે ગૃહસ્થ હોય એ સારો કરિવાયર આપે છે. તને વળાવવો છે મોક્ષમાં. આહાહા! તારો કરિયાવર, આનંદસ્વરૂપ ધર્મધ્યાન તે તારો કરિયાવર છે, લે. આહાહા! સમજાણું કાંઈ?

**નિજ આત્મા જેનો આશ્રય**... આહાહા! અરેરે! આવા મુનિઓની વાત જેને સારી ન લાગે, ભગવાન! તને શું કહીએ? ભાઈ! આ નિયમસારે તો ટીકામાં સ્પષ્ટ કરી નાખ્યું. પર્યાયનો અધિકાર ખરોને એટલે પર્યાયને નિરપેક્ષ કરીને ચોખ્ખી કરી નાખી. આહાહા! સમજાય છે કાંઈ? ધર્મ એને કહીએ અને ધર્મનું ધ્યાન એને કહીએ કે જેમાં નિજ આત્માનો આશ્રય હોય. જેમાં નિમિત્તનો આશ્રય નહીં, રાગનો આશ્રય નહીં, એક સમયની પર્યાયનો પણ આશ્રય નહીં, આહાહા! એનું અવલંબન નહીં. આ અવલંબનની તકરારું સ્થાનકવાસી, દેરાવાસીમાં. દેરાવાસી કહે, અમારે દેરાસરનું આલંબન છે, મૂર્તિનું આલંબન છે. તમારે છે? ઓલા કહે, અમારે આત્માનું આલંબન છે. તને આત્માની ખબર નથી, આલંબન ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન પૂર્ણસ્વરૂપ પ્રભુ... પૂર્ણ.. શું કહે છે આ? દેખાય છે તો પરિણતિ, પણ જ્યાં છે ત્યાં જોવા જા તો દેખાય કે જોયા વિના આંખ્યું મીંચીને દેખાય? દરકાર કરી નથી. સવારે આઠ વાગ્યા સુધી સૂવે, ઓરડો એક હોય, બારણું બંધ હોય, ચીપડા ભર્યા હોય, ત્રણ ગોદડા ઓઢ્યા હોય. એને એમ કહે, જો સોનાના નળીયા થયા. ઉઠ.. ઉઠ હવે. એને તો કંઈ દેખાય નહીં. બારણું બંધ હોય, આંખ્યું મીંચી (હોય), ચીપડા ભર્યાં હોય, ત્રણ ગોદડા ઓઢ્યા હોય. સોનાના ઓલા નળીયા... સોનાના એટલે સમજ્યા? તડકો. એ શી રીતે ભાળે? આહાહા! એમ મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષના ત્રણ મોટા ગોદડા ઓઢ્યા છે. ઓરડો બંધ અંદર. અંદરના નેત્ર ખુલ્યા નથી એના. આહાહા!

કહે છે કે એકવાર સાંભળને, પ્રભુ! અરે! આવા અવસર બાપા! મળવા મુશ્કેલ છે. આહાહા! અને નજરું કરે ને નજરમાં ન આવે એમ બને નહીં ભાઈ! તેં નજરું કરી નથી. જ્યાં નજર કરવી જોઈએ ત્યાં કરી નથી. આહાહા! ધર્મનો અધિકાર આવો હશે? આઠ વર્ષની છોકરી હોય, પાંચ સામાયિક કરે તો પંચરંગી જાઓ. પાંચ સામાયિક કરે. એક નહીં, પાંચ. ધૂળેય સામાયિક નથી, સાંભળને! એકલા રાગના પોષણ છે. આહાહા! આ તો બધું ફેરફાર લાગે છે. નાનાલાલભાઈ! આ સામાયિક ને જાત્રા કરો લ્યો ભગવાનની જાત્રા કરો. એક તો ચૈત્ર સુદ પૂનમની ને એક કારતક સુદ પૂનમની—બે કરો. એક શું, લાખ કરને, ત્યાં ક્યાં ધર્મ હતો? હતો શુભરાગ. શુભરાગ એ પુણ્ય છે. અશુભથી બચવાનો ઉપાય..... એ ધર્મ નહીં. વીતરાગમાર્ગમાં એ વીતરાગભાવરૂપે નહીં, એ રાગરૂપ છે. આહાહા!

કહે છે કે **નિજ આત્માનો જેનો આશ્રય છે એવું નિશ્ચય-ધર્મધ્યાન જ**... પાછું 'જ' જોયું! એકાંત કરી નાખ્યું. **સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે...** લ્યો, આવી વાતું.... સારી ન લાગે. ગાથાએ-ગાથાએ એકાંત કરી નાખ્યું આમ ને આમ. ભાઈ! આ પણ કીધુંને. ...... એકલો આત્માનો વીતરાગી સ્વભાવ એને આશ્રયે જેટલો વીતરાગભાવ પ્રગટ થાય એ એક જ કર્મક્ષયનું કારણ છે. બીજું કોઈ કર્મના નાશનું કારણ, બીજો કોઈ ઉપાય છે જ નહીં. આહાહા! એ **નિશ્ચય-ધર્મધ્યાન જ**... એટલે? આત્મા પૂર્ણાનંદ પ્રભુ એનો આશ્રય લીધો અને આશ્રય લઈને જે પ્રગટ વીતરાગી નિર્દોષ આનંદ સહિત દશા, ચિદાનંદના અમૃતથી ભરેલી જે દશા પ્રગટી તે જ નિશ્ચય-ધર્મધ્યાન છે. એ **ધર્મધ્યાન જ સર્વ ભાવોનો**... વિકારી અજ્ઞાન આદિ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે. શુભરાગાદિ ઝેરનો પણ અભાવ કરવાને આ સમર્થ છે. આહાહા!

એક ફેરી શાહુજી કહેતા હતા હોં. મહારાજ તો પાઠમાંથી અર્થ કાઢે છે. દિલ્હી, શાહુ શાંતિપ્રસાદ. ચાલીસ કરોડ રૂપિયા. એનો નાનો ભાઈ ત્યાં રહે છે મુંબઈ. એ મુંબઈ રહે છે. ઓલા પાનાચંદ જૈન વિરોધ કરતા હશે ત્યાં. માણસ ઘણું પણ.......... આને ખબર પડી. પણ

શેનો આ વિરોધ છે? મહારાજ તો પાઠનો અર્થ કરીને બોલે છે, પાઠમાંથી કાઢે છે. એમણે લખેલો છે આ પાઠ? એમ બિચારા કહેતા હતા. ...... જુઓ! આ શું કહે છે? વાંચો, તમે પાઠ સામે રાખો. વાંચો, આમાં શું કહે છે? કે ભગવાન આત્મા આનંદમૂર્તિ દ્રવ્યસ્વભાવ વસ્તુ ત્રિકાળી ચીજનો આશ્રય જેણે લીધો, એ આશ્રય એ જ ધર્મધ્યાન છે અને એ ધર્મધ્યાન જ સર્વ વિકારીભાવનો–રાગ-દ્વેષના ભાવનો નાશ કરવાને સમર્થ છે. બાકી બીજો કોઈ ભાવ વિકારને નાશ કરવાને સમર્થ છે નહીં. હવે આવી વાત ઉઘાડી ચોખ્ખી છે. આહાહા! દાંડી પીટીને મૂક્યું છે સભામાં. આ ગોપવવા માટે રાખી છે?

**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત...** હવે આવ્યો ભગવાન જુઓ! કેવો છે આત્મા? ભગવાન ત્રિકાળી દ્રવ્ય જે ત્રિકાળી શાશ્વત છે.. છે.. છે.. છે.. છે.. છે.. એવો આત્મા અંદર **સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત**... સમસ્ત વિકલ્પ આદિ પરદ્રવ્ય એના પરિત્યાગ (એટલે) સમસ્ત પ્રકારે તેનો ત્યાગ, એના લક્ષણથી લક્ષિત છે. **અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવની ભાવનાથી...** આહાહા! એક તો પહેલી વસ્તુ વર્ણવી. **અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવ**... ત્યાં સુધી ત્રિકાળી વસ્તુ લીધી. અખંડ–જેમાં ખંડ નથી, નિત્યાનંદ પ્રભુ છે અંદર. **નિરાવરણ**... ત્રિકાળ નિરાવરણ છે. વસ્તુ છે એને આવરણ શું હોય?

**સહજ-પરમપારિણામિક**... સ્વભાવિક પરમ સ્વભાવભાવ. પારિણામિક એટલે જેનો પરની કોઈ અપેક્ષા નથી. એવો સહજ સ્વભાવિકભાવ ત્રિકાળી એ ધ્રુવ. 'એની ભાવનાથી' એ વર્તમાન પર્યાય. જે ઓલું નિશ્ચય-ધર્મધ્યાન કહ્યું હતું, જે ચિદાનંદના અમૃતથી ભરેલી પર્યાય કીધી હતી એ આ ભાવના. બીજી-બીજી રીતે વર્ણન કર્યું છે. સમજાણું કાંઈ? **અખંડ-નિત્યનિરાવણ-સહજ-પરમપારિણામિકભાવ** નિત્ય અવિનાશી ધ્રુવ એ ત્રિકાળી વસ્તુ. એની ભાવના એ વર્તમાન અવસ્થા. એ ત્રિકાળીભાવની એકાગ્રતા એ એની ભાવના. સમજાણું કાંઈ? નિત્યાનંદ ભગવાન પ્રભુ આત્મા ધ્રુવ એ પરમપારિણામિક સ્વભાવભાવ અને એની ભાવના એટલે મોક્ષનો માર્ગ, એટલે કે દ્રવ્યસ્વભાવમાં એકાગ્રતા, નિજ આત્માનો આશ્રય લઈને પ્રગટ થયેલી પર્યાય, જેને ચિદાનંદરૂપી અમૃતથી ભરેલું તપ કીધું એ આ. આહાહા! વાંચ્યું પણ નથી કોઈ દિ' બલુભાઈ! આહાહા!

વીતરાગ પરમેશ્વર, આહા! જેને રાગનો અંશ નથી, દુઃખનો અંશ નથી, અપૂર્ણતા નથી. પર્યાયની પૂર્ણતા જેણે પ્રગટ કરી છે એ ભગવાનના મુખે નીકળેલી આ વાણી છે. તીર્થંકરદેવ ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે. એના મુખે નીકળેલી વાણી આ સંત લઈને આવ્યા છે. કુંદકુંદાચાર્ય આઠ દિ' ત્યાં ગયા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સમજાણું કાંઈ? શું લાવ્યા? બાપ ચાર-છ મહિના વિલાયત ફરવા ગયો હોય તો છોકરા ભેગા

થાય, (કહે) શું લાવ્યા બાપા? ઘડિયાળ લાવ્યા? કંદોરો લાવ્યા? ફલાણું લાવ્યા? ઢીંકણું લાવ્યા? બાયડી કહે સાડલો લાવ્યા? શું.... અહીં કહે છે કે કુંદકુંદાચાર્ય ભગવાન પાસે ગયા હતા. ભવિજીવ પૂછે છે, પ્રભુ! શું લાવ્યા તમે? અમે તો આ લાવ્યા છીએ. લ્યો, લ્યો આ. આહાહા! જયસુખભાઈ! આહાહા! ભારે શ્લોક–કળશો તે બધા! ઝીણું...

વ્યવહારની રુચિવાળાને—વ્યવહારની રુચિ પડી છે એને—આ ન ગોઠે. શું થાય? આહાહા! અરે! ગોઠિયા થઈને ગોઠ વહેંચે એ કોણ ગોઠિયો ન લે? એમ આ... નહોતું આવ્યું? હે સખા! એમ આવ્યું હતું. હે સખા! હું માર્ગે જાઉં છું તું ભેગો ચાલ.. ચાલ, એમ કહે છે. હું મોક્ષને માર્ગે જાઉં છું, સખા–મિત્ર! ચાલને સાથે. આપણે ગોઠ વહેંચશું. આહાહા! કહે છે, **પરમપારિણામિકભાવ**... આવી ભાષા પણ સમજે નહીં. પરમપારિણામિક શું હશે? કોઈ દિ' સાંભળ્યુંય ન હોય નાનાલાલભાઈ! આ દેરાવાસીના શેઠિયા મોઢા આગળ... પણ ન હોય એમાં શું? આ ત્યાંના શેઠિયા છે. શું કહે છે? આટકોટ. નારણશેઠ મોટી આબરૂવાળા હતા, નારણશેઠ. ડોસી કહેતા. નારણશેઠ સાથે આડતિયાનો વેપાર હતો અમારા બાપના બાપને. આમ ગૃહસ્થ હતા..... નારણશેઠ.... ડોશી હતા. આટકોટવાળા સાથે ધંધો હતો. જૂની વાતું પોણોસો વર્ષ પહેલાની. આહાહા!

નરનો નારાયણ થાય એ આ આત્મા છે, કહે છે. આહાહા! કેમ બેસે? એક જરીક અનુકૂળતા આવે ત્યાં રાજી રાજી થઈ જાય. કાંઈક દાગીનો આવ્યો હોય પાંચ-પચ્ચીસ-પચાસ રૂપિયાનો ગરીબને ત્યાં ખુશી.. ખુશી.. આહાહા.. આજ બાપા દાગીનો લાવ્યા. કાનમાં લટકાવે કે આમ બહાર દેખાય. અંદર પહેરીને આમ ઓઢીને બેસે એમાં કોણ દેખે? અહીં દાગીનો હોય એને ઓઢીને બેસે તો કોણ દેખે? આ ઉપર નાખે આમ. આ સંસારનો.... આહાહા! સંવર્ધન–પુષ્ટિ કરે છે. આહા!

કહે છે, એ **ભાવનાથી**... હવે જરી કઠણ વાત આવી. બે બોલ કીધા. એક તો, આ આત્મા ચીજ જે ત્રિકાળી એ તો સમસ્ત પરદ્રવ્યના ત્યાગ(રૂપ) લક્ષણથી લક્ષિત છે એટલે પરદ્રવ્યનો બિલકુલ અંદર (સંબંધ નથી), વિકલ્પનો પણ સંબંધ નથી. આહાહા! પર્યાય નથીને. અહીં તો અખંડ દ્રવ્ય લેવું છેને. અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવ એ તો ત્રિકાળી ધ્રુવ કીધું. તું છો ત્રિકાળી તે કીધું. હવે એની તરફનો આશ્રય, એ પ્રગટેલી ભાવના–એકાગ્રતા. એ કેવી એકાગ્રતા છે?

**ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોનો પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય જીવ સમર્થ છે...** ભારે ઝીણું. વસ્તુ ભગવાન પૂર્ણાનંદ એની એકાગ્રતાની ભાવના આ ચાર ભાવનો આશ્રય છોડાવે છે, કહે છે. ત્યાં લક્ષ કરાવ્યું છે તો આ

લક્ષ છૂટી જાય છે આમ. દયા-દાનના વિકલ્પ, ઉપશમ સમકિત, ક્ષયોપશમ સમકિત કે ક્ષાયિક સમકિત તેનું લક્ષ ત્યાંથી છૂટી જાય છે. સમજાણું કાંઈ? અર્થ કરશે નીચે.

ઔદયિક એટલે પુણ્ય-પાપના ભાવ, ઔપશમિક એટલે સમકિત ને ચારિત્ર શાંત-ઉપશમ, ક્ષાયિક એ સમકિત, ચારિત્ર લીધું, ત્યાં જ્ઞાન નથી, ક્ષયોપશમ એ જ્ઞાન ને દર્શન વિગેરે. **એ ચાર ભાવાંતરો**... એટલે? પારિણામિકભાવથી આ ચાર ભાવ અનેરા છે. ત્રિકાળી પારિણામિકસ્વભાવભાવ એનાથી આ ભાવાંતરો છે (એટલે) ભાવથી અનેરા ભાવ છે. ક્યા ચાર? નીચે ખુલાસો કરશે.

એનો **પરિહાર કરવાને** એટલે એનું લક્ષ છોડાવવાને **અતિ આસન્નભવ્યજીવ સમર્થ છે**... આહાહા! સમજાણું કાંઈ? ક્ષાયિકભાવને આશ્રયે પણ જીવને લાભ ન થાય. નવા લાભની વાત છેને. એટલે કહે છે, ભલે રાગ હો કે ઉપશમ સમકિત કે ક્ષાયિક સમકિત હો, તેનું લક્ષ કરતાં તો વિકલ્પ ઉત્પન્ન થાય. માટે પરમપારિણામિકભાવનો આશ્રય કરતાં ચાર ભાવનું લક્ષ છૂટી જાય છે. એ 'ચાર ભાવનો પરિહાર કરવામાં સમર્થ' એમ કહેવામાં આવે છે. ભારે વાત ભાઈ! નીચે આવશે.....

દિવાળી છેને દિવાળી. આહાહા! જેની દશા પર ઉપર છે એની દશા સ્વ ઉપર લાવવી એનું નામ દિવાળી છે. જેણે દિ' એનો વાળ્યો છે. દિ' એટલે કાળ. કાળ એટલે વર્તમાન પર્યાય એને સ્વકાળ કહે છે, એને દિવસ કહે છે. સ્વકાળની પર્યાય પર તરફ જે વળેલી છે એને અંતર દ્રવ્ય તરફ વાળવી એનું નામ દિવાળી છે. ભગવાનને કેવળજ્ઞાન તો થયેલું હતું. આજે મોક્ષ પધાર્યાં. કારતક વદ અમાસ. ..... આજ સવારના.... આ કારતક મહિનો ચાલે છે સિદ્ધાંત પ્રમાણે. કારતક વદ. સુદ હવે બેસશે. કારતક વદની ચૌદશે વહેલી સવારે ભગવાન મોક્ષ પધાર્યાં. સમજાણું કાંઈ? એ એની વાસ્તવિકતા હવે આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**આસો વદ-૧૫, રવિવાર, તા. ૫-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૧૯, પ્રવચન નં. ૧૩૯**

આ નિયમસાર, શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત (અધિકાર) એટલે કે સંસારભાવને છેદવાનો ઉપાય. ચોર્યાસી લાખના અવતાર, એનું કારણ જે મિથ્યાત્વ ને રાગ-દ્વેષભાવ, જે દુઃખદાયકભાવ છે, એને છેદવાનો ઉપાય એને અહીંયા પ્રાયશ્ચિત્ત કહે છે. સાચું પ્રાયશ્ચિત્ત પાછું. ટીકા ફરીને.

**ટીકા : અહીં (આ ગાથામાં), નિજ આત્મા જેનો આશ્રય છે...** બહુ ટૂંકામાં આખો ભાવ ભરેલો છે. **નિજ આત્મા જેનો આશ્રય છે**... જે ભાવનો આત્મા આશ્રય છે... છેને? **એવું નિશ્ચય-ધર્મધ્યાન...** આ બધા વાંધા ઉઠાવેને કે ધર્મધ્યાન તો શુભભાવ જ હોય. અરે ભાઈ! તને ખબર નથી બાપુ! ભગવાન આત્મા પૂર્ણ આનંદથી ભરેલો... સવારમાં કહ્યું હતું નાળિયેર જોઈને. લીલું નાળિયેર હાથમાં આવ્યું. એમ ને એમ બેઠેલું હતું. કીધું, આ હલતું નથી અંદર. પાણીથી આખું ભરેલું હલ્યું નહીં.. હલ્યું નહીં. આમ ખખડ્યું નહીં. કંઈક સુકાઈ ગયેલું હોય ને કંઈક પાણી હોય તો ખખડે. એમ આ ભગવાન આત્મા.. આત્મા જેને કીધોને અહીંયા, એ તો ધ્રુવ આત્માની વાત છે. આશ્રય લેનાર પર્યાય છે. જેનો એ આશ્રય લે છે એ ધ્રુવ છે. એ હલતો નથી–પરિણમતો નથી એવી એ ચીજ છે. સમજાણું કાંઈ?

**જેનો આશ્રય**... નિજ આત્મા જેનો આશ્રય છે–જે ભાવનો. જે ભાવે ધ્રુવને ધ્યેય બનાવીને એમાં એકાગ્ર થયો છે એને અહીંયા નિશ્ચય-ધર્મધ્યાન કહે છે. આહાહા! કહે છેને માણસ કે ધર્મધ્યાન કરો છો કાંઈ? ધર્મધ્યાન કરે માણસ. આ સ્થાનકવાસીમાં પૂછવાનો બહુ રિવાજ છે. ધર્મધ્યાન કરો છો કાંઈ? એક જણાએ પૂછ્યું કે ધર્મધ્યાન કરો છો તમે? કે હા. સામાયિક કરો છો? કે હા. પડિકમણું કરો છો? પ્રૌષધ, અપવાસ પણ કરીએ છીએ, ધર્મધ્યાન કરીએ છીએ. એક સાધુએ પૂછ્યું ત્યાં સંપ્રદાયમાં. કરીએ છીએ. એમ વાત નીકળતાં (કહ્યું કે) આ આત્મા તો અસંખ્યપ્રદેશી નિત્ય ધ્રુવ છે, આ શરીરાદિ જે છે એ ઘણા રજકણોથી બનેલું છે. ત્યારે જેને પૂછ્યું હતું કે ધર્મધ્યાન કરો છો? કે હા. સામાયિક, ચોવિસંથો કરીએ છીએ. તેણે પૂછ્યું, મહારાજ! આત્મા કેટલા રજકણનો બનેલો હશે? સમજાણું કાંઈ?

નેવુંની સાલની વાત છે. ત્યારે આ કહ્યું. શરીરાદિ તો અનંત રજકણનો પિંડ છે. સોનાનો કટકો પણ અનંત રજકણનો પિંડ છે અને આત્મા તો એક દ્રવ્ય ભિન્ન છે. ત્યારે એણે પ્રશ્ન કર્યો. બરવાળા પાસે પાણવી છેને પાણવી. એ પાણવીના હતાને. ઉજમશી કેવા? નાનચંદભાઈ. હા, એ. એણે પ્રશ્ન કર્યો, મહારાજ! આત્મા કેટલા રજકણનો? આરે, કાંઈ ખબર ન મળે. આહા! કેટલા રજકણનો? રજકણ તો આ પરમાણુ માટી છે. પ્રભુ તો અનંતગુણનો પિંડ

છે, ધ્રુવ છે, અનંતગુણનું એકરૂપ છે. એ હલતુંય નથી, પરિણમતું નથી, એ તો એમ ને એમ દળ અનાદિનું અનાદિ-અનંત પડ્યું છે. એનો જે આશ્રય લે, જે ભાવ એટલે પર્યાય... ભાવ એટલે પર્યાય અને નિજ આત્મા એ ધ્રુવ ત્રિકાળી.

એ જેનો આશ્રય છે, આત્મા જેનો આશ્રય છે **એવું નિશ્ચયધર્મધ્યાન જ**... એવું જે સાચું ધર્મનું ધ્યાન... ભગવાન આત્મા પૂર્ણસ્વરૂપ એનું જેને ધ્યાન છે, એક સમયમાં પૂર્ણસ્વરૂપ ભગવાન આત્મા એને જેણે ધ્યેય બનાવ્યો છે, એવો જે ભાવ એટલે પર્યાય એને અહીંયા નિશ્ચય-ધર્મધ્યાન કહે છે. આહાહા! નાનાલાલભાઈ! આવો માર્ગ. આહાહા! શું ધર્મધ્યાન ને કોનો ધર્મ? આ તો વ્રત ને તપ, આ કરવા ને એ ધર્મધ્યાન. અહીં તો ધર્મધ્યાન આને કહે છે. એ બલુભાઈ! આ તમારા બાપ ને બધા કરી ગયા એ ધર્મધ્યાન નહીં કરી ગયા હોય?

શ્રોતા : એના બાપ-દાદા મોક્ષે ગયા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વાત સાચી. પૂર્વે ઘણી અનંત પેઢીમાં કેટલાક બાપ-દાદા મોક્ષ ગયા છે. નથી ગયા? અનંત.. અનંત પેઢી થઈને. કેટલાક તો કેવળજ્ઞાન પામી, આત્માનો આશ્રય લઈ કેવળ પામી મોક્ષ પધાર્યા છે. અનંત ભવ થયાને. આહાહા! અને કેટલાક તો એમ ને એમ ધર્મધ્યાનને નામે, રાગની ક્રિયા કરીને એને નામે ભવને ખોઈ બેઠા છે. એવાય અનંતા છે.

અહીં તો ભગવાન, સંતો જગતને જાહેર કરે છે. પ્રસિદ્ધ એવો જે ભગવાન પૂર્ણાનંદ પ્રભુ... અહો! એ **નિજ આત્મા**... પાછો પરમાત્માય નહીં. નિજ આત્મા ભગવાન પૂર્ણસ્વરૂપ પોતે છે અત્યારે. એનો જેને, આવા આત્માનો જેને આશ્રય છે, આત્મા જેનો આશ્રય છે, એવું નિશ્ચય-ધર્મધ્યાન... આહાહા! અંદર એકાગ્રતા... આનંદસ્વરૂપ ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ એને ધ્યેય બનાવીને ધ્યાનમાં એકાગ્રતા, એનું નામ વીતરાગમાર્ગમાં ધર્મધ્યાન કહેવાય છે. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા એના પંથમાં–માર્ગમાં તો આ માર્ગ છે. સમજાય છે કાંઈ?

'નિજ આત્મા' પાઠ છેને? 'આલંબન' શબ્દ છે. **अप्पसरूवालंबणभावेण** એમ શબ્દ છેને ગાથામાં. આત્માના સ્વરૂપનું આલંબન જે ભાવને છે, એમ. આહાહા! ગાથા તે ગાથા અલૌકિક છે. અરે! જે પર્યાયે ભગવાન આત્માનું આલંબન લીધું છે, એ પર્યાય તે નિશ્ચય-ધર્મધ્યાન છે. સ્વરૂપચંદભાઈ! આ સ્વરૂપ છે એનું નામ જુઓ! **अप्पसरू**.. એ શબ્દ છે. (ગાથા) ૧૧૯ જુઓ! **अप्पसरू**... મૂળ પાઠ, પહેલી પંક્તિ. આત્મા.. **अप्प** એટલે આત્મા.. **सरूव** એટલે સ્વરૂપ. એનું આલંબન જે ભાવને છે એ ભાવને ધર્મધ્યાન કહીએ છીએ. આ તો સીધી વાત છે. આહાહા! (ધર્મ) કરવા માટે બાપા! અનંત પુરુષાર્થ જોઈએ. ભગવાન! આહાહા! એ કાંઈ વાતે-વિકલ્પે મળે એવું નથી. આહાહા! વાતે વડા થાય કાંઈ?

એક બાઈ વાતું કરતી હતી કાંઈ વડાની. કે અડદની દાળના વડા આમ થાય, તેલમાં તળે તો આમ થાય, પછી આમ બરાબર સરખા તળીને ફૂલીને આમ થાય. એક બાઈ બોલી પડી કે વાતે વડા નહીં થાય, મારે ઘરે વડા કરવા છે. આહાહા! એમ કહે છે કે વાતે વડા (એટલે કે) વાતે ધર્મધ્યાન ન થાય. મારે ઘરે ધર્મધ્યાન કરવું છે. આહાહા! કહે છે કે એ વડું.. વડું કહેવાયને. વડું એટલે મોટું. આ વડા નથી થાતા? આ મોટો પ્રભુ વડો છે, વડું છે. એની અંદરની એકાગ્રતા... 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો, છોડી જગત દ્વંદ્વ-ફંદ નિજ આતમ ઉર ધ્યાઓ.' આહાહા! ત્રણ લોકના નાથ વીતરાગ પરમેશ્વરના મુખમાંથી સંદેશ તો આ આવ્યો છે.

ભાઈ! નિજ આત્મા જેનો આશ્રય છે. આહાહા! છે? **अप्पसरूवालंबण** એમ શબ્દ છે. ભગવાન આત્મા ધ્રુવ પૂર્ણસ્વરૂપ એનું જે ભાવને આલંબન છે એ **सव्वभावपरिहारं**... ભાષા જુઓ! શું કહે છે? આ ટીકાની પહેલી લીટીનો અર્થ થાય છે. નિજ ભગવાન આત્મા. એ કોણ આત્મા? ધ્રુવ. પર્યાય નહીં. ભાઈ! એને જ આત્મા કહ્યો. પર્યાય વિનાનો એને આત્મા કહ્યો. આ વાત સમજાય છે કાંઈ? પર્યાયને અહીં (આત્મા) ન કહ્યો. આ તો નિજ આત્મા એટલે ત્રિકાળી વસ્તુ એને જ આત્મા કહ્યો. આહાહા! સમજાય છે કાંઈ? એક સમયની પર્યાય વિચારણા ધારા પરિણમે છે એ નહીં. નિજ આત્મા ત્રિકાળી નિત્યાનંદ ધ્રુવ એક(રૂપ)–સદૃશ રહેનારું તત્ત્વ એને અહીંયા આત્મા કહ્યો. પર્યાયને છોડી દઈ, રાગને છોડી દઈ... રાગ તો ઠીક, પણ એક સમયની પર્યાયને છોડી દઈને ત્રિકાળીને આત્મા કહ્યો. આહાહા! સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા બધામાં બિરાજે છે હોં. હાજરાહજૂર અંદર પડ્યો છે. આહાહા! કહે છે કે નિજ આત્મા... અહીં તો બે-ત્રણ વાત કરી. શું છે? આત્મા કહેવો કોને? અહીં તો કહે છે. આત્મા, એ રાગ-દ્વેષ એ આત્મા? શરીર આત્મા? એ તો નહીં, પણ એક સમયની પર્યાય આત્મા? કે ના. એક સમયનો અંશ એ શું વસ્તુ? આહાહા! નિજ આત્મા નિત્યાનંદ આનંદના કંદથી ભરેલું તત્ત્વ ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ, એને અહીંયા નિજ નામ પોતાનો આત્મા કહેવામાં આવે છે. આહાહા! આ તો ફરીને વંચાય છેને.

આ તો દિવાળી છેને. ભગવાન મોક્ષ પધારેલા છે આજ. આહાહા! ભગવાન મહાવીર પરમાત્માએ ચૌદશની પાછલી રાત્રે મોક્ષ પધાર્યા, નિર્વાણ પધાર્યા છે. અનાદિ સંસારને સાંત કરી દઈ અને મોક્ષની પર્યાયને ઉત્પન્ન કરી, અનંત કાળ રહેશે એવો મોક્ષ આજ પધાર્યા ભગવાન. એ ભગવાનનું આ શાસન છે. એ શાસનમાં ભગવાને એમ કહ્યું કે ભાઈ! નિજ આત્મા... આહાહા! એની એક સમયની વિકારની, જ્ઞાનની, દર્શનની પર્યાય જે છે, અરે! અનંત ગુણની એક સમયની વ્યક્ત વર્તમાન પર્યાય છે એને અહીંયા આત્મા ન કહ્યો. પૂર્ણ વિનાની ચીજને આત્મા કેમ કહેવો? કહે છે. સમજાણું કાંઈ? અનંત-અનંત ગુણો છે સંખ્યાએ ભગવાન

આત્મામાં, એની એક સમયની અનંતી વર્તમાન પ્રગટ પર્યાય છે એને આત્મા ન કહ્યો. આહાહા! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા આનંદથી શોભિત ત્રિકાળી ધ્રુવ હોં ધ્રુવ નિત્ય. આહાહા! જે પર્યાયમાં આવતો નથી, પરિણમીને બહાર આવતો નથી. આહાહા! સમજાણું કાંઈ? કહો, રતિભાઈ! આ બરાબર આવ્યું છે સારું. આહાહા! કહે છે.. આહાહા! ગજબ વાતું કરી છે. કુંદકુંદાચાર્યે તો કેવળજ્ઞાનીના કહેણ ઉતાર્યા છે હેઠે. ભાઈ! ભગવાન તો આમ કહે છેને. તું માનતો હો ભગવાનને... તીર્થંકરદેવ પરમાત્મા કેવળજ્ઞાની પૂર્ણ પરમાત્મા થઈ ગયા. મોક્ષ પધાર્યા આજ. એક .... કાળે ચોવીસો ને નવાણું બેઠું, બીજા વર્ષે બીજું.... જે હોય તે. આજ મોક્ષ પધાર્યા એ તો બરાબર છે. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન, જ્ઞાન અનંત સહિત જો.' એવી દશા છે, પણ એ દશા થવા પહેલા જે મોક્ષનો માર્ગ છે એને પણ આત્મા ન કહ્યો. આહાહા! આહાહા! એય! મોક્ષ તો હજી પછી, આ (મોક્ષમાર્ગ) તો છે એને. સમજાણું કાંઈ? વર્તમાન જે સમ્યગ્દર્શન આદિ જે નિશ્ચય-ધર્મધ્યાન.. નિશ્ચય-ધર્મધ્યાનને પણ આત્મા ન કહ્યો. આહાહા! સમજાણું કાંઈ?

**નિજ આત્મા જેનો આશ્રય છે**... જેનો એટલે? **એવું નિશ્ચય-ધર્મધ્યાન**... આહાહા! અમૃત રેડ્યા છે. પહેલા એના જ્ઞાનમાં વાત તો લે, ભાવ તો લે કે ચીજ આમ છે. એ સિવાય બીજી રીતે છે નહીં. આહાહા! કહે છે કે સર્વજ્ઞ ત્રિકાળ પરમાત્મા અનંતા થઈ ગયા, વર્તમાનમાં પ્રત્યક્ષરૂપે કેવળીઓ લાખો છે. કથન નહીં કરનારા એવા સિદ્ધ તો અનંત છે. અનંત સર્વજ્ઞો થયા છે એ જીવો એમ કહેતા હતા, કહે છે. એ પરમાત્માનો સંદેશ આ આવ્યો છે કે ભાઈ! તારો આત્મા જેને કહીએ અમે અને એમ છે. એક સમયની વર્તમાન પર્યાય જે ધર્મધ્યાન છે એને પણ અમે આત્મા ન કહ્યો. આહાહા! આત્મા તો ત્રિકાળી ચીજને આત્મા કહ્યો. જેનો આશ્રય લઈને પર્યાય પ્રગટ થઈ એને નિશ્ચય-ધર્મધ્યાન કહ્યું. આહાહા! નાનાલાલભાઈ! સમજાય એવું છે હોં. કાંઈ ભાષા આકરી નથી. ભાવ ભલે ઊંચો હોય. આહાહા! કહો! આ બે લીટીમાં કેટલું ભર્યું છે જુઓ!

નિજ આત્મા પરમાત્મસ્વરૂપે બિરાજમાન છે. એક સમયની પર્યાય-અવસ્થા જેનું ધ્યાન કરે એ નિજ આત્મા ત્રિકાળી. એ આત્મા.. એ આત્મા જેનો આશ્રય છે, એવો આત્મા જેનું આલંબન છે. આહાહા! **એવું નિશ્ચય-ધર્મધ્યાન જ**... પાછું 'નિશ્ચય-ધર્મધ્યાન જ' કહ્યું છે. બીજો દયા, દાન, વ્રતનો વિકલ્પ એ ધર્મધ્યાન નહીં. આહાહા! કહો, નાનાલાલભાઈ! અત્યાર સુધી તો એવું સાંભળ્યું કે ભગવાનની ભક્તિ કરવી, જાત્રા કરી આવીએ..... હોય છે, અશુભભાવથી બચવા શુભભાવ છે એ પુણ્યરૂપ છે, ધર્મ નહીં અને ધર્મનું એ કારણ નહીં. સાચું ધર્મધ્યાનનું કારણ તો ત્રિકાળી દ્રવ્ય કીધું ભાઈ! આહાહા! જુઓને! એ ધર્મધ્યાન, જે નિર્મળ વીતરાગી

પર્યાય એ ધર્મધ્યાન. એનું કારણ, આલંબન તો ભગવાન આત્માનું છે એને. એને કાંઈ રાગ ને નિમિત્ત ને વ્યવહારની પર્યાયનું આલંબન નથી. આહાહા!

એનું આલંબન નથી, અહીંનું છે, એમ કહે છે. એટલું સિદ્ધ કરવું છે. ઓલો શબ્દ ત્યાં... અહીં તો ધર્મધ્યાનને આલંબન વર્તમાન પર્યાય આનંદની પર્યાય... આવ્યું હતુંને કાલ (કળશ ૧૮૯માં), નહીં? ચિદાનંદરૂપી અમૃતથી ભરેલી જે અવસ્થા... આહાહા! કાલ આવ્યું હતું ઓલામાં. ચિદાનંદરૂપી અમૃતથી ભરેલું તપ એટલે જે જ્ઞાનના આનંદથી ભરેલી દશા એને અહીંયા ધર્મધ્યાન કહે છે. આહાહા! એને પણ આત્મા નથી કહેતા. અમરચંદભાઈ! આહાહા! આ તો પાછા સાંભળનારના ભાગ્ય હોય એવું આવેને. બધા જુદા-જુદા ઘણી જાતના આવ્યા છે. અહીંયા માશે નહીં હોં એટલું માણસ... આહાહા!

આમાં તો રાગ માય નહીં એવી ચીજ છે, પર્યાય માય નહીં એવી ચીજ છે એ તો અંદર. આહાહા! એવો જે નિજ ભગવાન આત્મા... અરે ભાઈ! બાળક જેવાને એમ લાગે કે આ તે શું વાત કરે છે? બાપુ! એ વાત નથી, એ વસ્તુની સ્થિતિ છે. સમજાણું કાંઈ? એવો જે આત્મા, ત્રિકાળી ભગવાન આત્માને પરમાત્માએ પોકાર્યો છે. એવા નિજ આત્માનો જેને (આશ્રય છે), આત્મા જેનું આલંબન છે... પાઠમાં 'આલંબન' લીધું છે, અહીં 'આશ્રય' કર્યો છે. એ તો બધું એક જ થયું. નીચે કરશે ભાઈ! આધાર બધો. આશ્રય કહો, આલંબન કહો, ફલાણું કહો—એ બધું એક જ છે. સમજાણું? નીચે કરશે. આત્મસ્વરૂપનું આલંબન કહો, આત્મસ્વરૂપનો આશ્રય કહો. નીચે નોટમાં. આહાહા!

કહે છે કે **એવું** જે **નિશ્ચય-ધર્મધ્યાન જ**... આહાહા! આવો જે ભગવાન પૂર્ણાનંદનો નાથ પ્રભુ... અરે! જે પર્યાયે એનું આલંબન લીધું એવી જે પર્યાય એ **સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે....** એ ચારે ભાવોને અભાવ કરવાને સમર્થ છે. એમ સિદ્ધ કરવું છેને અંદર. એટલે કે એનો આશ્રય જ્યારે કરીને ધર્મધ્યાન થાય ત્યારે ચાર ભાવનું લક્ષ રહેતું નથી. સમજાણું કાંઈ? જયસુખભાઈ! જયસુખભાઈ પહેલાં આવતા નહોતા, પછી આવ્યા વળી. આહાહા! કહે છે, એ સર્વ ભાવો... અહીં 'ભાવ' છે, પાઠમાં **भावेण** છે. **अप्पसरूवालंबण-भावेण**.. આત્માનું ત્રિકાળી સ્વરૂપ તે આત્મા, એનું આલંબન.. એનું આલંબન લઈને પ્રગટેલો ભાવ એ બીજા બધા ભાવોનો અભાવ કરવાને સમર્થ છે. સમજાણું કાંઈ? માળે આવી ધર્મકથા કેવી હશે? હવે આત્મા કહેતાં પર્યાય એ આત્મા નહીં. આ તો આત્માની દશા આવી... સમજાણું કાંઈ?

અને એનો જેણે આશ્રય લીધો, એનું જેણે ધ્યેય બનાવીને એવો ભાવ પ્રગટ કર્યો, એ ભાવ–નિર્દોષ નિર્વિકારી ચિદાનંદ જ્ઞાનાનંદના અમૃતથી ભરેલી અવસ્થા એને નિશ્ચય-ધર્મધ્યાન કહે છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? એ નટુભાઈ! સમજાય છે કે નહીં? આહાહા! ભાઈ તો 'સમજાય છે' એવું કહે છે. .... આહાહા! ત્રણ લોકના નાથને દૂર રાખીને એણે ધર્મધ્યાન

કરવું છે? મહાપ્રભુ બિરાજે એને દૂર રાખીને તારે ધર્મધ્યાન કરવું છે? આહાહા! આવું સાંભળ્યુંય નથી. સ્વરૂપચંદભાઈ! આહાહા!

કહે છે કે ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ એનું એકાગ્રપણું (અર્થાત્) એનું જે ભાવને આલંબન છે, જે ભાવને એનો આશ્રય છે, જે ભાવ ત્રિકાળી દ્રવ્યને સન્મુખ થયેલો છે, એને નિશ્ચય-ધર્મધ્યાન જ છે. બીજું ધર્મ(ધ્યાન નહીં). ઓલા ધર્મધ્યાન શુભરાગને કહે છે. અહીં પરમાત્મા આને ધર્મધ્યાન કહે છે. આહાહા! એક-એક શબ્દે આખી વાત ઉડી જાય છે ખોટાની. કહો, ભીખાભાઈ! આહાહા! કહે છે કે એ ભાવ.. નિશ્ચય-ધર્મધ્યાન હોં એ ભાવ. ઓલો ત્રિકાળી ભાવ, એનું અવલંબન લીધું જે પર્યાયે એ ભાવ, એ વીતરાગીભાવ છે. છે ભલે એ ક્ષયોપશમ, ક્ષાયિક, ઉપશમભાવ, પણ એ ભાવે બીજા ભાવનો પરિહાર કર્યો છે, એટલે આ ભાવ અહીં ગયો છે એટલે બીજા ભાવમાં એનું લક્ષ રહેતું નથી. સમજાણું કાંઈ? **સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે એમ કહ્યું છે**. એ બે લીટી થઈ. આ તો કાલ વંચાઈ ગયેલું છે હોં. આ તો ફરીને લીધું જરી. આહાહા!

**સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત અખંડ-નિત્યનિરાવરણ-સહજ-પરમપારિણામિકભાવ...** જેને ઉપર આત્મા કહ્યો. હવે એનું સ્પષ્ટીકરણ કરે છે હોં બે લીટીનું. મૂળ વાત ચાલે છે. કેવો છે ભગવાન આત્મા નિત્ય પ્રભુ ધ્રુવ? કે **પરદ્રવ્યના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત** છે એ તો. પરદ્રવ્ય, રાગાદિના પરિત્યાગના લક્ષણથી લક્ષિત છે. આહાહા! રાગાદિના અભાવથી એ લક્ષિત થઈ શકે એમ છે. **સમસ્ત પરદ્રવ્યોના પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત**... આહાહા! આવા અમૃતના સાગર શાસ્ત્રો પડ્યા રહ્યા એકકોર હોં. ભોંયરામાં પડ્યા રહ્યા. નિયમસાર જેવું ભોયરામાં પડ્યું રહ્યું. આહાહા! કહે છે... એ આત્માની (વાત કરી). 'નિજ આત્મા' છેને પહેલો શબ્દ. **अप्पसरूव**.. આત્મસ્વરૂપ કેવું છે? કે સમસ્ત પરદ્રવ્યોના પરિ (એટલે) સમસ્ત પ્રકારના ત્યાગરૂપ લક્ષણથી લક્ષિત છે.

**અખંડ-નિત્યનિરાવરણ**... આહાહા! કેવો છે ભગવાન આત્મા? એક સમયની પર્યાય વિનાના આત્માની વાત છે આ. શરીર વિનાનો તો છે. આ (શરીર) તો જડ માટી-ધૂળ છે. આહાહા! સમજાણું કાંઈ? પણ અહીં તો કહે છે કે અખંડ-ખંડ જેમાં નથી એવું ધ્રુવતત્ત્વ. આહાહા! પંચાસ્તિકાય (ગાથા ૫૬)માં કહ્યુંને ભાઈ? 'દ્રવ્ય આત્મલાભ હેતુ પરિણામ' એ આ જ વાત કરી છે. ઓહોહો! પારિણામિકભાવ કેવો? એટલે ધ્રુવતત્ત્વ કેવું? એ તો દ્રવ્યના સ્વરૂપની હયાતીવાળું તત્ત્વ છે, એને અહીંયા પારિણામિકભાવ કહ્યો. વસ્તુના સ્વરૂપની હયાતીવાળું. પર્યાય કાઢી નાખી.. ન્યાય સિદ્ધ કર્યો છે.

ઓહોહો! અમૃતચંદ્રાચાર્યે કાંઈ ટીકા કરી છેને! ગજબ ટીકા કરી છે. દરિયામાં જેમ ભરતી લાવેને ભરતી, એમ આનંદની ભરતી સહિતની વાતું કરી છે. આહાહા! પ્રભુ! તારે ત્યાં

ક્યાં ખોટ છે? તું તો પૂર્ણાનંદ અખંડ પડ્યો છેને, એમ કહે છે. આહાહા! પર્યાયના ખંડ, એ પર્યાય તો ભેદ છે. એક સમયની પર્યાય તો ભેદ છે. વસ્તુ અખંડ છે. આહાહા! **અખંડ-નિત્ય-નિરાવરણ**... એ તો ત્રિકાળ નિરાવરણ વસ્તુ ધ્રુવ છે. આહાહા! **સહજ પરમપારિણામિકભાવ**... સ્વભાવિક પરમપારિણામિક સ્વભાવ–સહજભાવ એ આત્મા. ઓલો નિજ આત્મા કહ્યો હતોને એ આ આત્મા.

હવે એની ભાવના. ભાવના એટલે જે આશ્રય લીધો જે ભાવે એ નિશ્ચય-ધર્મધ્યાન, એ નિશ્ચયધર્મધ્યાન તે આ ભાવના. આહાહા! સમજાણું કાંઈ? પ્રભુ ત્રિકાળી આનંદનું ધામ ધ્રુવ એ આત્મા. એ આત્માનો જેણે આશ્રય લીધો, આલંબન લીધું, જે ભાવ એના સન્મુખ થયો, બીજા ભાવથી એ ભાવ વિમુખ થયો, એવો જે ભાવ એને અહીંયા ભાવના કીધી.. એ ભાવને અહીં ભાવના કીધી. એ ભાવનાને... જ્ઞાનાનંદરૂપી અમૃતથી ભરેલી દશાને અહીંયા ભાવના કીધી. સહજાનંદ જ્ઞાનના આનંદથી ભરેલી દશાને નિશ્ચય ધર્મધ્યાન કીધું. સહજ જ્ઞાનાનંદથી ભરેલી અમૃતથી ભરેલી દશા એને અહીંયા મોક્ષમાર્ગ કહ્યો. આ ભાવનામાં સમાઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા! કેટલાકે તો જિંદગીમાં સાંભળ્યું પણ નહીં હોય. ..ભાઈ! આ શું કહે છે?

એકકોર આત્મા કહ્યો ધ્રુવ, એને આત્મા કહ્યો. બીજી રીતે પર્યાય કીધી ભાવના (એટલે) એમાં ઢળી છે એ દશા. એ ભાવના કહો, એને ભાવ કહો, ચિદાનંદ જ્ઞાનાનંદથી ભરેલી અમૃતથી ભરેલી અવસ્થા કહો. ધર્મધ્યાન એટલે રાગવાળું, ઝેરવાળું નહીં. આહાહા! ત્રિકાળી આનંદના નાથને જ્યાં અંદર અવલંબ્યો ત્યાં એની પર્યાયમાં જ્ઞાનાનંદની અમૃતથી ભરેલી દશા પ્રગટ થઈ. એ જ્ઞાનના સહજાનંદની અમૃતની અવસ્થા એનું વહેણ વાળ્યું બીજું. જે રાગમાં વહેણ હતું એ વહેણ પવિત્રતામાં આવી ગયું. આહાહા! સમજાણું કાંઈ?

**પરમ પારિણામિકભાવની ભાવનાથી**... એ ભાવના કહો, નિશ્ચય-ધર્મધ્યાન કહો, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી પર્યાય કહો અને એને વીતરાગીભાવ કહો. એ ભાવના એનાથી **ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક એ ચાર ભાવાંતરોનો...** એનું લક્ષ જ્યાં જામ્યું અંદરમાં ત્યાં કોઈનું લક્ષ રહેતું નથી, પરિહાર થઈ ગયો બધાનો. ઉદય નામ રાગનું લક્ષ ન રહ્યું, સમકિત આદિ ઉપશમનું લક્ષ ન રહ્યું, ક્ષયોપશમ, ક્ષાયિકનું લક્ષ ન રહ્યું. એ ચાર ભાવાંતરો છે. એટલે? જેને આત્મા કીધો હતો, જેને પરમ પારિણામિકભાવ કહ્યો હતો, ધ્રુવસ્વભાવનું જેણે આલંબન લીધું એવું જે ધ્રુવ એ ભાવ. અને એનાથી અનેરા ચાર તે ભાવાંતર. સમજાણું કાંઈ? 'ભાવાંતર' શબ્દ પડ્યો છેને? એ ભાવ ક્યો? કે ભાવ તો પરમ સ્વભાવભાવ જે ધ્રુવભાવ, નિત્યભાવ એ ભાવ, એ આત્મા.

એ ભાવથી અનેરા ભાવ. કોણ? કે આ ચાર. રાગાદિ ઔદયિકભાવ, સમકિત આદિ ઔપશમિક, સમકિત આદિ ક્ષાયિક, જ્ઞાનાદિ ક્ષાયોપશમિક—એવા જે ચાર ભાવ ભાવાંતરો છે.

પરમસ્વભાવ, ધ્રુવભાવ, આત્મભાવ, એ આત્મભાવથી અનેરા ભાવ છે, એ ચાર ભાવ અનેરા ભાવ છે. આહાહા! કહો, સમજાણું આમાં? આજ તો ભૂપતભાઈ આવ્યા છે મુંબઈથી. અત્યારે તો સારું આવ્યું બધું આ. કહો, સમજાણું આમાં? આહાહા! આ તો દિવાળીના પકવાનો ઉગ્યા છે. આહાહા! ભાઈ! તારા ભાવમાં તો આવ, એમ કહે છે હોં. તું તારા ભાનમાં તો આવ. તારી ભાનની દશા જેને અવલંબે છે એ મહાપ્રભુ છે. અને એ ભાનની દશા જેને અવલંબી એવો જે ત્રિકાળીભાવ, એનાથી અનેરા જે આ ચાર ભાવ, એનો પરિહાર કરવા સમર્થ છે. ઓલી પર્યાય હોં. આમ લક્ષ ગયું છે તો અહીં લક્ષ રહેશે નહીં. ચારેય ભાવનું લક્ષ રહેશે નહીં. આહાહા!

ધ્રુવ પરિણામસ્વભાવ ભગવાન ધ્રુવ આત્મા જેને પહેલો આત્મા કહ્યો, એનું જેણે આલંબન લીધું, એનો જેણે આશ્રય લીધો, એને ચાર ભાવનું આલંબન ને આશ્રય રહેતું નથી. આહાહા! કહો, શાંતિભાઈ! સાંભળ્યું હતું આવું? ક્યાં ગયા પ્રેમચંદભાઈ? આહાહા! શું કહે છે આ? એક-એક લીટીએ ભગવાનને પ્રત્યક્ષ ઉતાર્યા છે. આહાહા! કહે છે, ભગવાન! ભૂલી જાને એકવાર સંસારને અને ત્રણ લોકનો નાથ ધ્રુવ ભગવાન એને તો એકવાર યાદ તો કર અંદર જોઈને. એ ભાવની એવી તાકાત છે કે બીજા ચાર ભાવનું લક્ષ ત્યાં છોડાવીને ત્યાં જાય છે. સમજાણું કાંઈ?

**પરિહાર કરવાને અતિ-આસન્નભવ્ય...** આહાહા! જેને હવે નજીકમાં મુક્તિ આવવાની છે, કહે છે. સમજાય છે કાંઈ? જેને શિવલક્ષ્મી પરમાત્મદશા આસન્ન (એટલે) નજીકમાં છે હવે. આહાહા! એવા અતિ-આસન્નભવ્ય... ભવ્ય એકલા નહીં, (એકલું) આસન્ન એમ નથી કહ્યું. 'અતિ-આસન્નભવ્ય' એમ શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? એ ભાવાંતરોનો પરિહાર કરવાને... પરિહાર કરવાની વ્યાખ્યા હવે નીચે વાંચો. ત્યાં પાછું (પ્રશ્ન થાય કે) પરિહાર એટલે શું? નીચે નોટ. **અહીં ચાર ભાવોના પરિહારમાં ક્ષાયિકભાવરૂપ...** ક્ષાયિકભાવ છેને, ક્ષાયિક સમકિત આદિ. **શુદ્ધ પર્યાયનો પણ પરિહાર (ત્યાગ) કરવાનું કહ્યું છે.** એની શુદ્ધપર્યાયનો ત્યાગ કરવાનું કહ્યું છે.

**તેનું કારણ આ પ્રમાણે છે : શુદ્ધાત્મદ્રવ્યનું જ...** એટલે અંશીનું જ, એટલે ઉપર જે નિજ આત્મા કહ્યો તેનું જ, એટલે જેને પરમપારિણામિક અખંડ-નિત્યનિરાવરણ કહ્યું તેનું જ... આહાહા! જેને અહીં શુદ્ધાત્મદ્રવ્ય અંશીનું કહ્યું એ. અંશી કહો કે ધ્રુવ કહો કે અખંડ નિરાવરણ પરમપારિણામિકભાવ કહો—એ બધું એક જ છે. આહાહા! અંશીનું જ **આલંબન લેવાથી...** પાઠમાં (શબ્દ) છે ખરોને 'આલંબન'. **अप्पसरूवालंबणभावेण**.. એવો જે ભગવાન આત્મા ત્રિકાળીનું **આલંબન લેવાથી ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાય પ્રગટે છે.** એવા ત્રિકાળી ભગવાનને આશ્રયે સમકિત આદિની ક્ષાયિકદશા પ્રગટે છે.

એ ક્ષાયિકભાવનું–શુદ્ધ પર્યાયનું એટલે કે અંશનું... ઓલું અંશી હતું અને આ અંશ છે. ત્રિકાળી ધ્રુવ આત્મા તે અંશી (કહ્યો) હતો અને આ અંશ છે. શુદ્ધાત્મદ્રવ્યનું ક્ષાયિકભાવરૂપ શુદ્ધ પર્યાયનું–અંશનું આલંબન કરવાથી **ક્ષાયિકભાવ શુદ્ધપર્યાય કદી પ્રગટતો નથી.** પર્યાયનો આશ્રય કરવાથી નવી પર્યાય પ્રગટતી નથી. આહાહા! ભારે ભાઈ આવા શાસ્ત્ર! સમજાણું કાંઈ? ક્ષાયિક સમકિત થયું હોય, શ્રેણિકને ક્ષાયિક સમકિત થયું, તીર્થંકરગોત્ર બાંધ્યું, ભલે અત્યારે નરકમાં દેખાય. દેખાય હોં, છે તો ત્યાંય આત્મામાં. આહાહા! એ ખંખેરીને આવશે ત્યારે અહીં તીર્થંકર થાશે. નરકના આયુષ્યના બળિયા છૂટી જશે, અહીં તીર્થંકર ત્રણ લોકના નાથ થઈ જવાના છે એ. આવતી ચોવીસીમાં પહેલા તીર્થંકર.

કહે છે, આહાહા! (ક્ષાયિકભાવનું) આલંબન (લેવાથી) શુદ્ધપર્યાય કદી પ્રગટતો નથી. ક્ષાયિક સમકિત છે શ્રેણિકને, પણ ક્ષાયિક સમકિતને આશ્રયે નવી (પર્યાય) પ્રગટ થાય નહીં. એ તો ત્રિકાળી ભગવાનના આશ્રયે નવી દશા પ્રગટ થાય, જેમાં એવી અનંતી પર્યાયનો કસ પડ્યો છે. એક સમયની પર્યાયમાંથી નવી પર્યાય થવાની તાકાત નથી. આહાહા! અહીં તો સાધક(દશા)માં કેવળજ્ઞાન નથી, પણ કેવળજ્ઞાનમાં પણ નવી પર્યાય થવાની તાકાત નથી. એ નવી પર્યાય પ્રગટ થવાનું ધામ તો ધ્રુવ છે. અખંડાનંદ નિરાવરણ પરમાત્મા સહજાનંદની મૂર્તિ પ્રભુ, નવી કેવળજ્ઞાનની પર્યાયનું ઉત્પત્તિસ્થાન તો એ છે. પહેલા સમયનું કેવળજ્ઞાન વ્યય–નાશ પામે, બીજા સમયનું કેવળ(જ્ઞાન) ઉત્પન્ન થાય. એ નાશ (વ્યય)માંથી ઉત્પન્ન ન થાય. એ ત્રિકાળી ભગવાન આત્મામાંથી કેવળજ્ઞાન નવી પર્યાય ઉત્પન્ન થાય. આહાહા! સમજાણું કાંઈ?

**માટે ક્ષાયિકભાવનું પણ આલંબન ત્યાજ્ય છે. આ જે ક્ષાયિકભાવના આલંબનનો ત્યાગ એને અહીંયા ક્ષાયિકભાવનો ત્યાગ કહેવામાં આવે છે.** એના આલંબનનો ત્યાગ તેને ત્યાગ કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? કહો, જયસુખભાઈ! પ્રેમ છેને એને. જ્યારથી આવ્યા ત્યારથી એને લાગી ગયું છે. જામનગર પહેલા આવ્યા હતા. બીજા ઓલા હતા નહીં કોઈક? એ આવ્યા હતા એક. આ તો લાગી ગયું આને. માળો માર્ગ તો આ છે. તેમ બુદ્ધિથી તુલના કરશે કે નહીં? આ તો એમ ને એમ માની લેવું એવી ચીજ નથી. બુદ્ધિમાં તુલના કરીને (માનવું કે) અસ્તિત્વ કેવું હોય મોટું? પર્યાયનું અસ્તિત્વ કેટલું? અને સ્થિતિ આવી જ હોય એમ એના જ્ઞાનમાં તો પહેલાં આવવું જોઈએને. સમજાણું કાંઈ?

બીજો પેરેગ્રાફ. **અહીં એમ ઉપદેશ્યું કે પરદ્રવ્યોનું અને પરભાવોનું આલંબન તો દૂર રહો...** પરદ્રવ્ય નામ તીર્થંકર કેવળી ને પંચપરમેષ્ઠી આદિ એનું આલંબન તો દૂર રહો. આહાહા! ત્રણ લોકના નાથ પરમાત્મા, સો ઇન્દ્રના પૂજનીક એમ કહે છે કે તારા આલંબન માટે મારું આલંબન તો દૂર રહો. આહાહા! તારી ચીજ અંદર પડી એના આલંબન માટે અમારા આલંબનની તને જરૂર નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? આહાહા!

ઓલામાં આવે છેને? ઓલો મોટો સયાજીરાવ, નહીં? બેઠો હતો.... પગ ધોતો હતો શંકરાચાર્યના. પેશ્વા.. બાજીરાવ પેશ્વા. ત્યાં શંકરાચાર્ય ગયેલા. એ શંકરાચાર્યના પગ ધોવે ઓલો બાજીરાવ. એટલે બાજીરાવને એમ થયું કે આહાહા.. આ શંકરાચાર્ય કેટલા ભાગ્યશાળી! કેટલો એમને આનંદ હશે કે હું મોટો રાજા જેના પગ ધોઉં! દાંત કાઢ્યા ઓલાએ–રાજાએ. અરે પેશ્વા! શું દાંત આવ્યા તને? કે આ હું મોટો રાજા જેવો, આપ ઉપર બિરાજો ને હું આપના પગ ધોઉં, આપ કેટલા ભાગ્યશાળી? અરે સાંભળ રે સાંભળ! એની દૃષ્ટિએ હતા તો વેદાંતી, અદ્વૈત(ને માનનાર). એણે એમ કહ્યું કે તારા પગ ધોવાની આગળ અમારો વિચાર જ્યારે અંદર સૂક્ષ્મ ચાલતો હોય અને શિષ્યો (સાથે) ભેગા થઈને એનો નિર્ણય કરવા બેસીએ અને જ્યારે એનો નિર્ણય આવે એ વખતના આનંદની આગળ આ તારી (સેવાનો આનંદ) કાંઈ ધૂળેય નથી, સાંભળને! સમજાણું કાંઈ? એ વખતની અમને પ્રમોદતા આવે એ પ્રમોદ તારા પગ ધોવામાં નથી. સમજાણું કાંઈ?

એમ ઇન્દ્રો આદિ દુનિયાનું માન મળે, આત્માનો આશ્રય લઈ જે આનંદ આવે એની પાસે જગતની ચીજ કાંઈ ધૂળેય નથી. આહાહા! સમજાણું કાંઈ? અંદર આનંદના અનુભવમાં જ્યારે આવીએ છીએ ત્યારે ઇન્દ્રના ઇન્દ્રાસનો કંઈ અમને ગણતરીમાં દેખાતા નથી. સમજાણું કાંઈ? કહે છે કે એ **પરદ્રવ્યો ને પરભાવોનું આલંબન તો દૂર રહો.** એટલે એના આલંબનની તો અહીં (વાત) છે નહીં. **મોક્ષાર્થીએ પોતાના ઔદયિકભાવોનું (સમસ્ત શુભાશુભભાવાદિકનું)...** શુભરાગનું આલંબન એને નથી, અહીં તો એ કહે છે. હજી તો અટક્યા છીએ અહીં સુધી. આહાહા! રાગની મંદતા હોય તો એને નિશ્ચય પમાય. અરે સાંભળ રે સાંભળ! એવો પ્રભુ પાંગળો નથી. એવો પ્રભુ પાંગળો નથી કે રાગની મંદતાને લઈને અંદરમાં જઈ શકે એવી અપેક્ષા વસ્તુને છે નહીં. આહાહા!

શુભાશુભભાવનું આલંબન એ તો છોડવા જેવું છે એમ કહે છે. ઔપશમિક સમકિત આદિ, સમકિત આદિ ને ચારિત્ર આદિ **ઔપશમિકભાવોનું, ક્ષાયોપશમિકભાવોનું (અપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ પર્યાયોનું)** પણ આલંબન નહીં. આહાહા! મોક્ષમાર્ગની પર્યાયનું પણ ધર્મીને આલંબન નહીં. આહાહા! એ તો પર્યાય છે. **તેમ જ ક્ષાયિકભાવોનું (ક્ષાયિક સમ્યક્ત્વાદિ સર્વથા શુદ્ધ પર્યાયોનું)...** લ્યો ઠીક. **પણ આલંબન છોડવું; માત્ર પરમપારિણામિકભાવનું...** જે અહીં નિજ આત્મા કહ્યો હતો, પરમપારિણામિક કહ્યો હતો એવો માત્ર પરમપારિણામિકભાવ... **શુદ્ધાત્મદ્રવ્ય-સામાન્યનું...** એ પરમપારિણામિકભાવ કહો કે શુદ્ધાત્મદ્રવ્ય સામાન્ય કહો, શુદ્ધાત્મદ્રવ્ય સામાન્ય કહો કે નિજ આત્મા કહો કે નિજ પારિણામિક સ્વભાવ કહો. આહાહા!

**આલંબન લેવું.** ત્રિકાળી ભગવાન આત્માનું આલંબન લેવું. **તેને આલંબનારો ભાવ જ...** નિત્યાનંદ પ્રભુ નિજ આત્મા ધ્રુવસ્વરૂપ એનો આશ્રય લેનારો, આલંબન લેનારો ભાવ એટલે કે

શુદ્ધ વીતરાગી પર્યાય, આહાહા! એને **મહાવ્રત** કહો... આ મહાવ્રત હોં નિશ્ચય મહાવ્રત. આ મહાવ્રતના વિકલ્પ છે એ તો આસ્રવ છે, એ નહીં. આ નિશ્ચય મહાવ્રત. જે નિશ્ચય-ધર્મધ્યાન કહ્યું, નિશ્ચય મોક્ષમાર્ગ કહ્યો એને અહીંયા મહાવ્રત કહેવાય છે. નિર્મળ વીતરાગીદશાને મહાવ્રત કહેવાય છે. આહાહા! સમજાણું કાંઈ? અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્ય ને પરિગ્રહરહિતપણું એ આ વસ્તુ છે. ભગવાન ત્રિકાળી પ્રભુના પર્યાય આલંબનથી જે પ્રગટી એ મહાવ્રત. મહાવ્રતની વ્યાખ્યા આવી. ..ભાઈ!

આ તો બિચારા માથા મુંડાવીને બેસે, પછી અહિંસા-સત્યના વિકલ્પ કરે, એ અમારા મહાવ્રત. ધૂળેય નથી, સાંભળને! સમજાણું કાંઈ? ઘેંટાય મુંડાવે ચોથે મહિને. ઉઘાડા પગે ચાલે. ઢોર ઉઘાડા પગે ચાલે. જોડા છે ઢોરને? આહાહા! ઉના પાણી પીવું, કહે છે. ઉનો કુંડો હોય ત્યાં ઉના પાણી જ મળે. ત્યાં બિચારા એ જ પીવે. ત્યાં બીજુ શું હશે? આહાહા! કહે છે, બાપુ! એ ત્યાગ નહીં. ત્યાગની દશા તો જ્યાં આત્માના સ્વભાવને આશ્રયે નિશ્ચયદશા પ્રગટે એને મહાવ્રતના પરિણામ કહે છે જે વીતરાગીદશા છે. આહાહા! સમજાણું કાંઈ?

અરે! એકવાર તો આવ કે આ શું છે આત્મા? એકવાર તો જો, જા. દુનિયાને જોવા માટે નથી કુતૂહલ કરતો કે આ શું છે? એકવાર કુતુહલ તો કર પ્રભુ! કોણ છે? આવા વખાણ કરે છે કોણ છે આ? સમજાણું કાંઈ? આહાહા! દેખાતો નથી એ જ દેખાય છે. દેખાતો નથી એ કોણ જાણે છે? લોજીકથી-ન્યાયથી સમજવું પડશે. હું નથી. એ જ તું છો. સમજાણું કાંઈ? આહાહા! એ આલંબન લેવું. આહાહા! **માત્ર પરમપારિણામિકભાવનું–શુદ્ધાત્મદ્રવ્યનું આલંબન લેવું. તેને આલંબનારો ભાવ જ મહાવ્રત, સમિતિ...** આ જોઈને ચાલવું (એટલે) ભગવાનને જોઈને રહેવું એનું નામ (ઇર્યા)સમિતિ. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન ધ્રુવપ્રભુને જોઈને એમાં રમવું એનું નામ સમિતિ. પાંચેય હોં, ઇર્યા, ભાષા, એષણા બધી નિર્મળ પર્યાય તે. શુદ્ધ વીતરાગીદશા તે સમિતિ. જોઈને ચાલવાની ક્રિયા જડની અને વિકલ્પ ઉઠે એ આસ્રવ. એ (સમિતિ) નહીં. ભારે આવી વાત આજ હોં. દિવાળીની વાત સારી આવી.

**ગુપ્તિ...** અરે! મન, વચન ને કાયાના શુભાશુભ પરિણામને ગુપ્ત કરવા અને શુદ્ધ પરિણતિ પ્રગટ કરવી એનું નામ ગુપ્તિ. આહાહા! **પ્રતિક્રમણ...** દ્રવ્યસ્વરૂપનું આલંબન લઈને પર્યાય પ્રગટ થાય તે પ્રતિક્રમણ. કહો, સમજાણું કાંઈ? **આલોચના...** આવી ગયું છેને પહેલું. સંવર અને નિર્જરા. ધ્રુવ ભગવાનના અવલંબને પર્યાય પ્રગટ થાય એ નિર્જરા, એ આલોચના, એ સંવર. **પ્રત્યાખ્યાન...** એ પચ્ચખાણ. ધ્રુવસ્વરૂપનું આલંબન લઈને જે નિશ્ચય-ધર્મધ્યાન (થાય), અથવા ચિદાનંદરૂપી અમૃતનો સાગર પર્યાયમાં આવ્યો, પર્યાયમાં અનંત આનંદ, જ્ઞાનનો (સાગર) આવ્યો એને અહીંયા પ્રત્યાખ્યાન કહે છે. આહાહા! ...ભાઈ! આવું હતું સંપ્રદાયમાં ક્યાંય?

શ્રોતા : વર્ષીતપની વ્યાખ્યા ન આવી.

પૂજ્ય ગુરુદેવશ્રી : આ વર્ષીતપનું ન આવ્યું? કાલ તો આવી ગયું જરી. અંતરમાં આનંદની પર્યાય પ્રગટ થાય તે તપ. બાકી આ ભાન વિનાના અપવાસ આદિ કરે એ બધી લાંઘણું છે. એ તો આવી ગયું હતું કાલ. લાંઘણ કહ્યું હતું. કાલ લાંઘણ નહોતું કહ્યું? ઓલી ૧૧૮ (ગાથા)ના કળશમાં. પ્રાયશ્ચિત્ત પણ આ જ. બધુંય. **(આત્મસ્વરૂપનું આલંબન, આત્મ સ્વરૂપનો આશ્રય, આત્મસ્વરૂપ પ્રત્યે સન્મુખતા...** આહાહા! એકેક દરેકની... **આત્મસ્વરૂપ પ્રત્યે વલણ, આત્મસ્વરૂપ પ્રત્યે ઝોંક... अप्पसरूवालंबण** છેને. **આત્મસ્વરૂપનું ધ્યાન, પરમપારિણામિકભાવની ભાવના**—એ બધું એક જ છે, એમ કહે છે.

**'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું' એવી પરિણતિ** હોં. ઓલી તો ત્રિકાળી વસ્તુ છે. હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્ય સામાન્ય એવી જે અંતર પરિણતિ, જ્ઞાનાનંદથી ભરેલી–જ્ઞાનાનંદના અમૃતથી ભરેલી જે દશા**—એ બધાંનો એક અર્થ છે.)** આહાહા! ઓલા કહે, સામાયિક કરીને બેસીએ છીએ, પડિકમણા કરીએ. બાપુ! સામાયિક એ આ સામાયિક. વીતરાગ આનંદથી ભરેલી પર્યાય એને સામાયિક કહીએ. સમજાણું કાંઈ? વર્ષીતપમાં સામાયિક ઘણી કરી હશે. નવરાશ ઘણી હશેને ત્યાં. એનો ધંધો તો હતો. ધંધો કરતાં કરતાં... એ બધાનો એક અર્થ છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? હવે આપણે વચમાં ત્રીજી લીટી.

**ચાર ભાવાંતરોનો પરિહાર કરવાને અતિ-આસન્ન જીવ સમર્થ છે.** બસ, એનો અર્થ થયો નીચે નોટમાં. **તેથી જ તે જીવને પાપાટવીપાવક...** પાપરૂપી અટવી એટલે પુણ્ય ને પાપના રાગ એ પાપરૂપી અટવી છે. આહાહા! એને **(-પાપરૂપી અટવીને બાળનારો અગ્નિ) કહ્યો છે...** એ જીવની પર્યાયને. આ જીવને એટલે જીવની પર્યાયને. આવો જીવ, જેણે ધ્રુવનું આલંબન લઈને પર્યાય પ્રગટ કરી, તે જીવને અજ્ઞાનને બાળવાનો, રાગ-દ્વેષને બાળવાનો અગ્નિ કહ્યો છે. સમજાણું કાંઈ? **આમ હોવાથી...** હવે વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ-૧, સોમવાર, તા. ૬-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૧૯, શ્લોક-૧૯૦, પ્રવચન નં. ૧૪૦**

આ નિયમસાર, શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર. ૧૧૯ ગાથા ચાલે છે. એમાં બધું આવી જાય છે આ સુપ્રભાત. ગાથા એવી છે કે બધુંય–જેટલું ધર્મધ્યાન કહેવાય એ આ ચીજ છે, એમ એમાં આવી જાય છે. સવારમાં આપણે કહ્યું હતું, ખરેખર તો જ્યાં હોય ત્યાં આત્મા જ જોવામાં આવે છે. વેદાંત કહે છે કે સર્વવ્યાપક છે એ તો ક્ષેત્રથી છે કહે છે. એમ નથી. આ તો ભાવથી (સર્વવ્યાપક છે). જ્યાં-જ્યાં એની જ્ઞાનપર્યાયમાં જે ચીજ જાણવામાં આવે છે એ ચીજ જાણવામાં નથી આવતી. ખરેખર તો આબાલ-ગોપાલ–બાળકથી વૃદ્ધને 'સૌને સદાકાળ' એમ શબ્દ છેને ૧૭-૧૮ (ગાથા)માં? સૌને સદાકાળ ભગવાન આત્મા જ જાણવામાં આવે છે. કેમ કે એના જ્ઞાનની અસ્તિત્વમાં, પર શું છે એવું જે જ્ઞાન જાણવામાં આવ્યું, એ જાણવામાં એની જ્ઞાનની પર્યાય જણાય છે. અને પર્યાય જણાય છે એમ જો ધ્યાન કરે તો, એ પર્યાય દ્રવ્યની છે તો એનું જ્ઞાન દ્રવ્ય ઉપર જાય. પણ અનાદિથી એમ ન માનતાં જે જાણવામાં આવે છે ચીજ એ હું છું અને એ જણાય છે એવો ભ્રમ છે.

વેદાંતમાં એમ કહેવાય છે કે આ જે જણાય છે એ બધું જ્ઞાન(રૂપ) જ છે. કેમ? કે જ્ઞાન(રૂપ) ન (હોય) તો એનું જ્ઞાન ક્યાંથી થયું? એમ નથી. આહાહા! ભાઈએ નવજીવનમાં નાખ્યું છે. કોણ? મશરૂવાળા. એ મળ્યા હતા મશરૂવાળા...... વાત એ છે કે વસ્તુસ્થિતિ જાણી નથી અને તર્કથી ઊભું કર્યું બધું, એટલે એને (એમ થાય કે) આ જણાય છે... જુઓ! આ કપાસ જણાય છે એમ જ્ઞાન થયુંને કપાસનું? કપાસનું જ્ઞાન થયું તો કપાસ જ્ઞાનસ્વરૂપ હોય તો જ્ઞાન થાયને? એમ કહે છે. એ ભ્રમણા છે. પણ કપાસના જ્ઞાન કાળે જે જ્ઞાનની અવસ્થા છે તે થઈ છે. એ કપાસની નહીં ને કપાસને લઈને નહીં.

એ અવસ્થા જ્યાં જ્યાં જોઉં ત્યાં સર્વવ્યાપક તરીકે જણાય. એટલે બધે ઠેકાણે આત્માના જ્ઞાનની પર્યાય જ વ્યાપક પરિણમે છે, પોતામાં હોં. પણ જાણે છે તો એમ થઈ જાય કે આ જણાય છે, આ જાણ્યું. ... આ જાણ્યું, શરીર આ જાણ્યું. પણ શરીર સંબંધીનું અહીં જ્ઞાન થયું એ જ્ઞાન જણાય છે. (જ્ઞાન જણાય છે) એમ અનુભૂતિ ન થતાં, પરને જાણું છું એવો જે ભ્રમ છે એ જ અજ્ઞાન ને સંસાર છે. સમજાણું કાંઈ?

એ ભગવાન આત્મા, એવા અનંત આત્માઓ... જ્યાં-જ્યાં જાણવામાં જાણવાની દશા... આ વસ્તુ છે એનું જ્ઞાન નહીં, પણ જ્ઞાન પોતાનું છે. એ જ્ઞાનમાં 'આ ચીજ જણાય છે' એમ કહેવું એ તો વ્યવહાર છે. એ ચીજ સંબંધીનું જે જ્ઞાન સમય-સમયમાં થાય છે તે પોતાનું છે. બલુભાઈ! ઝીણી વાત છે. આહાહા! ..... આ સુપ્રભાત છે. ભગવાન (આત્મા) જ્યાં હોય ત્યાં

પોતે જાણે છે. એ કંઈ ચીજનો નકાર કરે. કારણ કે ચીજનો નકાર કરતાં 'આ નથી', તો એ સંબંધીનું જ્ઞાન નથી એમ થઈ જાય છે. (જ્ઞાનનો) નકાર થઈ જાય છે. સમજાય છે કાંઈ?

નિંદા, પ્રશંસા, શરીર, સ્ત્રી-કુટુંબ, પરિવાર જે જ્ઞાનની પર્યાયમાં જણાય છે એ નહીં. સ્વરૂપચંદભાઈ! એ વખતે જ્ઞાનની જાગ્રત અવસ્થા જે વ્યક્ત છે એમાં એ જણાય છે એમ કહેવું એ વ્યવહાર છે, પણ એ પોતે પોતાને જાણે છે એમ કહેવું એ નિશ્ચય છે. ભગવાનજીભાઈ! આવું ભારે...! જે ચીજ જણાય છે એ મારી નહીં અને જણાય છે એનાથી જાણું છું એમ નહીં. સમજાણું કાંઈ? આવો જે જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, કહે છે કે પર્યાયમાં જણાય તે પર્યાયવાનની અવસ્થા છે. એ એને (-જ્ઞેયને) લઈને નહીં, એની નહીં. એમ જ્યારે પર્યાય જાણવામાં આવે, એ પર્યાયનો આધાર ત્રિકાળી ભગવાન છે, પોતે ભગવાન છે. ભલે એટલા ક્ષેત્રમાં હો, શરીરના પ્રમાણમાં જ એનું ક્ષેત્ર છે. વ્યાપક થતાં એનું ક્ષેત્ર પરમાં વયું જાય છે (એમ નથી). એને જાણવાની પર્યાય પહોળી–વિસ્તાર પામે છે પર્યાયમાં. એ પર્યાય દ્રવ્યમાં એકાગ્ર થઈ એ પર્યાયને ... ક્ષેત્ર હો એ વાત આગળ જણાવશે. સમજાણું કાંઈ? શું આવ્યું? જુઓ! અહીંયા.

**આમ હોવાથી પાંચ મહાવ્રત...** છે? ૨૩૭ (પાનું). આમ હોવાથી એટલે? જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા એનું ત્રિકાળી સ્વરૂપ જે છે એનાથી અનેરા ભાવો... પરની વાત તો એક બાજુ રહી ગઈ. પોતે જે જ્ઞાયકભાવ ધ્રુવસ્વરૂપ ચૈતન્યદળ છે, એ ધ્રુવસ્વભાવ પરમપારિણામિકભાવ એ સ્વ-ભાવ–એ પોતાનો ભાવ. અને અંદર રાગ-દ્વેષાદિ થાય, અરે! ધર્મની પર્યાય થાય એ બધા ત્રિકાળીભાવની અપેક્ષાએ અનેરા ભાવ છે. કહો, સમજાય છે કાંઈ? આત્માની અપેક્ષાએ બીજી બધી ચીજો અનેરી છે અને આત્માની અપેક્ષાએ બધી ચીજો અવસ્તુ છે. એની પોતાની પર્યાય છે એ પરની અપેક્ષાએ પોતાની વસ્તુ છે. આહાહા! સમજાય છે કાંઈ? જયસુખભાઈ! આ તો તમારા વકીલાત જેવા લોજીકથી તો ચાલે છે વાત. આહાહા!

કહે છે, તારા સિવાય બધી ચીજો... ભગવાન ત્રણ લોકના નાથ પણ તારી અસ્તિત્વની અપેક્ષાએ તો એનું અસ્તિત્વ નથી. ભાઈ! શું કીધું એ? તારા હોવાપણાની અપેક્ષાએ, બીજાનું હોવાપણું તારી અપેક્ષાએ નથી. તું છે તો એ છે એમ નથી અને એ છે તો તું છો એમ નથી. આહાહા! સમજાણું કાંઈ? આ તો તમારી વકીલાત જેવું ચાલે છે. આહાહા! હવે અહીંયા અંદરમાં લાવવા છે પાછા. ભગવાન ત્રિકાળી નિત્યાનંદ પ્રભુ ધ્રુવ એ એનો પોતાનો સ્વભાવ-ભાવ. એ ભાવની અપેક્ષાએ વર્તમાન પર્યાયો જે ચાર વિકારી કે અવિકારી, અવિકારીના ત્રણ પ્રકાર–ઓપશમિક, ક્ષાયોપશમિક ને ક્ષાયિક, વિકારીનો એક પ્રકાર ઔદયિક. એ ચારેય ભાવ ત્રિકાળીભાવની અપેક્ષાએ અનેરા ભાવ છે. પ્રેમચંદભાઈ! આવી વાતું છે. આહાહા!

હવે કહે છે કે એ ચાર ભાવાંતરોનો તું પરિહાર કરવાને સમર્થ છો. કોણ? જે ત્રિકાળી ભગવાન ધ્રુવવસ્તુ છે એનું લક્ષ કરતાં ચાર ભાવોનું લક્ષ છૂટી જાય છે. માટે એ ત્રિકાળીભાવ બીજા ચાર અનેરા ભાવોને છોડવાને–લક્ષ છોડવાને સમર્થ છે. આહાહા! અમરચંદભાઈ! કહો, સમજાય છે કાંઈ? આ તો વરસ બેસતું છે ભગવાનનું.... ૨૪૯૯ કાલ બેઠું, પણ આજ લ્યો અહીં. ૨૪૯૯, સવારે કહ્યું હતું કે ૨૪૯૯માં ચોવીસ આંકડા છે. ૯ ને ૯ = ૧૮ અને બે વીસ, અને ચાર ચોવીસ. આહાહા!

કહે છે કે એ ત્રિકાળી સ્વભાવ એના આશ્રયમાં જતાં ચાર ભાવનો આશ્રય છૂટી જાય છે. એથી ચાર ભાવોનો પરિહાર કરવા–છોડવા ત્રિકાળીભાવ સમર્થ છે, એટલે કે ત્રિકાળી ભાવનો આશ્રય લેતાં ચાર ભાવનો આશ્રય છૂટી જાય છે. એ આશ્રય છૂટી જાય એ 'છોડ્યા', ચાર ભાવ છોડવા લાયક છે એમ કહેવામાં આવે છે. આલંબન છૂટ્યું. આલંબન શબ્દ છેને મૂળ પાઠમાં. **अप्पसरूवालंबण**.. આહાહા! આવી ધર્મની વાતું ભારે!

અહીં તો કહે, દયા પાળવી, વ્રત પાળવા, અપવાસ કરવા. અરે! એ તો તારી વાત ક્યાંય રહી ગઈ રાગમાં. અહીં તો નિર્મળ ધર્મની પર્યાય જે ત્રિકાળીને આશ્રયે પ્રગટ થાય એ પણ આલંબન કરવા જેવું નથી. આહાહા! એક કોર ભગવાનની મૂર્તિ ને આગમ આલંબન કરવાની તકરારું ચાલે છે બે વચ્ચે–સ્થાનકવાસી ને દેરાવાસી. ફલાણો કહે આલંબન એ નહીં, આ કહે આલંબન જોઈશે. એક અપેક્ષાએ બેય વાત ખોટી છે. શુભભાવ હોય ત્યારે બહારનું નિમિત્ત આલંબનરૂપે હોય છે, છતાં નિશ્ચયના આલંબનને માટે રાગ ને એની પ્રગટેલી પર્યાય પણ આલંબનને માટે ... નથી. એ વસ્તુ જ નથી. આહાહા!

વસ્તુ ત્રિકાળી ભગવાન એની અપેક્ષાએ તો, ચાર ભાવ છે તે એક ન્યાયે અવસ્તુ છે. ગજબ વાતું છેને આ. પોતાના આત્માની અપેક્ષાએ બધી ચીજો, ત્રણ લોકના નાથ તીર્થંકર એ પણ અદ્રવ્ય–અવસ્તુ છે. અંદરમાં ત્રિકાળી ભગવાન આત્મા એના માહાત્મ્યમાં જતાં, એને જ લક્ષમાં લેતાં આ ચાર ભાવો પણ અવસ્તુ છે, આલંબનને લાયક નથી, આશ્રયને લાયક નથી, આધારને લાયક નથી અને ત્રિકાળીભાવથી અનેરા એ ભાવ છે. સમજાણું કાંઈ? બલુભાઈ! આવો ધર્મ છે. માળો ભારે ધર્મ નીકળ્યો બીજી જાતનો. કો'કે નવો કાઢ્યો છે. નવો નથી, ભાઈ! અનાદિનું આ સ્વરૂપ છે. અનંત-અનંત તીર્થંકરો (દ્વારા) આ જ રીતે કહેવાણું છે, મૂકાણું છે, લખાણું છે. સમજાણું કાંઈ? ગણધરોએ રચ્યું છે. આહાહા!

આ જ કહે છે જુઓને! પંચમભાવ એનો જે આશ્રય (લીધો) એટલે કે ચાર ભાવનો આશ્રય ને અવલંબન છોડી (દીધું), એણે ચાર ભાવને છોડ્યા એમ કહેવામાં આવે છે. કારણ કે લક્ષમાંથી છોડ્યા ત્યારે છોડ્યા, એમ. છે જ નહીં એમ (કરીને) દરકાર તો કરી નહીં એણે. આહાહા! સમજાણું કાંઈ? કહે છે કે એ **પાંચ મહાવ્રત**... આ પાંચ મહાવ્રત હોં. આહાહા!

પૂર્ણાનંદનો નાથ અતીન્દ્રિય પ્રભુ સચ્ચિદાનંદ ધ્રુવ સત્-શાશ્વત જ્ઞાન ને આનંદનો સ્વભાવ, એનો આશ્રય એવી જે નિર્મળ પર્યાય એને પંચમહાવ્રત કહીએ. સમજાણું કાંઈ? આ પાંચ ભાવ—પરની દયા પાળવી, જૂઠું ન બોલવું, ફલાણું...—એ બધા વિકલ્પો ને રાગ છે. એ રાગનું લક્ષ પર છે અને રાગનું લક્ષ છોડીને સ્વભાવનો આશ્રય કર્યો એટલે એણે રાગને છોડ્યો એમ કહેવામાં આવે છે.

કહે છે, **પાંચ મહાવ્રત, પાંચ સમિતિ...** આ ઈર્યા ને ભાષા (આદિ) કહેવાય છેને, એ બધી ભગવાન આનંદનો નાથ આનંદમૂર્તિ પ્રભુ એના આશ્રયે પ્રગટેલી નિર્દોષ-નિર્વિકારી-વીતરાગી પર્યાય સમકિત.. સમકિત જ્ઞાન... સમકિત(દર્શન), સમ્યગ્જ્ઞાન ને સમ્યક્-ચારિત્ર એ ત્રણેને મહાવ્રત કહેવામાં આવે છે, એ ત્રણેને સમિતિ કહેવામાં આવે છે. સમજાય છે કે નહીં નિરંજન? ત્યાં હતું? અમેરિકામાં આથડવાનું છે ત્યાં. આહાહા! **ત્રણ ગુપ્તિ...** એને ગુપ્તિ કહીએ. અંદરમાં પુણ્ય-પાપના વિકલ્પનું લક્ષ અને વર્તમાન નિર્મળ પર્યાયનું લક્ષ છોડી અંદર ગયો, એ દશાને ગુપ્તિ કહીએ, એ નિર્વિકારીદશાને ગુપ્તિ કહીએ. આહાહા!

**પ્રત્યાખ્યાન...** એને પચ્ચખાણ કહીએ. આ હાથ જોડીને (કહે કે) અમને આપો સેવવાનો પચ્ચખાણ. એ બધી વાતું બહારની છે, એ વસ્તુસ્થિતિ નહીં. આહાહા! સમજાણું કાંઈ? પ્રત્યાખ્યાન એને કહીએ કે વીતરાગીમૂર્તિ પ્રભુ આત્મા એનું જેણે આલંબન લીધું એ દશાને પ્રત્યાખ્યાન કહીએ. સમજાણું કાંઈ? એને **પ્રાયશ્ચિત્ત** કહીએ. ભગવાન પૂર્ણાનંદનો નાથ એને પડખે ચડી જે દશા, એને પડખે જે દશા થઈ એ દશાને પ્રાયશ્ચિત્ત કહીએ. કહો, સમજાણું કાંઈ? એને **આલોચના** કહીએ. ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનો આશ્રય, એના તરફનું વલણ, એ ધ્રુવ તરફની સન્મુખતારૂપ દશા એને આલોચના કહીએ, એને ભક્તિ કહીએ, એ આત્મા ત્રિકાળીનું એકાગ્ર (થઈને) ભજન કરે એ એની ભક્તિ છે. સમજાણું કાંઈ?

ભગવાન પૂર્ણાનંદનો નાથ ધ્રુવ તેનો આશ્રય લીધો, અરે! જેણે આલંબન લીધું એ ભાવને સામાયિક કહીએ. એ ભાવને સામાયિક કહીએ, એ ભાવને ચોવીસ તીર્થંકરની સ્તુતિ કહીએ, એ ભાવને વંદન કહીએ, એ ભાવને કાયોત્સર્ગ કહીએ. સામાયિક કહ્યું, હમણાં પડિકમણું તો આવી ગયું. ધૂળેય બેસે... તમારા મુહપત્તિ. મુહપત્તિ આત્મામાં ક્યાં હતી? તમે કર્યું છેને આ બધું. વાત તો કરેને. આહાહા! સામાયિક તો એનું નામ કે જેમાંથી સમતા નામ વીતરાગ પરિણામનો-અમૃતનો લાભ થાય. અતીન્દ્રિય અમૃતની પર્યાયનો લાભ થાય તે પર્યાયને સામાયિક કહીએ. આહાહા! સામાયિકનો અર્થ એ છેને, સમ+આય—સમતાની પ્રાપ્તિ, સમતાનો લાભ. તારો લાભ ક્યાંથી થાય?

ત્રિકાળી ભગવાનનું અવલંબન લેતા જે પર્યાય પ્રગટી, અતીન્દ્રિય અમૃતના સાગરથી ભરેલી પર્યાય હોં, આહાહા! એના અનંતા અવિભાગ પ્રતિચ્છેદ પડે એ પર્યાયના. એ પર્યાયને

અહીંયા ચોવિસંથો કહીએ, એને સામાયિક કહીએ, એને કાયોત્સર્ગ કહીએ. રાગાદિ બધા (પરદ્રવ્ય)ને છોડીને સ્વભાવનો આશ્રય લીધો એ દશાને કાયોત્સર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે વાતું. **વગેરે** શબ્દ છેને? 'વગેરે' એટલે જેટલા જૈનદર્શનમાં ધર્મને નામે જે બોલ કહેવાતા હોય એ બધા અહીં લાગુ પડે છે. સમજાણું કાંઈ?

ત્રિકાળી ભગવાન આત્મા આનંદની મૂર્તિ પ્રભુ એના અવલંબનથી જે પર્યાય પ્રગટી તેને ક્ષમા કહીએ, તેને ઉત્તમ ક્ષમાધર્મ કહીએ, એને નિર્માનતા કહીએ, એને નિર્લોભતા કહીએ, એને સંતોષ કહીએ, એને વીતરાગતા કહીએ. આહાહા! ગાગરમેં સાગર હૈ. નકશામાં સમાડી દે છે કે નહીં? મોટો દરિયો હોય તો આટલામાં સમાડે છે. ભાઈ તો ગયા છેને બધે ફરવા, આફ્રિકા બાજુ બધે ગયા છેને ફરવા. આહાહા! આટલો નકશો હોય. અરે! આટલો એક આમાં ચિતરે છે નકશામાં. આખો હિન્દુસ્તાન ને આખો યુરોપ ને બધું ચિતરે છે. એટલામાં આવી ગયું. અહીં તો જ્ઞાનની એક સમયની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક આવી જાય છે. સમજાણું કાંઈ? નકશો અહીં છે. આહાહા! કહે છે કે ભગવાન આત્મા જે પંચમ પારિણામિકભાવ... એનો નીચે છે વિસ્તાર જુઓ! નીચે છે.

**માત્ર પરમપારિણામિકભાવનું...** છે નીચેથી છઠ્ઠી લીટી? પરમપારિણામિકભાવ એ શું હશે? જિંદગીમાં સાંભળ્યુંય નહીં હોય કેટલાકે. પરમપારિણામિક શું હશે? .... ભગવાન! તું ત્રિકાળી સ્વરૂપ છો એ જ પરમપારિણામિકભાવ છે. એટલે પર્યાયમાં જે ધર્મ પ્રગટ્યો, વીતરાગતા પ્રગટી એને પણ પારિણામિકભાવ કહ્યું, પણ પરમપારિણામિક નહીં. સમજાય છે કાંઈ? પારિણામિક એટલે પરિણમનની સહજ દશા. અમૃતના ઓડકાર આવે, અમૃતની પર્યાય ઉછળે અંદરથી, કહે છે કે એને પારિણામિકભાવ કીધો. કેમકે પરમપારિણામિકનો એ અંશ છે. પરમપારિણામિકનો જે ગઠ્ઠો છે એનો એ અંશ છે. સમજાય છે કાંઈ?

આ તમારા ડોક્ટર જેવું ... નથી. ત્યાં તો ભણવાનું ભણ્યો, બે-પાંચ હજાર પેદા કરે મહિને તો, ઓહો.. ખુશી થઈ જાય. લ્યો ફાવ્યા. ધૂળમાંય ફાવ્યા નથી. એય નિરંજન! જઈ આવ્યો. ત્યાં જઈ આવ્યોને. બાપના પૈસા પાછા આપ્યા ને એ સિવાય વધારે લાવ્યો. ખર્ચ જેટલો મોકલ્યો એ પાછા મોકલ્યા, એ સિવાય વધારે લાવ્યો લ્યો. પચાસ હજારનો..... કોણ બાપ હતો ને કોણ કોનું કરે? ગપેગપ છે આ બધું. આહાહા!

કહે છે કે ભગવાન! તું પૂરો છો એને પૂરું કરવું શું? પૂરાનો આશ્રય લેતાં જે દશા પ્રગટ થાય એને જેટલા જૈનધર્મને નામે ઉત્તમ ક્ષમા, નિર્માનતા, નિર્લોભતા જેટલા બધા બોલ છે એ બધા એને લાગુ પડે છે. આમ ક્ષમા બહારથી કરે એ ક્ષમા-બમા નહીં. સમજાણું કાંઈ? એ **પરમપારિણામિકભાવનું** એટલે કે શુદ્ધાત્મદ્રવ્યનું એટલે કે **શુદ્ધાત્મદ્રવ્ય સામાન્યનું**–ત્રિકાળી સ્વરૂપનું **આલંબન લેવું.** નીચે. આલંબન.. મૂળ પાઠમાં 'આલંબન' છેને એટલે પહેલો

'આલંબન' શબ્દ વાપર્યો. ત્રિકાળી ચીજનું લક્ષ કરવું, ત્રિકાળી ચીજનો આશ્રય કરવો, એનું આલંબન લેવું.

**તેને આલંબનારો ભાવ જ...** એને અવલંબનારો ભાવ–ભગવાન પરમાત્મા ત્રિકાળી વસ્તુ એને અવલંબનારો ભાવ જ **મહાવ્રત** છે. આ દુનિયા માને મહાવ્રત એ નહીં. મહાવ્રતના પરિણામ જે દુનિયા માને એ તો અધર્મ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! એ મહાવ્રત, એ **સમિતિ...** નીચે. એ **ગુપ્તિ,** એ **પ્રતિક્રમણ,** એ **આલોચના, પ્રત્યાખ્યાન, પ્રાયશ્ચિત્ત વગેરે બધુંય છે.** એટલે કે વસ્તુ ભગવાન આત્મા આનંદનો નાથ એમાં દૃષ્ટિ લગાવીને જે દશા પ્રગટ થાય એ બધું છે એ છે. બાકી બધો વિકલ્પ ને પરમાં કાંઈ છે નહીં. આહાહા! આ તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો વિકલ્પ પણ કાંઈ ન મળે. એ તો ધૂળ છે. આ ગજબ વાતું છે. ...ભાવ છે, વિકારી ભાવ છે, સદોષભાવ છે. આહાહા! એ સદોષના કારણે નિર્દોષ થાય એમ બને નહીં.

ત્રિકાળી ભગવાન સત્.. સત્.. સત્.. સત્.. સત્.. જે ત્રિકાળી જેનું હીણાપણું નથી, ત્રિકાળી જેનું અપૂર્ણપણું નથી, ત્રિકાળી જેની એકરૂપદશા છે—એવી જે આત્માની ચીજ એને અવલંબનારો, એનો આશ્રયવાળો ભાવ એને વીતરાગના બધા શાસ્ત્રમાં જેટલી પર્યાયો કહેવાય (એ બધી છે). પર્યાયનો ગ્રંથ છેને આ નિયમસાર. એને નિયમ કહીએ. નિયમ આવશે આગળ. સમજાણું કાંઈ? આહાહા! એ સત્યાર્થ કહીએ. **(આત્મસ્વરૂપનું આલંબન, આત્મસ્વરૂપનો આશ્રય...** બધી એક જ વાત છે કહે છે. આહાહા! **આત્મસ્વરૂપ પ્રત્યે સંમુખતા...** મહાપ્રભુ પરમસ્વભાવભાવ ધ્રુવ જે કાયમ રહેનારી ચીજ એના પ્રત્યેની સન્મુખતા, **આત્મસ્વરૂપ પ્રત્યે વલણ...** એ બધો એક પ્રકાર છે એમ કહે છે.

ભગવાન પૂર્ણાનંદ પ્રત્યેનું વલણ... અહીં વલણ નથી ચૂકાવતા? ભાઈબંધ.. અહીં કહે છે કે વલણ કર્યું એણે ... આખો સંસારનો નાશ કર્યો. સમજાણું કાંઈ? આહાહા! **આત્મસ્વરૂપ પ્રત્યે ઝોક...** ઝોક.. ઝોક.. ઝુકી જવું. આહાહા! ત્રિકાળી ભગવાન નિત્યાનંદ પ્રભુમાં ઝુકી જવું. એ બધો એકાર્થ છે એમ કહે છે. **આત્મસ્વરૂપનું ધ્યાન...** ધ્યાન આવ્યું છેને આમાં? **झाणं हवे सव्वं**.. અંદર સ્વરૂપ ત્રિકાળ પરમાત્મા એનું–વસ્તુનું ધ્યાન (અર્થાત્) ધ્યેય કરીને એકાગ્ર થવું, એ બધી ચીજ આ છે. સમજાણું કાંઈ? બહુ ગાથા સારી આવી છે. કહો, આ વર્ષ બેસતું છેને. ગામનું ભલે કાલ બેસે, આ પહેલું બેસે છે. ધોકો ક્યાં છે? આહાહા!

કહે છે કે **પરમ-પારિણામિકભાવની ભાવના...** પણ એ એને કહેવાય. પરમસ્વભાવ ધ્રુવ એની એકાગ્રતા એ પરમપારિણામિકની ભાવના. સમજાણું કાંઈ? આહાહા! છેલ્લો બોલ રહ્યો. **'હું ધ્રુવ શુદ્ધ આત્મદ્રવ્યસામાન્ય છું'..** હું એક ધ્રુવ.. ધ્રુવ એટલે નિત્ય પ્રભુ શુદ્ધ આત્મદ્રવ્ય સામાન્ય, વસ્તુ.. વસ્તુ સામાન્ય એકરૂપ ત્રિકાળ. **એવી** એની **પરિણતિ**–એવી એની દશા... ઓલી ચીજ તો ત્રિકાળી છે, પણ એવો હું છું એવી જે પરિણતિ... હું છું એ તો પરિણતિમાં થાય

છે ને? સમજાણું કાંઈ? પરિણતિ એટલે પર્યાય, પર્યાય એટલે અવસ્થા. **એ બધાનો એક અર્થ છે.** કહો, સમજાણું કાંઈ? આરે, કઈ જાતની આ વાત?

ઓલે પણે જાય તો (કહે), છકાયની દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, દાન કરો, એક અપાસરો બંધાવી આપો, એક પ્રૌષધશાળા બંધાવી આપો, તમારું કલ્યાણ થાશે. અહીં કહે છે, હરામ એ વાતમાં કાંઈ હોય નહીં. સમજાણું કાંઈ? આહાહા! આ તારી પ્રૌષધશાળા તો અંદરમાં આત્મા આનંદકંદ છે એમાં એકાગ્ર થાવું એ પ્રૌષધશાળા છે. આહાહા! સમજાણું કાંઈ? આવી વાત તો સાંભળી પણ નહીં હોય. બીજું કાંઈ ... હાંક્યે રાખે. એવા પુણ્ય વિના આવી વાત સાંભળવા મળે નહીં. સમજાય છે કાંઈ? આહાહા!

સચ્ચિદાનંદ પ્રભુ સ્ફટિકમણિ જેવું ચૈતન્યરત્ન, ત્રિકાળી સ્ફટિક, 'જેમ નિર્મળતા રે સ્ફટિક તણી, તેમ જ જીવ સ્વભાવ..' સ્ફટિકમણિ થાય છેને. આપણે અહીંયા છેને પ્રતિમા. સ્ફટિક જોયું છે ત્યાં જામનગર. દવાખાનું છેને. શું કહેવાય? સોલેરિયમ. છ લાખનું સોલેરિયમ છેને. ભાઈ! ડોક્ટર છેને. શું કહેવાય? પ્રાણજીવનભાઈ એમણે બતાવ્યું હતું. ત્યાં ૧૦૦મી ગાથા ચાલતી હતીને, આ સમયસારની ૧૦૦મી ગાથા. ત્યારે સાંભળવા બેઠા હતા ત્યાં ૯૧માં. અમારે અહીં એવું છે સંચામાં. સૂર્યના કિરણો પડે ત્યારે આમ થાય...

ગયા હતા જોવા. કલાક રહ્યા હતા. તે દિ'ની વાત છે, ૯૦ની સાલની વાત છે. એણે એમ કહ્યું હતું ત્યાં. અહીં એક આ સંચો છે આવો, એમાં સૂર્યને કિરણો ... થાય છે ત્યારે આમ આમાં થાય છે. કીધું, થાય છે પોતાના ઓલાને લઈને. આમ ફરે છે. ફેરવે તો ફરે છે. સૂર્ય ફરે ને આ ફેરવે તો ફરે છે. સૂર્યને લઈને ફરતો નથી. એ તો ફેરવે છે. ના, ના, આ તો અમે નજરે જોયું. એમ ફરે નહીં. જેમ જેમ સૂર્ય હોય એમ એને હેઠે હોય એને ફેરવે તો ફરે આખો, આખો સંચો ફરે. અત્યારે ......

અહીં તો કહે છે કે આહાહા! ભગવાન સ્ફટિકરત્ન જેવો છે. ... સ્ફટિકરત્ન. 'જેમ નિર્મળતા આવે સ્ફટિક તણી રે, એમ જ જીવસ્વભાવ રે..' જીવનો સ્વભાવ તો નિર્મળ સ્ફટિક જેવો ત્રિકાળી આનંદનો નાથ છે. 'શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, શ્રી જિનવીરે ધર્મ પ્રકાશિયો, પ્રબળ કષાય અભાવ રે..' નિર્મળાનંદ પ્રભુ સ્ફટિકરત્ન, ચૈતન્ય સ્ફટિકરત્ન છે. એ સ્ફટિક તો જડ છે, આ તો અરૂપી જ્ઞાનઘન સ્ફટિકરત્ન છે. અરે! કેમ બેસે? અરે! ખજૂર સારો આવે ત્યાં આમ આમ થઈ જાય. આ તો યાદ આવી ગયા ભાઈ–કાંતિભાઈ કાંતિભાઈ ને નામ? કાંતિભાઈ પોરબંદરવાળા.

એ જાય અરબસ્તાનમાં. મુસલમાનને ત્યાં ઉતારો. મુસલમાનનું તો એ ખાય નહીં. સારામાં સારો ખજૂર, એવો ઊંચો ખજૂર હોય છે. ચૂરમાના લાડવાને ભૂલાવી નાખે. ઘી સાથે ખાય. મુસલમાનનું તો ખવાય નહીંને. કાંતિભાઈ લેવા જાય છેને અરબસ્તાનમાં. એ ખજૂર તો

ધૂળ છે. આ તો આત્માનો ખોરાક, અંદર ત્રિકાળ આનંદકંદ એમાંથી લઈને આનંદને ભોગવવો એ ખોરાક છે. એ આનંદનો અનુભવ એને જે કહો એ કહો, બાકી એ વસ્તુ છે ધર્મ. અતીન્દ્રિય આનંદનો નાથ એમાંથી અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેવો એને બધા બોલ લાગુ પડે છે. સમજાણું કાંઈ? **એ બધાનો એક અર્થ છે**. અહીં પણે આવ્યું જુઓ!

એ આલોચના વગેરે **બધું ધ્યાન જ છે.** ત્યારે ઓલા એમ કહે કે મહાવ્રત પાળીએ એ ધ્યાન છે.—એમ નથી. ભગવાન! એ તો ઊંધેથી તેં લીધું છે. આડે બારણે ગર્યો તું. ઊંધે હોય તો ગડિયો પણ રહે હજી. અવળે રહે..., ઊંધે ગડિયું પણ રહે. અવળે આમ આડું માથે કણિયો ન રહે. દાણો નીચે રહે. આડું... આમ પડી જાય કે આમ પડી જાય. એમ ઊંધી દૃષ્ટિએ માન્યું કે આ મારા પાંચ મહાવ્રત એ બધું ધ્યાન કહ્યું. એ મલૂકચંદભાઈ! અરે ભગવાન! તારું સ્વરૂપનું અંદર ધ્યાન નામ એકાગ્ર થઈને લીન થવું, એને પાંચ મહાવ્રત, સમિતિ ગુપ્તિ, આલોચના, સામાયિક, પ્રતિક્રમણ, વંદન–ગુરુને વંદન (કહે). એ મોટો ગુરુ આત્મા. ભગવાન આત્મા મોટો ગુરુ એમાં એકાગ્રતા એ એનું વંદન છે.

પરમગુરુ.. સર્વજ્ઞદેવ પરમગુરુ આત્મા. શ્રીમદ્માં આવે છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞદેવ પરમગુરુ એ આત્મા. એ પ્રેમચંદભાઈ! આવે છેને પાઠમાં. 'સહજાત્મસ્વરૂપ સર્વજ્ઞદેવ પરમગુરુ.' આહાહા! માળો આ શરીર પ્રમાણે અને એક જરી ખજૂરની સારી પેટી દેખીને ખુશી થઈ જાય. અને એમાં ઘી મળ્યું હોય સારું સવારનું તાજું, ગાયનું પીળું ... જેવું, કણિયા પડે. એને બાદશાહી આવી જાણે, આહા... આજ તો શું ખોરાક છે! અરે! ધૂળ છે. અને શેનોય ખોરાક તારે નથી. એના તરફનું લક્ષ કરીને તને રાગ થાય એનો ખોરાક તારે છે. એને અધર્મ કહીએ, એને રાગ કહીએ, એને સંસાર કહીએ, જે કહો એ દુઃખ છે. અને ભગવાન આત્માને અવલંબીને જે દશાને જે કહે એ, એને અમૃત કહીએ. આહાહા! સમજાય છે કાંઈ? ભારે....

પરમપારિણામિકની તો વાત જ નથી શ્વેતામ્બરમાં. પરમપારિણામિકભાવ આ શું છે? અહીં ગાથા-ગાથા દીઠ ગાયો છે. જેને ગાયો એ આ છે. દેવ પણ એ, ગુરુ પણ એ, સિદ્ધાંતે કહેલો પરમાત્મા પણ એ. એને આશ્રયે જે દશા પ્રગટ થાય એ બધું ધર્મ. કહો, દેવશીભાઈ! આહાહા! ભારે વાત આવી છે આજ. એનો હવે કળશ.

**[હવે આ ૧૧૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ]**

**यः शुद्धात्मन्यविचलमनाः शुद्धमात्मानमेकं**
**नित्यज्योतिःप्रतिहततमःपुंजमाद्यन्तशून्यम् ।**
**ध्यात्वाजस्रं परमकलया सार्धमानन्दमूर्तिं**
**जीवन्मुक्तो भवति तरसा सोऽयमाचारराशिः ॥ १९० ॥**

આહાહા! કળશ પણ બનાવ્યા છેને! નવા ઘરનું જ્યારે ઉદ્ઘાટન હોય ત્યારે મૂકે છેને મોટો કળશ એક? લીલું કપડું ને કાંઈક હોય છે. નાળિયેર ને એમાં લીલું કપડું ઢાંકે ને નાડાછડી.. નાડાછડી કહેવાયને? શું કહેવાય એને? બાંધે, એના ... મૂકે એક ખૂણામાં. આજ કુંભ મૂક, તારે ઘરમાં વસવું હોય તો, કહે છે. આહાહા! નિર્મળાનંદની દશાને સ્વભાવ તરફ કાઢીને ત્યાં સ્થાપ. ત્યાં તારું ઘર છે, બીજે ક્યાંય તારું ઘર છે નહીં.

**શ્લોકાર્થ : જેણે નિત્ય જ્યોતિ વડે તિમિરપુંજનો નાશ કર્યો છે...** શું કહે છે? કે નિત્ય જ્યોતિ વડે... ભગવાન નિત્યાનંદ પ્રભુ એને આશ્રયે પડેલી–પ્રગટેલી પર્યાય, એ નિત્ય જ્યોતિ વડે તિમિરપુંજનો નાશ કર્યો છે. મૂળ તો (ત્રિકાળી) નિત્ય જ્યોતિ તો તિમિરપુંજ રહિત જ છે, પણ તેનો આશ્રય કરનાર તિમિરપુંજનો–અજ્ઞાનનો નાશ કરે માટે 'નિત્ય જ્યોતિ વડે નાશ કર્યો' એમ કહેવામાં આવે છે. આહાહા! ભારે વાતું ભાઈ! કો'ક તો વળી કહે કે ગુરુની કૃપા થઈ જાય તો મુક્તિ થઈ જાય. સહેલું પડે, કાંઈ કરવું (હોય) નહીં એટલે. આહાહા! મોટો ગુરુ તો–પરમગુરુ તો તું છો. અનંતાનંત ગુણનો પિંડ પ્રભુ નિત્યાનંદ નાથ એવો આત્મા તું છો. એને આત્મા કહે છે. પર્યાય સહિતને પણ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

**નિત્ય જ્યોતિ...** ભગવાન નિત્ય જ્યોતિ ચૈતન્યજ્યોત ભગવાન બિરાજે છે. અરે! કોઈ દિ' સાંભળ્યો પણ નહીં, એને વિચારવાનો ને અંદર નિર્ણય કરવાનો તો ક્યારે ટાઈમ મળે? હજી સાંભળવાના પ્રસંગ મળ્યા નહીં. આહાહા! એમ ને એમ મનુષ્ય જિંદગીઓ (ગાળી), કોઈ વ્રત, તપ ને પૂજા કરવામાં, કોઈ ભક્તિ કરવામાં, કોઈ જાત્રા કરવામાં કાળ ગાળ્યા બધા, પણ જેની પાસે જાવું એની જાત્રા કરી નહીં એણે. સમજાણું કાંઈ? **નિત્ય જ્યોતિ વડે... તિમિરપુંજનો...** આહાહા! પુણ્ય-પાપ આદિ અજ્ઞાનભાવ તિમિર છે–એ અજ્ઞાનનો પુંજ છે બધો. આહાહા! શુભ ને અશુભભાવ એ અજ્ઞાનનો પુંજ છે. એ અજ્ઞાનના પુંજનો જેણે નાશ કર્યો છે. હવે અજ્ઞાનના પુંજ વડે આત્માને ધર્મ થાય. આરે, આરે, મારી નાખ્યા જગતને. સમજાણું કાંઈ?

**જે આદિ-અંત રહિત છે...** વસ્તુ છે પરમાત્મા પોતે આત્મા, એની આદિ શી? છે એની શરૂઆત શી? અને છે એનો અંત શો–અંત કેવો? 'છે', ત્રિકાળ છે.. ત્રિકાળ છે. આહાહા! સમજાણું કાંઈ? 'છે' એવો જે આત્મા એ તો ત્રિકાળ છે. કે દિ' નહોતો–ક્યારે નહોતો? ક્યે કાળે નહોતો? ક્યે ક્ષેત્રમાં એ નહોતો? ત્રિકાળ છે. આહાહા! કહે છે કે એ **આદિ-અંત રહિત છે...** ભાવમાં બેસવું જોઈએ હોં, આ ભાષાની વાત નથી. આહાહા! આ વસ્તુ છે. છે એને આદિ શી? છે એને અંત શો? તેં આદિ ન જોઈ એથી જ્ઞાન અપૂર્ણ કહેવાય, એમ વળી કેટલાક કહે છે. આહાહા! પણ આદિ નથી એને 'આદિ છે' એમ કહે એ તો અજ્ઞાન કહેવાય. છે, અનંત કાળથી છે.. છે.. છે.. ભૂતકાળમાં ક્યે કાળે–ક્યે સમયે, ક્યે (સ્વ)ક્ષેત્રમાં તે નહોતો? સમજાણું

કાંઈ? અને ભવિષ્યમાં ક્યે કાળે ને ક્યે ક્ષેત્રે નહીં હોય? એના ક્ષેત્રમાં ને એને કાળે સદાય છે એ તો. આહાહા!

**જે પરમ કળા સહિત છે...** આ ત્રિકાળીની વાત છે હોં. એ કળાબાજ છે કહે છે. સમજાણું કાંઈ? આ 'કળાબાજ' નથી કહેતા? બાજ હોય છેને બાજ. પંખીને પકડેને? ... હોયને જ્યાં-જ્યાં, પોળમાં ઓલા હોય કબૂતર-ચકલા ત્યાં જઈને પકડે, એ બાજ કહેવાય. આવે છેને? 'પંખી ઉપર બાજ, મત્સ્યને બગલો, તારી કાયા કરી દેશે ઢગલો.' આહાહા! તેજ બધા વયા જાશે એમાંથી. ચૈતન્યના તેજ... અંદર તેજસશરીર છે એને લઈને આ શરીરનું તેજ લાગે છે હોં. ચૈતન્યના તેજને લઈને નહીં. સમજાણું કાંઈ? આહાહા! આવે છે, 'પંખી ઉપર બાજ, તેતર ઉપર બાજ..' એ આવતું આપણે.... મરી ગયો એ બિચારો હોં. 'તેતર ઉપર બાજ જેમ મત્સ્યને બગલો, તારી કંચનવરણી કાય કરી દેશે ઢગલો.' ઓલો ઢગલો છે એ કોઈ દિ' નાશ થાય એવો નથી. આ તો કાળ ને નિમિત્તે આ શરીર પણ ફૂ (થઈ જશે).

'રજકણ તારા રખડશે જેમ રખડતી રેત, રજકણ તારા રખડશે જેમ રખડતી રેત..' જેવો અહીં ધ્રુવ છે એવી આ રખડતી રેત છે. ભગવાન નિત્યાનંદ પ્રભુ છે. કોઈ દિ' એક અંશ– એક રજકણ પણ અંદરથી ખંડ ન થાય. એ ગુણ ને ગુણની પર્યાયનો ખંડ ન થાય. એવી ચીજ આગળ... આ દેહના રજકણો તો માટી છે. 'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત, પછી નર તન પામીશ ક્યાં, ચેત ચેત નર ચેત.' અરે! આવો મનુષ્યદેહ તને મળ્યો ભાઈ! એ આત્માના કલ્યાણને માટે, ભવના અભાવ માટે ભવ છે. સમજાય છે કાંઈ? અરે! એમાં તેં તારું કાંઈ ન કર્યું અને એમ ને એમ ઝંઝાળમાં જિંદગી ગઈ. ઝંઝાળમાં જીંદગી ગઈ.

કહે છે કે એ પરમકળાનો બાજ છે. આહાહા! કોણ? નિત્યની વાત છે હોં આ નિત્યની. પર્યાયની કળા કેવળજ્ઞાન છે એ તો અંશકળા છે. મતિ-શ્રુતજ્ઞાનની પ્રગટ નિર્મળ દશા એ અંશકળા છે. આ તો આખો કળાબાજ છે. આહાહા! સમજાણું કાંઈ? આરે, આ કળાબાજ કેવો છે? જેનો આશ્રય લેતાં સંસારનો રાગ નાશ થઈ જાય છે. એવો એ કળાબાજ ભગવાન અંદર છે. અરે! કેમ બેસે? આંખ્યુંથી દેખાય નહીં. એય! દેખાય એ તો .... દેખાય એ તું છો. તારી જ્ઞાનની પર્યાયમાં જે જણાય તે તું જણાય છો. એ પર નહીં. ક્યાં તું નથી પર્યાય વિનાનો? ક્યાં તું નથી આનંદ વિનાનો કે નથી એમ કહે છે? આહાહા!

ખરેખર તો એના અસ્તિત્વની આગળ દુનિયા આખી નથી એમ છે. ઓલા એમ કહે છે કે 'બ્રહ્મ સત્ય ને જગત મિથ્યા.' એ જગત નથી એમ કહે છે. અહીં કહે છે કે બ્રહ્મ સત્યની અપેક્ષાએ (એટલે કે) તારી અપેક્ષાએ જગત બધું મિથ્યા છે. એની અપેક્ષાએ ત્યાં છે. મોટો ફેર. સમજાણું કાંઈ? પરમ કળા સહિત ભગવાન બિરાજે છે. આહાહા! મોર જેમ એની અનેક કળાથી ખીલે છે, એમ ભગવાન પરમ કળાવાળો છે એને જ્યારે ધ્યાનમાં લે ત્યારે કળા ખીલે

છે એની. મતિ-શ્રુતજ્ઞાનની કળા, આનંદની કળા એને ખીલે છે. એ આનંદની કળા ખીલવાને સાધન તો એ પરમકળા ધામ છે. વાહ રે ભાઈ વાહ! સમજાણું કાંઈ?

**અને જે આનંદમૂર્તિ છે...** આહાહા! જે આનંદમૂર્તિ એટલે આનંદનું સ્વરૂપ જ છે. ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. આહાહા! એનો આશ્રય લે, એનું અવલંબન લે, એની સન્મુખ થાય, એનામાં ઝોંક કરે એને આનંદ આવે. એ આનંદ આવે એને ધર્મ કહેવાય છે. ધર્મ એવો નથી કે અત્યારે સહન કરીએ પછી એનું ફળ મળે. એમ નથી. કહે છે કે આનંદની મૂર્તિ છે. આહાહા! **એવા એક શુદ્ધ આત્માને જે જીવ... એવા એક શુદ્ધ આત્માને જે જીવ શુદ્ધ આત્મામાં...** એવા શુદ્ધાત્માને... ઇન્દ્રિય વિનાની ચીજ એને ઇન્દ્રિયથી ત્રણ કાળમાં જણાય નહીં. સમજાણું કાંઈ? ઇન્દ્રિયથી જાણતો પણ નથી અને ઇન્દ્રિયથી જણાય એવો પણ નથી. અતીન્દ્રિય જ્ઞાનની મૂર્તિ ભગવાન છે. આહાહા! એ અતીન્દ્રિય જ્ઞાન ને અતીન્દ્રિય આનંદથી જણાય એવો છે.

આનંદમૂર્તિ **એવા એક શુદ્ધ આત્માને જે જીવ શુદ્ધ આત્મામાં અવિચળ મનવાળો થઈને...** મન શબ્દે ભાવ. એવા ભગવાનમાં, આહાહા! ન ચળે, ન ફરે એવા ભાવવાળો થઈને... ત્રિકાળી નિત્યાનંદમાં દૃષ્ટિ કરતાં જે ભાવ થાય એ ભાવ કદી ફરે નહીં. સમજાણું કાંઈ? એવા ભાવવાળો થઈને **નિરંતર ધ્યાવે છે...** અંતર પડ્યા વિના ભગવાન નિત્યાનંદને ધ્યાવે છે. આહાહા! છોકરો એની માને ધાવેને તો દૂધ પીવે. એ કુદરતી દૂધ હોય, એ કાંઈ નવું કર્યે થાય નહીં. આહાહા! કહે છે, કુદરતી તત્ત્વ ચૈતન્ય ભગવાન આનંદ એને જે ધ્યાવે એને આનંદના ઝરણાનો અનુભવ થાય. આહાહા! સમજાય છે કાંઈ? આરે, ભારે આવી વાતું! ક્રિયાકાંડીઓને તો એવું લાગે બધું. આ જ્ઞાનકાંડ નથી? એને 'જ્ઞાનકાંડ' કીધુંને પ્રવચનસારમાં. આ જ્ઞાનકાંડ છે. જ્ઞાનસ્વરૂપી ભગવાન એમાં એકાગ્ર થવાની તૈયારી એ જ્ઞાનકાંડ છે, એ મુક્તિનું કારણ છે. આહાહા! એ ક્રિયા થઈ એકાગ્રતા.

**નિરંતર ધ્યાવે છે, તે આ આચારરાશિ...** આહાહા! ચારિત્રના ઢગલાવાળો ચારિત્રપુંજ એ ભર્યો છે. સ્વરૂપમાં રમણતાની દશા એ ચારિત્રપુંજ છે. મહાવ્રતના વિકલ્પ એ ચારિત્ર-ફારિત્ર નથી. આહાહા! **તે આ આચારરાશિ...** જ્ઞાનાચાર, દર્શનાચાર, આનંદાચાર, તપાચાર એ બધી વીતરાગી પર્યાય છે હોં. એ વીતરાગીપર્યાય ચારિત્રનો પુંજ છે. ચારિત્રનો સમૂહરૂપ એવો જે જીવ.. ચારિત્રના સમૂહરૂપ જીવ, એમ. આચારરાશિ એ પર્યાય છે. એનો ધરનારો જીવ છે. એવો આચારરાશિ કરનારો **જીવ શીઘ્ર જીવન્મુક્ત થાય છે.** અલ્પકાળમાં... દેહની સ્થિતિ હોવા છતાં અંદર મુક્ત થઈ જાય છે. સમજાણું કાંઈ?

જૈનની આવી વાતું ન સાંભળી હોય નહીં, પછી બીજે જ્યાં-ત્યાં સાંભળે ને (તો એમ લાગે કે) માળું આમાં કાંઈક લાગે છે હોં. ધૂળેય નથી ક્યાંય. સર્વજ્ઞ પરમેશ્વરે જે જોયું-જાણ્યું

સર્વજ્ઞ થઈને... ક્યે કાળે સર્વજ્ઞ નહોતા? ત્રણે કાળે ત્રણ કાળના જાણનારનો વિરહ ત્રણકાળમાં હોય નહીં. ત્રણે કાળની હયાતી છે, તેમ એને જાણનારની પણ હયાતી ત્રણે કાળે હોય. આહાહા! ક્યે કાળે જાણનાર નહોતા? અત્યારે ત્રિકાળજ્ઞાની નથી? તેમ ભૂતકાળે નહોતા? ભવિષ્યકાળે (નહીં હોય)? ત્રણે કાળે છે. આહાહા!

એવા ભગવાન, કહે છે કે આવી જીવન્મુક્ત વસ્તુનો જે આશ્રય કરે એ વર્તમાન પર્યાયમાં જીવન્મુક્ત થઈ જાય છે. સમજાણું કાંઈ? એ શરીરે જીવતો દેખાય છતાં એનાથી મુક્ત છે. આત્માના જીવન, એ જીવન ભગવાનનું છે. આહાહા! એ પરમાત્મા થાય, એમ. એ પરમાત્માને પછી ક્ષુધા ન હોય, એને પાણી ન હોય, એને રોગ ન હોય. સમજાય છે કાંઈ? આહાહા! અહીં તો જે તે માણસ (કહે) અમે ભગવાન છીએ, ભગવાન છીએ લ્યો. રાંકા–ભિખારી ગૃહીત મિથ્યાદૃષ્ટિ કહે અમે ભગવાન છીએ. એને માનનારાય મળે માળા. શીતળાના કરે છેને માટીના પૂતળા. બ્રાહ્મણ બેઠો હોય. બેસે, બીજે દિ' તોડી નાખે. આ માટીના બનાવેને શીતળા, એને પૂજે માળા વાણિયા કેટલાક. ધૂળેય સાજો રહેતો નથી, મરી જાશે. આયુષ્ય પૂરું થાય તો ત્યાં ને ત્યાં મરી જાય. સમજાણું કાંઈ?

આવા જીવ શીઘ્ર જીવન્મુક્ત થાય છે. ચારિત્રનું વજન લીધું છે હોં. સ્વરૂપની દૃષ્ટિ સહિત સ્વરૂપમાં અંદર લીનતા થાય, એ ચારિત્ર–એ આચારવંત પ્રાણી જીવન્મુક્ત થશે. જે (શરીર) હોવા છતાં... શીઘ્ર (એટલે) અલ્પકાળ જેને લાગે કેવળજ્ઞાન થવા માટે, એમ કહે છે. વધારે કાળ હોઈ શકે નહીં. એવા આત્માને ધર્મ થયો એમ કહેવામાં આવે છે. એને નવું વર્ષ બેઠું.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ-૨, મંગળવાર, તા. ૭-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૨૦, શ્લોક-૧૯૧, પ્રવચન નં. ૧૪૧**

...... એનું નામ પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્ત એ, આત્માનો સ્વભાવ ભગવાન ચૈતન્યરત્ન, ભગવાન આત્મા ચૈતન્યહીરો, એના પ્રકાશના આશ્રયે જવું, એમાં એકાગ્રતા થાય એને અહીંયા ..... પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? એ કહે છે. ગાથા ૧૨૦

**सुहअसुहवयणरयणं रायादीभाववारणं किच्चा।**
**अप्पाणं जो झायदि तस्स दु णियमं हवे णियमा॥ १२०॥**

નીચે હરિગીત.

**છોડી શુભાશુભ વચનને, રાગાદિ ભાવ નિવારીને,**
**જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે.૧૨૦.**

એની **ટીકા : આ, શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે.** નિયમ એટલે આત્મા આનંદ-સ્વરૂપ ભગવાન એમાં એકાગ્ર થવું એ નિયમ. નિયમસાર છેને આ. આ બહારના નિયમ લેવા એ તો બધા વિકલ્પ છે. સચ્ચિદાનંદ–સત્–શાશ્વત જ્ઞાન ને આનંદ સ્વરૂપ આત્મા છે, એ નિયમસ્વરૂપ જ છે. નિશ્ચય નિયમસ્વરૂપ પરમાત્મા ને પૂર્ણાનંદસ્વરૂપ જ આત્મા છે. એની સન્મુખ થઈને, વિકાર ને સંયોગથી વિમુખ થઈને એમાં એકાગ્ર થવું... ઝીણી વાત છે. કોઈ દિ' કરી નથી.

એવા જે ભગવાન આત્મામાં અંતર્લીન થવું, એને ધ્યેય બનાવીને, ધ્યેયને લક્ષમાં લઈને... આનંદસ્વરૂપ જેવો ભગવાન આત્મા છે એવી આનંદની દશાનું વર્તમાન દશામાં આનંદથી તૃપ્ત-તૃપ્ત પર્યાય પ્રગટ થાય. નાનાલાલભાઈ ક્યાં ગયા હતા? પાલિતાણા. કહો, સમજાય છે કાંઈ? એવો ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાન સ્વરૂપી પ્રભુ આત્મા છે, એમાં એકાગ્ર થતાં જે સમ્યગ્જ્ઞાન ને આનંદની ધારા વહે એને અહીંયા પ્રાયશ્ચિત્ત (કહે છે), સંસારના પાપના નાશનો આ ઉપાય છે. આહાહા! સમજાય છે કાંઈ?

એ કહે છે કે **શુદ્ધનિશ્ચયનિયમ...** છે પ્રાયશ્ચિત્તનો અધિકાર. પણ નિશ્ચયનિયમ એને કહેવો, પ્રાયશ્ચિત્તને નિશ્ચય નિયમ કહેવો. આહાહા! **नियमेण जं य कज्जं** એ ત્રીજી ગાથામાં આવ્યું છે. નિશ્ચયથી–વાસ્તવિક રીતે ભગવાન આત્મા અંદર પૂર્ણ શુદ્ધ આનંદકંદ સચ્ચિદાનંદ છે, એમાં એકાગ્રતા–સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની એકાગ્રતા એ નિયમથી નિયમ છે અને એ જ જીવને ધર્મ માટે કર્તવ્ય છે. ભારે... કહે છે કે **શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે. જે પરમતત્ત્વજ્ઞાની...** પહેલી વાત એ. પરમતત્ત્વ ભગવાન શુદ્ધ આનંદકંદ એનું જે જ્ઞાન હોય એને

અહીંયા પરમતત્ત્વજ્ઞાની કહે છે. બીજાને લોકો જ્ઞાની માને, એ શાસ્ત્રના જ્ઞાનવાળા, આ વકીલાતવાળા, આ ડોક્ટરવાળા. પ્રેમચંદભાઈ! એ બધા જ્ઞાન નથી, એ બધું અજ્ઞાન છે. આ વેપારીઓ કુશળ હોયને પોતપોતાના વેપારમાં. એય! તમારા નટુભાઈ વકીલ છે પાલીતાણામાં. એ વકીલાતના ડહાપણ બધા અજ્ઞાન છે, સંસારની વૃદ્ધિનું કારણ છે.

શ્રોતા : અમારા અસીલ એમ નથી કહેતા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : અસીલ શેના કહે? તમારે પૈસા જોઈતા હોયને વકીલને. એ તો કહે, મને સારું કરી દેશે એમ ને એમ. ધૂળેય સારું નથી. સારું કહેવું કોને? કોને સારું કહેવું એની ખબર નથી અનંત કાળથી. ભગવાન આત્મા આ દેહના પરમાણુ–માટીથી અંદર જુદી ચીજ છે, પુણ્ય ને પાપના વિકલ્પો–રાગ, શુભ-અશુભ રાગ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ શુભરાગ, હિંસા, જૂઠું, ચોરી અશુભરાગ—એનાથી પાર અંદર ચિદાનંદ પ્રભુ છે. આહાહા! સમજાય છે કાંઈ? એ ચિદાનંદ આત્મા એની અંદરમાં એકાગ્રતા, એ સંસારની એકાગ્રતાથી બંધાયેલા કર્મના નાશનો એક જ ઉપાય છે. સમજાણું કાંઈ? ....... આહાહા! સમજાય છે કાંઈ?

આ નિયમસાર ગ્રંથનો 'નિયમ' શબ્દ આવ્યો અત્યારે. નિયમ કરવો એટલે શું? નિયમ કરવો એટલે શું? એમ કહે છે. આ કહે છેને આ નિયમ મેં કર્યો, બાધા લીધી, ફલાણું લીધું, ઢીકણું લીધું. એ બધી વિકલ્પની રાગની વાતું છે. આ નિયમ તો ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પૂર્ણસ્વરૂપ પૂર્ણ ઇંદં વર્તમાન શરીરમાં જ પૂર્ણ ઇદં પૂર્ણ તત્ત્વ પડ્યું છે. એ ગયા? બેઠા હશે. આજ ગુજરાતી ચાલશે. લોકો ઝાઝા ગુજરાતી છેને એટલે. ગુજરાતી બહોત હૈં ન યહાં.

ઐસે કહતે હૈં કિ પ્રાયશ્ચિત્ત કિસકો કહેં? ઔર વહ પ્રાયશ્ચિત્ત ક્યા ચીજ હૈ? ઔર પ્રાયશ્ચિત્ત કિસકો નાશ કરતા હૈ? પ્રાયશ્ચિત્ત કહો, ધર્મ કહો, નિયમ કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી દશા કહો—સબ એક હી બાત હૈ. કહતે હૈં કિ **પરમતત્ત્વજ્ઞાની**... ભગવાન આત્મા પરમતત્ત્વ જો હૈ.. પરમતત્ત્વ હૈ. શરીર, વાણી, મન અજીવતત્ત્વ હૈ. પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના પરિણામ વહ પુણ્યતત્ત્વ, બંધભાવરૂપ તત્ત્વ હૈ. આહાહા! હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, આ તમારું રળવું, દુકાનના થડામાં બેસવું બરાબર—એ બધા પાપભાવની વાસના છે. પુણ્ય ને પાપ બેય બંધનના કારણ, આત્માને નુકશાનના કારણ બન્ને છે. આહાહા! કહતે હૈં, લાભકા કારણ ક્યા? પરમતત્ત્વજ્ઞાન પહેલું તો. ઓહોહો! પરમતત્ત્વ... ભગવાન પૂર્ણ સ્વરૂપ વસ્તુ હૈ ન. વસ્તુ હૈ વહ એક અખંડ તત્ત્વ હૈ અંદર. ઉસકા જ્ઞાન હોના, ઉસકે સન્મુખમેં આકર જો સમ્યગ્જ્ઞાન હો ઉસકા નામ પરમતત્ત્વજ્ઞાની જીવ કહનેમેં આતા હૈ.

શ્રોતા : આ ચોથા (ગુણસ્થાન)ને લાગુ પડે?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ ચોથાની વાત છે. પહેલા ચોથાની કહે, પછી મુનિની વાત કહે. મુનિ... મુનિ તબ હોતે હૈં કિ પહલે પરમતત્ત્વજ્ઞાન હોતા હૈ, એમ કહતે હૈં. ભગવાન આત્મા

ચિદાનંદ પ્રભુ ઉસકા પહલે સાક્ષાત્કાર હોતા હૈ. ... કહતે હૈં, પીછે મુનિ હોતે હૈં. મુનિ ઐસે હી મુંડકર બૈઠે, બહારમેં મુંડન હો ઔર અંદરમેં મુંડન હૈ નહીં ઉસકો યહાં મુનિ કહતે નહીં. પહલે તો રાગ ને દ્વેષકે વિકલ્પસે, સમજાય છે કાંઈ? અપના તત્ત્વ ઉસસે ભિન્ન હૈ ઐસી તત્ત્વદૃષ્ટિ કરનેસે જો સમ્યગ્જ્ઞાન હુઆ, ઉસમેં આનંદકા સ્વાદ ભી આયા. સમજમેં આયા?

નિયમ કિસકો કહતે હૈં વહ બાત ચલતી હૈ. વ્રત લિયા, બાહરસે અપવાસ કિયા વહ નિયમ. વહ નિયમ નહીં. નિયમ નહીં એટલે એ અનિયમ. વ્યવહાર નિયમ કહો કે અનિયમ કહો. વાસ્તવિક નિયમ તો ભગવાન પૂર્ણાનંદ પ્રભુ શાશ્વત આત્મા આનંદદલ–આનંદકા દલ આત્મા હૈ. અરે! ઉસને કભી અપની ચીજકી દયા કી નહીં ઔર દુનિયાકી દયા કરનેકો નિકલ ગયા. આહાહા! પરકી દયા પાલતે હૈં, પરકા ઐસા કરતા હૂં, ઉપવાસ કરતા હૂં—વહ સબ લંઘન હૈ, લંઘન. અપની ચીજ અંદર ચિદાનંદ ભગવાન આત્મા પરમતત્ત્વ... ઐસી પહલી વ્યાખ્યા હોતી હૈ યે પરમતત્ત્વ. શરીર ભી નહીં, ઉસમેં પુણ્ય-પાપકા ભાવ ભી નહીં ઔર એક સમયકી વર્તમાન પ્રગટ અવસ્થા ભી જિસમેં નહીં—ઐસી ચીજ આત્મા ઉસકો યહાં પરમતત્ત્વ કહતે હૈં. યે પરમતત્ત્વ જ્ઞાની... સમજમેં આયા?

ઐસે પરમતત્ત્વકા ભાન–સાક્ષાત્કાર પૃથક્ અંદરમેં આત્મા અપની જ્ઞાનકી નિર્મલ પર્યાયમેં રાગ ઔર બંધકા સંગ છોડકર અતીન્દ્રિય પર્યાયસે જો જ્ઞાનકા અનુભવ હો, આહાહા! ઉસકો પરમતત્ત્વજ્ઞાની કહતે હૈં. વહ પરમતત્ત્વજ્ઞાની તો સમ્યગ્દૃષ્ટિ ભી હોતા હૈ. યહાં તો ઉત્કૃષ્ટ બાત કરના હૈ ન. **મહાતપોધન...** યહાં તો બિલકુલ સંસારકા નાશ કરનેવાલી દશાકી બાત ચલતી હૈ. સમ્યગ્દર્શનમેં, આત્માનુભવમેં તો ભ્રાંતિ ઔર અસ્થિરતાકે અંશકા નાશ હોતા હૈ. સંપૂર્ણ અસ્થિરતાકા નાશ ઉસમેં હોતા નહીં. સંપૂર્ણ અસ્થિરતા હૈ ઐસા જો સંસાર દાવાનલ સંસાર અગ્નિ ઉસકો શાંત કરનેમેં તપોધન મુનિ... આહાહા!

કહતે હૈં, જિસકો અમૃતસાગર અંદરમેં ઉછલા હૈ. જૈસે દરિયામેં કિનારે ભરતી આતી હૈ ન. ભરતી સમજતે હો? બાઢ. બાઢ આતી હૈ ન બાઢ. આહાહા! ઐસે ભગવાન આત્મામેં અંતર મધ્યબિંદુમેં પૂર્ણ આનંદ ને જ્ઞાન પડા હૈ. ઉસમેં એકાગ્ર હોનેસે ઉસકી વર્તમાન પર્યાયમેં–કિનારે અનંત આનંદકી ભરતી–બાઢ આતી હૈ ઉસકો તપરૂપી ધન કહતે હૈં. આ ધૂળનું ધન નહીં. ધૂળના ધણી તો મરીને જાય ચારેકોર રખડતાં. આહાહા! ભગવાનજીભાઈ! પૈસાના અમે માલિક છીએ એમ માનનારા મોટા મિથ્યાદૃષ્ટિ મૂઢ છે.

શ્રોતા : વ્યવહારે માલિક કહેવાયને. એ ક્યાં નિશ્ચયે માને છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળેય નથી માલિક. શેના માલિક? જડના માલિક છે? લક્ષ્મી તો જડ છે, માટી–ધૂળ છે. એનો માલિક તો, ભેંસનો માલિક–ભેંસનો ધણી પાડો હોય, એમ જડનો ધણી થાય જડ. (એમ) માને તો જડ છે, એ મૂર્ખ છે, એમ કહે અહીં તો. સમજમેં આયા?

યહાં તો કહતે હૈં, પરમ **મહાતપોધન**... આહાહા! જિસને આત્મામેં ઇતની લીનતા પ્રગટ કી, અમૃતકા સાગર જહાં ઉછલતા હૈ અંદર. લૂગડાં ફેરવે, મુંડાવીને બેસે ને મુનિ થઈ જાય? સમજમેં આયા? ઐસા નગ્નપના, પંચમહાવ્રતકા પરિણામ તો અનંતબૈર કિયા. વહ તો દ્રવ્યલિંગ હૈ, વહ તત્ત્વદૃષ્ટિ રહિત હૈ. આહાહા! યહાં તો પરમ ભગવાન આત્મા ઉસ તરફકા ઝુકાવ કરનેસે જો જ્ઞાન હુઆ, પીછે ઉસ તરફકા વિશેષ ઝુકાવ કરનેસે જો અમૃતકી ધારા બહી, ઉસકા નામ મહાતપોધન કહનેમેં આતા હૈ. આહાહા! વાતે વાતે ફેર છે. ...જી! બહોત ફેર હૈ. બાહર દુનિયા બહોત કહતી હૈ. હમકો ખબર હૈ સારી દુનિયા ક્યા કહતી હૈ. આહાહા! માર્ગ દૂસરા હૈ. કંઈનું કંઈ માની લીધું છે.

દો શબ્દમેં તો... તત્ત્વજ્ઞાની–તત્ત્વ ઉસકા જ્ઞાની, ઉસમેં મહાતપોધન. આહાહા! અપને ચિદાનંદ ભગવાનમેં ઇચ્છાકા નિરોધ હોકર આનંદકી ...ધારા.... વહ આયા થા પહલે. તપકી વ્યાખ્યા આયી થી ન ભાઈ? નાનાલાલભાઈ! નહોતું આવ્યું તપનું ત્યાં? પહેલા...? આહાહા! ૧૮૯ કળશ. **ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપ**.. છે? ૧૮૯ કળશ. ૧૧૮ ગાથા એનો છેલ્લો કળશ. આહાહા! પાનું ૨૩૯. **ચિદાનંદરૂપી અમૃતથી ભરેલા તપ**... આહાહા! તપની વ્યાખ્યા પણ જુદી. ભગવાન આત્મા ચિદાનંદ જ્ઞાનાનંદ તો ભરા હૈ હી, પણ ઉસકા આશ્રય કરનેસે, ઉગ્ર આશ્રય કરનેસે મુનિયોંકો ચિદાનંદ અમૃતધારા–ચિદાનંદરૂપી અમૃતસે ભરા, ઉસ પર્યાયકો–ઉસ અવસ્થાકો ભગવાન તપ કહતે હૈં. તપમેં ઉપવાસ કિયા ને લંઘન કિયા ને શરીર સૂક ગયા. સમજમેં આયા?

સર્પ છે બિલમાં અને બિલ ઉપર મારે લાકડીયું. મારે સમજે? સર્પકા ઘર (નાશ હો) જાતા હૈ? બિલ ઉપર મારે લાકડી, એમ આ શરીર ઉપર મારે લાકડી. અપવાસ કરો, સુકાઈ ગયું શરીર. ધૂલમેં ભી નહીં હોગા ધર્મ. સમજમેં આયા? સર્પકા ઘર તો અંદરમેં હૈ, ઐસે આત્મામેં 'પુણ્ય-પાપ, રાગ-દ્વેષ મેરા હૈ, ઉસસે મુજે લાભ હૈ' ઐસા મિથ્યાત્વકા જહર ચડા હૈ. મિથ્યાત્વકા જહર હૈ ઉસકો. ઉસકો ઉતારનેકા ઉપાય ચિદાનંદરૂપી અમૃતસે ભરી તપદશા. આહાહા! લ્યો, ઠીક! ચંદુભાઈ! આ તપની વ્યાખ્યા. આહાહા! એ મગનભાઈ! એવી વ્યાખ્યા.

કહતે હૈં, જ્ઞાન, આનંદસે તો ભરા હૈ પ્રભુ. આત્મા હૈ ન, વસ્તુ હૈ ન, સ્વભાવ હૈ ન. ઉસકા પૂર્ણ સ્વભાવ જ્ઞાન, આનંદસે ભરા પ્રભુ આત્મા હૈ. ઉસ પૂર્ણમેં એકાગ્ર હોકર જિસકી વર્તમાનદશામેં જ્ઞાનાનંદરૂપી અમૃતકી અવસ્થા ભરી પડી હૈ, ઉસકા નામ પરમાત્મા તપ કહતે હૈં ઔર વહ તપોધનકો મુનિ કહતે હૈં. આ તપોધન. નહીંતર તપોધન તો એક જ્ઞાતિ હોતી હૈ બ્રાહ્મણકી. અમારે ગઢડામાં છે. તપોધન.. તપોધન. વકીલ છે. તપોધનની નાત હોય છે. તપોધન ધૂળેય નથી. તપોધન તો, આત્મા અતીન્દ્રિય આનંદને ઉછાળીને, આહાહા! જેણે

સંસારના ઝેર નાશ કર્યા છે એવી જે દશા એને અહીંયા તપ કહેવામાં આવે છે. અને એ તપના કરનારને મહાતપોધન (કહે છે). તપરૂપી ધન–લક્ષ્મી એની પાસે છે. આહાહા!

રૂપિયાનું ધન એ ધૂળનું ધન છે બધું. મારી નાખે અભિમાન. બે-પાંચ-પચાસ લાખ થાય, અમે પૈસાવાળા છીએ, અમે બધા કરતાં વેપારમાં કુશળ છીએ અને બધી કુશળતાને કારણે અમને પૈસા મળે છે. બડા મૂઢ હૈ. આહાહા! એ લક્ષ્મી નહીં. લક્ષ્મી તો ચિદાનંદ પ્રભુ... આત્માકો 'ભગવાન' કહતે હૈં ન. ભગ નામ અનંત આનંદ ને જ્ઞાન(રૂપ) લક્ષ્મી જિસકે પાસ હૈ. ભગવાન.. વાન એટલે વાળો. ઐસે લક્ષ્મીવંતકો ભગવાન કહનેમેં આતા હૈ. ઐસા લક્ષ્મીવંત તો આત્મા હૈ. આહાહા! નિર્ધન હો બાહરમેં, અરે! અમે દુઃખી છીએ. અરે! દુઃખી નથી, સુન તો સહી! આનંદનો નાથ બિરાજે છે અંદર. જેને અંદર અમૃતના સાગર ભરેલા પડ્યા છે. વહ દુઃખી કૈસે હો? સંયોગની પ્રતિકૂલતા... સંયોગ વહ દુઃખ હૈ? અપને આનંદકે સ્વરૂપકા અનાદર કરકે રાગકા પ્રેમ કરના વહ દુઃખ હૈ. સમજમેં આયા? અપના અતીન્દ્રિય આનંદસ્વરૂપ ભગવાન ઉસકી કિંમત નહીં કરકે ઔર વિકારી પુણ્ય-પાપકી કિંમત કરના વહ બડા જહર હૈ. સમજમેં આયા? વહ સંસારમેં રુલનેકી ચીજ હૈ.

**સદા સંચિત સૂક્ષ્મકર્મોંકો...** અબ કહતે હૈં. **પરમતત્ત્વજ્ઞાની મહાતપોધન**... હૈ કિ નહીં અંદર શબ્દ 'ધન'? આહાહા! **સદા સંચિત સૂક્ષ્મકર્મોંકો...** અનંત કાલસે વિકારકે પરિણામસે સૂક્ષ્મકર્મોંકા સંચય કિયા. **મૂલસે ઉખાડ. દેનેમેં સમર્થ...** મૂલસે ઉખાડકર... આહાહા! ઘાસને મૂળથી ઉખેડે એ ગધેડો કહેવાય. સંસારને મૂળથી ઉખેડે એને મહાતપોધન કહેવાય. સમજમેં આયા? ગાય હોતી હૈ ન, ગોચરી કરે ગાય. ગોચરી (એટલે) ઉપર ઉપરનું ખાય, મૂળને ખેંચે નહીં. ગાય હોતી હૈ ન ગૌ. વહ ઘાસ ખાતી હૈ તો ખેંચકર ન ખાય. ઐસે ઉપરસે તોડકર ખાય. વળી વરસાદ આવે તો નવા પાન ઉગે. ગધેકા સ્વભાવ ઐસા હૈ કિ મૂલસે ઉખાડકર ખાય, પીછે કુછ રહે નહીં. પણ વહ ગધા (સંસારકા) અજ્ઞાની. સંસાર છેને.

સંચિત કર્મકો મૂલસે... પણ 'સદા સંચિત' એમ કહતે હૈં. ઓહોહો! અનાદિકાલસે અજ્ઞાનસે, અનાદિકાલસે મિથ્યાશ્રદ્ધાસે, 'રાગસે મુજે લાભ હૈ, પુણ્યસે મુજે ધર્મ હૈ, મૈં સુખી હૂં સંસાર..સે' ઐસે અજ્ઞાનભાવસે **સદા સંચિત**... દેખો! ઓહોહો! મિથ્યાત્વકી બાત લેના હૈ ન. અનાદિ મિથ્યાત્વભાવસે સદા સૂક્ષ્મકર્મ સંચિત કિયા હૈ. મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ, મૂલસે ઉખાડકર નાશ કરનેમેં સમર્થ હૈ. કૌન? નિશ્ચયપ્રાયશ્ચિત્ત. આહાહા! **નિશ્ચયપ્રાયશ્ચિત્તમેં પરાયણ રહતા હુઆ...** પાછી પહેલી લીટી લઈ... પાઠમાં 'વચનની રચના છોડીને' છેને? પહેલું એમ લીધું. એને ઠેકાણે અહીંથી લઈને આ વાત લીધી. પછી લીધું છે કે **રાગાદિભાવવારણમ્**.. પછી તો છે. .... પણ પહેલેથી અહીં વાત લીધી છે. એકલા વચન છોડવા એમ નહીં, એમ. આવું કરીને જે વચન છોડે છે, એમ. સમજમેં આયા? આહાહા!

આમ મૌન તો ઘણા રહે છે. કાષ્ઠ મૌન કહેવાય. વર્ષ-બબ્બે વર્ષ બોલે નહીં. ન બોલે એમાં દાળિયા શું થયા? એ તો જડ ન બોલે. અંદર બડા અજ્ઞાન તો પડા હૈ. રાગ-દ્વેષ, પુણ્ય-પાપકા વિકલ્પ જો વિકાર હૈ ઉસમેં એકતાબુદ્ધિ પડી હૈ મહા-જહર. કાળો નાગ, મિથ્યાત્વ તો કાલે નાગસે ભી બડા જહર હૈ. સમજમેં આયા? કાળો નાગ (કરડે) તો એકવાર દેહ છોડે, મિથ્યાત્વસે અનંત બાર જન્મ-મરણ કરના પડતા હૈ. આહાહા! પુણ્ય-પાપકા વિકલ્પ મેરા હૈ, મુજે લાભદાયક હૈ. તો ભગવાન આત્મા લાભદાયક હૈ વહ તો છૂટ ગયા દૃષ્ટિમેંસે. ચિદાનંદ આત્મા હી લાભદાયક હૈ વહ તો છૂટ ગયા. રાગાદિ લાભદાયક હૈ વહ જહર ઘૂસ ગયા. સમજમેં આયા? માર્ગ ઐસા હૈ ભાઈ! આહાહા! ધર્મ ક્યા ચીજ હૈ વહ કભી સમજમેં આયા નહીં, લક્ષમેં લિયા નહીં. ઐસે કે ઐસે જિંદગી પશુકી તરહ નિકાલતે હૈં. ઢોર.. ઢોર–પશુ. નહીં સમજતે? પશુ. આહાહા!

(સમયસારમાં અનેકાંતના) ૧૪ બોલમાં 'પશુ' આવે છેને ભાઈ! છેલ્લે. એકાંત માનનારા મિથ્યાદૃષ્ટિ પશુ છે. ભાઈ! પશુ છે. 'પશ્યતિ ઇતિ પશુ.' જો અજ્ઞાનસે કર્મસે બંધતા હૈ વહ પશુ. આહાહા! આત્મા ઇસમેં પરાયણ, નિશ્ચય-પ્રાયશ્ચિત્તમેં પરાયણ... આહાહા! અપના શુદ્ધસ્વરૂપ ઉસમેં પરાયણ રહતા હુઆ, અકષાયભાવ–નિર્દોષભાવ પવિત્ર વીતરાગીદશા ઉસકો યહાં નિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહતે હૈં. આહાહા! ભારે વાતું ભાઈ! પરાયણ–તત્પર રહતા હુઆ... દેખો! ઉસમેં તત્પર રહતા હુઆ... અપની શુદ્ધચીજમેં શુદ્ધ નિશ્ચયપ્રાયશ્ચિત્ત (અર્થાત્) નિર્દોષ–નિર્વિકારી આનંદ સહિતકી દશા, ઉસ આનંદકી દશામેં તત્પર રહતા હૈ ઉસકો યહાં પ્રાયશ્ચિત્ત, ઉસકો યહાં નિયમ, ઉસકો યહાં ધર્મ, ઉસકો યહાં બંધનસે છૂટનેકા ઉપાય (કહતે) હૈં. સમજમેં આયા? આહાહા!

વરસ બેઠું એટલે લોકો જાણે ખુશી ખુશી થઈ જાય, લાપસી ખાય, કરો મંગળિક. શેના મંગળિક? મંગળિક તો આ છે. આહાહા! વરસ બેસે ને છોકરો વીસ વર્ષનો હોય એ મરે તે દિ' હાય.. હાય! અરેરે! થાય છે કે નહીં? બરાબર વર્ષ બેઠું ને છોકરો જરી માંદો હતો એ બપોરે બાર વાગે એકદમ ઓલું થયું. હાય.. હાય! આહાહા! ......... એ તો ચાલે જ છેને. સંસાર તો... એ તો બહારમાં જવાનું. પણ અંતર સ્વરૂપમેં અપના પૂર્ણાનંદકા અનાદર ઔર રાગકા આદર (કરતા હૈ) વહ અપની દુકાન જલા દેતા હૈ. પૈસા.. પૈસા ધૂળ તો ક્યાંય રહી ગઈ ચીજ. આહાહા! અંતરમેં શુભરાગકા આદર. ભારે કઠણ જગતને.

આજે જૈન સંસ્કૃત આવ્યું છે ચોપાનિયું. એમાં પહેલે જ એમ લખ્યું છે કે જૈનસંદેશમાં સોનગઢવાળા બે હજાર રૂપિયા વર્ષે આપે છે. જૈનસંદેશ. માટે જરી અનુકૂળ લખે. કેટલા આરોપ આપે છે? એ ખોટું છે. અરે! આવું... એમાં પોતાના પંડિતોને આવા આરોપ? અરર! એ પંડિતોને બાર મહિને બે હજાર રૂપિયા આપે છે. કવિરાજજી! જૈનસંદેશ હૈ ન. અભી આજ

આયા હૈ. આજ આયા હૈ ઉસમેં. ક્યા હૈ? મૈંને દેખા નહીં, ચંદુભાઈ કહતે થે. પહલે પન્ને પર હૈ. જૈનસંદેશકો સોનગઢસે એક વર્ષમેં દો હજાર મિલતે હૈં. અરર! .... આ તો છાપામાં આવ્યું છે મોટા મથાળામાં. પહલે (પન્ને પર) અખબારમેં હૈ. અરેરે! આવી વાત! સત્ય ... ઐસા લગતા હૈ? યે બાત અભી તક જૂઠ થી, ઉસમેં સત્ય આયા હૈ તો પક્ષ કરે. તો સોનગઢવાલે પૈસા દેતે હૈં તો પક્ષ કરતે હૈં ઐસા માનતે હૈં. અરર! અહીં પૈસા ક્યાં છે? ભાઈ! યહાં તો આત્માકી લક્ષ્મીકી બાત હૈ.

એક પંડિત આવ્યા હતા ખાનગી-ગુપ્ત. મહારાજ! મુજે યહાં રહના હૈ. ... ઉસમેં ક્યા? હમારે પાસ કોઈ ચીજ હૈ નહીં. યે તો તત્ત્વકા માર્ગ હૈ. સમજો. એમ કે એક હો જાના હૈ, કુછ મદદ કરો. યહાં કહાં હમારે પાસ પૈસા હૈ? આહાહા! યહાં કહતે હૈં, જો પુરુષ આત્મા અપને આનંદકે ઝુલેમેં ઝુલતા હૈ, આહાહા! વહ પુરુષ પ્રાયશ્ચિત્તસ્વરૂપ હુઆ, ઉસને સંસારકા જહર ઉતાર દિયા. આહાહા! ઉસકો મોક્ષલક્ષ્મી નજદીકમેં આનેવાલી હૈ. આવા હોં. અપવાસ કરીને મરીને સુકાઈ જાય, વર્ષીતપ કરે છેને આ બધા. એય નટુભાઈ! તમારે બાઈએ કોઈ દિ' વર્ષીતપ કર્યો છે કે નહીં? ...... કહો, સમજાણું કાંઈ? ઘણાએ કર્યા હોય. આહાહા!

રાગની મંદતા હોય. વહ મિથ્યાત્વ સહિત પુણ્યબંધ હૈ. મિથ્યાત્વ તો સાથમેં હૈ. મૈંને પરકો છોડ દિયા, આહાર છોડા. પરકો લિયા થા કિ આહાર છોડે? વહ તો જડ હૈ. ચૈતન્ય તો અરૂપી હૈ. અરૂપીને આહારકો પકડ લિયા હૈ કિ છોડે? વહી મિથ્યાત્વભાવ હૈ. રાગકો મૈં છોડતા હૂં વહ ભી વસ્તુકી દૃષ્ટિમેં હૈ નહીં. આત્મા ભગવાન પૂર્ણાનંદ પ્રભુ ઉસ તરફ ઝુકનેસે રાગકી ઉત્પત્તિ નહીં હોતી, ઉસે 'રાગકો છોડા' ઐસે કહનેમેં આતા હૈ. ઐસી બાત હૈ. આહાહા! ભારે વાત.

**મન-વચન-કાયાકો...** હવે વાત લીધી, પહેલી ઓલી વાત લઈને. સમજમેં આયા? અંતર ભગવાન આત્મા... અરે! એના ગાણા ક્યાં છે? અરે! એ ચીજની મહત્તા નામ માહાત્મ્ય ક્યાં છે? કોણ ક્યાં છે? બહારની મહત્તાના માહાત્મ્ય છે. કહો, સમજમેં આયા? અપને સ્વરૂપકા જ્ઞાન કરકે ઉસમેં ચારિત્રકી તપોધન લક્ષ્મી પ્રગટ કી, સ્વરૂપમેં રમના. વ્રત-બ્રત પાલના વહ તો વિકલ્પ હૈ, વહ વાસ્તવિક ચારિત્ર નહીં. વહ તપ ભી નહીં, વહ મુનિપના નહીં. અંદર ભગવાન આત્મામેં લીન હો જાના, ઐસી દશાકો પ્રાયશ્ચિત્તમેં પરાયણ જીવ કહનેમેં આતા હૈ. વહાં તત્પર હૈ. ધર્મીજીવ વિકારમેં તત્પર નહીં એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા?

**મન-વચન-કાયાકો નિયમિત (સંયમિત) કિયે હોનેસે...** આમાં રહેતો થકો, એમ. ભાષા કેવી છે જુઓને! મન-વચન-કાયાને સંયમ કર્યો છે, ત્રણેને રોક્યા છે. આવું કર્યું હોવાથી **ભવરૂપી બેલકે મૂલ-કંદાત્મક શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાકા**

**નિવારણ કરતા હૈ...** હવે ત્યાં આવ્યું. અંતરમાં ભગવાન જ્યાં અંદર વીતરાગસ્વરૂપે બિરાજે છે ત્યાં જઈને થાપ મારીને ઠર્યો છે. આહાહા! થાપ મારી એટલે જ્ઞાન કર્યું અને ઠર્યો છે એ ચારિત્ર થયું. આવી કેવી કથા? ..... આમ કરો, આમ કરો, પૈસા ખરચો, લક્ષ્મીના દાન દ્યો, પુણ્ય કરો. નથી આવતું? .... મકરસંક્રાત, પુણ્ય કરો. એ તો મોટું .... છે વર્ષ બેસતું આખું. કરો પુણ્ય ને કરો દાન. યહાં કહતે હૈં કિ પુણ્ય, દાન સબ રાગકા ભાવ હૈ.

આ તો નિયમ.. શુદ્ધનિયમ. ઓહોહો! પાછળ ગાથામાં છેને કે ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે. કુંદકુંદાચાર્ય મહારાજ નગ્ન મુનિ દિગંબર વનવાસી સંત ઉનકા યહ અભિપ્રાય હૈ કિ ઐસે મુનિકો નિશ્ચયસે પ્રાયશ્ચિત્ત હૈ. સમજમેં આયા? આહાહા! અહીં તો ઓલા વચનરચનાને ઉપમા બધી પછી આવી આપી છે. જે ભવરૂપી વેલનું મૂળ–કંદ... ભવરૂપી વેલ, એનું મૂળ–કંદ, કંદસ્વરૂપ શુભાશુભસ્વરૂપ વચન રચનાની.... કેમ કે વચન બોલવામાં, છદ્મસ્થ છે તો તે રાગ સાથે હોય જ. આહાહા! સર્વજ્ઞ પરમાત્મા કેવળજ્ઞાનીને વાણીમાં રાગ ન હોય. એ વાણી એને સ્વતંત્ર નીકળે. પરમાત્મા અરિહંતકો ૐ ધ્વનિ ઇચ્છા બિના નિકલતી હૈ. પણ નીચે છદ્મસ્થ હૈ, છદ્મ નામ આવરણમેં, સ્થ–થોડી (-અપૂર્ણ) દશા હૈ ઐસે જ્ઞાનીકો ભી વાણીકી રચનામેં નિમિત્તરૂપ રાગ હોતા હૈ. આહાહા!

**શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત...** શુભ ને અશુભરાગ, એમ કહે છે. એ રાગનું નિમિત્ત..... (એ રાગ) અહીં વાણીને નિમિત્ત છે એટલે વાણીને શુભાશુભ કહે છે. છે ને? **શુભાશુભસ્વરૂપ પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનરચનાકા...** એ વચનરચનાનું નિવારણ કરે છે. મૌન થઈ જાય છે, કહે છે. આહા! ધ્યાનમાં જ્યારે આત્મા ઉતરે છે ત્યારે એને રાગનો અભાવ થાય અને ત્યારે એને વચનરચના પણ બંધ થઈ જાય છે. આહાહા! સમજાણું કાંઈ? ભારે આવો માર્ગ! હવે કહે છે, **કેવલ ઉસ વચનરચનાકા હી તિરસ્કાર નહીં કરતા...** ધર્મી અંતરના આનંદમાં રમનાર પ્રભુ એ એકલો વાણીથી મૌન નથી. **કિંતુ સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોંકા નિવારણ કરતા હૈ...** આહાહા! મોહ નામ મિથ્યાત્વ ને રાગ-દ્વેષકે અસ્થિરતાકે પરિણામ સબકો છોડતા હૈ. આહાહા! તિરસ્કાર કરે છેને. લ્યો, વચનરચનાનો તિરસ્કાર નથી કરતો, પણ સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોનું નિવારણ કરે છે. વાણી પણ છૂટી જાય છે એને એની સાથે રાગ પણ છોડી દે છે એમ કહે છે. ભારે વાતું.

**ઔર અનવરતરૂપસે (-નિરન્તર) અખંડ, અદ્વૈત, સુન્દર-આનન્દસ્યન્દી (સુન્દર આનન્દ-ઝરતે)...** આહાહા! ક્યા કહતે હૈં? આત્મા.. આત્મા અંદર ભગવાન આત્મા... **નિરંતર અખંડ...** એ તો અખંડ વસ્તુ ભગવાન આત્મા અંદર છે. આહાહા! **અદ્વૈત**–બે નહીં, એકરૂપ અંદર હૈ, કહતે હૈં. ગુણ-ગુણીકા ભેદ ભી નહીં. **સુંદર આનંદસ્યંદી (સુંદર આનંદ ઝરતે)...** 'ઝરતા'નો અર્થ સુંદર આનંદથી ભરેલ. એ ખંડ નહીં ત્યારે એક, એમ. ભેદ નહીં અભેદ. ખંડ નહીં, એમ

એક-એક અંશનો ખંડ એમાં નથી. અદ્વૈત એકરૂપ હૈ. આ અદ્વૈત હોં. બધું થઈને અદ્વૈત એમ નહીં. બધા આત્મા થઈને એક અદ્વૈત સર્વવ્યાપક એમ નહીં. એ તો મોટી ભૂલ છે. સમજમેં આયા? આ આત્મા અદ્વૈત છે અંદર. અખંડ–ખંડ નહીં, અદ્વૈત–એક. આહાહા! સુંદર આનંદસ્યંદી... જગતના સુખની કલ્પના તો ઝેર છે, ભગવાન તો સુંદર આનંદથી ભરેલ પરમાત્મા છે. આહાહા!

**અનુપમ...** જેને કોઈ ઉપમા નથી. શેની ઉપમા હોય? આનંદસે ભરા પ્રભુ ઐસી ચીજકી ઉપમા કિસકો? કિસકી ઉસકો ઉપમા દેના? વહ ઐસા ઉસકે જૈસા. કિસીકી ઉપમા ઉસકો લાગુ પડતી નહીં. આહાહા! **અનુપમ**, **નિરંજન...** જેમાં અંજન નથી, મેલ નથી. **નિજકારણપરમાત્મતત્ત્વ...** નિજ–પોતાનો કારણ-ભગવાન ત્રિકાળી તેને અહીં કારણપરમાત્મા કહે છે. પોતાનું ત્રિકાળી સ્વરૂપ ભગવાન આત્મા શાશ્વત અનાદિ-અનંત એવું જે ધ્રુવ તે નિજકારણ. પાછા કોઈ બીજા ભગવાન છે ને એની ભક્તિ કરે (એમ નથી). બીજા ભગવાનની ભક્તિ કરે તો રાગ થાશે, ધર્મ નહીં થાય. ધર્મ નહીં હોગા. એ ....જી! ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન કરે તો રાગ હોગા, ધર્મ નહીં હોગા. ક્યોંકિ પરદ્રવ્ય ઉપર ઉસકા લક્ષ હૈ. અપને સ્વદ્રવ્ય ઉપર લક્ષ આયે બિના, સમજમેં આયા? નિજકારણપરમાત્માકા પતા નહીં મિલે. આહાહા! ..દાસજી! એવી ચીજ છે. આહાહા!

કેમ બેસે? પામરના ગજે પરમાત્મા કેમ મપાય? પામર પ્રાણીના ગજ... ગજ સમજે ન? માપ. પરમાત્મા ચૈતન્યતત્ત્વ ભગવાન અંદર રાગસે–વિકલ્પસે માપમેં આતા નહીં, ઐસી વહ ચીજ હૈ. આહાહા! લ્યો, પહેલી વાત એ હતી ત્યાં પાછું નાખ્યું 'કારણપરમાત્મા.' એની તો દિશા જ જુદી જાતની છે. **નિજકારણપરમાત્મતત્ત્વ...** એ કોણ હશે? જિસમેંસે કેવલજ્ઞાન પ્રગટ હો, જિસમેંસે અનંત આનંદ પ્રગટ હો, જિસમેંસે અકેલી વીતરાગતા પર્યાયમેં–પ્રગટ અવસ્થામેં હો, ઐસા જો કારણપરમાત્મા અપના નિજસ્વરૂપ.

ઐસે **નિજકારણપરમાત્માકી**, આહાહા! **સદા શુદ્ધોપયોગકે બલસે...** ભાષા દેખો! સદા–નિરંતર.. પુણ્ય-પાપકા ભાવ તો અશુદ્ધભાવ હૈ. ઉસસે રહિત અપને સ્વરૂપમેં એકાગ્રતા શુદ્ધોપયોગ વહ શુદ્ધ-આચરણ, શુદ્ધ-ઉપયોગરૂપી આચરણ, એના બળથી.. આહાહા! **સંભાવના (સમ્યક્ ભાવના) કરતા હૈ...** જો કોઈ જીવ, અપના ત્રિકાલી નિજ કારણભગવાન ધ્રુવ વસ્તુ નિત્યાનંદ પ્રભુ ઉસકી સદા અંતરકે ઉપયોગ દ્વારા, રાગકે આચરણ રહિત શુદ્ધ આચરણકે બલસે સમ્યક્ ભાવના કરતા હૈ. આહાહા! ઘરે જઈને કહેવું શું કે શું સાંભળીને આવ્યા? કથા હોય તો યાદેય રહે. વાત તો આમ હતી. રામે રાવણને માર્યો, આમ થયું ને ફલાણું થયું. આહાહા! આ તો આત્મરામે અજ્ઞાન(રૂપી) રાવણ રાક્ષસ એને બાળી નાખ્યો એમ કહે છે.

'નિજપદ રમે સો રામ કહીએ..' ભગવાન પૂર્ણાનંદકા નાથ અપના નિજસ્વરૂપ, ઉસમેં રમના, જમના, લીન હોના ઐસી સમ્યક્ ભાવના કરતા હૈ. આહાહા! વહ ભાવના નિયમસે શુદ્ધનિશ્ચયનિયમ હૈ... **ઉસે (ઉસ મહાતપોધનકો)...** આહાહા! ઐસે મહાતપોધનકો **નિયમસે–** નિશ્ચયસે **શુદ્ધનિશ્ચયનિયમ હૈ...** સચ્ચા નિયમ ઉસકે પાસ હૈ, સત્ય નિયમ ઉસકે પાસ હૈ. ઉસ નિયમસે મુક્તિ મિલેગી, એમ. આહાહા! સમજમેં આયા? એક-એક ગાથાએ બધું રૂપ ભરી દીધું છે. આહાહા! માથે લીધું હતુંને કે પરમતત્ત્વજ્ઞાની મહાતપોધન, એને અહીં પાછું (કહ્યું કે) એવા તપોધનને નિયમથી–નિશ્ચયથી શુદ્ધનિશ્ચયનિયમ હોય છે. એને નિશ્ચયથી–યથાર્થતાથી શુદ્ધનિશ્ચયનિયમ (હોય). જેને અહીં પ્રાયશ્ચિત્ત કહ્યું, એને અહીં નિયમ કહ્યો, એને અહીં કાયોત્સર્ગ કહેશે, એને ધર્મ કહો, એને મોક્ષમાર્ગ કહો, એને પ્રતિક્રમણ કહો, ઉસકો પ્રત્યાખ્યાન કહો, આલોચના કહો—સબ વહી હૈ. આહાહા!

અપની નિજ ચીજકા માહાત્મ્ય આતા નહીં. લોકો તો બહારની..... પછી એક ઈશ્વર ઠરાવ્યો. ઈશ્વર મોટા પ્રભુ છે એ આપણને મહેરબાની કરે ત્યારે થાય. ઈશ્વર છે... ઈશ્વર તો વીતરાગ છે, સર્વજ્ઞ છે. પૂર્ણ સર્વજ્ઞ વીતરાગ કિસકે ઉપર કૃપા કરે? તને ખબર નથી. પૂર્ણાનંદકા નાથ તું હી પહલા ઈશ્વર હૈ. તેરી શક્તિકા ઈશ્વર તુમ હો. આહાહા! ...... નવાને તો લાગે કે આ શું છે? આવો ધર્મ ક્યાં છે? ...... આહાહા! બાપુ! તારા સિવાય ચીજ શું છે? તું હી એક આનંદકંદ પ્રભુ હૈ. એના હોવાપણાની અપેક્ષામાં પરનું હોવાપણું છે નહીં. અને પોતાના હોવાપણાની અપેક્ષાએ પરનું હોવાપણું છે નહીં. પરનું હોવાપણું અહીં તો નથી, પણ અહીંની અપેક્ષાએ પરનું હોવાપણું એમાંય નથી. એવો ભગવાન આત્મા એને નિશ્ચયથી શુદ્ધનિશ્ચય એટલે સાચો નિયમ, સાચું પ્રાયશ્ચિત્ત, સાચો મોક્ષનો માર્ગ છે **એવો ભગવાન સૂત્રકારનો અભિપ્રાય છે.** ... ટીકામાં જોયું!

**अप्पाणं जो झायदि तस्स दु णियमं हवे णियमा**... આમ કુંદકુંદાચાર્ય ભગવત્ સ્વરૂપ મહિમાવંત પ્રભુ જિસકી આનંદધારા પ્રચૂર સ્વસંવેદનમેં આ ગયી હૈ... પાંચમી ગાથા. આહાહા! સૂત્રકાર કુંદકુંદાચાર્ય ઉનકા યે અભિપ્રાય હૈ. વ્યવહારવાળાને તો આ આકરું ભારે લાગે. વ્યવહારસે કુછ હોતા હૈ કિ નહીં? હોતા હૈ.... કષાયની મંદતા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ રાગકી મંદતા હૈ, પુણ્યબંધ હોગા, ધર્મ નહીં. પુણ્યબંધ થઈ ગયો એનો અર્થ શું થયો? અબંધસ્વરૂપમેં બંધ આયા. ભગવાન તો અબંધસ્વરૂપ નિરાકુલ આત્મતત્ત્વ હૈ. ઉસમેં બંધ હુઆ, જેલ પડી. ભારે આકરું. નટુભાઈ! એ **સૂત્રકારનો અભિપ્રાય છે**. એ ગાથા થઈ.

**અબ ઇસ ૧૨૦વીં ગાથાકી ટીકા પૂર્ણ કરતે હુએ ટીકાકાર મુનિરાજ ચાર શ્લોક કહતે હૈં:...** એકના ચાર. એકના આઠ નથી કહેતા ઓલા? ...ફરે... આપણે ઉનાળામાં બહુ કરતા. આ ભવનાથ, આ શ્રાવણ મહિનો હોયને (તો) ભવનાથના ભરાય મેળા. અમારે ગામમાં હતા

મુસલમાન. અમારે ટોળિયાની દુકાન હતી ઘરની પાછળ.... એ કંઈક કરતા. એકના બાર.. એકના બાર. ૩૦-૩૫ પાવલા મૂકે એમાંથી એકને બાર આપે ને બીજા ઘરમાં રહે. ધંધો એ જ છે. ૩૫-૪૦ લે ઓલા. પાવલી મૂકો તો..... .... તો ૨૩ જણા તો રહેને. એવા સવારથી સાંજ બેસે. મેળો ભરાય તો બેસે. સાંજ સુધીમાં ૨૫-૩૦-૪૦ ... ભેગા કરી લે. આહાહા! સમજાણું કે નહીં?

અહીં તો કહે છે કે એકના અનંતગુણા. જેણે ભગવાન આત્માને પકડ્યો અને જેણે અનંત આનંદનો નાથ શરણમાં લીધો... અરે! શરણમાં એને લીધો એમ કહે છે. એનું શરણ જેણે લીધું, જિસને ઉસકા શરણ લિયા, એકના અનંત (થાય). આહાહા! સમજમેં આયા? અમારે ઉમરાળે જોયા હતા ભવનાથમાં. નાની ઉંમર ૭૦-૭૨ વર્ષ પહેલાની વાત છે. જઈએ ત્યાં જોવા, શ્રાવણ વદ છઠ્ઠ-સાતમ-આઠમ ત્રણ દિ' જોવા જઈએ. હજી ભરાય છે. ચાર શ્લોક કહે છે લ્યો. એમાં એક શ્લોક. અહીં 'વચનરચના' મૂળ શબ્દ છેને એટલે... પહેલા અહીં લીધું.

**वचनरचनां त्यक्त्वा भव्यः शुभाशुभलक्षणां**
**सहजपरमात्मानं नित्यं सुभावयति स्फुटम् ।**
**परमयमिनस्तस्य ज्ञानात्मनो नियमादयं**
**भवति नियमः शुद्धो मुक्त्यंगनासुखकारणम् ॥१९१॥**

**શ્લોકાર્થ : જો ભવ્ય** જીવ... ઐસા લિયા હૈ. લાયક જીવ...... આહાહા! ભગવાનને ઉપદેશ ભી ભવ્યજીવકો હી દિયા હૈ. જિસકી લાયકાત આત્મજ્ઞાન, કલ્યાણ કરનેકી હૈ, આહાહા! એ ભવ્ય **શુભાશુભસ્વરૂપ વચનરચનાકો છોડકર...** બસ, 'એને છોડીને' કીધું એમાં રાગ-બાગ છૂટી ગયા. છદ્મસ્થને વચનરચના છૂટી ગઈ (એટલે) એ સંબંધીનો રાગ પણ છૂટ્યો એમ સાથે લઈને 'છોડીને' એટલેથી વાત કરી છે. **ભવ્ય શુભાશુભસ્વરૂપ વચનરચનાકો છોડકર સદા સ્ફુટરૂપસે સહજપરમાત્માકો સમ્યક્ પ્રકારસે ભાતા હૈ...** એ પરમાત્મા એટલે પોતે હોં. આહાહા!

પરમાત્મા એટલે પરમ આત્મસ્વરૂપ, પરમસ્વરૂપ પોતાનો–અપના ત્રિકાળી. આહાહા! સ્ફૂટપણે નામ પ્રગટ–પ્રત્યક્ષ, એમ કહતે હૈં. શુભાશુભ વાણીકો છોડકર સ્ફૂટપને સહજ પરમાત્માકો સમ્યક્ પ્રકારસે ધ્યાવતા હૈ, ભાવે છે એટલે એકાગ્ર થાય છે અંદર. આનંદ-સ્વરૂપમેં લીન હો જાતા હૈ. **ઉસ જ્ઞાનાત્મક પરમ યમીકો...** દેખો! વહ રાગસ્વરૂપ નહીં હુઆ, વહ જ્ઞાનસ્વરૂપ હુઆ. જ્ઞાનસ્વરૂપ પરમ યમી નામ સંતને **મુક્તિરૂપી સ્ત્રીકે સુખકા કારણ ઐસા યહ શુદ્ધ નિયમ નિયમથી (-અવશ્ય) હૈ.** શુદ્ધનિયમ નિયમથી હોય છે, એમ. એને જ નિયમ અવશ્ય કહેવામાં આવે છે. દૂસરેકો નિયમ કહતે નહીં. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક સુદ-૨, બુધવાર, તા. ૮-૧૧-૧૯૭૨
## શ્લોક-૧૯૨-૧૯૪, ગાથા-૧૨૧, પ્રવચન નં. ૧૪૨

યે નિયમસાર, શુદ્ધનિશ્ચયપ્રાયશ્ચિત્ત અધિકાર ચલતા હૈ. ૧૯૨ કલશ હૈ. ..... ૧૯૨.

**अनवरतमखंडाद्वैतचिन्निर्विकारे**
**निखिलनयविलासो न स्फुरत्येवे किंचित् ।**
**अपगत इह यस्मिन् भेदवादस्समस्तः**
**तमहमभिनमामि स्तौमि संभावयामि ॥१९२॥**

ઓહોહો! નીચે અર્થ. યે આત્મા જો હૈ ત્રિકાલી ધ્રુવ, (વહ) એક સમયકી વર્તમાન પર્યાયસે ભી ભિન્ન હૈ. જો પરમાત્મ પદાર્થ કહનેમેં આતા હૈ, અપના.. અપના આત્મા હોં, દૂસરા નહીં. અપના પરમ પદાર્થ ત્રિકાલી ધ્રુવ વહ શરીરસે રહિત હૈ, કર્મસે રહિત હૈ ઔર પુણ્ય-પાપકે શુભાશુભ ક્રિયાકાંડકે ભાવ ઉસસે રહિત હૈ ઔર એક સમયકી વર્તમાન પ્રગટ પર્યાય હૈ ઉસસે ભી ભિન્ન હૈ. ભારે ઝીણી વાતું. 'નિરંતર' ઐસા શબ્દ હૈ પહલા.

પરમપદાર્થ ધ્રુવ અસ્તિ-સત્તા, **નિરંતર**-એક સમયકા અંતર પડે બિના **અખંડ અદ્વૈત...** યે ચીજ કૈસી હૈ? અખંડ હૈ. ઉસમેં પર્યાયકા ભેદ હૈ નહીં. વસ્તુ ત્રિકાલી જો ધ્રુવ હૈ... પહલી અભી સમજનકા ઠિકાના નહીં, ઉસકા અનુભવ કહાંસે કરે? સમજમેં આયા? ક્યા આત્મા હૈ? કૈસા હૈ? મુજે અનુભવ કરનેલાયક ચીજ ક્યા હૈ? અનુભવ તો પર્યાય હૈ, પણ પર્યાયમેં કિસકા ધ્યાન કરના, કિસકો ધ્યેયમેં લેકર ધ્યાન કરના—ઉસ ચીજકી ખબર નહીં તો કિસકા ધ્યાન કરે?

કહતે હૈં, મૈં આત્મા ત્રિકાલી ધ્રુવ નિરંતર-અંતર પડે બિના સદા હી અખંડ હૂં. મેરેમેં પર્યાયકા ભી ખંડ-ભેદ નહીં. આહાહા! મૈં ગુણી ઔર મેરેમેં જ્ઞાન, દર્શન, આનંદાદિ ગુણ ઐસા ભેદરૂપી ખંડ ભી જિસમેં નહીં. આહાહા! સમજમેં આયા? ઐસા **અખંડ અદ્વૈત...** ખંડ નહીં, અદ્વૈત (અર્થાત્) એકરૂપ હૈ. (સર્વથા) દ્વૈત નહીં ઐસા નહીં, પણ એક હૂં. ક્યા સમજના? ઐસી ધર્મકી ચીજ કભી સુનનેમેં આયી નહીં. સ્વરૂપચંદભાઈ! એક સેકંડકે અસંખ્યવે ભાગમેં આત્મા નિત્ય ધ્રુવ અખંડ હૈ (અર્થાત્) ખંડ નહીં, ભેદ નહીં, દૂસરા કોઈ પ્રકાર નહીં. ઐસી એકરૂપ ચીજ હૈ.

ઐસા **નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્યકે કારણ...** ઐસા મૈં ચૈતન્ય હૂં. ત્રિકાલ નિરંતર જાનના-દેખના ઐસા ચૈતન્ય.. અખંડ, અદ્વૈત ચૈતન્યકે કારણ નિર્વિકાર હૈ. આહાહા! સમજમેં આયા? ભારે ભગવાન! બધું આકરું. મૈં તો નિરંતર પ્રભુ અપની પ્રભુતા ઔર અપની શક્તિકા

ખજાના—ઐસે નિરંતર ખંડ-ભેદ બિના, ખંડ બિના... ભેદની વાત પછી લેશે. ઔર અદ્વૈત હૂં. અદ્વૈત(કા અર્થ), સબ હોકર એક નહીં. અદ્વૈત(કા અર્થ) ઐસે નહીં. મૈં ચીજ હી એક હૂં. આહાહા! જો સમ્યગ્દર્શનકા વિષય હૈ, સમ્યગ્દર્શનકા ધ્યેય હૈ કિ જિસકે આશ્રયસે સમ્યગ્દર્શન-ધર્મકી પહલી સીઢી-શુરૂઆત હોતી હૈ. આહાહા! સમજમેં આયા?

ઐસે **નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્યકે કારણ**... મેરા ચૈતન્યસ્વભાવ નિરંતર અખંડ એકરૂપ હૈ. ઉસ કારણસે મૈં નિર્વિકાર હૂં. આહાહા! સમજમેં આયા? ચૈતન્યકે કારણ નિર્વિકાર હૂં. જ્ઞાયકભાવ-જાણકભાવ, નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્યકે કારણ મૈં નિર્વિકાર હૂં. સમજમેં આયા? આહાહા! યહાં તો કહતે હૈં, જો મેરે રહનેકા સ્થાન હૈ વહ ઐસી ચીજ હૈ. જિસમેં મુજે રહના હૈ વહ ઐસી ચીજ હૈ. સમજમેં આયા? અનાદિસે રાગ ઔર ભેદકી દૃષ્ટિ કરનેસે ભેદમેં રહા તો મિથ્યાત્વભાવ હુઆ. ઔર મિથ્યાત્વમેં રહા તો, ઐસે કા ઐસે આત્મા રહા અનંત કાલ, પણ મિથ્યાત્વમેં અનંત કાલ રહા.

જબ ઉસને અપને આત્મામેં રહનેકી ભાવના કી, તો કૈસા હૈ આત્મા? કિ ઉસમેં મૈં રહૂંગા. બસ, ભવિષ્યકાલમેં અનંતકાલ મુજે ઉસમેં રહના હૈ. મૈં હૂં તો સહી, કહીં રહૂંગા તો સહી. આહાહા! ધર્મીકી યહ ભાવના હૈ... યહાં લેંગેં. તીન બોલ લેને હૈં. **ચૈતન્યકે કારણ નિર્વિકાર હૈ...** આ કારણ આપ્યું છે. મૈં તો જાનન-દેખન સ્વભાવ મેરે નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્યકે કારણ મૈં નિર્વિકાર હૂં. 'નિર્વિકાર હૈ' ઐસે અભી તો બતાતે હૈં ન. ઐસા આત્મા નિર્વિકાર હૈ. ઉસમેં કોઈ દયા, દાન (આદિ)કે વિકલ્પ હૈં નહીં.

દૂસરી બાત. **ઉસમેં (-ઉસ પરમાત્મપદાર્થમેં)...** પરમાત્મપદાર્થ દૂસરા નહીં, અપના આત્મા. ધ્રુવ નિત્યાનંદ પ્રભુ **(ઉસ પરમાત્મપદાર્થમેં) સમસ્ત નયવિલાસ કિંચિત્ સ્ફુરિત હી નહીં હોતા.** મૈં નિશ્ચયસે ઐસા હૂં, વ્યવહારસે ઐસા હૂં—ઐસા જ્ઞાનકા ભેદરૂપ વિકલ્પ (અર્થાત્) નયકા વિલાસ કિંચિત્ સ્ફુરિત (નહીં હોતા અર્થાત્) ઉસમેં હૈ હી નહીં. આહાહા! મૈં નિશ્ચયસે અબદ્ધ હૂં, વ્યવહારસે પર્યાયમેં બદ્ધ(પના) હૈ—ઐસે વિકલ્પકી જાલ ઉસકા વિનાશ (અર્થાત્) વિકલ્પકે ખેલ-વિલાસસે મૈં રહિત હૂં. આહાહા! ઉસ વિલાસસે રહિત હૈ એમ કહતે હૈં. ઐસે આત્મામેં મેરા ધ્યાન હૈ. મેરી દૃષ્ટિ ઉસમેં હૈ એમ કહતે હૈં. આહાહા! ...ભાઈ! ઓલું ડોક્ટરનું તો શીખી ગયા હશે....

ભાઈ! તેરી ચીજ તો નિરંતર રહનેવાલી હૈ. નિરંતર રહનેવાલી હૈ ન? કિ નયી ઉત્પન્ન હોતી હૈ? નાશ હોતા હૈ? નિરંતર રહનેવાલી ચીજ કૈસી હૈ? ઉસમેં રહના હૈ, નિરંતર ચીજમેં રહના હૈ તો નિરંતર ઉસમેં રહેગા. સમજમેં આયા? જો ખંડખંડમેં રહેગા વહ ....... રહેગા. ભવિષ્યકાલમેં તો અનંત કાલ રહના હૈ. આત્મા નાશવાન હૈ? નહીં. આત્મા નાશવાન તો નહીં, રહનેવાલા ઐસા કા ઐસા અનંતકાલ રહેગા. કહાં રહેગા? જિસકી દૃષ્ટિ રાગ, પુણ્ય, ક્રિયાકાંડ

ઉપર હૈ વહ વહીં મિથ્યાત્વમેં રહેગા. ક્યોંકિ વહ વસ્તુકા સ્વરૂપ નહીં. ઐસે રહેગા, ઉસમેં હી ભવિષ્યકાલ રહેગા. આહાહા! સમજાય છે કાંઈ?

કહતે હૈં, **સમસ્ત નયવિલાસ કિંચિત્ સ્ફુરિત નહીં હોતા** ઐસા હૈ ઉસમેં. ઐસા આત્મા હૈ કિ ઉસમેં વિકલ્પકી જાલ ભી નહીં. આહાહા! ઐસી મૈં ચીજ હૂં, ઐસા મેરા સ્વભાવ પરમાત્મ સ્વભાવ હૈ. **જિસમેંસે...** વહી પદાર્થ ઐસા હૈ ઐસા કહના હૈ. **જિસમેંસે સમસ્ત ભેદવાદ (-નયાદિ વિકલ્પ) દૂર હુએ હૈં...** વાત તો એની એ છે. વિકલ્પકા વિલાસ જિસમેં નહીં ઐસા જો આત્મા હૈ... **જિસમેં સમસ્ત ભેદવાદ**... ભેદ નામ વૃત્તિ ઉઠતી હૈ નય. દયા, દાન, ભક્તિકે પરિણામકી બાત હી ક્યા, વે તો દૂર રહ ગયે. આહાહા! મૈં નિરંતર ભગવાન અખંડ અદ્વૈત ચૈતન્યકે કારણ નિર્વિકાર હૂં, ઉસમેં ભેદ ભી નહીં.

નયકા કોઈ ભેદ નહીં **ઉસે (-ઉસ પરમાત્મપદાર્થકો)...** ઐસા મેરા પદાર્થ ભગવાન. આહાહા! **મૈં નમન કરતા હૂં.** ઉસ ચીજકા મૈં આદર કરતા હૂં. સમજમેં આયા? ધર્મી સમ્યગ્દૃષ્ટિ જીવ ઐસે અખંડ અદ્વૈત ચૈતન્યકે કારણ નિર્વિકાર હૈ. નયકે વિલાસસે દૂર ઐસે ભેદરહિત ઉસ ચીજકા હી મુજે આદર હૈ. 'નમતા હૂં'કા અર્થ આદર હૈ. વહી એક આદરણીય ચીજ હૈ. આહાહા! નમન ઉસકો હી કરતા હૂં. દેવ-ગુરુ-શાસ્ત્રકો નમન કરના વહ બાત તો વિકલ્પમેં આયી એમ કહતે હૈં. આહાહા! સમજમેં આયા? વીતરાગમાર્ગ દોહ્યલો છે ભાઈ! પણ પામ્યા એના ફળ મહા આનંદમાં સોહ્યલા છે. સમજમેં આયા? આહાહા!

કહતે હૈં, **મૈં નમન કરતા હૂં.** ઐસે નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્યકે કારણ નિર્વિકાર હૈ, નયકે ભેદકે વિલાસસે દૂર ચીજ હૈ ઉસકા હી મૈં આદર કરતા હૂં. સમજમેં આયા? આહાહા! યહાં તો (માને કિ) દેવ-ગુરુ, પ્રતિમા ને સમ્મેદશિખર (આદરણીય). શુભભાવ, પુણ્ય હોતા હૈ. વહ ધર્મ નહીં. આહાહા! સમજમેં આયા? જબ ઐસી સ્વભાવકી દૃષ્ટિ હોતી હૈ તો ઉસમેં ઐસા અશુભસે બચનેકો શુભભાવ આતા હૈ, પણ વહ કોઈ અંતરમેં રહનેકી ચીજ નહીં. સમજમેં આયા? આહાહા! **મૈં નમન કરતા હૂં.** ઉસકા હી મુજે નિરંતર આદર હૈ, એમ કહતે હૈં. જૈસા નિરંતર નિર્વિકાર હૈ, તો મેરે નિર્વિકારી પદાર્થકા હી મુજે આદર હૈ. આહાહા! આદર તો સમજતે હો ન? ઉપાદેય.

ઔર **ઉસકા સ્તવન કરતા હૂં...** ઉસ ચીજમેં હી મૈં એકાગ્રતા કરતા હૂં. આદર કરકે ઉસમેં હી મૈં એકાગ્રતા કરતા હૂં. આહાહા! સમજમેં આયા? ધર્મી સમ્યગ્દૃષ્ટિકી દૃષ્ટિ ઔર સમ્યગ્દૃષ્ટિકા અંતરકા ભાવ હૈ કિ ત્રિકાલી ચીજકા હી મૈં આદર કરતા હૂં ઔર ઉસમેં મૈં એકાગ્ર હોતા હૂં. આહાહા! સમજમેં આયા? **સમ્યક્ પ્રકારસે ભાતા હૂં.** બારંબાર ઉસકા હી મુજે રટણ હૈ એમ કહતે હૈં. આહાહા! બારંબાર ભાતા હૂં. બારંબાર ઉસી રટણમેં રહે. આહાહા! સમજમેં આયા? યે હિન્દી તો સાદી ભાષા હૈ. ઐસી બહોત (કઠિન) નહીં હૈ. આ મહેમાન આવ્યા તો.....

સમજમેં આયા? આહાહા! ૧૯૪વાં કલશ ચલતા હૈ. ગુજરાતી..... આહાહા! યહાં તો એક-એક ટુકડે ટુકડેમેં પરમાત્માકા વર્ણન હૈ અંદર.

ભાઈ! તેરી ચીજ તો નિરંતર અખંડ અદ્વૈત ચૈતન્યકે કારણ નિર્વિકારી પિંડ હૈ પ્રભુ! જિસમેં સંસારકા વિકારભેદ તો નહીં, પણ જિસમેં નયકે વિલાસ(રૂપ) ખેલ.. ઐસા મૈં હૂં ઔર ઐસા મૈં નહીં—ઐસે વિકલ્પકે વિલાસસે રહિત યે ચીજ હૈ. (ઐસી) પૂરી ચીજકે કારણ ઉસમેં ભેદ નહીં. નયકા વિકલ્પ ઇસ કારણસે ઉસમેં નહીં. ઐસી ચીજકા મૈં આદર કરતા હૂં. ધર્મીકો (પ્રિય) યે ચીજ હૈ. નિમિત્તકા તો આદર નહીં, રાગ પુણ્ય, દયા-દાનકા આદર નહીં, ઉસકો જાનનેવાલી વર્તમાન પર્યાયકા આદર ભી નહીં. આહાહા! ભારે વાત ભાઈ! ઉસકા સત્ય સ્વરૂપ કૈસા હૈ વહ સમજના લોગોંકો દુર્લભ હો ગયા. બહારના ક્રિયાકાંડમાં, કાં ભગવાન-ગુરુની ભક્તિ, કાં શાસ્ત્રની ભક્તિ, કાં દાન ને દયા (એમાં) રોકાઈને જિંદગી ચાલી જાશે ભાઈ! એ તો ભેદ–વિકલ્પ છે. આહાહા!

ઓલા જુઓને! તકરારું. ......... બાત ઐસી હૈ. યે માર્ગ ઐસા હૈ. વીતરાગ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા સો ઇન્દ્રોના પૂજનિક પ્રભુ અનંત થયા. ભગવાન બિરાજતે હૈં મહાવિદેહમેં ઉનકી વાણીમેં ઐસા આયા ઔર ઐસા હી સ્વરૂપ હૈ. આહાહા! કહતે હૈં, જિસમેં વ્યવહારકે વિકલ્પકી ગંધ નહીં. ઐસા ભગવાન આત્મા મુજે આદરણીય હૈ.. મુજે આદરણીય ચીજ વહ હૈ. મુજે નમન કરનેલાયક હૈ, મૈં નમતા હૂં, વળું છું–ઢલતા હૂં તો ઉસમેં મૈં ઢલતા હૂં. આહાહા! ઔર ઉસીમેં મૈં એકાગ્ર હૂં. ઉસમેં હી મૈં એકાગ્રતા કરતા હૂં ઔર વારંવાર રટણ ભી મેરા યહી હૈ, સમ્યક્ પ્રકારસે ભાતા હૂં. વારંવાર મેરા રટણ સ્વભાવ સન્મુખ.. સ્વભાવ સન્મુખ.. સ્વભાવ સન્મુખ પર્યાય એકાગ્ર હો વહી મેરા રટણ હૈ. આહાહા! આત્મા–પરમાત્મા અપની ભક્તિ કરતા હૈ. સમજમેં આયા? યે ભક્તિ મુક્તિકા કારણ હૈ, પણ યે ભક્તિ. આહાહા! આમાં તો હજી ભક્તિ (અધિકાર) જ આવે છેને. સમાધિ આવે છે, પછી ભક્તિ. સમજાય છે કાંઈ? એક શ્લોક હુઆ. દૂસરા, ૧૯૩.

**इदं ध्यानमिदं ध्येयमयं ध्याता फलं च तत् ।**
**एभिर्विकल्पजालैर्यन्निर्मुक्तं तन्नमाम्यहम् ॥१९३॥**

આહાહા! મુનિના શ્લોક પણ કેવા! આહાહા! અમૃતના ઘૂંટડા ને અમૃતના કળશા– અમૃતકુંભ. આહાહા! અરે! મૈં આત્મા ઐસા હૂં ત્રિકાલી નિત્યાનંદ પ્રભુ...

**શ્લોકાર્થ : યહ ધ્યાન હૈ...** મેરી પર્યાય ઉસકા ધ્યાન કરતી હૈ ઔર ધ્યાનકા **યહ ધ્યેય** દ્રવ્ય **હૈ** ઔર **યહ** મૈં **ધ્યાતા હૈ ઔર** ઉસકા **ફલ** પરમ આનંદ મુક્તિ **હૈ—ઐસે વિકલ્પજાલોંસે જો મુક્ત (-રહિત) હૈ...** આહાહા! બહુ સરસ વાત લીધી છે. મૈં આત્મા ઐસા હૂં, ત્રિકાલી નિત્યાનંદ પ્રભુ મેરે સમ્યગ્દર્શનકા ધ્યેય, વિષય હૈ, ઉસ આત્મામેં મૈં ધ્યાન કરનેવાલા હૂં ઔર

ધ્યેય હૈ આત્મા ઔર ધ્યાતા-ધ્યાન કરનેવાલા આત્મા હૈ ઔર ધ્યાન કરનેસે ઉસકા ફલ સિદ્ધપદ, કેવલજ્ઞાન આદિ ઐસા આયેગા—ઐસે વિકલ્પજાલસે ... તો મુક્ત હૈ. આહાહા! કહો, સમજાય છે કાંઈ? સમજમેં આતા હૈ? આહાહા! અભી આત્મા ઐસા હૈ ઉસકી ખબર નહીં વહ કિસકા ધ્યાન કરે? કિસકા અનુભવ કરે? સમજમેં આયા?

આત્મા ઐસી ચીજ હૈ નિત્યાનંદ ભગવાન, એક સમયકી પર્યાયકા જો વિષય હૈ ધ્રુવ. સમ્યગ્દર્શન વિષય કરનેવાલા હૈ (ઔર) વિષય હૈ ધ્રુવ ત્રિકાલી. કહતે હૈં, ઉસ ચીજમેં, ધ્યાન, ધ્યાતા, ધ્યેય ઔર ધ્યાનકા ફલ—ઐસે ભેદરૂપ વિકલ્પકી જાલસે મુક્ત યહ ચીજ હૈ. તીર્થંકર ઐસે કહતે હૈં. અહીં તો ઓલા કહે કે ભગવાનનકો માનતે હૈં..... ઓલા કહે કે હમ ભગવાનકો માનતે હૈં, તેરાપંથી કહે કે હમ ભગવાનકો (માનતે હૈં), પણ ભગવાન ક્યા કહતે હૈં વહ ખબર હૈ? ભગવાનકો કબ માને? આહાહા!

સવારમાં કહ્યું હતુંને. આપણે તો આવે છેને, 'કેવળજ્ઞાનીએ દીઠું' એના વિચારમાં આ બધા વિચાર આવ્યા. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, સાચા દેવ, સાચા ગુરુ ને સાચા શાસ્ત્ર એની શ્રદ્ધા ક્યારે કહેવાય-કબ કહનેમેં આતી હૈ? દેવકા સ્વરૂપ જો આત્મા કેવલજ્ઞાની હૈ, ગુરુકા સ્વરૂપ જો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા પરિણમન કરનેવાલા હૈ, શાસ્ત્રકા સ્વરૂપ જો અનેકાંત હૈ—ઐસી અંતર દૃષ્ટિ હો, મૈં દેવ, મૈં હી દેવ હૂં, મૈં હી ગુરુ હૂં, મૈં અનેકાંત(સ્વરૂપ હૂં), મેરી ચીજમેં દૂસરી ચીજકા અભાવ હૈ. ઐસી અંતરમેં દૃષ્ટિ કરનેસે સચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્રકો ઉસને માના.

કેવલજ્ઞાની પરમાત્માકો કેવલજ્ઞાન હૈ (ઉસમેં) એક સમયમેં તીન કાલ, તીન લોક દેખતે હૈં ઔર કેવલજ્ઞાની દેખે ઐસા હી હોતા હૈ (ઐસા) માના કિસને? કિસ વિધિસે? કિસ રીતસે? કિસકે લક્ષસે? પરના લક્ષે માને ત્યાં સુધી કેવળજ્ઞાનીને માન્યા નથી. સમજમેં આયા? દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા વિકલ્પ તો અનંતબૈર કિયા. વહ આતા હૈ કિ નહીં ઉસમેં? વ્યવહારરત્નત્રય કથનમાત્ર તો અનંતબૈર કિયા, પણ ભગવાનકા કેવલજ્ઞાન... આહાહા! ઉસકી એક ગુણકી એક પર્યાય, જ્ઞાનગુણ ત્રિકાલી, ભગવાન આત્મા ત્રિકાલી, ઉસકી જ્ઞાનશક્તિ ત્રિકાલી, ઉસમેં પ્રગટ હુઈ એક સમયકી પર્યાય, એક સમયમેં તીન કાલ જાનનેમેં સમા જાય ઐસા પર્યાયકા સામર્થ્ય હૈ.

ઐસે અરિહંત પરમેશ્વર ઉસકી ઐસી શ્રદ્ધા કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ અર્થાત્ ઐસી દિવ્યશક્તિ જિસકો પ્રગટ હુઈ, ઐસી અનંતી દિવ્યશક્તિ પ્રગટ કરનેવાલા મેરા આત્મા હૈ. દ્રવ્ય પર દૃષ્ટિ ગયે બિના કેવલજ્ઞાનકી પર્યાયકી યથાર્થ પ્રતીત નહીં હોતી. આહાહા! સમજમેં આયા? પીછે કેવલીને દેખા ઐસા હોગા, હમ ક્યા કરે—ઐસા વિકલ્પ નહીં રહતા. આહાહા! અરેરે! બલુભાઈ! આવો માર્ગ છે. આહાહા! કહા થા ન, ૫૬ વર્ષ પહલે બડા પ્રશ્ન ઉઠા થા સંપ્રદાયમેં. બડા ઝઘડા ઉઠા થા ૫૬ વર્ષ પહલે. એય રાજેન્દ્ર! તુમ્હારે જન્મસે પહલે. ૭૨..

૭૨ની સાલ. સંપ્રદાયમેં બડી ચર્ચા હુઈ થી. ફાગણ માસ, ૭૨નો ફાગણ. ફાગણ સમજે? ફાલ્ગુન. બડી ચર્ચા (હુઈ થી).

હમારા ગુરુભાઈ કહે, જૈસે કેવલજ્ઞાનીને દેખા ઐસા હોગા, હમ ક્યા કરે? પુરુષાર્થ ક્યા કર સકતે હૈં? ગમે તેટલી નવ વાડે બ્રહ્મચર્ય પાળીએ, નવ કોટિએ વ્રત પાળીએ, નવ કોટિએ સંથારા કરીએ તો પણ ભગવાને દેખ્યા વિના એનો ... નહીં થાય, એમ કહેતા હતા. અરે ભાઈ! સુન તો સહી! યે ક્યા? હમારેસે બડે થે ગુરુભાઈ. શ્રદ્ધા ભ્રષ્ટ શ્રદ્ધા હતી, કાંઈ ખબર ન મળે અને કહે કે અમે બેરિસ્ટર છીએ. એય! ઐસી ચર્ચા ચલી થી. ક્યા ઐસા શબ્દ ભગવાનકી વાણીમેં આયા હૈ? યે વાણી ભગવાનકી હૈ? ક્યા બોલતે હો? જિસકો ભગવાન જ્ઞાનમેં બૈઠે, ભગવાન કેવલજ્ઞાની જિસકે જ્ઞાનમેં પ્રતીતિમેં આ ગયે, કેવલજ્ઞાનીને ઉસકા ભવ દેખા હી નહીં, ઉસકો ભવ હૈ હી નહીં. એ રાજેન્દ્રજી! છે જ નહીં.

કેવલજ્ઞાનકી પ્રતીત આયે તો કેવલજ્ઞાનકી ઐસી પર્યાય તો મેરેમેં અનંતગુની અનંત હૈ. તો ઉસકી દૃષ્ટિ ગઈ કહાં? ભવ ઔર ભવકે ભાવ બિનાકી ચીજ હૈ ઉસમેં જહાં દૃષ્ટિ પડી વહાં ભવ કૈસા? કેવલજ્ઞાનીને દેખા ઐસા (માને) ઉસકો ભવ હૈ હી નહીં. એય પ્રેમચંદભાઈ! મોટો પ્રશ્ન ચાલે છે હમણા મુંબઈ. ઓલા છેને પ્રાણભાઈના ભાઈ નાના ગુલાબરાય. ત્યાં અંદર લખ્યું છે પ્રબોધદર્શિની. એનો પછી ચર્ચા ખળભળાટ ચાલે છે. ઓલા અનોપચંદ વીસાશ્રીમાળી, ભીખાભાઈના દીકરા, જોરાવરનગર. એણે પ્રશ્ન કર્યો હતો હમણાં, આ શું છે? અહીં આવ્યા વિના સમજાય એવું નથી. ત્યાં કાગળ ... પડે છે? આહાહા!

અરે! કેવળજ્ઞાન! આહાહા! એક સમય... 'ક' બોલનેમેં અસંખ્ય સમય જાતે હૈં. એક સમયમેં તીન કાલ, તીન લોક દેખે ઐસી પર્યાયકી સત્તાકે સ્વીકારમેં સારા સમ્યગ્દર્શન આ જાતા હૈ. આહાહા! સમજમેં આયા? એક સમયકી પર્યાય ઇતની તાકાતવાલી હૈ, તો મેરા દ્રવ્ય જો ત્રિકાલી હૈ વહ કિતની તાકાતવાલા હૈ? ઐસી દૃષ્ટિ જબ જાતી હૈ દ્રવ્ય ઉપર, (ઉસે) ભવ નહીં. ભગવાનને દેખા હૈ કિ ઉસકે ભવ હૈં નહીં ઔર ઉસકી શંકા જિસકો હૈ ભગવાનને દેખા કિ અનંતા ભવ હૈં. આહાહા! સમજમેં આયા? ઐસી બડી ગડબડ ચલતી હૈ.

અમુકે કેવળજ્ઞાન ઉડાવ્યું છે. કેટલાક...... આપણે આવ્યા હતાને ... બનેવી ત્રિલોકચંદજી (સંવત) ૧૯૯૨માં. એણે કેવળજ્ઞાન ઉડાવ્યું. આહાહા! ૯૨માં અહીં હીરાભાઈના મકાનમાં પ્રશ્ન થયો હતો. ૯૨ની સાલ. ૨૫ વર્ષ હુએ. નિવૃત્ત મુનિમ થે ઔર સૂક્ષ્મબુદ્ધિ .... ક્ષયોપશમ. સાધુ હુઆ સ્થાનકવાસીકા. પાંચ વર્ષમેં પઢા, પંડિત હો ગયા. અંદરમેં ભ્રષ્ટ હો ગયા શ્રદ્ધામેં કિ યે ક્યા હૈ? કર્મકા ઉદય આવે (ઔર) તબ સીંગવાલા બૈલ આતા હૈ. શીંગડા સમજેને? બળદ... તો (બૈલ)કો કહાંસે ખબર પડી કિ ઉસકો કર્મકા ઉદય હૈ મુજે સીંગ ઐસે (મારના). બડી ચર્ચા (હુઈ થી). કહો, સમજમેં આયા? જૈન લોગ કહતે હૈં કિ કર્મકા ઉદય હૈ તબ ઐસા નિમિત્ત

આતા હૈ. તો કર્મકે ઉદયકો કહાંસે ખબર પડી ઔર (બૈલ)કો કહાંસે ખબર પડી કિ ઉસકો અશાતાકા ઉદય હૈ તો મુજે સીંગ મારના. અરે ભગવાન! તુજે ખબર નહીં. ઐસા નિમિત્ત-નૈમિત્તિક સંબંધ તુરન્ત બન જાતા હૈ. સમજમેં આયા? કરના પડતા નહીં. આહાહા!

આંબલી લ્યો આંબલી. આંબલી સમજતે હો? ઇમલી. લાખો પાન હૈં. ધૂપ હૈ (ઔર) નીચે પાન ઐસે-ઐસે હિલતે હૈં, તો ઐસે હી છાયા ભી હિલતી હૈ. ક્યા હિલા, દેખો! ક્યા હિલા? .... ઐસે-ઐસે વહાં હોતા હૈ, ઐસે-ઐસે હી પરમાણુકી પર્યાય અપનેસે હોતી હૈ, ઉસસે નહીં. સમજમેં આયા? પાન ઐસે-ઐસે હોતા હૈ, ઇમલી ..... નીચે ભી ઐસે-ઐસે હોતા હૈ. યે પવનકે કારણસે હુઆ વહાં? નહીં. વહાંકે પરમાણુકી પર્યાય ઐસે અપનેસે હુઈ હૈ, તબ ઐસા-ઐસા નિમિત્ત ઉસકો કહનેમેં આતા હૈ. આ તો પ્રત્યક્ષ દેખાય છે એની વાત છે. અશોકચંદજી! પરકે કારણસે હોતી હૈ, પણ હૈ અપનેસે. યે શરીર ચલતા હૈ લ્યો. છાયા ચલતી હૈ ન. છાયા ઐસે-ઐસે ચલતી હૈ. છાયા ચલતી નહીં હૈ હોં. શરીર ચલતા હૈ વહાં વહાં શરીરકી છાયા પડતી હૈ, વહાં નયા પરમાણુ ઐસા-ઐસા ઉસ કાલમેં ઉત્પન્ન હોતા હૈ. છાયા પીછે નહીં ચલતી. સમજમેં આયા? આહાહા!

વર્તમાન દશા પ્રત્યક્ષ..... કોઈ ઐસે ચલે તો છાયા (સાથમેં ચલે). લોગોંકો એસૈ લગે કિ ઉસકી છાયા ચલતી હૈ. ઉસકી છાયા નહીં ચલતી હૈ. ઉસ સમયમેં વહાંકે પરમાણુકી કાલી પર્યાય વહાં નયી-નયી હોતી હૈ. પ્રત્યક્ષ દેખનેમેં આતા હૈ કિ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કૈસા હૈ. પણ ઉસસે હોતા નહીં. આહાહા! ... વેદાંતી હો ગયા... ભગવાન! તુજે ભરોસા તેરા. આહાહા! તેરી એક સમયકી પર્યાય... તીન કાલ કિસકો કહે? આદિ નહીં, અંત નહી. સબકા જ્ઞાન હો જાયે ઉસ પર્યાયમેં. ઉસ પર્યાયકી તાકાત કિતની? ઉસ પર્યાયકી તાકાત જિસમેંસે નીકલી ઉસ દ્રવ્યકી કિતની તાકાત? ઐસી દૃષ્ટિ હુએ બિના સમ્યગ્દર્શન કભી હોતા નહીં. સમજમેં આયા? આહાહા! યહાં તો કહતે હૈં, પ્રભુ! એક સેકંડકે અસંખ્યવે ભાગમેં નિત્યાનંદ પ્રભુ ધ્યાન, ધ્યેય, ધ્યાતા ઔર ફલ (ઐસે) વિકલ્પસે મુક્ત હૈ ઐસી મૈં ચીજ હૂં. આહાહા!

**ઉસે (-ઉસ પરમાત્મતત્ત્વકો)...** ઐસા મેરા પરમતત્ત્વસ્વરૂપ ભગવાન.. પરમ-આત્મસ્વરૂપ તત્ત્વ, પરમસ્વરૂપ તત્ત્વ ત્રિકાલી ધ્રુવ (ઉસકો) **મૈં નમન કરતા હૂં.** ઉસકા હી મૈં આદર કરતા હૂં, ઉસકો હી મૈં નમતા હૂં, ઉસમેં મેરી દશા ઢલતી હૈ. યે બાત અધ્યાત્મકી બહુત સૂક્ષ્મ હૈ કવિરાજ! આહાહા! ભાઈ! આ તો બે ને બે ચાર જેવી વાત છે. ઐસી કોઈ સૂક્ષ્મ હૈ કિ ... ઐસી નહીં. આહાહા! ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાનકા સત્ત્વ, સત્ પ્રભુ આત્મા ઉસકા સત્વ જ્ઞાનસ્વભાવ, વહ જ્ઞાનસ્વભાવ અખંડ અભેદકે કારણસે નિર્વિકાર હૈ. આહાહા! ઉસ નિર્વિકારીમેં ધ્યાન, ધ્યાતા, ધ્યેય ઔર ફલકે વિકલ્પકી મૌજૂદગી કહાં હૈ? વિકલ્પકી જાલ કહાંસે

આયી? વિકલ્પસે ભિન્ન ઐસા મેરા આત્મા ધ્રુવ ઉસકો મૈં નમતા હૂં. નમન કરના, આદર કરના વહી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ. સમજમેં આયા? આહાહા!

ભાઈ! તારે ક્યાં રહેવું છે–કહાં રહના હૈ? જો અંતરમેં રહના હૈ તો અંતર્મુખ દૃષ્ટિ કરની પડેગી, તો વહાં રહના હોગા ભવિષ્યમેં અનંત કાલ. આત્મા તો હૈ અવિનાશી, પણ અવિનાશીમેં એકાગ્ર ન હુઆ તો રાગમેં એકાગ્ર હૈ તો વહાં રહેગા. વહાં રહેગા તો સંસારમેં રહેગા ચાર ગતિમેં. ચંદુભાઈ! આહાહા! ભાઈ! તું રહનેવાલા હૈ કિ નહીં? અનાદિ-અનંત હૈ ન? હૈ ઉસ સત્‌કી ઉત્પત્તિ કહાં ઔર સત્‌કા નાશ કહાં? સત્ તો હૈ હી અનાદિ-અનંત. આદિ ઔર અનંત બિનાકી ચીજ હૈ. તો ઉસકો રહના હૈ કહાં? વહ ચીજ તો ત્રિકાલી હૈ, પણ ત્રિકાલીકા જિસકો સ્વીકાર નહીં ઔર જિસકો રાગ, પુણ્ય, દયા, દાન વિકલ્પ, ભેદ ઔર નિમિત્તકા સ્વીકાર હૈ તો ઉસમેં હી રહેગા યાની રાગ–વિકલ્પ દુઃખમેં રહેગા, ચાર ગતિમેં રહેગા, દુઃખમેં રહેગા, વિકલ્પકી જાલમેં. આહાહા! સમજમેં આયા?

તેરી ચીજ ઐસી હૈ ઐસી દૃષ્ટિ કરકે એકાગ્ર જો હો તો વહીં તેરા રહના હોગા, ભવિષ્યકાલમેં વહીં રહેગા સાદિ-અનંત. પહલે અપૂર્ણ એકાગ્રતા, પીછે પૂર્ણ એકાગ્રતા, પણ ઉસકો રહના હૈ ઉસમેં. ભગવાનજીભાઈ! આ તો સમજાય એવી વાત છે હોં. આહાહા! જિસકા આદર કરના હૈ વહ ચીજ ક્યા હૈ? વહ ચીજ તો નિત્યનિરાવરણ નિર્વિકલ્પ અભેદ ચિદ્ અખંડ આનંદકંદ હૈ. ઐસે નિત્યમેં રમણતા, શ્રદ્ધા-જ્ઞાનમેં રહેગા તો ભવિષ્યમેં ભી ઉસમેં હી રહેગા, બસ. સાદિ–યહાંસે સમ્યક્ શુરૂ હુઆ, વહાંસે ઉસમેં હી રહનેવાલા હૈ, બસ ખલાસ. રાગાદિ હો તો ઉસમેં રહનેવાલા નહીં, ઉસકો જાનનેવાલા જ્ઞાની હૈ. ભવ આદિ હો ... ઉસમેં રહનેવાલા નહીં, ઉસકો જાનનેવાલા હૈ. સમજમેં આયા?

શ્રીમદ્‌કો પ્રશ્ન કિયા એકબાર કિ શ્રીકૃષ્ણ મહારાજ કહાં રહતે હૈં? શ્રીકૃષ્ણ કહાં હૈં? શ્રીમદ્‌ને જવાબ દિયા કિ શ્રીકૃષ્ણ આત્મામેં હૈં. સમજમેં આયા? જહાં હૈં વહાં આત્મામેં હૈં. સમજમેં આયા? ગતિમેં હૈ હી નહીં વે. જહાં હૈં વહાં આત્મા આનંદકંદમેં હૈ ...... આહાહા! તુજે ખબર નહીં. આત્મા સમ્યગ્દર્શન પાતા હૈ તો તો આત્મામેં હી રહતા હૈ. વિકલ્પ આયે, વાણી હો, હો ઉસમેં મેરેમેં ક્યા હૈ? મૈં ઉસમેં કહાં હૂં? સમજમેં આયા? આહાહા!

ઐસી ચીજ, મુજે આદરણીય હો તો યે એક ચીજ આદરણીય હૈ. આહાહા! '**नमः समयसाराय**' આતા હૈ ન? '**नमः समयसाराय**' પહેલો કળશ એ છે. નમતા હૂં, મૈં ઉસકા આદર કરતા હૂં. આહાહા! પૂર્ણાનંદ પ્રભુ વહી મેરી આદરણીય ચીજ હૈ, વહી મેરા ધ્યેય હૈ ઔર ભાવના કરનેમેં વહી મેરા ભાવ હૈ. સમજમેં આયા? આહાહા! કહો, મનસુખભાઈ! ક્યાં રહેવું છે તારે હવે? કહે છે. એય નટુ! આજ બેય જણા આવ્યા છે ને. એક તો દુકાન સાચવવા રહેતો હતો ત્યાં. કહો, સમજાણું કાંઈ? આહાહા!

વર્તમાનમેં જહાં તું હૈ, ઐસા કા ઐસા ભવિષ્યમેં રહેગા. જો વર્તમાનમેં રાગકી રુચિમેં પડા હૈ તો રાગકી રુચિમેં અનંતકાલ જાયેગા. ઔર આત્મા રાગ અને ભેદસે રહિત ઐસી ચીજકી દૃષ્ટિ કી, ઉસમેં રહા, ઐસેમેં ભવિષ્યકાલ રહેગા. પહલે થોડી નિર્મલતા અલ્પ હો રાગાદિ હો તો, પીછે નિર્મલતા પૂર્ણ હોગી, પણ હૈ તો ઉસમેં હી ઉસમેં. સમજમેં આયા? આહાહા! ભાઈ! ત્રિકાળી છે તેને તેં ત્રિકાળી માન્યો નહીં. તીનોં કાલ રહનેવાલા મૈં તો વહીં રહૂંગા. કહાં રહના હૈ તુજે?

જો ત્રિકાલીકા સ્વીકાર કિયા તો વહીં રહેગા. રાગ હટ જાયેગા, સંસારકા ઉદયભાવ નાશ હો જાયેગા, નહીં રહેગા. ક્યોંકિ તેરા રહના ઉસમેં હૈ નહીં. સમજમેં આયા? ઔર જો તુજે રાગ, પુણ્ય-પાપકી રુચિમેં રહના હૈ, ભગવાનમેં નહીં આયેગા તુમ, આત્મામેં નહીં આયેગા. ઉસકે પ્રેમમેં પડા વહીં કા વહીં રહેગા ભવિષ્યમેં. વિકાર.. વિકાર.. વિકાર.. વિકાર.. ચાર ગતિમેં વિકાર. બરાબર હૈ? લોજીકસે તો હૈ. .... હિન્દી હૈ..... તમારા જેવી હિન્દી અહીં ક્યાં આવડે છે? આહાહા! **મૈં નમન કરતા હૂં**... આહાહા! મેરી ચીજ આદરણીય હૈ ઉસમેં મૈં રહૂંગા. આહાહા! કહો, સમજાય છે કાંઈ? હવે ૧૯૪. આહાહા! ... ઝપટ બોલાવે છે અંદર....

**भेदवादाः कदाचित्स्युर्यस्मिन् योगपरायणे ।**
**तस्य मुक्तिर्भवेन्नो वा को जानात्यार्हते मते ॥१९४॥**

અરે! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર પરમાત્મા ઉસકે મતમેં...

**શ્લોકાર્થ : જિસ યોગપરાયણમેં...** ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ઉસમેં યોગ નામ જુડાન કરકે તત્પર હૈ, અપની ચીજ સન્મુખમેં તત્પર હૈ વહ યોગપરાયણ આત્મા કહનેમેં આતા હૈ. ઓલા યોગી ને બાવા એ નહીં હોં આ. એને ભાનેય ન હોય ને બાવા ને યોગી કહેવાતા હોય. આ તો પરમાત્મા સર્વજ્ઞ તીર્થંકર કેવળજ્ઞાની ભગવાને આત્મા જોયો, એવો આત્મા જ્યાં અંદરમાં નજરમાં આવ્યો તો યોગ ત્યાં જોડાઈ ગયો. અનાદિસે રાગમેં જુડાન થા, અબ જ્ઞાનમેં જુડાન આયા. આહાહા! જોડાણ સમજે? એકાગ્રતા.

**જિસ યોગપરાયણમેં કદાચિત્ ભેદવાદ ઉત્પન્ન હોતે હૈં...** ઉસમેં ન રહ સકે તો વિકલ્પ આતે હૈં. આહાહા! કહો! ભેદવાદ ઉત્પન્ન હોતે હૈં. **(અર્થાત્ જિસ યોગનિષ્ઠ યોગીકો કભી વિકલ્પ ઉઠતે હૈં)...** વિકલ્પ ઉઠતે હૈં, વૃત્તિ-રાગ. **ઉસકી અર્હત્‌કે મતમેં મુક્તિ હોગી યા નહીં હોગી વહ કૌન જાનતા હૈ?** ભગવાનકે મતમેં ઉસકો મુક્તિ નહીં હોગી. ક્યા કહતે હૈં? રાગ વિકલ્પ-ભેદ ઉઠતે હૈં ઔર તુજે મુક્તિ હોગી? ભગવાન પૂર્ણાનંદકા નાથ ઉસમેં એકાગ્ર હોકર મુક્તિ હોતી હૈ. ઉસમેંસે હઠકર વિકલ્પ આયા, ઐસે વિકલ્પીકો અરિહંતકે મતમેં મુક્તિ હોગી કિ ન હોગી, કૌન જાને? અરિહંતકે મતમેં મુક્તિ નહીં હોગી, એમ કહતે હૈં. બહોત ચોક્કસ હૈ.

ક્યા કહતે હૈં? દેખો! **ઉસકી અર્હંતુકે મતમેં મુક્તિ હોગી યા નહીં હોગી...** ઐસે કહકર, નહીં હોગી એમ કહતે હૈં. ભેદવાલેકો અરિહંતકે મતમેં મુક્તિ નહીં હોગી. આહાહા!

અભેદમેંસે નિકલકર દેવ-ગુરુ-શાસ્ત્રકે વિનયકા વિકલ્પ આયા, કહતે હૈં, અબ ઉસકો મુક્તિ હોગી કિ નહીં હોગી વહ કૌન જાનતા હૈ? મુક્તિ હોગી હી નહીં, એમ કહતે હૈં. આહાહા! ધ્રુવ પર આશ્રય (કિયે) બિના કભી મુક્તિ હોગી નહીં. આહાહા! સમજમેં આયા? પંચાસ્તિકાયમેં ભી વહ કહા હૈ, ૧૭૦ ગાથા. ૧૭૦ હૈ ન. ભગવાન કહતે હૈં, તીર્થંકરકી રુચિ જબ તક રહેગી, નવ તત્ત્વકી રુચિ જબ તક રહેગી ઔર આગમકી જબ તક રુચિ રહેગી, તબ તક તુજે મુક્તિ દૂર હૈ. ક્યોંકિ રુચિ વહ રાગ હૈ. ૧૭૦ (ગાથા), પંચાસ્તિકાય, કુંદકુંદાચાર્યકા કથન. આહાહા! આ બીજી વાત કહી... આહાહા! ભેદ ઉઠે તો મુક્તિ હોતી હૈ? અરિહંતકે મતમેં વહ બાત હૈ નહીં. કહો, સમજમેં આયા? આહાહા! આને તો હજી પુણ્યની ક્રિયા, દયા, દાન, વ્રત, ભક્તિ ને પૂજાની ક્રિયા. કહીં દૂર રહ ગયા તેરા આત્મા. પ્રેમચંદભાઈ! આહાહા!

ભગવાન! તું પૂર્ણાનંદ સ્વરૂપ હૈ ન. તેરેમેં વિકાર કહાં? વહ તો કહા. અખંડ અદ્વૈત ચૈતન્યકે કારણસે નિર્વિકારી હૈ. નિર્વિકારીકી દૃષ્ટિ ઔર એકાગ્રતા હો, ઉસકો ...ભાવસે વિકલ્પ ઉઠતે હૈં. વિકલ્પ ઉઠતે હૈં તો ક્યા તુજે ધર્મ હોગા? ઉસસે મુક્તિ હોગી તુજે? અરિહંતકે મતમેં તો યહ હૈ નહીં, એમ કહતે હૈં. અજ્ઞાનીના મતમાં હો તો એ અજ્ઞાની જાણે. આહાહા! કિતની ભાષા સંતોકી. દેખો તો ખરા મુનિ! નાગા બાદશાહથી આઘા. અંદરમેં નગ્ન હુએ હૈં ઔર બાહરમેં નગ્ન હુએ હૈં. અંતર ભાન હોકર સ્થિરતા જમ ગઈ હૈ અંદર. કહતે હૈં, અંદર સ્થિરતા સ્વભાવ સન્મુખ થી, ઉસમેં કોઈ ભી યોગપરાયણ (યોગી)કો વિકલ્પ ઉઠે, વહ હેય હૈ, બંધકા કારણ હૈ, ઉસકો મુક્તિ નહીં હોગી. વીતરાગમાર્ગમેં મુક્તિ નહીં હોગી. દૂસરે તો હૈ કહાં? સમજમેં આયા? દૂસરેમેં તો હૈ હી કહાં? વીતરાગ સિવા દૂસરે કહીં માર્ગ હૈ નહીં. આહાહા!

એક-એક કળશ પણ ગજબ કરે છે! 'કોન જાનતા હૈ'કા અર્થ સમજે? મુક્તિ નહીં હોગી ઐસે જાનતે હૈં, એમ કહતે હૈં. ભેદવાદસે મુક્તિ હોગી ઐસા નહીં જાનતે. આહાહા! યહાં તો અભી (માનતે હૈં કિ) વ્યવહાર કરતે-કરતે ધર્મ હોગા, વ્યવહાર મુક્તિકા કારણ હૈ, મોક્ષકે માર્ગ દો હૈં, એક નિશ્ચય, એક વ્યવહાર. જૂઠ હૈ. વ્યવહાર માર્ગ હૈ હી નહીં, વહ તો નિમિત્તસે કથન હૈ. સમજમેં આયા? અરે! ભગવાન આત્મામેં જિસકી લીનતા હુઈ ઉસકી મુક્તિ હોગી, પણ લીનતાસે હઠકર જો રાગ આયા, વિકલ્પ ઉઠા, મુક્તિ નહીં હોગી. આહાહા! રાગ એક જહર ભાવ હૈ. ભવકા ભાવ વહ સંસાર હૈ. આહાહા! સંસાર તો ... હૈ, ધર્મકી પર્યાય નહીં હૈ.

ઓહોહો! છઠવેં ગુણસ્થાનમેં ..... સમયસાર નાટક.... પ્રમાદકા જો વિકલ્પ ઉઠતા હૈ.... મુનિ હૈં સચ્ચે મુનિ હોં ભાવલિંગી, તીન કષાયકા અભાવ હૈ ઔર આનંદકા જરના ઝરતા હૈ અંદર, પણ કહતે હૈં, જબ તક પ્રમાદકા ભાવ હૈ તો સંસાર તરફ દશા હૈ ઉસકી. યહાં

(આત્મામેં) હૈ તો મોક્ષમેં હૈ. સમયસાર નાટકમેં આયા હૈ (ચૌદહ) ગુણસ્થાન (અધિકારમેં). ગુણસ્થાનકા વર્ણન હૈ ન. સમજમેં આયા? સચ્ચી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકી દશા ઉસમેં ભી જબ પ્રમાદકા વિકલ્પ ઉઠતા હૈ તો, કહતે હૈં, વહ તો સંસારતત્ત્વ–રાગ હૈ, વહ સંસારરૂપ હૈ. સ્વભાવ સન્મુખ હૈ નહીં. જિતના સ્વભાવ સન્મુખ હૈ ઉતના મોક્ષમાર્ગ હૈ. આહાહા! સમજમેં આયા?

અરે! પહલી તો બાત ઐસી હૈ કિ ક્યા ચીજ હૈ, કૈસે પ્રાપ્ત હો, કૈસે ન પ્રાપ્ત હો— ઉસકી ભી સચ્ચી સમજ નહીં, સમજમેં આયા? ઉસકો તો અંદરમેં જાના બહોત દૂર હૈ. યહાં તો અંદરમેં ગયે ઔર ફિર યોગપરાયણ હૈ, ઉસમેં ભી ઉસકો જો વિકલ્પ ઉઠતા હૈ તો મુક્તિ નહીં હોગી. આહાહા! યે કોઈ પક્ષકી બાત નહીં હૈ કિ નિશ્ચયનયવાલે ઐસા કહતે હૈં ઔર વ્યવહારનયવાલે ઐસા કહતે હૈં. આહાહા!

**तस्य मुक्तिर्भवेन्नो वा को जानात्यार्हते मते**.. વીતરાગમાર્ગમેં રાગસે ધર્મ ઔર મુક્તિ હો (ઐસે) કૌન માને? અજ્ઞાની માને. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ઉસકા કહા પંથ–માર્ગ વીતરાગભાવ હૈ, ઉસસે મુક્તિ હોતી હૈ. વીતરાગભાવ તો સ્વકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ, રાગ તો પરકે આશ્રયસે ઉત્પન્ન હોતા હૈ. વીતરાગમાર્ગમેં પરકે આશ્રયસે વિકલ્પ ઉત્પન્ન હુઆ, ઉસસે લાભ હો (ઐસે) કૈસે હોતા હૈ? આહાહા! (પૂરે) સમાજકે લિયે કહા હૈ કિ અકેલે ખાનગીમેં કહા હૈ. સમાજમેં ચલતી હૈ ન બાત કિ ઈતની ખાનગી રખનેકી બાત હૈ. સમાજમેં ઐસા.....? શાસ્ત્ર સમાજકે લિયે રચે હૈં ન? સમજમેં આયા? આહાહા! ગજબ વાત છે. કહો, અનુપચંદભાઈ! આહાહા!

વસ્તુ નિર્વિકલ્પ ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ ઉસ તરફકી એકાગ્રતા, અભેદકા આશ્રય લેકર જો વીતરાગભાવ હુઆ, વહી મુક્તિ પાતા હૈ. વીતરાગમાર્ગમેં તો યહી માર્ગ હૈ. કહતે હૈં, કિતના હી વીતરાગભાવ ઉત્પન્ન હુઆ હો, અભી પૂર્ણતા નહીં ઔર રાગ આયા વહાં રુક ગયા. રાગસે લાભ હો, મુક્તિ હોગી (ઐસા) વીતરાગમાર્ગમેં હૈ નહીં. ત્રણ લોકના નાથ ઇન્દ્રોનો પૂજનિક પ્રભુ... આહાહા! દૂસરે મતમેં મુક્તિ નહીં હોતી. રાગ હુઆ ઉસકો મુક્તિ નહીં. વહ ભી જબ વીતરાગ હોગા તબ મુક્તિ હોગી. કહો, સમજમેં આયા? ૧૨૦ (ગાથા) હુઈ. ૧૨૧ ગાથા.

**कायाईपरदव्वे थिरभावं परिहरत्तु अप्पाणं ।**
**तस्स हवे तणुसग्गं जो झायइ णिव्वियप्पेण ॥ १२१ ॥**

**तणु** એટલે શરીર. કાયોત્સર્ગ.. કાયોત્સર્ગકી વ્યાખ્યા હૈ. સામાયિક ચૌવિસંથો, ........ કાયોત્સર્ગ.. આતા હૈ કિ નહીં? આવશ્યકકે છ બોલ આતે હૈં, સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ ને પચ્ચખાણ. કાયોત્સર્ગ કિસકો કહતે હૈં? 'તાવ કાય ઠાણેણં મોણેણં

જાણેણં અપ્પાણં વોસરામિ.' ઐસા કાયોત્સર્ગ નહીં. એય! સામાયિક તો ઘણીવાર કરી ગયા હશે. આ પડિકમણામાં ન આવે છ બોલ? સામાયિક, ચોવિસંથો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ ને પ્રત્યાખ્યાન. કાયોત્સર્ગ કિસકો હોતા હૈ ઉસકી બાત ચલતી હૈ. આહાહા!

**कायाईपरदव्वे थिरभावं परिहरत्तु अप्पाणं ।** આહાહા! **तस्स हवे तणुसग्गं...** તણુ એટલે શરીરનો ઉત્સર્ગ–કાયોત્સર્ગ–કાયાનો ઉત્સર્ગ.

**પરદ્રવ્ય કાયા આદિસે પરિત્યાગ સ્થૈર્ય, નિજાત્મકો,**
**ધ્યાતા વિકલ્પવિમુક્ત, ઉસકો નિયત કાયોત્સર્ગ હૈ. ૧૨૧.**

પહલે તો, એક પરભાવ કાયમ રહનેવાલા હૈ ઐસી દૃષ્ટિ છોડ દે. મૈં કાયમ રહનેવાલા ધ્રુવ હૂં ઐસી દૃષ્ટિ કર. એક સમયકી પર્યાય ભી કાયમ રહનેવાલી નહીં તો શરીર, વાણી, મન તો કહાં રહેંગે? આહાહા! આ દુકાનના ધંધા ક્યાં રહેશે? એય! યહાં કહતે હૈં, તેરી ચીજ સ્થિર હૈ. વહ સ્થિર હૈ ઉસકો તુજે સ્થિર રખના નહીં હૈ, પણ જો અસ્થિર ચીજ હૈ ઉસે તુજે સ્થિર કરના હૈ. સ્થિર યે હૈ ઐસી દૃષ્ટિ છોડ દે. સ્થિર યે રહેગા, ભગવાન (આત્મા) જૈસા હૈ ઐસા રહેગા ઐસી દૃષ્ટિ કર તો કાયોત્સર્ગ હોગા, નહીં તો કાયોત્સર્ગ હોગા નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક સુદ-૩, ગુરુવાર, તા. ૯-૧૧-૧૯૭૨
## ગાથા-૧૨૧, શ્લોક-૧૯૫-૧૯૬, પ્રવચન નં. ૧૪૩

આ નિયમસાર, શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત (અધિકાર). અનાદિનો જે સંસાર મિથ્યાત્વ ને રાગ-દ્વેષભાવ એ પાપ છે. એને નાશ કરવાનો ઉપાય આ પ્રાયશ્ચિત્ત છે. કોઈ દોષ લાગે ત્યારે પ્રાયશ્ચિત્ત લેવા આવે છેને. કહે છે કે આ તો અનાદિનો મિથ્યાત્વભાવ, પર્યાયબુદ્ધિ, રાગ-દ્વેષના પરિણામની રુચિ ને બુદ્ધિ, નિમિત્તબુદ્ધિ એનું જે દોષપણું અનાદિનું છે એને છેદવાનો ઉપાય પ્રાયશ્ચિત્ત છે. એ પ્રાયશ્ચિત્તની વ્યાખ્યા. પહેલો અન્વયાર્થ–ગાથાર્થ. ૧૨૧, એનો અન્વયાર્થ.

**અન્વયાર્થ : કાયાદિ પરદ્રવ્યમાં...** શરીર આદિ પરદ્રવ્ય છે, વિકલ્પ પરદ્રવ્ય છે, એક ન્યાયે તો એની પર્યાય પણ સ્વદ્રવ્યથી (ભિન્ન) પરદ્રવ્ય છે. સમજાય છે કાંઈ? **કાયાદિ પરદ્રવ્યમાં સ્થિરભાવ છોડીને...** એ ટકતું તત્ત્વ છે, નિત્ય છે એવો ભાવ છોડીને... આ તો બધા અસ્થિર છે—શરીર, વાણી, પર બાહ્યચીજ, પુણ્ય-પાપના ભાવ અને એક સમયની પર્યાય વિનાશી અસ્થિર છે. **જે આત્માને...** એવા અસ્થિરભાવનું લક્ષ છોડી દઈને, આત્મા જેને ત્રિકાળી ધ્રુવસ્વરૂપ આત્મા કહીએ, એને **નિર્વિકલ્પપણે ધ્યાવે છે...** વિકાર રહિત પર્યાય દ્વારા જેનું ધ્યાન કરે છે. ત્રિકાળી ધ્રુવસ્વરૂપ એને વર્તમાનમાં રાગરહિત–નિર્વિકારી–નિરાગી દશા દ્વારા એનું ધ્યાન કરે છે **તેને કાયોત્સર્ગ છે.** એને પ્રાયશ્ચિત્ત કહે છે. કહો, સમજાણું કાંઈ?

શ્રોતા : કાઉસગ્ગ કહે છે કે આને કાયોત્સર્ગ કહે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : આને કાયોત્સર્ગ કહે છે. મનમાં 'તાવ કાય ઠાણેણં' કરે એમાં શું છે? કાયોત્સર્ગ કહે. આવે છેને તત્સૂત્રીમાં. કર્યું છે કે નહીં? ...... લોગસ્સના કર્યાને. આત્માના નહીં ને? આત્માની વાત છે ને. લોગસ્સના કર્યા. લોગસ્સ છે એ તો વિકલ્પ છે. આહાહા! અહીં તો કહે છે, કાયાનો ઉત્સર્ગ (એટલે) કાયાનું છોડવું. એટલે શું? કાયાનું છોડવું. કાયા અને ઉત્સર્ગ. કાય-ઉત્સર્ગ છેને બે શબ્દ. કાયા અને ઉત્સર્ગ–એને છોડવું. એટલે શું? જેટલા ભાવ અસ્થિરભાવ છે એ બધાનું લક્ષ છોડવું અને સ્થિરબિંબ જે ચૈતન્ય ભગવાન પૂર્ણાનંદ છે એમાં નિર્વિકલ્પ ... ધ્યાન લગાવવું. આહાહા! સમજાય છે કાંઈ? માર્ગ આ છે.

સ્વદ્રવ્યનો આશ્રય લીધા વિના કોઈપણ ધર્મની પર્યાય પરથી પ્રગટ થાય એમ છે નહીં. તેથી કહ્યુંને, આત્માને નિર્વિકલ્પપણે ધ્યાવે. રાગથી એનું લક્ષ ન જાય એમાં, કહે છે. નિરાગી–નિર્વિકલ્પદશા... આકરો માર્ગ છે ભાઈ! અનંત પુરુષાર્થ છે એમાં. પહેલી તો વાત અસ્થિરતાની કરી, તેનાથી ખસીને (એટલે) એનો નાશ (કરીને), છોડીને એમ. એ નાસ્તિથી વાત કરે છે. અસ્થિરતાની ચીજ જે છે એ સનાતન કાયમ રહેશે એમ માને છે, એ (માન્યતા) છોડી દઈને...

કાયમ રહેનારો ભગવાન આત્મા નિત્યાનંદ પ્રભુ શુદ્ધ જ્ઞાન આનંદઘન એ નિત્ય રહેનારી સનાતન ચીજ છે. સનાતન ભગવાન આત્મા... બીજી પર્યાય રાગ આદિ પર એને સનાનત માનવું છોડી દઈ, એ ટકશે.. ટકશે એમ માનવું છોડી દઈ... આહાહા! અને ત્રિકાળી આત્માને જે નિર્વિકલ્પપણે ધ્યાવે છે તેને કાયોત્સર્ગ છે–કાયાનો ઉત્સર્ગ છે. એણે કાયા ને રાગ છોડ્યા અને ભગવાન પૂર્ણાનંદને તેણે ગ્રહણ કર્યો. આહાહા! ઓલા સાંજ-સવાર કરે કાયોત્સર્ગ 'તાવ કાય ઠાણેણં'.... ભગવાનના દર્શન કરે ત્યાં જરી... કાયોત્સર્ગ કરવાનો ત્યાં રિવાજ છેને. એ તો વિકલ્પવાળોભાવ, પુણ્ય-બંધનું કારણ છે, એ કાંઈ અબંધ પરિણામ નથી અને અબંધ પરિણામીને આશ્રયે થયેલો એ ભાવ નહીં.

ત્રિકાળી ભગવાન આત્મા અબંધસ્વભાવ એને વર્તમાન નિર્વિકલ્પ (દશા) દ્વારા–નિર્વિકલ્પ પર્યાય દ્વારા ધ્યાન કરવું, એ આત્મામાં તલ્લીન થવું, એને અહીંયા અનાદિના સંસારનું, પાપનું પ્રાયશ્ચિત્ત (કહે છે). એને (સંસારને) છેદવાનો આ ઉપાય છે. એને કાયોત્સર્ગ કહો, પ્રાયશ્ચિત્ત કહો, સમાધિ કહો—એ બધું આવશે પછી. પ્રતિક્રમણ કહો, પ્રત્યાખ્યાન કહો—બધી એક ચીજ છે. આહાહા! જુદા-જુદા નામે બોલાવે છે. **નિર્વિકલ્પપણે ધ્યાવે છે તેને કાયોત્સર્ગ છે** એમ કહ્યું. સમજાણું? થાશે એમ પણ નહીં, આને કાયોત્સર્ગ છે. પહેલી એની રીત ને પદ્ધતિ શું છે એ તો પહેલી સમજવી પડેને એણે. એમ ને એમ કાયોત્સર્ગ કરી કરીને લાખો.... ઓલો કહેતો હતો, રામ.. રામ.. રામ.. રામ.. પાંચ વર્ષ એમ ચોપડીમાં લખો, તમારી મુક્તિ થઈ જશે. અહીં કહે, અનંતવાર સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત.. અરિહંત.. અરિહંત.. અરિહંત.. અરિહંત.. અનંતવાર કર્યું હતું, પણ એનાથી સમ્યગ્દર્શનની પર્યાય પણ આવી નહીં. મોક્ષ તો ક્યાંય રહી ગયો. સમજાણું કાંઈ?

કહે છે, **ટીકા : આ, નિશ્ચયકાયોત્સર્ગના સ્વરૂપનું કથન છે.** સાચો કાયોત્સર્ગ એનું સ્વરૂપ શું—એનું કથન છે. હવે કાયાની વ્યાખ્યા કરે છે. કાયોત્સર્ગ છેને. **कायाईपरदव्वे** એટલે કાયા છે એ. કાયા કોને કહેવી? કે એક શરીર સાદિ-સાંત (એટલે) નવું ઉત્પન્ન થવું ને અંત આવશે, આત્માના સંબંધમાં–સંયોગમાં નવી ચીજ ઉત્પન્ન થઈ અને અંત આવશે. **સાદિ-સાંત મૂર્ત...** આ મૂર્ત ચીજ છે. ભગવાન (આત્મા) અનાદિ-અનંત અમૂર્ત છે. સમજાય છે કાંઈ? આ શરીરને આદિ છે અને અંત છે. એવી મૂર્ત **વિજાતીય...** આત્માથી જાત જેની જુદી છે, વિજાત છે. **વિભાવ-વ્યંજનપર્યાયાત્મક...** અનંતા રજકણોના દળની આકૃતિની અવસ્થારૂપ પોતાનો આકાર છે તેને કાયા કહેવાય. વ્યંજનપર્યાયાત્મક **પોતાનો આકાર તે,** એમ. વિભાવવ્યંજનપર્યાયાત્મક. આહાહા!

ભગવાન આત્માથી શરીર .... વિભાવ વિજાતીય ચીજ છે. વિજાતીય..... અને વિભાવ કહ્યો પાછો. એક પરમાણુ આત્માથી વિજાત છે, પણ વિભાવ એમાં નથી. આ તો અનંતા

રજકણનું દળ એવી વસ્તુ છે એ ભગવાન આત્માથી વિજાત છે અને વિભાવ છે. અનંતા પરમાણુનો સંબંધ છેને આમાં. આહાહા! એવો જે વ્યંજનપર્યાય (એટલે) અનંત પરમાણુ મૂર્ત પદાર્થનો આકૃતિરૂપ પર્યાય એ એનો આકાર. એને **કાય** કહીએ. **આદિ...** 'આદિ' શબ્દ છેને? **ક્ષેત્ર...** ઘરના મકાન, બહારના દેરાસરની જમીન, **ઘર, કનક** એટલે સોનું, **રમણી** એટલે સ્ત્રી, **વગેરે** એટલે પુત્ર, આબરૂ, કીર્તિ, મકાન, સામ, દામ, ઠામ. અમારે અહીં કહે છેને. **આ બધામાં સ્થિરભાવ–સનાતનભાવ પરિહરીને...** એ કાયમ રહેશે એમ છોડી દે. એ કાયમ રહેનારા નથી. આહાહા!

ચૈતન્ય અંદર પડ્યો ત્યાં એમ દેખાય કે આહા.. કાયા સુંદર છે. જ્યાં કાયા છૂટી, ગયો આત્મા. મડદું થોડીવાર વધારે રાખે તો સડવા માંડે, ગંધ મારે. એવી આ કાયા છે. એમાં (એટલે) એ (ચૈતન્ય) સિવાય બધા ભાવોમાં સ્થિરભાવ... આ સ્ત્રી છે કાયમ રહેશે. કાયમ નહીં રહે. સાદિ-સાંત છે સંયોગો. એ સ્થિર નથી કોઈ ચીજ. તારે માટે સ્થિર તો એક (ત્રિકાળી) ધ્રુવ છે. સમજાણું કાંઈ? સનાતનભાવ એટલે સ્થિરભાવ (એટલે) આ કાયમ રહેશે. ધૂળેય નહીં રહે, સાંભળને! સંધ્યાના રંગ કાયમ રહેનારા છે એ? ક્ષણમાં પલટી અંધારા (થશે). આહાહા! સંયોગી ચીજ બધી અસ્થિર છે. સનાતન છે એવી માન્યતા છોડી દે. સનાતન તો ભગવાન ત્રિકાળી આત્મા છે. આહાહા! સમજાણું કાંઈ?

એ **(-કાયાદિક સ્થિર છે એવો ભાવ છોડીને)...** પાઠમાં છેને **कायाईपरदव्वे थिरभावं परिहरत्तु... નિત્ય-રમણીય નિરંજન નિજ કારણપરમાત્માને...** હવે આવ્યું. સ્થિર કોણ છે અંદર? ભગવાન આત્માનો ધ્રુવસ્વભાવ ચૈતન્યચમત્કારથી ભરેલો ભગવાન એ સનાતન ચીજ છે. સનાતન **નિત્ય-રમણીય નિરંજન નિજ કારણપરમાત્મા...** એ ભગવાન આત્મા તો નિત્ય-રમણીય છે. નિત્ય આનંદમાં રમણતાથી રમણિક છે, ત્રિકાળી હોં. **નિરંજન** છે (અર્થાત્) જેને અંજન નથી. નિત્યાનંદ સત્ત્વ, ચૈતન્યનું ધ્રુવસત્ત્વ, આત્માનું નિત્ય સત્ત્વ, અનાદિથી છે.. છે ને છે. કોઈ કાળમાં એ મટ્યો નથી, એટલે સ્થિરભાવ છે એ નિરંજન છે. એ નિજ કારણપરમાત્માને... એવો પોતાનો કારણ... દેખી ભાષા! ઓલું ભગવાન.. ભગવાન.. ભગવાન કરે એમ નહીં. સમજાણું કાંઈ?

સનાતનભાવ... બહારની ચીજમાંથી દૃષ્ટિ છોડી દઈ, નિત્ય સ્થિર સનાતન રમણીય નિરંજન નિજ કારણપરમાત્માને... નિર્વિકલ્પ ... ભગવાન, છેને પાઠ. **વ્યવહાર ક્રિયાકાંડના આડંબર સંબંધી વિવિધ વિકલ્પરૂપ...** આહાહા! ભગવાનનું સ્મરણ કરવું છે અમારે, આ અપવાસ કરવા છે, ફલાણું કરવું—એવા વિકલ્પની જાળ... એવા વિકલ્પના, ક્રિયાકાંડના આડંબર(વાળા)ને આ વાત ગોઠે? રતનચંદ.... ટીકા. આહાહા! જેટલી ક્રિયાકાંડ, દયા પાળું, વ્રત પાળું, તપસ્યા કરું, ફલાણું કરું—એ બધી વિકલ્પજાળ છે. એ બધી વિકલ્પની જાળ **આડંબર**

**સંબંધી વિવિધ વિકલ્પરૂપ કોલાહલ...** એ વિકલ્પરૂપ કોહાહલ છે. એ વિનાના... આહાહા! સમજાણું કાંઈ? પર્યાયમાં આવા વિકલ્પના **કોલાહલ વિનાના સહજ-પરમ-યોગના બળથી...** પર્યાય લેવી છેને અર્થમાં. **निर्विकल्पेन** છેને? **आत्मनं निर्विकल्पेन ध्यायति**.. આહાહા!

આ તો મૂળ પાઠ થયો. સહજ... હવે અર્થમાં આવો. પાઠમાં 'નિર્વિકલ્પ આત્માને ધ્યાવવું' એની આ વ્યાખ્યા છે. બહારની બધી ચીજોનું ટકવું છે, સ્થિર છે એ દૃષ્ટિ છોડી દે. એ ઉપરાંત ક્રિયાકાંડના વિકલ્પો પણ છોડી દે. આહાહા! આ કાયમ રહેનારી ચીજ છે એમ દૃષ્ટિમાંથી છોડી દે. એ તો અંધારા છે. આહાહા! એક ક્ષણ પહેલા બ્રહ્મદત્ત ચક્રવર્તી હીરાના ઢોલીયે સૂતો હતો, સોળ હજાર દેવ સેવા કરે, છન્નું હજાર રમણીય સ્ત્રી. એક (મુખ્ય) સ્ત્રીની તો હજાર દેવ સેવા કરે. એમાં આમ પડ્યો છે. છેલ્લે સમયે દેહમાં ત્યાં (હતો), છૂટ્યો ભેગો પહેલે સમયે સાતમી નરકનો નારકી. આહાહા! અહીં ઠાઠ ને વૈભવ જુઓ તો ઓહોહો! મોટા-મોટા વૈદ્યો, દેવો હાજર છે.... જેને શરીરમાં રોગ ન આવે એવા દેવ. એને નિરોગ કરવા માટે મથતા હોય ત્યાં. શું કરે ધૂળ?

વાત તો એમ છેને, એક કષાયભાવમાં બે ભવ થાય. છેલ્લો એક કષાય હોય પર્યાય, એક ભવ અહીં થયો ને ત્યાંથી મરીને બીજે ગયો (છતાં) એનો એ કષાય રહ્યો. એક કષાયમાં બે ભવ. સમજાણું કાંઈ? છેલ્લે જે કષાયનો અંશ હોય રાગ, મોહ વિગેરે, એ જ પાછો, દેહ છૂટીને બીજે ભવે જાય એ ભાવ ત્યાં રહે થોડો. એક જ સમય (માટે) થઈને રહે એમ છે? અનેક સમય રહે. અને પુણ્ય બંધાય, ત્રણ-ચાર સમય (આદિ) રહે એક સાથે. કષાયના એક ભાવમાં બે ભવ. એવો અસ્થિર છે. આહાહા! સમજાણું કાંઈ? આવો જે ભગવાન **કોલાહલ વિનાના...** એ તો વર્તમાન પર્યાયની વાત છે. **સહજ-પરમ-યોગના બળથી...** આહાહા! વર્તમાન.. વર્તમાન.. સ્વભાવિક પરમ-યોગ.. અંતર સ્વરૂપમાં એકાગ્રતારૂપી પરમ સહજ યોગ... આહાહા! ....... વ્યાખ્યા કરી.

**જે સહજ-તપશ્ચરણરૂપી...** વીતરાગભાવરૂપી તપસ્યા, સ્વભાવિક વીતરાગભાવરૂપી તપસ્યા એને **ક્ષીરસાગરનો ચંદ્ર...** એને ક્ષીરસાગર (એટલે) દરિયો છેને દૂધનો. દૂધના દરિયા છે. બહુ સફેદ દૂધ. ભગવાનનો જ્યારે અભિષેક કરે છેને જન્મ વખતે, ત્યારે ક્ષીરસાગરના પાણી લાવે છે. .... ક્ષીરસાગર. એક તો એમાં ત્રસજીવની ઉત્પત્તિ ન હોય. સમજાય છે કાંઈ? એ દરિયા એવા હોય છે કે એમાં ત્રસ હોય નહીં, માછલુંય નહીં ને મચ્છરેય નહીં. એવો ક્ષીરસાગરનો દરિયો છે અઢી દ્વીપ બહાર. અને જેનું જળ દૂધ જેવું હોય છે. છે એકેન્દ્રિય જીવ, એક ટીપામાં અસંખ્ય એકેન્દ્રિય જીવ. ક્ષીરસાગર.. ભગવાનનો જન્મ થાય, ૧૦૦૮ કળશથી (અભિષેક) કરે છેને. દેવો ઉભા-ઉભા રહે અહીંથી. જ્યાં ભગવાન મેરુ ઉપર (બિરાજે) છે ત્યાંથી (લઈને) ઠેઠ ક્ષીરસાગર સુધી દેવો કળશો નીચે ન મૂકે. ૧૦૦૮ મોટા ... સાંઈઠ સાંઈઠ

યોજનના લાંબા. ક્ષીરસાગર એક દેવ બીજાને દે, બીજો ત્રીજાને દે, ત્રીજો ચોથાને દે—એમ મોકલતા રહે.

એ ક્ષીરસાગર તો ભગવાન આત્મા છે, અહીં તો કહે છે. છેને? સહજ પરમ તપરૂપી ક્ષીરસાગર એ નિર્મળ પર્યાય. આત્માની નિર્વિકલ્પ વીતરાગી પર્યાય એને ક્ષીરસાગરની ઉપમા આપી છે. એ ક્ષીરસાગરનો ચંદ્ર... કે જે ક્ષીરસાગરને પ્રગટ કરવા માટે ચંદ્ર છે. જેમ ચંદ્ર બીજ, ત્રીજ, ચોથ, પૂનમ થાય તો એની ભરતી નજીક આવતી જાય, એમ ઊંચી આવતી જાય. એમ જેની અંતરદશા નિર્વિકલ્પ વીતરાગપર્યાય દ્વારા આત્માને ધ્યાવે છે, એની વીતરાગ પર્યાયની નિર્મળતા વધારવામાં એ જીવ ચંદ્ર સમાન છે. સમજાણું કાંઈ? ભારે વાત છે.

ઓલું તો ભગવાનનું નામ લ્યો ભાઈ, દસ હજાર વાર, લાખ વાર, કલ્યાણ થશે. અહીં કહે છે, તારી એ વાતમાં માલ કાંઈ નથી હોં. ચોટીલાનો છે કોઈ બારોટ. બસ આખો દિ' રામ.. રામ.. રામ.. રામ કરો. દર્શન કરવા આવે તો રામ.. રામ કરતા હોય. આહાહા! રામ કહે, આ રામ છે કે બીજો રામ છે? 'નિજપદ રમે સો રામ કહીએ..' નિત્ય-રમણીય ભગવાન આત્મા એની વીતરાગી પર્યાય દ્વારા તેમાં રમવું, એ વીતરાગી પર્યાયને ઉછાળવામાં, વીતરાગી નિર્મળ પર્યાયને પ્રગટ કરવામાં, વીતરાગી નિર્મળ પર્યાયરૂપી ક્ષીરસાગરને, જે જીવ અંતરમાં યોગ-પરાયણ છે એ પર્યાયની નિર્મળતા(રૂપ) ક્ષીરસાગરને ઉછાળવામાં સમર્થ છે. આહાહા! સમજાણું કાંઈ?

એ દૂધમાં ઈયળું નહીં, કીડી નહીં, મચ્છર નહીં—એવો એ મોટો સમુદ્ર છે. એમ નિર્મળ પર્યાય ક્ષીરસાગર જેવી, આહાહા! જેમાં રાગનો અંશ ... નહીં, જેમાં પરનો આશ્રય નહીં, એવી નિર્મળ વીતરાગી પર્યાય... આહાહા! ભારે વાતું ભાઈ! એ વીતરાગીપર્યાય દ્વારા આત્માનું ધ્યાન કરે એને કાયોત્સર્ગ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **(-સહજ તપરૂપી ક્ષીરસાગરને ઉછાળવામાં ચંદ્ર સમાન એવો જે જીવ)...** કોણ? કે પરમયોગના બળથી, અંતરના સ્વરૂપના રમણતાના બળથી, આહાહા! ધ્રુવના ધ્યાનમાં લીન થયેલા એના બળથી... આહાહા! એ જીવ વર્તમાન નિર્મળ-પર્યાયને વિશેષ નિર્મળ કરવામાં સમર્થ છે. સમજાય છે કાંઈ?

રાગની મંદતાની ક્રિયા કરે તો એ નિશ્ચય, એક જણો એમ કહેતો હતો. વ્યવહાર છે એ વિશ્રામસ્થાન છે, થોડો વ્યવહારમાં આવે ત્યારે વિશ્રામ મળે ત્યારે પછી સ્થિરતાનું જોર વધે. એ કાંઈ આવતું નથી, એ તો બીજી વાત છે. હળવે હળવે આવે છેને? શનૈઃ શનૈઃ.. એ તો એની પર્યાયમાં રાગની મંદતા વધારે છે. રાગનો અંશ અશુભનો છે એ નાશ થાય છે—એ અપેક્ષા છે. એમાં સ્થિરતા વધે છે એમ નથી. એ તો રાગ જેટલા અંશે શુભમાં વધે છે તેટલે અંશે સ્થિરતા વધે છે. એ તો અહીંયા દૃષ્ટિ પડી છે તેથી ત્યાં શુભરાગના કાળે અશુભરાગનો અંશ નથી,

એટલી અહીં સ્થિરતા વધે એ અપેક્ષા છે. શુભરાગ પોતે જ સ્થિરતા વધારે છે એમ નથી. સમજાય છે કાંઈ?

અશુભરાગ વખતે નિશ્ચયનો આશ્રય ઓછો છે, શુભ વખતે આશ્રય થોડો વધારે છે. આ નિશ્ચયનો આશ્રય છે એની વૃદ્ધિ છે, પણ એ શુભને લઈને નહીં. એનો દૃષ્ટિનો વિષય ચૈતન્યમૂર્તિ છે એમાં એ પડ્યો છે માટે શુભભાવ ભલે હો, તે કાળે પણ અશુભનો અભાવ થઈ આ બાજુ આશ્રય વધારે છે માટે સ્થિરતા વધે છે. આહાહા! સમજાણું કાંઈ? વસ્તુ બહુ સ્પષ્ટ છે. **નિત્ય ધ્યાવે છે**... આમ કહ્યું જોયું! નિત્યને નિત્ય (-કાયમ) ધ્યાવે છે. નિત્ય એવો જે ભગવાન આત્મા એને પર્યાયમાં નિત્ય ધ્યાવે નિત્ય પર્યાય.. પર્યાયથી નિત્ય થયો. પર્યાય ભલે અનિત્ય છે, પણ એ પર્યાયથી નિત્યને કાયમ ધ્યાવે છે. આહાહા! નિત્ય ધ્યાવે છે, એમ. ત્યાં જ એની દૃષ્ટિ પડી છે, ત્યાં જ એની એકાગ્રતા છે. આહાહા!

ભારે ભાઈ! કાયોત્સર્ગની વ્યાખ્યા આવી છે. અહીં તો કેટલાય કાયોત્સર્ગ.... આઠ વર્ષની છોકરી બેસે, પાંચ સામાયિક કરીએ, દસ સામાયિક કરીએ, પંચરંગી સામાયિક કરીએ. તત્સૂત્રીનો પાઠ આવે 'તાવ કાય ઠાણેણં મોણેણં જાણેણં અપ્પાણં વોસરામી..' એકેય અર્થની ખબર ન હોય. ..... વિશેષ..... પણ એ અર્થ કેવા આવ્યા? ... સમજે તો ... કર્મ બળી જાય. 'તાવ કાય ઠાણેણં..' ત્યાં સુધી કાયાને ઠાણેણં–સ્થિર કરું, મોણેણં–મૌનપણે, જાણેણં–ધ્યાનથી. ત્રણેય આવી ગયા—કાયા, વાણી ને મન.. આમાં અર્થ છે. સમજાણું કાંઈ? સમાધિમાં આવે છે. ત્રણ ઓલી સમાધિ છેને પછી... કાયા, મન ને વચનથી... મન-વચન-કાયા ત્રણેથી છૂટીને ત્યાં જા. ત્યાં એવું આવે છે. તાવ કાય ઠાણેણં... અહીં સ્થિર કરી, મોણેણં... જાણેણં. મનને દૂર કરી... એટલો બધો કોણ અર્થ કરે? એ ભગવાનભાઈ!

એ પણ એના માનેલા પ્રમાણે વાત કરે છે. એનો માનેલો આત્મા, એના માનેલા દેવ-ગુરુ એ પ્રમાણે કાયોત્સર્ગ એ તો અજ્ઞાનનું કાયોત્સર્ગ છે. આહાહા! મિથ્યાદૃષ્ટિને આત્માનો ત્યાગ છે ત્યાં તો. આહાહા! ત્યાગ ખરો, આત્માનો ત્યાગ છે. આહાહા! શું થાય? એ ચીજ જ સંપ્રદાયમાં ચાલતી નથી. લોકો માને, મનાવે, હવે આપણે એમાં રહેવું. જેમાં જન્મ્યા એમાં કાંઈક કાંઈક તો હશેને કોઈક પાસે? હોય તો ખરું. શું? ઝેર હોય. આહાહા! સમજાણું કાંઈ? એય લાલચંદભાઈ! હશે?

ઓહોહો! નિત્ય-રમણીય એવો નિરંજન પરમાત્મા એને નિત્ય ધ્યાવે છે. સદાય એનું જ ધ્યાન છે અંદર. આહાહા! એ કાયોત્સર્ગ નામની દશાને પ્રાયશ્ચિત્ત કહે છે. લ્યો, આ પ્રાયશ્ચિત્ત. ઓલો કહે, ઉંદરડી મરી ગઈ હતી આમ કરતા, માટે કાયોત્સર્ગ લઈ લેવા છે પ્રાયશ્ચિત્તના. ત્યાં લગનમાં લાવેલા મોટા, શું કહેવાય રાંધવાના? તપેલા. એ તપેલાને આમ કરવા ગયો, ત્યાં હેઠે ઉંદરડી હશે, ખબર નહીં તો કચડાઈ ગઈ. લ્યો પ્રાયશ્ચિત્ત. મોટા તપેલા હોય છેને રાંધવા માટે

લગ્નમાં હોય. .... મોટું હોય, જરી ધોવા માટે ફેરવવા જાય તો હેઠે ઉંદરડી હતી એ કચડાઈ ગઈ. પ્રાયશ્ચિત્ત આપો. એ તો બધી વર્તમાન શુભરાગની વાતું છે. એ કાંઈ કાયોત્સર્ગ નથી, એ ધર્મ પણ નથી, એ પ્રાયશ્ચિત્ત પણ નથી. જેનાથી સંસાર ન છેદાય એ દશાને પ્રાયશ્ચિત્ત કહેતા નથી. જેમાં સંસાર છેદ થઈ જાય... એય ચેતનજી! કહેતા હતાને ઓલામાં છેદ-ભવછેદ...?

તે જીવ કેવો હોય છે? **તે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ...** આહાહા! સ્વભાવિક વૈરાગ્ય હોય છે. વિકલ્પ ને પર તરફથી જેની ઉદાસદશા અંદર હોય છે. આહાહા! સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલ એનું શિખર, એનો શિખામણિ. માથે રત્ન મૂકી દીધું હોય. આ અત્યારે દીવો મૂકે છે, શું કહેવાય એને? **(-તે પરમ સહજ-વૈરાગ્યવંત જીવને) ખરેખર નિશ્ચયકાયોત્સર્ગ છે.** એને ખરેખર કાયોત્સર્ગ છે. બહુ આમાં બોલ સમાડ્યા છે હોં. ઘણા આવા બોલો, દયા, સમતા, ઉદય—એવા ઘણા બોલો સમાડ્યા છે. સામાયિક, ચોવિસંથો, વંદના, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ, પચ્ચખાણ, આલોચના, સમાધિ ને ભક્તિ ને ઓહોહો! બધું એ છે, કહે છે. નિત્યાનંદ પ્રભુ કારણપરમાત્મામાં વિકલ્પ રહિત થઈને અંદરમાં નિર્વિકલ્પ ધ્યાન કરવું, એને જે કહેવું એ વીતરાગને નામે કહેવાય છે. આહાહા! સમજાણું કાંઈ? તેને ખરેખર નિશ્ચયકાયોત્સર્ગ છે.

**[હવે આ શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ પાંચ શ્લોક કહે છે :]** ૧૯૫.

**कायोत्सर्गो भवति सततं निश्चयात्संयतानां**
**कायोद्भूतप्रबलतरसत्कर्ममुक्तेः सकाशात्।**
**वाचां जल्पप्रकरविरतेर्मानसानां निवृत्तेः**
**स्वात्मध्यानादपि च नियतं स्वात्मनिष्ठापराणाम्॥ १९५॥**

**શ્લોકાર્થ : જે નિરંતર સ્વાત્મનિષ્ઠાપરાયણ...** આહાહા! અરે! **નિરંતર**... એમ આવ્યું છે ખરુંને, સદા–**નિત્ય ધ્યાવે છે**. નિરંતર શુદ્ધાત્મ ભગવાન પોતાનો આત્મા, અતીન્દ્રિય આનંદનું ઢીમ એના ઉપર જેની દૃષ્ટિ છે, એનો જેણે કાયમ આશ્રય લીધો છે એ **(-નિજ આત્મામાં લીન) છે...** લ્યો, આનું નામ કાયોત્સર્ગ. હજી એની રીતની ખબર ન મળે, પદ્ધતિની ખબર ન મળે ને (કહે કે) કાયોત્સર્ગ અમારે હોય. **જે નિરંતર સ્વાત્મનિષ્ઠ**... પોતાના આત્મામાં નિષ્ઠ નામ લીન, નિષ્ઠાપરાયણ, હિતમાં તત્પર છે. **તે સંયમીઓને...** હવે ત્રણ બોલ નાખ્યા છે. એકલી કાયાને છોડવું, એમ પાઠ છેને ઉપર. કાયાત્ છે ને? **કાયાથી ઉત્પન્ન થતાં અતિ પ્રબળ...** ... નામ ત્યાગવું. આહાહા!

શરીરથી હાલવું-ચાલવું એ બધી ક્રિયાઓ, પૂજા વખતે સ્વાહા—એ બધી જડની ક્રિયા, કાયાની ક્રિયા એને **ત્યાગને લીધે**... તેનું લક્ષ છોડી દીધું છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**અતિ પ્રબળ સત્-કર્મ (–કાયા સંબંધી પ્રબળ શુભ ક્રિયાઓના)...** શરીરની ક્રિયા ઉગ્ર–આકરી પર્યાય થાય એનું લક્ષ છોડી દઈને... **વાણીના જલ્પસમૂહની વિરતીને લીધે...** ઓલા પ્રબળ ક્રિયાના ત્યાગને લીધે, આ વાણીના જલ્પસમૂહની વિરતિને લીધે... જુદી-જુદી ભાષા વાપરે છે. વાણીથી પણ મૌન થઈ ગયો છે..... **અને માનસિક ભાવોની (વિકલ્પોની) નિવૃત્તિને લીધે...** ત્રણ માટે ત્રણેય શબ્દ જુદા વાપર્યા. કાયાસંબંધી પ્રબળ ક્રિયા એના ત્યાગને લીધે, વાણીના જલ્પસમૂહની નિવૃત્તિને લીધે, માનસિકભાવોની–વિકલ્પની જાળની નિવૃત્તિને લીધે... ભગવાન.. ભગવાન.. ભગવાન અંદર જપે. અરે! આ આત્મા શુદ્ધ છે, ચૈતન્ય છે—એવો જે વિકલ્પ, એવા પણ માનસિક વિકલ્પના ત્યાગને લીધે... સમજાણું કાંઈ?

કેટલાક ... મોટી-મોટી વાતું કરે, પણ સાધન.... પણ માર્ગ આ છે બાપા! શું કહે? સાધન તું એને માન... ઓલામાં શ્રીમદ્‌માં આવે છેને, 'સાધન તજવાને..' એ તો એક વ્યવહારની વાતું કરી છે. એ સાધન જ નથી. સમજાણું કાંઈ? 'નિશ્ચય .... સાધન તજવાને..' એ આવે છેને? .... આહાહા! સાધન કરવા શું? એમાંય મોટો ફેર છે. સાધન, નિશ્ચય એ સાધન કે નિશ્ચયનું વ્યવહાર સાધન? વ્યવહાર એ સાધન જ નથી. આકરી વાત છે બાપા! સમજાણું કાંઈ? એ વખતની શૈલી એમની ઘણી વ્યવહારપ્રધાનમાં... શ્વેતામ્બરની શૈલીની અંદર ઝલક હતીને એટલે વિનય કરવો (આદિ) એ બધી વાતું આવી ગઈ છે. આ તો ત્રણ લોકના નાથ વીતરાગનો માર્ગ છે. આહાહા! જેને માનસિક વિકલ્પની અપેક્ષા અંતરમાં જવા માટે નથી. એ સાધન જ નથી. આહાહા! આવો માર્ગ છે આ.

શ્રોતા : થોડોક આગળ તો આવેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય આગળ (આવે) નહીં. શું આગળ આવે?

શ્રોતા : ..... તો એટલા તો આગળ આવ્યા કે નહીં?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય આવ્યા નથી. કોણ કહે છે કે આગળ આવ્યા? એય! એ તો અનાદિનું ચક્કર છે. એ ૪૧૩ ગાથામાં નથી કહ્યું? ૪૧૩માં કહ્યું કે અનાદિરૂઢ વ્યવહારમૂઢ છે એ તો. વ્યવહારમૂઢ છે. વ્યવહારને જાણનારો જાગ્યો નથી નિશ્ચયમાં, તો એને મૂઢ કહે છે. અનાદિરૂઢ, વ્યવહારમૂઢ, નિશ્ચય-અનારૂઢ—એવા ત્રણ શબ્દ છે. સમયસાર, ૪૧૩ ગાથા. સમયસાર તો દરિયો છે મોટો, ભગવાનનું શાસ્ત્ર, વીતરાગી શાસ્ત્ર છે.

કહે છે કે જો રાગ પહેલો હોય તો આ થાય. કહે છે કે એ રાગ વ્યવહાર? એ વ્યવહાર છે જ નહીં. એ અનાદિરૂઢ ક્રિયાનો રાગ છે અને એ વ્યવહારમૂઢ છે. એને જાણનારો જાગ્યો નથી એટલે વ્યવહાર નહીં, પણ વ્યવહારમાં મૂઢ છે. આહાહા! અને નિશ્ચય અનારૂઢ છે. અંદર જ્ઞાયકભાવ ઉપર આરૂઢ નથી. સમજાણું કાંઈ? માર્ગ તો આ છે. અને ક્યાંય પણ આડું-અવળું કરવા જશે તો ઘર ખોશે. કહો, ભીખાભાઈ! આહાહા! એમાં છેને શાસ્ત્રમાં. આહાહા!

કહે છે કે 'એની નિવૃત્તિને લીધે' એમ કહ્યું ભાઈ! એના સાધનને લઈને, એમ નથી કહ્યું. મનનો વિકલ્પ જે શુભ છે એ સાધન થાય ને નિશ્ચયમાં જાય (એમ નથી). શુભ-અશુભ વિકલ્પ જે છે એની નિવૃત્તિને લીધે... આહાહા! જ્ઞાનનો સ્વભાવ એ સાધન છે અંદર. આ વ્યવહાર સાધનનું જ્ઞાન એ નહીં. શાસ્ત્રનું જ્ઞાન એ સાધન નથી. આહાહા! સાધન નામનો એનામાં અનાદિ-અનંત એક ગુણ છે. ભગવાન આત્મામાં સાધન નામનો ત્રિકાળી ગુણ છે. એનો આશ્રય કરતાં પર્યાયમાં જે વીતરાગી દશા પ્રગટે એ સાધન છે. રાગ ...? એ તો પર્યાય છેને. પણ ઓલા રાગની અપેક્ષાએ.... એ કહેશે. સમજાણું કાંઈ? આહાહા!

અહીં તો એને પર્યાયને સાધન બનાવવું છેને. નિર્વિકલ્પ વડે ધ્યાવે છે એમ કહેવું છે ને. એ સાધન આ (કે) વીતરાગી પર્યાય દ્વારા આત્માને ધ્યાવે. આહાહા! વાત તો ભાઈ! અંતરને .... છે. વાદવિવાદે ક્યાંય પાર પડે એવું નથી. પહેલી શ્રદ્ધામાં મોટા શલ્ય પડ્યા છે કે આનાથી થાશે, રાગની મંદતા કરતાં કરતાં થાશે. મોટું શલ્ય છે. વિભાવથી સ્વભાવ થાશે. આહાહા! કહે છે... એ તો ડાકુના લક્ષમાં આવી ગયું. આ ડાકુ છોકરાને પકડી જાય ને. પત્ર લખે એના બાપ ઉપર. દસ હજાર રૂપિયા કાલ સવારે આઠ વાગ્યે જોઈશે. તમારો છોકરો અહીં છે મારી પાસે. .... ભીંડ.. ભીંડ. ભીંડનો આવે છેને. એનો બિચારાનો જુવાન છોકરો પકડીને લઈ ગયા. એને કહે, દસ હજાર..... નહીંતર સવારે છોકરો નહીં હોય.

છોકરો કહે, ઓ બાપા! મને અહીં લઈ ગયા છે. તમે દસ હજાર ભરો નહીંતર નહીં રહું. એના બાપ કહે, એમ કાંઈ મારી નાખે? દસ હજાર ન દેવાય. ગામની પાસે જીવતો લાવીને મારી નાખ્યો. ડાકુ વયો ગયો. આવે છે એના બાપ અહીં. છોકરો પહેલા આવ્યો હતો..... આમ કહે છે, છોકરાને જીવતો રાખવો હોય તો પૈસા દે. અમે ડાકુ છીએ. એમ ન દે તો સોંપી દઈએ જીવતો એવા અમે નહીં. એમ રાગનું જીવતર હોય ને આત્માનું અંદરમાં જવાનું કલ્યાણ થાય (એમ બને નહીં). ડાકુ છે રાગ. રાગને મારી નાખ (એટલે) છોડી દે અને અંદરમાં જા એકાગ્ર થઈને, ત્યારે આત્મા હાથ આવે એવો છે. એય! આવી વાતું આકરી છે.

વીતરાગના વાડામાં જન્મ્યા, પણ વીતરાગ શું કહે એની ખબર ન મળે. 'ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં..' આહાહા! ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ જેને સો ઇન્દ્રો (પૂજે). અર્ધલોકના સ્વામી પણ આમ કૂતરાના બચ્ચાની જેમ (બેસીને સાંભળે). એનો આ માર્ગ છે. આ કોઈ આલીદુઆલીનો માર્ગ નથી, સાધારણનો નથી. ભાઈ! તને ખબર નથી. એ માર્ગની કિંમતું કર્યા વિના તું વીતરાગને માને, એ માન્યતા સાચી નથી. આહાહા! સમજાણું કાંઈ?

**માનસિક ભાવોની નિવૃત્તિને લીધે...** વજન અહીં છે. માનસિક વિકલ્પો જે છે, જેને કષાયની મંદતાના ભાવ (કહે), એને સાધન તરીકે માનીને તું અંદર જઈ શકે એ વાત ખોટી છે, મિથ્યાત્વ છે. આહાહા! એટલે? કે જેનાથી જુદું પડવું છે એને સાથે રાખીને જુદું પડે એ શી રીતે

બને? વિકલ્પ જે છે એનાથી જુદું પડીને આમ અહીં એકાગ્ર થાવું છે. એમાં વિકલ્પની મદદ હોય? જેનાથી જુદું પડવું એમાં એની મદદ લે જુદા પડવામાં? એ ભીખાભાઈ! .... મોટી ભૂલ છે, એક મણમાં આઠ પાંચ સેરીની હોં (એટલે) મણે-મણની ભૂલ છે. ધારણા-ફારણા ગઈ એના અજ્ઞાનમાં. આહાહા! મુનિઓએ પણ કેવી ટીકા (કરી), કેવા કળશો! ઓહોહો! અમૃતના સાગર ભર્યા છે. ...... આવી ગયું છેને? .... અમૃતથી ભર્યું શાસ્ત્ર. એ શબ્દ આવી ગયો છે પહેલો. શાસ્ત્રમાં અમૃત ભર્યા છે. એનો અર્થ કે એ અમૃતને બતાવનાર છે. આહાહા!

કહે છે કે અનેક પ્રકારની ક્રિયા કાયા–દેહની જડની એનું લક્ષ છોડ, વાણીનું લક્ષ છોડ અને મનના વિકલ્પનું લક્ષ છોડ. આહાહા! ત્રણેય આવી ગયા. રોટલા-રોટલી કર્યા હોયને તો દરરોજ દસ વાગે ખાય. એવું છે? અને દૂધપાક આદિ હોય તો ત્રણ વાગ્યે ખાય. ત્યાં સુધી છોકરાને ભૂખ્યા રાખે. દૂધપાક ... છેને. મોસાળમાં હોય..... દસ વાગે દૂધપાક જમવાનું તમને નહીં કહીએ, જરીક વાર લાગશે. એમ આ સમજવા માટે અંદર જવા માટે પુરુષાર્થ માગે છે. એમ ને એમ થઈ જાય એવું છે નહીં.

ઘરે રોટલા દસ વાગે તરત ખાય ને ચાલ્યા દુકાને. આજ તો ભાઈ! મામાના ઘર દૂધપાક છે ને કહી ગયા છે. ત્રણ વાગ્યા ..... જરીક મોડું થાશે. મળશે દૂધપાક. નહીંતર અત્યારે ખાવું હોય તો રોટલી છે, ખાઓ. સમજાણું? એમ આત્મામાં જવા માટે પુરુષાર્થની ઉગ્રતા જોઈએ. રાગની મંદતા ત્યાં અંદરમાં જવા માટે કામ કરે નહીં. એ દૂધપાક ખાવું હોય તો અંદર જાઓ. રાગ ખાવું (એટલે) રોટલા ખાઓ. અંદર જાવું (એટલે) દૂધપાક ખાઓ. આહાહા! આ અનાદિનું જીવન... આ અનાદિનું જીવન છેને રાગનું. દરરોજ રોટલા ખાય એમ જીવન એનું છેને. આ તો ભૂલી ગયા છે. આહાહા! આ જીવન જ જુદી જાતનું છે.

કહે છે કે **તેમ જ નિજ આત્માના ધ્યાનને લીધે...** આમ કીધું. એક તો ત્રણ પ્રકારના ત્યાગને લઈને... એ અભાવ થયો, અભાવની વાત લીધી. **તેમ જ નિજ આત્માના ધ્યાનને લીધે...** જોયું! ઓલું નિવૃત્તિને લીધે, ઓલા ત્યાગને લીધે, સમજાણું? ઓલા વિરતીને લીધે. પહેલા કાયાના માટે 'ત્યાગને લીધે' (લીધું), વાણી માટે 'વિરતીને લીધે' (લીધું), મન માટે 'નિવૃતિને લીધે' (લીધું) અને આત્માને માટે 'ધ્યાનને લીધે' (લીધું). આહાહા! આટલું સમજતાં થોડી વાર લાગે, પણ એના ફળ મોટા છે. આના ફળ આનંદ ને અલૌકિક છે. એમ ને એમ ઓલો ઝટ દઈને ગડિયા ગોખી નાખ્યા અને હવે થઈ ગયો અમારે ધર્મ. ભાઈ! જિંદગી ચાલી જશે. આહાહા! તેમ જ નિજ આત્માનું ધ્યાન... પાછું ભગવાનનું ન લીધું. એ તો અસ્થિર છે આની અપેક્ષાએ. **નિજ આત્માના ધ્યાનને લીધે નિશ્ચયથી સતત કાયોત્સર્ગ છે.** આહાહા! ખરેખર આવા આત્માને નિરંતર કાયોત્સર્ગ જ છે. આહાહા!

જેની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે, જેણે ત્રણ પ્રકારના વિકલ્પથી નિવૃત્તિ લીધી છે અને આત્માના ધ્યાનને લીધે અંદરમાં ગયો છે, એને નિરંતર કાયોત્સર્ગ જ છે. આહાહા! એને નિરંતર વ્યવહારનો ત્યાગ જ વર્તે છે, એમ કહે છે. અને નિશ્ચયની દૃષ્ટિમાં ને નિશ્ચયની પરિણતિમાં ભગવાનનો આદર વર્તે છે. આહાહા! પહેલું તો હજી આ શું કહે છે, ઓલો કહેતોને, પકડાતું નથી. પલ્લે પડતું નથી. પલ્લે પડતું નથી એટલે ..... તમે ગુજરાતી કહો છો માટે ખ્યાલમાં આવતું નથી, એમ કહે, પલ્લે પડતું નથી. અભ્યાસ નહીંને એટલે. વ્યવહારથી ધર્મ .............. ત્યાગને લીધે... ત્રણના ત્યાગને લીધે અને એકના આદરના લીધે. આહાહા! એ આત્મામાં નિત્ય લીન છે, પરાયણ છે. જેણે આત્માનો આશ્રય ઉગ્રપણે લીધો છે એને કાયોત્સર્ગ છે. આહાહા! એ ૧૯૫ (શ્લોક) થયો. ૧૯૬.

**जयति सहजतेजःपुंजनिर्मग्नभास्वत् -**
**सहजपरमतत्त्वं मुक्तमोहान्धकारम् ।**
**सहजपरमदृष्ट्या निष्ठितन्मोघजातं (?)**
**भवभवपरितापैः कल्पनाभिश्च मुक्तम्॥ १९६ ॥**

**શ્લોકાર્થ : સહજ તેજઃપુંજમાં નિમગ્ન એવું તે પ્રકાશમાન સહજ પરમ તત્ત્વ** ત્રિકાળી... સ્વભાવિક તેજઃપુંજમાં નિમગ્ન એવું તે પ્રકાશમાન સહજ પરમતત્ત્વ **જયવંત છે.** આહાહા! દૃષ્ટિમાં ભાસ્યું છેને એટલે જયવંત છે એમ કહે છે. ભગવાન આત્મા સ્વભાવિક તેજનો પુંજ, જ્ઞાનપ્રકાશના તેજનો પુંજ એમાં નિમગ્ન છે ત્રિકાળી તત્ત્વ. જ્ઞાનના પુંજમાં તે વસ્તુ છે. એવું પ્રકાશમાન સહજ પરમતત્ત્વ, સ્વભાવિક ભગવાન નિત્યાનંદ પ્રભુ... આહાહા! માળે ચૈતન્ય ચમત્કાર શું છે એની ખબર નથી. બહારના ચમત્કાર, આ વીંટી કાઢી ને ધૂળ કાઢી. એ પણ બિચારો ભ્રમણામાં અને ઓલા લેનારા પણ ભ્રમણામાં. હાર કાઢ્યો ને ફલાણું કાઢ્યું.

કોઈક કહેતું હતું. ઓલા હમણાં કાંતિલાલ આ છેને આ કે. લાલ. ... નથી, તમારો ... કાઢી નાખો. ...માં વાત કરી હતી. પહેલા અહીંયા રાજકોટ આવવાના હતા, નહીં? રાજકોટના આર્યસમાજે ચેલેન્જ આપી. અહીં આવો, અમે પણ તમારી જેમ..... જાદુગરી તમે કરો એ અમે બતાવીએ. આહાહા! આહાહા! આ ભગવાન (આત્મા) સાંઈબાબો પોતે ત્રિકાળી નાથ છે. એમાં એકાગ્ર થાય ત્યાં આનંદ નીકળે. એને હાથેય આમ ન કરવો પડે. હાથનું વીંઝવું... વીંઝે આમ. એમ કહે છે. હાથ વીંઝે....... હાથ વીંઝે તો આમ નીકળે. આ તો આત્મા અંદરમાં એકાગ્રતા વીંઝે (તો) અંદરથી આનંદ નીકળે, એને પ્રાયશ્ચિત્ત ને કાયોત્સર્ગ કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ-૪, શુક્રવાર, તા. ૧૦-૧૧-૧૯૭૨**
**શ્લોક-૧૯૬-૧૯૯, પ્રવચન નં. ૧૪૪**

**जयति सहजतेजःपुंजनिर्मग्नभास्वत्-**
**सहजपरमतत्त्वं मुक्तमोहान्धकारम्।**
**सहजपरमदृष्ट्या निष्ठितन्मोघजातं (?)**
**भवभवपरितापैः कल्पनाभिश्च मुक्तम्॥ १९६॥**

ભગવાન આત્માનું તત્ત્વ અનાદિ-અનંત નિત્ય ધ્રુવ છે. **શ્લોકાર્થ : જે સહજ તેજઃપુંજમાં નિમગ્ન** છે. વસ્તુ જે આત્મા પદાર્થ એનો સ્વભાવિક જ્ઞાનપુંજ, તેજપુંજ, જ્ઞાનપુંજમાં... એ ગુણી ગુણમાં મગ્ન છે, ગુણી ગુણમાં મગ્ન છે. આહાહા! ભગવાન આત્મા અંદર વસ્તુ તરીકે પદાર્થ છે એ સ્વભાવિક જ્ઞાનપુંજમાં નિમગ્ન **એવું તે પ્રકાશમાન સહજ પરમ તત્ત્વ જયવંત છે...** દૃષ્ટિએ દોલત જોઈ છે, કહે છે કે એ જયવંત છે. સમજાણું કાંઈ? પોપટભાઈ! કઈ દોલત આ તમારી ધૂળની? નહીં? આહાહા! કહે છે કે એક સમયમાં વસ્તુ વર્તમાન ભગવાન સહજ પરમતત્ત્વ.. જે સ્વભાવિક પરમતત્ત્વ પોતાના સ્વભાવિક જ્ઞાન આદિ તેજમાં મગ્ન છે એવું એ પ્રકાશમાન તત્ત્વ છે. આહાહા! દૃષ્ટિએ દોલત જોઈ અને દૃષ્ટિ પોકારે છે. સમજાય છે કાંઈ?

કહેશે હમણાં. દૃષ્ટિને ત્રિકાળી દૃષ્ટિ કહેશે. અહીં તો વર્તમાન દૃષ્ટિએ જ્યાં જોયું ત્યારે એ 'જયવંત છે' એમ દેખાય છે. ઓહો! આવું તત્ત્વ તો અનાદિ-અનંત એમ ને એમ છે. સમજાણું કાંઈ? સ્વભાવિક જ્ઞાનપુંજમાં જે મગ્ન છે. જેમાં રાગેય નથી, સંસારેય નથી, સંસારના ભાવની જેમાં ગંધ નથી. પણ ચૈતન્યની ગંધમાં એ પરમતત્ત્વ મગ્ન છે. સમજાય છે કાંઈ? **કે જેણે મોહાંધકારને દૂર કર્યો છે...** મોહાંધકાર રહિત જ એ તત્ત્વ છે. વસ્તુ જે છે ધ્રુવતત્ત્વ ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ, એમાં તો મોહરૂપી અંધકારનો અભાવ છે. આવા તેજપુંજમાં એ મગ્ન છે એમ કહે છે. સમજાય છે કાંઈ? ભગવાન સહજ પરમતત્ત્વ પોતાના જ્ઞાનના પ્રકાશપુંજમાં પ્રકાશમાન છે અને જેણે મોહ અંધકાર દૂર કર્યો છે એટલે એમાં મોહ-અંધકારનો તો અભાવ છે. આહાહા! સમજાણું કાંઈ?

**જે સહજ પરમ દૃષ્ટિથી પરિપૂર્ણ છે...** આવ્યું જુઓ! એ વસ્તુ જ પોતે સ્વભાવિક દૃષ્ટિથી પરિપૂર્ણ છે. દૃષ્ટિ કરવી એ તો પર્યાય છે. સમજાય છે કાંઈ? આહાહા! સમ્યગ્દર્શન એ તો પર્યાય છે, પણ એવી સમ્યક્-દૃષ્ટિથી, એવી અનંતી-અનંતી પર્યાયથી ભગવાન આત્મા સ્વભાવિક પરમ દૃષ્ટિથી તો પરિપૂર્ણ પ્રભુ પોતે છે. આહાહા! સમજાય છે કાંઈ? એક સમયમાં પરમાત્મા પોતે જ્ઞાનના પ્રકાશથી પ્રકાશમાન અને નિમગ્ન છે. જ્ઞાનના પ્રકાશમાં નિમગ્ન ને

પ્રકાશમાન એવું સહજ પરમતત્ત્વ ભગવાન દ્રવ્ય... મોહરૂપી અંધકાર, અજ્ઞાનનો અંધકાર એ ભગવાન ચૈતન્યતત્ત્વમાં છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

અને સહજ પરમ દૃષ્ટિથી તો પરિપૂર્ણ છે. સમ્યગ્દર્શન–દૃષ્ટિ પ્રગટ કરવી એ તો પર્યાય છે. સમ્યગ્દર્શન–પ્રતીતની પર્યાયદૃષ્ટિએ એ તો પ્રગટ પર્યાય છે, પણ ભગવાન તો એવી સહજ દૃષ્ટિથી પરિપૂર્ણ જ છે. એવી અનંતી દૃષ્ટિઓનો એ સમૂહ છે. આહાહા! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એને દૃષ્ટિ કોઈ આપતું નથી, પણ એને જે દૃષ્ટિ થઈ એવી દૃષ્ટિ તો એમાં અનંતી-અનંતી પડી છે, કહે છે. એ ..ભાઈ! આહાહા! જે સહજ સ્વભાવિક વસ્તુમાં, 'વસ્તુ છે' એવી પ્રતીતિ, અનંત-અનંત પ્રતીતિ, પરમ પ્રતીતિ અંદર પડી છે. એવી દૃષ્ટિ અનંત પડી છે. આહાહા! સમજાય છે કાંઈ?

એને પોતાના નિજ તત્ત્વનું માહાત્મ્ય જ આવ્યું નથી. કહેશે આગળ. પ્રાયશ્ચિત્ત (અધિકાર) છેને આ. અરેરે! તું મોહથી માર્યો ગયો છો. પ્રાયશ્ચિત્ત છેને પ્રાયશ્ચિત્ત. એ પ્રભુત્વ એકલા વિકારની પ્રભુત્વતા છે. એનો પોતાનો ક્યાં વિકાર છે? વિકારની પ્રભુતાથી, અરેરે! અનંત સમય ચાલ્યો ગયો. પ્રાયશ્ચિત્ત કરે છે. સમજાણું કાંઈ? આહાહા! જે સ્વભાવિક પરમદૃષ્ટિ... સમ્યક્-શ્રદ્ધા એ તો પ્રગટ પર્યાય છે. એવી-એવી શ્રદ્ધા તો અનંતી અંદર પરિપૂર્ણ પડી છે. એમાંથી એક દૃષ્ટિનો પર્યાય પ્રગટ થાય એ પ્રજા છે, એ તો પર્યાય છે. સમજાણું કાંઈ?

**અને જે વૃથા-ઉત્પન્ન...** છે ને? **मोघजातं**... મોઘ નામ ફોગટ. આહાહા! નિરર્થક **ભવભવના પરિતાપોથી...** ભવભવનો પરિતાપ નિરર્થક છે. વસ્તુમાં નથી અને મફતનો ઊભો થયો છે. મોહની પ્રતીત અને રાગને કારણે, અરે! એ વૃથા ઉત્પન્ન (થયો) ભવભવનો પરિતાપ. એમ કહીને ચારે ગતિમાં વૃથા ઉત્પન્ન (થયો) એ ભવનો પરિતાપ. મફત (છે), એમાં ક્યાંય ગંધેય છે નહીં. પર્યાયમાં ફોગટ... મોહ કહો કે ફોગટ કહો, મોઘ કહો કે ફોગટ કહો. ફોગટ ઉત્પન્ન કર્યો છે. આહા! વસ્તુમાં ક્યાંય ગંધેય નથી. વસ્તુ તો આનંદની મૂર્તિ પ્રભુ છે. એમાં ચાર ગતિના ભવના પરિતાપ વૃથા ઉત્પન્ન કર્યા છે. આહાહા! સમજાણું કાંઈ?

**વૃથા ઉત્પન્ન ભવભવના પરિતાપોથી...** એનાથી વસ્તુ તો મુક્ત છે. સ્વર્ગમાં રહેતા પણ વિકલ્પોની જાળ જે છે એ પરિતાપ છે, એ સુખ નથી. એ સ્વર્ગમાં કે નરકમાં, આહાહા! ભવભવનો પરિતાપ એનાથી તો પ્રભુ રહિત છે. (ક્યારે?) અત્યારે. મફતનો ઉભો કર્યો છે, તારામાં છે ક્યાં? એથી તો રહિત છે. આહાહા! સમજાણું કાંઈ? આ વીતરાગમાર્ગની પ્રાયશ્ચિત્તની વિધિની વાત ચાલે છે. આહાહા! ભવભવનો પરિતાપ એનાથી મુક્ત છે. એવા સ્વભાવનો આશ્રય કરતાં જે નિર્મળદશા થાય એને અહીંયા પ્રાયશ્ચિત્ત કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**તથા કલ્પનાઓથી મુક્ત છે.** બે વાત લેવી છેને. **भवभवपरितापैः कल्पनाभिश्च मुक्तम्**.. કલ્પનામાત્રથી એ પ્રભુ મુક્ત છે. આહાહા! સંકલ્પ કે વિકલ્પની કલ્પના જે થાય, એનાથી ભગવાન તો મુક્ત છે. પ્રભુ ત્રિકાળી પોતે મુક્ત છે. એ પ્રભુને આત્મા કહીએ. આહાહા! એમ કહે છે. સમજાણું કાંઈ? કલ્પનાથી મુક્ત છે. આહાહા! પોપટભાઈ! કલ્પનાથી મુક્ત છે. આ છોકરા મારા ને, આહા! આ લાદીનું કારખાનું મારું છે એવી કલ્પના હોં. એ ચીજ તો એનામાં નથી. એ ચીજ તો આમાં નથી જ અમથી પણ. એ કલ્પના કરે તોય એ ચીજ ત્યાં આવતી નથી. કલ્પના કરે. તે પણ કલ્પના, પહેલું કીધું કે માળો વૃથા કલ્પના કરે છે. ફોગટ.. ફોગટ. હીરાભાઈ! લાભ નહીં ને નુકશાન ઘણું. એ કેમ ઊભું કરે છે? આહાહા! સમજાય છે કાંઈ? ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા એ કલ્પનાથી તો રહિત છે, આહાહા! એ ૧૯૬ (શ્લોક થયો). (હવે) ૧૯૭.

**भवभवसुखमल्पं कल्पनामात्ररम्यं**
**तदखिलमपि नित्यं संत्यजाम्यात्मशक्त्या ।**
**सहजपरमसौख्यं चिच्चमत्कारमात्रं**
**स्फुटितनिजविलासं सर्वदा चेतयेहम् ॥१९७॥**

જુઓ! આ ચૈતન્યચમત્કાર ભગવાન આવ્યા. ત્યાં ચમત્કાર ચૈતન્યનો પડ્યો છે. આહાહા! જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય, છતાં અનંતું-અનંતુ જાણવું (-જાણવાની શકિત) બાકી રહી જાય. (હજી બીજું) અનંતુ હોય તોય જાણે. આહાહા! એવો ચૈતન્યચમત્કાર એની પાસે કઈ ચમત્કારની ચીજ અધિકપણું લઈ જાય? આહાહા! સમજાણું કાંઈ? આવા ચૈતન્યની તો ખબરું ન મળે અને બાહ્યના ચમત્કારના ભભકામાં ભરાઈ જાય. કહે છે, **चिच्चमत्कारमात्रं स्फुटितनिजविलासं सर्वदा चेतयेहम् ।**

**શ્લોકાર્થ :** અરે! **અલ્પ (તુચ્છ) અને કલ્પનામાત્રરમ્ય (-માત્ર કલ્પનાથી જ રમણીય લાગતું)...** અરેરે! ભવમાં ભોગ, ભવમાં માંડેલી કલ્પના, આ ઇન્દ્રિયોના સુખ, પૈસાના સુખ, આબરૂના સુખ, મકાનના સુખ—એ ભવભવનું સુખ તો કલ્પનામાત્ર તુચ્છ છે. આહાહા! એ તો તુચ્છ છે અને કલ્પનામાત્ર રમ્ય છે. આહાહા!

શ્રોતા : તુચ્છ એટલે થોડું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : અવળું. અવળું એટલે વિપરીત. આહાહા! અહીં કલ્પનામાત્ર રમ્ય માન્યું છે. એ કલ્પના તો ઝેર છે. આહાહા! સ્ત્રી, આબરૂ, કીર્તિ, મકાન, પૈસા ને શરીરની સુંદરતા—એની જે કલ્પના કે આ બહુ ઠીક છે, મને મજા છે, એ કલ્પના, કહે છે કે એ તુચ્છ સુખ અને કલ્પનામાત્ર છે. આહાહા! છ ખંડના રાજના ચક્રવર્તી અને ૯૬ હજાર પદમણી જેવી સ્ત્રી હોય હોં. આ સ્ત્રીઓ બે દિ' રોટલા ન ખાય તો સુકાઈ જાય. ત્રણ દિ' સુધી તાવ છ ડિગ્રી

આવ્યો હોય, આજ લાગતું હોય સારું અને છ ડિગ્રી તાવ આવ્યો હોય એક દિ’ સરખાઈનો હાડકાં...... તાવ તો હાથીના હાડકા ભાંગી નાખે, એમ બોલે પછી. એય! એમ બોલે છેને. ..... કહે છે કે આ રૂપાળું છે. ભાઈ! ક્યાંય ચેન પડતું નથી.

છોકરીને હડકાયું કૂતરું કરડ્યું હતું, નહીં? રાણપર. પ્રેમચંદભાઈના દીકરીની દીકરી, એને હડકાયું કરડ્યું. જુવાન છોકરી ચૌદ-પંદર વર્ષની. કાકા! મને કાંઈ ઠીક નથી પડતું, મને કાંઈ ઠીક નથી. હડકાયું કૂતરું...... પાણી દેખાડાય નહીં, હવા નખાય નહીં. આહાહા! પ્રેમચંદભાઈ હતા રાણપરવાળા. આમના મિત્ર હતા. એ ગુજરી ગયા હતા બિચારા. આ કાકા તરીકે બહુ રાખતા અને એ પણ એની સંભાળ રાખતા. ચંદુભાઈ! ખબર છે? એ વાડીભાઈનું મકાન છેને વાડીલાલ પુરૂષોત્તમ એના પછીનું મકાન. પ્રેમચંદભાઈ કહેતા. આહાહા! કાકા! મને ક્યાંય આમ.... પાણી દેખાડાય નહીં, પાણી પાવાય નહીં, હવા નખાય નહીં. આહાહા! એ હડકાયુ કૂતરું કરડ્યું એટલે અંદરથી ફાટ્યું.... એ ૪૮ કલાકે પાણીના બિંદુ રહિત, હવા રહિત એમ ને એમ શરીર સુકાઈ ગયું. દેહ છૂટી ગયો. પોપટભાઈ! આ બધા પિંડલા જેવા સારા લાગે, પણ સડી ગયેલા–સડેલા છે બધા હોં. આહાહા!

શ્રોતા : સડે ત્યારેને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ સડેલો જ છે આમાં. ભગવાન તો કહે છે કે પાંચ કરોડ અડસઠ લાખ... એવું કાંઈક છે. આહા! (નેવું હજાર) પાંચસો ચોરાશી. લ્યો અમારે દિલીપને યાદ છે. વીરચંદભાઈના દીકરાનો દીકરો, ભોગીભાઈનો નાનો. પાંચ કરોડ અડસઠ લાખ, નેવું હજાર ને પાંચસો ચોર્યાસી (૫,૬૮,૯૦,૫૮૪) એટલા રોગ છે. એ બલુભાઈ! કેટલી દવા કાઢશો તમે? ભગવાનની વાણીમાં આવ્યું છે, ભગવતી આરાધનામાં છે. પાંચ કરોડ, અડસઠ લાખ, નેવું હજાર, પાંચસો ચોર્યાસી રોગ શરીરમાં છે. એ ફાટે ત્યારે ખબર પડે. આહાહા! અમુક રોગ તો હોય જ તે. એ તો તીર્થંકર જેવા, ચક્રવર્તી જેવા, ઇન્દ્રો જેવાને ન હોય. બાકી સાધારણને તો અમુક રોગ તો હોય જ.

એમાં સાતમી નરકનો નારકી જન્મે ત્યારથી સોળ રોગ. ક્યાંય શ્વાસ લેવાનું સ્થાન ન મળે, બેસવાનું સ્થાન ન મળે. આહા! પોકાર.. પોકાર.. પોકાર. એમાં આ બાજુ ત્રીજી નરક સુધી તો પરમાધામી એને કરોડો વીંછી ચારેકોર કરડાવે, ઠાકરીયા વીંછી હોં. અહીં એક વીંછી કરડે ત્યાં મરી જાય. આકરો વીંછી હોયને. હમણાં એક ગરાસિયાનો દીકરો મરી ગયોને ગામમાં. વીંછી કરડ્યો, મરી ગયો. હમણાં જ મરી ગયો. બાકી ગઢડામાં એક આપણા વાણીયાનો દીકરો હતો જુવાન પંદર વર્ષનો, વીંછીના કરડથી છ કલાકે ગુજરી ગયો. એવો કડક વીંછી. એવા-એવા કરોડો વીંછી કરડાવે પરમાધામી. આ જીભ ફાડીને ત્યાં નાગ કરડાવે. ભાઈ! તને ખબર નથી. તારા આનંદને ભૂલીને આવા ભવભવના દુઃખને તેં સહન કર્યા છે. ..ભાઈ! કેમ હશે આ?

આહાહા! જરીક કાંઈક સરખાઈ આવે, આ પૈસા-બૈસાની સરખાઈ, છોકરા ઘરે .... છ-છ છોકરાં.

કહે છે કે એ ભવભવ... ભાષા લીધી છેને? ભવભવ એટલે નારકી હો કે દેવ હો. અગ્નિ સળગે છે, ભાઈ! તને ખબર નથી. તારો શાંતરસ પ્રભુ આત્મા આનંદના રસમાંથી ખસી ગયો છે. અનાદિથી ભવભવના તાપને વેદે છે એની એને ખબર નથી. સનેપાતિયાને સનેપાતના વકરાવામાં ખબર નથી કે હું દુઃખી છું. દાંત કાઢે છે. સમજાણું કાંઈ? આહાહા! તારો નાથ અંતર અતીન્દ્રિય આનંદનો કંદ બિરાજે છે, અરે! એને છોડીને તેં ભવભવના તાપ સહન કર્યા. આહાહા! **એવું જે ભવભવનું સુખ તે સઘળુંય...** એક તો કલ્પનામાત્રરમ્ય... રમવાલાયક કલ્પનાથી છે હોં, ધૂળમાંય કાંઈ નથી. અને એક તો તુચ્છ છે. એવા સુખની દશામાં હું દુઃખી હતો તે હવે હું **સઘળુંય...** ચાર ગતિના અંગારા દુઃખના સળગ્યા હતા. ઇન્દ્રો જે છે એના ઈન્દ્રાણીના સુખમાં કલ્પનાનું દુઃખ છે, એ સુખ નથી, એ કલ્પના છે. સમજાણું કાંઈ? આહાહા!

કાલનો કરોડપતિ આજનો ભિખારી થઈ જાય છે. ત્યાં એને એમ થઈ જાય કે આહાહા.. પણ એ જ્યારે કરોડપતિ હતો ત્યારે પણ દુઃખી હતો, તને ભાન નથી. થયું હતુંને એક ફેરી બિહારમાં. એક કરોડપતિ બિચારો બહાર ફરવા નીકળ્યો ઘોડાગાડીમાં. આઠેક હજાર રૂપિયાનું કંઈક એની પાસે હશે. જ્યાં અહીં (પાછો) આવે ત્યાં મકાન-બકાન ધરતીકંપથી બધું તુટી ગયું. પૈસાય નહીં ને બાયડી-છોકરા આખું કુટુંબ ખલાસ. એકલો રહ્યો. (હતો) કરોડપતિ. ધૂળમાંય નથી માળા. માન્યું છે અજ્ઞાનીએ સુખ. આહાહા!

એ સુખને તો હું હવે... એમ કહે કહે છે. જુઓ! આ પ્રાયશ્ચિત્ત કરે છે. એને **હું આત્મશક્તિથી**, એમ. મારા આનંદના બળથી... આહાહા! ઓલા સુખ છેને એની સામે આનંદ લીધો. મારો ભગવાન આનંદનો નાથ અતીન્દ્રિય આનંદથી ભરચક છલોછલ ભર્યો છે. એવા આત્માના આનંદના બળથી હું **નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું...** છેને એમાં? **संत्यजाम्यात्मशक्त्या**.. સમ્યક્ પ્રકારે તજુ છું, હું તો છોડું છું એને. આહાહા! કહો, આ તો વિલાસ સુખ લેવા માટે મથે છે આખો દિ'. મનસુખભાઈ! આવું છે આ. દુનિયાથી પણ બહુ જુદું હોં. આહાહા!

અરે! મારો નાથ, આનંદથી ભરેલો પ્રભુ હું જ મારો નાથ છું. મારા રક્ષણને માટે કોઈ ચીજની જરૂર નથી. આહાહા! એવો હું આત્મા અતીન્દ્રિય આનંદનો કંદ એના આશ્રય થઈને આ બધા સંસારના સુખને છોડી દઉં છું. આહાહા! કહો, સમજાણું કાંઈ? **હું આત્મશક્તિથી**, એમ પાછું. કોઈ વિકલ્પથી એમ નહીં. મારા આત્મામાં આનંદ સ્વરૂપ છેને. એ આનંદમાં જતાં આ બધી વસ્તુ છૂટી જાય છે, એનું નામ પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ ચુડેલના ભડકા છે. ઓલા મરી ગયા હોય ને ત્યાં ઓલો નીકળેને અંદર... શું કહેવાય? ફોસ્ફરસ. લોકો ... દેખી (માને કે) એ.. ભૂત આવ્યું. કાંઈ ભૂત નથી ત્યાં. ઓલો અંદર ફોસ્ફરસનો પ્રકાશ આમ થાતો હશે. એમ અહીં બહારમાં (માને છે કે) એ સુખ છે આમાં. ધૂળેય નથી, સાંભળને! એ તો ફોસ્ફરસનો પ્રકાશ છે. આહાહા! આ ગળે ઉતારવું કઠણ છે. એ વિના એના દુઃખ નહીં જાય. **હું...** પાછું એમ કહે છેને? **આત્મશક્તિથી નિત્ય...** આહાહા! મારી દૃષ્ટિ ને જ્ઞાનની પર્યાય નિત્ય ત્યાં જામી છે આનંદમાં, એમ કહે છે. એ નિરંતર વર્તે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

**હું આત્મશક્તિથી નિત્ય સમ્યક્ પ્રકારે તજું છું**, એમ. બહારથી છોડ્યું છે એમ એકલું નહીં. અંદરમાં રમણતા કરતાં એ છૂટી જાય છે માટે સમ્યક્ પ્રકારે છોડું છું. સમજાણું કાંઈ? અતીન્દ્રિય આનંદનો નાથ પરમાત્મા પોતે, એની મહિમામાં જ્યાં જાઉં છું ત્યાં, કહે છે, આ વાત ઉત્પન્ન થતી નથી, એ ઊડી જાય છે. ફૂ.. થઈને ઉડી જાય છે. એ કલ્પના–સુખની કલ્પના દુઃખરૂપ છે તે ફૂ.. થઈને ઉડી જાય છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા! **(અને) જેનો નિજ વિલાસ પ્રગટ થયો છે...** આહાહા! અમને એની ખાતરી આવી ગઈ છે કહે છે. છે તો ત્રિકાળ, આ નિજ વિલાસ છે તો ત્રિકાળ, પણ અમારા ખ્યાલમાં વાત આવી ગઈ કે નિજ વિલાસ પ્રગટ છે અંદર. આહાહા! રાજેન્દ્રભાઈ! આવી વાતું સાંભળીય ન હોય ક્યાંય.

આજ સુધી છોકરાનું આ કર્યું, ઢીકણું કર્યું. સુરતમાં કરે ને નવરા થાય તો નવસારી. નવરા થાય તો નવસારી. એમ કોઈક વાત કરતું હતું હોં. બે ગામમાં જાય છે. કોઈક વાત કરતું હતું. એમ છે પ્રેમચંદભાઈ? એમ કોઈક કહેતું હતું. અહીં તો સાંભળ્યું હોય. આહાહા! નવરો હોય ત્યારે નવસારી જાય. આહાહા! આ નવો નવો સાર લાગે આ જગતમાં. ધૂળેય નથી. આહાહા! કહે છે કે જેનો નિજ વિલાસ તો પ્રગટ થયો છે. અમારા ભાનમાં આવ્યું છે કે અમને નિજ વિલાસ પ્રગટ છે અંદર. આહાહા! આ ત્રિકાળની વાત છે હોં. પર્યાયમાં નહીં. નિજ વિલાસ પ્રગટ છે અંદર. આહાહા! અરે! એના નિજવૈભવની વાતું સાંભળી નહીં અને બહારના વૈભવની વાતું સાંભળી ગલગલિયા થઈ જાય. આહાહા! એ હસમુખભાઈ! આહાહા! કહે છે, પ્રભુ! તારો ચૈતન્ય-ચમત્કાર.. આહાહા! નિજવિલાસ અંદર પડ્યો છે આખો.

**જે સહજ પરમ સૌખ્યવાળું છે...** એ પોતે પરમ આનંદવાળું તત્ત્વ છે. ભગવાન આત્મા જે છે એ અતીન્દ્રિય આનંદથી ભરેલું તત્ત્વ અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ છે. આહાહા! કેમ બેસે? જગતની અંદરમાં આ બહારના ફાંફાં મારે. પોતે ગૃહસ્થ હોય ને બીજો સાધારણ હોય, એમાં એ ગૃહસ્થ થાય ને પાછો મુખિયો–પ્રમુખ થઈ જાય મોઢા આગળ, એ જોઈ શકાય નહીં. એક ગામમાં રહેવું. આહાહા! અમારા નાતનો માણસ ગરીબ હતો. નાની ઉંમરના એ છોકરા હતા

ત્યારે અમારી પાસે એના મા-બાપ માગવા આવતા. હવે અત્યારે કરોડપતિ-અબજપતિ થઈ ગયો. પાછો ગામનો શેઠ, નગરનો નગરશેઠ (થઈ ગયો). મફતની બળતરા ઉઠે અંદરથી.

બે ભાઈયુંમાં જુદા પડીને એક વધી જાય. એક થઈ જાય અબજોપતિ ને એક થઈ જાય સાધારણ પાંચ-દસ હજારવાળો. આહાહા! ગામનો બીજો કુંભાર થાય તો વાંધો ન આવે. કારણકે પર નાત છે. પણ આમ બે ભાઈયુંમાથી એક જ્યાં થાય.. આહાહા! એ ભગવાનજીભાઈ! જુઓ! આ ભગવાનજીભાઈ જુદા પડ્યા પછી કરોડપતિ થઈ ગયા. ઓલો લાલજીભાઈ એમને એમ રહી ગયો. એ તો એમ જ સંસાર ચાલ્યા જ કરે છે એમ ને એમ. ક્યાં હતું? આહાહા! કહે છે કે જે સહજ પરમ આનંદવાળું તત્ત્વ છે, પરમ સુખવાળું એ તત્ત્વ છે એમ કહે છે.

**અને જે ચૈતન્યચમત્કારમાત્ર છે...** આનંદ ને જ્ઞાન બે લેવા છે. આહાહા! એ ચૈતન્ય-ચમત્કારમાત્ર છે. આહાહા! જેના જ્ઞાનના એક અંશમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાઈ જાય, તો પણ (શક્તિ) બાકી રહી જાય. અનંતો કાળ ને બીજું (જ્ઞેય) હોય તોય (જ્ઞાનમાં) આવી જાય. એ જ્ઞાન સમસ્ત એવો ચૈતન્યનો પર્યાય.. એવો ચૈતન્યનો દરિયો તો ત્રિકાળ પડ્યો છે કહે છે. આ ચૈતન્યચમત્કાર ત્રિકાળની વાત છે. આહાહા! એ ચમત્કારી ચૈતન્યરત્ન છે. એ ચૈતન્ય-ચમત્કાર ચિંતામણિરત્ન છે. આહાહા! સમજાણું કાંઈ?

**તેને...** એવો જે ભગવાન **(-તે આત્મતત્ત્વને)...** ત્યાં મારી નજરું ગઈ છે, મેં એને સ્વીકારેલ છે કે આવો ભગવાન આત્મા છું. તો **હું સર્વદા અનુભવું છું.** આહાહા! પોતે, આનંદને સદા હું અનુભવું છું. મારે રાગેય નથી, દુઃખેય નથી, સંસાર નથી, આ મુનિપણામાં રહ્યા છતાં. આહાહા! સમજાણું કાંઈ? એ પાંચમા આરાના મુનિ કહે છે. કોઈ કહે કે વળી આવી વાતું ચોથા આરાને માટે હશે. અરે! સારા-ફારા ક્યાં હતા તારામાં? સાંભળને હવે! ત્રણેય કાળે આનંદની મૂર્તિ પ્રભુ અનંત સુખનો સાગર છે. કહે છે કે હું એને સર્વદા અનુભવું છું એ પ્રાયશ્ચિત્ત છે, લ્યો. સંસારને નાશ કરવાની આ એક કળા છે. સમજાણું કાંઈ? બાકી એ સિવાય બીજે રસ્તે ચઢાવી દેશે, જિંદગી ચાલી જશે, પાછા માણસપણા મળવા (મુશ્કેલ). આહાહા! સમજાણું કાંઈ?

જાદુગર ને જાદુ ને ચમત્કાર ને.. આહાહા! હેરાન-હેરાન થઈ ગયો છે. પોતે હેરાન અને દુનિયાને હેરાન કરાવવા બતાવે છે ચમત્કાર. મૂઢ છે કહે છે. આહાહા! ચૈતન્યચમત્કાર, જેમાં એક અંશ નીકળતાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણી લે એવો જેનો એક અંશ છે, એવા ત્રિકાળી ચૈતન્યચમત્કારની શું વાત કરવી! એવો ભગવાન પરિપૂર્ણ ચમત્કારથી ભરેલો છો, એમ કહે છે. કહો, ભીખાભાઈ! આહાહા! ..... આહાહા! એ ભગવાન! તારા માહાત્મ્યના ગાણા છે એ.

સમજાય છે? તારી વાત આવે છે તારા માટે. તારી વાત તારા માટે છે, કોઈકને માટે નહીં. આહાહા!

શ્રોતા : ચમત્કાર આપ બતાવો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ ચમત્કાર નથી? (બીજો) ક્યો ચમત્કાર? આહાહા!

ચીમનભાઈએ ન કહ્યું? ચૈતન્યનો ગુપ્ત ચમત્કાર દૃષ્ટિના લક્ષમાં નથી. એમ કહીને એમ કહેવા માગે છે કે એના દ્રવ્યસ્વભાવમાં શું છે, કેટલી તાકાત છે (એની) જગતને ખબર નથી. એ ઉપરની પર્યાય ને રાગને ભાળે ને બહારની આ ધૂળને ભાળે, પણ ભગવાન એક સમયમાં ગુપ્ત ચૈતન્ય-ચમત્કારની સૃષ્ટિની ખબર નથી. આહાહા! જુઓને! એક શબ્દમાં કેટલું પડ્યું છે! આહાહા! લોકોને વિચાર ક્યાં છે? હું આવો ભગવાન પૂર્ણાનંદ છું. હું પાંગળો નથી કે મારે પરનો આશ્રય લેવાથી મારું કલ્યાણ થાય. સમજાય છે કાંઈ? પ્રભુની પ્રભુતાથી ભરેલો ભગવાન આત્મા છે. ત્રિલોકનાથ તીર્થંકરના આ કહેણ છે. સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની પ્રભુ એની વાણીમાં તારા પ્રભુના ગાણા આવા ગાયા છે અને તને ખબરું ન મળે. સમજાણું કાંઈ?

અને આમ કહે કે ભગવાનના ભગત છીએ, અમે અરિહંતને માનનારા છીએ. ભાઈ! તીર્થંકરને માનનારાના મોઢા બીજા હોય. એની દશામાં એને આત્માની મહિમા વર્તતી હોય છે. આહાહા! સારી દુનિયાની મહિમા ઊડી ગઈ હોય છે. ચક્રવર્તીના રાજ અને છ ખંડના ભોગ, દુઃખના ઝેરીલા સર્પ કરડ્યા હોય એવું લાગે એને. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! **(તે આત્મતત્ત્વને) હું સર્વદા અનુભવું છું**. આહાહા! ત્યારે ભગવાનની ભક્તિ, સામાયિક, આવશ્યક–છ આવશ્યક કે દિ' કરશો? સર્વદા મારો સ્વભાવ ભગવાન એના તરફનું મારું વલણ છે એને અનુભવું છું. આહાહા! એ બધું જે છે એ ભગવાનની ભક્તિ એ, ગુરુની ભક્તિ એ. કહો, સમજાણું કાંઈ? પોતે ગુરુનો ગુરુ છે. આહાહા! એ ૧૯૭ કળશ થયો. ૧૯૮.

**निजात्मगुणसंपदं मम हृदि स्फुरन्तीमिमां**
**समाधिविषयामहो क्षणमहं न जाने पुरा ।**
**जगत्रितयवैभवप्रलयहेतुदुःकर्मणां**
**प्रभुत्वगुणशक्तितः खलु हतोस्मि हा संसृतौ ॥१९८॥**

આહાહા! અંદર પોકાર કરીને પ્રાયશ્ચિત્ત કરે છે હોં. **શ્લોકાર્થ : અહો! મારા હૃદયમાં સ્ફુરાયમાન આ નિજ આત્મગુણસંપદાને...** આહાહા! મારા હૃદયમાં સ્ફુરાયમાન... આ સમાધિનો અધિકાર આવવાનો છેને. એવી શૈલી છે, અમૃતચંદ્રાચાર્યની શૈલી છેને (કે) જે અધિકાર આવવાનો હોય એનું છેલ્લે મૂકે છે (શ્લોક)માં.... અહો! મારા જ્ઞાનમાં, હૃદય એટલે જ્ઞાનમાં અંદર હોં. હૃદય આ કાળજું નહીં, આ તો જડ છે. **સ્ફુરાયમાન આ નિજ**

**આત્મગુણસંપદા**... અહો! નિજ–મારા આત્મગુણની સંપદા–વૈભવ પૂર્ણાનંદ અંદર પ્રભુ **કે જે સમાધિનો વિષય છે...** આહાહા! એ ચીજ તો નિર્વિકલ્પ પર્યાયનો વિષય છે. રાગ વિનાની સમાધિ, શાંતિ—એનો વિષય એ સંપદા છે.

કેટલાકને તો એવું લાગે કે આપણા જૈન પરમેશ્વરમાં આવું હશે? આવી વાત હશે? હવે અત્યાર સુધી અમે તો એવું સાંભળતા કે... એ નટુભાઈ! કંદમૂળ ખાવા નહીં, રાત્રે ચોવિહાર કરવો, ફલાણું, જોઈને ચાલવું, વિચારીને બોલવું, શરીરથી બ્રહ્મચર્ય પાળવું, સામાયિક કરવી, પોષા કરવા, પડિકમણા કરવા—આવું તો બધું સાંભળેલું. આ તો ક્યાંય આવ્યું નહીં આમાં. એના બાપને ભલે બીજું હોય, પણ અમે તો પહેલેથી આમાં આવ્યા છીએ. તમારા ભાઈની વાત ચાલતી હતી મગનભાઈની. સમજાણું કાંઈ? આહાહા!

તીર્થંકરદેવ ભગવાન પરમાત્માનો પોકાર જગત પાસે છે. ભાઈ! તારી ગુણની સંપદાની વાત તને શું કરીએ? એ ગુણને વિષય જેણે કર્યો એને સમાધિ પર્યાયમાં આવી. આમ નથી બોલતા? 'સમાહિવરમુત્તમં દિંતુ..' ગડિયા બોલે ઓલા લોગસ્સમાં. અર્થની કાંઈ ખબર ન મળે. સમાધિ તો અંદર પુણ્ય ને પાપના રાગ રહિત ત્રિકાળી આનંદનો ધામ ભગવાન એના સન્મુખમાં એકાગ્રતા થઈને શાંતિ.. શાંતિ.. શાંતિ પ્રગટ થાય એને સમાધિ કહે છે. ઓલા બાવા–જોગી સમાધિ ચડાવે એ તો બધા અજ્ઞાની મૂઢ છે. સમજાણું કાંઈ? લોગસ્સમાં આવે છે, 'સમાહિવરમુત્તં દિંતુ..' અર્થની ખબર ન હોય. ભગવાન! સમાધિ આપો. સમાધિ તારી તારામાં છે. અનંત-અનંત એવી શાંતિ ને સમાધિનું તો પૂર તારું છે. પૂરમાંથી અંદરથી કાઢ થોડું. સમજાણું કાંઈ?

અહો! જુઓ! પોકાર કરીને પ્રાયશ્ચિત્ત...... ગયા કાળમાં, અરેરે! આ નિજ આત્મગુણ-સંપદાને–**તેને–મેં પૂર્વે એક ક્ષણ પણ જાણી નહિ.** કહે છે. ગયા કાળનું પ્રાયશ્ચિત્ત કરે છે. અરેરે! અનંત.. અનંત કાળ વીતી ગયો આદિ વિનાનો કાળ, પણ ભગવાન આત્માની સમાધિ, શાંતિ એને મેં ભૂતકાળમાં અનંતકાળ ક્યાંય ભાળી નહીં હોં, ક્યાંય જોઈ નહીં, કોઈ દિ' જાણી નહીં. આહાહા! **એક ક્ષણ પણ જાણી નહિ**. આહાહા!

અરેરે! **ખરેખર, ત્રણ લોકના વૈભવના પ્રલયના હેતુભૂત...** આ આત્મદ્રવ્ય છેને (એટલે) સામે કર્મ દ્રવ્ય લીધું. એ દ્રવ્યને નિમિત્તે (થતો) થોડો વિકાર એ બધો કર્મમાં જાય છે. **ખરેખર, ત્રણ લોકના વૈભવનો પ્રલયના હેતુ**... પ્રલય એટલે નાશ. એવા **દુષ્કર્મોની પ્રભુત્વગુણશક્તિથી (–દુષ્ટ કર્મોના પ્રભુત્વગુણની શક્તિથી)...** એ વિકારની પ્રભુત્વશક્તિ છે એમ કહે છે. પ્રભુત્વશક્તિ તો ગુણ મારો છે, પણ ઊંધો પડ્યો ત્યારે વિકારમાં પ્રભુત્વશક્તિથી હું માર્યો ગયો છું, કહે છે. આહાહા! અરે! એવા વિકારના પરિણામના પ્રેમે મારા જીવનને જીવતું ન રાખ્યું, એમ કહે છે. સમજાણું કાંઈ?

વિકારના પ્રેમના ભાવમાં હું માર્યો ગયો હોં. મારો પ્રેમ મેં ન કર્યો. અરેરે! ચાહે તો શુભરાગ હો, પણ એના પ્રેમમાં હું માર્યો ગયો છું. આહાહા! કેટલાકને તો આવું સાંભળવું માંડ કોઈક દિ' મળતું હોય. આ શું હશે? આવો માર્ગ વીતરાગનો હશે? આ જૈન પરમેશ્વરનો માર્ગ હશે? .... નથી. આહાહા! **ત્રણ લોકના વૈભવના પ્રલયના હેતુ**... આહાહા! આ પ્રલયકાળ નથી આવતો? ત્યારે બધો પ્રલય થઈ જાય છેને બહારમાં. એવો ત્રણ લોકનો વૈભવ, મારો આત્મા આનંદનો નાથ પૂર્ણ સંપદાથી ભરેલો વૈભવ, અરે! એનું હેતુભૂત, પ્રલયના હેતુ(ભૂત) દુષ્ટકર્મોની પ્રભુત્વશક્તિ... અરેરે! હું સંસારમાં માર્યો ગયો. આ જાગતી.. જાગતી દશામાં કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા!

અરેરે! મારી પ્રભુત્વશક્તિને રાગની પ્રભુત્વશક્તિના પ્રેમથી મેં મારી નાખી. હું માર્યો ગયો છું. આહાહા! સમજાણું કાંઈ? પ્રભુત્વશક્તિ તો આત્માનો એક ગુણ છે. પરમેશ્વરશક્તિ છે આત્મામાં. પરમેશ્વસ્વરૂપ જ દ્રવ્ય છે. એ પર્યાયમાં પરમેશ્વરપણું પ્રગટ કરે તે સિદ્ધ કહેવાય છે. અહીં કહે છે કે અરેરે! મારી એવી પ્રભુત્વશક્તિ–પરમેશ્વર શક્તિ એને, આહાહા! આ વિકારના પ્રેમના, રાગના–વિકલ્પના રસ્તે ચડ્યો હું માર્યો ગયો છું, મારી ચીજની મેં સંભાળ ન કરી. એમ કહીને જાગૃતિમાં આવી વાત (કરે) છે. પોપટભાઈ! ત્યાં છે આવું સાંભળવાનું? લાદીમાં હશે? ...... લાદી આ કરી, ફલાણી કરી, ઢીકણું કર્યું. લાદીમાં ....... આપણે ત્યાં આવ્યા હતા ત્યારે નહોતું? ત્યાં ઉતર્યા હતાને? તમારું ઓલું થાણાનું કારખાનું. એ લાદી થાતી હતી ધમાધમ.

અહીં કહે છે કે અનંત ગુણની ચમત્કારી ચીજ એવો આત્મા મેં લક્ષમાં લીધો, અરે! હવે એમ લાગે છે કે રાગના પ્રેમમાં હું અનંતકાળમાં માર્યો ગયો હતો. આહાહા! સમજાણું કાંઈ? આહાહા! હું મારે પડખે ન ચડતાં ઓલે રાગને પડખે ગયો. સમજાણું કાંઈ? મારા દીદાર અંદર શું છે એને જોવા મેં નજરું ન કરી. આહાહા! એના વૈભવની ચીજનું શું સ્વરૂપ છે એને મેં ન જાણ્યું. અનંતકાળમાં ન જાણ્યું એની વાત છે હોં. અત્યારે જાણવામાં આવ્યું ત્યારે નહોતું જાણ્યું એની વાત કરે છે. આહાહા! એ તીર્થંકરદેવની વાણી ગણધરો અને ઇન્દ્રો જ્યારે સાંભળતા હશે, ધર્મના ધોધ નીકળતા હશે ત્યાં. આહાહા! સંસારનો દાવાનળ ઠરીને ઢીમ થઈ જાય ત્યાં. આહાહા! અરે! ત્રણ લોકનો વૈભવ... મારું સ્વરૂપ તો ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની સંપદાવાળી ચીજ છે.

એના (-પ્રલયના) નાશનો હેતુભૂત... આહાહા! દુષ્ટકર્મો વિકારી પરિણામ. એ જડકર્મ લીધા છેને, એ જડને લક્ષે જે ભાવ થયો એ આત્માના નાશને માટે છે એમ કહે છે. પ્રભુત્વગુણશક્તિથી, આહાહા! અરેરે! હું સંસારમાં માર્યો ગયો છું, અરે! માર્યો ગયો, હું હેરાન થઈ ગયો, ક્યાંય મને સંસારમાં (સુખ નહોતું). દેવપણું મળ્યું હોય કે પૈસાવાળો હતો ત્યાં હું

સુખી હતો એમ નહીં, એમ કહે છે. ત્યાં હું હેરાન.. હેરાન થઈ ગયો હતો. ભગવાનજીભાઈ! આહાહા! એ શેઠાઈમાં મરી ગયો હું, કહે છે.

શ્રોતા : જીવતો છે ને મરી ગયો?

પૂજ્ય ગુરૂદેવશ્રી : મરી ગયો. મારા આત્માને મેં આદર્યો નહીં અને આને આદર્યો એટલે હું મરી ગયો. જીવતો જીવ એવું તત્ત્વ હોવા છતાં એનો આદર ન કર્યો અને અજ્ઞાનનો આદર કર્યો એટલે આ નથી એમ થઈ ગયું. આવું સ્વરૂપ નથી (એમ માન્યું) એટલે મારી નાખ્યો એને. સ્વરૂપચંદભાઈ! આહાહા! પોતે પોતાનો ઘાત કર્યો. વાત એ છે. આહાહા! છેલ્લો કળશ ૧૯૯.

**भवसंभवविषभूरुहफलमखिलं दुःखकारणं बुद्ध्वा ।**
**आत्मनि चैतन्यात्मनि संजातविशुद्धसौख्यमनुभुंक्ते ॥१९९॥**

'**आत्मनि चैतन्यात्मनि**' એવા શબ્દ આવે છે સમયસારમાં, છેલ્લે પ્રતિક્રમણમાં આવા શબ્દ છે. **શ્લોકાર્થ : ભવોત્પન્ન (–સંસારમાં ઉત્પન્ન થતા) વિષવૃક્ષના સમસ્ત ફળને...** આહાહા! ચાર ગતિમાં અનુકૂળતાના ઢગલામાં પણ મને તો ઝેર હતું કહે છે. એય! આહાહા! છ-છ છોકરા રળાઉ થાય અને બેઠા હોય અને દુકાન, મકાન મેડીબંધ હોય અને વેવાઈ સારા મળ્યા હોય, ઘરે દૂધપાક ને સાટા થતા હોય, ઓલા એ ખાતા હોય, ચક્રવર્તીનું રાજ આવ્યું જાણે આહાહા...

કહ્યું હતું એક ફેરી. રાણપરમાં એક અપસરાની સામે છેને લોટીયા વોરાની શેરી. એ શેરી છેને એના મોઢા આગળ કોઈકનો ખાટલો બાંધતો હતો કોઈ હરિજન. ..... કાંઈ બાકી હતું, દસ-બાર વાગ્યા હશે. એની વહુ, એનો છોકરો ને ટૂટલી હાંડી છાશની. એ વખતે ખાવા બેઠા આમ ફળિયામાં બહાર. એ અપાસરામાંથી જોયું નજરે. આહાહા! બાયડી જુઓ તો કાળી, છોકરો જુઓ તો એવો, દોણી જુઓ તો કાણી ... છાશવાળી. ગરીબ માણસ બિચારા. ખાતા વખતે જુઓ! બધું ભૂલી જાય, એકબીજા ભેગા બેઠા હોય ત્યારે. આહાહા! એક કોર છોકરો બાપુજી.. બાપુજી કરે, ઓલી વળી (કહે), તમે પણ અત્યારે બહુ થાક્યા છો...... જાણે ખુશી થઈ જાય. હોય રોટલો ને છાશ. આહાહા!

અહીં કહે છે કે અરેરે! એવા ભવથી ઉત્પન્ન થયેલા, આહાહા! **વિષવૃક્ષના સમસ્ત ફળને...** એ આવે છેને. ..... ઝેરના વૃક્ષના સમસ્ત ફળ છે એ બધા. આહાહા! પુણ્ય ને પાપના ફળ બધા ઝેર છે, કહે છે. સમજાણું કાંઈ? એ દૈવી સામગ્રી બહારની મળે એ ઝેરના ફળ છે. એ ઝેરના વૃક્ષ ફાલ્યા. બાયડી સારી, આહાહા! સારો કોને કહેવો? સારો એ ભગવાન ત્રણ લોકનો નાથ પોતે. એ સિવાય કોઈ સારું જગતમાં નથી. સમયસાર તે સાર, બાકી બધું અસાર. આહાહા! સમજાણું કાંઈ?

**વિષવૃક્ષના સમસ્ત ફળને**... આહાહા! પ્રાયશ્ચિત્ત કરે છે જુઓ! **દુઃખનું કારણ જાણીને**... અરેરે! બધી સંપદાઓ તે દુઃખનું કારણ છે. અજ્ઞાની એને સુખનું કારણ માને છે. એવો ઝેરનો મીણો ચડી ગયો છે એને. મિથ્યાત્વના ઝેરનો મીણો ચડી ગયો છે. ભૂલી ગયો, ભગવાન આનંદનો નાથને ભૂલી, સંસારના સુખમાં મજા છે હમણાં અમને મજા છે. ઓણ અમારે ફાવતું છે એમ કહે છે. હું ફાવનો ... છું. નુકશાનમાં છે કે ફાયદામાં (એનું) તને ભાનેય નથી. આહાહા! કહે છે.... આ પ્રાયશ્ચિત્ત (અધિકાર)નો છેલ્લો કળશ છે.

આખો સંસાર વિષવૃક્ષ છે એમ કહે છે. એ **સમસ્ત ફળને દુઃખનું કારણ જાણીને...** ૧૪૮ પ્રકૃતિ એ ઝેરના વૃક્ષ છે. એ ઝેરના ફળ ફાલે છે. આહાહા! ત્યાં તો તીર્થંકરપ્રકૃતિને ઝેરનું ઝાડ કીધું છે. એય! એ ફાલે ત્યારે શું મળે? સમવસરણ મળે એમાં આત્માને શું? સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! પણ એ સમવસરણ પરચીજ છે, આત્માને શું સંબંધ? રજકણ છૂટવાના બધા સમવસરણ... એમાં આત્માને શું? અહીં તો એક ન્યાયે તો પ્રકૃતિ બંધાણી છે એ ઝેરવૃક્ષ, એનું એ ફળ. ઝેરના ફળ ઝેર. એ અમૃતના ફળ છે? આહાહા! ભારે વાતું ભાઈ!

એને દુઃખનું કારણ જાણીને **હું ચૈતન્યાત્મક આત્મામાં...** આત્મા કેવો? એ તો જ્ઞાનસ્વરૂપી ભગવાન છે. એના સ્વરૂપમાં તો જ્ઞાનસંપદા છે. એ ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા.. આહાહા! એનાથી **ઉત્પન્ન...** ચૈતન્યસ્વરૂપ ભગવાન આત્મા આ ઉત્પન્ન ઝેરને છોડું છું અને આવા આત્મામાંથી ઉત્પન્ન **વિશુદ્ધસૌખ્યને અનુભવું છું.** આહાહા! આખી વાત ..... મારો આત્માનો આનંદ એને અનુભવવું એ સંસારના નાશનો પ્રાયશ્ચિત્ત(રૂપ) ઉપાય છે. અને એને લઈને સંસારનો દુઃખો, દુઃખ જ છે બધું હોં. દુઃખ એટલે આ પૈસા ને શેઠાઈ ને રાજાઈ ને બધા દુઃખીના દાળિયા બિચારા. બિચારા ત્યારે થાયને. રાંકા થયાને એ બિચારા. આહાહા!

માને ભડકમદાર. મૂછું આમ રાખે. આહાહા! એક આપણે છે. જેતપુરમાં એક નથી જેતપુરમાં? આમ રાખે. આવે તો આમ કાંઈક દેખાય. મૂળ દિગંબર છે. હા, એ છે. પણ આમ નરમ માણસ છે. પણ એને ........... આમ લીંબુ મૂકે તો રહે એવું છે. માણસ નરમ છે. ત્યાં સાંભળવા આવે. આમ દેખાવ એવો લાગે કે જાણે કોઈ પોલીસનો માણસ હશે. દિગંબર જૈન. આ માળા બહારના દેખાવે મારી નાખ્યાને. હું તો ચૈતન્યસ્વરૂપ આત્માથી ઉત્પન્ન વિશુદ્ધસુખને અનુભવું છું. એ સંસારના દુઃખના ભાવને છોડું છું અને મારા આત્માના આનંદનો અનુભવ કરું, એનું નામ ધર્મ ને મુક્તિનો ઉપાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ-૫, શનિવાર, તા. ૧૧-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૨૨, પ્રવચન નં. ૧૪૫**

આ નિયમસાર, પરમ-સમાધિ, નવમો અધિકાર. આ નવમું વ્રત છેને સામાયિક. આમાં સામાયિકની વ્યાખ્યા છે. સામાયિક કોને કહેવી? **હવે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોના...** આત્માના સ્વભાવથી વિરુદ્ધ એકલો મોહ–મિથ્યાત્વ, રાગ અને દ્વેષનો ભાવ એ પરભાવ છે. એના **વિધ્વંસના હેતુભૂત...** એના નાશના કારણભૂત **પરમ-સમાધિ અધિકાર કહેવામાં આવે છે.** સમાધિ એટલે આત્માના આનંદની સાથે સમતાભાવનું થવું એનું નામ સમાધિ કહે છે. આ લોકો બાવા અને જોગી કહે છે એ સમાધિ નહીં. ભગવાન સર્વજ્ઞ વીતરાગદેવે પરમાનંદસ્વરૂપ એવો જે આત્મા એનો આશ્રય કરીને જે આનંદની અવિનાભાવી સમતા–સમાધિ (પ્રગટ કરી) એને અહીંયા સમાધિ કહેવામાં આવે છે.

**वयणोच्चारणकिरियं परिचत्ता वीयरायभावेण ।**
**जो झायदि अप्पाणं परमसमाही हवे तस्स ।।१२२।।**
**વચનોચ્ચરણક્રિયા તજી, વીતરાગ નિજ પરિણામથી**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.**

**ટીકા : આ, પરમ સમાધિના સ્વરૂપનું કથન છે.** ટેપ બંધ કર્યું? ..... ઓલા કરે છેને, શું કહે છે? એ તો એનું..... આ પરમ સમાધિના સ્વરૂપનું કથન છે. આમ તો લોકો બહારથી અનેક પ્રકારના અશુભભાવ છોડીને અંદરમાં રહે અને શાંતિ જેવું લાગે, બાવા, જોગી આદિ જંગલમાં રહે છેને, એ સમાધિ નહીં. અહીં તો પરમ-સમાધિ એટલે સામાયિકભાવ કહો, પરમ-સમાધિભાવ કહો. કેવળીના શાસનમાં કહેલા સ્વદ્રવ્યના આશ્રયે આનંદ સહિત સમતાભાવનું પ્રાપ્ત થવું... સામાયિક સમતા છેને. એ સમતા, આવી સમતા.

આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદ પ્રભુ એનો આશ્રય લઈને જે આનંદ–અતીન્દ્રિય આનંદ સહિત સમતા–વીતરાગભાવ પ્રગટ થાય એને સમાધિ કહે છે. વીતરાગભાવ લીધો છેને અંદર **वीयरायभावेण**. આહાહા! વીતરાગભાવ વડે... ત્યારે કોઈ કહે કે વીતરાગભાવ તો બારમે ગુણસ્થાને ને તેરમે આવે. એ તો પૂર્ણ વીતરાગતા કહેવાય, એ જુદી વસ્તુ છે. આહાહા! ચોથા ગુણસ્થાનથી સમ્યગ્દર્શનથી આનંદના સ્વભાવના વેદનની અવિનાભાવી સમતા હોય તેને અહીંયા સમાધિ અથવા સમતા કહે છે. સમજાણું કાંઈ? **આ, પરમ સમાધિના સ્વરૂપનું કથન છે.**

હવે કહે છે કે એ પૂર્ણ વીતરાગીભાવમાં પરિણમેલો હોવા છતાં **ક્યારેક** તેને **અશુભવંચનાર્થે...** 'ક્યારેક' શબ્દ પડ્યો છે. કોઈ વખતે એને શુભવિકલ્પ હોય છે, ભગવાનની સ્તુતિ, વંદન આદિ એ અશુભ વંચનાર્થે–અશુભના ભાવને છોડવા માટે હોય છે. **વચનવિસ્તારથી શોભતું...** ભગવાનની સ્તુતિ.. સર્વજ્ઞ પરમાત્માના ગુણની સ્તુતિ એના વચનનો વિસ્તારથી શોભતું **પરમવીતરાગ સર્વજ્ઞનું સ્તવનાદિક...** પરમ સર્વજ્ઞ પરમાત્મા વીતરાગદેવ એનું સ્તવન, એનું વંદન, એની ભક્તિનું ઉચ્ચારણ વિગેરે **પરમ જિનયોગીશ્વરે...** પરમ જિનયોગીશ્વર... કહે છે કે પરમ જિનયોગીશ્વર, જેણે આત્મામાં યોગ જોડી દીધેલો છે, વીતરાગીભાવે જેણે આત્માને અવલંબ્યો છે એવા જિનયોગીશ્વરને પણ કોઈ વખતે, કોઈ-કોઈ વખતે અશુભને ટાળવા માટે એવી વંદન ને સ્તુતિનો પરદ્રવ્ય અનુસારી વિકલ્પ એવો હોય છે.

શ્રોતા : કરવાયોગ્ય કહ્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી : કરવાયોગ્ય વ્યવહારે છેને? વ્યવહારની વાત છેને. વ્યવહારે કરવાયોગ્ય કહ્યું. પરની અપેક્ષા છે તેથી વ્યવહાર થયો. વ્યવહારે વ્યવહાર કરવાલાયક છે. પછી ના પાડશે. નિશ્ચયથી કરવાલાયક નથી. વ્યવહારે પણ આ (કરવું), એ પણ અશુભને ટાળવા માટે. સમ્યગ્દર્શન–સ્વરૂપની દૃષ્ટિ છે અને સ્વરૂપને આશ્રયે આનંદ સહિતની વીતરાગતા પ્રગટ થઈ છે એવા જીવને ક્યારેક, અંતર વિશેષે સ્થિર થઈ શકે નહીં ત્યારે અશુભને ત્યાગ કરવા માટે... છે ને? નીચે છે (નોટ)માં. **અશુભથી છૂટવા માટે, અશુભથી બચવા માટે, અશુભના ત્યાગ માટે**. વ્યવહારે–વ્યવહારનયે તો વ્યવહાર કરવાલાયક છે એમ જ આવે.

શ્રોતા : બરાબર છે કે વાતમાં ફેર છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : બરાબર છે. વ્યવહારથી વ્યવહાર કરવાલાયકનો અર્થ શું? શુભરાગનું પરિણમન હોય છે એમ કહે છે. એ પરિણમન કરવાલાયક છે એટલે પરિણમે છે. છે હેયબુદ્ધિએ, પણ જ્યાં અંતર આનંદમાં (વિશેષ) લીનતાનો અભાવ છે, અમુક લીનતા તો છે, પણ જ્યારે ઉપયોગની અંદરમાં જમવટ જામવાનો કાળ નથી, ત્યારે એને અશુભથી બચવા આવો ભાવ હોય છે. છે પુણ્યબંધનું કારણ, છે હેયબુદ્ધિએ આદરણીય (એટલે) હેયબુદ્ધિએ આચરવાલાયક, એમ.

**પરમાર્થથી...** લ્યો, જુઓ! એનો અર્થ કે એ વ્યવહાર થયો. **પરમાર્થથી પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત વચનસંબંધી વ્યાપાર કરવાયોગ્ય નથી.** શુભ ને અશુભ વચનમાં શુભ ને અશુભ વિકલ્પ આવે છે માટે એ શુભ-અશુભ વચનો કરવાલાયક નથી. એ સંબંધી વ્યાપાર કરવાયોગ્ય જ નથી. આહા! **આમ હોવાથી જ, વચનરચના પરિત્યાગીને...** 'વચનરચના ત્યાગીને' એનો અર્થ કે તે તરફનો જે વિકલ્પ છે એને પણ છોડી દઈને **જે સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત**

**છે...** જે–ભગવાન આત્મા સમસ્ત કર્મકલંકરૂપી કાદવથી વિમુક્ત છે. એની પર્યાયમાં બિલકુલ રાગ નથી.

સમસ્ત કર્મકાદવથી વિમુક્ત **અને જેમાંથી ભાવકર્મ નષ્ટ થયેલાં છે...** જડકર્મ પણ નથી અને રાગનો વિકલ્પ પણ નથી. **એવા ભાવે...** 'વીતરાગભાવે' પાઠ છેને એનો અર્થ લીધો છે. **वीयरायभावेण**.. એ વર્તમાન પર્યાયની વાત થઈ. આહાહા! વચનની રચના કરવા છતાં... એ વચનની રચના તો વચનને–જડને લઈને થાય, પણ એને અનુસરતો રાગ એને થયા વિના રહે નહીં. આહાહા! ભગવાનની સ્તુતિ-વંદન કરે તોપણ રાગ થયા વિના રહે નહીં. એ અશુભથી બચવા પૂરતી વાત છે. જે ભાવમાં જડકર્મની બિલકુલ અસર નથી એટલે (જડકર્મ) એમાં–વીતરાગભાવમાં આવતો નથી અને ભાવકર્મ નષ્ટ થયો છે.

કેવા ભાવે? **પરમ વીતરાગભાવે...** આહાહા! સ્તુતિ, ભક્તિ ને વંદન એ તો બધો રાગભાવ છે. સમજાય છે કાંઈ? **પરમ વીતરાગભાવે**... આ વર્તમાનદશા છે. ત્રિકાળીનો આશ્રય લે છે. અને ત્રિકાળીના આશ્રયથી ઉત્પન્ન થયેલો વીતરાગ.. આ વીતરાગ ધર્મ. પુણ્ય-પાપના વિકલ્પ વિના ત્રિકાળી દ્રવ્યને આશ્રયે થયેલો વીતરાગીભાવ, એ વીતરાગીભાવ એ સમાધિ અને એ સમતા. **પરમ વીતરાગભાવે**... ભાષા જુઓને! મુનિ છેને (એટલે) ઉત્કૃષ્ટ વાત કરે છે.

**ત્રિકાળ-નિરાવરણ નિત્ય-શુદ્ધ કારણપરમાત્માને...** એ વીતરાગભાવે કોનું ધ્યાન કરે છે? કે ત્રિકાળ-નિરાવરણ ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ દ્રવ્ય. વસ્તુ છે તે ત્રિકાળ-નિરાવરણ છે. 'દ્રવ્યદૃષ્ટિ તે સમ્યગ્દૃષ્ટિ' આવ્યું હતુંને રાતે? પ્રશ્ન હતોને ઓલા ... ભાઈનો. આ શું? દ્રવ્યદૃષ્ટિ (એટલે) આ બહારના દ્રવ્યો? સંપ્રદાયમાં હજી દ્રવ્યની કોઈને ખબર નથી. આત્મદ્રવ્ય છે ત્રિકાળી એને દ્રવ્ય કહે છે. એની ખબર નથી, આ દ્રવ્ય એટલે આ બધું બહારનું. આ દેરાસર ને આ બધું ખરુંને એટલે એમ કે આ દૃષ્ટિથી મુક્તિ એ સમ્યગ્દર્શન. બહારના દ્રવ્યની દૃષ્ટિ. સ્થાનકવાસી ખરાને એટલે એને આ બહારની દૃષ્ટિ... એ દ્રવ્ય હશે? એની વાતેય ક્યાં છે? અહીં તો ત્રિકાળ નિરાવરણ દ્રવ્યસ્વરૂપ ધ્રુવસ્વરૂપ. વસ્તુ છેને, આત્મા પદાર્થ છેને, અસ્તિ તત્ત્વ છેને, તો એનો સ્વભાવ–એનું સત્ત્વ અસ્તિ છે કે નહીં?

તો કહે છે કે ત્રિકાળ-નિરાવરણ સ્વભાવ ને સ્વભાવવાન... નિત્ય શુદ્ધ, ત્રિકાળ શુદ્ધ ધ્રુવસ્વરૂપ અસ્તિ–સત્તા–હોવાપણે નિત્ય શુદ્ધ છે, કાયમ શુદ્ધ છે વસ્તુ. **નિત્ય શુદ્ધ કારણ-પરમાત્માને**... એ કારણપરમાત્મા એટલે ત્રિકાળી તત્ત્વને **સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાનથી...** આ વાંધા ઉઠે ઘણાને. ધર્મધ્યાન તો શુભજોગ જ હોય, બસ. એટલે આ બધી ટીકા પસંદ કરે નહીં. જે હતી એ વાત ઉઘાડી–ચોખ્ખી કરી નાખી. ત્રિકાળી ભગવાન નિરાવરણ છે ધ્રુવ.. ધ્રુવ.. દ્રવ્યધ્રુવ. નિત્ય શુદ્ધ છે એવો જે કારણ-ભગવાન પોતે વસ્તુ એને સ્વાત્માશ્રિત–એ વસ્તુને

આશ્રિત નિશ્ચયધર્મધ્યાનથી... એ આત્માને ધ્યાવે છે એને વીતરાગભાવ હોય છે. આહાહા! વીતરાગનો ધર્મ વીતરાગભાવે હોય. વીતરાગનો ધર્મ રાગભાવે હોય નહીં. સમજાણું કાંઈ?

**નિશ્ચયધર્મધ્યાનથી**... જોયું! વ્યવહાર ધર્મધ્યાનનો અર્થ કે એ વખતે શુભરાગ વિકલ્પ હોય એ વ્યવહાર ધર્મધ્યાન કહે છે. આ તો સ્વ-આત્માશ્રિત... અરે! અકળકળાને કળામાં કળી લેવો.... જેની કળા જ અલૌકિક છે, જેને કળવો અલૌકિક છે. આ બધા ડહાપણ બહારના કર્યા, ધૂળમાં રખડવાના. અકળને કળવામાં લે. આહાહા! કોઈ દિ' ઇન્દ્રિયથી જાણવામાં ન આવે, એ રાગ–ભક્તિના શુભરાગથી પણ જાણવામાં ન આવે. અરે! એના દ્રવ્ય, ગુણ ને પર્યાય—ત્રણના ભેદ પાડતાં પણ જે જાણવામાં ન આવે. સમજાણું કાંઈ? ત્રિકાળી ભગવાન ધ્રુવ ચૈતન્ય એના ભેદ પાડે કે આ દ્રવ્ય છે ને ગુણ.. સ્વભાવવાન દ્રવ્ય છે ને સ્વભાવ ગુણ છે અને એની અવસ્થા એ પર્યાય થઈ—એ ત્રણ ભેદ પાડે તો તો વિકલ્પ ઉઠે છે.

શ્રોતા : નજીક તો આવેને?

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળેય નજીક ન આવે. આહાહા! માર્ગ એવો છે ભાઈ! રાગથી વીતરાગભાવને પામવા નજીક આવે?

શ્રોતા : એમ નહીં, જુદો થયેલો રાગ... અહીં નજીક? રાગ કંઈ જુદો થયો હોય એટલો નજીક?

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ જુદો એટલે શું? રાગ કે બીજી ચીજ?

શ્રોતા : જ્ઞેયલક્ષી જ્ઞાન એને અમે હેય માનતા હોઈએ એનું નામ જુદો.

પૂજ્ય ગુરુદેવશ્રી : હેય માને કે જુદો, પણ છે રાગ. રાગથી વીતરાગતા થાય (એમ) ત્રણ કાળ, ત્રણ લોકમાં નહીં. એ તો અતીન્દ્રિય વીતરાગભાવે વીતરાગતા થાય. એવી વાત છે, આકરી વાત છે. આકરી પડે પણ છે તો એ જ. સમજાય છે કાંઈ? આહાહા!

અહીં તો ધર્મધ્યાનની વ્યાખ્યા છે. શુક્લધ્યાન તો પછી. આ તો ધર્મધ્યાન. ધર્મી એવો જે આત્મા ત્રિકાળી નિત્ય ધ્રુવ એનું ધ્યાન, એની ધ્યાનની દશા વીતરાગભાવ–નિર્વિકલ્પભાવે જે આત્માને ધ્યાવે છે... આહાહા! વાત આવી છે. વ્યવહાર શાસ્ત્રમાં લખાણ આવે, સમ્યક્ પામવા પહેલા એને આવા ભાવ હોય, આવા હોય, રાગની મંદતા હોય, શુભભાવ હોય—એવું આવે છે. ઘણું આવે છે, બહુ આવે છે. અધઃકરણના પહેલા સમયમાં આવું હોય, ફલાણું હોય. એ તો જાણવા માટે છે. એના થવામાં પહેલા તીવ્ર રાગમાં–પાપ પરિણામમાં હોય? એ બતાવવા આ વાત છે. પણ એનાથી થાય એમ નહીં. સમજાણું કાંઈ? એ મારગડા દોહ્યલા છે.

એનો સ્વભાવ, આહાહા! પૂર્ણ વીતરાગભાવ ત્રિકાળ એના આશ્રયે પ્રગટેલી ધર્મધ્યાનદશા એ વીતરાગભાવ છે. એ વીતરાગભાવે આત્માને ધ્યાવે એને ધર્મધ્યાન કહેવામાં આવે છે. આહાહા! કહો, પોપટભાઈ! આવું છે આ. કેટલા પડિકમણા કર્યા હશે, નહીં? .....

આહાહા! વસ્તુ એવી છે ત્યાં બીજું ઊંધી રીતે કલ્પે એટલે શું થાય? એના માપવાના ગજ જ જુદા છે. બાળકના માપવાનો ગજ–હાથ જુદો અને ચાલતા વેપારમાં હાથનો ગજ જુદો હોય છે. સમજાણું કાંઈ? દાખલો આપ્યો હતોને એક ફેરી?

એનો બાપ ચાલીસ વાર આલપાટ લઈ આવ્યો, ચાલીસ હાથ. એનો છોકરો નવરો હશે તે માપ કરતાં-કરતાં એંસી હાથ થયા. બાપા! આ તમે કહો છો કે ચાલીસ હાથ છે, આ તો એંસી હાથ છે. ભાઈ! તારા હાથ, અમારા ધંધાની મર્યાદામાં તારા હાથ કામ ન આવે. અમારા ગજના માપ જે હાથ છે એ કામ આવે. તારા હાથ કામ ન આવે. તો પછી બાળક વર્ષનો આમ-આમ કરવા જાય તો એનાથી કેટલું થઈ જાય લાંબું? એમ ન ચાલે. અમારે તો જે રીત છે મોટા માણસોના હાથની, એ હાથે માપતાં ચાલીસ હાથ છે. કહો, સમજાણું કાંઈ? એમ વીતરાગસ્વરૂપ પરમાત્મા એને રાગ ને પરથી માપવા જાય એ માપ નહીં આવે. સમજાણું કાંઈ? આહાહા!

ત્રણ લોકનો નાથ ચિદાનંદ અંદર બિરાજે છે. જેની એક કેવળજ્ઞાનની કણી બહાર આવતા, આહાહા! કેવળજ્ઞાન પણ એક કણી છે. આહાહા! કેવળજ્ઞાનની એક કણ આવતા જેની પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવા અનંતા કણિયાને સંઘરીને બેઠો છે ભગવાન અંદર. એની એને ખબર નથી. સમજાણું કાંઈ? આહાહા! મતિ-શ્રુતજ્ઞાન કળાનો એક અંશ છે, પણ કેવળજ્ઞાનનો અંશ તો જે પૂર્ણ પર્યાય કહેવાય, પર્યાય પૂર્ણ હોં. એ પણ દ્રવ્ય ત્રિકાળીની અપેક્ષાએ એક કણ છે, એક સમયની અવસ્થા છે. આહાહા! અનંતમો ભાગ છે. કહો, સમજાણું કાંઈ?

આ છોકરાઓ પણ બોલતા શીખ્યા છે. એનો દાદો તો એમ પૂછતો હતો કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર પર છે? હવે આ ક્યાંથી આવ્યું? આત્મા જુદો છેને. આહાહા! વીરચંદભાઈ પૂછતા દસની સાલમાં. મ્યુનિસિપાલિટીમાં વ્યાખ્યાન પછી આવતા. પહેલા ક્યાં મંદિર હતું? આ દેવ-ગુરુ-શાસ્ત્ર શુદ્ધ છે એ પર કહેવાય? અને અગાસમાં મહિનાના મહિના ગાળે. મકાન છે ત્યાં એનું. છેને? અમુક મહિના ત્યાં જાય. મહિનાના મહિના ગાળે, પણ આટલી હજી ખબર નહીં કે શુદ્ધ તત્ત્વ દેવ-ગુરુ પણ પર છે. કોણ ગુરુ પણ? ક્યો ગુરુ? આહાહા! પર ગુરુ તો પરદ્રવ્ય છે. એનું લક્ષ જતાં તો રાગ જ થાય. ત્રણ લોકના નાથ કેવળી તીર્થંકર સમવસરણમાં બિરાજતા હોય અને એનું લક્ષ કરીને પગે લાગે, એ શુભરાગ જ આવે, પુણ્ય આવે, ધર્મ નહીં. આહાહા! અહીં શું કહ્યું?

**સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન**... એથી તો શબ્દ જુદો પાડ્યો. ભગવાન આત્મા અનંતા આનંદનો નાથ, આહાહા! એને આશ્રયે પ્રગટેલી દશા એ વીતરાગી ધર્મધ્યાન છે. પરદ્રવ્ય દેવ-ગુરુ-શાસ્ત્ર એને લક્ષે ઉત્પન્ન થતો રાગ એ પુણ્ય છે, ધર્મ નહીં. આહાહા! સમજાણું કાંઈ? અરે!

વીતરાગનું મૂળ તત્ત્વ જગતને સાંભળવા મળે નહીં, એ કે દિ' વિચારે? કે દિ' ગોઠવે અને કે દિ' રુચિ કરે ને પરિણમે? બહારની ક્રિયાકાંડમાં ગૂંચીને જિંદગી ચાલી જશે. આ કર્યું, તે કર્યું, દયા પાળી, વ્રત પાળ્યા, અપવાસ કર્યા ને ઓળીયું કરી. આહાહા! એમાં રાગની મંદતા હોય તો મિથ્યાદર્શન સહિત પુણ્ય બાંધે. પણ મિથ્યાદર્શન તો મોટું લાકડું સાથે પડ્યું છે. કારણ કે એ રાગનો કર્તા થાય, રાગથી લાભ માને (એવો) મિથ્યાભાવ તો સાથે પડ્યો છે. એમાં સ્વ-આશ્રિત ભાવ તો જરીએ નથી. આહાહા!

કહે છે, ત્રિકાળ-નિરાવરણ પરમાત્મસ્વરૂપ પોતાનું... એક સમયની પર્યાયની સાથે કર્મનો નિમિત્ત સંબંધ એ નહીં. ત્રિકાળી ધ્રુવસ્વરૂપ ભગવાન આત્મા નિત્યસ્વરૂપ પરમાત્મા પોતે હોં. એવો પરમસ્વરૂપ ત્રિકાળ-નિરાવરણ નિત્ય શુદ્ધ.... સદા શુદ્ધ. ધ્રુવ અંદર ભગવાન આત્મા નિત્ય શુદ્ધ છે. શુદ્ધતા પ્રગટ કરે તો શુદ્ધ છે એ તો પર્યાય થઈ. આ તો ત્રિકાળ સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપે શુદ્ધ છે, ભગવાન આત્મા ધ્રુવ છે. સર્વજ્ઞ તીર્થંકરદેવે વાણી દ્વારા આ કહ્યું. ભાઈ! તારો ત્રિકાળી ભગવાન તો નિત્ય શુદ્ધ છે. આહાહા! એને કારણપરમાત્મા કહીએ. ત્રિકાળ-નિરાવરણ નિત્ય શુદ્ધ એ કારણપરમાત્મા એટલે તારો જીવ–કારણજીવ વસ્તુ.. વસ્તુ ધ્રુવ, એક સમયની પર્યાય વિનાની ચીજ. આહાહા! શું છે આ? સમજાણું કાંઈ?

સ્વાત્માશ્રિત–પોતાને આશ્રિત એવા આત્માને નિશ્ચયધર્મધ્યાન, વીતરાગ પરિણામ જેમાંથી પ્રગટ થાય, એ અતીન્દ્રિય આનંદનો અવિનાભાવી વીતરાગ(ભાવ) પ્રગટ થાય. આ નિશ્ચય ધર્મધ્યાન એટલે નિત્ય નિરાવરણ શુદ્ધ ભગવાન સ્વાત્માને આશ્રયે જે આનંદ, જ્ઞાન અને વીતરાગતા પ્રગટ થાય, એ પરમ અતીન્દ્રિય આનંદની દશા લેતી વીતરાગતા થાય, એને અહીંયા નિશ્ચયધર્મધ્યાન કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? બહારના લાકડા એવા ગરી ગયા છેને, (તેથી) એને આ આત્મા શું કહેવાય, કોને કહેવો એ સમજતાં (કઠણ પડે). આવડો આત્મા? એવડો શું? એ શું કરવા માગે છે? કે મારે પરમાત્મા થાવું છે. એવા તો અનંતા પરમાત્મા પડ્યા છે તારા દ્રવ્યમાં. આહાહા! એને ક્યાં ખબર છે?

એવા ત્રિકાળી પરમાત્માની શક્તિનું તત્ત્વ એને આશ્રયે જે પરમ આનંદ, અતીન્દ્રિય આનંદના સ્વાદવાળી વીતરાગદશા પ્રગટ થાય એને ભગવાન ધર્મધ્યાન કહે છે. છેને? નિશ્ચયધર્મધ્યાન એની એ વ્યાખ્યા છે. આહાહા! હસમુખભાઈ! બધી આવી વાતું છે. આહાહા! બહારની મીઠાશ, દિવાળીના દિવસો હોય, ૫૦-૬૦ લાખ રૂપિયા હોય, એમાં ૧૦ લાખ પેદા થયા હોય અને બે લાખ ખર્ચમાં ગયા હોય, આઠ લાખ વધારામાં અને ૧૦ લાખના નામા કરવા બેસે, એમાં છ છોકરા ને એનો બાપ કરનાર. આહાહા! ઘણા વર્ષ કરતાં આ વર્ષ કાંઈક વધારે .... એ મોહનભાઈ! મોહનભાઈએ બધું જાણ્યું છે ને કર્યું છેને. બહારના ખેલ છે એ તો. એ સંયોગો આવે ને જાય, એમાં કાંઈ નથી. મફતનો મૂઢ વચમાં મેં આમ કર્યું ને મેં આ કર્યું, મેં આ કર્યું, મિથ્યાત્વ સેવ્યું છે. આહાહા!

અહીં તો ત્રણ લોકના નાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાનમાં દેખેલો ધર્મધ્યાનનો ભાવ કેવો હોય એનું વર્ણન કરે છે. આહાહા! તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમાત્મા વર્તમાનમાં મહાવિદેહમાં બિરાજે છે. અનંતા તીર્થંકરો થયા ને અનંતા થશે, એ ધર્મધ્યાનનું સ્વરૂપ આવું વર્ણવે છે. સમજાણું કાંઈ? આગળ કહેશે. (ગાથા) ૧૨૪માં કહેશે. અરે! આવો આત્મા આનંદની મૂર્તિ પ્રભુ એનો જેણે આશ્રય લીધો નથી અને જેને પરમ આનંદ, અતીન્દ્રિય આનંદ સહિત સમતા પ્રગટી નથી, એ બધા વનવાસ ને કાયક્લેશ ને અપવાસ કરીને મરી જાય બિચારા. આ અપવાસ કર્યા છે ને ઓળિયું કરી છે, એના પાછા વરઘોડા કાઢે. આણે ૨૦ કર્યા હતા, આણે મહિનો. ગૃહસ્થની દીકરી ને વહુ એણે આમ કર્યા છે. નામના થાય.

શ્રોતા : એનાથી ધર્મ થાય?

પૂજ્ય ગુરુદેવશ્રી : એણે એટલે તો કર્યો હતો. કોણ જાણે શું ભાવે કર્યો હતો? પછી બધું ફરી ગયું. આહાહા! એ તો એક રાગની મંદતા છે, પણ મિથ્યાત્વ તો સાથે છે. કારણ કે મેં આ છોડ્યો, મેં આ છોડ્યો.. છોડ્યાની માન્યતા જ મિથ્યાત્વ છે. બહારના રજકણો કે દિ' અંદર ગરી ગયા હતા કે છોડે? ભગવાન આત્મા તો રજકણ વિનાની ચીજ છે. આહારાદિના પરમાણુ તો એનામાં છે નહીં. છે નહીં અને એ કહે કે મેં આ છોડ્યા. કસાઈખાના કરતાં મિથ્યાત્વના મહા પાપને સેવે છે. અને એ માને કે અમે વર્ષીતપ કર્યો. એય દલીચંદભાઈ! ભાઈએ કર્યો હતો. પાછા હુશિયાર માણસ કહેવાય, ગૃહસ્થ માણસ કહેવાય. એના કુટુંબ કરતાં ... ઝાઝા. આટકોટ. આટકોટ ને શું કીધું? આટકોટ. શેઠિયા બધા એ .... નારણભાઈ ને એના મોટાભાઈ હતા શું ઓલા? .......... આહાહા! એ હવે વર્ષીતપમાં પડી ગયા.

અહીં તો કહે છે કે આત્મા આનંદની મૂર્તિ પ્રભુ એનો જેને આનંદના સ્વાદ સહિત વીતરાગીદશા નથી એ બધા આવા ક્લેશ કરીને મરી જાય તોય એક ભવ ખૂટે એવું નથી.

શ્રોતા : ભવ વધે તો નહીંને?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ ભવ અનંતા વધે. આહાર મેં છોડ્યો અને છોડવાના ભાવમાં રાગની મંદતા હોય, એનાથી મને લાભ થાય—એ માન્યતા મહામિથ્યાત્વનું કારણ, અનંત સંસારનું કારણ છે.

શ્રોતા : બહુ નુકશાન આપે બતાવ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી : બતાવ્યું ક્યાં? જે છે એમ છે. આહાહા! અરેરે! સંપ્રદાયને બિચારાને મળ્યું નથી. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે ઓહોહો! શું ટીકા કરનાર પણ આનંદની લહેરમાં ઉછળતા ટીકા થઈ ગઈ છે! ઉલ્લાસ વધી ગયો. શ્રીમદ્ કહે છેને. ધર્મચંદભાઈ! શ્રીમદ્‌માં આવે છે કે ... ઉલ્લાસિત વીર્ય... ઉલ્લાસિત વીર્યથી જો આ સમજે તો એના કલ્યાણ થઈ જાય. જેના વીર્ય મંદ પડી ગયા, ઊંધે

રસ્તે ચડી ગયા... સમજાણું કાંઈ? વ્રત કરો, અપવાસ કરો, તમને ધર્મ થાય. એમાં આ ભોળિયા બિચારા વાણિયા ભાન વિનાના હોં. ભાન વિના, આહાહા! કાંઈ વિચાર ન મળે ને ચાલી નીકળ્યા હોય. આહાહા! એય! .... તમારા ઘરમાં કોઈએ કર્યું નથી વર્ષીતપ? પહેલા કર્યા હતા કે નહિ કોઈ દિ'? આહાહા!

અરે ભગવાન! વર્ષીતપ શું, ત્રણ કાળના રાગનો ત્યાગ છે એવો જે ભગવાન આનંદનો નાથ એને શરણે ગયો અને જે દશા પ્રગટ થાય એને પરમાત્મા ધ્યાન ને ધર્મ કહે છે, બાકી હરામ ધર્મ હોય તો. આહાહા! લાખ વાર દેવ-ગુરુની ભક્તિ કરીને મરી જા, બાર મહિનાના અપવાસ કરી કરીને અનંતકાળ તેં (ગુમાવ્યો). સમજાય છે કાંઈ? અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય ને વ્રત પાળીએ અમે—એ બધા ભાવ રાગના ભાવ છે. આહાહા! એને અનુમોદન દેવું કે આ ધર્મ છે, એ મિથ્યાત્વ અનંત સંસારને વધારશે. સમજાણું કાંઈ?

શ્રોતા : એનું અનુમોદન પણ નહીં?

પૂજ્ય ગુરુદેવશ્રી : અનુમોદન શું, કરે, કરાવે ને અનુમોદે—ત્રણેયના ફળ મિથ્યાત્વ. તમારા પાનાચંદ બાપા બેઠા હતા. તમે વહોરવા વખતે ત્યાં બેઠા હતા નહીં? જોડે બેઠા હતા. ભાઈ! અરે ભગવાન! બાપુ! મારગડા જુદા હોં. એ વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરના પંથડા જુદી જાતના છે. એ જગતની સાથે કાંઈ મેળ ખાય એવું નથી. એ ભીખાભાઈ! ભારે આકરી વાત છે. જુદી વાત છે. આહાહા! તારો નાથ અંદર અનંત આનંદથી બિરાજમાન, એનો આશ્રય લીધા વિના બહારના આશ્રયે ફાંફા મારે છે માળા. આહાહા! શું કહ્યું?

**પરમ વીતરાગભાવે**... ચોથી લીટી. ભાવે શું? કોનું ધ્યાન કરે? કે ત્રિકાળ-નિરાવરણ નિત્ય શુદ્ધ કારણપરમાત્મા પોતાનું દ્રવ્ય–વસ્તુ, ત્રિકાળી દ્રવ્ય-વસ્તુ, ત્રિકાળી ધ્રુવવસ્તુ. એ સ્વાત્માશ્રિત... એવો જે આત્મા એ સ્વ, એમ. એવા આત્માને આશ્રિત નિશ્ચયધર્મધ્યાન... એને આશ્રયે જે નિશ્ચય અતીન્દ્રિય આનંદના સ્વાદ સાથે વીતરાગ પર્યાય, સમતા પર્યાય પ્રગટે એને સામાયિક કહે છે. સમતા કહો, સામાયિક કહો, સમાધિ કહો. આહાહા! આમ તો લોગસ્સમાં નથી આવતું 'સમાહિવરમુત્તં દિંતું'? ભગવાન જાણે એનો અર્થ શું હશે? લોગસ્સમાં આવે છે 'સમાહિવરમુત્તં દિંતું.' કઈ સમાધિ? સાંભળ્યું છે કોઈ દિ' એણે? બસ બોલી જાય. આવા ડાહ્યા માણસ કહે, બોલી જાવું. ત્યાં શું હતું..? વાત સાચી. એમ જ છે. ધર્મચંદભાઈ!

લોગસ્સમાં આવે છેને 'સમાહિવરમુત્તં દિંતું'? હે પરમાત્મા! વર નામ અમને સમાધિનું વર આપો. વરદાન આપો વરદાન સમાધિનું. એ સમાધિ કોને કહીએ એની એને ખબર ન મળે. આધિ, વ્યાધિ ને ઉપાધિ રહિત ભાવ તેને સમાધિ કહીએ. આધિ નામ પુણ્ય ને પાપના વિકલ્પો એ આધિ, શરીરમાં રોગ એ વ્યાધિ, બહારના દવાખાના એ બધી ઉપાધિ. અરજણભાઈ! આ તો સ્પષ્ટ છે. આધિ એટલે મનના વિકલ્પો, શુભ-અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ આદિ—એ બધી આધિ. આધિએ ચડી આંધી એનાથી રહિત. આ શરીરની વ્યાધિ એનાથી રહિત અને બહારની ઉપાધિ.. ઉપ.. ઉપ (એટલે) સમીપે. એના વિનાનો ભાવ તેને

સમાધિ કહેવામાં આવે છે. એ હસમુખભાઈ! આવી વાતું છે. આહાહા! પણ બીજું હોય ક્યાં? આહાહા!

ત્રણ લોકના નાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાણા, એવી-એવી અનંતી પર્યાયનો પિંડ પ્રભુ આત્મા, આહાહા! એના આશ્રય લીધા વિના ધર્મ થાય ને એનું કલ્યાણ થાય—એ રણમાં પોક છે બધી. સમજાણું કાંઈ? રણમાં પોક એની જાય ફોક. કોઈ સાંભળે નહીં. રણમાં કોણ હોય તે સાંભળે? આહાહા! અરે! આવું તત્ત્વ સાંભળવા પણ મહા પુણ્યનો યોગ જોઈએ. પરમ સત્ય, પરમાત્માનું પરમ સત્ય. આહાહા! સમજણ કરવી ને શ્રદ્ધા કરવી એ તો અલૌકિક પુરુષાર્થ છે, એની તો વાત શું કરવી? અરે! પરમ... આહાહા! સરાણે હીરા ચડે એ હીરાની (રજ) પડે. એ હીરા લઈ જાય એની તો વાત શું કરવી? પણ હેઠે ઓલા સરાણે ચડતા રજ લઈ જાય એની પણ હજારોની કિંમતું હોય છે.

એમ સર્વજ્ઞે કહેલું નિશ્ચય સ્વાત્માશ્રિત ધર્મધ્યાન એ પ્રગટે એની તો વાત શું કરવી? કહે છે. પણ એને સાંભળવા મળે કે આવી વાત છે, સમજાય છે કાંઈ? તો પણ એવી જાતનું શુભરાગને પુણ્ય બાંધે કે ભવિષ્યમાં પણ એને એવી સામગ્રી સાંભળવા મળે, એટલું. આહાહા! ભવિષ્યમાં એનાથી ધર્મ થાય એમ નહીં. એય! આવો માર્ગ શાંતરસનો ભરેલો, પ્રભુ! એમાં ક્યાં આકુળતા ને ઝઘડા છે ક્યાં? આહા! એ નિશ્ચયધર્મધ્યાની વાત કરી, હવે એનાથી ઊંચું શુક્લધ્યાનની વાત કરશે.

**અને ટંકોત્કીર્ણ જ્ઞાયક એક સ્વરૂપમાં લીન...** ઓલું જે ત્રિકાળ-નિરાવરણ કારણપરમાત્મા જે કહ્યું હતું, એને ટંકોત્કીર્ણ કીધું અહીં. અને જ્ઞાયક એક સ્વરૂપ... ભેદરહિત બતાવવું છેને. **જ્ઞાયક એક સ્વરૂપમાં લીન પરમ શુક્લધ્યાન**... પરમ ઉજળું, વીતરાગી પરિણતિ ઉજળી દશા... જેની અતીન્દ્રિય આનંદની લહેર ઉછળતાં વીતરાગભાવના અવિનાભાવી ભાવે જે કોઈ **શુક્લધ્યાનથી જે પરમવીતરાગ તપશ્ચરણમાં લીન...** દેખો ભાષા! ચંદુભાઈ! એ વીતરાગભાવને તપસ્યા કીધી જુઓ! આ તમારા વર્ષીતપના લાંઘણુંને નહીં. ના, મિથ્યાત્વ ભાવના સેવન સહિત લીધું છે. પણ એ વળી ગયા હોં પાછા. આહા! પહેલે દિ' ... ગયા હતા રાજકોટ. તે દિ' એણે પારણું કર્યું. એને ઘરે જ પારણું કર્યું હતુ. આઠેક હજાર ખરચ્યા હતા તે દિ'. સાત-આઠ વર્ષ પહેલા. પાંચ થયા? પાંચ વર્ષ થયા. વર્ષીતપ કર્યો હતો. આહાહા!

કહે છે કે એ તપ કોને કહે છે એની વ્યાખ્યા કરી અહીં. જે ટંકોત્કીર્ણ જ્ઞાયક એકસ્વરૂપ ભગવાન ત્રિકાળી પ્રભુ એમાં લીન, એવી વીતરાગી શક્તિનું તત્ત્વ દ્રવ્ય ભગવાન પોતે એમાં લીન **પરમ શુક્લધ્યાનથી**... પરમ ઉજળી અંતર એકાગ્રતાથી... પરમ વીતરાગ.. પરમ વીતરાગ–રાગ વિનાની ઉત્કૃષ્ટદશા એવી તપશ્ચરણમાં લીન. એ રૂપે તપશ્ચરણમાં લીન એ તપસ્યા. આહાહા! એ પ્રેમચંદભાઈ! ઉઘાડી વાત તો આમાં લખી છે. આહાહા! સંતોએ જ્યારે આ શાસ્ત્ર બનાવ્યા ત્યારે ખબર નહોતી કે આ પંચમ આરાને માટે કહું છું? પાંચમો આરો હોય

કે ચોથો, વસ્તુસ્થિતિ જે હોય એ હોય. એને કાંઈ કાળ લાગુ પડતો નથી. આહા! થાશે... પણ એ તો એને ભ્રમણા ઘુસી છે.

મારી વાત સાંભળજે ને પ્રમાણ કરજે. સમયસારમાં (આવે છે). અનુભવથી પ્રમાણ કરજે, એમ. (ફક્ત) હા (પાડવી) એમ નહીં. એમ લખ્યું છે. **एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण**... મારા વૈભવથી હું આ વાત કરું છું. **जदि दाएज्ज**... જો દેખાડું તો અનુભવથી પ્રમાણ કરજે. આહાહા! અરે! એ વીતરાગના ઘરની કથાઓ પણ ક્યાં છે? આ તો વિકથા કરે અને માને કે ધર્મકથા કરીએ છીએ. ...થી લાભ થાશે, કલ્યાણ થાશે, અપવાસ કરો, આ કરો, સામાયિક કરો, પોષા કરો. અજ્ઞાનની ક્રિયા છે બધી. એમાં લાભ થશે એવી કથા જ સમકિતના નાશ કરનારી છે. જેને ભગવાન દંસણભેદણી કહે છે. એય! આને–સામે બેઠાને ખબર ન હોય. મહારાજ! વાહ! વર્ષીતપ કેટલા કર્યા, દસ વાર વર્ષીતપમાં ઉજવણું કર્યું. આ તો એક-એકના આઠ-આઠ .... વર્ષીતપ હોયને પછી પારણા મૂકે. વાણિયા .... કરો સાધન સસંઘ. મિથ્યાત્વ સહિત મંદ કષાય. માન માટે હોય તો... નહીં. આહાહા! બાબુભાઈ!

તપનો મહિમા છે. .... અજ્ઞાનીનો માનેલો નહિ. છેને લખ્યુંને જુઓ! વાંચો. પરમ વીતરાગ તપશ્ચરણ તે તપ. આ અપવાસ-બપવાસ એ તપ છે જ નહિ. એ તો અપવાસ છે, આત્માથી જુદો વાસ છે. આ તો ઉપવાસ છે. આત્મા આનંદકંદ પ્રભુ એમાં ઠરવું એનું નામ ઉપવાસ છે. વ્યાખ્યા જ આખી જુદી છે. એણે બિચારાએ સાંભળ્યું ન હોય વાણિયાએ. સમજાણું કાંઈ? એય! આ તપનો મહિમા. આ અપવાસ કરેને એ તપનો મહિમા. એ મિથ્યાત્વનો મહિમા છે. આ તપસ્યા જેને વીતરાગ કહે છે. વસ્તુ આનંદનો નાથ પ્રભુ ત્રિકાળ-નિરાવરણ નિત્ય શુદ્ધ એને આશ્રયે થતી વીતરાગી પરમ આનંદની દશા એને ભગવાન તપ કહે છે. એ તપની મહિમા છે. સમજાણું કાંઈ?

શ્રોતા : નિશ્ચય સહિતના વ્યવહાર છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એટલે? તપ એ તો વિકલ્પ છે. આ તો એકલા નિશ્ચયની વાત છે.

શ્રોતા : આ બે હજાર વર્ષ પહેલા લખ્યું છે. ...થોડો ફેર ન પડે?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બે હજાર વર્ષનું..... શીરો કરવાનો હોય તો પહેલા ઘી, લોટ ને ગોળ—ત્રણ જોઈએ કે નહીં? કાંઈક ફેરફાર કરોને? લોટને ઠેકાણે ધૂળ. તમારે .. દવા કરવી એમાં કાંઈ ફેર કરોને, ઘણા વર્ષ થઈ ગયા. જરીએ અડવા દેતા નહોતા. .... પાણીના ત્રણ હતાને. શું કહેવાય? પાણીના ભરેલા હતાને. બાટલા.. બાટલા. પાણીમાં અંદર ... ક્યાં થાતો હતો? ... ઝેર ચડી જાય. ... ધ્યાન રાખે. અડવા ન દે બીજા કોઈને. .......

અહીં વીતરાગદેવ કહે છે કે અમારા ચૈતન્યના પાણીના નૂર ભર્યા અંદરમાં, એને રાગ વિનાનો આત્મા અડી શકે, બાકી રાગવાળો અડી શકે નહીં. સમજાણું કાંઈ? આહાહા! ભારે કઠણ. ખોટના ધંધા માંડે અને માને કે અમને લાભ થાય. ત્યાં બહુ ધ્યાન રાખે. અહીં ધર્મને

નામે ગાંડા થાય. પ્રેમચંદભાઈ! શું કીધું આ? જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળી આનંદમૂર્તિ પ્રભુ એવા એકસ્વરૂપમાં જે લીન (થાય) એને અહીં તપસ્યા કહે છે. વીતરાગ તીર્થંકરદેવ તો એને તપસ્યા કહે છે. એ તપની મહિમા છે અને એ તપથી મુક્તિ છે. હજી તો સાંભળ્યુંય ન હોય ને ભાનેય ન મળે. સમજાણું કાંઈ? અહીં તો વાત આકરી છે ભાઈ! દુનિયા શું કરે છે એ ખબર છે કે નહીં. આહાહા!

**પરમ વીતરાગ તપશ્ચરણમાં લીન**... ભાષા જુઓને! કેવી વાપરી છે. અંતરમાં આનંદમૂર્તિ પ્રભુ... આનંદ એટલે શું? મૂર્તિ શું? એકેય વાત કાંઈ બેસે નહીં. આ તો એકડાની વાતું ન બેસે. આહાહા! પરમ અતીન્દ્રિય આનંદની મૂર્તિ અંદર વસ્તુસ્વરૂપ આખું પડ્યું છે ધ્રુવ.. ધ્રુવ. જેમાં અનંતા સિદ્ધો સમાઈને પડ્યા છે. શું હશે આ તે? એની એક સમયની પર્યાયમાં અનંતા સિદ્ધો જણાઈ ગયા છે અને એવી અનંતી અનંતી સિદ્ધની શક્તિઓ અંદરમાં પડી છે. કારણ કે સિદ્ધ તો પર્યાય છે, કાંઈ દ્રવ્ય-ગુણ નથી. આહાહા! કેવળજ્ઞાન પણ પર્યાય છે, ગુણ-દ્રવ્ય નહીં. એ કેવળજ્ઞાનની અનંતી-અનંતી પર્યાયો ત્રિકાળ અનંત.. અનંત.. અનંત.. બધી દ્રવ્યમાં પડી છે. કોને ખબર શું વાત છે?

કહે છે કે આ બેય હોં. ઓલું નિશ્ચય ધર્મધ્યાન ને આ (શુક્લધ્યાન) બેય પરમ તપસ્યા છે. અંતરમાં આનંદસ્વરૂપ ભગવાન આત્મા ધ્રુવ નિત્યાનંદનો આશ્રય લઈ અને અતીન્દ્રિય આનંદના ઉભરા સહિત વીતરાગતા (થાય) એને ભગવાને તપસ્યા કીધી છે. કહો, છે કે નહીં? આહાહા! અરે! આવો વખત માણસપણા ચાલ્યા જશે બાપા! એય! વીતરાગ કેવળીનું મૂળ કથન શું છે એને સમજવાના પણ પ્રસંગ નહીં. આહાહા! કરવાની તો ક્યાં વાતો રહી ગઈ? ઓહોહો! એવો કારણપ્રભુ પોતાનો ત્રિકાળ સ્વભાવ એને આશ્રયે પ્રગટતી વીતરાગીદશા, સામાન્ય વીતરાગ પરિણતિ તેને નિશ્ચય ધર્મધ્યાન કહીએ, ઉત્કૃષ્ટ–વિશેષ વીતરાગ પરિણતિ તેને શુક્લધ્યાન કહીએ. પણ એ વીતરાગ પરિણતિ આનંદ સહિતની (હોય) એને તપસ્યા કહીએ. સમજાણું કાંઈ?

અરે! આવા (ધ્યાન) વિના અપવાસ કરતા નથી આવડ્યા અનંત કાળમાં? અનંતવાર, મહિના-મહિનાના અપવાસ અનંતવાર કર્યા છે. નવમી ગ્રૈવેયકે ગયો. ‘મુનિવ્રતધાર અનંતબૈર ગ્રીવક ઉપજાયો, પૈ નિજ આતમજ્ઞાન બિના લેશ સુખ ન પાયો.’ મુનિવ્રત આ બધા બહારના (નહીં). આ તો નગ્ન મુનિ–દિગંબર મુનિ. વીતરાગમાર્ગમાં વસ્ત્ર સહિત તો મુનિ હોઈ શકે જ નહીં. પણ દિગંબર મુનિ જે નગ્નપણું અને ૨૮ મૂળગુણ પાળે, શરીરના કટકા કરે તોય ક્રોધ ન કરે એવી તો ક્ષમા (હોય), પણ મિથ્યાત્વ છે. આહાહા! રાગની ક્રિયા એ મારો ધર્મ, ઓલા પંચ મહાવ્રતના પરિણામ એ મારો ધર્મ. મહાવ્રતના પરિણામ તો આસ્રવ છે, રાગ છે. આહાહા! એને આ ચારિત્ર માને. મહા મિથ્યાદૃષ્ટિ છે, આત્માના સુખથી વંચિત છે. સમજાણું કાંઈ? એની વિશેષ વ્યાખ્યા કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ-૬, રવિવાર, તા. ૧૨-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૨૨-૧૨૩, શ્લોક-૨૦૦, પ્રવચન નં. ૧૪૬**

..... દોઢ લીટી બાકી છે. ખરેખર તો એમ કહે છે કે આ આત્મા અંદર આનંદ ને જ્ઞાનના સ્વભાવથી ભરેલું તત્ત્વ છે. એ આત્મા... આ દેહ તો માટી જડ છે. એનાથી તો એ ભિન્ન-જુદી ચીજ છે. તેમ કર્મ જે કહેવાય આ ધૂળ..... આ પુણ્ય-પાપના કારણ, એ કર્મ પણ જુદી ચીજ છે. એમ પુણ્ય ને પાપના વિકલ્પો-રાગ-લાગણી.. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ રાગભાવ છે અને હિંસા, ચોરી, જૂઠું, વિષય, ભોગવાસના એ પાપરાગ છે. બેય રાગથી તત્ત્વ ભિન્ન છે. (ક્યારે?) અત્યારે. ક્યારે શું, અત્યારે. આહાહા! એવો આત્મા અંતરમાં પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનના સ્વભાવથી ભરેલો પદાર્થ એને, રાગ ને પરથી વિમુખ થઈ અને ત્રિકાળી સ્વભાવની સન્મુખ થઈ એકાગ્રતાની વીતરાગીપર્યાય પ્રગટ થાય, એ વીતરાગી પર્યાયને અહીંયા તપ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? આ અપવાસ કરવા, ફલાણું કરવું—એ તો બધી બાહ્યની રાગની મંદતા હોય તો પુણ્ય થાય, ધર્મ નહીં.

શ્રોતા : અશુભથી તો બચીએને?

પૂજ્ય ગુરુદેવશ્રી : અશુભથી જરીએ બચતો નથી. પોતે અશુભ છે. ઝીણી વાતું બહુ ભાઈ!

ભગવાન આત્મા નિર્વિકલ્પ આનંદનો કંદ પ્રભુ છે. ખબર નથી એને, અનાદિની ખબર નથી. ચૈતન્ય ભગવાન આત્મા સચ્ચિદાનંદ—સત્-શાશ્વત, જ્ઞાન ને આનંદના પૂરથી ભરેલું એનું નૂર-તેજ છે. એવા ભગવાન આત્મામાં, શુભ ને અશુભ વિકલ્પ નામ રાગથી ખસીને પૂર્ણાનંદ પ્રભુ આત્મામાં લીનતારૂપ નિર્વિકલ્પ પરિણતિ, પર્યાય-અવસ્થારૂપ વીતરાગદશારૂપ ભાવ એને અહીંયા તપ ને ધર્મ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? છેને. ત્યાં સુધી આવ્યુંને જુઓ!

**જે પરમ વીતરાગ તપશ્ચરણમાં લીન,** આહાહા! **નિરુપરાગ (નિર્વિકાર) સંયમી...** નિઃ-ઉપરાગ-રાગ વિનાની દશામાં જે ધર્મી અંતરમાં એકાકાર છે, આનંદમૂર્તિ પ્રભુમાં જે એકાકાર છે, તે દ્રવ્યકર્મ-જડકર્મનો પણ નાશ કરે છે. નાશ થઈ જાય છે એને 'કરે છે' એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? ભાવકર્મ—પુણ્ય ને પાપના વિકલ્પો-લાગણી, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસનાના ભાવ, એ વિકારીભાવને અહીંયા ભાવકર્મ કહે છે. એ ભાવકર્મ મેલ છે, દુઃખરૂપ છે, આકુળતા છે. ભગવાન આત્મામાં અંતર વીતરાગસ્વરૂપે લીન થતાં એનો નાશ કરે છે. ભારે કામ ભાઈ આકરું. આહા! પોપટભાઈ! છેને જુઓને!

**તે દ્રવ્યકર્મ-ભાવકર્મની સેનાને...** જડકર્મના રજકણો પણ ઘણા છે. એ તો એક સાથે (નિમિત્ત) લીધા છે. એને કાંઈ નાશ કરી શકે નહીં. એ તો એના કાળે એના કારણે નાશ થાય. જડવસ્તુને આત્મા નાશ શું કરે? શું જડનો સ્વામી છે? પણ જડનું નાશપણું તે કાળે થાય છે. અંતર્મુખ સ્વભાવની શાંતિ, સમાધિ.. આ સમાધિ એટલે સમતા, સમતા એટલે સામાયિક. ભીખાભાઈ! આ સામાયિક. દુનિયાએ ઢસરડા કર્યા છેને. સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવના સમવસરણમાં ઇન્દ્રો હાજરીમાં ને ગણધરોની વચ્ચે ભગવાનનું આમ ફરમાન છે કે ત્રણ લોકનો નાથ તું ચૈતન્યમૂર્તિ પ્રભુ વીતરાગસ્વભાવથી ભરેલો તારો ભાવ છે. એની અંદરમાં એકાગ્ર થઈને પ્રગટરૂપે વીતરાગપર્યાયનું પ્રગટવું થાય એને અહીંયા તપ કહે છે, ધર્મ કહે છે, સામાયિક કહે છે, એને સમાધિ કહે છે. કહો, ચીમનભાઈ! ત્યાં કેટલું હશે? નહીં? આહાહા!

અહીં તો મોક્ષનો માર્ગ શું એ બતાવવું છેને? નિયમસાર છેને. નિયમસાર. ભગવાન! તારી મહિમા શું કરવી? કહે છે. એવી એ ચીજ છે અંદર, પણ ખબર નથી. એ આત્મા એટલે અનંત શાંતિ, અનંત જ્ઞાન, અનંત આનંદ, અતીન્દ્રિય આનંદ હોં—એનાથી તો છલોછલ ભરેલો એ પદાર્થ છે. કોઈ દિ' નજરું નાખી નથી. કોઈ દિ' એ વાતને સાંભળી નથી અને બહારના કડીકૂટામાં જિંદગી જાય છે. એ ચોરાશીના અવતારમાં રખડવા માટે બધી જિંદગી ગઈ. પોપટભાઈ! આહાહા! અહીં આવ્યા એટલે? અહીં આવે ત્યારે.... અહીં આવ્યા એટલે શું? કહો, પંડિતજી! આહાહા! ચૈતન્ય ચમત્કારિક વસ્તુ પોતે ભગવાન આત્મા છે. જેમાંથી કેવળજ્ઞાન, એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જાણે એવી પર્યાય–અવસ્થા એમાંથી નીકળે, એવી તો અનંતી અવસ્થાનો પિંડ એ ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ?

એ પ્રભુ આત્મા સચ્ચિદાનંદ પ્રભુ છે. આહાહા! એ પ્રભુતાની.. પ્રભુતાની મહિમા કરીને અંદરમાં એકાગ્ર થાય. આ ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ બધી બાહ્ય ક્રિયાકાંડના પરિણામ છે, એ કોઈ ધર્મ-બર્મ છે નહીં. અરે! ત્રણ લોકના નાથ તીર્થંકરની ભક્તિનો ભાવ પણ ક્રિયાકાંડ–રાગ છે, એ ધર્મ નહીં. એ અશુભથી બચવા માટે હો, એ ધર્મ નહીં. આહાહા! પરમેશ્વર ત્રિલોકનાથ સાક્ષાત્ તીર્થંકરદેવ એક સમય–સેકંડના અસંખ્યમા ભાગમાં જેને ત્રણ કાળ, ત્રણ લોક પોતાની પર્યાયને જાણતા જણાઈ ગયા. એવી સામર્થ્યવાળી પર્યાયના ધરનાર, પર્યાય એટલે અવસ્થા, કહે છે કે એની ભક્તિ પણ શુભરાગ છે. એમ પોતે ભગવાન એમ કહે છે.

તારા સ્વરૂપની ભક્તિ... આહાહા! પૂર્ણાનંદ પ્રભુ અતીન્દ્રિય આનંદનો સાગર છે, એ ચૈતન્યનો નૂર છે આત્મા, એનું પૂર છે એ. ક્યાં ... મૂકવો? નજર ન મળે ત્યાં. જ્યાં છે ત્યાં નજરું ન મળે. નજરું બહાર ભટક્યા કરે આ ને તે, આ ને તે. કહે છે કે પોતાનું નિધાન જેણે નજરમાં લીધું, અંતરની નજરું–નેત્રે અંતરમાં નિધાન જોયું, એ નિધાનમાં જે એકાગ્રતા–રાગ

વિનાની નિર્દોષ વીતરાગી પરિણતિરૂપ એકાગ્રતા (થાય). પરિણતિ એટલે અવસ્થા. તેની દશામાં (થાય) એ ધર્મીને ધર્મ (છે એમ) કહીએ, એને તપ કહીએ, એને સામાયિક કહીએ, એને સમાધિ કહીએ. આ બાવા-બાવા ચડાવે સમાધિ એ આ નહીં હોં.

ભગવાન અસંખ્ય પ્રદેશી અનંત આનંદનો નાથ એમાં એકાગ્રતા થતાં અતીન્દ્રિય આનંદ, સિદ્ધ ભગવાનને છે એવો આનંદ, એ આનંદનો અંકુરો ફૂટે એને અહીં સામાયિક ને એને અહીં ધર્મ ને એને અહીં તપ કહેવામાં આવે છે. આરે, ભારે વાત ભાઈ! અહીં તો સામાયિક કેટલાય કરનારા નીકળે. ભીખાભાઈ! કેટલી કરી હશે તમે, નહીં? ૨૪. ઘણી કરી છે. એ તો અમે પણ એમ કરતાં ત્યાં પાલેજમાં દુકાન પર. ઘણી સામાયિક કરતા, અપવાસ કરતા પર્યુષણમાં. નાની ઉંમરની વાત છે ૧૮-૧૯ વર્ષની. પર્યુષણ આવે તો નવરા હોઈએને દુકાને, નિવૃત્તિ લઈ પડિકમણા કરીએ, અપવાસ કરીએ. ધર્મ કર્યો એમ અમે માનીએ. ૧૮ વર્ષની ઉંમર.

શ્રોતા : શુભભાવ તો થયો ને?

પૂજ્ય ગુરુદેવશ્રી : શુભભાવ એટલે? મિથ્યાત્વ સહિત શુભભાવ. મિથ્યાત્વ એટલે? રાગ છે એ મને ધર્મ કરે છે, ધર્મ થાય છે—એવી દૃષ્ટિ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ સહિત રાગની મંદતા. અને મિથ્યાત્વ એ મહા–મોટું પાપ છે. સમજાય છે કાંઈ? આહાહા! ... ખબર નથી. આહાહા! પોતાની જાત એ શું ચીજ છે? એ તો વીતરાગની મૂર્તિ પ્રભુ છે આત્મા. વીતરાગસ્વરૂપ જ આત્મા છે. 'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ, કર્મ કટે જિનવચનસે, યહી જિનવચનકા મર્મ.' પણ એ વીતરાગ જિનવચન એ વીતરાગભાવ બતાવે છે. વીતરાગસ્વરૂપ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ પોતે અનાદિ-અનંત ત્રિકાળ આનંદકંદ છે. આહાહા! એમ જેને અંતર્મુખ થઈને બેઠું, એ અંતર્મુખની જે રાગ વિનાની વીતરાગી નિર્દોષ ક્રિયા, એને અહીંયા તપ ને શાંતિ ને સમાધિ કહે છે. એ ધર્મ. બાકી બધી વાતું છે.

શ્રોતા : ધર્મ બહુ આકરો તમે મૂક્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી : જેમ છે એમ છે. આકરો કીધો કોણે? લીંબોળીમાં નીલમ... નીલરત્ન શું કહેવાય એ? નીલમણિ. લીંબોળીએ નીલમણિ લેવા માગે... આ શેઠ આવ્યા હતાને જ્યારે હુકમચંદજી પાંચની સાલમાં. ૭૦ લાખનો હાર હતો ગળામાં. આવડા-આવડા... હુકમચંદજી ઇન્દોરવાળા શેઠ. વીસ કરોડ રૂપિયા...... આવડા-આવડા પથરા હતા લીલા. નાનાલાલભાઈ આપણે હતાને નાનાલાલ કાળીદાસ. એ અહીં હતા ત્યારે. એને પૂછ્યું કે આ પથરાની શું કિંમત? ત્યારે ઓલા શેઠે કે કોઈકે કહ્યું કે સત્તર લાખનો લીધો છે હાર, ૨૫-૩૦ વર્ષ પહેલા. નાનાલાલ કહે, અત્યારે ૭૦ લાખમાં પણ ન મળે. ... સાથે માણસ રાખતા હોં પોલીસ. ... હશે.

ઉપાડી જાય. એ લીંબોળીને ઠેકાણે (-બદલે) નીલમરત્ન લાવે માંગે તો મળે? એની કિંમત ભરવી પડે ત્યાં. એની લાખોની કિંમતથી એ વસ્તુ મળે.

એમ ભગવાન આત્મા... અરે! એ તો ધૂળ છે તારા નીલમ. ..... અબજો ને કરોડોની માટીના ઢગલા છે. એ ક્યાં તું છો ને એ ક્યાં તારા છે? એ ક્યાં તું છો ને એ ક્યાં છે તારા? એ તો જડના છે. આ તો ભગવાન ચૈતન્ય હીરો અંદર, આહાહા! અનંત-અનંત શક્તિ–ગુણથી શોભિત એવો પ્રભુ એને દૃષ્ટિમાં લઈ, એમાં સ્થિર થઈને જેણે વીતરાગદશા પ્રગટ કરી, બસ એનું નામ ધર્મ, એનું નામ સંયમ, એનું નામ તપ, એનું નામ ધ્યાન. ભારે વ્યાખ્યા ભાઈ! એ **દ્રવ્યકર્મ ને ભાવકર્મની સેનાને લૂંટનાર** છે. ભગવાન આત્માનું ધ્યાન, આનંદકંદ પ્રભુ શુદ્ધ ચૈતન્યઘન એની અંતરની એકાગ્રતા–લીનતા એ જડકર્મ ને વિકારી ભાવકર્મને લૂંટનાર છે. એ ભાવ અને દ્રવ્યસેના જે છે એને એકલી વીતરાગી પરિણતિ લૂંટનાર છે. આહાહા! સમજાણું કાંઈ? **સંયમીને ખરેખર પરમ સમાધિ છે.** એવા ધર્માત્માને, સમાધિના પૂર જેની પર્યાયમાં પ્રગટ્યા છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એનો હવે કળશ કહે છે.

**(હવે આ ૧૨૨મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છેઃ)** ૨૦૦ કળશ.

**समाधिना केनचिदुत्तमात्मनां**
**हृदि स्फुरन्तीं समतानुयायिनीम् ।**
**यावन्न विद्मः सहजात्मसंपदं**
**न मादृशां या विषया विदामहि ।।२००।।**

**શ્લોકાર્થ : કોઈ એવી (-અવર્ણનીય, પરમ સમાધિ વડે...** આહાહા! કહ્યું હતું, આ સમાધિ એટલે શું? આધિ, વ્યાધિ, ઉપાધિ રહિત આત્માની વીતરાગતા તે સમાધિ. આધિ એટલે કે પુણ્ય ને પાપના શુભ-અશુભ વિકલ્પો–વૃત્તિઓ છે એ આધિ છે. શરીરમાં રોગ તે વ્યાધિ છે. આ બહારની ધૂળની, બંગલાની ઉપાધિ તે ઉપાધિ છે. પોપટભાઈ! ... સત્ એટલે શાશ્વત, ચિદ્ એટલે જ્ઞાન, અને આનંદ એટલે સુખસ્વરૂપ, એ તો એનું સ્વરૂપ છે. પર્યાયમાં એને વિપરીત માનીને એ ભૂલી ગયો છે. સમજાણું કાંઈ?

આ બાયડીમાં સુખ છે, પૈસામાં સુખ છે, આ હજીરામાં, હજીરા એટલે બંગલા. પચ્ચીસ-પચાસ લાખના બંગલા હોયને, મોટી .... જમીન હોય, ......... ઓહોહો! શેઠે બહુ સારું મકાન બનાવ્યું છે. ઉગમણે તડકો આમ આવે, આથમણેથી આમ આવે, હવા પણ આમ જાય. ભાઈ! બધું જાણીને કર્યું છે. ભગવાનજીભાઈ! એને મકાન બહુ હતા ત્યાં. ક્યાં મસૂરી કેવો? મોમ્બાસા. દોઢ લાખ રૂપિયાનું તો એને ભાડું ઉપજતું. એટલા મકાન ત્યાં હતા આફ્રિકામાં. દોઢ લાખનું ભાડું. ભાડું હોં બાર મહિને. ધૂળમાંય નથી કાંઈ. આહાહા! પાંચ કરોડનું ઘર .... કોને

ઉપજે? એ તો જડ છે. કોની પાસે આવ્યા? આત્મા પાસે આવે છે એ જડ? આત્મા તો અરૂપી છે. રૂપિયા એની પાસે આવે છે? અહીં આવ્યા એટલે મારા છે એમ માન્યું એ મમતા એની પાસે આવી. કોઈ ચીજ એની પાસે આવી નથી ને અડતી નથી. છોટાભાઈ! આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે અહો! ધર્માત્માને અંદર વસ્તુ જે ધર્મી એવો ભગવાન એની અંદર એકાગ્રતા થતાં જે શાંતિ.. શાંતિ.. શાંતિ–ઉપશમરસ, નિર્દોષ વીતરાગી પરિણતિ નામ અવસ્થા (થાય), એ અવર્ણનીય પરમ સમાધિ છે. એનું વર્ણન–કથન તો કહી શકાય એવું છે નહીં. આહાહા! એ ગોળનો સ્વાદ ખ્યાલમાં હોય છતાં એને કોની સાથે મેળવવો સ્વાદ? આ મારા ખ્યાલમાં છે કે આવો છે. ઘીનો.. ઘીનો સ્વાદ લ્યોને. ગાયનું તાજું ઘી માગશર મહિનાનું સવારનું શરદ ઋતુનું પીળું.... સ્વાદ ખ્યાલ આવે કે આહા! કેવો સ્વાદ? છે કોઈ ઉપમાવાળો પદાર્થ? કેળા, સાકર, ગોળ. ના, ના, ખ્યાલમાં છે સ્વાદ, પણ દુનિયાની ચીજની સાથે મીંઢવીને કહી શકું એવી ચીજ નથી. હવે જડ જેવાના સ્વાદનો ખ્યાલ આપી શકે નહીં, તો આ તો આત્મા અંદર આનંદનો રસ જ્યાં પ્રગટ્યો... આહાહા! સમજાણું કાંઈ? અંતર વસ્તુ ભગવાન ચિદાનંદ આત્મા એની અંતરમાં એકાગ્ર થતાં જે સ્વાદ આવ્યો, કહે છે, એનું શું વર્ણન કરવું? એ અવર્ણનીય છે. આહાહા!

**અવર્ણનીય પરમ સમાધિ વડે**... અંતર વીતરાગીદશા વડે **ઉત્તમ આત્માઓના હૃદયમાં સ્ફુરતી...** ઉત્તમ આત્મા પરમાત્મા, સમ્યગ્દૃષ્ટિ કે શ્રાવક કે મુનિ... આ વાડાના ...ની વાત નથી. ઉત્તમ આત્મા, જેને અંતર સમ્યગ્દર્શન પ્રગટ થયું છે, જેને અંતરમાં સર્વવિરતિ આદિના પરિણામ પ્રગટ થયા છે, ..... શ્રાવક કહેવાય. શ્રાવક એટલે આ વાડાના શ્રાવકની વાત નથી. અંતર વસ્તુ જે ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ એની અંદરમાં દૃષ્ટિ મૂકીને જેને શાંતિ પ્રગટી છે એવો જે સમ્યગ્દૃષ્ટિ જીવ, એથી આગળ વધીને પંચમ ગુણસ્થાનના શ્રાવકને અંતર વિશેષ શાંતિ–અકષાયભાવ અંદર વધી ગઈ હોય, અને મુનિ જેને સાચા કહીએ એને તો... મુનિ સાચા હોં. આમ તો બધા (દ્રવ્યલિંગી)મુનિ મુનિ જ કહેવાય. જેને અંતરમાં અતીન્દ્રિય આનંદના ઉભરા આવ્યા હોય. આહાહા! પ્રચૂર સ્વસંવેદન.. પ્રચૂર નામ ઘણું જ આનંદનું વેદન (હોય). શાંતિ, સમાધિ, સમતા, વીતરાગી પરિણામ એટલા પ્રગટ્યા હોય કે જેના આનંદની ઉગ્રતાના અનુભવ આગળ આખી દુનિયા, ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ સડેલા તરણા જેવા લાગે. સમ્યગ્દૃષ્ટિથી માંડીને (વાત છે). સમજાણું કાંઈ? આરે ભારે! આની કિંમત શું ઉપજશે?

અબજો રૂપિયા હોય, હીરા-માણેક ભર્યા હોય. છેને ઓલા ક્યાંક? સરદાર શહેર. શેઠિયાના મામા. એકલા હીરા ભર્યા છે. દસ કરોડ કહેવાતા પહેલાં દસ કરોડ. અત્યારે તો એને આમ... ..... આમ પચ્યા કરોડ. પટારાના પટારા હીરા ભર્યા છે. સોનાના પાત્રા ભર્યા છે. અત્યારે

તો એની કિંમત ઘણી વધી ગઈ હશે. વીસ, ત્રીસ, ચાલીસ કરોડ. દસ કરોડ પહેલાના પડ્યા છે. એવા ...... ઘરનું કાંઈ કામ કરાવે તો ... નીકળેને? શું કહેવાય એ? ...... નીલ.. નીલ. હજી એ વિચારું છું કે કોને આપી દઉં? .......... હોય તો ૨૫-૩૦ કરોડ.

અહીં કહે છે કે એ વસ્તુની કાંઈ કિંમત છે નહીં. આહાહા! દુઃખી છે બિચારા, રાગના રાંકા. એ તૃષ્ણાના ભિખારી છે. આ મને દ્યો, આ મને દ્યો. ભિખારા, રાંકા, દુઃખી છે. 'સુખી જગતમાં સંત, દુરિજન દુખિયા..' સંત સુખી, જેને અંદર આત્માના આનંદની પ્રાપ્તિ થઈ છે, જેને એ આનંદના અંશના સ્વાદ આવ્યો છે, એ જગતમાં સુખી છે. ભીખાલાલભાઈ! આનો ગજ જ જુદી જાતનો અહીંનો છે. આહાહા! બાકી બધા તમારા, કીધુંને હમણાં ગોવાવાળો, છેને આપણો શાંતિલાલ ખુશાલ, દશાશ્રીમાળી. ઘણા પૈસા. બે અબજ ચાલીસ કરોડ. બે અબજ ને ચાલીસ કરોડ. આપણા દશાશ્રીમાળી વાણિયા છે શાંતિલાલ. એ આપણો..... શેઠ! અબજ.

ગયા હતા એને ઘરે પગલા કરવા. .... ગુજરી ગયાને. એનો છોકરો આવ્યો હતો. એક અબજ. કોઈક તો બે અબજ કહેતું હતું. અબજ તો છે જ. પૂનમચંદ ગોદિકાને પૂછ્યું, આ મકાન કોનું છે સામે? એની વહુની નામે મકાન કર્યું હતું. સંતોકબાની હોસ્પિટલ. ૩૫ લાખમાં કર્યું હતું. અમે ઉતર્યા હતા પૂનમચંદ ગોદિકાને ત્યાં, એની સામે મકાન (હતું). ૩૫ લાખ. સંતોકબા હોસ્પિટલ. દુર્લભજીની વહુના નામે ૩૫ લાખ. પૈસા કેટલા હશે? બે અબજ. ધૂળ છે. ગાંડા તે પણ કાંઈ? અહીં તો, એક આત્મા જેમાં અનંત-અનંત આનંદ ને જ્ઞાનની લક્ષ્મી પડી છે, એમાં જેણે ઝુકાવ કરીને અંતર આનંદનો એક અંશ પણ પ્રગટ કર્યો છે એને ધર્મી કહીએ, એને સુખી કહીએ. સમજાય છે કાંઈ?

અને શ્રાવક સાચા હોય એને તો વધારે આનંદ પ્રગટ થયો હોય અને મુનિ સાચા હોય એને તો ઘણો આનંદ પ્રગટ્યો હોય. એ મુનિઓ તો જંગલમાં વસતા હોય નગ્ન દિગંબર મુનિ થઈને. એને અતીન્દ્રિય આનંદનો ભાવ પ્રગટ્યો હોય એ અવર્ણનીય સમાધિ છે એમ કહે છે. એ સમાધિનું શું વર્ણન કરે! જેના સ્વાદ જાણે એ જાણે. એની વાતું શું કરે? **ઉત્તમ આત્માઓના હૃદયમાં સ્ફુરતી**... હૃદય એટલે જ્ઞાન. અંતરની એકાગ્રતા દ્વારા જ્ઞાનની દશામાં શાંતિ પ્રગટી, એ **સમતાની અનુયાયિની...** લ્યો, સમાધિ લેવી છેને. સમતા.. સમતા.. સમતા. પુણ્ય ને પાપના રાગ આકુળતા, વિષમતા છે. એનાથી રહિત ભગવાન આત્મામાં લીનતા થતાં જે સમતા પ્રગટે એ સમતાની અનુયાયિની **સહજ આત્મસંપદા...** પ્રગટેલીની વાત છે.

**સમતાની અનુયાયિની**... નીચે (અર્થ) છેને. **અનુગામિની, સાથે સાથે રહેનારી, પાછળ પાછળ આવનારી. (સહજ આત્મસંપદા સમાધિની અનુયાયિની છે)**. આહાહા! આવી વાતું બધી એવી. માણસને એમ લાગે કે આ તે કાંઈ થાતું હશે? આમ કરી શકતો હશે? અનંતા થયા– અનંતા મુક્તિને પામ્યા. થઈ શકે એવી છે. ઘરમાં જાવું એ કરી શકે નહીં? આ પારકામાં

વ્યભિચારી થઈને ફર્યા કરે છે. રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ તો વ્યભિચાર છે. કહો, સમજાણું કાંઈ? એ વ્યભિચાર વિનાની આત્માની અંતરની એકાગ્રતાની ક્રિયા એ બ્રહ્મચર્યની, બ્રહ્મ નામ આનંદસ્વરૂપ ભગવાન એની ક્રિયા છે.

**અનુયાયિની સહજ આત્મસંપદાને જ્યાં સુધી અમે અનુભવતા નથી...** મુનિ એમ કહે છે. આહાહા! અતીન્દ્રિય શાંતિનો અનુભવ જ્યાં સુધી અમે નથી કરતાં, મુનિ એમ કહે છે. **ત્યાં સુધી અમારા જેવાઓનો જે વિષય છે...** આહાહા! એ સમ્યગ્દૃષ્ટિ અને ધર્માત્માનો એ સમાધિ વિષય છે, અતીન્દ્રિય આનંદનો અનુભવ એ તો ધર્મીનો વિષય છે. સમજાણું કાંઈ? આહાહા! દુનિયામાં નથી પૂછતા કે શું તમારો વેપારનો વિષય છે? કોઈ કહે લાકડાનો, કોઈક કહે કપડાનો, કોઈક હીરાનો, ધૂળનો. એય! આ લાદીનો. આહાહા! અહીંયા ધર્માત્માનો વિષય તો શાંતિ છે, કહે છે. શેનો વેપાર ચાલે છે તમારો? આહાહા!

કહે છે કે **અમારા જેવાઓનો જે વિષય છે...** આહાહા! સંતોનો, જ્ઞાનીઓનો વિષય એ શાંતિ છે. પુણ્ય ને પાપના ભાવ એ એનો વિષય નથી. આહાહા! આરે, આવી વાતું. શું હશે આ? ભાઈ! તને ખબર નથી બાપુ! પ્રભુ! તારી પ્રભુતાના પાર નથી. એવી અંતર પ્રભુતા અનંત પડી છે, એમાંથી જેણે થોડી પણ પ્રભુતા શક્તિમાંથી વ્યક્ત-પ્રગટ કરી છે એવા ધર્માત્માની શું વાત કરવી! કહે છે. આહા! ધર્મીનો વિષય જ એ છે. સમજાણું કાંઈ? દુનિયામાં નથી કહેતા કે તમારો શું વિષય છે? ઓલા કહે ફલાણાનો.. ફલાણાનો. ધર્મીનો શું વિષય છે? જેણે જન્મ-મરણના આંટા ટાળ્યા એવા ધર્માત્માનો શું વિષય છે? એને શાંતિ ને આનંદ એનો વિષય છે. સમજાણું કાંઈ? એને પ્રગટવાલાયક દશા પ્રગટી એ એનો વિષય છે. ભારે કામ ભાઈ!

**અમારા જેવાઓનો જે વિષય છે**... ભાષા શું કરે છે જુઓ! મુનિ છે, ધર્માત્મા દિગંબર સંત છે, વનમાં વસે છે. વસતા હતા. અમારા જેવાઓનો વિષય છે, કહે છે. આહાહા! પૂર્ણાનંદ પ્રભુ એને આંગણે જાય ત્યારે એની લહેજત જે આવે એવા સંતોનો એ વિષય છે. એ નવરંગભાઈ! ભારે. આવી ધર્મકથા હશે? ઓલા તો કહે, કંદમૂળ ન ખાવા, રાત્રે ચોવિહાર કરવો, કરવો શું, છોડવો, અપવાસ કરવા, વર્ષીતપ કરવા—એ તો કાંઈ આવ્યું નહીં આમાં. એ તો રાગની મંદતા છે બાપુ! અચેતન છે, જડ છે. એ બધી બાહ્ય ક્રિયાઓ છે. આવશે હમણાં ૧૨૩માં.

અંતઃક્રિયા.. સંસારના અંત લેનારી અંતઃક્રિયા, સ્વભાવના સાગરમાં ઝૂલનારી પર્યાય એને અંતઃક્રિયા કહે છે. તે **અમારા જેવાનો જે વિષય છે તેને અમે અનુભવતા નથી.** હજી એને બહુ હીનપણું છેને, એમ એનો પોકાર છે. લખવા વખતે પણ જરી વિકલ્પ આવ્યો છેને. પોકાર કરે છે, અરે! અમારો વિષય તો આનંદમાં રહેવું એ છે. આ બધા વિકલ્પ લખવું-બખવું એ અમારો વિષય નથી. આહાહા! કોઈનો જે વિષય ન હોય તો ના પાડેને કે આ અમારો વિષય

નથી. એમ અહીં ધર્માત્મા એમ કહે છે, આહાહા! કે પુણ્ય-પાપ ને જડ આદિ બાહ્ય એ અમારો વિષય નથી, એમ કહે છે. એ તો જગતની ચીજું પર છે.

છેને? **विदामहि...** 'અનુભવતા નથી' એમ ને ત્યાં **विदामहि**નો અર્થ? **न विदामहि... न मादृशां या विषया विदामहि**... આહાહા! આ સંસારના રસીલાને તો ઘા વાગે એવું છે. એય! પૈસાના રસીલા, એમાં વળી પાંચ-પચાસ લાખ પેદા થતા હોય અને કરોડ-બે કરોડ, પાંચ કરોડ રૂપિયા હોય, છોકરા સરખાઈના કહેવાતા એવા હોય, વહુરૂ ઠીક મળી હોય, બાયડી કહ્યાગરી હોય, શરીર નિરોગી હોય—બધા પાંચે પાપ ભેગા થયા એને. કહો! પણ એક ઓલો ભગવાન ન મળ્યો અંદર. આહાહા! શું કહે છે એ?

સમાધિની અનુયાયિની આત્મસંપદા... સમતા સાથે આનંદ પ્રગટે એવી એ ચીજ છે કહે છે. સમજાણું કાંઈ? એને સામાયિક કહીએ. એ છોટાભાઈ! છેને. ચોપડા મેળવશે કે નહીં? દિવાળીએ ચોપડા નથી મેળવતા? બીજા સાથે વેપાર કર્યો હોય મેળવે કે નહીં? પાંચ લાખ આમાં નીકળે છે, તમારે દસ લાખ..... શું તમે માગ માગ કરો છો? ખાતા મેળવે છે કે નહીં દિવાળી પહેલા? શું કહેવાય તમારે? દશેરા. આ ચોપડા મેળવશે કે નહીં કે શું છે આમાં? લખાણ તો આવું નીકળે છે આમાં?

શ્રોતા : ભલે લખાણ એવું નીકળે, બાપ-દાદા તો આમ માનતા હતા?

પૂજ્ય ગુરૂદેવશ્રી : દાદા માનતા હતા... દુઃખી. બાપ-દાદા પાઘડી બાંધતા. .... એવું ક્યાં લખ્યું છે? કહો, સમજાણું કાંઈ? એય! તમારા બાપ-દાદા આવું પહેરતા...?

અહીં તો કહે છે કે બાપ-દાદા અનંતા પહેલા થઈ ગયા એ મોક્ષે પણ ગયા છે. તને ખબર નથી. સાચી વાત હશે નવનીતભાઈ? એનો બાપો, એનો બાપ, એનો બાપ.. અનાદિકાળથી છે તો કેટલા બાપ કર્યા હશે? એમાંથી કેટલાક બાપ તો મોક્ષે ગયા છે. એની વાત લે ને! આહાહા! કેટલાય બાપ લિંબોળીના પાંદડામાં બેઠા છે અત્યારે. અનંતા ભવ કર્યા બાપુ! તને ખબર નથી ભાઈ! આદિ વિનાનો આત્મા ક્યાં રહ્યો છે? અનંત-અનંત ભવમાં ભવ વિનાનો, દુઃખ વિનાનો કોઈ દિ' રહ્યો નથી. આહાહા! જેની આદિ નહીં, જેના અંત–છેડા નહીં. આહાહા! એ રખડતા રામ એને નિજપદમાં રમવા માટે નવરાશ ન મળી. રાગમાં રમતું કરી એણે. આહાહા!

ભગવાન! એકવાર સાંભળ તો ખરો તારી વાત! અરે! તારે આંગણે આવે ત્યાં એની ગંધ એવી આવે... આહાહા! દૂર-દૂર ભાગે એને ગંધ ક્યાંથી આવે? પુણ્ય-પાપના રાગના કર્તવ્ય એ મારા, એમાં જાય, એને ભગવાન આત્માની ગંધ ક્યાંથી આવે? અહીં તો અંતર્મુખ થતાં, બહિર્મુખની બધી વૃત્તિઓને ત્યજી દઈને, ટૂંકાવીને પ્રભુ પોતે પોતાના આનંદના ધામમાં જ્યાં અંતર વળે છે, ત્યાં જે શાંતિ પ્રગટે એની શું વાત કરવી! ધર્મીનો તો એ વિષય છે. ધર્મીનો બીજો વિષય છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? ગાથા ૧૨૩. ૧૨૨નો કળશ થયો.

હવે, માણસો કહે છે કે સાધન શું પણ? આત્માને સમજવા માટે કે મોક્ષ થવા માટે સાધન શું? એ સાધનની વ્યાખ્યા છે આમાં. એ તો ઓલી ગાથા ... છે ચીમનભાઈ! ઓલી સોળમી છેને. એમાં હશે? હમણાં નહોતી...? પ્રવચનસારની સોળમી. ... સામગ્રી. આ હોય તો..... એ બાહ્ય સામગ્રી. એને શોધવા શું મથે છો તું? પ્રભુ! એમ કહે છે. અંતરમાં તારું સાધન બધું પડ્યું છે. આહાહા! પૂર્ણાનંદના નાથની નજર કરતાં જેને નિધાન નજરે પડે એ નજરું જ તેના સાધન છે. સમજાણું કાંઈ? આહાહા! અરે! એને સાચી વાતું સાંભળવાના વખત મળ્યા નહીં ને ઝેરના પ્યાલા પીવે હોંશે અને હોડ્યું માડે. તું કેટલું પીશ? તું શેર તો હું સવાશેર પીશ. બહુ સારી વાત છે.

ઓલો કેટલા ગ્લાસ (પીએ) છે? કે પા ગ્લાસ. તો હું દોઢ ગ્લાસ. ઝેરના પ્યાલાની, શું કીધું એ? હરિફાઈ છે. આહાહા! પ્રભુ! તું તારી સંભાળ કરવા નવરો ન થયો હોં. જે તારા ઘરની ચીજ ને તારામાં છે, આહાહા! કહે છે કે એના સાધન શું? મુક્તિના સાધન શું? માણસ ઘણા પૂછે છે, પણ એનું સાધન કાંઈ? અમે તો અંદર આત્માની વીતરાગદશા.. આત્માની વીતરાગદશા એક (જ કહો છો). પણ એ વીતરાગદશા એ જ સાધન છે, સાંભળને! ત્રિકાળી સાધન છે એ તો વળી જુદો. આહાહા! આ તો પોતાના સાધનની વાત કરે છે અહીં પાછી.

**संजमणियमतवेण दु धम्मज्झाणेण सुक्कझाणेण ।**
**जो झायइ अप्पाणं परमसमाही हवे तस्स ।।१२३।।**
**સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,**
**ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.**

આહાહા! **ટીકા : અહીં (આ ગાથામાં) સમાધિનું લક્ષણ (અર્થાત્ સ્વરૂપ) કહ્યું છે.** આનંદસ્વરૂપ ધર્મની શાંતિ પ્રગટે એનું લક્ષણ કહ્યું છે આ. આહાહા! આમ તો લોગસ્સમાં આવે છે. છોટાભાઈ! 'સમાહિવરમુત્તમં દિંતું..' લોગસ્સમાં આવે છે. 'સમાહિ...' પણ એના અર્થની ખબર ન મળે. 'સમાહિવરમુત્તમં દિંતુ.. ચંદેસુ નિમ્મલયરા..' એવું આવે છેને. 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતું..' ગડિયો હાંક્યે જાય. કરી નાખી સામાયિક. પૂરો થાય એક કલાક. કેટલી મિનિટ થઈ? ૪૮ થઈ? ઉપડો. આહાહા! બાપુ! એક સમયની સામાયિક જન્મ-મરણના અંત લાવે એને સામાયિક કહીએ. એક સમયની સમતાનો અંશ એ અનંતા જન્મ-મરણને ગાળી નાખે એવી એનામાં તાકાત છે. સમજાણું કાંઈ? એ જયંતિભાઈ! કેટલી સામાયિકો ઘણી કરી છે કે નહીં? ઘણી કરી. આહાહા! એ સામાયિકની વ્યાખ્યા ચાલે છે, એનું લક્ષણ. સમાધિ કહો કે સામાયિક કહો કે સમતાના આનંદનું સ્વરૂપ કહો.

**સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ તે સંયમ છે.** પાંચે ઇન્દ્રિયો તરફના વલણનો વેપાર એનો અભાવ એનું નામ સંયમ. અણીન્દ્રિય ભગવાન આત્મા એમાં અંતરની એકાગ્રતાથી પાંચ ઇન્દ્રિયનો વેપાર રોકાઈ જાય છે. એવો જે સંયમ એ સાધન છે. કહો,

સમજાણું કાંઈ? આરે, ભારે! સાધન આગળ લખશે. એ સામગ્રી, બાહ્યની સામગ્રી છે. **આ સામગ્રીવિશેષો**... કૌંસમાં લખ્યું છે. (**સાધન સામગ્રી સહિત**). આહાહા! અરે! એકવાર માલ જોવે તો ભાવ પૂછે છે કે નહીં એનો? કેટલે ભાવે આ માલ મળે છે? આહાહા! છેને સામગ્રી? સાધન લખ્યું છે કૌંસમાં. સાધન સામગ્રી. આ સામગ્રી મુક્તિનું સાધન છે. આહાહા! અથવા ધર્મનું આ સાધન. પાંચે ઇન્દ્રિયો તરફના વેપારને રોકી અને અતીન્દ્રિય ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ એની સમીપમાં જવું એનું નામ સંયમ છે. આહાહા!

સમ્ (એટલે) સમ્યગ્દર્શન સહિત, પૂર્ણાનંદનો નાથ પ્રભુ એની પ્રતીતના અનુભવ સહિત, યમ નામ અંતરમાં લીનતા થવી. આહાહા! અરે! અજાણી ચીજને એના જાણવામાં મૂકવી... એણે કોઇ દિ' જાણવામાં લીધી નથી. આહાહા! બાકી બહારના ડહાપણ ઘૂંટી ઘૂંટીને મરી ગયો અનંતકાળથી. મોટા બેરિસ્ટર થયા. લ્યો, સુમનભાઈ! મોટા પગારદાર. મોટા પગાર આઠ હજાર ને દસ હજાર. શું થયું પણ? એ સોજા ચડ્યા. સોજાના સોથા. સોજા થાયને શરીરમાં ઘણા, ત્યારે કહે શરીર ... થયું હોં. મરી જઈશ, સાંભળને! સોજા સમાણા તે દિ' સહ્યા નહીં જાય. સોજા આવે છેને સોજા. સોજા સમાય તો પીડા બહુ થાય. આહાહા! ભગવાન! તારું સ્વરૂપ અંદર આનંદનું ભરેલું તત્ત્વ છે. તને ખબર નથી. અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એની અંદરની એકાગ્રતા, ઇન્દ્રિયોના વિષયનું લક્ષ છોડી દઈ... ત્યાં લક્ષ છોડ્યું એટલે અહીં લક્ષ આવ્યું. એની જે એકાગ્રતા એને અહીંયા સંયમ કહીએ, એને ધર્મરૂપી ભાવનું સાધન કહીએ, આ સંયમ ધર્મસાધન છે. કાંઈ ધર્મસાધન કરો છો, એમ પૂછે છેને? આ ધર્મસાધન છે.

**નિજ આત્માની આરાધનામાં તત્પરતા તે નિયમ છે.** નિયમ-બિયમ કર્યા છે કાંઈ? ક્યો નિયમ? કોને કહેવો નિયમ? આહાહા! બીડી પીવી નહીં, લ્યો કરો નિયમ. કોણ પીતો હતો? એ તો જડ છે. એ વખતે રાગ થતો હતો પાપનો. સમજાય છે કાંઈ? એ તો જડ છે. આત્મા જડને પીવે? આત્મા અરૂપી છે. એને તે પ્રત્યેનો રાગ થઈને રાગને ફૂંકે છે જરી અને એમ માને છે બીડી ફૂંકું છું. ફૂંકે છે રાગને, પીવે છે રાગને, વેદે છે રાગને, અનુભવે છે રાગને. હમણાં શેઠ .... બીડી પીવી. સમજાણું કાંઈ?

કહે છે કે **નિજ આત્મા**... જોયું! ભગવાન ત્રણ લોકનો નાથ પણ નહીં, એમ કહે છે. મારી આરાધના નહીં, મારા આરાધના તને વિકલ્પ–રાગ છે. કારણ કે હું પરદ્રવ્ય છું ને મારા ઉપર તારી નજર જશે તો તને રાગ જ થશે. **નિજ આત્મા**... પૂર્ણાનંદથી ભરેલો પ્રભુ એમાં અંતર નજર નાખતાં... આરાધના એટલે સેવા, આત્માની સેવા. પૂર્ણ જ્ઞાન ને આનંદનો નાથ પ્રભુ એની અંતર એકાગ્રતા એ આત્માની સેવા, એ આત્માની આરાધના, એમાં તત્પરતા. આત્માની સેવા, આનંદમાં તત્પરતા એને અહીંયા નિયમ કહેવામાં આવે છે. વ્યાખ્યાય જુદી રીતે કરી છે.

અહીં તો (કહે), વ્રત-બ્રત કર્યા, નિયમ લીધા કાંઈ? કહેને એક નિયમ લ્યો સૌ. તમારા ધાર્યા પ્રમાણે પચ્ચખાણ...... સૌને કાંઈક...... આ બે કંદમૂળ ન ખાવા, ફલાણું કરવું, ચાર કલાક

મૌન રહેવું. એમાં શું ધૂળ થઈ? આહાહા! એ સાચું આવી ગયું તો રહ્યું શું બાકી? પણ સાચું હોય એને.... એ શું થયું? એ તો રાગ થયો. અને કહે કે મેં આ છોડ્યું, એ તો મિથ્યાત્વ થયું પાછું. આત્મા પરનો ગ્રહણ કરનાર છે જ નહીં. આત્મા તો અરૂપી ચૈતન્યઘન છે. એણે પરને પકડ્યું છે? દાળ-ભાત, બીડી પકડી રાખી છે કે છોડે? આહાહા! ચીમનભાઈ! આ બધી વાતું જુદી જાતની છે હોં. લાદીમાં પૈસા મનાવે છેને પણ અંદર. ગામમાંય લાદી, થાણામાં લાદી. ...... ..ભાઈને શેનું છે? શું કહેવાય એ? પ્લાસ્ટિક. ..... થાણામાં, તમારે લાદીનું. ગયા હતાને ત્યાં? આમ ઠેર-ઠેર લાદીના પથરા પડ્યા હતા.

અહીં તો આનંદના નાથનું ... પડ્યું છે અંદર, કહે છે. સહજાનંદની મૂર્તિ પ્રભુ એના ઘરે આવને, થોડો તો આવ. આહાહા! ..... કીધું હતું. 'દૂર કાં પ્રભુ દોડ તું, મારે રમત રમવી નથી..' આ રાગની રમતું પ્રભુ! મારે હવે નથી રમવી. તું ક્યાં ગયો, તું ભાગે છો? આહા! આત્મા આનંદસ્વરૂપ, એકવાર નજર તો કર! અરે! દશાને ફેરવવા દિશાને તો ફેરવ. પર ઉપર જે તારી લક્ષ(રૂપ) દશા છે એની દિશા ક્યાં છે? રાગ ઉપર ને આ ઉપર. દિશા ફેરવ, ગુલાંટ ખા. ત્રણ લોકનો નાથ બિરાજે છે ત્યાં નજર કર હવે. આહાહા! એના વિના તારા સંસારના રખડવાના અંત નહીં આવે. મનને ગમે એ રીતે મનાવીશ અને મનાવનારાય મળશે. વાંધો નહીં, એમ થાય? એકદમ આમ થાતા હશે? હળવે-હળવે થાય. બહુ સારું. એય! એ બધા વાફળ, વાયદાના કરનારા વાફળો છે બધા. સમજાણું કાંઈ?

અહીં તો ત્રણ લોકનો નાથ ચિદાનંદ પ્રભુ નિજ આત્મા અંદરમાં આરાધના કરે એનું નામ નિયમ કહેવામાં આવે છે, એને સાધન સામગ્રી કહેવાય છે. એ બધી ધર્મની સામગ્રી આ. સમજાણું કાંઈ? એ પથરણું, ગોઠવવાનું હોયને ઘડીયાળુ. ડોશીયું સામાયિક કરવા બેસતી. બે ઘડી રેતી થઈ જાય, થઈ ગઈ (સામાયિક), જાવ. આવે છેને ઘડિયાળ? અમારે તો પાંચ-સાત ડોશી હતીને ઉમરાળા. બધી બેસે ડોશીયું. સમજે કાંઈ નહીં હોં, એકડાનું ભાન નહીં. સામાયિક કરે, મોઢે મુહપત્તિ કરીને બેસે. આહાહા!

અરે! એક ક્ષણનો નિયમ તને મુક્તિ આપે, એ નિજ આત્માનું આરાધન તે. આ-રાધન. આવે છેને આપણે, રાધ–સેવન. રાધનો અર્થ સેવન, સેવા. આહાહા! અરે! જગતની સેવામાં તું મરી ગયો કરી કરીને. એની સેવા ધૂળેય કરતો નથી, સાંભળને! શરીરમાં રોગ આવે તો ઘણા તરફડીયા મારે. આ હમણાં તો બહુ ચાલ્યું છે, શું કહેવાય? આ હાર્ટનું, આ કેન્સરનું. આહાહા! પાંચ કરોડ અડસઠ લાખ નેવું હજાર પાંચસો ચોરાસી રોગ છે એક શરીરમાં. જેઠાભાઈ! ભગવાને કેવળીએ જોયું છે. ૫,૬૮,૯૦,૫૮૪. ભગવાનના જ્ઞાનમાં, એક શરીરમાં આટલા રોગ ભાળ્યા છે. આહાહા! અને આત્માને ભગવાને, અનંત આનંદ એવા અનંતા ગુણનો પિંડ ભાળ્યો છે. ઓલા તો કરોડ ને આ તો અનંત. આહાહા! કહે છે કે નિજ આત્માનું આરાધન એ નિયમ, એ ધર્મનું સાધન. આહાહા! આ ધર્મનું સાધન છે. બે બોલ થયા. બીજા પછી વાંચશું.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ-૭, સોમવાર, તા. ૧૩-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૨૩-૧૨૪, શ્લોક-૨૦૧, પ્રવચન નં. ૧૪૭**

નિયમસાર, પરમ-સમાધિ અધિકાર. સમાધિનો અર્થ સમતા–વીતરાગભાવ થાય છે. **ટીકા : અહીં (આ ગાથામાં) સમાધિનું લક્ષણ (અર્થાત્ સ્વરૂપ) કહ્યું છે.** બે બોલ ચાલ્યા છે. સંયમ કોને કહેવું? અને એ સાધન છે, સંયમ એ ધર્મનું સાધન છે. **સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારનો પરિત્યાગ...** પાંચે દ્રવ્ય-ઇન્દ્રિયો ને ખંડ ભાવ-(ઇન્દ્રિય) એના તરફના વલણનો ભાવ છોડીને અંતરમાં સમ્યગ્દર્શન સહિત એકાગ્રતા, યમ નામ વ્રતની એકાગ્રતા, એનું નામ સંયમ કહે છે. એ સામગ્રી, મોક્ષના માર્ગની આ બધી સામગ્રી છે. આ સાધન છે નિયમ. **નિજ આત્માની આરાધનામાં તત્પરતા...** પૂર્ણ આનંદ શુદ્ધ ચૈતન્ય એની સેવામાં, એની એકાગ્રતામાં તત્પરતા એનું નામ નિયમ કહે છે. એ નિયમ એ ધર્મનું સાધન છે અથવા મુક્તિના માર્ગની એ સામગ્રી છે. આ અધ્યાત્મ તપ કહે છે. તપની વ્યાખ્યા આકરી પડે છે.

**જે આત્માને...** આત્મા પરમ સમાધિ આનંદસ્વરૂપ છે. સમાધિ છે, સમતા... આત્મા પૂર્ણ સમતા વીતરાગ સ્વરૂપ જ છે. એવા **જે આત્માને આત્મામાં આત્માથી** (એટલે) વીતરાગ નિર્વિકલ્પ પરિણતિથી... આત્માને આત્મામાં આત્માથી એટલે પોતાની વીતરાગી પરિણતિ દ્વારા **ધારી–ટકાવી–જોડી રાખે છે...** આત્મામાં જોડાણ કરીને રાખે છે **તે અધ્યાત્મ છે...** આહાહા! **અને એ અધ્યાત્મ તે તપ છે.** ઠીક! સંયમ, નિયમ ને તપ આહાહા! આત્માને આશ્રયે સ્થિર થવું, આત્માને આત્માની વીતરાગી પરિણતિ દ્વારા, સમતા દ્વારા સમતાવાન પરમાત્મામાં સ્થિર થવું એને અહીંયા તપ કહે છે. જુઓ! આ તપ છે તે ધર્મસાધન છે. આ તપ ને બહારની ક્રિયા એ કાંઈ ધર્મસાધન નથી. એ પછી કહેશે ૧૨૪માં. સમજાણું કાંઈ?

વીતરાગી નિર્મળ નિર્વિકલ્પ પરિણતિ દ્વારા અંતરમાં આશ્રય લઈને રહેવું એનું નામ અહીંયા તપ કહે છે. એનાથી કર્મ ને અશુદ્ધતાનો નાશ થાય છે. એ તપ તે નિર્જરાનું કારણ છે. કર્મનો અભાવ થાય છે અને અશુદ્ધતા–વિકલ્પ–વિકાર એનો જેમાં અભાવ થાય અને પૂર્ણ વીતરાગી સ્વભાવમાં જેની વીતરાગી પરિણતિ જોડાઈ જાય એને અહીંયા ધર્મનું સાધન (કહે છે). ધર્મની સામગ્રીનો એક આ ભાગ છે. રાતે આવ્યું હતુંને ઊંડે.. ઊંડે. કોને કહેવા? ઊંડે.. ઊંડે.. શું કીધું? ક્યાં ઊંડે? ઊંડાનો અર્થ એ કે વર્તમાનને ત્રિકાળીમાં જોડી દે એનું નામ ઊંડાણ. બાકી ઊંડાણમાં શું છે? ત્યાં ...માં હેઠે જાવું છે.... ? સમજાણું કાંઈ?

નિત્યાનંદ પરમાત્મસ્વભાવ જે ધ્રુવ એમાં એની સાથે વર્તમાન વીતરાગી પર્યાયને જોડી દે, એ ઉંડાણમાં લઈ ગયા ને આત્માને પકડ્યો એમ કહેવામાં આવે. આમ વાત છે. આવી તપની વ્યાખ્યા કરે એ આકરી પડે છે ઓલા રતનચંદજીને. યમ, નિયમ ને તપ. હવે તપમાં

બાર પ્રકારનું તપ નાખે... નહીં, કહેશે. એ તો નહીં. ૧૨૪માં કહેશે. વિશિષ્ટ ઉપવાસ.. વિશિષ્ટ પ્રકારના ઉપવાસ એ નહીં. એ પાઠમાં છે એનો અહીં તપનો અર્થ થાય છે. સમજાણું કાંઈ? હજી એની રીતની ખબર ન મળે ને એને ધર્મ થાય? જન્મ-મરણ ટાળવાના ઉપાય તો આ છે. એ કોઈને માટે કાંઈ નથી.

ચોરાશીના અવતારનું કારણ મહા મિથ્યાત્વ ને રાગ-દ્વેષ એને ટાળવાનો ઉપાય તે ભગવાન આત્મામાં એકાકાર થવું, અંતરમાં આત્માને આત્મા વડે જોડી દેવો. આત્મા વડે જોડી દેવો એટલે ધ્રુવ વડે જોડી દેવો? એ ધ્રુવ તરફ ધ્યાન જતાં નિર્મળ પરિણતિ થાય એને દ્રવ્યમાં જોડી દીધું કહેવામાં આવે છે. બહુ લાગે ઝીણું માણસને. અંતરની વાતું એવી લાગે. **આત્માને આત્મામાં આત્માથી**... જેમાં કોઈ બાહ્ય વિકલ્પની પણ જરૂર નથી. આહાહા! એવો જ્ઞાનસ્વભાવ, આનંદસ્વભાવ એને અંતર દૃષ્ટિમાં લઈને સ્થિરતા એમાં કરવી એનું નામ અહીંયા અધ્યાત્મ તપ. ઓલો બાહ્ય તપ. સમજાણું કાંઈ?

**સમસ્ત બાહ્યક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ...** ભાષા જુદી રીતે છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ એ બાહ્યક્રિયાકાંડનો આડંબર છે કહે છે. આહાહા! બાહ્યની સાથે લેશે હોં અંતર. બાહ્યક્રિયાકાંડ.. **સમસ્ત બાહ્યક્રિયાકાંડ**... જેટલા વીતરાગે ચરણાનુયોગના વ્યવહારના વિકલ્પ કહ્યા એ બધાય... **સમસ્ત**–બધાય **બાહ્યક્રિયાકાંડના આડંબર**... આહાહા! બાહ્ય દેખાવ કરવો એ બધો ક્રિયાનો, કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો વિનય કરવો એ આમાં–બાહ્યક્રિયાકાંડમાં જાય છે. એ આડંબર આમ બહાર દેખાય, આહા! એવી ભક્તિ, એવો વિનયવાળો! નમન નમનમેં ફેર હૈ. આહાહા! વ્યવહારના જેટલા વિકલ્પ ને ક્રિયાકાંડ એ બધા આડંબર કહ્યા અને એને છોડ, એમ કહે છે. આહાહા!

એના **આડંબરનો પરિત્યાગ**... એનો અર્થ એ નહીં કે એનો ભાવ છે એ બરાબર હોય અને બીજો આડંબર ન કરે એમ નહીં. એ ભાવ પોતે જ આડંબર છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! એ શુભભાવ **સમસ્ત ક્રિયાકાંડના આડંબરનો પરિત્યાગ જેનું લક્ષણ છે એવી અંતઃક્રિયા...** અંતરની ક્રિયા (એટલે) વીતરાગી પરિણતિ. એ બધી રાગની ક્રિયામાં આડંબરની વાત હતી. સમજાણું કાંઈ? આહાહા! ભાઈ! બહારના ક્રિયાકાંડ કાંઈ સાધન છે (એમ નથી). વ્યવહાર સાધન નથી, કાંઈ નથી. 'નથી' તેને કહેવું તે વ્યવહાર છે. મહાપ્રભુ ચૈતન્યશક્તિનો સાગર પડ્યો છેને. આ તો એક સમયની રાગની ક્રિયા અને એક સમયની વીતરાગી પરિણતિની ક્રિયા—બે વચ્ચેની વાત છે. સમસ્ત બાહ્યક્રિયાકાંડના આડંબરનો ત્યાગ, લ્યો ઠીક.

**એવી અંતઃક્રિયાના અધિકરણભૂત...** અંતરંગક્રિયાનો આધાર ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ છે. આત્માની ધાર્મિક ક્રિયા જેને કહીએ, રાગરહિત વીતરાગી પરિણતિની જે ક્રિયા એનો આધાર તો ભગવાન છે. એનો આધાર ઓલો વ્યવહાર છે નહીં, એમ સિદ્ધ કરવું છે.

સમજાણું કાંઈ? નિશ્ચયે આત્માનો આધાર ને વ્યવહારે વ્યવહારનો આધાર. વીતરાગમાર્ગને સમજવો અને સમજીને ઠરવું એ અલૌકિક ચીજ છે. વસ્તુ પોતે જ વીતરાગમૂર્તિ છે. સમતાના રસથી ભરેલું તત્ત્વ એના તરફના ઝુકાવની જે વૃત્તિ પરિણતિ એને અંતઃક્રિયા કહે છે. એ અંતઃક્રિયાનો અધિકરણ એટલે આધાર **આત્માને—કે** જે આત્મા–**જેનું સ્વરૂપ અવધિ વિનાના ત્રણે કાળે (અનાદિ કાળથી અનંત કાળ સુધી)...** આહા! ત્રણે કાળ અવધિ વિનાનું **નિરુપાધિક છે...** એ વસ્તુ ત્રણે કાળે નિરુપાધિ તત્ત્વ છે ધ્રુવ. એવા આત્માને—**નિરુપાધિક છે તેને**... ભાષા કેવી છે? **તેને—જે જીવ જાણે છે,** એમ કહે છે. **જે જીવ જાણે છે,** એમ.... નિત્ય ધ્રુવસ્વરૂપ છે એને જ્ઞેય બનાવીને જે જાણે છે... સમજાણું કાંઈ?

આ બધી નિશ્ચયની વાતું છે. એના કંઈ વ્યવહાર-બ્યવહાર સાધન ખરા કે નહીં? કહેવા માત્ર કથન છે. એમાં (નિમિત્ત) કેવું હતું એનું જ્ઞાન કરાવવાની વાત છે. સાધન-ફાધન કેવા? ભગવાનની નિર્મળ પરિણતિ એ સાધન. નિશ્ચયથી સાધન નામનો ગુણ છે એ સાધન. જે જીવ, આવી અંતરંગ ક્રિયાનો આધાર એવો જે આત્મા ત્રિકાળી એને તો પહેલું જે જાણે છે, એમ કહે છે. નિમિત્તને, રાગને, પર્યાયને જાણવાની વાત છોડી દઈને, આહાહા! ત્રિકાળી વસ્તુ છે ચૈતન્યપિંડ એને જે જાણે છે.. **જાણે છે, તે જીવની પરિણતિવિશેષ**... દેખો! ફક્ત જાણે છે એને, એમ કહે છે. જાણે છે એમાં જ જ્ઞાન, દર્શન, સ્થિરતા અંદર આવી ગઈ.

તે જીવની પરિણતિ વિશેષ–ખાસ નિર્મળ અવસ્થા **તે સ્વાત્માશ્રિત...** જુઓ! આ ગોઠે છે એને. ધર્મધ્યાન.. શુભયોગમાં ધર્મધ્યાન છે. શુભયોગમાં રાગનો એક અંશ છે ને બીજી શુદ્ધતા છે એને આ ગોઠે છે આ રીતે વાત. આહાહા! છડેચોક કહે છે, પત્રમાં લખે છે. અરે! ભગવાન વીતરાગમૂર્તિ પ્રભુ છે એનો આશ્રય લેવો એ વીતરાગપરિણતિ વિશેષ છે. છે તો રાગની ક્રિયાકાંડની પરિણતિ, પણ આ વિશેષ–ખાસ પરિણતિ આત્માને અવલંબીને થયેલી એવી બાહ્યક્રિયાકાંડના ત્યાગરૂપ છે. આહાહા! સમજાણું કાંઈ?

**તે સ્વાત્માશ્રિત નિશ્ચયધર્મધ્યાન છે.** ચાર બોલ થયા—સંયમ, નિયમ, તપ ને ધર્મધ્યાન. હવે એક પાંચમો બોલ રહ્યો શુક્લધ્યાન. **ધ્યાન-ધ્યેય-ધ્યાતા, ધ્યાનનું ફળ...** ધ્યાન વર્તમાન પર્યાય, ધ્યેય ધ્રુવ, ધ્યાતા આત્મા અને એનું ફળ વીતરાગીભાવ. એ **વગેરેના વિવિધ વિકલ્પોથી વિમુક્ત (અર્થાત્ એવા વિકલ્પો વિનાનું)...** એવા ભેદ પાડવાના એવા વિકલ્પોથી વિમુક્ત. એ વિકલ્પ વિનાનું–ભેદ વિનાનું **અંતર્મુખાકાર (અર્થાત્ અંતર્મુખ જેનું સ્વરૂપ છે એવું)...** અંતર્મુખ જોતાં જે નજરે પડે એવું છે. અંતર્મુખ જોતાં જેનો વિષય ખ્યાલમાં આવે એવો છે. આહાહા! સમજાણું કાંઈ? અંતર્મુખ આકાર એટલે અંતર્મુખ સ્વરૂપ. **સમસ્ત ઇન્દ્રિયસમૂહથી અગોચર...** એ અણીન્દ્રિય ચીજ જડ-ઇન્દ્રિયથી અગમ્ય છે. જ્યાં ખંડ ઇન્દ્રિય ને જડ (ઇન્દ્રિય) એ વડે એનો પત્તો લાગે એવો નથી.

**નિરંજન-નિજ-પરમતત્ત્વમાં...** અંજન વિનાનું નિજ પરમતત્ત્વ ભગવાન આત્મા. ઓહોહો! નિયમસારે ગાથા દીઠ ગાયો છે ભગવાન, નિજ ભગવાન હોં. **નિરંજન-નિજ-પરમતત્ત્વ...** અંજન વિનાનું ત્રિકાળી ભગવાન આત્માનું સ્વરૂપ નિત્ય ધ્રુવ **અવિચળ સ્થિતિરૂપ...** જેમાં ચળે નહીં એવી સ્થિતિ એને શુક્લધ્યાન કહે છે લ્યો. **(–એવું જે ધ્યાન) તે નિશ્ચયશુક્લધ્યાન છે.** વિશેષ સ્થિરતા છે એટલી વાત. વિકલ્પ ઉઠે કે આમ ભેદ છે. નીચે હજી ભેદનો ભાગ વધારે છે અને અહીં અભેદ સ્થિર થઈ ગયો છે, એને ભેદ ઘટી ગયો છે એટલો. એમાં આવી ગયુંને? ઓલામાં એટલું બધું નહોતું લીધું. સ્વાત્માશ્રિત નિશ્ચય ધર્મધ્યાન, એટલી વાત. અહીં ભેદોના પ્રકારો વિકલ્પો બધા વિનાનું વિશેષ, એમ. ભેદ કંઈપણ નહીં.

એકલો અંતર્મુખસ્વરૂપ... ઓલામાં ધર્મધ્યાનમાં અંતર્મુખ આખું નહોતું. આખો અંતર્મુખ થઈ જાય તો શુક્લધ્યાન થાય. જેટલે અંશે અંતર્મુખ છે એમાં ભેદ કંઈક રહી જાય છે. અભેદમાં આવ્યો એટલો ભાગ શુદ્ધ છે, (બાકી) ભેદ રહી જાય છે. આમાં એ ભેદનો અભાવ કરીને વિશેષ શુદ્ધ થાય છે. લ્યો, ઠીક. ભેદ કીધાને. તેથી ચાર નામ આપ્યા એના—ધ્યાન, ધ્યેય, ધ્યાતા, ધ્યાન(નું ફળ). નિરંજન નિજ પરમતત્ત્વમાં ભગવાન આત્મામાં જામી ગયો છે. શુક્લ નામ નિર્મળ વીતરાગી પરિણતિ દ્વારા (ધ્યાન) એ શુક્લધ્યાન.

**આ સામગ્રીવિશેષો...** લ્યો, ધર્મને માટે સામગ્રી જોઈએને? આહાહા! આ સામગ્રી વિશેષ સહિત. બહારની સામગ્રી શું કરવા શોધે છે? આવે કે છે નહીં? ૧૬મી ગાથા, પ્રવચનસાર. આહાહા! બધી તારી સામગ્રીનું સાધન અંદરમાં છે. કારકો લીધા છેને ત્યાં. કર્તા દ્રવ્ય, કર્મ દ્રવ્ય, પર્યાયનું કરણ–દ્રવ્યનું સાધન પણ દ્રવ્ય. એ બધું દ્રવ્ય છે પોતે. બહાર આનાથી થાશે, આનાથી થાશે—એવી વ્યગ્રતા શું કરવા કરે છે? ભાઈ! બાહ્યની સામગ્રીથી તને પ્રાપ્ત થાય આત્માની ઉગ્રતા? આહાહા! અહીં તો ત્રિલોકનાથ કહે છે, મારા વિનયથી તને ધર્મ થાય એવી વ્યગ્રતા શું કરવા કરે છે? એ વ્યવહાર આવે એમ કીધું, હો ભલે, પણ ધર્મ છે એ એનાથી રહિત છે. આહાહા! એ સમતા નથી, સમાધિ નથી, એ વીતરાગ પરિણતિ નથી, એ ધર્મનું સાધન નથી. આ તો અંદર અક્ષરો થોડા હોય, પણ એનો ઉકેલ કરે ત્યારે ખ્યાલ આવેને જરી.

આ સામગ્રી વિશેષ સહિત **(-આ ઉપર્યુક્ત ખાસ આંતરિક સાધનસામગ્રી સહિત)...** દેખો! આહાહા! પૂર્ણ પરમાત્મા તરફની જે પરિણતિ એના આ બધા પ્રકાર કહ્યા છે વિશેષ કોટીએ, પણ બધી સામગ્રી અંતરની પરિણતિ થવી તે છે. આહાહા! અરે ભાઈ! અનંત સંસારનો અંત લાવીને જ્યાં સાદિ-અનંત પરમાત્મદશા પ્રગટ કરવી, ત્યાં વાત તો સૂક્ષ્મ જ હોયને. એ કાંઈ વાતે વડા થાય એવું છે? વસ્તુ અનાદિ-અનંત જે ચીજ છે એમાં પર્યાયમાં

સંસાર અનાદિ-સાંત કરીને, મોક્ષમાર્ગ ને સાદિ-અનંત મોક્ષ કરવો છે. સમજાણું કાંઈ? એ મોક્ષનો માર્ગ તો આવો જ હોયને.

કહે છે કે એ બધી અંતઃસામગ્રી છે. એ વિકલ્પની અને શરીરની સામગ્રી વિનાની સામગ્રી છે. મનના વિકલ્પ ને બાહ્યવિશેષ. આહાહા! વાણી પણ લેશે આગળ. મૌન-બૌન રહીને શું કરીશ તું? આહાહા! એકલું મૌન રહીને શું ધૂળમાં? અંતર સ્વરૂપનું સાધન કર્યું નહીં, અંતર સ્વરૂપની અંદરની સમતા પ્રગટ કરી નહીં સમકિતરૂપી સમતા... એ હવે આવશે. અંતરમાં સમ્યગ્દર્શન એટલે જ્યાં પુણ્ય ને પાપના વિકલ્પ બેય ભિન્ન છે, એવી અંતરમાં સમતા પ્રગટ કર્યા વિના તારા કાયક્લેશ આદિ શું છે? કહે છે. આહાહા! અરે! જૈને બતાવેલો વ્યવહાર એ બધો વ્યર્થ છે કહે છે. એનું ફળ સંસાર છે. જૈને બતાવેવો વ્યવહાર હોં. આહાહા! વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞદેવ... જ્યાં નિશ્ચય અનુભવની દૃષ્ટિ થઈ, સ્થિરતામાં કેટલો વિકલ્પ છે એનું જ્ઞાન કરાવ્યું છે. એ છે તો બંધનું કારણ ને સંસારનું જ કારણ છે. આહાહા!

**સામગ્રીવિશેષો સહિત અખંડ અદ્વૈત પરમ ચૈતન્યમય આત્માને...** આત્મા ક્યો? આત્મા કેવો? એ તો અખંડ છે (અર્થાત્) જેમાં પર્યાયનો ભેદ ને ખંડ પણ નથી. અદ્વૈત એકરૂપ ચીજ છે અંદર. આ ‘અખંડ અદ્વૈત’ શબ્દો ઘણીવાર આવી ગયા છે. **પરમ ચૈતન્યમય આત્મા**... એ તો પરમ જ્ઞાનમય આત્મા, દર્શનમય આત્મા, ચૈતન્યમય જાગ્રત સ્વભાવમય આત્મા છે. ચૈતન્યવાળો આત્મા એમ ન કહ્યું, ચૈતન્યમય આત્મા. એકલો જ્ઞાન ને દર્શન સ્વરૂપે ભગવાન આત્મા **જે પરમ સંયમી નિત્ય ધ્યાવે છે...** આવા આત્માને જે પરમ ધર્મી સંયમી... નિત્ય–નિરંતર જ્યાં આગળ તેનામાં દૃષ્ટિ પડી ને સ્થિરતા છે. આહાહા! પરમ સંયમી, જેને સ્થિરતા દ્રવ્ય તરફની કાયમ છે એમ કહે છે. **તેને ખરેખર પરમ સમાધિ છે.** તેને ખરેખર પરમ સમતા, મોક્ષનો માર્ગ પ્રગટેલો છે. કહો, સમજાણું કાંઈ?

**[હવે આ ૧૨૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છેઃ]**

**निर्विकल्पे समाधौ यो नित्यं तिष्ठति चिन्मये ।**
**द्वैताद्वैतविनिर्मुक्तमात्मानं तं नमाम्यहम् ॥२०१॥**

**શ્લોકાર્થ : જે સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે...** જે સદા... ચૈતન્યસ્વભાવ તો ત્રિકાળ છે, પણ એની પરિણતિ ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિ, એમ. વર્તમાન પરિણતિ છે એ ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિ છે. ચૈતન્યનો અભાવ એવો રાગ જેમાં નથી એમ કહે છે. સમજાણું કાંઈ? **સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિમાં રહે છે**... એ બધા સમાધિના વિશેષણો છે. **સદા ચૈતન્યમય નિર્વિકલ્પ સમાધિ**, એમ. પૂર્ણ અંતઃતત્ત્વમાં નિરંતર સદા ચૈતન્યમય નિર્મળ પરિણતિ, રાગ વિનાની, ભેદ વિનાની ચૈતન્યમય શાંતિમાં રહે છે.

**તે દ્વૈતાદ્વૈતવિમુક્ત (દ્વૈત-અદ્વૈતના વિકલ્પોથી મુક્ત) આત્માને હું નમું છું.** એમાં આ વિકલ્પ, આ ગુણ-ગુણીના વિકલ્પનો ભેદ કે અવિકલ્પનો ભેદ... આ અદ્વૈત છું એવો પણ એક વિકલ્પ છે. દ્વૈત-અદ્વૈત વિમુક્ત છે એ તો. અદ્વૈત છું, દ્વૈત છું—એવા વિકલ્પથી તે રહિત છે. એવા આત્માને... આહાહા! જેણે આત્માનું સંતપણું સાધન પ્રગટ કર્યું છે, જેને દ્વૈતાદ્વૈતરહિત અંતરંગ નિર્વિકલ્પ ચૈતન્યમય શાંતિ પ્રગટ થઈ છે, એને હું નમું છું. એવા આત્માને હું નમું છું, લ્યો. સમજાણું કાંઈ? નમન કરવાલાયક ગુણની પરિણતિ હોય કે નમન કરવાલાયક રાગની અવસ્થા હોય? સમજાણું કાંઈ? ચૈતન્યમય અભેદ શાંતિ નિર્મળ પરિણતિ એમાં જે છે, એમાં જે રહે છે, એવા આત્માને હું નમું છું. એમ મુનિરાજે પ્રમોદ જાહેર કર્યો છે. એવા ધર્માત્મા પ્રત્યે હું નમું છું, કહે છે, મારો પ્રમોદ જાહેર કરું છું. આહાહા! સમજાણું કાંઈ? હવે એની સામે.

**किं काहदि वणवासो कायकिलेसो विचित्तउववासो।**
**अज्झयणमोणपहुदी समदारहियस्स समणस्स॥ १२४॥**
**વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?**
**રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.**

વિશિષ્ટ ઉપવાસ લઈને... ઘણા-ઘણા ઉપવાસ વિશિષ્ટ પ્રકારના, મહિના-મહિનાના વિગેરે.

આહાહા! જેને ભગવાનને અવલંબે સમતા–વીતરાગી પરિણતિ પ્રગટ થઈ નથી, જેને પુણ્ય ને પાપના રાગ રહિત ત્રિકાળી ભગવાનને આશ્રયે સમતા–વીતરાગી પરિણતિ નિર્વિકલ્પ ચૈતન્યમય શાંતિ પ્રગટી નથી, કહે છે કે એવા સમતા વિના દ્રવ્યલિંગધારી... સાધુ છે બહારમાં, ૨૮ મૂળગુણ પણ છે, મહિના-મહિનાના અપવાસ કરે છે, જંગલમાં વસે છે, નગ્નપણે રહે છે, ત્રણેય ઋતુની પ્રતિકૂળતા સહન કરે છે. શિયાળો, ઉનાળો ને ચોમાસું... એવા દ્રવ્યલિંગધારી છે, પણ અંતરમાં સમતા પ્રગટી નથી. સમતા એટલે વીતરાગીભાવ. એટલે કે જેને ત્રિકાળી દ્રવ્યને આશ્રયે નિર્વિકલ્પ શાંતિ જોઈએ એ નથી. એ વિના આ બધું છે. આહાહા!

**ટીકા : અહીં (આ ગાથામાં), સમતા વિના દ્રવ્યલિંગધારી...** સમતાની વ્યાખ્યા પાછી કેવી છે? એ સમતા એટલે (બાહ્ય) સમાધિ એ નહીં. અંદરમાં વીતરાગ પરિણતિ અતીન્દ્રિય આનંદની અવિનાભાવી દશા એનું નામ સમતા. સમજાણું કાંઈ? પાઠ છેને **समतारहितस्य**? અંદરમાં સમતા નથી. પુણ્યના વિકલ્પ રહિત, પુણ્યના વિકલ્પની પાછળ જે અંતરને આશ્રયે સમતા, વીતરાગ આનંદ, સમતા સાથે અતીન્દ્રિય આનંદની દશા જોઈએ એ નથી. એકડો નથી. આહાહા! એ **દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને...** શ્રમણ જેવો દેખાય છે એમ કહે છે. શ્રમણ છે નહીં. **શ્રમણાભાસને કિંચિત્ પરલોકનું કારણ નથી...** આટલું-આટલું કરવા છતાં જરીએ આત્માના ધર્મનું સાધન નથી, એમ કહે છે. ધર્મનું સાધન નથી કહે છે. જરીએ નહીં. આહાહા!

ધર્મનું સાધન તો પહેલાં કહ્યા પાંચ બોલ (જે) સ્વદ્રવ્યને આશ્રયે થાય તે સાધન છે. પરદ્રવ્યને અનુસરીને જે વિકલ્પો ઉઠે એમાં જરીય ધર્મનું સાધન નથી. આહાહા!

ટીકા એવી ચોખ્ખી કે ઘા મારે ઓલામાં–વ્યવહારમાં. વ્યવહારથી પણ કાંઈ થાય, નિશ્ચયથી થાય—બેય મોક્ષના માર્ગ છે. અહીં કહે છે, તારી વ્યવહાર ક્રિયાકાંડ જરીએ ધર્મનું કારણ નથી. આહાહા! હવે દુકાન, ધંધા, બાયડી-છોકરા છોડીને એકલો ત્યાગી થયો, નાગો–નગ્ન થયો, મહિના-મહિનાના અપવાસ કરે, આહાર છોડે મહિના-મહિનાનો. અંતર જે જોઈએ એકડો એ ન મળે, કહે છે. ભગવાનને આશ્રયે, ચૈતન્ય ધ્રુવ એને અવલંબે એની પરિણતિ વીતરાગી શ્રદ્ધા, જ્ઞાનની (જોઈએ) એ નથી. એ વિનાના બધા મીંડા છે. આહાહા! **(અર્થાત્ જરાય મોક્ષનું સાધન નથી)...** જોયું! પરલોકનો અર્થ મોક્ષ. જરીએ સાધન નથી **એમ કહ્યું છે** આમાં. આવું આકરું લાગે.

**કેવળ દ્રવ્યલિંગધારી...** એમ કહ્યું પાછું. આવું હોય, નિશ્ચયની સમતા સહિત ભલે વિકલ્પ એવો વ્યવહાર હો, એ પણ બંધનું કારણ છે. અહીં તો કેવળ દ્રવ્યલિંગધારી... આહાહા! દ્રવ્યને આશ્રયે દૃષ્ટિ, જ્ઞાન, ચારિત્ર વિના એકલો દ્રવ્યલિંગધારી, ૨૮ મૂળગુણ પાળતો હોય, પંચમહાવ્રત હોય, એ **શ્રમણાભાસને સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત...** સમસ્ત કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત અને **મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ વિના...** મહા આનંદનું કારણ એવી પરમ સમતા... આહાહા! પોતે જ આનંદનું કારણ (અને) એ રાગ વિનાની દશા છે અને પૂર્ણાનંદનું પણ એ કારણ છે.

**મહા આનંદના હેતુભૂત પરમ સમતાભાવ વિના**... આહા! બધે 'મહા, પરમ' એવા શબ્દો વાપર્યા છે. ગહન વાતું લાગે સાધારણને. આ શ્લોક તો બે હજાર વર્ષ પહેલા બનેલો છે. એમાં પાઠ નથી આ **किं काहदि वणवासो?** ટીકા કરે છે એનો દોષ છે કે ટીકા બહુ આકરી કરી નાખી? પાઠમાં નથી આ **किं काहदि वणवासो?** શું કરે તને કાયક્લેશ? શું કરે તને વિચિત્ર ઉપવાસ? એમ નથી આવ્યું એમાં? શું કરે? એમ કહ્યું છે. શું તને કરે? આત્મા... વિચિત્ર ઉપવાસ હોય મહિના-મહિનાના, બબ્બે મહિનાના. **अज्झयणमोणपहुदी**.. શું કરે? તારા શાસ્ત્ર અધ્યયન ભણી-ભણીને ભણ્યો, પણ દૃષ્ટિ–સમકિત, સમતા તો છે નહીં. એય! આહાહા! મોહનભાઈ!

**अज्झयणमोण पहुदी,** પાછો. જેટલો વ્યવહાર ક્રિયાકાંડ બધો ભલે તારી પાસે હો. આહાહા! પણ એક ચૈતન્ય ભગવાનને અવલંબે (થતી) જે શાંતિ ને સમતા, સમ્યગ્દર્શન સમતા અને વીતરાગી પરિણતિનો અભાવ છે (તો) તારી બધી દ્રવ્યલિંગની ક્રિયાઓ જરીએ ધર્મનું સાધન નથી. સમજાણું કાંઈ? બધું નાખ્યું છે, અપવાસ ને શાસ્ત્ર-અધ્યયન બેય નાખ્યા છે. એમ નથી કે ક્રિયાકાંડવાળાને લીધા છે એકલા. એ ક્રિયાકાંડ જ છે, આખો દિ' શાસ્ત્ર, આ સાધવું, આ

કર્યું, ..... વિકલ્પની જાળ. આહાહા! સમજાણું કાંઈ? શું કીધું? 'તેથી શું', એ તો ઓલું અબદ્ધનું, કર્તા-કર્મ (અધિકાર, ગાથા ૧૪૨). અબદ્ધ છું, એક છું, શુદ્ધ છું, વ્યવહારે .. છું. ભાઈ! વ્યવહારનો નિષેધ કરતા જ આવ્યા છે, એમ કહે છે ત્યાં. પણ નિશ્ચયથી હું અબદ્ધ છું, શુદ્ધ છું, એક છું, તેથી શું? આવા વિકલ્પમાં આવ્યો તેથી શું? સમજાણું કાંઈ? આહા!

અહીં તો કાયક્લેશ એમ લીધું છે બધું. આહાહા! અપવાસ કરે મહિના-મહિનાના અને પાછા અપવાસ કરીને શાસ્ત્ર જ વાંચ્યા કરે. સમજાણું કાંઈ? મૌન રહે, બોલવાનું બંધ કરે. બોલવાનું બંધ કર્યું, પણ વિકલ્પને ક્યાં બંધ કર્યો અંદર? આહાહા! રાગની ક્રિયાની વિનાની મારી ચીજ છે એવી અંતર વસ્તુની દૃષ્ટિ ને સમતા વિના, અંતર દ્રવ્યને આશ્રયે થયેલી સમતા વિના બહારના આશ્રયે થયેલા તારી ક્રિયાકાંડના વિકલ્પ શું કરે તને? **किं काहदि किं करिष्यदि**.. તારા આત્માનું ધર્મનું સાધન શું થશે? આહાહા! કહો, સમજાણું કાંઈ?

**કર્મકલંકરૂપ કાદવથી વિમુક્ત મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ...** વર્તમાન દશાની વાત છે હોં. એ સમતા કેવી છે? મહા આનંદનો હેતુ છે અને કર્મકલંક કાદવથી વિમુક્ત છે. અસ્તિ-નાસ્તિથી વાત કરી. રાગાદિ કર્મકલંક એનાથી વિમુક્ત છે. સમસ્ત કર્મકલંક એટલે ક્રિયાકાંડનું કર્મ. એ કલંકરૂપી કાદવથી વિમુક્ત છે. આહાહા! સમયસાર, ૧૫૪ ગાથામાં તો એ જ લખ્યું છેને. વ્રત, તપ બધો કર્મ છે. ૧૫૪. ત્યાં 'કર્મ' શબ્દ જ વાપર્યો છે. વ્રત, પુણ્ય.... ઓલો કહે કે કર્મ એટલે જડની (વાત છે). અહીં તો વ્રતાદિ વિકારીભાવને જ કર્મ કીધું છે. ૧૫૪. બહુ સ્પષ્ટ. સમસ્ત કર્મકલંક એ વિકાર હોં. વિકાર–દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ કર્મકલંક ભાવ છે. એ રાગનું કર્મ એ કલંક છે, કહે છે. એવા **કર્મકલંકના કાદવથી વિમુક્ત**... એ મલિન પરિણામ હોં. અને **મહા આનંદના હેતુભૂત પરમસમતાભાવ**... **समतारहितस्य** ચોથા પદની વ્યાખ્યા કરે છે પહેલી.

ભગવાન આત્મા અનંત-અનંત જ્ઞાન ને આનંદનો મહાસાગર પ્રભુ એનો જેને અંતર ભેટો થયો નથી, જેણે અવલંબનમાં એ આત્મા લીધો નથી, જેના અવલંબનમાં રાગાદિના ભાવ જ વર્તે છે. આહાહા! એવા જીવને એટલે પરમાનંદ હેતુભૂત પરમસમતાભાવ વિનાના જીવને **(૧) વનવાસે વસીને...** એ વનમાં રહે. **વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી...** વનવાસે રહીને–વસીને, એમ. ગામમાં નહીં ને મકાનમાં નહીં. વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરે. ઝાડ હેઠે બેસે, માથેથી પાણી ઊંચેથી ટપક ટપક માથે પડતા હોય. કહો, સમજાણું કાંઈ? **વૃક્ષ નીચે સ્થિતિ**... વૃક્ષ નીચે બેસવાથી, એમ. ત્યાં મકાનમાં સ્થિતિ એમ ક્યાં કીધું છે? તેથી શું? કહે છે. તેથી શું? કહ્યું. આહાહા!

ભગવાન આત્માના તરફ જવું જોઈએ એ દૃષ્ટિ તો કરી નથી. એવી સમતા, મહાપ્રભુ જે મહા આનંદની સાથે સમતા પ્રગટે એવી સમતા તો છે નહીં. આહાહા! ઉપરની સમતા એટલી

હોય કે કોઈ લાખ-કરોડ ગાળ્યું દે, પણ ક્રોધ ન કરે. એ સમતા નહીં. સમતા તો, જે સમતાસ્વરૂપ પ્રભુ છે એને આશ્રયે પ્રગટેલી નિર્વિકલ્પ શાંતિ ને સમાધિ એ સમતા. જે અતીન્દ્રિય આનંદની સાથે સમતા પ્રગટી છે. **વર્ષાઋતુમાં વૃક્ષ નીચે સ્થિતિ કરવાથી**, લ્યો.

**ગ્રીષ્મઋતુમાં પ્રચંડ...** ઉનાળો. **ગ્રીષ્મઋતુમાં પ્રચંડ સૂર્યનાં કિરણોથી...** તીખા સૂર્યના કિરણ... ચૈત્ર મહિનો... **સંતપ્ત પર્વતના શિખરની શિલા ઉપર...** તપેલો હોય પર્વત આમ ધગ.. ધગ.. ધગ.. ધગ.. એના ઉપર જઈને બેસે. એના ઉપર **બેસવાથી...** છેને? સૂર્યના કિરણોથી સંતપ્ત પર્વતના શિખર ઉપરની શિલા... શિખર ઉપરની શિલા પર તો એકલો સૂર્ય જ હોય. તપ્યું જ હોય. કોઈ દિ' છાંયો આવે જ નહીં. ત્યાં જઈને બેસે તો પણ શું થયું? કહે છે. કહો, આવું બિચારા કરે.

શ્રોતા : અમારા માટે તો સારા જ છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય સારા નથી. પોતાને વિશેષ તીવ્ર મિથ્યાત્વ હોય એને એમ લાગે કે સારા છે, એ જુદી વાત છે. સમજાણું કાંઈ? અગૃહીત મિથ્યાદૃષ્ટિ હોય ને ઓલું ગૃહીત મિથ્યાત્વ ટળ્યું હોય. અગૃહીત મિથ્યાત્વમાં પડ્યો છે. એને પોતા કરતાં સારા લાગતો હોય તો ભલે લાગે એને. આહાહા! આ સાધારણ વાત નથી. અહીંયા પોપાબાઈના રાજ નથી કે પેસી જાય અંદર. આહાહા!

કહે છે કે ભગવાન આત્મા જે વીતરાગસ્વરૂપે, સમતાસ્વરૂપે બિરાજમાન છે એનું અવલંબન લઈને જેને સમતા, સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની સમતા, આનંદ સહિતની સમતા એ જેને નથી એ વનવાસમાં રહીને વર્ષાઋતુમાં અનશન કરે, સૂર્યના ગ્રીષ્મઋતુમાં કિરણ સહન કરે **અને હેમંતઋતુમાં રાત્રિમધ્યે...** શિયાળામાં ઝપટ પવન વાતા હોય અને હેમંતઋતુમાં તળાવની કાંઠે બેઠો હોય. પાંચ-દસ જોજનમાં તળાવ.. તળાવ હોય અને એમાં પવન વાતો હોય, નગ્ન બેસે આમ તળાવની પાળીએ ખૂલ્લે. **દિગંબરદશાએ...** નગ્નદશા, એમ. **રહેવાથી...** શું છે પણ એને? ગામમાં, આહાર વહોરવા જાય ત્યારે જાય ગામમાં. એથી શું? અંદર ગામમાં ગયો નથી. અનંત ગુણરૂપ સમાસ પ્રભુ આત્મા એમાં ગયો નથી તો ગામમાં જઈને રખડે છે, ભિખારી જેવો છે કહે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! ભારે કામ ભાઈ! વીતરાગમાર્ગ આવો છે. જેને સાંભળવા મળે નહીં, એને વિચારવામાં ક્યારે આવે, અનુભવ કે દિ' થાય?

એવી રાત્રિમધ્યે હોં પાછું. હેમંતઋતુમાં રાત્રિમધ્યે... ઠંડી હવા (વાય). દિવસે તો સૂર્ય તપે. એવા દિગંબરદશાએ રહેવાથી શું થયું? કહે છે. એના ફળ શું? આ બધું ધર્મસાધન નથી એમ કહે છે. ભગવાનજીભાઈ! ભારે વાતું આકરી હોં. અંતર આત્મા વિકલ્પની ક્રિયાની પાર... પંચમહાવ્રત, દયા, દાન વિકલ્પો રાગ છે. એનાથી પાર ચૈતન્ય ભગવાન એનામાં ગયો નથી,

એને સ્પર્શ્યો નથી, એનો અનુભવ કરતો નથી, કર્યો નથી અને આ ક્રિયાકાંડ એકલી કરે, એથી શું થયું? એમાં ક્યાં ધર્મ રહ્યો? એ ધર્મની સામગ્રી જ નથી. આહાહા!

ધર્મની સામગ્રી તો પહેલી ગાથામાં કીધી એ. અંતરના અવલંબે તત્પર થઈને અંદર આત્મામાં અધ્યાત્મમાં રહેવું એ ધર્મની સામગ્રી છે. ધર્મી એવો ભગવાન એની ધર્મની દશા(રૂપ) સામગ્રી એની નિર્મળ વીતરાગી પર્યાયમાં છે. આહાહા! આવી ચોખવટ! એક-એક ગાથાએ વ્યવહાર ને નિશ્ચયના ફડચા કરી નાખ્યા છે. શાસ્ત્ર વાંચ્યા કરે, કાંઈ હાથ ન આવે. હમણા ભાઈ એક આવ્યો હતોને. કહે, તપની મહિમા ગાઈ છેને. રતનભાઈ હતો... એ તો તરત નરમ પડી ગયો જરી. ક્યા તપની મહિમા? મિથ્યાતપ એટલે આ તપ. મિથ્યાદર્શનમાં તપ વળી કેવું? પ્રત્યક્ષ દેખાય, અપવાસ કરે, શરીર જીર્ણ થઈ ગયું.

જુઓને! કહે છેને **(૨) ત્વચા અને અસ્થિરૂપ થઈ ગયેલા**... અપવાસ કરતાં કરતાં હાડકા રહી ગયા એકલા. (હાડકાં) ખડખડે. આહાહા! અમારે ભાઈ હતાને સુખલાલજી. બહુ અપવાસ. અઠ્ઠમ-અઠ્ઠમના ઉપવાસ. અઠ્ઠમને પારણે પણ પાછું ઘી, સાકર, ગોળ નહીં. લૂખું. અઢી વર્ષ કર્યા. બે વર્ષ અઠ્ઠમ.... નરશીભાઈ આવ્યા હતા. ઓલા નરશીભાઈ છે ડોક્ટર જૂનાગઢવાળા. ત્યાં આવ્યા દર્શન કરવા તે દિ'. સુખલાલજીનું અઠ્ઠમનું પારણું હતુંને. શરીર ઝીર્ણ થઈ ગયેલું. નરશીભાઈ આવ્યા હતા. નરશીભાઈને પૂછ્યું, કેમ નરશીભાઈ? હવે ક્યાં સુધી આ શરીર રહેશે? કહે, હજી વાર છે. હજી તો હાડકાં ખડખડે..

એવું આવે છે ધન્ના અણગારના અધિકારમાં, શ્વેતામ્બરમાં. ઉઠે તો હાડકાં ખડખડે, બેસે તો ખડખડે. ... પારણા કરતા. ..... શું કહેવાય? અનુત્તરવાય આવે છેને બાર અંગમાં. એમાં અધિકાર આવે છે ધન્ના અણગારનો. પ્રસિદ્ધ છે એ લોકોમાં. મોટો ગૃહસ્થનો દીકરો. એને ક્રિયાની જ વાતું છેને ત્યાં. ત્યાં તત્ત્વની દૃષ્ટિ અંદર ક્યાં છે? ઉભા થાય ત્યાં કોલસાનું ગાડું જેમ ખડખડે... કોલસાનું ગાડું જેમ ચાલતા ખડખડે, ઊભું રાખો તોય ખડખડે, ચાલે તોય ખડખડે, ઊભું રાખો તો ખડખડ થાય.... એમ આ હાડકાં એવા થાય કે ઊભા થતાં ખડખડે, બેસતાં ખડખડે, ત્યારે સમજવું કે હવે શરીર છૂટશે એમ. ત્યારે વધારે તપસ્યા કહેવાય. અહીં કહે, લાંઘણું છે બધી. આહાહા!

**(માત્ર હાડ-ચામરૂપ) થઈ ગયેલા...** ઠીક. માંસ આમ ખલાસ થઈ ગયું, એકલું ચામડું ને હાડકું. એવા અપવાસ કરી કરીને કર્યા હોય ત્યારે? તોય કહે છે કે એ તારી ધર્મક્રિયા નહીં. ધર્મ તો વીતરાગી આત્મદ્રવ્ય વસ્તુ ભગવાન આત્મા એને આશ્રયે પ્રગટેલી સમતા ને શાંતિ નિર્વિકલ્પ પરિણતિ એ ધર્મ છે. આ બધું એ ધર્મ છે નહીં. આહાહા! વ્યવહારના અર્થીઓને તો ઘા વાગી જાય એવું છે. **આખા શરીરને ક્લેશદાયક મહા ઉપવાસથી...** જોયું! ક્લેશ છે કહે છે. ઘણા અપવાસ કર્યા, પણ આમ શાંતિ તો છે નહીં, વસ્તુની દૃષ્ટિ તો છે નહીં. સમ્યગ્દર્શન વિના,

આત્માના આનંદના અનુભવ વિના છે એટલે આવા અપવાસમાં ક્લેશ હોય. ક્લેશ જ છેને. આનંદ ને શાંતિ તો છે નહીં. દ્રવ્યને આશ્રયે પ્રગટે એવી સમતા તો છે નહીં. કર્યું આ રાગ. રાગ કરે એ ધર્મ છે? આહાહા!

હવે ચામડા ને હાડકા બે રહ્યા. માંસ ને ચરબી ઉડી ગયા અંદરથી, પણ મિથ્યાત્વ ઉડ્યું નહીં. આહાહા! ભારે ગાથા લીધી છે, નહીં? તારો વનવાસ શું કરે? એમ કરીને (કહે છે), મુનિ હોય છે વનવાસમાં. પણ તારો વનવાસ શું કરે ત્યાં? આહાહા! ભગવાન આનંદનો નાથ પ્રભુ તને નજરે ન પડ્યો, એની શ્રદ્ધા ને જ્ઞાનમાં શાંતિ, સમતા પ્રગટવી જોઈએ એ તો છે નહીં અને આ બધી ક્રિયાકાંડમાં મશગૂલ થઈ ગયો, ચામડાં ને હાડકાં બે રહી ગયા, પણ મિથ્યાત્વ ભેગું રહી ગયું. કહો, સમજાણું કાંઈ? ભારે! આટલું બધું વર્ણવ્યું હોય તો આકરું લાગે. પાઠમાં છેને, કાયક્લેશ આવે છેને. એવો કાયક્લેશ.. આહાહા! વિચિત્ર ઉપવાસ એનો અર્થ છે. આખા શરીરને ક્લેશદાયક આમ.. આંખ્યુના તેજ ઉડી જાય, પગમાં ચાલવાની શક્તિ રહે નહીં, ઓઠિકણ લે તો હાડકાંને ભીંત નડે, હેઠે બેસે તો જમીન નડે, કપડું તો હોય નહીં, દિગંબરદશા છે. આવા શરીર ઝીર્ણ થાય તો પણ તને લાભ નથી.

જ્ઞાનાનંદ પ્રભુ આત્મા એના અવલંબન ને આશ્રય લીધા વિના તારી બહારની આ બધી ક્રિયાકાંડ રણમાં પોક મૂકવા જેવી છે. રાગની ક્રિયા છે. કહો, ભીખાભાઈ! આહાહા! મહા ઉપવાસ કીધોને. શબ્દ જુઓને! 'વિચિત્ર અપવાસ' છેને? મહા ઉપવાસ એટલે એકને પારણે બે, બેને પારણે ત્રણ, ત્રણને (પારણે) ચાર, છ, આઠ, દસ ને વીસ. ચાલ્યે જાય છ-છ મહિનાના ઉપવાસ. ધૂળમાં શું કર્યું હતું? આહાહા! જે કરવાનું છે એ કર્યું નહીં અને નહીં કરવા (જેવું) કરવામાં રોકાઈ ગયો. એ કાંઈ ધર્મના સાધન નથી. ધર્મનું સાધન તો પૂર્વે કહ્યું એ છે. આ બધા રાગના સાધન છે. સમ્યગ્દર્શન ને અંદરની દૃષ્ટિના ભાન વિના ક્લેશદાયક છે, કહે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક સુદ-૯, બુધવાર, તા. ૧૫-૧૧-૧૯૭૨
## ગાથા-૧૨૪-૧૨૫, શ્લોક-૨૦૨, પ્રવચન નં. ૧૪૮

આ નિયમસાર, પરમ-સમાધિ અધિકાર. સમાધિ કહો કે સામાયિક કહો કે સમતા (કહો).... એનો અર્થ છે આ. (ગાથા) ૧૨૪. કહે છે કે જેને સમતા નથી... સમતા એટલે? ત્રિકાળી સ્વરૂપી આત્માનું અવલંબન લઈને જેણે પરમ આનંદ સહિતની સમતા પ્રગટ કરી નથી, એવા જીવો કાયક્લેશ આદિ કરે, અપવાસ આદિ કરે, શરીર જીર્ણ થઈ જાય, વનવાસમાં રહે તોપણ એને કાંઈ આત્માનો લાભ નથી. લાભ નથી, પણ સંસાર છે એ છે. આહાહા! અનંતકાળનો સંસાર, પરિભ્રમણનો ભાવ... વિષમભાવ એટલે મિથ્યાત્વભાવ અનાદિથી છે. બાર ગાથામાંથી બે ગાથામાં 'સમાધિ' શબ્દ વાપર્યો, એકમાં 'સમતા', નવમાં 'સામાયિક'. સામાયિક આ દુનિયા કહે ને માને એ સામાયિક નહીં. એ સામાયિક નથી એને સામાયિક અજ્ઞાની માને છે.

અહીં તો સામાયિક (એટલે) સમતાનો આય-લાભ, વીતરાગીભાવનો લાભ એને સામાયિક કહીએ. એ વીતરાગીભાવની સાથે અતીન્દ્રિય આનંદ, મહા આનંદ પણ હોય છે. અતીન્દ્રિય આનંદ હોય. આત્માનો જે ત્રિકાળી અતીન્દ્રિ આનંદસ્વભાવ એનો આશ્રય લઈને જેણે વીતરાગતા ને આનંદ સહિત સમતા, સમાધિ પ્રગટ કરી એને ધર્મ હોય. આહાહા! સમજાણું કાંઈ? એના વિના... છેને એમાં આવી ગયું છેને. **મહા આનંદના હેતુભૂત પરમ-સમતાભાવ વિના...** પહેલી લીટી આવી ગઈ છે. બીજી લીટી ટીકાની. મહા આનંદ.... આ સંપ્રદાયના સામાયિક ને પોષા ને પડિકમણા કરે એ તો બધી રાગની ક્રિયા છે. મિથ્યાત્વ સહિત પુણ્યની ક્રિયા છે. એ સામાયિક પણ નહીં ને એ ધર્મ પણ નહીં.

ધર્મની સામાયિક, પરમાત્મા તીર્થંકરદેવ કેવળજ્ઞાની ત્રિલોકનાથ એમ કહે છે કે અંતરમાં ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ છે, એ આનંદમાં એકાગ્ર થઈને જેને આનંદ સહિત સમતા-વીતરાગભાવનો લાભ મળ્યો એ ભાવને સામાયિક કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? અત્યારે તો દસ-આઠ વર્ષની છોકરી પંચરંગી સામાયિક ને પાંચ સામાયિક ને દસ સામાયિક (કરે). અમારે બોટાદમાં તો વળી સામાયિકનું માસખમણ કરતા. સામાયિકનું માસખમણ સમજાણું? ૩૦ સામાયિક એકસાથે. કાંઈ ખબર ન મળે. કોને કહેવી સામાયિક ને કોને કહેવો ધર્મ?

૨૪ કલાક બેસેને એટલે ૨૪ થઈને. બે ઘડી. ૩૦-૩૦ થઈ. એથી વધારે કરતાં અમારે પોપટભાઈ. સવારે વહેલા આવે, ચાર વાગ્યેથી માંડે તે આખો દિ' ને આખી રાત, તે બીજે દિવસે આઠ વાગે સુધી. ઘણું થઈ ગયું, ૨૮ કલાક. પોપટભાઈ હતા એક સાયલાવાળા.

ઝાંઝીયાના જમાઈ ત્યાં રહેતા. હોંકારો આપતા. .... કરે. રાત્રે ચાર વાગે આવે, ત્યારથી આખો દિ, આખી રાત, બીજે દિ' વ્યાખ્યાન સુધી સામાયિક કરે. લ્યો, એ સામાયિક નહીં, એ તો થોથાં છે. એ તો, પરનો ત્યાગ કરું છું ને રાગની ક્રિયા મારી છે એવી માન્યતા સહિત મિથ્યાત્વ મહા વિષમભાવ એકલો છે. વિષમભાવમાં રહેલો છે એ તો. વિષમ એટલે મિથ્યાત્વભાવ. રાગના પરિણામ.. હજી રાગના પરિણામ મારા છે..... એની ખબર ક્યાં? કોને કહેવો રાગ એની ખબર ક્યાં છે? આહાહા!

અહીં તો પરમાત્મા વીતરાગ કહે છે કે **મહા આનંદના કારણભૂત પરમસમતાભાવ વિના**... તારું વનવાસ રહેવું અને ચોમાસામાં વૃક્ષની નીચે રહેવું, ઉનાળામાં સૂર્યના કિરણો (ઘણાં) એવા પર્વત ઉપર રહેવું અને શિયાળામાં રાત્રિ વિશે દિગંબર–નગ્નદશાએ તળાવને કાંઠે, નદીને કાંઠે રહેવું. એ અંતર દૃષ્ટિ ને સમતા વિના, આત્મા આનંદમૂર્તિ પ્રભુ એની અંતર દૃષ્ટિ વિના અને એનામાં લીનતા ને શાંતિ વિના એ બધું તારું નિરર્થક છે. સમજાણું કાંઈ? કહો, સુજાનમલજી! (બાલપન) ખેલમેં ખોયા. આહાહા! વનવાસ. એક બોલ.

**(૨) ત્વચા અને અસ્થિરૂપ...** હાડકાં દેખાય એટલા વિચિત્ર અપવાસ કરે. એ બીજો બોલ છે. કાયક્લેશ... એમ કરીને એક (બોલ) નાખ્યો. વનવાસમાં રહે, ચાહે તો કાયક્લેશ (કરે), હાડકાં દેખાય એટલા અપવાસ કરે, પણ અંદર આત્મા આનંદમૂર્તિ પ્રભુ એની અંદરના આશ્રય વિના, અવલંબન વિના એ બધો વિષમભાવ છે. એ ધર્મદાસજી! કેટલી સામાયિક કરી હશેને. ઘણી કરી છે. આહાહા! ખબર ન મળે. નથી સાધુને ખબર, નથી એના માનનારને કે કોને કહેવી સામાયિક. બસ! લ્યો..... આહાહા!

કહે છે કે **(૩) સદા અધ્યયનપટુતાથી (અર્થાત્ સદા શાસ્ત્રપઠન કરવાથી)...** શાસ્ત્રનું પઠન આખો દિ' ને રાત્રિ કર્યા કરે. એ તો બધો વિકલ્પ છે, રાગ છે. આહાહા! આત્મા અંતર આનંદસ્વરૂપ જે પરમાત્મા તીર્થંકરદેવે કહ્યો, એવા આનંદના અંતરમાં ભેટા વિના સમતા પ્રગટ થાય નહીં ને સમતા સાથે આનંદ પણ આવે નહીં. એ જાદવજીભાઈ! સામાયિક તો કરી હશે ને? ઘણી કરી. મોટા શેઠિયા કહેવાય તો હોય જ ને. આહાહા! સમજાણું કાંઈ? એવા શાસ્ત્ર ભણતર ભણીને પણ, રાત ને દિ' શાસ્ત્ર ભણે અને મૌન રહે.

**અથવા (૪) વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિસ્વરૂપ...** બોલવું નહીં, મૌન રહેવું. એથી શું? એ તો બાહ્યની ક્રિયા થઈ. રાગ મંદ હોય તો મિથ્યાત્વ સહિત છે, ઝેર મિથ્યાત્વનું તો સાથે પડ્યું છે, વિષમભાવ છે. રાગ છે એ મારું કર્તવ્ય છે, રાગથી મને ધર્મ થાય છે. છે તો રાગ. કહો, ભીખાભાઈ!

શ્રોતા : જી પ્રભુ! આપ સિવાય તો બધે અંધારું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : આત્મા સિવાય બધે અંધારું છે એમ કહે છે અહીં તો. આહાહા!

વચન સંબંધી વ્યાપારની નિવૃત્તિ **સતત મૌનવ્રતથી,** એમ સતત. વર્ષોના વર્ષો મૌન રહે. સાધુ એક હતો, નહીં? આપણે ગયા હતા ત્યાં મૌન હતો. નહોતો સાધુ-બાવો? મૌન હતો. વ્યાખ્યાન વાચ્યુંને. ક્યાં? હુમટી. હુમટી ને? એના મઠમાં (વ્યાખ્યાન) રાખેલું. હુબલી.. હુબલી. હુબલીનો. હા, એ. એનો આચાર્ય આવ્યો હતો, મુંગો હતો એ. આમ ... હતો. બધા બાવા સાંભળવા બેઠા. બાવામાં એક જણો હતો એ ખુશી થતો હતો. ઓહો! બિચારાએ સાંભળ્યું ન હોય. જૈનને ખબર નથી ત્યાં અન્યને તો બિચારાને ક્યાંથી (ખબર હોય)? આહાહા! જૈનના વાડામાં જન્મ્યાને સામાયિક કોને કહેવી એ ખબર ન મળે. અહીં તો પરમાત્મા, કહે છે કે પ્રભુ આત્મા સમતા ને વીતરાગતાનો પિંડ પ્રભુ આત્મા છે. એને અંતરમાં અવલંબીને, એનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય મહા આનંદ સહિત સમતા, અતીન્દ્રિય આનંદનો અનુભવ આવે એને ભગવાન સામાયિક કહે છે. કહો, સમજાણું આમાં?

**અર્થાત્**... એ ચાર કીધા એ વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિરૂપ સતત મૌનવ્રત... **શું જરાય ઉપાદેય ફળ છે?** જુઓ! શું જરાય ઉપાદેય ફળ છે? એમાં પ્રસન્નતા કરવાલાયક કોઈ ચીજ છે? એમ કહે છે. કેટલા અપવાસ કરે, શરીર ઝીર્ણ કરી નાખે, વનવાસમાં રહે, ઉનાળામાં પર્વતની ટોચે રહે, ચોમાસામાં વૃક્ષની નીચે રહે, શિયાળામાં તળાવને કાંઠે નગ્ન દિગંબર થઈને રહે. એનું કાંઈ ફળ છે પ્રસન્ન કરવાલાયક? એમ કહે છે. સમજાણું કાંઈ? એ બધી કાયક્લેશની ક્રિયાઓ રાગ મંદ હોય તો. એ સામયિક નહીં, એ સમતા નહીં, એ સમ્યગ્દર્શનની ક્રિયા નહીં. આહાહા! **શું જરાય ઉપાદેય ફળ છે? (અર્થાત્ મોક્ષના સાધનરૂપ ફળ જરાય નથી.)**

ભારે આકરું પડે. આવા અપવાસ કરે બિચારા, કહે છે, શરીર સુકાય. વર્ષીતપ કરે લ્યો શેઠિયામાં. એક દિ' ખાવું ને એક દિ' અપવાસ. એ ખાય એવી રીતે કે બીજે દિ' સરખાઈ (રહે), ન મળે તો વાંધો નહીં. સુખડી સાંજે ખાય, ... ખાય, ત્યાં બીજે દિ' ભૂખ લાગે ત્યાં પાછો આહાર (ભળે). પણ આ તો કોઈ એ રીતે પણ ન કરે લ્યોને. એ દેખાય નહીં એવી જાતનું આ શલ્ય છે. એ શું વસ્તુ છે? એ તો લાંઘણું છે. આહાહા! સર્વજ્ઞ પરમાત્માએ કહેલો અતીન્દ્રિય આનંદમય આત્મા એના અંતરના અવલંબન ને આશ્રય વિના, એને ધ્યેય બનાવીને સમતા ને સમ્યક્ પ્રગટ કર્યા વિના એ બધું ધ્યેય એનું નિરર્થક છે. આહાહા! સમજાણું કાંઈ? એમ ને એમ જીંદગીયું જાય કેટલાકની. ૬૦-૬૦-૭૦ વર્ષ વયા ગયા લ્યો.

**(શું) જરાય ઉપાદેય ફળ છે?** લે! આટલા ઉપવાસ કરે, ચામડા રહે, શરીર સુકાઈ જાય, વનમાં રહે, તડકે બેસે આમ, ધોમ તડકે ડુંગર ઉપર આમ તડકે, કિરણો આવતા હોય, પરસેવે રેબઝેબ, એમાં પવનની ઝપટ વાગે, ધૂળ્યું ઉડે, ધૂળ ચોંટે. એ બધી કાયક્લેશ છે, સાંભળને! ભગવાન સર્વજ્ઞદેવે જે આત્મા પરમાનંદસ્વરૂપ વીતરાગસ્વરૂપ સમતાનો પિંડ (જોયો). આહા! આ તો કહેશે, આગળ કહેશે, સમતાનું કૂળમંદિર. એવી સમતા... 'કુળમંદિર' કહેશે આગળ.

એનું કુળ એટલે આત્માના કુળનું એ મંદિર છે સમતા રહેવાનું. શાંત.. શાંત.. જેમાં પુણ્ય-પાપનો વિકલ્પ–રાગ પણ નથી એવી દશાને ભગવાન સામાયિક કહે છે. એવી સામાયિક તો અહીં સાંભળી ન હોય ૬૦ વર્ષ, ૭૦ વર્ષ સુધી. નહીં શિવલાલભાઈ? સાંભળી હતી આ? નહીં. અહીં તો (કહે છે), જરાય ઉપાદેય ફળ છે? પણ થોડું સાધન ખરું કે નહીં? સાધન હોય તો ફળ ઉપાદેય થયું. એ સાધન છે જ નહીં. પહેલા સાધન કહ્યા હતાને ત્યાં? (શ્રોતાઃ શુદ્ધતા સાધન છે). એ સાધન છે. આ સાધન છે? આ તો રાગનું સાધન છે. આહાહા!

મિથ્યાત્વ સહિત... સમતાથી વિરુદ્ધ મિથ્યાત્વ.. મિથ્યાત્વ નામ દેહની ક્રિયા મારી, આહાર હું છોડી શકું છું, રાગ એ મારું કર્તવ્ય છે—એવી જે દૃષ્ટિ મિથ્યાત્વ વિષમભાવ છે. એને સમભાવ જરીએ નથી. આહાહા! સમજાણું કાંઈ? આમ તો બોલે ગડિયો. લોગસ્સમાં આવે છે. અર્થેય ન આવડે એને. 'સમાહિવરમુત્તમં દિંતું.' કોને કહેવી સમાધિ? એના અર્થ તને આવડે? અર્થ બધા આવડે નહીં. તો શું ગડિયો બોલ્યો તું? 'સમાહિવરમુત્તમં દિંતું.. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતું.' ગડિયો હાંક્યે જાય, અર્થની ખબર ન મળે, ભાવની ખબર ન મળે. સમજાણું કાંઈ? એ સમાધિની વ્યાખ્યા છે અહીં.

સમાધિ એટલે આધિ, વ્યાધિ ને ઉપાધિ રહિત આત્માની શાંતિ એનું નામ સમાધિ. ઓલા બાવા-બાવા કરે એ નહીં હોં. આ તો વીતરાગમાર્ગમાં સર્વજ્ઞમાર્ગમાં... ..... મોડા આવ્યા થોડા. કહો, સમજાણું કાંઈ? કહે છે કે આહાહા! આટલું બિચારા કરે તોય, કહે છે કે પસંદ કરવાલાયક તારી વાત નથી. લ્યો. છગનભાઈ! છેને. પસંદ કરવા જેવું, વખાણવા જેવું... બહુ અપવાસ કર્યા આહાહા.. આત્માનું અંતર સમ્યગ્દર્શન... પુણ્ય ને પાપના વિકલ્પ વિનાનો આત્મા એના અંતરના ભાન વિના એને સમતા આવે નહીં અને આનંદ આવે નહીં. એ વિના બધું થોથે-થોથાં છે, રખડવાના છે એ. ચાર ગતિમાં રખડવાના છે બધા.

**એવી રીતે (શ્રી યોગીન્દ્રદેવકૃત) અમૃતાશીતિમાં (૫૯મા શ્લોક દ્વારા) કહ્યું છે કે :–** ઉપર કળશ છે.

**गिरिगहनगुहाद्यारण्यशून्यप्रदेश-**
**स्थितिकरणनिरोधध्यानतीर्थोपसेवा-।**
**प्रपठनजपहोमैर्ब्रह्मणो नास्ति सिद्धिः**
**मृगय तदपरं त्वं भोः प्रकारं गुरुभ्यः॥**

ગુરુ એમ કહે કે તું આત્માના આનંદને આશ્રયે જા. એમ કહે છે એ. આહાહા! ગુરુનો ઉપદેશ આવો હોય, એમ કહે છે. અજ્ઞાની રાગને આશ્રયે જઈને ધર્મ મનાવે એ ગુરુ નહીં, સાધુ નહીં, સમકિતી નહીં, મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. સમજાણું કાંઈ? જૈનના સાધુ અથવા સમકિતી ગુરુ એનો ઉપદેશ એવો હોય છે કે શરીર અને વાણી મન વિનાનો, પુણ્ય ને પાપના

વિકલ્પ વિનાનો તારો આત્મા એનો આશ્રય કર તો ધર્મ થાય. એમ ગુરુ કહે. રાગની ક્રિયાથી ને અપવાસની ક્રિયાથી આત્માના ભાન વિના ધર્મ થાય એમ જે કહે તે ગુરુ નહીં, કુગુરુ છે. સમજાણું કાંઈ? વીતરાગ પરમાત્મા તીર્થંકરદેવ સો ઇન્દ્રના પૂજનિક પ્રભુના આવા કહેણ છે. ખબર ન ન મળે ને જિંદગી ચાલી જાય બફમમાં ને બફમમાં. અમે કાંઈ સમજીએ છીએ, અમે કાંઈ ધર્મ કરીએ છીએ. આહાહા!

કહે છે, **શ્લોકાર્થ : પર્વતની ઊંડી ગુફા વગેરેમાં...** પર્વતની ઊંડી ગુફા... આઘે-આઘે ક્યાંય પગરવ તો નહીં, પણ અવાજેય નહીં. માણસનો પગરવ–પગનો અવાજ તો નહીં, પણ શબ્દનો અવાજ ન આવે એમ ગુફામાં ઊંડે-ઊંડે જઈને ધ્યાન કરે. ધ્યાન ઊંડે જઈને કરે, પણ આ આત્માના ભાન વિના શું (થાય)? સમજાણું કાંઈ? **કે વનના શૂન્ય પ્રદેશમાં...** વનનો શૂન્ય પ્રદેશ, એકલા બાવળ–બાવળીયા હોય. આંબા આદિ હોય વળી ત્યાં તો કોકિલ કે પંખી પણ આવે ખાવા. બાવળમાં શું ખાવું હોય? એવા બાવળ વનનો પ્રદેશ ત્યાં જઈને બેસે. **ઇન્દ્રિયનિરોધથી..** પાંચ ઇન્દ્રિયનો નિરોધ કરે. કાને સાંભળવું, આંખે જોવું બંધ કરી દે. **ધ્યાનથી...** ધ્યાન કરે. શેનું? અંદરમાં રાગનું. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. એ તો રાગ છે બધો. 'ણમો અરિહંતાણં' વાણી છે, જડ છે, એમાં વિકલ્પ ઉઠે એ તો રાગ છે. સમજાણું કાંઈ?

એવા ધ્યાનથી પણ શું થયું તને? કહે છે. **તીર્થસેવાથી...** તીર્થસ્થાનમાં રહેવું, સમ્મેદશિખરની તળેટીમાં રહેવું સદાય, શેત્રુંજયની તળેટીમાં રહેવું. ત્યાં ક્યાં તીર્થ હતું? તીર્થ તો અહીં છે. એ તો વ્યવહારતીર્થ, શુભભાવમાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? તરવાના ઉપાયનું સ્થાન તો ભગવાન અંદર તીર્થ પોતે છે. એની તો ખબરું ન મળે ને બહારની તીર્થસેવા... એમ કે ત્યાં તીર્થમાં રહીએ પછી થોડો ધર્મ થાય તો ત્યાં ... આવે. ચેતનજી! ત્યાં તીર્થ કરીને ગમે તેવો સાધુ હોય એને આહાર વહોરાવે તો ઘણું ફળ થાય. શેત્રુંજય મહાત્મ્યમાં છે. ગપેગપ છે બધું. 'શેત્રુંજયનું મહાત્મ્ય' (પુસ્તક) છે. એની જાત્રા કરે, જાત્રા કરીને ઉતરે, ગમે તેવો સાધુ હોય એને આહાર-પાણી વહોરાવે તો એનો સંસાર ઘટી જાય. એવું કાંઈક છે. ધૂળેય નથી તારા...

આ તીર્થ તો આત્મા, તરવાના ઉપાયનું સાધન તો આત્મા છે. એવો અખંડાનંદ પ્રભુ એની ઉપર ચઢ્યા વિના, એનો આશ્રય લીધા વિના તારી એકલી તીર્થસેવા ધૂળમાંય નથી કાંઈ. આહાહા! ભારે કામ ભાઈ! શું હશે? આવો માર્ગ વીતરાગનો હશે? અત્યાર સુધી કેમ અમે સાંભળ્યો નહીં? જ્યાં હોય ત્યાં બધા આમ કહે છે કે ફલાણું લઈ લ્યો. સ્થાનકમાં જાય તો અપવાસ કરો, દયા પાળો, દયા પાળો. કોની દયા? પરની દયામાં તો રાગ છે, શુભરાગ છે. એ પણ પરની દયા કાંઈ પાળી શકે છે આત્મા? આહાહા! સમજાણું કાંઈ? વ્રત લ્યો. કાંઈપણ

આશ્રય વિના ન રહેવું. કોને કહેવા પ્રત્યાખ્યાન? આત્મા અખંડાનંદ પ્રભુ એનું આવલંબન લીધા વિના ત્રણ કાળમાં ધર્મનો અંશ પ્રગટ થાય નહીં, ગમે એવી ક્રિયાકાંડ બહારની આવી કરે, મરી જાય, સુકાઈ જાય તોય. એવો માર્ગ છે.

તીર્થના સ્થાનમાં વસવાથી... 'સેવાથી' એમ કીધુંને? અને **પઠનથી...** શાસ્ત્રનું ભણવું. વાંચેવાંચ પાના... આખો દિ'. **જપ...** જપ. ભગવાનનો જપ કરે ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં પંચપરમેષ્ઠીનું સ્મરણ. પાંચ પરમેષ્ઠીનું સ્મરણ એ તો રાગ છે, એ તો વિકલ્પ છે. ધર્મ ક્યાં આવ્યો ત્યાં? સમજાણું કાંઈ? આકરી વાત છે હોં. જૈનમાં જન્મેલાને ખબર ન મળે, તો અન્યમાં તો છે જ ક્યાં આ વાત? આહાહા! કહે છે કે **જપથી અને હોમથી...** સ્વાહા.. આ બધું પૂજા-બૂજા થઈ જાય પછી ... કરે, હોમ કરે. ધૂપ નાખે આમ. અગ્નિમાં નાખેને ધૂપ સ્વાહા.. કર્મ બળી જાય. ધૂળેય નહીં બળે, સાંભળને! ધૂપ બળે. ઝીણી જીવાત મરે. એવા ઝીણા મચ્છર હોય બિચારા એ અગ્નિમાં બળે.

આત્મા... કહે છે કે એવા હોમથી પણ **બ્રહ્મની (આત્માની) સિદ્ધિ નથી...** આત્માની મુક્તિ એનાથી છે નહીં. આહાહા! છે કે નહીં અંદર? દિવાળીના નામા વાણિયા મેળવે છે કે નહીં? કેટલું લેણું-દેણું આપણી સાથે. જુઓ! કાઢો તમારું ખાતું.... ભગવાનનો ચોપડો કાઢો, એમાં શું કીધું છે? સમજાણું કે નહીં? દિવાળી હોય, વાણિયા નવરા થઈને ઓલો દશેરાને દિ'. દસ લાખની મૂડી હતી, આ વખતે બે લાખ પેદા કર્યા, ૨૫ હજારનો ખર્ચ થયો, પોણા બે લાખ વધ્યા. એ જાદવજીભાઈ! ધૂળ વધ્યા નથી, સાંભળને! પાપના ભાવ તેં કર્યા. આહાહા! અહીં તો કહે છે કે એ બ્રહ્મની સિદ્ધિ મુક્તિ આવાથી નથી. આહાહા! બ્રહ્મ નામ આત્મા.

**માટે, હે ભાઈ! તું ગુરુઓ દ્વારા તેનાથી અન્ય પ્રકારને શોધ.** ગુરુ તને કહેશે કે ક્રિયાકાંડથી ભિન્ન છે આત્મા. એ એમ કહેશે કે મારી સામું જોવું મૂકી દે ને તારી સામું જો. એમ એ કહે છે. ગુરુ એને એમ કહે, આ બધી ક્રિયાકાંડો રાગ છે. અમારું સ્મરણ કરવું એ રાગ છે, એનો અર્થ એ થયોને. આવ્યું, જપમાં આવી ગયું એ. આમાં કાંઈ ચાલે એવું નથી. જુઓને! શું કહે છે? કહેવાનો આશય એમ છે કે જે ગુરુ ધર્માત્મા એને એમ કહે કે આ બધા વિકલ્પની ક્રિયાથી પાર પ્રભુ અંદર છે, ચૈતન્યમૂર્તિ પરમાત્મા પોતે સ્વરૂપે છે, એની શ્રદ્ધા-જ્ઞાન ને એમાં રહે તો ધર્મ થાય, બાકી ધર્મ થાય એવો નથી. એમેય કહ્યું કે આવી ક્રિયામાં ધર્મ મનાવે ને માને એ મિથ્યાદૃષ્ટિ છે. એમ પણ કહ્યું ભેગું. આહાહા! અપવાસ કર તો ધર્મ થાશે, ફલાણું કર. એ કહેનારો કુગુરુ છે, કહે છે, જૈનના સાધુ નહીં અને જૈનની શ્રદ્ધાવાળા એ નહીં.

જૈન એટલે વીતરાગ. વીતરાગભાવની જેને શ્રદ્ધા હોય એ વીતરાગભાવથી ધર્મ મનાવે. રાગથી મનાવે નહીં. કહો, સમજાણું કાંઈ? ગાથામાં ભારે નાખ્યું છે. પોતાના આધાર માટે લીધો છે. ગોઠે એવું લેને ત્યાં. એ ગુરુ તેનાથી... 'તેનાથી' એટલે? ઉપર કહ્યું એનાથી. વનવાસ,

કાયક્લેશ, ઉપવાસ, અધ્યયન અને મૌન... વિગેરે પાઠમાં તો છેને. વિગેરે નથી નાખ્યું ટીકામાં. આ તો પાઠમાં છેને **मोणपहुदी**... અહીં નથી નાખ્યું. મૌનવ્રતથી શું જણાય? એટલું નાખ્યું. એ શબ્દ મૂળમાં છે, પણ અહીં ટીકામાં નથી એમ કીધુંને. મૂળમાં તો છેને **पहुदी** શબ્દ છેને. ટીકામાં નથી નાખ્યું. ટીકામાં ચાર બોલ સીધા લીધા છે. એમાં સમજી લેવું. આવી જાતની વાત હોય બધી.... ટીકામાં શબ્દ નથી.

**અન્ય પ્રકારને શોધ.** એનો અર્થ શું થયો? કે ઉપર જે કીધું એનાથી અનેરા પ્રકારને શોધ. સમજાણું કાંઈ? આહાહા! એ તો ટીકા થઈ. ટીકામાં નથી. એ નહીં. એ ટીકા કોને કહે તમને ખબર નથી. એ તો અર્થ છે. ટીકા ક્યાં છે? ટીકામેં નહીં હૈ. એ તો અર્થ થયો, શબ્દાર્થ. ટીકા ક્યાં છે એ? તમને હજી ખબર નથી. ટીકા... છે. એ તો શબ્દાર્થ થયો. ટીકામેં નહીં હૈ. સમજાય છે કાંઈ? મૂળ પાઠમાં છે તો શબ્દાર્થમાં તો હોય જ ને, એમાં શું થયું? કહે છે કે હે ભાઈ! ... આવ્યુંને.... **भोः** અહીંયા આ બાજુ. **भोः प्रकारं गुरुभ्यः** આ બાજુ. આનીકોરનો બીજો કળશ.

હે શિષ્ય.. એમ કહે છે કે હે ભાઈ! આ બધી ઉપર ક્રિયાકાંડ કીધી એનાથી અનેરા પ્રકારે જો. આહાહા! મૌનવ્રતથી પણ નહીં થાય, તારા અધ્યયન–ભણવાથી ધર્મ નહીં થાય, એવા વિવિધ અપવાસ કરવાથી પણ ધર્મ નહીં થાય. અનંતકાળે નહીં થયેલો ધર્મ કોઈ અપૂર્વ ચીજ છે. એવું કરતા આવડ્યું નથી અનંતકાળમાં. કહો, સમજાણું કાંઈ? જેટલા પ્રકારના ... કહ્યા એનાથી અનેરા પ્રકારે જો. આહાહા! અનેક પ્રકારે શોધ, અંતરમાં શોધ, એમ કહે છે. આ તો બધી બાહ્ય ક્રિયાકાંડની વાતું થઈ. સમજાણું કાંઈ? **તેનાથી**... તેનાથી એટલે ઉપર કહ્યું એનાથી **અન્ય પ્રકારને શોધ**. બીજે પ્રકારે મળે એમ શોધ. આહાહા! દિગંબર સંતોની વાણી પણ મારફાડ કરીને... દુનિયાને ઠીક પડે કે ન પડે એનું કાંઈ નહીં. દુનિયા એને ઘરે રહી. વીતરાગમાર્ગ આ છે. તીર્થંકર કેવળી પરમાત્મા અરિહંતોનો આ માર્ગ છે. એ પ્રસિદ્ધ કરવામાં સંકોચાતા નથી. સમાજનો મોટો ભાગ માનશે કે નહીં, નિશ્ચય.. નિશ્ચય કરશે. એને ઘરે રહ્યો સમાજ. અનાદિકાળથી રખડે છે. રખડાઉ એમ જ માને. કહો, સમજાણું કાંઈ?

ઓલાને કીધું હતું, રખડાઉ...? આ ડોક્ટરનો દીકરો આવ્યો હતોને રાજેન્દ્ર. રાજેન્દ્ર નહીં સુરત? રખડાઉ છો... કીધું હતું. મોટો ડોક્ટર છે. પૈસા પેદા કરે છે. છોકરાઓનો ડોક્ટર છે. ભણેલો છે કંઈક. મોટી પરીક્ષા આપી છે. એના બાપ કરતા વધારે પેદા કરે છે. ગામમાં છે..... ધૂળેય નથી એમાં, કીધું. રખડાઉ છો, કીધું. હાય, હાય! ચાર ગતિમાં રખડવું એના ભાવની ખબર છે. રખડવું કેમ ટળે એની ખબરું વિનાના તારા બધા અજ્ઞાન મીંડા છે, પોક મૂકવા જેવા છે, પાંચ-પાંચ હજારના પગાર, દસ-દસ હજારના પગાર. સુમનભાઈ! એમ હશે? આહાહા! કહે છે કે આવી ક્રિયાકાંડના ભાવ કરતા બીજી રીતે જો. એમ કહે છે. બીજી રીતે શોધ.

શ્રોતા : ઓફિસ બાંધીને બેસવું એવી રીત નથી. આ તો જંગલમાં જવાનું છે

પૂજ્ય ગુરુદેવશ્રી : ઓલી પાપની છે, ઓલી પુણ્યની છે. બીજી રીત છે ખરી. ઓફિસમાં જઈને બેસે એ પાપની છે, આ ક્રિયાકાંડમાં રાગ મંદ પાડે એ પુણ્યની છે. ધર્મ એનાથી ત્રીજી ચીજ છે. સમજાણું કાંઈ? નવ તત્ત્વ છે કે નહીં? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા ને મોક્ષ. ઓફિસમાં બેસવું એ પાપનું તત્ત્વ છે. આવી ક્રિયામાં આવવું એ પુણ્યનું તત્ત્વ છે. આત્મામાં અંદરમાં જાવું એ ધર્મ છે. આહાહા! અરેરે! વીતરાગ શું કહે છે એ એને સાંભળવા મળે નહીં અને એમ ને એમ જિંદગીયું ચાલી જાય. ...મોઢે હાય.. હાય.. રોવે પછી અરેરે! ટાણા હતા ત્યારે કાંઈ ન કર્યું. હવે કરવાનું કાંઈ રહ્યું નથી. બે જણા ઉપાડે ત્યારે ચાલે, મૂકે શરીર. હવે એમાં શું કરવું? કહો. આહાહા!

કહે છે કે આવી ક્રિયાકાંડ કરતાં, એમાં જો રાગ મંદ હોય તો વિષમભાવ છે, મિથ્યાત્વ સહિત વિષમ એવું પુણ્ય બંધાય. આહાહા! **તેનાથી અન્ય પ્રકારને શોધ**. શાસ્ત્ર પણ એમ કહે, ગુરુ પણ એમ કહે અને દેવ પણ એમ કહે. ત્રણેય એમ કહે કે ભગવાન આત્મા પૂર્ણાનંદને ધ્યેય બનાવ. એને આશ્રયે જે વીતરાગતા પ્રગટ થાય એને ધર્મ કહે વીતરાગ, એને ધર્મ કહે સિદ્ધાંત, એને ધર્મ કહે મુનિઓ, એને ધર્મ કહે સમકિતીઓ. બાકી બધા ગોટેગોટા છે. સમજાણું કાંઈ? આહાહા! ધર્મી, એવો અનંતગુણનો ધરનાર ધર્મી એની દૃષ્ટિ અને એનો આશ્રય વિના ધર્મ ક્યાંય બીજેથી થતો નથી. આહાહા! વીતરાગમાર્ગ આવો છે ભાઈ!

**વળી (આ ૧૨૪મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે) :–**

**अनशनादितपश्चरणैः फलं**
**समतया रहितस्य यतेर्न हि ।**
**तत इदं निज तत्त्वमनाकुलं**
**भज मुने समताकुलमंदिरम् ।।२०२।।**

આહાહા! આમ તો બધા વાત કરે, સામાયિક એટલે જેમાં સમતાનો લાભ થાય તે સામાયિક. સામાયિક છેને. સમ+આય. સમતાનું થવું. સમતા એટલે શું? સમતાભાવ એટલે અંદરમાં નિર્વિકલ્પ અભેદ ભગવાન આત્મા એનો આશ્રય લઈને સમતા નામ વીતરાગીદશા થાય, એની સાથે જ્ઞાનામૃત પણ પ્રગટ થાય, એને સમતા કહે છે. એને સમતાનો લાભ છે. કહો, સમજાણું આમાં?

**શ્લોકાર્થ : ખરેખર સમતા રહિત યતિને...** ઉત્કૃષ્ટની વાત કરી છેને મુનિની. વીતરાગ-સ્વભાવની શાંતિ વિના, અંતર ભગવાનના આશ્રય વિના યતિ નામ સાધુ હો, **અનશનાદિ તપશ્ચરણોથી ફળ નથી...** એને અનશન કરવાથી, આહાર-પાણી છોડવા, મહિના-મહિનાના અપવાસ... જુઓ! એમાં બધું આવ્યું અનશન, ઉણોદરી, રસ છોડે–રસપરિત્યાગ, કાયક્લેશ,

વૃતિપરિસંખ્યાન, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સજ્જાય, ધ્યાન ને કાયોત્સર્ગ બધું બહાર રહી ગયું. આહાહા! એ તપશ્ચરણથી ફળ નથી. જેને આત્માનું દર્શન–શુદ્ધ સમ્યગ્દર્શન નથી એવા જીવને આવા ક્રિયાથી કાંઈપણ ફળ–લાભનું ફળ નથી. ફળ છે રખડવાનું.

**માટે, હે મુનિ! સમતાનું કુલમંદિર...** આહાહા! ઉત્તમ ઘર ભગવાન આત્મા. આહાહા! તીર્થંકરોએ જે માર્ગ લીધો એ માર્ગ તારામાં છે. એ કુળ પરંપરાનો તીર્થંકરનો માર્ગ. ભગવાન આત્મામાં એકાકાર થવું અને એમાંથી સમતા પ્રગટ કરવી એ વંશપરંપરાનું તારું ઘર છે. આહાહા! **કુલમંદિર**... ઉત્તમ ઘર. જ્યાં વાસ વસે એમ કહેવું છેને. રાગમાં ને નિમિત્તમાં વસવું તો વિષમતા છે, મિથ્યાત્વભાવ છે. આહાહા! એ રાગ, નિમિત્ત ને સંયોગી ચીજ રહિત ભગવાન આત્મા અંદર પૂર્ણાનંદનો નાથ વીતરાગ સ્વરૂપે બિરાજમાન અસાધારણ તત્ત્વ છે. એ તત્ત્વ સમતાનું મંદિર છે, એ સામાયિકનું ઘર છે, ત્યાંથી સામાયિક પ્રગટ થાય. આહા! અહીં તો ખબરેય ન મળે.

ઉત્તમ ઘર, વંશપરંપરાનું ઘર... આહાહા! અનાદિથી અનંત તીર્થંકરોએ ત્રિકાળી દ્રવ્યનો આશ્રય લઈને વીતરાગતા પ્રગટ કરી એ જ ઘર તારી પાસે છે. આહાહા! 'એ અમ કુળવટ રીત' આવે છેને. આનંદઘનજીમાં આવે છે. 'બીજો મનમંદિર આણું નહિ..' વીતરાગભાવ સિવાય રાગાદિથી લાભ થાય એ ભાવ મારા મનમાં આવવા દઉં નહીં. 'એ અમ કુળવટ રીત..' એ અમારા અનંત તીર્થંકરોના કુળના વટની રીત છે. આહાહા! **એવું જે આ અનાકુળ નિજ તત્ત્વ...** દેખો! આહાહા! વિકલ્પ વિનાનું, એક સમયની પર્યાય વિનાનું અનાકુળ આનંદરૂપી નિજતત્ત્વ... દેખો! મૂળ તો આનંદ જોઈએ છેને તારે. કહે છે, આનંદ ત્યાં છે. આહાહા! સમતાનું કુળમંદિર એવું આ અનાકુળ તારું નિજતત્ત્વ અંદર છે તેને ભજ.

ભગવાન અનાકુળ આનંદમૂર્તિ પ્રભુ અંદર છે એની ભક્તિ એટલે એકાગ્રતા કર, એને ભજ. ભગવાન કહે છે કે મને ભજવાથી પણ તને રાગ થાશે, લે! પંચપરમેષ્ઠીનું સ્મરણ ને ધ્યાન એ બધો રાગ છે. તારો આત્મા અનાકુળ નિજતત્ત્વ છે એ સમતાનું મંદિર છે. આહાહા! ત્યાં સમતા રહે છે. ત્યાંથી સમતા કાઢ. ભારે! 'ભજ' કહ્યું છેને એમાં. **ભજ મુને**.. ભગવાન તારું નિજતત્ત્વ અનાકુળસ્વરૂપ છે, અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ છે. બહારની કુતુહલતા કરે છે એ કરતાં અહીં તો કુતુહલતા કર એકવાર. બીજાને જોવાને, બીજાની મશ્કરી કરવાને, નહીં જોયેલું જોવાને આંખ્યું ફાડીને જોવે. એકવાર અહીં તો કુતુહલ કર કે અંદર કોણ છે પણ આ. આહાહા! જેને ભગવાન આત્મા કહે છે એ કોણ છે, છે શું આ?

**અનાકુળ નિજ તત્ત્વ**... દેખો! પાછો 'નિજ' શબ્દ છે. ભગવાન તીર્થંકરનું તત્ત્વ એનું અહીં શું કામ છે? એ તો પર છે. આહાહા! આ **અનાકુળ નિજ તત્ત્વ તેને ભજ.** આનંદસ્વરૂપી અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે એ દ્રવ્ય, એને ભજ એ પર્યાય. એમાં એકાગ્ર થા.

વીતરાગતા ને સમતા એ પર્યાય. એ સમતારૂપી પર્યાયનું પરંપરા ઘર તો ભગવાન છે. આહાહા! એ ઘરમાં બધું ભર્યું છે. વીતરાગતા, શાંતિ, આનંદ. આહાહા! ઓલા શાસ્ત્રો સેંકડો વાંચી-વાંચીને મરી જાય (તો પણ) એક આ કળશમાં છે એવું હાથ આવે નહીં. બધા શેઠિયાએ કેટલા વર્ષ સાંભળ્યું છે. આ કરો, પ્રૌષધ કરો, સામાયિક કરો. કહેવી કોને સામાયિક? આ પાથરણું પાથરી મુહપત્તિ બાંધીને બેસી જાઓ. બે ઘડી થાય, ઉઠી જાઓ. થઈ ગઈ સામાયિક. ધૂળેય નથી સામાયિક, સાંભળને! એ ૧૨૫ (ગાથા)માં 'સામાયિક' નામ લઈને કહે છે. બેમાં સમાધિ કીધી હતી. એકમાં સમતા કીધી છે છેલ્લામાં. હવે નવમાં સામાયિક આવશે. નવ ગાથા. નવમું વ્રત છેને એ. નવ ગાથા. (કુલ) બાર છેને.

**विरदो सव्वसावज्जे तिगुत्तो पिहिदिंदिओ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १२५॥**
**સાવદ્યવિરત, ત્રિગુપ્ત છે, ઇન્દ્રિયસમૂહ નિરુદ્ધ છે,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૫.**

કેવળી ભગવાનના માર્ગમાં, તીર્થંકરના માર્ગમાં આને સામાયિક કીધી. છેને. સ્થાયી સામાયિક છે. શાશ્વત એટલે સત્ય, એમ. સત્ય સામાયિક તો આને કહીએ.

**ટીકા : અહીં (આ ગાથામાં), જે સર્વ સાવદ્ય વ્યાપારથી રહિત છે...** સર્વ પુણ્ય ને પાપના ભાવથી રહિત **જે ત્રિગુપ્તિ વડે ગુપ્ત છે...** મન-વચન-કાયાના વલણવાળા ભાવથી ગુપ્ત થઈ ગયો છે, **અને જે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારથી વિમુખ છે...** મન આદિના વિકલ્પથી પણ રહિત છે. **તે મુનિને સામાયિકવ્રત સ્થાયી છે એમ** ભગવાને **કહ્યું છે.** એને તીર્થંકરે સામાયિક કીધી છે. કેવળીના શાસનમાં તો આ છે. બાકી બધા અજૈનશાસન છે. સમજાણું કાંઈ?

આચાર્યને ગાથા દીઠ મૂકવું પડ્યું છે **इदि केवलिसासणे.. इदि केवलिसासणे..** વીતરાગના અભિપ્રાયમાં–મતમાં તો સર્વ સાવદ્યના પરિણામથી રહિત અને મન-વચનથી રહિત ગુપ્ત અંદર આત્મામાં અને ઇન્દ્રિયોના વ્યાપારથી વિમુક્ત અને ભગવાન આત્માની સન્મુખ તે મુનિને સામાયિક વ્રત સ્થાયી છે. સત્ય સામાયિક એ છે, એમ. સ્થાયી એટલે સત્ય. શાશ્વત કહેશે. શાશ્વતનો અર્થ સત્ય. એ સાચી કહો, સત્ય કહો, યથાર્થ સામાયિક એને કહીએ. બાકી બધી વાતું છે. આહાહા! તે ધર્માત્મા મુનિને સામાયિક વ્રત સ્થાયી છે, સ્થિર છે. આહાહા! વ્રત છેને એ. નિશ્ચય વ્રત એ છે. નિશ્ચય વ્રત જ એ છે. વ્યવહારવ્રત તો વિકલ્પ છે, રાગ છે. નિશ્ચય સામાયિક વ્રત જ આ છે. પાઠમાં છેને. **तस्स सामाइगं** પછી એનો અર્થ કર્યો 'સામાયિક વ્રત'. આહાહા!

સામાયિકની વ્યાખ્યા સમજવી પડે. અનંતકાળમાં એને સમજ્યો નથી. દેવશીભાઈ! સામાયિક કરી હશે કે નહીં ગામડામાં? બહુ કરી છે. આહાહા! અહીં તો પરમાત્મા સાચી–

સત્ય-શાશ્વત સામાયિક, જિનવરના મતની અપેક્ષાએ એને સામાયિક કહે કે પાપ ને પુણ્યના પરિણામથી છૂટી, અંતરમાં મન-વચન-કાયાના શુભ-અશુભભાવથી છૂટી, અંદરમાં આત્મામાં ગુપ્ત થઈને રહે એને ભગવાન સામાયિક કહે છે. પાંચે ઇન્દ્રિયનો વેપાર ને મન બધું એમાં ગયું. આહાહા! એના તરફથી ખસી પૂર્ણાનંદ પ્રભુ આત્મા છે એની સન્મુખમાં એકાગ્ર થાય અને જેમાંથી આનંદ સહિત સમતા પ્રગટ થાય એને ભગવાનના શાસનમાં કેવળીઓએ એને સામાયિક કહી છે.

આમાં તો ચોખ્ખું છે. **इदि केवलिसासणे**.. કેવળજ્ઞાનીની આજ્ઞામાં હોય, એના શાસનમાં એટલે આજ્ઞામાં આવી સામાયિક કહેવામાં આવે છે. જાદવજીભાઈ! સાંભળ્યું હતું ત્યાં કલકત્તામાં? આહાહા! એમ ને એમ બિચારા રખડી મરવાના રસ્તા એમાં રોકાયા, જિંદગી પૂરી થઈ. જાઓ મિથ્યાત્વ સહિત ઢોર આદિમાં. કંઈક રાગ મંદ હોય, પુણ્ય બંધાણું હોય તો વ્યંતરમાં-ભૂતડામાં જાય. ત્યાંથી મરીને પાછા ઢોરમાં ને પછી નરકમાં આહાહા! આ તો બહારના (સંયોગ) વધારે દેખેને. નિગોદમાં ... જ દેખાતું નથી. ... પરિણતિ તે દુઃખ છે કહે છે. આ તો સંયોગ દેખેને નરકના. આહાહા! રાડ પડે. સંયોગને જોનાર છેને. પ્રતિકૂળ સંયોગ એ દુઃખ છે એમ માને છે. અંદરમાં વીતરાગભાવથી વિરુદ્ધ જેટલો મિથ્યાત્વભાવ, રાગ-દ્વેષભાવ એ દુઃખ, એ આકુળતા ને દુઃખનું મૂળિયું એ છે. આહાહા!

**અહીં (આ લોકમાં) જે એકેન્દ્રિયાદિ...** પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ **આદિ પ્રાણીસમૂહને ક્લેશના હેતુભૂત...** એને દુઃખનું નિમિત્ત **સમસ્ત સાવદ્યના વ્યાસંગથી વિમુક્ત...** સાવદ્ય એટલે ગાઢ સંગ, આસક્તિ એને મારવાની વિગેરે. એનાથી રહિત.. આહાહા! એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પ્રાણીને નહીં મારવાનો ભાવ, તેમ એને બચાવવાના ભાવથી પણ રહિત. આહાહા! બચાવવાનો ભાવ પણ રાગ છે. સંગ નહીં કરો એમ કહે છેને. આસક્તિ છોડી દે. આહાહા!

**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત...** આ પ્રશસ્ત-અપ્રશસ્ત આવ્યું, લ્યો. સમસ્ત **કાય-વચન-મનના વ્યાપારના અભાવને લીધે...** શુભ કે અશુભરાગ—બેય એના અભાવને લીધે **ત્રિગુપ્ત (ત્રણ ગુપ્તિવાળો) છે...** શ્રાવકની સામાયિક પણ એને જ કહીએ. જેટલે અંશે રાગથી રહિત થઈ અને અંતર જ્ઞાનાનંદમાં, નિર્મળતામાં, શાંતિના આનંદમાં વેદનમાં આવે, એને દેશસામાયિક કહીએ. આ સર્વસામાયિક છે. આહાહા! સમજાણું કાંઈ? દેશ એટલે એક અંશે સામાયિક.

અંતર આનંદમૂર્તિ પ્રભુ એમાં એકાગ્ર થઈને અંશે ચિદાનંદનો આનંદ લઈ વીતરાગ પર્યાય પ્રગટ કરી, એને શ્રાવકની દેશસામાયિક કહીએ. મુનિની આત્મામાં ઉત્કૃષ્ટપણે લીનતા છે એને સામાયિક કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? કહો, આવી સામાયિકની વ્યાખ્યા જુદી. દુનિયા માને એનાથી જુદું છે આ બધું. સામાયિકવ્રત એને કહીએ, કહે છે. દેખો! પાંચ

ઇન્દ્રિયો... **પાંચ ઇન્દ્રિયો દ્વારા તે તે ઇન્દ્રિયને યોગ્ય વિષયના ગ્રહણનો અભાવ હોવાથી બંધ કરેલી ઇન્દ્રિયોવાળો....** અતીન્દ્રિય ભગવાન આત્માને અવલંબીને પડ્યો છે. પાંચ ઇન્દ્રિયના વિષયનો વિકલ્પ જેને છૂટી ગયો છે, અણીન્દ્રિય એવો ભગવાન આત્માની અંતર એકાગ્રતાની સમતા પ્રગટી છે એને ભગવાને સામાયિક કીધી છે. ..ભાઈ! આવી સાંભળી હતી ક્યાંય? ત્યાં ગામડામાં ક્યાં હોય તમારે? શું નામ? ભેદાદરા.

**વ્યાપારના અભાવને લીધે**... આહાહા! એવા **બંધ કરેલી ઇન્દ્રિયોવાળો છે**... પાંચ ઇન્દ્રિયના વલણના ભાવને છોડ્યો છે. અણીન્દ્રિય એવો ભગવાન આત્મા એમાં ગુપ્ત થઈને લીન થઈને રહ્યો છે. **તે મહામુમુક્ષુ...** મુનિ લીધા છેને. સમ્યગ્દૃષ્ટિ મુમુક્ષુ છે, પણ એને થોડી વીતરાગતા ને સમતા છે, શ્રાવક પાંચમા ગુણસ્થાનમાં હોય એને વધારે આનંદ ને સમતા છે, મુનિને તો મહા આનંદ ને સમતા વિશેષ છે. આહાહા! એથી એને મહામુમુક્ષુ કહ્યા. આહાહા! એને મુનિ કહીએ કે જેના અંતરમાંથી અતીન્દ્રિય આનંદના ઉભરા જેની પર્યાયમાં આવે. આહાહા! દરિયાને કાંઠે દરિયાના પાણીના જેમ ઊભરા આવે–ભરતી આવે, એમ મધ્યબિંદુમાં જેની–ધર્માત્માની દૃષ્ટિ પડી છે, ત્યાંથી અતીન્દ્રિય આનંદની છોળ્યું આવે પર્યાયમાં–કાંઠે, એને અહીંયા મુનિ કહેવામાં આવે છે. આહાહા! બહારના લૂગડાં છોડ્યા, નાગા થઈને ફર્યા કે વસ્ત્ર પહેરીને અમે સાધુ છીએ, એ સાધુ નહીં. સમજાણું કાંઈ?

**મહામુમુક્ષુ પરમવીતરાગસંયમીને...** આહાહા! મુનિની વાત કીધી છે ને. પરમ વીતરાગ સંયમી સંતને તો અંદર આનંદની છોળ ઉઠતી હોય છે. પરમ ચિદાનંદ સહિત, જ્ઞાનાનંદ સહિત વીતરાગ પરિણતિ જેને વર્તતી હોય એવા સંયમીને **ખરેખર સામાયિકવ્રત શાશ્વત-સ્થાયી છે.** શાશ્વત એટલે સત્ય છે. સમજાણું કાંઈ? એને અહીં સાચી સામાયિક કહે છે. આ તો સામાયિકની વ્યાખ્યા થઈ. એ મોહનભાઈ! એ ગળથૂથીમાંથી ઊભો થાય ત્યાં સામાયિક કરો (એવું) સાંભળ્યું હોય એણે, સાંજે પડિકમણું કરો, રાત્રે ચોવિહાર ન કરવો (એટલે) ચાર પ્રકારનો આહાર ન કરવો. ચોવિહાર કરવો એમ કહે છે, પણ ચાર પ્રકારના આહાર ન કરવા એમ છે. એ બધી રાગની ક્રિયાની વાતું છે ભાઈ! તને ખબર નથી. આહાહા!

વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા વીતરાગતા પૂર્ણ પ્રગટ કરે એ ક્યાંથી આવે? એ તો કીધું, સમતાનું ઘર તો દ્રવ્ય છે. વીતરાગી પરિણતિરૂપી ધર્મનું ઘર તો દ્રવ્ય છે. આહાહા! એને ખરેખર સામાયિકવ્રત સ્થાયી છે, સ્થિર છે, શાશ્વત છે. જિનવરના મતે કહેલો વીતરાગીભાવ પ્રગટ્યો એને સામાયિક કહેવામાં આવે છે. લ્યો, આ સામાયિક. પંડિતજી! વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક સુદ-૧૦, ગુરુવાર, તા. ૧૬-૧૧-૧૯૭૨
## શ્લોક-૨૦૩-૨૦૪, ગાથા-૧૨૬, પ્રવચન નં. ૧૪૯

[હવે આ ૧૨૫મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:]

**इत्थं मुक्त्वा भवभयकरं सर्वसावद्यराशिं**
**नीत्वा नाशं विकृतिमनिशं कायवाङ्मानसानाम् ।**
**अन्तःशुद्धया परमकलया साकमात्मानमेकं**
**बुद्धवा जन्तुः स्थिरशममयं शुद्धशीलं प्रयाति ॥ २०३ ॥**

સમાધિ કહો, સમભાવ કહો, સામાયિક કહો, કે શુદ્ધ શીલ ચારિત્ર કહો—બધું એક છે. **શ્લોકાર્થ : આ રીતે ભવભયના કરનારા...** ભવભયના કરનારા **સમસ્ત સાવદ્યસમૂહને છોડીને...** સાવદ્ય નામ પાપ. પાપના સમૂહને છોડીને, મારી ચીજ છે એમાં હું આવું છું, કહે છે. જે છોડવાયોગ્ય છે તે છોડું છું (અને) જેમાં આવવાયોગ્ય છે તેમાં હું આવું છું. અંતર સ્વરૂપ ભગવાન આત્મા વસ્તુ છેને? જેનો સ્વભાવ શુદ્ધ પૂર્ણ જ્ઞાન, આનંદાદિ સ્વભાવ છે. એમાં એકાગ્ર (થાય) ત્યારે તે સાવદ્યથી છૂટે. સમજાણું કાંઈ? **કાય-વચન-મનની વિકૃતિને...** ઓલામાં એકલું પાપ લીધું હતું, અહીંયા બધો વિકારભાવ (લીધો). મન-વચન-(કાયા)નો શુભ-અશુભ વિકાર એને **નિરંતર નાશ પમાડીને** હું મારા સ્વભાવમાં આવું છું, એમ કહે છે. મારું ઘર આનંદ ને જ્ઞાનથી ભરેલો સ્વભાવ, એમાં એકાગ્ર થવા આ વસ્તુ છૂટે છે. પાપના ભાવ છૂટે ને પુણ્ય-પાપના બેય પરિણામ છૂટી જાય છે. આહાહા!

**અંતરંગ શુદ્ધિથી...** એ છૂટ્યું ત્યારે થયું શું હવે? અંતરંગ શુદ્ધિ થઈ. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ્ઞાનભાવ એમાં એકાગ્ર થવાથી અંતરંગશુદ્ધિથી **પરમ કળા સહિત...** પવિત્રતાની પર્યાય સહિત, **(પરમ જ્ઞાનકળા સહિત)...** સ્વભાવ સન્મુખ થતાં જ્ઞાનકળા અને આનંદાદિ અંતરંગ શુદ્ધિ... આહાહા! ....... ધ્યાન. યોગ.. યોગ કરે છે કાંઈક. ..... યોગ સાધવા. કોઈ પા કલાક, ... કલાક.. આનંદ.. આનંદ.. સમકિત પામી ગયો એમ લાગે. ભ્રમણાના પાર છે કાંઈ? ..... નામ આવ્યું છે. કરોડપતિ છે અને એ પૈસા આપે છે. આપણે જેમ શિબિર કાઢીએ છીએને, એમ યોગની શિબિર. ....... મનમાં તો આનંદ આવે. ...... પણ સ્વવસ્તુ સિવાયની વિપરીતતાના નિમિત્તો કોણ છે એની એની ખબર હોવી જોઈએને?

... છે આનંદ ને જ્ઞાન આદિ. એવા સ્વભાવમાં એકાગ્ર થવા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર મિથ્યાત્વભાવ એને તો એણે પહેલા છોડવા જ જોઈએ. એ સ્વીકાર વિના સુગુરુએ શું કહ્યું, અરિહંત ભગવાને શું કહ્યું, સિદ્ધાંતે શું કહ્યું—એની એને કેમ ખબર પડે? ..... વસ્તુ અસ્તિપણે

છે અને એનો સ્વભાવ જ્ઞાન ને આનંદ છે. અહીં વધારે તો ચિદાનંદ લેવું છેને. ભલે પ્રગટ અંશ જ્ઞાનનો છે એટલે વાત જ્ઞાનથી (કરે કે) જ્ઞાન તે આત્મા. જ્ઞાન ને આનંદ એનો અવિનાશી સ્વભાવ છે. વસ્તુ અવિનાશી છે એટલે નિત્ય ટકતી છે, એવો એનો જ્ઞાન ને આનંદ કાયમ એકરૂપ નિત્ય ટકતો અવિનાશી છે. પણ આ રીતે ન હોય વસ્તુ હોય શી રીતે? સમજાણું કાંઈ?

એમાં એકાગ્ર થવું અને આ બધી સાવદ્યની પ્રશસ્ત-અપ્રશસ્ત ક્રિયાઓની એકાગ્રતા તોડવી, એમ કહે છે. ત્યાં એકાગ્ર છેને, એને છોડીને અહીં એકાગ્ર થાવું. આ વાત વીતરાગ સિવાય ક્યાંય છે નહીં. કેમકે વીતરાગ-સ્વભાવનું જ્ઞાન છે, પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ જ આત્મા છે, પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ છે. સ્વભાવ છે એમાં પરિપૂર્ણતા જ હોય. અકષાયભાવ કહો, વીતરાગભાવ કહો, જ્ઞાનભાવ કહો, એ વસ્તુ છે એ તો પરિપૂર્ણ છે. એ વસ્તુની જેને ખબર નથી (તો) એમાં એકાગ્ર શી રીતે થાય ને બહારથી શી રીતે હટે? સમજાણું કાંઈ? બીજી લાખ-કરોડ વાતું કરે, પણ ઊંધી હોય બધી. યોગ તે ક્યો યોગ આમાં? યોગનો અર્થ શો? જે રાગ ને દ્વેષમાં જોડાતો હતો એ છોડીને અહીંયા જ્ઞાનાનંદ પૂર્ણ સ્વભાવ તેમાં અંદર જોડાણ કરવું એનું નામ યોગ છે. આ શ્વાસ લેવો, આ કરવું, તે કરવું—એ બધા ઢોંગ-ધતૂરા છે. એ જડની ક્રિયા છે. શ્વાસ... શ્વાસ બંધ રાખો થોડીવાર એમ કહે. આહાહા!

સાવદ્યના પરિણામ છોડું છું અને શુભ-અશુભ પરિણામને પણ છોડું છું અને અંતરંગ શુદ્ધિની પરમકળા વડે **એક આત્માને જાણીને...** દેખો! અંતરંગ શુદ્ધિની જ્ઞાનકળા વડે આત્માને જાણીને, એમ કીધું. ઝીણી વાત છે. લોકો બિચારાને કરવો છે ધર્મ, પણ ધર્મની રીત શું છે એની ખબરું નથી એટલે જ્યાં-ત્યાં ભટક્યાભટક (કરે છે) બિચારા. આહાહા! એ વીતરાગમાર્ગ, એ પણ દિગંબર સંત સિવાય ક્યાંય એ માર્ગ છે જ નહીં. બીજાને ઠીક ન લાગે એ પ્રશ્ન નથી. વસ્તુસ્થિતિ આવી છે. જ્યાં-ત્યાં ભટકે અને જ્યાં જાવું છે એ ચીજની ખબર ન મળે.

કહે છે કે એ સાવદ્યના ભાવ છે—હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વિષયવાસના એને તો છોડું છું, પણ શુભ-અશુભભાવને નિરંતર નાશ કરું છું. શુભ ને અશુભ જે વિકલ્પ, આ કરું, આ કરું, આ થાય—એ બધા વિકલ્પોને હું છોડું છું. અને વિકલ્પ વિનાની ચીજ છે અંદર એને અંતરંગ શુદ્ધિથી પરમકળા વડે... જોયું! એ રાગાદિ નહીં. જ્યારે અંતરંગ શુદ્ધિની પરમ જ્ઞાનકળા વડે **એક આત્માને જાણીને...** આવો આત્મા તેને જાણીને... આ તો સમજાય એવું છે. સમજાણું કાંઈ? આહાહા! શુભ ને અશુભભાવ છોડીને, એમાં સાવદ્ય છોડીને... પહેલું આવી ગયું. નિરંતર શુદ્ધિથી **અંતરંગ શુદ્ધિથી...** એનો અર્થ કે નિરંતર જ્યારે શુભ-અશુભનો નાશ કર્યો એટલે નિરંતર અંતરંગ શુદ્ધિની કળા પ્રગટી. સમજાણું કાંઈ?

**અંતરંગ શુદ્ધિથી પરમ કળા સહિત (પરમ જ્ઞાન કળા સહિત)...** પવિત્રતાના પરિણામમાં જ્ઞાનકળા સહિત, એમ. શુભ-અશુભના ભાવ છે એ આકુળતા છે જરી. જ્યારે આ બાજુ

અનાકુળતાના ભાવમાં **(પરમ જ્ઞાનકળા સહિત) એક આત્માને જાણીને**... આત્મા વસ્તુ આ છે. એવો એકરૂપ ત્રિકાળ ધ્રુવ એને જાણીને, એ ઉપરાંત હવે **જીવ સ્થિરશમમય શુદ્ધ શીલને પ્રાપ્ત કરે છે...** એમાં સ્થિર થઈને... જાણ્યો છે જે આત્મા, એમાં સ્થિર થઈને શુદ્ધશમમય... સમતારૂપી પવિત્રતા.. પવિત્રતારૂપી શીલ એટલે ચારિત્ર. સામાયિક કહો, ચારિત્ર કહો, સમાધિ કહો, સમતા કહો—બધો એક જ અર્થ છે. આહાહા!

આમ તો બોલે કે સામાયિક એટલે સમભાવનો લાભ થવો એ સામાયિક. એ સમભાવ શું? લાભ થવો શું? ક્યાંથી થાય એ સમભાવનો લાભ? વિકલ્પની ક્રિયા કરવાથી આ કરું, આ કરું, સામાયિક કરું—એ ક્રિયાથી થાતો હશે? એ રાગ છે, એ વિઘ્ન છે. જે પોતાનો આત્મા પૂર્ણાનંદ શુદ્ધસ્વરૂપ એને અવલંબીને જે નિજ અંતરંગ શુદ્ધકળા પ્રગટ થઈ અને એ વડે આત્માને જાણ્યો અને એમાં સ્થિરમય શુદ્ધ થયો. તેવી શમમય નિર્વિકલ્પતાની સ્થિરતા, તેમાં સમતામય શુદ્ધ શીલ નામ ચારિત્રને પ્રાપ્ત કરવો અંદરમાં, એને સમાધિ કહેવામાં આવે છે, એનો મોક્ષનો માર્ગ કહે છે. આહા! **(અર્થાત્ શાશ્વત સમતામય શુદ્ધ ચારિત્રને પ્રાપ્ત કરે છે).** શાશ્વત એટલે સત્ય, એમ. કાયમ રહેનારી વીતરાગતા. એવી વીતરાગ પરિણતિને પ્રાપ્ત કરે છે એનું નામ સામાયિક છે. એ ૧૨૫ (ગાથા) થઈ ગઈ, ૨૦૩ કળશ થયો. ૧૨૬.

**जो समो सव्वभूदेसु थावरेसु तसेसु वा ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे ।।१२६।।**
**સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.**

આ તો બધા હજારો માણસો સામાયિક કરે. સ્થાનકવાસીમાં, દેરાવાસીમાં. દિગંબરમાંય સાધુ સામાયિક કરે સવાર-બપોર-સાંજ. એ સામાયિક નહીં. પડિમાધારી પણ કરે. બેસે આમ, બીજું શું? ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં કરીને. એ સામાયિક કેવી? ણમો અરિહંતાણં કરીને બેસે એ તો રાગ છે. અંદર જાપ કરે ભગવાનનો, એ રાગ છે. એ સામાયિક ક્યાંથી આવી?

શ્રોતા : જેટલા સાધનો બધાય રાગ?

પૂજ્ય ગુરુદેવશ્રી : બધાય રાગ. સાધન-ફાધન છે જ નહીં. સાધન તો પહેલાં કહ્યા એ સંયમ, નિયમ, તપ, ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ સાધન સામગ્રી છે. લ્યો પાંચ આવી ગઈ. આહાહા! બહુ વાત.. વીતરાગનો માર્ગ. પહેલું તો એ કે આ7ત્મા જ્ઞાનસ્વરૂપી એ હું—એમ જાણીને જે વિચારે, સાંભળે, મનન કરે કે આ તે શું ચીજ છે પણ? આનું સ્વરૂપ શું છે ને એનું જ્ઞાન શી રીતે થાય?

શ્રોતા : એ તો વ્યવહાર વિકલ્પ ઉઠ્યા.

પૂજ્ય ગુરુદેવશ્રી : પહેલા સમજાવવામાં તો એ હોયને.

શ્રોતા : નિર્વિકલ્પભાવ એનું સાધનરૂપી બળ?

પૂજ્ય ગુરુદેવશ્રી : સાધન કોણે કીધું? એ સાધન ક્યાં છે? નિર્મળ આવો ભાવ છે પરિણતિ તે સાધન છે. આ વસ્તુની પરિણતિ એમ જોઈએને કે રાગની પરિણતિ? સમજાણું કાંઈ? એ ચેતનજી! રાગની તો પરિણતિ ણમો અરિહંતાણં કરીને બેઠો. એ સામાયિક ક્યાં છે? એ મિથ્યાત્વ છે, મિથ્યાદૃષ્ટિ છે. જે રાગમાં ધર્મ માને અને રાગની ક્રિયાનો કર્તા થાય એ મિથ્યાદૃષ્ટિ છે, જૈન નથી, અજૈન છે. આહાહા! શાસ્ત્રનો અભ્યાસ કોના લક્ષે કરવો? પ્રવચનસારમાં નથી આવતું? એય! આવે છે કે નહીં?

શ્રોતા : પણ એમાં પરપદાર્થ ........ નથી કીધું? એ રાગ ઉત્પન્ન થાય છે,

પૂજ્ય ગુરુદેવશ્રી : એ રાગ તે, અહીંયા લક્ષમાં એ હોય છે. એવી વિચારધારા શાસ્ત્રના અભ્યાસની હોય છે. ભલે વિકલ્પ છે, પણ એમાં આ વસ્તુ શું છે એ તરફનું એનું લક્ષ છેને. એના અભ્યાસમાં છેને, એમ કહેવું છે. જ્ઞાનને લક્ષે, સ્વને લક્ષે અભ્યાસ કરવો એમ આવે છે. પ્રવચનસાર, પહેલો અધિકાર પૂરો કરતાં છેલ્લી ગાથા. 'અભ્યાસ કરવો' એમ આવે છે કે નહીં? આ તો છેલ્લો કળશ આવે છે. છેલ્લો કળશ આવે છે. ગાથા આવે છે એ તો અભ્યાસની. આ તો જ્ઞેય અધિકાર આવે છેને એની સંધિ લીધી. એ કળશ છે. આ લક્ષે હવે જ્ઞેયનો અભ્યાસ કરવો એમ કહે છે. આહાહા! વાત તે વાત... કહે છે કે ભાઈ! તું કોણ પણ? તું કોણ? શરીર તું? પુણ્ય-પાપના ભાવ વિકલ્પ આવે હું આ કરું, આ કરું (એવો) રાગ એ આત્મા? આત્મા તો એનાથી રહિત છે. એકલો જ્ઞાન ... ને આનંદનો કંદ પ્રભુ આત્મા એવું જેને હજી જાણવામાં–લક્ષમાં પણ આવ્યું નથી એ ક્યાં ઠરે? સામાયિક તો ઠરવાની (ક્રિયા) છે.

શ્રોતા : એ ક્યાં ઠરે? ધ્રુવમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળમાંય .... નથી. ધ્રુવની તો ખબર નથી, ક્યાંથી ઠરતો હતો?

શ્રોતા : ગોખતાં ગોખતાં......

પૂજ્ય ગુરુદેવશ્રી : ગોખે એમાં શું દાળિયા થયા? જ્ઞાયક.. જ્ઞાયક.. જ્ઞાયક.. એ તો ગોખે છે, એ તો વિકલ્પ થયો. આહાહા! આકરી વાત છે ભાઈ! ધ્રુવ.. ધ્રુવ.. ધ્રુવ.. એ પણ એક વિકલ્પ છે. ........ આહાહા! અહીં તો કાયમ ટકતું ત્રિકાળી તત્ત્વ, એમ ને એમ જ્ઞાન-આનંદાદિ સ્વભાવથી ટકતું, એમાં એકાગ્ર થવા બહારના સાવદ્યના શુભ-અશુભ પરિણામને છોડે. એનો અર્થ કે આનીકોર આવે એટલે ઓલા છૂટી જાય. સમજાવવાની શું શૈલી કરે? એ તો બંધાય, છોડે ને..... ઉપદેશમાં ભાષા શું આવે? સમજાણું કાંઈ? આહાહા! કહે છે.. ૧૨૬.

**સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.**

સર્વજ્ઞ ભગવાન કેવળજ્ઞાની પરમાત્મા તીર્થંકરદેવ વીતરાગ પરમાત્મા આને સામાયિક કહે છે. **ટીકા : અહીં, પરમ માધ્યસ્થભાવ વગેરેમાં આરૂઢ થઈને...** આહાહા! એટલે? હું એક છું કે અનેક છું—એવા વિકલ્પ છોડીને મધ્યસ્થ થવું એમ કહે છે. સમજાણું કાંઈ? **પરમ માધ્યસ્થભાવ**... જ્ઞાતા-દ્રષ્ટા વીતરાગભાવે જે ભાવ થાય એને અહીંયા મધ્યસ્થભાવ કહે છે. એ વગેરેમાં આરૂઢ થઈને **રહેલા પરમમુમુક્ષુનું સ્વરૂપ કહ્યું છે.** લ્યો. પરમ મોક્ષના અભિલાષી છે, જે સંસારબંધનના છેદવાના કામી છે અને પૂર્ણ પરમાત્મદશા પ્રાપ્ત કરવાના વ્યવસાયવાળા છે એને અહીંયા મહામુમુક્ષુ કહ્યા છે.

**જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ...** હવે કહે છે કે આમ પરથી કેટલો ઉદાસ છે? સ્વભાવિક વૈરાગ્યરૂપી મહેલ... આહાહા! આખી દુનિયા, રાગથી માંડીને પુણ્યના દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ એ રાગ, એ સંસાર છે. આહાહા! એના પ્રત્યે **સહજ વૈરાગ્યરૂપી મહેલ**... સ્વભાવિક વૈરાગ્ય છે. શુભ-અશુભભાવ પ્રત્યે પણ જેને સહજ વૈરાગ્ય છે. સમજાણું કાંઈ? એના પ્રત્યે હઠી ગયેલો છે. **સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણી (અર્થાત્ પરમ સહજવૈરાગ્યવંત મુનિ)...** ઉત્કૃષ્ટ વાત કરવી છેને.

**વિકારના કારણભૂત સમસ્ત મોહરાગદ્વેષના અભાવને લીધે...** હું આ કરું, ન કરું, આ છોડું—એ બધા રાગના વિકલ્પો છે, એ બધા વિકારના કારણો છે. એવા **સમસ્ત મોહરાગદ્વેષના અભાવને લીધે**... જેની ભ્રમણા ગઈ છે કે પુણ્યથી ધર્મ થાય, કોઈ બહારની ક્રિયા વડે ધર્મ મનાવે તો થાય. એવી જેની ભ્રમણા ગઈ છે અને જેને રાગ-દ્વેષનો અભાવ થયો છે. રાગ-દ્વેષ કહેવા કોને? માણસ તો કહે, ..... આ કરે તો રાગ કહેવાય. અહીં તો કહે છે કે હું સર્વજ્ઞે કહ્યો એવો એક આત્મા છું (એવો) મન સાથે વિકલ્પ કરે એ પણ રાગ છે. સમજાણું કાંઈ? એવા રાગીને, હું રાગ છું ત્યાં સામાયિક નથી. આહાહા!

કહે છે, **મોહરાગદ્વેષના અભાવને લીધે**... કહે છે કે પાપના પરિણામથી તો રહિત છે, શુભ-અશુભરાગના ભાવથી પણ રહિત છે, પણ ભેદકલ્પનાથી રહિત વિમુક્ત છે. આ ગુણી છે આત્મા અને એમાં આ ગુણ છે—એવી જે ભેદની કલ્પના છે એનાથી પણ વિમુક્ત છે. આહાહા! એને સામાયિક થાય. **ભેદકલ્પના વિમુક્ત...** હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના પાપભાવથી મુક્ત, પુણ્યથી પણ વિમુક્ત–દયા-દાન, વ્રતના વિકલ્પથી પણ મુક્ત અને ભેદકલ્પનાથી પણ વિમુક્ત છે. વિશેષે મુક્ત. રહ્યો એક અખંડ આનંદમૂર્તિ પ્રભુ આત્મા. તે **પરમ સમરસીભાવ સહિત હોવાથી...** એવો વીતરાગી પરમાત્મા પોતે, એને અવલંબેલો ભાવ એ પરમ સમરસીભાવ છે. પરમ સમતા.. સમતા.. સમતા.. આનંદની સમતા, અતીન્દ્રિય

આનંદની સમતાભાવ સહિત હોવાથી... આવો એ સામયિકવંત જીવ હોવાથી... જાદવજીભાઈ! આ બધી સામાયિક કરી હતી (ત્યારે) આવી ખબર હતી? નહીં.

આવા સહિત **ત્રસ-સ્થાવર (સમસ્ત) જીવનિકાયો પ્રત્યે સમભાવવાળો છે...** ત્રસ ને સ્થાવર જીવ પ્રત્યે ઉદાસ.. ઉદાસ.. વીતરાગભાવ જેને છે. હણવાનો પણ ભાવ નથી ને બચાવવાનો પણ ભાવ નથી. સમજાણું કાંઈ? જીવને જીવાડું એવો ભાવ પણ રાગ ને વિષમ છે. એનાથી રહિત પરમ સમરસીભાવ... ત્રસ-સ્થાવર જીવ નિકાયો–ત્રસ ને સ્થાવરના જીવના સમૂહો પ્રત્યે સમભાવવાળો છે. જેને, અંતર જ્ઞાતા-દ્રષ્ટા જાણનાર-દેખનાર હું એવો ભાવ સમભાવ પ્રગટ્યો છે. **તે પરમ જિનયોગીશ્વરને...** એવા જિનયોગીશ્વરને... જૈનના પંથમાં– વીતરાગમાર્ગના પંથમાં રહેલા, એમ. જૈનપંથ એ બીજો નહીં. અંતર સ્વભાવ સન્મુખનો વીતરાગીભાવનો યોગીશ્વર છે (એટલે) એમાં યોગ જોડ્યો છે અંદર. એવા યોગીશ્વરને **સામાયિક નામનું વ્રત...** એને સામાયિક નામનું વ્રત સાચું હોય છે. કહો, સમજાણું કાંઈ?

સાધુ હોય એને હજી ખબર નથી કે સામાયિક કોને કહેવી. બેસી જાઓ પાથરણું પાથરીને. ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. ડોશીયું કરતી એવું. શેરીમાં હતીને બધી ડોશીયું. એ બધી ઘડિયાળું લઈને બેસે. રેતી હોયને રેતી ઘડિયાળું. રેતી પૂરી થઈ જાય, થઈ ગઈ સામાયિક, જાઓ. ઘડી.. ઘડી. ત્યાં ઘડિયાળ કે દિ' હતી? પહેલા ઘડી હતી, ઘડિયાળ નહોતી. ઘડીને બતાવનાર ઘડિયાળું. બેસે ... સામાયિક. અરેરે! ક્યાં ભાન હતું? એ તો કાંઈ અટકી ન ગઈ હોય એટલે. રેતી અટકી નથી ગઈને. કરતાં કરતાં અટકી ગઈ હોય તો દાબે પછી હલાવે. એ તો બધું જોયું છે. અમારે મોસાળ કુટુંબ નજીક ખરુંને બધું. ગૃહસ્થ હતા બધા પૈસાવાળા. ઘણા મકાન ને જમીન... ......... ત્યાં બેસે ડોશીયું લઈને. જુએ ખરા બે-ત્રણ વાર, ચાર વાર કે રેતી ખરે કે નહીં? આ સામાયિક. આહાહા!

એ વીતરાગી પરિણામ કોને કહેવા, રાગ કોને કહેવા, એની ભાષા આવે એમાં શું થાય? ત્રસ ને સ્થાવરની દયા પાળું એવો ભાવ પણ એક રાગ છે. એ રાગ એ સામાયિક નથી. એ રાગથી રહિત થઈ જેને અંતર શુદ્ધ ચૈતન્યના અવલંબે સમરસભાવ પ્રગટ્યો છે, અંદર વીતરાગતા. કોણ જાણે એવા ઊંધે રસ્તે ચડાવ્યા છે બધાને. એવા સંતોને જિન યોગીશ્વર.. 'પરમ જિન યોગીશ્વર' એટલા શબ્દ વાપર્યાં છે. પરમ વીતરાગી, જેનું અંતરમાં જોડાણ એના પણ ઈશ્વર. આહાહા! અંતર આનંદના ધામમાં, ભગવાન અંતર અનંત આનંદનું ધામ આત્મા, એમાં જે જામી ગયો છે કહે છે. અને અતીન્દ્રિય આનંદના સ્વાદમાં લીન છે એને સામાયિક સાચી હોય છે. એ સુજાનમલજી! સાદડીમાં હતું આ? આહાહા! વસ્તુ શું છે અને ક્યાં જવાથી આત્માને શાંતિ મળે—એની ખબરું વિના સામાયિક કેવી? એક ક્ષણની સામાયિક મુક્તિને

આપે. એક ક્ષણ સ્વરૂપની દૃષ્ટિ સહિતની સમભાવની દશા... ચારિત્ર છેને ... મુક્તિ. કોલકરાર મુક્તિ. આહાહા! સમજાણું કાંઈ?

કહ્યું હતુંને એક ફેરી. .... રાજકુમારને વૈરાગ્ય થાય છે. માતાની પાસે જાય છે. મા! મને રજા દે, મને ક્યાંય ચેન પડતું નથી. મારી ચેનની ચીજ તો હું અંદરમાં જોઉં છું. ત્યાં હવે હું ઠરવા માંગું છું. માતા કહે છે કે અરે! આ પદમણી જેવી ૩૨-૩૨ રાજકન્યાઓ છોડીને ક્યાં તું જઈશ? સવારે ઉઠી ઊના-ઊના પાણી જોઈએ, ઊના ચા-દૂધ જોઈએ, ઊની રોટલીયું જોઈએ, ઊના ઓસામણ જોઈએ. ભાઈ! ક્યાં મળશે તને? તું દુઃખી થઈશ. મા! એકવાર રજા તો દે પણ. હું મારા આનંદમાં રહીશ હોં. આ રાણીયુંમાં મારી નજર જતી નથી, મને ક્યાંય ચેન પડતું નથી. મારી શાંતિનું સ્થાન તો અંદરમાં છે. આહાહા! માતા કહે છે કે ભાઈ! મારા રુદન આગળ તને ... કાંઈ થાતું નથી? માતા! રોવું હોય તો રોઈ લે એકવાર. ફરીને અમે જનેતા કરવાના નથી. મા! ફરીને માતાની કૂંખે નહીં આવીએ. બીજી મા હવે નહીં રોવે. આહાહા! ભવના અભાવના કોલકરાર આપે છે. સમજાણું કાંઈ?

અમને તો ભવનો અભાવ થવાનો, માતા! અમે એને માટે જાઈએ છીએ. અમારે કોઈ સ્વર્ગ જોઈએ છે, કોઈ દેવતા થાવું છે—એ અમારે નથી. અમારે તો આત્મા છે એવું થાવું છે. એ રીતે આનંદ ને જ્ઞાનમય દશામાં જાવું છે, બાકી બીજું છે નહીં. માતા કહે છે, બેટા! જા ભાઈ! તારો રસ્તો અમને હજો હોં. એમ કરીને રજા આપે છે. ઓહોહો! આવા ભવના અભાવનો પંથ તેં લીધો, બેટા! અમને પણ આ હજો એવી અમે ભાવના કરીએ છીએ. આ રખડતા... એમ ને એમ સમજ્યા વિનાના સાધુ થાય એ તો બધા મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની છે. એવાઓને તો ખરેખર ત્રસકાયની સ્થિતિ પૂરી થવા આવી છે. સમજાણું કાંઈ? આહાહા! અરેરે! આવો અવતાર! ક્યાં હતો, ક્યાંથી નીકળ્યો? કેટલા પુરુષાર્થે શુભભાવથી તો મનુષ્યપણું મળ્યું. એ શુભભાવનો પુરુષાર્થ હોં. એ કેવો? કે પરિણામ જ મનુષ્યપણાના થોડા છે એ પરિણામમાં આવ્યો. હવે મનુષ્યપણું મળ્યું ને એ તત્ત્વને ન સમજ્યો, એ તત્ત્વના શરણમાં ન આવ્યો ને એકલા બાહ્ય ક્રિયાકાંડ સાધુપણા, શ્રાવકની ક્રિયાઓ (કરી હોય), એ બધી રખડવાની ક્રિયાઓ છે. સમજાણું કાંઈ? આહાહા!

**એમ વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં સિદ્ધ છે.** જુઓ! આવ્યું. આહાહા! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા અરિહંતદેવ તીર્થંકરદેવના માર્ગમાં આવી સામાયિક કહી છે. આહાહા! સમજાણું કાંઈ? કેટલી વાત લીધી છે! પાઠમાં એટલું આવ્યું 'કેવળીશાસને'. સિદ્ધ કર્યું છે કે આવી સામાયિકને વીતરાગ સર્વજ્ઞના માર્ગમાં સામાયિક કીધી છે. પછી લોકો પોતાની કલ્પનાથી સામાયિક કરીને માને, એ તો મિથ્યાત્વભાવ છે એને સામાયિક માને છે. સમજાણું કાંઈ? આવી સામાયિકને સનાતન કીધી, સાચી કીધી, સત્ય કીધી, શાશ્વત કીધી. આહાહા! કહો, સમજાણું

કાંઈ? સ્થાયી–સ્થિર.. સ્થિર.. સ્વરૂપમાં સ્થિરતા જામીને જ્યાં વિકલ્પ તુટી ગયો છે એવા આનંદના પરિણામને અહીંયા સામાયિક કહે છે. આહાહા!

જ્યાં-ત્યાં બિચારા ભટકે હોં. અહીંથી થશે ને અહીંથી થશે. કોઈક ઓલા વળી રજનીશમાં જાય, ત્યાં કાંઈક થાશે, કોઈ વળી સાંઈબાબામાં જાય, કોઈ યોગમાં જાય. યોગમાં આમ કરશું, આમ કરશું. બિચારા રખડી મરશે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથના માર્ગમાં તો, સ્વરૂપની પૂર્ણતા તરફના ભાવથી પ્રગટેલી પવિત્ર પર્યાય એને ભગવાન સામાયિક કહે છે. સમજાણું કાંઈ? કહો, જેઠાભાઈ! આ તો સામાયિક ચાલે છે. કેટલી સામાયિક કરી છે? અહીં આવતા તો બે-ચાર ..... બારણામાં. પહેલા આવતા ... લઈને. રોજ બારણે બેસતા. પણ જે સાંભળ્યું હોય એ કરેને, બીજું શું કરે ત્યારે? આહાહા! શું થાય?

મહાપ્રભુ ચૈતન્ય જેમાં દયા, દાન, વ્રતના પરિણામરૂપી ભાવની ગંધ નથી. આનંદની ગંધ એમાં આવે એવી ચીજ છે એ તો. રાગની ગંધ નથી એમાં અને અરાગી આનંદની ગંધ આવે એવી ચીજ છેએ. ... ગંધ આવે છેને. એમ ભગવાન આત્મા પૂર્ણ આનંદ સ્વભાવ છેને. એવો પોતાનો ભાવ છેને આનંદ, પોતાનો ભાવ છેને જ્ઞાન, એવા ભાવથી ભરેલો એ પદાર્થ છે. વસ્તુ જ આવી છે. એના સન્મુખ થઈને એમાં લીનતા કરે એને સામાયિક થાય. પણ આવો આત્મા છે એ હજી શ્રદ્ધામાં આવ્યો નથી, ઠરે ક્યાં એ? સમજાણું કાંઈ? ૧૭-૧૮માં આવ્યું છેને. આવો આત્મા જાણવામાં, શ્રદ્ધામાં આવે કે એમાં ઠરવાથી જ મારી મુક્તિ થશે. આમાં ઠરવાથી મારી .... આચરણ.... આહાહા! શુભભાવ તો અજ્ઞાન છે એટલે કે આત્માનું જ્ઞાન એમાં નથી.

આ ભગવાન આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, ચૈતન્યનો પૂંજ છે આત્મા. એનું કિરણ આવ્યું રાગમાં? આહાહા! પંચમહાવ્રતના પરિણામ પણ અજ્ઞાન છે. અજ્ઞાન એટલે જ્ઞાનનો એમાં અભાવ છે. એ આત્માને સાધન થાય? સર્વજ્ઞના માર્ગમાં–વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરના માર્ગમાં આને સામાયિક કીધી છે. સમજાણું કાંઈ? જેમાં પરમ સમરસીભાવ... વિકારનો અભાવ અને પરમ સમરસી વીતરાગીભાવ એમ કહે છે. વિષમભાવનો અભાવ... પુણ્ય-પાપના ભાવ વિષમભાવ છે અને સમભાવની પ્રાપ્તિ અંદરમાં. ભગવાન ધ્રુવમાંથી ધારા પ્રગટી સમભાવની, એમ કહે છે. સમજાણું કાંઈ? એ વસ્તુ નિત્યાનંદ પ્રભુ એમાં દૃષ્ટિ પડવાથી, એકાગ્ર થવાથી જે ધારા શાંતિ.. શાંતિ.. સમતા–ઉપશમભાવ–અકષાય પરિણતિ–વીતરાગભાવ પ્રગટ્યો એને વીતરાગશાસનમાં સામાયિક કહે છે. કહો, સમજાણું કાંઈ? ચીમનભાઈ!

શ્રોતા : મુનિની વાત છે, શ્રાવકની ક્યાં છે?

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ મુનિના પેટામાં શ્રાવક છે કે નહીં? આને અંશે સ્થિરતા છે, એને વધારે સ્થિરતા એટલો ફેર છે. વસ્તુ તો ત્યાં છે કે બહાર? ગૃહસ્થાશ્રમમાં પણ આત્મા અનુભવ

આનંદસ્વરૂપ છે, જ્ઞાનભાવવાળો જ પદાર્થ છે, રાગાદિના ભાવ વિનાની ચીજ છે. એ વિનાની ચીજ છે એને રાગ વિના કરીને અંદર ઠરવું એને શ્રાવકની સામાયિક કહીએ. પાથરણું પાથરીને બેસે, ણમોકાર ગણીને પૂરું કરે, એ મિથ્યાત્વભાવ છે. શુભભાવ હોય એને ધર્મ માને, સામાયિક માને. સમજાણું કાંઈ?

**[હવે આ ૧૨૬મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ આઠ શ્લોકો કહે છે :]**

**समो सव्वभूदेसु** આવ્યું હતુંને. સમતા.. સમતા.. એ સમતા રાગવાળી નહીં. બીજાને દુઃખ ન દઉં, બીજાને સગવડતા...... સગવડતા કહે તો ન ગોઠે તેરાપંથીને. દુઃખ ન દે લ્યોને બીજાને. મારું નહીં એ પણ એક રાગ છે. સામાયિક ધર્મ નહીં. સમતા.. સમતા.. સમતાનો પિંડ પ્રભુ આત્મા છે, વીતરાગીબિંબ આત્મા છે. આહાહા! એને જે ભાવે અવલંબ્યો, જે ભાવે એને અવલંબ્યો એ ભાવ પણ વીતરાગી છે. એ વીતરાગીભાવને અહીંયા સામાયિક કહે છે. ૨૦૪ કળશ.

**त्रसहतिपरिमुक्तं स्थावराणां वधैर्वा**
**परमजिनमुनीनां चित्तमुच्चैरजस्रम् ।**
**अपि चरमगतं चन्निर्मलं कर्ममुक्त्यै**
**तदहमभिनमामि स्तौमि संभावयामि ॥२०४॥**

એ પહેલું આવી ગયું છે. ૧૯૨ કળશમાં આવી ગયા છે આ શબ્દો. **तदहमभिनमामि स्तौमि संभावयामि**.. ૧૯૨ કળશમાં આવી ગયું છે. આ ૨૦૪માં આવ્યું. ત્રણ શબ્દ આવી ગયા છે. **नमामि स्तौमि संभावयामि.. अहः अभि नमामि** છે જોયું! ત્યાં પણ **अभि नमामि** છે.

**શ્લોકાર્થ : પરમ જિનમુનિઓનું...** 'જિન' શબ્દ વાપર્યો શું કરવા? વીતરાગમાર્ગ સિવાયના અન્ય મુનિઓમાં એ ધર્મ હોતો નથી. નાગા ફરે, વનમાં રહે, કંદમૂળ ખાય અને મહિના-મહિના સુધી પાણી ને આહાર ન લે—એવા પણ મૂઢ ને મિથ્યાદૃષ્ટિ છે. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ તીર્થંકરદેવે કહેલો માર્ગ એ સિવાય બીજે ક્યાંય શાંતિ ને સામાયિક હોતી નથી. ત્રસ ને સ્થાવરના જીવના ભેદો પણ બીજે ક્યાં છે? જેને મારવાનો ભાવ છોડવો છે એ જીવના ભેદની જાત જ ક્યાં છે બીજે? સમજાણું કાંઈ? એકેન્દ્રિય, દ્વિઇન્દ્રિય, ત્રિઇન્દ્રિય આવે છેને, પૃથ્વી, અગ્નિ, વાયુ ને વનસ્પતિ એને સ્થાવર કહે છે. બાકી .... આદિ બધા ત્રસ છે.

**પરમ જિન મુનિઓનું જે ચિત્ત (ચૈતન્યપરિણમન)...** સાધુ–સંત સાચા હોય એના ચૈતન્ય પરિણમન, એમ કહે છે. આહાહા! જેણે પોતાના ભાવને આત્મા સાથે જોડી દીધો છે અને રાગથી તોડી દીધો છે. આહાહા! પરમ મુનિઓનું ચિત્ત–ચૈતન્ય પરિણમન એટલે ચૈતન્યભાવી જે ભગવાન એમાં સન્મુખ થતાં જે પરિણમન થયું, અવસ્થા થઈ, દશા થઈ, એ પરિણતિ સમભાવી પરિણતિ છે. **નિરંતર ત્રસ જીવોના ઘાતથી તેમ જ સ્થાવર જીવોના વધથી**

**અત્યંત વિમુક્ત છે** એ પરિણતિ. એવું ચૈતન્યનું પરિણમન... રાગનું ન કહ્યું ત્યાં. ચૈતન્ય ભગવાન આત્મા તીર્થંકર સર્વજ્ઞદેવે કહ્યો એ હોં. એવો બીજે ક્યાંય હોઈ શકતો નથી. પૂર્ણ દ્રવ્ય ને પૂર્ણ ગુણ આદિ સ્વભાવ અને એમાં એકાગ્ર થઈ જેણે પૂર્ણ પર્યાય પ્રગટ કરી તે પરમાત્મા. વસ્તુની મર્યાદા આ છે. સમજાણું કાંઈ?

પૂર્ણ દ્રવ્ય એટલે વસ્તુ, એના બધા ગુણો એ પણ પૂર્ણ, અનાદિ ને અવિનાશી છે. એને અવલંબે જેણે પૂર્ણ પર્યાય–પૂર્ણ દશા, 'છે' એમાંથી પ્રગટ કરી છે એને પરમાત્મા કહીએ. એના દ્રવ્ય પૂર્ણ, ગુણ પૂર્ણ ને પર્યાય પૂર્ણ. એવા દ્રવ્ય-ગુણમાં એકાગ્ર થઈને પૂર્ણતા પ્રગટ કરી નથી એને અંતરાત્મા કહીએ. અને પુણ્ય ને પાપના રાગ મારા છે (એમ માનતા) ઓલો આખો આત્મા અંતરાઈ ગયો એને બહિરાત્મા કહીએ. સમજાણું કાંઈ? એ બહિરાત્માને સામાયિક હોતી નથી એમ કહે છે. આહાહા!

શુભ ને અશુભભાવ મારા છે એમ માનનાર છે એણે અંતર આત્મા જે વસ્તુસ્વરૂપ છે એને તો ન માન્યું, એણે તો આસ્રવ ને રાગનો પોતાનો માન્યો, એ બહિરાત્મા છે. બહિરને પોતાનું સ્વરૂપ માને તે બહિરાત્મા. અંતરના પૂર્ણાનંદ સ્વરૂપને અંતર જાણે ને માને તે અંતરાત્મા. પૂર્ણને પૂર્ણ રીતે પર્યાયમાં પ્રગટ કરે તે પરમાત્મા. કહો, સમજાણું કાંઈ? એ તો વસ્તુની મર્યાદાની વાત છે. આ કોઈ પક્ષની–સંપ્રદાયની નથી. વસ્તુ જ આવી છે. જૈનધર્મ કોઈ પક્ષ નથી, વાડો નથી. એ તો વસ્તુનું સ્વરૂપ આવું છું. સમજાણું કાંઈ? એવી જેને વીતરાગ પરિણતિ અંદર અંશે પણ પ્રગટી છે ચૈતન્યના વસ્તુના સ્વભાવના આશ્રયે, હજી પૂર્ણતા ભલે ન હો, તે અહીંયા ત્રસ-સ્થાવરના ઘાતથી નિવર્ત્યા હોય છે. એ અત્યંત વિમુક્ત છે. એક એકેન્દ્રિયના જીવને મારવાનો વિકલ્પ કે બચાવવાનો વિકલ્પ છે નહીં. આહાહા!

**વળી જે (ચિત્ત) અંતિમ અવસ્થાને પામેલું અને નિર્મળ છે**... મુનિને યોગ્યની વાત છેને. નિર્મળદશાને પામેલું નિર્મળ છે. ... ચૈતન્ય પરિણમે છે. સમ્યગ્દૃષ્ટિને ચોથે ગુણસ્થાને કે પાંચમે ગુણસ્થાને ચૈતન્યનું પરિણમન જઘન્ય, મધ્યમ છે. સમજાણું કાંઈ? ચોથે જઘન્ય, પાંચમે મધ્યમ. મુનિને અતિ નિર્મળ છે એમ અહીં કહેવું છે. એ મુનિ તો દિગંબર હોય, જંગલમાં વસતા હોય. આહાહા! અરે! જ્યાં અંતરમાં... શરીરની પણ દરકાર નથી, અંતરના આનંદમાં ઝૂલતો હોય, એને આ કપડા-ફપડા કેવા ને પાત્રા કેવા? અધમણ-પોણોમણ ભાર કપડા ને પાત્રા લઈ મોટા વહોરવા જાય, મજૂરી છે કહે છે. મજૂર જેવી ક્રિયા છે. સાધુને એવું હોય નહીં. સમજાણું કાંઈ?

જેને અંતરમાં ત્રણ કષાયના અભાવ થઈને જ્યાં આત્માને અવલંબે ચૈતન્યનું પરિણમન પ્રગટ્યું છે. અભાવ થઈને એટલે કે એને કારણે નહીં, અહીંને કારણે થયું છે. એ તો સમજાવવા (કહ્યું). સમજાણું કાંઈ? એવું જે ચૈતન્યનું પરિણમન અંતિમ અવસ્થાને પામેલું...

આહાહા! મુનિને યોગ્યની વાત છે હોં. તદ્દન પરિણમન પામી ગયું હોય તો કેવળજ્ઞાન થઈ જાય. એવી જે અતિ નિર્મળ ચૈતન્યદશા, અતીન્દ્રિય આનંદની અવસ્થાની દશા **તેને હું કર્મથી મુક્ત થવાને...** મુનિરાજ પોતે કહે છે, એવાને-એવા સંતોને હું,... એવી ચૈતન્યપરિણતિ નિર્મળ વીતરાગી જેને વર્તે છે, સામાયિકના ભાવમાં નિરંતર વર્તે છે આવા ભાવથી... આવા ભાવથી હોં. કર્મથી મુક્ત થવાને **અર્થે નમું છું...** મારી દશા તે આત્મા તરફ ઢળેલી છે. **સ્તવું છું...** એકાગ્ર થાઉં છું. એમાં આત્મા તરફ જ એકાગ્ર થાઉં છું. આમ કહીને મુનિના ભાવને કહે છે.

હું પોતે જ મારા ભાવમાં આ રીતે વળેલો છું, શુદ્ધ આનંદનો .... વળેલો છે, મારું વલણ ત્યાં છે. તેની એકાગ્રતા છે અને વારંવાર એનું મારે રટણ છે. પવિત્ર ભગવાન આત્મામાં જ મારી રટણા છે. મારી માળાના મણકા ત્યાં ફરે છે કહે છે. વીતરાગ... વીતરાગ.. વીતરાગ પરિણતિ હોં. હજી છદ્મસ્થ જીવની વાત છે. પરિણતિ..... માંડ કોઈક દિ' કલાક જાતા હોય, એમાં ઊંધું સાંભળતો હોય, એમાં પરિણતિ શું હશે આ? આત્માની પવિત્ર અવસ્થા તેને પરિણતિ કહે છે. પુણ્ય-પાપની અવસ્થા તેને વિકારી પરિણતિ કહે છે ને પુણ્ય-પાપના રાગ વિનાની ચૈતન્યના અવલંબે થતી દશા એને નિર્મળ પરિણતિ કહે છે. આહાહા! મુનિ પણ ટીકા કરનાર મળ્યા છેને! અહીંથી તો હજારો વર્ષ જશે.... અંતર મારો ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ એમાં હું વળેલ છું, વિકારથી ખસેલ છું, એનામાં એકાગ્ર છું, એને વારંવાર રટું છું, એને સામાયિક કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ-૧૧, શુક્રવાર, તા. ૧૭-૧૧-૧૯૭૨**
**શ્લોક-૨૦૫-૨૦૯, પ્રવચન નં. ૧૫૦ ઉપલબ્ધ નથી**

**કારતક સુદ-૧૨, શનિવાર, તા. ૧૮-૧૧-૧૯૭૨**
**શ્લોક-૨૧૦-૨૧૧, ગાથા-૧૨૭, પ્રવચન નં. ૧૫૧**

૧૨૬ ગાથાના કળશ છેને. ૨૧૦ કળશ.

**इदमिदमघसेनावैजयन्तीं हरेत्तां**
**स्फुटितसहजतेज:पुंजदूरीकृतांह:-।**
**प्रबलतरतमस्तोमं सदा शुद्धशुद्धं**
**जयति जगति नित्यं चिच्चमत्कारमात्रम् ॥२१०॥**

આ સમાધિનો અધિકાર છે. સામાયિક કોને હોય? સામાયિક એટલે સમતાનો આનંદ. અતીન્દ્રિય આનંદના ભાવ સાથેની સમતા એને સામાયિક કહે છે. એ સામાયિક કોને હોય, કેમ હોય—એ કહે છે.

**શ્લોકાર્થ : સદા શુદ્ધ-શુદ્ધ એવું આ (પ્રત્યક્ષ) ચૈતન્યચમત્કારમાત્ર...** વસ્તુ અંદર એ અલ્પકાળમાં ત્રણ કાળ ને ત્રણ લોકને જાણે એવો જ એનો ચમત્કાર છે. જે સદા શુદ્ધ શુદ્ધ છે. ત્રણે કાળે દ્રવ્યે ને ગુણે શુદ્ધ છે. એવું **તત્ત્વ જગતમાં નિત્ય જયવંત છે...** આવો પદાર્થ જયવંત વર્તે છે. એમ મુનિએ પોતાની દૃષ્ટિમાં તત્ત્વને લીધું છે એટલે કે આ જયવંત વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? એવા તત્ત્વને જેણે દૃષ્ટિમાં લીધું છે એ દૃષ્ટિવંત એમ કહે છે કે આ તો સદા જયવંત છે. સમજાણું કાંઈ? **કે જેણે...** સમતાભાવ ને અતીન્દ્રિય આનંદની પર્યાયમાં જેણે વસ્તુને લક્ષમાં લીધી છે, કહે છે કે આ તો જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? ચૈતન્યચમત્કાર પ્રભુ, જ્ઞાનનો જેનો ચમત્કાર છે. થોડા ક્ષેત્રમાં રહેલો થોડા કાળમાં–એક સમયમાં પણ એ બધાને જાણે એવો જ કોઈ ચૈતન્યચમત્કાર સ્વભાવ છે.

એવું **(તત્ત્વ) જગતમાં નિત્ય જયવંત છે...** એવું તત્ત્વ આ જગતની અંદર, દૃષ્ટિ અને જ્ઞાનની પર્યાયમાં આવ્યું છે, એથી કહે છે કે આ જયવંત છે. એ જીવતી જ્યોત એમ ને એમ વર્તે છે અનાદિથી, એમ કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? **જેણે પ્રગટ થયેલા સહજ તેજઃપુંજ વડે...** એટલે કે પર્યાય દ્વારા પ્રગટ થયેલી અવસ્થા સહજ તેજઃપુંજ વડે **સ્વધર્મત્યાગરૂપ (મોહરૂપ) અતિપ્રબળ તિમિરસમૂહને દૂર કર્યો છે...** ખરેખર વસ્તુમાં... સહજ તેજઃપુંજ વસ્તુ છે, એ વસ્તુમાં મોહનો અભાવ છે. અને એ વસ્તુનો આશ્રય લેનાર, ત્રિકાળી આનંદકંદ પ્રભુ ચૈતન્ય-ચમત્કારી વસ્તુ એને અવલંબનારની પર્યાય... સ્વધર્મત્યાગ(રૂપ) મોહ છે એમાં સ્વધર્મનો ત્યાગ છે. **સ્વધર્મત્યાગરૂપ મોહ...** એટલે જેને સ્વધર્મ દૃષ્ટિમાં આવ્યો નથી એની દૃષ્ટિ સ્વધર્મત્યાગરૂપ મોહમાં છે.

શ્રોતા : ત્યાગ સમાધિનો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : સમાધિનો છે. આહાહા! સ્વધર્મત્યાગ... પોતાનો ચૈતન્યચમત્કાર એવો જે સ્વભાવ એનો ત્યાગ એટલે મોહભાવ.

**અતિપ્રબળ તિમિરસમૂહ**... એ ચીજમાં પણ નથી અને એ ચીજને અવલંબ લેનાર પર્યાયમાં પણ નથી. આહાહા! જ્યાં સમતા... સામાયિક છે ને. વીતરાગી પરિણતિ અતીન્દ્રિય ચિદાનંદના આનંદની સાથે વર્તે છે, એણે આત્માને દૃષ્ટિમાં લીધો તેથી એની પર્યાય અતીન્દ્રિય આનંદવાળી (અને) મોહરૂપી તિમિરના અંધકારને નાશ કરનારી છે. આહાહા! સમજાણું કાંઈ? **અને જે પેલી અઘસેનાની ધજાને...** એટલે? અનાદિથી પુણ્ય ને પાપની દૃષ્ટિ એનો જય હતો, એની ધજાનો જય હતો. એ **ધજાને હરી લે છે.** એ ધજાને લૂંટી નાખે છે. રાજમાં પણ એવું હોય, લડાઈમાં જાય એની ધજા આમ ફરકતી હોય ઉપર, એ ધજા કોઈ પાડી નાખે તો મરી ગયો કે હારી ગયો કહેવાય. એમ અનાદિની વિપરીત માન્યતારૂપી ધજા જે ફરકતી હતી એ ધજાને લૂંટી નાખી છે, કહે છે. તારો જય નથી, હવે મારો જય છે. સમજાણું કાંઈ?

હું એક જ્ઞાનાનંદસ્વભાવી વસ્તુ એનો–મારો જય છે હવે. અને અજ્ઞાનની જે ધજા ફરકતી હતી એને દૂર કરી નાખી. આહાહા! સમજાણું આમાં? એવા પરિણામને સામાયિક કહીએ. સામાયિક કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ-ચારિત્ર કહો. ચૈતન્યચમત્કાર તત્ત્વને અવલંબનાર કહે છે કે આ તો જયવંત છે. એવા જે પરિણામ એણે મોહરૂપી તિમિર (અર્થાત્) સ્વધર્મના ત્યાગરૂપી મિથ્યાત્વભાવ.. સ્વધર્મના ત્યાગરૂપ મિથ્યાત્વભાવ.. એ સ્વધર્મનો ગ્રહણરૂપ ભાવ થવાથી મિથ્યાત્વનો એણે નાશ કર્યો છે. માળે ભારે! ક્રિયા કઈ આવી આમાં?

સ્વભાવમાં આશ્રય લીધો એ ક્રિયા. પરનો આશ્રય લેતો એ પણ એક ક્રિયા સંસારની (હતી). આનો આશ્રય લીધો એ પણ એક ક્રિયા. અંતરમાં ચૈતન્ય ભગવાન પરમાનંદસ્વરૂપ એનો આશ્રય લીધે જે પર્યાય પ્રગટી, એને અહીંયા સમતાના લાભની ક્રિયા એમ કીધી. મિથ્યાત્વ હતો એ વિષમતાના લાભની ક્રિયા હતી મિથ્યાત્વની. એવી અઘસેના... એમ કે અનાદિથી આમ પાપની સેનાની ધજા ફરકતી હતી (એને) લૂંટી નાખી. ભગવાન આત્મા દૃષ્ટિમાં, જ્ઞાનની પર્યાયમાં જ્યાં આવ્યો, જયવંત વર્તે છે એમ આવ્યું, એ દશાએ અજ્ઞાનનો નાશ કરી નાખ્યો. ૨૧૦ થયો. કળશ થયો કળશ. ૨૧૧.

**जयत्यनघमात्मतत्त्वमिदमस्तसंसारकं**
**महामुनिगणाधिनाथहृदयारविन्दस्थितम् ।**
**विमुक्तभवकारणं स्फुटितशुद्धमेकान्ततः**
**सदा निजमहिम्नि लीनमपि सद्दशां गोचरम्॥ २११॥**

**શ્લોકાર્થ : આ અનઘ** નામ **(નિર્દોષ) આત્મતત્ત્વ...** ભગવાન આનંદસ્વરૂપ એવું જે ત્રિકાળી આત્મતત્ત્વ **જયવંત છે...** આહાહા! ઓલામાં પણ જયવંત કહ્યું, નિત્ય જયવંત છે એમ કહ્યું. અહીં 'જયવંત' છે. જોયું નહોતું, જાણ્યું નહોતું ત્યાં સુધી જયવંત છે એમ ભાન હતું નહીં. વસ્તુ આમ અનાદિ-અનંત નિત્યાનંદ પ્રભુ એની સન્મુખમાં જઈને દૃષ્ટિમાં લીધો, જયવંત વર્તે છે. એ વસ્તુ એમ જ હતી. પૂર્ણાનંદસ્વરૂપ ત્રિકાળી શાંતરસનો પિંડ તે નિત્ય વસ્તુ જયવંત વર્તે છે. એટલે કે નવી થઈ નથી, લક્ષમાં આવી એટલે થઈ છે એમ નથી, દૃષ્ટિમાં આવી માટે એ વસ્તુ થઈ છે એમ નથી. દૃષ્ટિ થઈ નવી. દૃષ્ટિમાં, લક્ષમાં જે આવી હતી એ તો એમ ને એમ છે, કહે છે. સદા જયવંત વર્તે છે. સમજાણું કાંઈ? અધ્યાત્મ માર્ગ ઝીણો છે. બહારથી કાંઈ પત્તો ખાય એવું નથી. બહારમાં છે ક્યાં એ? ખરેખર તો એ પર્યાયમાં આવ્યો નથી તો પછી રાગથી માલૂમ પડે એવું તો છે નહીં.

**—કે જેણે સંસારને અસ્ત કર્યો છે...** આહાહા! ભગવાન આત્મા પૂર્ણ આનંદસ્વરૂપ નિત્ય ધ્રુવ, જેમાં સંસાર છે જ નહીં. અથવા એ જયવંત વર્તે છે એવું તત્ત્વ દૃષ્ટિમાં, જ્ઞાનમાં જ્ઞેય કરીને જાણ્યું, એનો સંસાર અસ્ત થઈ ગયો છે. સંસાર એનો અસ્ત થઈ ગયો છે, આથમી ગયો સંસાર. આહાહા! સમજાણું કાંઈ? અંદર ભગવાન આત્મા આનંદનું ચોસલું નિત્યરૂપ એમ જ્યારે દૃષ્ટિમાં આવ્યું તો, કહે છે કે એ વસ્તુમાં સંસારનો અંત છે તો દૃષ્ટિ જ્યાં થઈ એમાં પણ સંસારનો અંત છે. આહાહા! સમજાણું કાંઈ? **જે મહામુનિ...** આહા! સંસારનો અંત છે એ ગજબ વાત છે! એટલે જે તત્ત્વ દૃષ્ટિમાં આવ્યું એને પર્યાયમાં સંસાર છે એમ ભાસતું નથી. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં આવું તત્ત્વ જયવંત વર્તે છે એમ જ્યાં ભાસ્યું, એને સંસાર પર્યાયમાં નથી. દ્રવ્ય-ગુણમાં તો નથી, પણ પર્યાયમાં હવે એ સંસાર નથી. આહાહા!

અને એવો સ્વભાવ **મહામુનિગણના અધિનાથના (–ગણધરોના) હૃદયારવિંદમાં સ્થિત છે...** ગણધરને લીધા. કારણ કે ગણધરને ચોક્કસપણે આ વસ્તુ એના જ્ઞાનમાં હોય જ. **મહામુનિગણના...** મહામુનિગણ એટલે ટોળા, એના અધિનાથ ગણધર. આહાહા! એના **હૃદયારવિંદમાં...** એના જ્ઞાનરૂપી કમળમાં ભગવાન બિરાજે છે અંદર. હૃદયારવિંદ—જ્ઞાનરૂપી અરવિંદ–કમળ એમાં એ ભગવાન ચિદાનંદ બિરાજે છે. કહો, સમજાણું કાંઈ? કેમકે જ્ઞાનની પર્યાયે એને જાણી લીધો, એથી એ જ્ઞાનની પર્યાય(રૂપ) કમળમાં બિરાજે છે. આહાહા! બહારની ક્રિયાકાંડવાળાને આ ભારે લાગે. આ તો એકલો નિશ્ચય.. નિશ્ચય.. નિશ્ચય. નિશ્ચય એટલે સત્ય, સાચું. પરમાર્થ વસ્તુ તો આ છે.

**જેણે ભવનું કારણ તજી દીધું છે...** પહેલા સંસારનો અસ્ત કર્યો હતો, હવે એના કારણોને પણ જેણે તજી દીધા છે. એ વસ્તુમાં પણ નથી અને વસ્તુની દૃષ્ટિ ને જ્ઞાન થયું એમાં પણ નથી. સંસારના કારણ જે રાગ-દ્વેષભાવ વસ્તુ ત્રિકાળી છે એમાં નથી અને એની દૃષ્ટિ

કરનારી પર્યાયમાં પણ એ નથી. **જેણે ભવનું કારણ તજી દીધું છે**... ભવનું કારણ તો મિથ્યાત્વ હતું–વિપરીત માન્યતા. પર્યાય જેટલો હું, રાગ તે હું—એવું જે ભવનું કારણ એ સ્વભાવમાં નથી, માટે સ્વભાવની દૃષ્ટિવંતને પણ નથી. ઓહો! સમ્યગ્દર્શનમાં આત્મા ભવના અભાવવાળો જણાણો તો એની પર્યાયમાં પણ સંસારના કારણો ને ભવનો અભાવ થઈ ગયો. વિકાર જ પર્યાયમાં નથી. વસ્તુમાં નથી, તો વસ્તુની પ્રાપ્તિ થઈ દૃષ્ટિમાં, એને પણ નથી. આહાહા! સમજાણું કાંઈ? આવો માર્ગ છે.

**જે એકાંતે શુદ્ધ પ્રગટ થયું છે**... એટલે જ્ઞાનમાં શુદ્ધ છે એમ પ્રગટ જણાણું છે. વસ્તુ પોતે શુદ્ધ છે એમ જણાય છે, કહે છે. એ જણાય છે એ પ્રગટ થઈને, એમ. જ્ઞાનમાં નહોતી આ વસ્તુ ત્યારે અપ્રગટ હતી એટલે એના જ્ઞાનમાં નહોતી. ત્યાં તો છે એ છે. સમજાણું કાંઈ? જ્ઞાનની પર્યાયમાં જ્યારે જણાણી ત્યારે, કહે છે કે **(જે સર્વથા-શુદ્ધપણે સ્પષ્ટ જણાય છે)**... જ્ઞાનની પર્યાયમાં એ શુદ્ધપણે જણાય છે. પહેલાં શુદ્ધ શુદ્ધ લીધું હતુંને. **અને જે સદા (ટંકોત્કીર્ણ ચૈતન્યસામાન્યરૂપ) નિજ મહિમામાં લીન હોવા છતાં**... ટંકોત્કીર્ણ ચૈતન્ય સામાન્ય ભગવાન પૂર્ણાનંદ પ્રભુ સદા... ટાંકણાથી જેમ અદબદ (કોતરીને) કાઢેને, ડુંગરમાંથી પ્રતિમા કાઢે, એમ આ ભગવાન આત્મા એવો ને એવો સત્ સત્વ, જ્ઞાન ને આનંદના સત્ત્વસ્વરૂપ ત્રિકાળ છે. એવા સ્વરૂપમાં લીન થયો છે. એ ચીજ તો પોતાના આનંદાદિ સ્વભાવમાં જ લીન છે, દ્રવ્ય હોં દ્રવ્ય. આહાહા! શું કીધું?

ભગવાન આત્મા પૂર્ણ જ્ઞાન, પૂર્ણ આનંદાદિ સ્વભાવ, એમાં જ એ વસ્તુ લીન છે. એમાં લીન હોવા છતાં **સમ્યગ્દૃષ્ટિઓને ગમ્ય છે**... ગોચર છે, સમ્યગ્દૃષ્ટિઓને ગોચર છે. લ્યો પહેલા તો આવ્યું હતું કે ચાર ભાવે જણાય નહીં. ચાર ભાવ આવરણાવાળા છે. એને આશ્રયે જણાય નહીં. ક્ષાયિકભાવને આશ્રયે જણાય નહીં, ઉપશમભાવના આશ્રયે જણાય નહીં. આહાહા! સદા–ત્રણે કાળે જે આત્મા પોતાનો સ્વભાવ પવિત્ર ધ્રુવ આનંદ સ્વભાવમાં જ લીન છે. એ બહાર નીકળ્યો જ નથી. આહાહા! એમ છતાં તે સમ્યગ્દૃષ્ટિને તો ગમ્ય છે. આહાહા!

કહો, ચોથે ગુણસ્થાને પરમ પરમાત્મસ્વરૂપ ગમ્ય છે કહે છે. આહાહા! એ ગુપ્ત રહેલો નથી. સમ્યગ્દૃષ્ટિને ગમ્ય છે. આહાહા! પૂર્ણ નિર્મોહ સ્વભાવ–સ્વરૂપ એના સ્વભાવમાં લીન અને એકરૂપ અભેદ હોવા છતાં સમ્યગ્દૃષ્ટિ ધર્માત્માને ગોચર છે–એને ગમ્ય છે. આહાહા! ગજબ વાત છે! નિયમસારમાં તો ગાથાએ-કળશે આખો આત્મા પરમાત્મા જ વર્ણવ્યો છે. પોતાની ભાવના માટે ગ્રંથ (બનાવ્યો) છેને આ તો. કુંદકુંદાચાર્ય કહે છે કે મારી ભાવના માટે આ બનાવ્યું છે. ભાવનામાં તો વસ્તુ વારંવાર એ જ આવે, એ જ આવે વારંવાર. ૧૨૭ ગાથા છે. **जस्स संणिहिदो अप्पा**.. એ અમારે ત્યાં ઓલા શ્વેતામ્બરમાં આવતુંને .... એ અહીં આવ્યું.

**जस्स संणिहिदो अप्पा संजमे णियमे तवे ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १२७॥**
**સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૭.**

ઓહોહો! આચાર્ય મહારાજે પણ કેવળીશાસને.. કેવળીશાસને.. ગાથા દીઠ, બાર ગાથામાં બાર વાર (કહ્યું છે). આ બાર ગાથા છે. બે સમાધિની, એક સમતાની, આ નવ સામાયિકની. કેવળી ભગવાનના શાસનમાં આમ કહે છે. ભાઈ! ત્રણ લોકના નાથનો આશ્રય લઈ ભગવાને આમ કહ્યું છે હોં. આહાહા! ભગવાનના શાસનમાં તો સામાયિક આને કહીએ પ્રભુ! આહાહા!

**ટીકા : અહીં (આ ગાથામાં) પણ આત્મા જ ઉપાદેય છે એમ કહ્યું છે.** એટલે? કોઈપણ અંદરની ધાર્મિક ક્રિયા જે છે વીતરાગી પર્યાય, એની સમીપમાં તો ભગવાન-દ્રવ્ય વર્તે છે. સમજાય છે કાંઈ? સંયમ, નિયમ, તપના આદિના જે વીતરાગી પરિણામ છે, એ વીતરાગી પરિણામને સમીપ તો ભગવાન છે. એના સમીપમાં રાગ ને નિમિત્ત છે નહીં. આહાહા! અરે! એના એણે ગાણા પણ સાંભળ્યા નથી. એણે એ.. નિશ્ચય.. નિશ્ચય એમ કહી કાઢી નાખ્યું. કાં એમ કહે છે કે એ તો ઊંચી વાત છે. ભાઈ! વાત કહે છે સોનગઢવાળા, એ વાત છે ખરી પણ એ ઊંચા માટેની છે. ઊંચો કહે તો ત્યારે નીચો ક્યો આમાં? આહાહા! આ આત્માને માટે છે. એનો ઊંચો કહે કે નીચો કહે. આહાહા! .... વાત તો એ છે. અમે કહીએ છીએ કે નીચલી સ્થિતિમાં આમ હોય, એમ. નીચલી સ્થિતિમાં આમ હોય, ભલે ઉપલી સ્થિતિએ આગળ જાય એમાં એવું થાય ભલે. આહાહા! આહાહા! ટીકાકારે તીર્થંકરને લીધા છે. અપ્રતિહત છેને એનો ભાવ. તીર્થંકર જીવનો સમ્યક્ આદિ ભાવ અપ્રતિહત છે.

**બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ અને સમસ્ત ઇન્દ્રિયવ્યાપારને જીતેલા...** જડ ઇન્દ્રિય અને ખંડખંડ ભાવેન્દ્રિય જેમાં એક જ વિષય ખ્યાલમાં આવે—એવી ઇન્દ્રિયોને જેણે જીતી છે. **એવા જે ભાવી જિનને...** ભવિષ્યમાં થનારા તીર્થંકર. આહાહા! **એવા જે ભાવી જિનને પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્યસંયમમાં...** પાપના ભાવરૂપી પરિણતિની નિવૃત્તિરૂપ એવો જે બાહ્યસંયમ એમાં પણ આત્મા સમીપમાં વર્તે છે. સમજાણું કાંઈ? એની નજરુંમાં આત્મા તરવરે છે કહે છે. બાહ્ય સંયમના સમીપમાં ભગવાન વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ?

ઇન્દ્રિયોનો વેપાર જીતેલા એવા જે ભાવી જિનને... જેને આત્મા નજીક વર્તે છે તે વર્તે જ છે. ... શબ્દ લીધા. **संणिहिदो** શબ્દ છેને. ભાઈ! **संणिहिदो** શબ્દ છેને. તીર્થંકરને આત્મા જ્યાં દૃષ્ટિમાં આવ્યો તે આવ્યો, એને પછી ફરે નહીં એમ કહે છે. ચારિત્ર અસ્થિર થઈ જાય એ જુદી વાત છે (તીર્થંકરના) ભવ (પહેલા). અને એ ભવમાં જરી છટ્ઠે-સાતમે.. છટ્ઠે-સાતમે આવે છેને.

પણ તીર્થંકરને દર્શનની સમીપમાં આત્મા થયો એ સમકિત કોઈ દિ' ફરે નહીં. સમજાણું કાંઈ? **संणिहिदो** શબ્દ પડ્યો છેને એટલે એમાંથી આ કાઢ્યું, ભાવી જિન. આહાહા! આમાંય આ છે શ્વેતામ્બરમાં અનુયોગદ્વારમાં **जस्स संणिहिदो अप्पा**.. ... છે ત્યાં. એય ચેતનજી! અનુયોગદ્વાર.

**બાહ્ય પ્રપંચથી પરાઙ્મુખ** (એટલે) વિમુખ **અને સમસ્ત ઇન્દ્રિયવ્યાપારને જીતેલા એવા જે ભાવી જિનને પાપક્રિયાની નિવૃત્તિરૂપ બાહ્ય સંયમમાં** આત્મા નજીક વર્તે છે એમ કહે છે. એ બધા 'માં.. માં..' કરીને આગળ કહેશે કે સદા સમીપ કારણપરમાત્મા વર્તે છે. આહાહા! બાહ્ય સંયમના સમીપમાં અંતર સંયમ વર્તે છે એમ પણ નહીં. બાહ્યસંયમમાં, ભગવાન ધ્રુવ છે એ સમીપમાં વર્તે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન તીર્થંકરના આત્માને બાહ્ય સંયમમાં પણ ભગવાન વસ્તુ જ વર્તે છે. ત્રિકાળી આનંદ પ્રભુ એ જ એની સમીપમાં વર્તે છે. દૂર હતોને. રાગમાં જ્યારે એકાકાર હતો ત્યારે એ દૂર હતો. જ્યારે વસ્તુની તરફની દૃષ્ટિના ઝુકાવમાં પરિણતિ થઈ, એ પરિણતિમાં એને ભગવાન આત્મા સદાય સમીપમાં વર્તે છે. કોઈ દિ'–એક સમય પણ આત્મા એને દૂર ન થાય. સમજાણું કાંઈ?

જે ભવમાં તીર્થંકર કેવળી થવાના છે, એને પહેલો બાહ્ય સંયમમાં પણ ભગવાન જ વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આમ ભવ જેને હોય એને તો હજી સમકિત પડે. ક્ષયોપશમ સમકિતી હોય તીર્થંકરને, નરકમાં જાય ત્યાં અંતર્મુહૂર્ત માટે મિથ્યાત્વ થઈ જાય, પછી એને સમકિત થાય. અહીં તો આ ભવમાં કેવળજ્ઞાન પામવાના છે, એમ. સર્વજ્ઞ પરમેશ્વર થવાના છે. મહારાજ! આવી વાત મોટી? પણ સાંભળને હવે! આહાહા! આ ભવમાં સર્વજ્ઞપણું જેને પ્રગટવાનું છે એવા ભાવી જિન, એની જે મુનિદશાના બાહ્ય સંયમમાં એ ભગવાન વસે છે, કારણપરમાત્મા સમીપમાં વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? એમ કહીને (કહ્યું કે) બાહ્ય સંયમ (વખતે પણ) બધા ધર્માત્માને અંતર સમીપમાં આત્મા જ વર્તે છે એમ કહે છે. ભગવાનનો તો દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ?

**કાય-વચન-મનોગુપ્તિરૂપ, સમસ્ત ઇન્દ્રિવ્યાપાર રહિત અભ્યંતરસંયમમાં,** પાછું જોયું! આ બીજું લીધું. કાય-વચન-મનોગુપ્તિ અને સમસ્ત ઇન્દ્રિય વ્યાપાર રહિત અભ્યંતરસંયમ... સ્વરૂપમાં લીનતા, વીતરાગતા, અણીન્દ્રિય પર્યાયનું પ્રગટવું એવો સંયમ, એમાં પણ આત્મા વર્તે છે. અભ્યંતર સંયમ એટલે કે વીતરાગી પર્યાય, એમાં ભગવાન સમીપ વર્તે છે. આહાહા! ઓલામાં 'અભ્યંતર સંયમ વર્તે' એમ ન લીધું, બાહ્ય સંયમમાં ઓલો (આત્મા) વર્તે છે, ત્યારે એને બાહ્યસંયમ કહેવામાં આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો માખણની વાતું છે.

**કાય-વચન-મનોગુપ્તિરૂપ, સમસ્ત ઇન્દ્રિવ્યાપાર રહિત અભ્યંતરસંયમ...** વીતરાગતા જ્યાં જામી છે. છકાય ને પાંચ ઇન્દ્રિયનો સમૂહ તો બાહ્ય છે. હવે અંતરમાં જે લીનતા જામી એ લીનતામાં ભગવાન સમીપ છે, ભગવાન સાથે છે, એ લીનતામાં ભગવાનનો હાથ છે.

આહાહા! કહો, મોહનભાઈ! આ આમાં ખોટ જાય એવું છે કોઈ દિ'? આહાહા! દુનિયામાં તો ચાલ્યા જ કરે બધા પાપ ને પુણ્યના ખેલ. ચડતી-પડતી છાયા, નથી કહેતા? એક વર્ષમાં ન્યાલ થઈ જાય, વળી એક વર્ષમાં ફેરફાર થઈ જાય. એવું તો ચાલ્યા જ કરે. આ વેપારમાં કોઈ દિ' ખોટ ન જાય ને પાછો ન પડે, એમ કહે છે. ભગવાન અંદર આનંદસ્વરૂપ પ્રભુ, આહાહા! જેણે દૃષ્ટિમાં લીધો, જ્ઞાન એમાં જામ્યું, એની સમીપમાં પરમાત્મા પોતે જ વર્તે છે. આહાહા! એમાં હાથ પરમાત્માનો છે એવી વીતરાગી પરિણતિની સાથે ભગવાન વર્તે છે. એ સથવારો ભગવાનનો છે એમ કહે છે. આહાહા!

શ્રોતા : પોતાના આત્મારૂપી આત્માની સમીપ થઈ ગયો એ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : થઈ ગયો એ. આહાહા! ગજબ વાત છે! આ ગાથા છે ઓલામાં (શ્વેતાંબરમાં), પણ અર્થ એવો ન કરે. સમજમાં ન આવે ક્યાંથી કરે? એ તો કરતા નથી, પણ પાછા ઓલા બીજા કહે, આવું બધું આવ્યું ક્યાંથી? કહો, અહીં શું લખ્યું છે? જુઓને! **जस्स संणिहिदो अप्पा**.. કીધું. 'આત્મા જેની સમીપ છે' એનો અર્થ શું? આહાહા! રાગની પ્રીતિમાં આત્મા દૂર વર્તતો હતો, ખોવાઈ ગયો હતો. પુણ્યના પરિણામ—દયા, દાન, વ્રતના પરિણામમાં પણ ભગવાન દૂર વર્તતો હતો. અને જ્યાં અંતર્મુખના પરિણામ પ્રગટ્યા, વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન. આ તો વીતરાગી માર્ગ છે ભાઈ! .......વાળાને તો આ કઠણ પડે એવું છે.

ભગવાન એમ કહે, ઓહોહો! અમારા પ્રત્યેની ભક્તિનો શુભરાગ પણ નુકશાનકારક છે. સમજાણું કાંઈ? આવે, હોય, પણ છે નુકશાનકારક. જે રાગમાં પરદ્રવ્ય લક્ષમાં આવે છે, એમાં–રાગમાં ભગવાન આત્મા નજીકમાં નથી. આહાહા! વસ્તુનો પૂર્ણ સ્વભાવ કારણ-પરમાત્મા જેની અભ્યંતરદશામાં સંયમમાં એ કારણપરમાત્મા જ તરવરે છે. કહો, સમજાણું કાંઈ? માળે આવી ક્રિયા સૂઝે નહીં ને બહારની ક્રિયા મૂકાય નહીં. ... આનાથી હળવે હળવે થાશે. ધૂળેય નહીં થાય. તારી લાખ જાત્રા કર ને લાખ ભગવાનના સ્મરણ કર. એ શુભભાવ છે. આત્મા એના સમીપમાં નથી માટે તરવાનો ઉપાય છે એ નથી. આહાહા! દૂર છે.

'દૂરતર' ૧૭૦ (ગાથા, મોક્ષમાર્ગપ્રપંચચૂલિકા), પંચાસ્તિકાયમાં આવે છેને. આહાહા! કહે છે કે અભ્યંતર સંયમમાં પણ પ્રભુ વર્તતો હોય એને અભ્યંતર સંયમ કહીએ. કારણપ્રભુ ત્રિકાળી આનંદનો નાથ સચ્ચિદાનંદ પ્રભુ પોતાની ચીજ.. પોતાની ચીજ હોં. બીજો ભગવાન એમ નહીં. આહાહા! જેના સંયમમાં કારણપરમાત્મા વર્તે તેને સંયમ કહીએ. જેના સંયમમાં ભગવાન ન વર્તે એને સંયમ કહીએ નહીં, એમ કહે છે. આહાહા! એ બધા અસંયમીઓ છે. ઇન્દ્રિય ને બાહ્ય ત્યાગ હોવા છતાં, વ્યવહારની રુચિ હોવા છતાં, જેના સમીપમાં ભગવાન આવ્યો નથી, ભગવાન નજીક થયો નથી એને સંયમ ને તપ કાંઈ કહેવામાં આવતું નથી. આહાહા! ભારે કામ ભાઈ આકરું.

વળી **માત્ર** થોડા–**પરિમિત (મર્યાદિત) કાળના આચરણસ્વરૂપ નિયમમાં...** બે દિવસ આહાર ન કરવો, ફ્લાણું ન કરવું, મહિનો રસ ન ખાવો—વિગેરે કોઈ નિયમ લેવા. પરિમિત કાળના આચરણ(રૂપ) નિયમમાં પણ ભગવાન વર્તે છે. આહાહા! ચોવીસ કલાક આહાર ન લેવો, ફ્લાણું કરવું, કહે છે કે જો આત્મા એ પર્યાયમાં વર્તતો હોય તો એ સંયમ કહેવાય. આત્મા ન વર્તે તો એ સંયમ નથી, બધો અજ્ઞાન ને અસંયમ છે. આહાહા! સમજાણું કાંઈ? જુઓ! આ સામાયિકની વ્યાખ્યા. સામાયિકના પરિણામ જે સમતાનો લાભ. સામાયિક છેને. સમ+આય. સમતાનો લાભ જે વીતરાગી પર્યાય એને કહીએ કે જે વીતરાગી પર્યાયમાં ભગવાન સમીપમાં વર્તતો હોય એને સામાયિક કહીએ. આહાહા!

ઓલા તો કહે, ચાર શરણે જાવું. શરણ દેનારો તો આત્મા છે. શરણ આપનાર એ છે. તો એમાં (-ચાર શરણમાં) સ્વ-શરણ કયાંથી આવ્યું? આહાહા! ગજબ છે ને! આહાહા! અરે! વીતરાગને નામે આવું કરે. ભાઈ! વીતરાગસ્વરૂપ પ્રભુ એની સમીપમાં જઈને જે દશા થાય, એ દશામાં ભગવાન સમીપમાં વર્તે એને સંયમ કહીએ. જેને આત્મા શરણ વર્તતો હોય એને સંયમ કહીએ. આહાહા! ભગવાન (આદિ) ચાર શરણ છે (આદિ બાહ્ય) સંયમ વર્તતો હોય એ તો રાગ છે. આહાહા!

શ્રોતા : આવું હોય ત્યારે ઓલાને વ્યવહાર કહેવાય

પૂજ્ય ગુરુદેવશ્રી : એ સંબંધનું અત્યારે કામ જ નથી અહીંયા. પાધરું આ વર્તતું હોય તો નિર્મળ પર્યાયને પર્યાય કહેવાય, બસ. રાગ છે એ એનામાં–પર્યાયમાં ક્યાં છે? સમજાણું કાંઈ? એ તો પરદ્રવ્યમાં જાય છે. આહાહા! સમજાણું કાંઈ? જેની સમીપમાં વર્તે. એ તો વીતરાગી પર્યાયની સમીપમાં વર્તે છે. આરે ભારે કામ ભાઈ! અંતર ચીજ શું છે એનો આશ્રય કેમ લેવો એની ખબરું ન મળે અને અમે સંયમી, મુનિ, વ્રતધારી ને તપસી (છીએ). સમજાણું કાંઈ? અરે ભગવાન! તને નુકશાન થાય છે ભાઈ! તને ખબર નથી. લાભના ધંધા કોની સમીપે થાય એની તને ખબર નથી. સમજાણું કાંઈ?

ધર્મના લાભના ભાવ એ તો આત્માના સમીપમાં થાય. આત્માને દૂર રાખીને લાભ થાય? એમ કહે છે. આહાહા! ભગવાન ત્રણ લોકનો નાથ પરમાત્મા પોતે, એને દૂર રાખીને તને ધર્મની પર્યાય થાય એમ બને નહીં. આહાહા! કહો, સમજાણું આમાં? તારો સ્વભાવ ત્રિકાળી પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ પ્રભુ છે. એવા સ્વભાવની સમીપની પર્યાય એને સંયમ ને ધર્મ કહીએ, એને સામાયિક કહીએ. અહીં ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં.. કર્યું પુરું બે ઘડી, થઈ ગઈ સામાયિક. એ તો વિષમભાવ છે, મિથ્યાભાવ છે. કહો, સમજાણું આમાં?

**નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિરૂપ...** નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિ.. પોતાનું ત્રિકાળી શુદ્ધસ્વરૂપ એમાં ન ચળે એવી સ્થિતિરૂપ **ચિન્મય-પરમબ્રહ્મમાં નિયત (નિશ્ચળ રહેલા) એવા...**

ચિન્મય પરમબ્રહ્મમાં નિયત એવા **નિશ્ચય-અંતર્ગત-આચારમાં...** એ નિશ્ચય-અંતર્ગત આચાર, એમ. ક્યો? ચિન્મય પરમબ્રહ્મમાં સ્થિત નિજસ્વરૂપમાં અવિચળ સ્થિતિ તે આચાર. જે આચારમાં ભગવાન સમીપમાં વર્તે છે એને આચાર કહીએ. આહાહા! સમજાણું કાંઈ? **संजमे णियमे तवे**.. વધારે નાખ્યું છે. **નિશ્ચય-અંતર્ગત આચાર**... આચાર એટલે વીતરાગમૂર્તિ પ્રભુ આત્મા એની સમીપમાં જઈને સ્થિરતા થાય, એ સ્થિરતાના આચારમાં ભગવાન વર્તે છે. એવી વીતરાગી ચારિત્રની સમીપમાં આત્મા છે. જે ચારિત્રની સમીપમાં ભગવાન નથી એને ચારિત્ર કહેતા નથી. આહાહા! સમજાણું કાંઈ?

**નિશ્ચય-અંતર્ગત આચારમાં (અર્થાત્ નિશ્ચય-અભ્યંતર નિયમમાં)**–ચારિત્રમાં... આચારનો અર્થ એ. અને **વ્યવહારથી પ્રપંચિત (જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપ-વીર્યાચારરૂપ)** વ્યવહાર **પંચાચારમાં...** વ્યવહાર ચારિત્રમાં પણ એ કારણપરમાત્મા વર્તે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર ને વીર્યાચાર—એવા પંચાચાર(રૂપ) વ્યવહારચારિત્રમાં પણ ભગવાન સાથે હોય તો ઓલા રાગને વ્યવહાર કહેવામાં આવે છે. હવે એમ નાખ્યું. આત્મા સમીપમાં ન હોય તો ઓલા વ્યવહારને વ્યવહાર કહેવામાં આવતો નથી. આહાહા! કહો, સમજાણું કાંઈ? લુખ્ખુંલસ જેવું લાગે. રસ ન મળેને રાગનો. સ્નેહલતા, ફલાણું લતા... નથી આવતું? નામ પણ એવા આવે. સ્નેહની વેલડી. એમાં રાગના તાણાવાણા હોય તો કાંઈક સમજાય, રસ આવે. અરે! એ તો ઝેરનો રસ છે. આહાહા! અમૃતનો ડુંગરો પ્રભુ ભગવાન જેની સમીપમાં નથી તેને વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહાહા! સમજાણું કાંઈ?

**તથા પંચમગતિના હેતુભૂત, કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત...** લ્યો. અપરિગ્રહપણું, નિર્ગ્રંથપણું, એમ. **પંચમગતિના હેતુભૂત કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત** નિર્ગ્રંથદશા. આહાહા! એ નિર્ગ્રંથદશા કહો, મુનિપણું કહો, તપ કહો. તપાચરણ.. શું આવે છે? દીક્ષાકલ્યાણક નથી આવતું? તપકલ્યાણક. આહા! **પંચમગતિના હેતુભૂત કાંઈ પણ પરિગ્રહપ્રપંચથી સર્વથા રહિત**... બાહ્ય નિર્ગ્રંથદશા, અભ્યંતર રાગરહિત દશા. **સર્વથા રહિત સકળ દુરાચારની નિવૃત્તિના કારણભૂત...** સકળ દુરાચાર (એટલે) વિકલ્પથી રહિત. એ બધો વિકલ્પ દુરાચાર છે, લ્યો. એના નિવૃત્તિના કારણભૂત **એવા પરમ તપશ્ચરણમાં...** સંયમ, નિયમ ને તપ હતુંને. એ તપની વ્યાખ્યામાં પછી ચારિત્ર લીધું. કહો, સમજાણું કાંઈ? એવું વીતરાગી ચારિત્ર ને વીતરાગી તપ અંદર મુનિપણું.. વીતરાગી ચારિત્ર ને વીતરાગી મુનિપણું એટલે તપ. તપકલ્યાણક આવે છેને. ભગવાનના તપકલ્યાણકનો અર્થ દીક્ષાકલ્યાણક, મુનિકલ્યાણક. મુનિપણું લે એ તપ કહેવાય. એવી વીતરાગી તપસ્યા અંદર આવે એના સમીપમાં ભગવાન વર્તે છે.

**(–આ બધામાં) પરમ ગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો...** છેને નિમિત્તનું (કથન) આવે છેને? ગુરુએ કહ્યું હતું કે તારા ભગવાનની સમીપમાં જા, એનાથી પ્રગટેલી પર્યાયને સમીપતાનો વિરહ ન થાય એને વીતરાગતા કહેવાય. આહાહા! **પરમગુરુના પ્રસાદથી પ્રાપ્ત કરાયેલો નિરંજન નિજ કારણપરમાત્મા...** જેમાં મેલ નથી. નિજ કારણપ્રભુ **સદા સમીપ છે (અર્થાત્ જે મુનિને સંયમમાં, નિયમમાં અને** ચારિત્રમાં–**તપમાં નિજ કારણપરમાત્મા સદા નિકટ છે)...** જો આત્મા–કારણપરમાત્મા નિકટ ન હોય તો એની એકેય ક્રિયા ધર્મની ન હોય, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એક સમય પણ જો આત્માનું સમીપપણું જાય, ત્યાં ધર્મ ન હોય, (પછી ભલે) ગમે એવી ક્રિયાકાંડ હોય, આચરણ હોય વ્યવહારનું. ભગવાન નિત્યાનંદ કારણપરમાત્માનું જ્યાં સમીપપણું વર્તે ત્યાં આવી દશા એને હોય છે.

**તે પરદ્રવ્યપરાઙ્મુખ...** હવે નિજદ્રવ્યમાં સમીપપણું ને પરદ્રવ્ય પરાઙ્મુખપણું, એમ અસ્તિ-નાસ્તિ (કરી). **પરદ્રવ્ય-પરાઙ્મુખ પરમવીતરાગ-સમ્યગ્દૃષ્ટિ વીતરાગ-ચારિત્રવંતને...** કહે છે કે સમ્યગ્દર્શન પોતે જ વીતરાગભાવ છે. એમ નહીં કે નીચે સમ્યગ્દર્શન સરાગ (હોય) ને ઉપર સમ્યગ્દર્શન વીતરાગ (હોય). આહાહા! **પરદ્રવ્ય-પરાઙ્મુખ પરમવીતરાગ સમ્યગ્દૃષ્ટિ...** એ તો પરમવીતરાગ સમ્યગ્દૃષ્ટિ પરમ વીતરાગ જ છે. સમ્યગ્દૃષ્ટિપણું–જે દ્રવ્યમાં દૃષ્ટિ થઈ, એ દ્રવ્ય પણ પરમ વીતરાગસ્વરૂપ છે અને એની દૃષ્ટિ પણ વીતરાગસ્વરૂપ જ છે. આહાહા!

બીજાને ઉપદેશ કરવો, બીજાને તારવું એ પણ ભેગો ધર્મ છે આ રીતે. ઓહો! બીજાને ઉપદેશ દેવો, બીજાને..... વીતરાગે પણ બીજાને ઉપદેશ દીધો. અહીં તો ઓલી ઇચ્છા ભલે ન (હોય, પણ) સ્વ-ઇચ્છા એમ કરીને નાખ્યું. બીજી જાતની ઇચ્છા. ઇચ્છા બીજી કઈ જાતની? સ્વ-ઇચ્છા લખ્યું છે. ઓલી ઇચ્છા નથી, પણ આ ઇચ્છા છે એમ લખ્યું છે. કેવી ઇચ્છા વળી બીજી? (ભાષા) કહેને એટલે ઇચ્છા વિના શી રીતે કહેવું? આહાહા! ભાષા કરે છેને. ભગવાન પણ ભાષા કરે છે ને. પરમાણુ ગ્રહે ને પરમાણુ છોડે એમ લીધું છે.

છઠ્ઠી સાલમાં કહ્યું હતુંને રામવિજયે. એવું જ કહ્યું હતું. કેવળી પહેલે સમયે પરમાણુને ગ્રહે ને બીજે સમયે છોડે. લો! હજી એને ગ્રહવું-છોડવું કહે છે. આણે એમ નાખ્યું છે. ભાષાના પરમાણુઓ એની પાસે પડ્યા નથી. અંદર લે, પછી છોડે. પરદ્રવ્યને હલાવી શકાય નહીં. આહાહા! પરદ્રવ્યને ગ્રહવું ને છોડવું—ગ્રહણ-ત્યાગ તો આત્મામાં છે જ નહીં. પરદ્રવ્યનું ગ્રહવું ને છોડવું એ તો ત્રણે કાળે આત્મામાં નથી. અરેરે! ક્યાંનું ક્યાં કરી.. અહીંનો વિરોધ કરવા માટે આવા ઢસરડા કર્યા. આહાહા!

સ્વ-શરણમાં તો ભારે નાખ્યું. અરિહંત, સિદ્ધ (આદિ) પાંચ (પરમેષ્ઠી) એ શરણ ... છે. સ્વ-શરણ ક્યાં આવ્યું ન્યાં? એ તો શરણે જાય એ આવ્યું. આરે, આવા ગપ્પા. વીતરાગમાર્ગમાં હજી વ્યવહારના કથનમાં પણ ફેર. આહાહા! બહુ ફેર છે. ઓલા કહે, તમારી વચનવર્ગણા ફરી

ગઈ છે. વચન ... નથી. તમારી વર્ગણા–વચનવર્ગણા ફરી ગઈ. કરે કોણ? વચનવર્ગણા કોની હતી તે ફરે? મૂળ તો કહેવું (છે કે) તમારો ભાવ ફરી ગયો. આહાહા! અમારી પ્રરૂપણામાં આવું આવતું જ નથી, એમ. અમારી પ્રરૂપણામાં તો આ આવે છે કે વ્યવહાર કરવો અને વ્યવહારથી નિશ્ચય થાય. એ વર્ગણા–વચનવર્ગણા ભગવાનની કહેવાય. અહીં કહે, ભગવાનની વાણીમાં એવું કોઈ દિ' આવે જ નહીં. આહાહા! કહો, સમજાણું? આહાહા!

પરદ્રવ્ય-પરાઙ્મુખ થઈ ગયો. પરદ્રવ્ય શબ્દે વિકલ્પ આદિ બધા પરદ્રવ્ય. ભલે પહેલો વ્યવહાર લીધો છે એ જાણવા માટે ત્યાં, પણ એનાથી પર-મુખ છે–પરાઙ્મુખ છે. પરમવીતરાગ સમ્યગ્દૃષ્ટિ... એ વીતરાગપણું પરમવીતરાગ સમ્યગ્દૃષ્ટિ જ છે. અને વીતરાગચારિત્રવંત... ચારિત્ર એ વીતરાગપણે જ હોય. વળી પાછું સરાગ ચારિત્ર ને વીતરાગ... એ સરાગ ચારિત્ર તો આરોપથી કથન છે. એવા **સામાયિકવ્રત...** આવા જીવને સામાયિકવ્રત **સ્થાયી છે** લ્યો. આવા જીવને સામાયિક સાચી હોય છે. સ્થાયી એટલે સાચી. બાકી બધાને ગપ મારે એવી સામાયિક હોય. આહાહા! સમજાણું કાંઈ? આવા જીવને સામાયિકવ્રત સ્થિર છે, સત્ય છે, શાશ્વત છે. કારણપરમાત્મા જે પર્યાયની વીતરાગદશામાં વર્તે છે એની પર્યાયને સામાયિકવ્રત કહેવામાં આવે છે. આહાહા!

એક પણ વાત સાચી સાંભળી ન હોય અને પોતાની કલ્પનાએ પછી ગોઠવવું. આવી તપસ્યાનું આવું હોય, આ મહાતપસ્યા. તપસ્યા તો આને કહીએ. નહોતું કીધું? સકલ દુરાચારની નિવૃત્તિ અને પરિગ્રહના પ્રપંચનો સર્વથા અભાવ એવું પરમ તપશ્ચરણ અંદર. **એમ કેવળીઓના શાસનમાં કહ્યું છે.** લ્યો, આવી સામાયિકની વ્યાખ્યા અને સામાયિકનું સ્વરૂપ. આવી સામાયિક હોય એ કેવળીશાસનમાં કહ્યું છે. વીતરાગમાર્ગ સિવાય બીજે તો હોય છે ક્યાં? સમજાણું કાંઈ? એકેય બોલ કે દિ' હતો આવો અન્યમતમાં? **એમ કેવળીઓના શાસનમાં કહ્યું છે**. આહાહા! એક ગાથાએ તો આખી... ધર્મની પર્યાયની વીતરાગતામાં આત્મા સમીપ ન હોય તો એ વીતરાગ પર્યાય જ નથી, એ ધર્મ જ નથી. ધર્મની દશામાં આત્મા જો ન હોય ભેગો–સમીપ (તો) એ ધર્મ જ નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આનો કળશ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક સુદ-૧૩, રવિવાર, તા. ૧૯-૧૧-૧૯૭૨**
**શ્લોક-૨૧૨-૨૧૩, ગાથા-૧૨૮, પ્રવચન નં. ૧૫૨**

નિયમસાર ૧૨૭ ગાથાનો કળશ છે, કળશ ૨૧૨.

**[હવે આ ૧૨૭મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે:]**

**आत्मा नित्यं तपसि नियमे संयमे सच्चरित्रे**
**तिष्ठत्युच्चैः परमयमिनः शुद्धदृष्टेर्मनश्चेत् ।**
**तस्मिन् बाढं भवभयहरे भावितीर्थाधिनाथे**
**साक्षादेषा सहजसमता प्रास्तरागाभिरामे ॥२१२॥**

શું કહે છે? **શ્લોકાર્થ : જો શુદ્ધદૃષ્ટિવંત (–સમ્યગ્દૃષ્ટિ) જીવ એમ સમજે છે કે...** સમ્યગ્દૃષ્ટિ એટલે વસ્તુ પૂર્ણ અખંડ અભેદ છે એની જેની અંતર દૃષ્ટિ થઈ છે અને જેના અનુભવમાં, પૂર્ણ આનંદસ્વરૂપ છે એનો આનંદનો સ્વાદ પણ આવ્યો છે. સમજાણું કાંઈ? વસ્તુ જે પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાનસ્વરૂપ આત્મા એની દૃષ્ટિમાં સમીપમાં આત્મા વર્તે છે સમકિતીને. એવો જે સમ્યગ્દર્શન સ્વભાવ છે એ એમ સમજે છે... આ **मनश्चेत्** કહ્યુંને. **मनश्चेत्**નો અર્થ. શુદ્ધદૃષ્ટિવંત એમ સમજે છે... ભાષા એમ લીધી છે જોયું! શુદ્ધદૃષ્ટિ. **કે પરમ મુનિને તપમાં...** એટલે કે અંદર ચારિત્ર–વીતરાગી પર્યાય થાય એમાં આત્મા મુખ્ય છે. મુનિપણાની દશા જે ચારિત્ર છે... **નિયમમાં, સંયમમાં...** નિયમ–અનેક મર્યાદા ધારીને અને સંયમ **અને સત્ચારિત્ર...** તપ એ જ મૂળ તો ચારિત્ર છે, પણ મુનિપણાની દશા જુદી લીધી.

**સદા આત્મા ઊર્ધ્વ રહે છે.** ભગવાન આત્મા, જેની ધર્મની પર્યાયમાં આત્મા જ મુખ્ય રહે છે. એટલે શું કહ્યું? કે ધર્મની, જે તપની, ચારિત્રની, સંયમની કે નિયમની એવી જે દશા ધર્મની છે એમાં એ ત્રિકાળીદ્રવ્ય જ જેની સમીપમાં એટલે દ્રવ્ય જ દૃષ્ટિમાં વર્તે છે. સમકિતીની ધર્મની પર્યાયમાં દ્રવ્ય જ મુખ્ય વર્તે છે. શું કહ્યું સમજાણું આમાં? સમ્યગ્દૃષ્ટિ એમ સમજે કે પોતાની... અહીં મુનિની વ્યાખ્યા મુખ્ય લેશે. પરમ મુનિને અંતરના ધ્યાનમાં વીતરાગતા જે પ્રગટી છે, ચારિત્રની અંતર રમણતા પ્રગટી છે, એ પર્યાયમાં દ્રવ્ય નિત્ય તરવરે છે. એ પર્યાયના સમીપમાં દ્રવ્ય છે. પર્યાયના સમીપમાં રાગ ને નિમિત્ત નથી. સમજાણું કાંઈ? અખંડ-આનંદ પ્રભુ એવો જે આત્મા એ જ જેની ધર્મની પર્યાયમાં આશ્રય તરીકે, અવલંબન તરીકે, મુખ્ય તરીકે, ધ્યેય તરીકે, સમીપ તરીકે વર્તે છે. ઝીણી વાત છે આ.

આ તો **जस्स संणिहिदो अप्पा**ની વાત છેને. **जस्स संणिहिदो अप्पा** એની વ્યાખ્યા છે આ કળશમાં. ભગવાન જેની સમીપ છે (એટલે કે) પર્યાયનું અભેદપણું ત્યાં વર્તે છે. તેથી

ધર્મની પર્યાયમાં વસ્તુ પોતે મુખ્ય છે, પર્યાયમાં પર્યાય મુખ્ય નથી. ધર્મની પર્યાય એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ બધી વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાયમાં વીતરાગમૂર્તિ આત્મા તે તેના નજીકમાં, ધ્યેયમાં છે. આહાહા! આવું છે. શું કહેવું? સમ્યગ્દર્શનની પર્યાય હો કે સમ્યગ્જ્ઞાનની હો કે સમ્યક્ચારિત્રની હો કે નિયમ આદિની હો અંદર, જેટલી વીતરાગી પર્યાય હો એ ધર્મ અને તે ધર્મની સમીપ ધર્મી આત્મા ત્રિકાળી વર્તે છે. કહો, સમજાણું આમાં? જેની દૃષ્ટિમાં, જેના જ્ઞાનમાં, જેના ચારિત્રમાં આત્મા જ છે એમ કહે છે. સમજાણું કાંઈ આમાં?

વસ્તુ છેને આત્મા. એક સમયમાં નિત્યાનંદ સચ્ચિદાનંદ પૂર્ણસ્વરૂપ છે. એ પૂર્ણ સ્વરૂપનું ધ્યેય દરેક પર્યાયમાં વર્તે છે. આહાહા! સમજાણું કાંઈ? આત્માના ધ્યેય અને સમીપ વિનાની કોઈ ધર્મની પર્યાય હોઈ શકે નહીં. આહાહા! એને રાગની મંદતા છે તો એને લઈને ધર્મની પર્યાય છે અને એનો (શુભ) ઉપયોગ છે એ શુદ્ધપયોગ થવા માટે સમીપ છે—એમ નથી. શુદ્ધ ઉપયોગ જે અંદર છે એની સમીપમાં તો દ્રવ્ય છે ચૈતન્યમૂર્તિ. પછી શુદ્ધોપયોગની બધી વ્યાખ્યાઓ છે, સંયમ, તપ ને.. સમજાણું કાંઈ? શુભ ને અશુભરાગના ભાવમાં એનું લક્ષ નિમિત્ત સામે છે અને શુદ્ધભાવમાં ધ્યેય અહીં આત્માનું લક્ષ છે અંદર. સમજાણું કાંઈ?

'સમ્યગ્દૃષ્ટિ એમ સમજે છે' એમ લખ્યું છેને? **शुद्धदृष्टेर्मनश्चेत्.. आत्मा नित्यं तपसि नियमे संयमे सच्चरित्रे तिष्ठत्युच्चैः**.. એમ છે. સમ્યગ્દૃષ્ટિ–સાચી દૃષ્ટિવંત એટલે જેને પૂર્ણ આનંદ અખંડ–અભેદ વસ્તુનો અનુભવ થઈને પ્રતીત થઈ છે, એ વસ્તુ આનંદસ્વરૂપ છે એનો પર્યાયમાં આનંદનો અનુભવ થઈને પ્રતીત–દૃષ્ટિ શુદ્ધ થઈ છે, એવો સમ્યગ્દૃષ્ટિ એમ સમજે છે કે ધર્મની જેટલી પર્યાયો, ચારિત્ર, તપ, નિયમ—એ ધર્મની પર્યાયમાં ધ્યેયપણે, સમીપપણે દ્રવ્ય છે. કહો, શશીભાઈ! સમજાણું કાંઈ? અધિકાર તો બહુ સારો આવ્યો છે. આહાહા! સમતા કહો, ચારિત્ર કહો, વીતરાગીભાવ કહો, સમ્યગ્દર્શન સહિતની લીનતા કહો—એ બધા ભાવમાં ભગવાન આત્મા સમીપમાં–નજીક વર્તે છે એટલે કે તેનું ધ્યેય ત્યાં છે. સમજાણું કાંઈ? અથવા એ બધી ધર્મપર્યાયનો આશ્રય દ્રવ્ય છે. કહો, સમજાણું કાંઈ?

જેટલો સર્વજ્ઞે કહેલો વીતરાગી ધર્મ છે, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર વીતરાગભાવ, ઉત્તમક્ષમા આદિ દસ પ્રકારનો ધર્મ આવે છેને?—એ બધી ધર્મની વર્તમાનદશા એ મોક્ષનું કારણ વ્યવહારે, પણ એ પર્યાયનો આશ્રય કોણ? વસ્તુ પોતે. આત્મતત્ત્વ નિત્યાનંદ પ્રભુ એ પર્યાયનું ધ્યેય ને આશ્રય છે. કહો, સમજાણું કાંઈ? દ્રવ્યના આશ્રય વિનાની કોઈ ધર્મપર્યાય હોઈ શકે નહીં. કહો, સમજાય છે આમાં? નિયમ ને તપમાં, સમ્યગ્દૃષ્ટિ એમ જાણે છે કે મુનિપણું જેને હોય, જેને અંતર ચારિત્ર પ્રગટ્યું હોય, જેને અંતર વીતરાગીદશા પ્રગટી હોય, એને આત્માનું ધ્યેય હોય તો એ પ્રગટી હોય, નહીંતર એ પ્રગટી હોય નહીં. આહાહા!

ભગવાન આત્મા અંદર ઝળહળ જ્યોતિ, આનંદની મૂર્તિ, ચૈતન્યસૂર્ય છે. એ સૂર્યના કિરણો જે પ્રગટ્યા એમાં સૂર્યનું કારણ છે, એમ કહે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? આ ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં કરીને બેસે, ણમો અરિહંતાણં એ સામાયિક છે. આ સામાયિકની વ્યાખ્યા ચાલે છેને? જયંતિભાઈ! સામાયિક એને કહીએ, સામાયિક એટલે સમ-વીતરાગી, આય એટલે લાભ. વીતરાગી પરિણામનો લાભ થાય પર્યાયમાં એને સામાયિક કહીએ. એ વીતરાગી પરિણામરૂપી સામાયિક એની સમીપમાં, આશ્રય તો દ્રવ્ય વર્તે છે. ત્રિકાળી ભગવાન આત્મા જેના આશ્રયમાં વર્તે એને સામાયિક હોઈ શકે. આ તો સાધારણ વાત છે. તમે કેટલા પાથરણા ફાડ્યા હશે સામાયિક કરી-કરીને, નહીં? એ સામાયિક નહીં. એ ભગવાનભાઈ! આ સામાયિકની વ્યાખ્યા છે. આહાહા! જેના પરિણામમાં-ધર્મરૂપી દશામાં દ્રવ્ય-વસ્તુ આશ્રય ન હોય એને ધર્મપર્યાય હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! છે એમાં?

એ સામાયિકની વ્યાખ્યા છે. ૧૨૭ જુઓ! **तस्स सामाइगं ठाई इदि केवलिसासणे**.. કેવળી ભગવાનના માર્ગમાં, કેવળી તીર્થંકરદેવના શાસનમાં એને સામાયિક કહી છે કે જે સામાયિકના પરિણામમાં ત્રિકાળી ભગવાન જ આશ્રયરૂપે વર્તતો હોય, એટલે જે સામાયિક પરિણામમાં દ્રવ્ય જ પોતે મુખ્યપણે હોય, જે પરિણામમાં દ્રવ્યનું-આત્માનું સમીપપણું હોય એને સામાયિક કહેવામાં આવે છે. આહાહા! આ સામાયિક કરીને બેઠા, (પણ) લક્ષ ક્યાં? શુભભાવ. એમાં ભગવાનનું કાંઈક સ્મરણ કરે, કાં અરિહંતનું ધ્યાન કરે, કાં અનુપૂર્વી ગણીને પુરું કરે. એ તો શુભભાવ છે ને શુભભાવનું લક્ષ તો પરનો આશ્રય છે. એ સામાયિક છે નહીં. સમજાણું કાંઈ? આહાહા! ઝીણું ... છેને.

શુદ્ધ દૃષ્ટિવંત એમ માને છે કે, સમકિતીની શ્રદ્ધા-જ્ઞાનમાં એમ વર્તે છે કે કોઈપણ ચારિત્રની-વીતરાગી ધર્મની પર્યાય એનો આશ્રય દ્રવ્ય હોય, એ પર્યાયમાં સમીપપણું એ દ્રવ્યનું વર્તે છે. ભગવાન પૂર્ણાનંદનું જેમાં સમીપપણું વર્તે એને ધર્મની પર્યાય હોય એમ સમ્યગ્દૃષ્ટિ માને છે. જેને-જે પરિણામને આત્માનો આશ્રય ન હોય, એ પરિણામને પરનો આશ્રય હોય એ ધર્મ નહીં, એ સામાયિક નહીં. સમજાણું કાંઈ? 'ણમો અરિહંતાણં' ૪૮ મિનિટ બેસીને ગણે, કાં માળા ગણે—એ સામાયિક નહીં એમ કહે છે. કારણ કે શુભ વિકલ્પ છે ને એનો આશ્રય, લક્ષ તો ત્યાં છે. એના ધ્યેયમાં આત્મા છે નહીં. સમજાણું કાંઈ? આહાહા!

શુદ્ધદૃષ્ટિવંત જીવ એમ સમજે છે કે પરમ મુનિને-મહાસંતોને-આત્મધ્યાની મુનિને એના ધ્યાનમાં... એની ધ્યાનની પર્યાય કહો કે સામાયિક કહો કે વીતરાગીદશા કહો, એના ધ્યાનમાં ધ્યેય, સમીપ તરીકે ભગવાન વર્તે છે. સમજાણું કાંઈ? એણે વીતરાગમૂર્તિ આત્મા સાથે એકત્વ કર્યું છે. આહાહા! ભારે! સામાયિક એને કહીએ કે સામાયિકના પરિણામે

પરિણામી ભગવાન ત્રિકાળી પરમાત્મા સાથે ગોઠડી બાંધી છે. સમજાણું કાંઈ? જે પરિણામે દ્રવ્યની સાથે ગોઠડી બાંધી નથી અને પરિણામનું–એનું નિમિત્ત સામે લક્ષ છે એ સામાયિક નથી, બધો વિષમભાવ છે, એ સમભાવ નહીં. આહાહા! સમજાય છે કાંઈ?

**સદા આત્મા ઉર્ધ્વ રહે છે**... જુઓ! અહીં ઉર્ધ્વની વ્યાખ્યા આવી ભાઈ! ત્યાં ઓલી પંચાસ્તિકાયમાં આવે છેને, ઓલું નિમિત્ત-નૈમિત્તિક. ત્યાં ઉર્ધ્વ આવે છેને. મોક્ષનો માર્ગ જે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર. સમ્યગ્દૃષ્ટિ એમ સમજે છે અને સમ્યગ્દૃષ્ટિએ દ્રવ્યનો આશ્રય લઈને દશા પ્રગટ કરી છે, એથી એ એમ સમજે છે કે જેને-જેને ધર્મની પર્યાય હોય તેને-તેને દ્રવ્યનો આશ્રય ને દ્રવ્યનું સમીપપણું હોય. આહાહા! એને શુભરાગની સમીપતા હોય અને સામાયિક થાય (એમ) ત્રણ કાળમાં બને નહીં, એમ કહે છે. આહાહા!

**(અર્થાત્ દરેક કાર્યમાં...** એટલે ધર્મકાર્ય હોં. **નિરંતર શુદ્ધાત્મદ્રવ્ય જ મુખ્ય રહે છે)...** મોક્ષના માર્ગની નિર્મળ વીતરાગી પર્યાય, એના પછી ગમે એ પ્રકાર લ્યો, પણ એ વીતરાગીભાવ... મોક્ષનો માર્ગ તો વીતરાગીભાવ છે. રાગભાવ મોક્ષનો માર્ગ છે? જેને વ્યવહાર મોક્ષમાર્ગ કહીએ એ મોક્ષમાર્ગ છે? છે નહીં, એ તો બંધમાર્ગ છે. વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો એ તો બંધમાર્ગ છે. એને વ્યવહાર અન્યથા કહે. છે બંધ, એને અન્યથા કહે કે મોક્ષનો માર્ગ છે. એટલે જેટલો શુભોપયોગ વર્તે એ બધો બંધનો માર્ગ છે. કેમકે એના સમીપમાં તો નિમિત્તનું લક્ષ, પરનું લક્ષ, એનો આશ્રય છે. શુભભાવમાં તો પરનો આશ્રય છે. અને શુદ્ધોપયોગમાં સ્વનો આશ્રય છે. જે ઉપયોગ સ્વને અવલંબ્યો છે એ ઉપયોગને ધર્મ કહીએ, એને સામાયિક કહીએ. કહો, આવું સાંભળ્યું હતું ભગવાનભાઈ? સાંભળ્યા વિના બધા નહોતા કર્યા? દાસ આવ્યા છે કે નહીં? .... એ બધી .. લાગે. દાસને લઈને ભગવાનભાઈ આવતા હતાને પહેલા. આહાહા! એ ગમે એમ કહે.....

અહીંયા તો પરમાત્મા પોતે શુદ્ધ અખંડ-આનંદનો કંદ છે. એ એકરૂપ ચીજ ધ્રુવ નિત્યાનંદ આત્મા એના આશ્રયે, એના સમીપે, એને અવલંબે જે પર્યાય પ્રગટે, એમાં એનું મુખ્યપણું દ્રવ્યનું હોય. એને–પર્યાયને પર્યાયનું મુખ્યપણું નહીં, પર્યાયને રાગનું મુખ્યપણું નહીં, ધર્મપર્યાયને નિમિત્તનું મુખ્યપણું નહીં. સમજાણું કાંઈ? આવી તો વાત છે. આ ગાથા તો શ્વેતામ્બરમાં છે, પણ અર્થ કરતા નથી. અનુયોગદ્વારમાં છે આ ગાથા. સમજાણું કાંઈ? **जस्स संणिहिदो अप्पा** એવો પાઠ છે.

**તો (એમ સિદ્ધ થયું કે) રાગના નાશને લીધે અભિરામ... અભિરામ = મનોહર; સુંદર. (ભવભયના હરનારા એવા આ ભાવિ તીર્થંકરે રાગનો નાશ કર્યો હોવાથી તે મનોહર છે.) એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથને આ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે.** આહાહા! સમાધિ, સહજ સમતા ચોક્કસ છે. 'સાક્ષાત્ સહજ સમતા' એમ છેને પાઠમાં? કળશ છેને? સમતા..

સમતા એટલે વીતરાગીભાવ. વીતરાગીભાવ એટલે ચિદાનંદના આનંદની અવિનાભાવી દશા, અતીન્દ્રિય આનંદની અવિનાભાવી વીતરાગીદશા એને અહીં સમતા કહે છે, એને સામાયિક કહે છે કે જે સામાયિકમાં અતીન્દ્રિય આનંદનું અવિનાભાવીપણું હોય. એટલે એકલી સમતા નહીં, પણ સાથે અતીન્દ્રિય આનંદ હોય એને અહીં સમતા ને એને અહીં સામાયિક કહે છે. સામાયિકમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ ન હોય અને એ સામાયિક માને એ સામાયિક નથી. સમજાણું કાંઈ?

શુભરાગનો સ્વાદ તો ઇન્દ્રિયનો, ઝેરનો સ્વાદ છે. શુભરાગ, શુભોપયોગ એ તો ઝેરનો સ્વાદ છે, એનો આશ્રય તો પર છે. પરનો જેમાં આશ્રય છે એ તો વિષમભાવ છે. ભગવાન પૂર્ણસ્વરૂપ, જ્યાં જ્ઞાનની, શ્રદ્ધાની પર્યાયના ભેટા થયા અંદર અને જેટલી નિર્મળ પર્યાય થાય તેમાં બધા ભગવાનના જ ભેટા વર્તે છે, કહે છે. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! આવી. આ તો બધી નિશ્ચયની વાતું કરે છે. પણ નિશ્ચય એટલે સાચું. વ્યવહાર એટલે ઉપચારથી કથન છે બધા. સમજાણું કાંઈ? ઓલામાં આવે છેને પ્રવચનસારમાં કે શુદ્ધ-ઉપયોગીને સાધુ કહ્યા ને શુભ-ઉપયોગીને સાધુ કહ્યા. પણ કોને? જેને ત્રણ કષાયનો અભાવ વર્તે છે, સમતા–વીતરાગતા વર્તે છે, અંતરમાં લીનતા નથી, ઉપયોગ જામ્યો નથી ત્યારે એને શુભયોગ હોય છે અને જામ્યો હોય ત્યારે શુભયોગ હોતો નથી, ઠરી ગયો છે—એની અહીં વાત લીધી છે. આહાહા! શુદ્ધજોગીએ સમતા મુનિ.. આવે છે કે નહીં? પ્રવચનસારમાં આવે છે. આહાહા!

શુભયોગ એ તો સાસ્રવ છે, આસ્રવવાળો છે એમ કીધું પાછું. એ સાધુપણું શુભભાવ નથી. અંતરમાં વીતરાગી પર્યાય દ્રવી છે, પરિણમી છે. શું કહ્યું? સમતા... નવમી ગાથામાં શું આવ્યું? ...... એ વીતરાગભાવે પરિણમે છે. સમજાય છે? વસ્તુ પોતે... વિભાવ ને સ્વભાવ બે લીધા છે. ...... બરાબર છે. એ તો વસ્તુસ્થિતિ જણાવવી છે. અહીંયા તો વસ્તુ પોતે પરમ સમતાનો રસકંદ આત્મા છે. સામાયિક પ્રગટે એ તો અનંતમા ભાગની સમતાનો અંશ છે. આહાહા! સામાયિક વીતરાગી પરિણામ (એટલે કે) જ્ઞાન, આનંદ સહિતનો ભાવ જે પ્રગટે, એ તો અનંતમા ભાગનો સમતાભાવ છે. વસ્તુ છે એ તો અનંતી-અનંતી સમતાનો અકષાયરસ, વીતરાગરસ પડ્યો છે. આહાહા!

જે પરિણામને–વીતરાગી પરિણામને વીતરાગીરસનું સમીપપણું હોય તેને ધર્મ કહીએ. જે પરિણામને સ્વનો આશ્રય ન હોય એને ધર્મ કહીએ નહીં. આહાહા! કેવી ચોખવટ કરી છે! આ શુદ્ધયોગ ને શુદ્ધયોગ કરે છે ને ધર્મ કહીએ નહીં. આહાહા! એવી ચોખવટ કરી છે. અરે! આ શુભયોગ ને શુભયોગ કરે છે, રાડ્યું પાડે છે. અરે! શુભયોગ તો ઝેર છે, રાગ છે માળા. ઝેરથી શુદ્ધોપયોગરૂપ અમૃત થાય? આવે છે, ઓલા ઠેકાણે આવે છે મોક્ષમાર્ગપ્રકાશકમાં.

શુભયોગ હોય એને નજીકપણે શુદ્ધપર્યાય થઈ શકે એવું આવે છે, પણ ચડી શકે તો ને? આહાહા! લ્યો, ક્યાંયનું ક્યાંય (યાદ આવ્યું)!

સમ્યગ્દૃષ્ટિ છે તે સ્વભાવમાં ઠરી શક્યો નથી અત્યારે (શુદ્ધ)-ઉપયોગમાં, પણ શુભોપયોગ હોય એને છોડીને શુદ્ધમાં આવી શકશે છોડીને. છેલ્લે શુભભાવ હોય એમ બતાવવું છે. સમજાણું કાંઈ?

અને ખરેખર તો એમેય લીધું છે કે શુભોપયોગને છોડીને અહીં શુદ્ધોપયોગ થાય, (પરંતુ તેથી) અશુભથી પણ શુભ થયો (એમ નથી), કારણ કે અશુભ છોડીને શુભ થયો છે. અશુભ-(ઉપયોગ) છોડીને શુભ-(ઉપયોગ) થયો છે, પણ અશુભથી શુભ થયો (એમ નથી). શુભ છોડીને આ (-શુદ્ધોપયોગ) થયો તો શુભથી શુદ્ધ થયો (એમ કહ્યું, પણ તેથી) અશુભથી શુભ થયો (એમ છે નહીં). શુભથી (છૂટીને) શુદ્ધ થયો તો અશુભથી શુભ થયો એમ નથી. સમજાણું કે નહીં પ્રવીણભાઈ? આહાહા! ભારે કામ ભાઈ!

**રાગના નાશને લીધે અભિરામ**–સુંદર **એવા તે ભવભયહર ભાવિ તીર્થાધિનાથ**... તીર્થંકરને લીધા છે. ભાવિ—જેને કેવળજ્ઞાન પ્રગટવાનું છે અલ્પકાળમાં, એવા ભાવિ તીર્થાધિનાથને. આહાહા! **આ સાક્ષાત્ સહજ-સમતા...** સ્વભાવિક વીતરાગતા, સ્વભાવિક સમતા–સામાયિક **ચોક્કસ છે**. કહો, સમજાણું આમાં? પહેલું સમજણમાં તો નક્કી કરે. ઓલું તો કીધું કે સમ્યગ્દૃષ્ટિ એમ સમજે છે કે જેટલા સંયમ, નિયમ, તપના પરિણામ વીતરાગી હોય એ બધા ભગવાન આત્માને અવલંબે પ્રગટેલા છે. એના આશ્રયે પ્રગટેલા હોય છે એને સમીપમાં, ઉર્ધ્વમાં, ઉર્ધ્વમાં–મુખ્યમાં, ધર્મની પર્યાયમાં મુખ્ય આત્મા હોય છે, એમ કહે છે. રાગની પર્યાયમાં નિમિત્ત પર હોય છે. આહાહા!

ગુણ-ગુણીના ભેદના વિકલ્પમાં પડ્યો હોય એને પણ વિકલ્પમાં પરનો આશ્રય, ભેદનો, મનનો છે. એ ધર્મપરિણામ નહીં. આહાહા! અહીં તો સામાયિક સાધારણ છોકરી કરે આઠ-આઠ વર્ષની, દસ-દસ સામાયિક, આઠ સામાયિક લ્યો. સાંભળવામાં તો નિરાંત થઈ. સમજવામાં ઊંઘેય આવે, ઝોલા આવે. કારણ કે ... ત્યાં ઝોલા ન આવે, ..માં ઝોલા આવે. કહો, સમજાણું કાંઈ? **ભવભયહર ભાવિ તીર્થાધિનાથ...** આહા! ભવના ભયને હરનારા છે એ તો. જેની સામાયિક ભવના ભયને હરનારી છે, એમ કહે છે. એ જ કહે છેને. એવા તીર્થાધિનાથ ભગવાન તીર્થંકર એને આ વીતરાગી પરિણામ સાક્ષાત્ સહજ-સમતા ચોક્કસ છે. કેટલું ભર્યું છે! નિયમસાર તો ગજબ વાત છે! એક-એક શ્લોક અને એક-એક કળશ. આવું શાસ્ત્ર ગુમ પડ્યું રહ્યું લ્યો. અત્યારે તો જ આવેને. શ્રીમદ્‌ના વખતમાં ગુમ રહ્યું લ્યો. પંચાધ્યાયી હાથમાં આવ્યું, ... આવ્યું, ધવલ લઈને આવેલા. ચારેકોરથી આવ્યું બધું ભેગુ થઈ ગયું. આહાહા! કહો, સમજાણું કાંઈ? એ શ્લોક થયો લ્યો. ૧૨૮.

**जस्स रागो दु दोसो दु विगडिं ण जणेइ दु।**
**तस्स सामाइगं ठाई इदि केवलिसासणे॥ १२८॥**

જુઓ! અહીં તો ના પાડે છે શુભરાગની. શુભરાગની વિકૃતિ ત્યાં ન હોય એને સામાયિક હોય એમ કહે છે.

**નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.**

કેવળજ્ઞાની પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરે તીર્થંકરના શાસનમાં આને સામાયિક કહી છે. અજ્ઞાનીના શાસનમાં કંઈ કહ્યું હોય એ બધું અજ્ઞાનીએ કરેલું હોય. સમજાણું કાંઈ? શુભરાગની ક્રિયાને સામાયિક મનાવે એ અજ્ઞાનીનું શાસન છે, એ કેવળીનું શાસન નહીં. આહાહા! કહો, ચેતનજી! પહેલો શુભ-ઉપયોગ હોય, ક્ષયોપશમ હોય, પછી ક્ષાયિક થાય. લ્યો, એમ આવ્યું છે. પહેલો ક્ષયોપશમ કહે છે. અહીં દ્રવ્યનિક્ષેપ આવ્યું છે ખરુંને. એ તો અપેક્ષાએ વાત કરી છે. ... પુરુષાર્થ થયો છે, એ તો રાગ છે. અને શુભાશુભ ઘટ્યો છે ક્યાં? વસ્તુના ભાન વિના અશુભ ઘટ્યો છે ક્યાં? શુભને ધર્મ માને છે, મિથ્યાત્વ ને કષાય તીવ્ર વર્તે છે. મિથ્યાત્વરૂપી કષાય હોં. રાગની મંદતાના શુભરાગને ધર્મ માને એને તો મિથ્યાત્વરૂપી કષાય તીવ્ર છે. ચારિત્રમોહનો કષાય ભલે મંદ હોય, હો, પણ એણે ધર્મ માન્યો એટલે મિથ્યાત્વનો કષાય છે. મિથ્યાત્વ કષાય છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય એ બધા કષાયના ભેદ છે. ઉપયોગ એક જુદો રહી ગયો.

**ટીકા : અહીં, રાગદ્વેષના અભાવથી અપરિસ્પંદરૂપતા હોય છે એમ કહ્યું છે.** અપરિસ્પંદ એટલે ઓલા યોગની અહીં વાત નથી. જે પુણ્ય ને પાપના વિકલ્પથી અસ્થિરતા હતી એનો અભાવ છે. **અપરિસ્પંદ = અકંપનતા, અક્ષુબ્ધતા, સમતા**. રાગ-દ્વેષભાવ એ વિષમતા છે. રાગ-દ્વેષનો અભાવ તે અપરિસ્પંદરૂપ સમતા છે. એમાં ઝુલતો નથી, સમતા વીતરાગી પરિણામ એ રાગમાં ઝૂલતો નથી. રાગમાં ઝૂલે એ સમતા નથી. આહાહા! વિકલ્પ ઉઠે એ સમતા નથી અને સમતામાં વિકલ્પ નથી. આવી સામાયિક.. આહાહા! એને સામાયિક વ્રત કહીએ નિશ્ચય હોં. **રાગ-દ્વેષના અભાવથી અપરિસ્પંદરૂપતા હોય છે એમ કહ્યું છે**.

**પાપરૂપી અટવીને બાળવામાં અગ્નિ સમાન એવા જે પરમવીતરાગ સંયમીને રાગ કે દ્વેષ વિકૃતિ ઉત્પન્ન કરતો નથી...** લ્યો. શું કીધું? પુણ્ય ને પાપરૂપી અટવી—બેય એને બાળવામાં અગ્નિ સમાન છે. શુભ ને અશુભને બાળવામાં અગ્નિ સમાન છે. મોટું વન હોય એને અગ્નિ બાળી મૂકે, એમ શુભ-અશુભના અસંખ્ય પ્રકાર (એવી) અટવીને આત્માના આશ્રયે થયેલી સમતા બાળી મૂકે છે. **એવા જે પરમવીતરાગ સંયમીને રાગ કે દ્વેષ વિકૃતિ ઉત્પન્ન કરતો નથી**. **વિકૃતિ = વિકાર.** નીચે. **સ્વાભાવિક પરિણતિથી વિરુદ્ધ પરિણતિ. [પરમ-**

**વીતરાગસંયમીને સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો દઢ આશ્રય હોવાથી...** લ્યો. પરમ શાંતિ ને સામાયિકવંત એવા મુનિને સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો... લ્યો. સમતા છેને આ સામાયિકની. હવે એને સમતાસ્વભાવી દ્રવ્યનો આશ્રય છે એમ કહે છે.

**(સમતાસ્વભાવી શુદ્ધાત્મદ્રવ્યનો દઢ આશ્રય હોવાથી**... અવિકારી અકષાયરસરૂપ આત્મા એની સમતા અને આવા સમતાસ્વભાવી દ્રવ્યનો આશ્રય હોવાથી... આહાહા! જેણે ભગવાનના ભેટા કર્યા છે. એવી વીતરાગી સમતાથી વિરુદ્ધ **વિકૃતિભૂત (વિભાવભૂત) વિષમતા...** શુભભાવ ને અશુભભાવ એ વિષમ છે, સમ નહીં, સમતા નહીં. આહાહા! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ વિષમ છે, સમ નહીં. આહાહા! સમજાણું કાંઈ? મૂળ નિજઘરની વાતું મૂકીને બધી વાતું આવી. વર આખો પડ્યો રહ્યો (અને) પર્યાય ઉપર આખી વાતું માંડી. પણ પર્યાયના અંશની પાછળ મોટો મહાપ્રભુ બિરાજે છે, તેં કોઈ દિ નજરું કરી નહીં, આશ્રય લીધા નહીં, એને કોઈ દિ' અવલંબનમાં લીધો નથી. આહાહા! લેવા જેવો એને મૂકી દીધો અને નહીં લેવા જેવો શુભભાવ એને પકડ્યો માણસે. કહો, સમજાણું કાંઈ?

સામાયિક તો બધાને ત્રણેયમાં આવે એવી વાત છે. ... દિગંબર .... વાત છે. સવાર, બપોર, સાંજ ... સામયિક કરે. સવાર, બપોર, સાંજ મુનિ સામાયિક કરે. સામાયિક ..... આ શ્વેતામ્બરમાં તો સામાયિકનો વિવાદ છે. શ્રાવકને સામાયિક હોય. મુનિ તો જાણે સામાયિકમાં આવી ગયા, એમ માને છેને. આહાહા! સમતાસ્વભાવી ભગવાન આત્મા જેની નજરું કરતાં, ઠરતાં સમતા પરિણામ થાય, જેનો આશ્રય લેતાં વીતરાગી પર્યાય પ્રગટ થાય એવો ભગવાન સમતાસ્વભાવી છે. આહાહા! પોતાનો આત્મા હોં.

**(રાગદ્વેષપરિણતિ) થતી નથી, પરંતુ પ્રકૃતિભૂત (સ્વભાવભૂત) સમતાપરિણામ થાય છે.]** પ્રવચનસારમાં આવે છે. ..... આવે છે. પ્રકૃતિ ને વિકૃતિ. પ્રકૃતિ ને વિકૃતિ...... પ્રવચનસારમાં છે. પ્રવચનસાર .... શું કીધું? વિકૃતિ અને પ્રકૃતિ. વિકૃતિ એટલે રાગ-દ્વેષનો ભાવ તે વિકૃતિ અને પ્રકૃતિ એટલે જીવનો સ્વભાવ તે પ્રકૃતિ. સમજાણું કાંઈ? ભગવાન આત્માનો ત્રિકાળી સ્વભાવ તે પ્રકૃતિ. એનો સ્વભાવ–સ્વરૂપ જ પ્રકૃતિ છે. એવા સ્વભાવને આશ્રયે પ્રગટેલી દશા તે પ્રકૃતિ છે, એ સ્વભાવ છે. અને એમાં રાગ-દ્વેષની ઉત્પત્તિ તે પ્રકૃતિથી વિરુદ્ધ વિકૃતિ છે.

ભાષા આવી, એ કરતાં 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં..' જાઓ. તિક્ખુત્તો આયાહિણં, મિચ્છામિ કરોમિ, તસ્સસૂત્રી, લોગસ્સ, કરેમિ ભંતે, નમોત્થુણં. જાઓ થઈ ગઈ સામાયિક. બે ઘડી બેસે ને ણમો અરિહંતાણં... થઈ ગઈ સામાયિક. અરે! આવી સામાયિક અનંતવાર નથી કરી? એ તો અનંતવાર કરી છે. એ તો રાગ છે, વિષમભાવ છે. આહાહા! એક

સમયની પર્યાયની પાછળ આખો આત્મા દ્રવ્ય છે એ શું છે એની તો ખબરેય નથી. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે પ્રકૃતિભૂત એટલે સ્વભાવભૂત. ભગવાન આત્મા સ્વભાવભૂત તો સમતા સ્વરૂપે છે અને એને આશ્રયે પ્રગટેલી ધર્મપર્યાય એ પણ પ્રકૃતિભૂત-સ્વભાવભૂત છે. એનો આશ્રય છોડીને જેટલો પુણ્ય ને પાપનો ભાવ પ્રગટ કરે એ બધો વિકૃતિરૂપ, વિષમરૂપ, અસમતાભાવ છે. શુભભાવ ભગવાનની ભક્તિ, પુણ્યાદિ એ બધો વિષમભાવ છે. ભારે વાત. સમજાણું? સ્વરૂપમાં ઠરી ન શકે ત્યારે અશુભથી બચવા આવે, પણ એ છે વિષમભાવ. કહો, ભીખાભાઈ! શું કરવું પણ આમાં? આહાહા! જેને રાગ-દ્વેષના વિકલ્પોની વિકૃતિ ઉત્પન્ન થતી નથી, પણ ભગવાન સમતાસ્વરૂપ પ્રભુ એના અવલંબે જેને સમતાભાવ પ્રગટ હોય છે એને અહીંયા સામાયિક કહેવામાં આવે છે. કહો ચીમનભાઈ! હતું અહીં કાંઈ? આટલા વર્ષમાં નહોતું સાંભળ્યું ન્યાં. તમે તો દિગંબર છો, જૂના દિગંબર. આહાહા!

અરે! જેની સામું મોઢા તાકવા જોઈએ એની સામું મોઢું તાક્યું નહીં. ઓલા કહે છેને, મુખ તાકવું પડે નિમિત્ત સામે. એય! લખે છેને ખાણિયાચર્ચામાં. ઉપાદાને પણ નિમિત્તનું મોઢું તાકવું પડે ત્યારે નિમિત્ત આવે ને મારું કાર્ય થાય, એમ. આહાહા! એની સામું જોવું, કહે છે. એય ...જી! તમારા અંદરના પંડિતો સમજવા (તૈયાર) નથી હોં. ઉપાદાને નિમિત્તનું મોઢું.... પાણીને ઉનું થવું હોય તો પાણીએ અગ્નિની રાહ જોવી પડશે, કેરીને તૂટવું હોય તો એણે હથોડીની રાહ જોવી પડશે. એનું મોઢું તાકવું પડશે કે હથોડી ક્યારે આવે, ક્યારે આવે.... જોઈ છે કે નહીં ખાણિયાચર્ચા? આહાહા! ભારે ચર્ચા ચાલી હતી. વીતરાગમાર્ગમાં... આહાહા! ભગવાન સમતાનો પિંડ પ્રભુ સમતાસ્વભાવી વસ્તુ પ્રભુ છેને. સમતા એટલે વીતરાગસ્વરૂપી જ આત્મા છે. એનો આશ્રય લઈને સમ+આય = વીતરાગ પર્યાયનો લાભ થયો. એ વીતરાગી પર્યાયમાં-ધર્મમાં ધર્મીની મુખ્યતા છે. દ્રવ્યની મુખ્યતા છે. આહાહા! એને વિકૃતિ ઉત્પન્ન કરતો નથી. આહાહા!

**તે મહા આનંદના અભિલાષી જીવને...** મહા આનંદ-મોક્ષના અભિલાષી... મહા આનંદ, પૂર્ણ સુખ, પૂર્ણ શાંતિ, પૂર્ણ અતીન્દ્રિય આનંદના અભિલાષી જીવને—**કે જેને પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે...** ચારિત્રને લેવું છેને. જેણે અંતરમાં દ્રવ્યને આશ્રયે ચારિત્ર પ્રગટ કર્યું છે અને જેને પૂર્ણ આનંદની જ અભિલાષા છે એવા મુનિને પાંચ ઇન્દ્રિયનો ફેલાવ રહિત... પાંચ ઇન્દ્રિય સંકોચાઈ ગઈ છે કહે છે. અણીન્દ્રિય સન્મુખની દશા થઈ ગઈ છે. સમજાણું કાંઈ? મુનિ એને કહીએ કે અણીન્દ્રિય સ્વરૂપ જે ભગવાન આત્મા એની સન્મુખની અણીન્દ્રિય દશા પ્રગટ થઈ ગઈ છે. એને ઇન્દ્રિયની સન્મુખની દશાનો નાશ થઈ ગયો છે. સમજાણું કાંઈ?

**મહા આનંદના અભિલાષી જીવને કે જેને પાંચ ઇન્દ્રિયના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહ છે**... ‘માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો..’ આવે છેને, અપૂર્વ અવસરમાં આવે છે. વળી પાછું આગ્રહ કરે કે ત્યાં ભલે એ કહ્યું, પણ બીજે કહ્યું છેને કે સાધુને વસ્ત્ર હોય તો વાંધો નહીં. આવા કાળમાં વસ્ત્ર હોય તો કાંઈ વાંધો નહીં. અહીં એ કીધું છે, ‘દેહમાત્ર સંયમ હેતુ હોય જો..’ વસ્ત્રનો કટકોય હોય નહીં. વસ્તુનું સ્વરૂપ એવું છે. કાંઈ કલ્પે નહીં. એમાં તો બધું ઘણું છે. અન્ય કારણે.. ‘દેહે પણ કિંચિત્ મૂર્છા નવ હોય જો..’ બીજી ચીજ તો નહીં, (પણ) દેહમાત્ર હોવા છતાં એના ઉપર પણ મૂર્છા નહીં. પણ અર્થ કરે જૂઠા અર્થ. આહાહા!

દેહમાત્ર જેને પરિગ્રહ (નથી) **તેને—સામાયિક નામનું વ્રત શાશ્વત**–સત્ **છે.** એની સામાયિક સાચી છે. જેણે અંતર આનંદસ્વરૂપ ભગવાન સમતાનો પિંડ પ્રભુ એને અંદર ધ્યેય કરીને, આશ્રય કરીને વીતરાગતા પ્રગટ કરી છે એની સામાયિક સાચી છે. કહો, સમજાણું કાંઈ? એ અંતર વીતરાગી પર્યાયમાં ઝૂલે છે અને એ વીતરાગી પર્યાયનો આધાર ભગવાન છે ધ્રુવ. આહાહા! એનો આધાર કોઈ વિકલ્પ ને નિમિત્ત ને અરિહંત પરમાત્મા (હોય નહીં). એ વીતરાગી સામાયિકનો આધાર ને અવલંબન નથી. આહાહા! આ તો જન્મ-મરણને ટાળવા હોય એની વાતું છે. વાતું કરીને બહારમાં પોતે સંતોષ મનાવી લેવું હોય. કાંઈક તો કરીએ છીએને, દુકાન છોડી, ધંધા છોડ્યા, બાયડી છોડી. શું છોડ્યું? મિથ્યાત્વ તો છોડ્યું નથી છોડ્યું શું? સમજાણું કાંઈ?

આવ્યું હતુંને કાલ, નહીં? સ્વધર્મત્યાગરૂપ મોહ. આહાહા! પોતાનો આત્મા ત્રિકાળી આનંદનો આશ્રય લીધો નથી, એનો સ્વધર્મનો–સ્વવસ્તુનો ત્યાગ એવો જે મોહ છે. મોહે સ્વધર્મનો ત્યાગ કર્યો છે. સમજાણું કાંઈ? રાગની પ્રીતિવાળાએ સ્વધર્મનો ત્યાગ કર્યો છે એમ કહે છે. આહા! શુભ-ઉપયોગના વિકલ્પના પ્રેમીએ સ્વધર્મનો ત્યાગ એવો જે મોહ અંગીકાર કર્યો છે. ભારે વાતું આવી. કેટલાક કહે છે કે સોનગઢવાળા એ કહે છે, અમારા શાસ્ત્ર બીજું કહે છે, વળી એમ કહે. .... એ તો દિગંબરના શાસ્ત્ર આમ કહે છે. પણ આ શાસ્ત્ર છે, આ કાંઈ... બીજું? અમારા શાસ્ત્ર બીજું કહે છે. આહાહા! અમારા શાસ્ત્ર મહાવ્રતને સંવર કહે છે, દિગંબરના શાસ્ત્ર મહાવ્રતને આસ્રવ કહે છે. લ્યો.... એવા કહેનારા પણ નીકળ્યા. વાત આવી....

અમારા શાસ્ત્ર મહાવ્રતને સંવર કહે છે. એવા! પણ મહાવ્રત તો વિકલ્પ છે. સંવર ક્યાંથી કીધું? તત્ત્વાર્થસૂત્રમાં તમે લઈ ..... એમાંય આસ્રવ કીધો છે. અવ્રત એ અશુભ-આસ્રવ છે, વ્રત એ શુભ-આસ્રવ છે. બેય રહિત આત્માની અતીન્દ્રિયદશા પ્રગટ થઈ એને સંવર કહેવામાં આવે છે. સામાયિક નામનું વ્રત કહે છે. એ પાઠમાંય છે. **सामायिक नामव्रतं**.. વ્રતનો અર્થ, ઓલો નવનો વિકલ્પ એ નહીં હોં. નવમું વ્રત છેને સામાયિક. નવમું વ્રત. બાર વ્રતનો વિકલ્પ એ વિકલ્પવાળું સામાયિક એ નહીં. આ તો વીતરાગી પરિણામરૂપી નવમું વ્રત શ્રાવકનું,

મુનિનું. આહાહા! સામાયિક નામનું વ્રત શાશ્વત છે **એમ કેવળીઓના શાસનમાં પ્રસિદ્ધ છે.** સમજાણું કાંઈ?

**[હવે આ ૧૨૮મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે. ]**

**रागद्वेषौ विकृतिमिह तो नैव कर्तुं समर्थौ**
**ज्ञानज्योतिःप्रहतदुरितानीकघोरान्धकारे ।**
**आरातीये सहजपरमानन्दपीयूषपूरे**
**तस्मिन्नित्ये समरसमये को विधिः को निषेधः ॥२१३॥**

આહાહા! **શ્લોકાર્થ : જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપસમૂહરૂપી ઘોર અંધકારનો નાશ કર્યો છે...** જે જ્ઞાનજ્યોતિ ઉદિત થઈ છે ત્રિકાળ કે જેમાં પુણ્ય-પાપના ભાવની ગંધ નથી. **ઘોર અંધકારનો નાશ કર્યો છે એવું સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર...** આહાહા! એવો જે આ ભગવાન આત્મા સ્વભાવિક પરમાનંદરૂપી અમૃતનું પૂર... નદીમાં પૂર આવેને પૂર. ઘોડાપૂર.. ઘોડાપૂર સાંભળ્યું છે? એટલે ઘોડા.. ઘોડા જેટલું ઊંચું. ઘોડો દોડતો હોયને એટલું પાણી. અમારે ઉમરાળામાં બહુ (થાતું). આમ માથોડા.. માથોડા પાણીનું દળ ચાલ્યું આવતું હોય. કારણ કે વરસાદ ઉપર આવ્યો હોય, અહીં ન હોય. ચારેકોરના પાણી ભેગા થઈને આમ માથોડું ઊંચું (આવે). છોકરાઓ રમતા હોય ને રાડ્યું પાડે, એ.. નીકળી જાઓ.. નીકળી જાઓ, ઘોડાપુર આવે છે, એમ કહે. નદી મોટી ખરીને. નદી કાંઠે છોકરા રમતા હોય, ... ત્યાં ઓલું પાણી આવી જાય. આટલું ઊંચું પાણી હોં, દળ આખું. કારણ કે ચારેકોરના નહેરા ભેગા થયા હોય, નદીનું પાણી આવ્યું હોય, ઉપરથી પડતું હોય. આમ દળ જામી ગયું હોય.

એમ આનંદનું દળનું પૂર છે આત્મા. જેણે જ્યોતિ વડે સંસારનો અભાવ કર્યો એટલે એમાં છે નહીં, એમ. અથવા જેના આશ્રયે સંસાર રહેતો નથી. આહાહા! એવું સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર... સ્વભાવિક પરમાનંદરૂપી અમૃત... એટલું પૂરું ન પડ્યું એટલે પૂર નાખ્યું પાછું. અમૃતનું ઘોડાપૂર અંદર પડ્યું છે કહે છે, (પણ) સ્વીકારે એને. નિત્ય પ્રભુ ધ્રુવ સહજાનંદરૂપી અમૃતનું પૂર વહે છે અંદરથી. તેં ત્યાં નજરું કરી નથી. આહાહા!

**(અર્થાત્ જ્ઞાનાનંદસ્વભાવી આત્મતત્ત્વ) જ્યાં નિકટ છે...** આવું જે પૂર ભગવાન આનંદની મૂર્તિનું પૂર પ્રભુ જે ધર્મની પર્યાયમાં સમીપ છે. ધર્મની પર્યાયનો આશ્રય એ છે. સમજાણું કાંઈ? ભાષા... અધ્યાત્મવાળા એની સમીપ દેખીને બોલ્યા છે, એમ કહે છે. ત્યાં તે જુદી જુદી વાત છે. ....... સમરસી. એ ભાવનાના ગ્રંથનું આમ જ હોય. વારંવાર એક પર્યાય આવે. નવી.. નવી.. નથી થતી વારંવાર? એમાં શું છે? પર્યાય થઈ એ એની એ થઈને? એની એ થઈને? એની એ પણ બીજી છે ને. વીતરાગી પર્યાય એની એ, એની એ છેને? આહાહા!

ભગવાન આત્મા પરમાનંદનું પૂર... આહાહા! **ત્યાં પેલા રાગદ્વેષ વિકૃતિ કરવાને સમર્થ નથી જ.** એમ કહે છે. જેને ભગવાન અમૃતપૂરનો જેણે આશ્રય લીધો, ત્યાં રાગ ને દ્વેષની વિકૃતિ થાય એવું સ્થાન રહ્યું નહીં. એ ભાવ જ રહ્યો નથી હવે. આહાહા! સમજાણું? આવા વખાણ એના કોઈ દિ' સાંભળ્યાય નહીં. બહારના વખાણમાં આમ થયું, તેમ થયું, ઢીકણું થયું. આહાહા! આ પ્રદર્શન નથી કરતા? પ્રદર્શન ભરે છે ને? ભિન્ન-ભિન્ન જાતના જોતાં જોતાં... તે દિ' પ્રદર્શન હતું, અમે જોયું હતું મુંબઈ. (સંવત) ૧૯૬૮માં મુંબઈમાં મોટું પ્રદર્શન. ઘણા લાખો ખર્ચીને મોટો હિમાલય બનાવ્યો. આ તો ૬૮માં મોટું જબ્બર, બહુ જબ્બર. બાર આના તો પ્રવેશ–અંદર જવાના. પાછું અંદરમાં બેસવાનું વહાણ એ બધું જુદું. અમે ગયા હતા ૬૮માં. મોટો હિમાલય આમ. વિજળી ને... એક ટાંગાની રેલ હતી. .... એ બધું ઘણું જોયું વહાણ ને ઓહોહો! ૬૮માં.

આ પ્રદર્શન, કહે છે કે અહીં જોતા જોતાં એને વિસ્મય લાગે આહાહા! પ્ર-દર્શન (એટલે) વિશેષે દેખવાલાયક તો તારો ભગવાન છે અંદર. સમજાણું કાંઈ? આહાહા! કહે છે, જેને જોતા રાગની ઉત્પત્તિનો જેને અવસર નથી અને **તે નિત્ય (શાશ્વત) સમરસમય આત્મતત્ત્વમાં...** એવો જે ભગવાન સમતારસનો પિંડ પ્રભુ એવો સમરસમય... ૨૧૫ લખ્યું છે..... આત્મતત્ત્વમાં **વિધિ શો અને નિષેધ શો?** એ આવી ગયું છે આલોચનમાં. આવો ભગવાન અંદર પૂર્ણ એમાં આ કરવું ને આ ન કરવું—એવું છે જ ક્યાં એમાં? એમ કહે છે. ત્રિકાળી પરમાત્મા પોતે એક સમયમાં સમરસમય આત્મતત્ત્વ એ તો એ પ્રત્યક્ષ છે. એમાં આ સામાયિક કરવી છે અને આ રાગ કરવો છે કે રાગ નિષેધ કરવો છે—એ એમાં છે જ ક્યાં? એ સામાયિક તો પર્યાયમાં છે.

પર્યાયમાં પરિણમન ને કરવાનું હોય છે. સમજાય છેને? પર્યાયમાં રાગનો અભાવ થઈને થાય છે. વસ્તુ તો વસ્તુ છે. એમાં આ કરવું ને આ ન કરવું હોતું નથી. **(સમરસસ્વભાવી આત્મતત્ત્વમાં 'આ કરવા જેવું છે અને આ છોડવા જેવું છે' એવા વિધિનિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી તે આત્મતત્ત્વને દૃઢપણે આલંબનારા મુનિને સ્વભાવપરિણમન થવાને લીધે સમરસરૂપ પરિણામ થાય છે...** લ્યો, એકલો જામી ગયેલો શાંતરસ થઈ જાય છે. **વિધિનિષેધના વિકલ્પરૂપ—રાગદ્વેષરૂપ પરિણામ થતા નથી).** એને સામાયિક, વીતરાગીદશાને સામાયિક પરમાત્માના માર્ગમાં કહી છે. અન્યમાર્ગમાં તો ક્યાંય છે નહીં. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક વદ-૧, મંગળવાર, તા. ૨૧-૧૧-૧૯૭૨
## શ્લોક-૨૧૩, ગાથા-૧૨૯, પ્રવચન નં. ૧૫૩

કળશ બાકી છે, ફરીને લઈએ. કળશ છેને ૨૧૩. આ નિયમસાર, એમાં કળશ ચાલે છે ૧૨૮ ગાથાનો. આ સામાયિક કહે છેને લોકો કે સામાયિક કરીએ છીએ. વીતરાગમાર્ગમાં સામાયિક કોને કહે છે? કે જેણે... આત્મતત્ત્વની પહેલી વાત કરી. કેમકે એ આત્મતત્ત્વ જે છે એમાં દૃષ્ટિ કરીને ઠરવું એનું નામ સામાયિક છે.

**શ્લોકાર્થ : જેણે જ્ઞાનજ્યોતિ વડે પાપસમૂહરૂપી ઘોર અંધકારનો નાશ કર્યો છે...** એટલે ભગવાન આત્મા એનો એવો ત્રિકાળી સ્વભાવ છે કે જેમાં પાપસમૂહરૂપી ઘોર અંધકાર નથી. સવારમાં વિચાર આવ્યા હતા. કહ્યું હતું બહાર નીકળીને, ખબર છે? દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ. દરેક દ્રવ્ય પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ... એમાં તો દ્રવ્ય લેવું છે. કઈ રીતે? કે દરેક વસ્તુ આત્મા કે પરમાણુઓ, પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, ભાવ જે ત્રિકાળી છે એમાં છે અને કાળ–વર્તમાન પર્યાયમાં છે. વર્તમાન કાળમાં છે અને પરકાળથી નથી. કેટલો એમાં સમાવેશ આવી ગયો! કે દરેક વસ્તુ, એમાં આપણે અહીં તો આત્મા લેવો છે. દ્રવ્ય એટલે અનંતગુણનો પિંડ અને સ્વકાળે જે પર્યાય થાય એવો જેને નિર્ણય હોય એની ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય.

બીજી વાત. કે જે સ્વકાળે પર્યાય થાય એનો અર્થ સિદ્ધ થયો છે, સ્વચતુષ્ટય. જૈન સિદ્ધાંતની સપ્તભંગીનો પહેલો બોલ. કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે આત્મા અસ્તિ છે અને પરદ્રવ્ય ક્ષેત્ર, કાળ, ભાવથી નાસ્તિ છે. જુઓ! એમાં કેટલો સમાવેશ થાય છે. પંડિતજી! જે સ્વકાળે પર્યાય થાય એનો અર્થ એ થયો કે પૂર્વની પર્યાય નહીં, પછીની નહીં, એને સમયે જે પર્યાય થવાની છે એનું નામ સ્વકાળ. સમજાય છે કાંઈ? એમાં તો સ્વકાળ (એટલે) જે સમયે પર્યાય થવાની એ એનો સ્વકાળ, એનો અર્થ શું થયો? જે કાળે, જે બીજે કાળે, જે ત્રીજે કાળે એમ ક્રમબદ્ધ થઈ ગઈ વાત. સ્વકાળે દ્રવ્ય આત્માની પર્યાય થાય અને બીજે સમયના તેના સ્વકાળે એ પર્યાય થાય તો એ સ્વકાળ એનો થાય, એનો અર્થ એ થયો કે પર્યાય દ્રવ્યમાં ક્રમબદ્ધ છે, દ્રવ્યમાં. સમજાણું કાંઈ? અને એ સ્વકાળે થાય એનો અર્થ એ કે પોતાના ઉપાદાનના કારણે પર્યાય.. પર્યાયનું કારણ અત્યારે લ્યો. એને કારણે એ પર્યાય ત્યાં થાય, ત્યારે બીજું નિમિત્ત છે એનો તો એમાં અભાવ છે.

શ્રોતા : પર કારણ છે ને?

પૂજ્ય ગુરૂદેવશ્રી : પર ક્યાં હતું, એમાં તો એનો અભાવ છેને? પર ક્યાં આવ્યું? આ તો બહુ સાદો સિદ્ધાંત છે. ઓહોહો! જૈનદર્શનનું રહસ્ય. એક-એક બોલ આ સમજે કે દ્રવ્ય, ક્ષેત્ર ને ભાવ જે આત્માના કે દરેક દ્રવ્યના કાયમી છે અને એક સમયની અવસ્થા એ એનો

વર્તમાન સ્વકાળ છે. એ સ્વકાળથી છે, પરકાળથી નથી. એટલે એમાં ઉડી ગઈ વાત... જે કાળે જે પર્યાય દ્રવ્યની થવાની તે કાળે થાય. તે કાળે થાય તે ક્રમ થયો અને તે કાળે થાય એ ઉપાદાનથી થયું અને તે કાળે થાય એ નિમિત્તના કાળથી ન થાય. આવી ગયું. આહાહા! સમજાણું કાંઈ? જૈન વીતરાગમાર્ગની કેટલી ગંભીરતા છે! એક સ્વદ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવે અસ્તિમાં આખું જૈનદર્શન, બાર અંગનું રહસ્ય સમાઈ ગયું છે.

કે જે પર્યાય એનો સ્વકાળ છે ત્યારે થાય, એનો અર્થ થયો કે એક સમયનો એનો સ્વકાળ એટલે એનો પર્યાયનો કાળ જ છે, માટે એનો સ્વકાળ કહેવામાં આવે છે. હવે આમાં આઘી-પાછી થાય એ ક્યાં આવ્યું આમાં? અને પરથી થાય એ ક્યાં રહ્યું? પરથી થાય એ ક્યાં રહ્યું? હવે સ્વકાળમાં પણ આત્માને નિર્મળ પર્યાય ને રાગની પર્યાયનો જ્યારે સ્વકાળ છે... સમજાણું કાંઈ? નિર્મળ પર્યાયનો એનો સ્વકાળ છે. એ વખતે રાગની વિકલ્પદશા જરી રહી છે એનો એ સ્વકાળ છે. એ સ્વકાળના બે ભાગ પડી ગયા. એટલે એ રાગ છે માટે અહીં નિર્મળતા છે એમ ન રહ્યું, એટલે વ્યવહાર છે તો નિશ્ચય નિર્મળતા છે એમ ન રહ્યું. સમજાણું કાંઈ? આ નિમિત્ત છે તો થયું એ બીજી વાત. છે, નિમિત્ત હો, આમાં અભાવ છે, એના (પોતા)માં હો ભાવ. અને રાગ છે તો નિર્મળ પર્યાય છે એ વાતેય ઉડી ગઈ. ઉપાદાન-નિમિત્ત(નો વાંધો) તો ઉડી જાય, નિશ્ચય-વ્યવહાર(નો વાંધો) ઉડી ગયો કે વ્યવહારથી થાય અને ક્રમબદ્ધ રહ્યું. સ્વકાળે છે એમાં પાંચે બોલ સમાઈ ગયા. ભાઈ! સમજાણું કાંઈ?

શ્રોતા : બે મિનિટમાં ....

પૂજ્ય ગુરુદેવશ્રી : એક સેકંડમાં. બે મિનિટ નહિ, એક સેકંડ. પાંચેય બોલનો એક સેકંડમાં ખુલાસો છે. ભાઈએ બે મિનિટ કીધી, ઓલા પંડિત મુન્નાલાલ. આહાહા! સોનગઢના પાંચ બોલનો ખુલાસો બે મિનિટમાં છે, કહે છે. અનુકૂળ છે, વાત જે કહે છે એ બરાબર બે મિનિટમાં ખુલાસો છે. ક્રમબદ્ધ, નિમિત્ત-ઉપાદાન, નિશ્ચય-વ્યવહાર—આ પાંચના વાંધા છેને. એણે બે મિનિટ (કહી), પણ અહીં સવારમાં ઉઠીને વિચાર આવ્યો કે અરે! સેકંડ શું, એક સમયની સ્થિતિનું એવું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

જે દ્રવ્યનો આત્માનો પર્યાય જે સ્વકાળે એટલે એના કાળે જ (થાય). એની પછીને કાળે એ નહીં. પછીનો કાળ એ એનો સ્વકાળ–તે કાળનો સ્વકાળ છે. પછીનો કાળ જે છે બીજા સમયનો એનો સ્વકાળ એનો એ છે. સ્વકાળ તો આ જે એનો પર્યાયનો કાળ વર્તમાન છે એ એનો સ્વકાળ છે. એ પર્યાય થતાં એને ભલે બીજું નિમિત્ત હો, પણ એ નિમિત્તના સ્વકાળને લઈને આ નથી. સમજાણું કાંઈ? છતાં નિમિત્ત છે એમ જ્ઞાન થાય, પણ એને લઈને છે એમ નથી. એમ વ્યવહારનો રાગ ને નિશ્ચયની નિર્મળ પર્યાય, એક સમયે બે છે.

જ્યારે એ સમયનો આ (સ્વકાળ) છે એવું જ્યારે જ્ઞાન કરવા જાય છે ત્યારે એની ત્રિકાળી દ્રવ્ય ઉપર દૃષ્ટિ ગયા વિના એને સ્વકાળનું યથાર્થ જ્ઞાન ન થાય. જ્યારે સ્વકાળની પર્યાય આ પ્રમાણે છે એની કે દ્રવ્યની, એટલે દ્રવ્યની જ્યાં દૃષ્ટિ થાય છે ત્યાં દ્રવ્યને આશ્રયે જે નિર્મળ પર્યાય પ્રગટ થઈ સ્વકાળે, સાધક છે તો એની સાથે રાગ પણ હોય, એ પણ એનો સ્વકાળ છે. આને (દ્રવ્યને) આશ્રયે પ્રગટ થયું એ નિશ્ચય થયું, બાકી જરી રાગ રહ્યો એને વ્યવહાર કહ્યો. વ્યવહાર છે ખરો, પણ વ્યવહારથી નિશ્ચય થાય અને નિશ્ચય થયો માટે વ્યવહાર થાય—એમ નથી. આહાહા! વસ્તુ એવી છે. જૈનદર્શને એક સમયની પર્યાયને સ્વકાળે કહેતાં તો ગજબ કર્યું છે! ઓહોહો! વાત બધી, વાદવિવાદ ઉડાવી દીધા છે બધા.

શ્રોતા : પણ વાદવિવાદ જૈનધર્મમાં હોય શેના?

પૂજ્ય ગુરુદેવશ્રી : વાદવિવાદ? એ તો વસ્તુસ્થિતિ જ આવી છે ત્યાં. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરના કેવળજ્ઞાનમાં આ આવ્યું એમાં તો સર્વજ્ઞ(પણું) સિદ્ધ થઈ ગયું. સમયે-સમયે જે પર્યાય થાય એમ ત્રણે કાળની પર્યાયનું જ્ઞાન કરે તે કેવળી. આહાહા! એટલે એમાં તો એ આવ્યું કે જીવનો સર્વજ્ઞસ્વભાવ છે...

દ્રવ્ય કીધુંને અહીંયા. દ્રવ્ય એટલે દ્રવ્ય, ક્ષેત્ર એટલે ભાવ. એ દ્રવ્યનો ભાવ સર્વજ્ઞસ્વભાવ એ ત્રિકાળી છે. એ ભાવ ઉપર દૃષ્ટિ પડતાં એને સ્વકાળે જે પર્યાય થવાની તે થઈ. સમજાણું કાંઈ? એટલે એમાં સ્વદ્રવ્યના આશ્રયે નિર્મળતા થાય એ પણ આવ્યું અને નિર્મળતા સાથે જરી રાગ રહ્યો એ સ્વકાળે છે એમ આવ્યું. એટલે વ્યવહારથી નિશ્ચય (થાય) એ ઉડી ગયું, એ વખતની પર્યાયને પરપર્યાયનો અભાવ છે એટલે પરથી થાય એ ઉડી ગયું અને ક્રમબદ્ધ થયા વિના સ્વકાળે થાય એ વાત સિદ્ધ નહીં થાય. આ શૈલી વીતરાગમાર્ગની એવી છે. ઓહોહો! એક બોલમાં તો આખું તત્ત્વ સમાડી દીધું. આહાહા! આ (ફક્ત) કહેવા જેવી વાત નથી, આ તો સમજવા જેવી વાત છે. સમજાણું કાંઈ?

અહીં આવ્યુંને કે આ સહજ પરમાનંદ તત્ત્વે પાપસમૂહરૂપ ઘોર (અંધકાર)નો નાશ કર્યો છે. એટલે? કે જેને સ્વચતુષ્ટય સ્વથી છે ત્યારે મારો દ્રવ્ય, ભાવ—દ્રવ્ય અને મારો ભાવ પણ સ્વથી છે. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયને લઈને પણ દ્રવ્યનો ભાવ છે એમેય નહીં. ભાઈ! હવે આ ગયું આમ. વર્તમાન પર્યાય... જુઓ! એક વીતરાગમાર્ગની વ્યવસ્થા. આહાહા! એની ગંભીરતા. એક વાક્યમાં કેટલું ભર્યું છે!

સ્વકાળે થાય એમ પરમાત્માએ કહેતાં પરને લઈને થાય એ વાત ઉડી ગઈ. પરવસ્તુ હો, વ્યવહાર છે ખરો, પણ એ વ્યવહાર છે, નિમિત્ત છે માટે ઉપાદાન પર્યાય થઈ (એમ હોય તો) એનો સ્વકાળ રહેતો નથી અને રાગ છે ત્યાં માટે અહીં નિર્મળ પર્યાય થઈ એમ રહેતું નથી. કારણ કે એકસાથે બેય પર્યાય છે. નિર્મળ પર્યાય ને રાગનો અંશ સાથે છે, પૂર્ણ વીતરાગ ન

હોય ત્યાં સુધી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય... જે સર્વજ્ઞસ્વભાવી દ્રવ્ય છે એ કાયમી તત્ત્વ છે એના ઉપર દૃષ્ટિ જતાં એના સ્વકાળે જે નિર્મળ પર્યાય ને રાગ રહ્યો એ જાણવા જેવું છે. એ રાગથી નિર્મળતા થઈ કે નિર્મળતા થઈ માટે રાગ થયો એમ છે નહીં, બેયનો મિશ્રકાળ એ સ્વકાળ છે એમાં. આહા! ભાઈ! આહાહા!

એમાં તો ક્રમબદ્ધ આવ્યું, કેવળીએ જોયું એવું આવ્યું, કેવળજ્ઞાન પર્યાય સર્વજ્ઞથી પ્રગટી અંદર સર્વજ્ઞસ્વભાવ ભાવમાંથી. ભાવ સ્વથી અસ્તિ છે એના લક્ષે પ્રગટી. એક-એક બોલમાં, શ્રીમદ્દે કહ્યું છે એક ઠેકાણે કે જ્ઞાનીપુરુષના એક વાક્યમાં અનંત આગમ રહ્યા છે. આહાહા! ગજબ વાત. માણસે જરી મધ્યસ્થતાથી વિચારણામાં લેવી જોઈએ વાત. કોઈ પક્ષથી કે કોઈ આ કહે છે માટે આમ—એમ નહીં.

કહે છે કે વસ્તુના સ્વકાળે જે પર્યાય થાય એ કોને આશ્રયે થાય? સમજાણું કાંઈ? કાયમ રહે એને આશ્રયે થાય કે જે પર્યાય છે તેને આશ્રયે–પર્યાયને આશ્રયે પર્યાય થાય? પર્યાયથી પર્યાય થાય એ બરાબર વાત છે, પણ કોને આશ્રયે થાય? ભલે દ્રવ્ય-ગુણથી ન થાય, પર્યાય પર્યાયથી થાય. સમજાણું કાંઈ? પણ એનો આશ્રય કોણ? એટલે જેમાંથી નીકળે એનો આધાર કોણ? શક્તિ અંદર છે, એ પર્યાય એ જ કાળે નીકળવાનો પર્યાય(રૂપ) અંશ છે. પ્રગટ નથી. પણ કેવળજ્ઞાનીના જ્ઞાનમાં છે કે આ અંશ બહાર આવશે. એટલે દ્રવ્ય–વસ્તુ આત્મા, એનો ભાવ સર્વજ્ઞસ્વભાવ. એનું ક્ષેત્ર પહોળું એ તો ઠીક, સાધારણ વાત છે. ક્ષેત્રનું કાંઈ નથી. દ્રવ્ય, ભાવ ને કાળ ત્રણમાં છે બધું. સમજાણું? ક્ષેત્ર તો એ (જેટલા)માં રહે એટલો ભાગ.

એવો જે ભગવાન આત્મા, એક સમયની પર્યાયમાં તે કાળે જે પર્યાય ઉત્પન્ન થઈ એને પરનો એમાં અભાવ છે એટલે નિમિત્ત ઉડી ગયું. આને માટે ઉડી ગયું, એને (પોતાને) માટે રહ્યું. આ છે માટે એ છે એમ ન રહ્યું, તેમ એ છે માટે આ છે એમ ન રહ્યું. નિમિત્ત છે માટે પર્યાય છે એમ ન રહ્યું. સમજાણું કાંઈ? એટલે નિર્મળ પર્યાય પણ જે કાળે પોતાને સ્વકાળે થઈ એમાં નિમિત્ત ને વ્યવહારનો અભાવ છે. હવે એનો આશ્રય કોણ? કારણ કે પર્યાય આમ થઈ, હવે એનો આશ્રય ક્યાંથી? અંદર ત્રિકાળી દ્રવ્ય એનો ભાવ જે સર્વજ્ઞસ્વભાવ છે એનો આશ્રય કરતાં પર્યાય થાય.

દ્રવ્ય, ભાવ, ક્ષેત્ર—ત્રણે સિદ્ધ થઈ ગયા અને આ સ્વકાળ આ સિદ્ધ થઈ ગયું. ક્રમબદ્ધ સિદ્ધ થઈ ગયું, નિમિત્તથી ઉપાદાન છે એમ નહીં, વ્યવહારથી નિશ્ચય છે એમ નહીં. આ પાંચ બોલના ઝઘડા (મટી ગયા). સમજાય છે કાંઈ આમાં? એની તો ઘણી ગંભીરતા વર્તતી હતી. હવે અત્યારે તો ભાષા બીજી (થઈ)ને. ઓહોહો! આ તે વીતરાગ, આ તે સર્વજ્ઞનું કથન, શું છે આ? (ક્યાંયથી પણ) ઉપાડો તો એક જ પ્રકાર ઊભો થાય છે. ક્યાંય પૂર્વાપર વિરોધની ગંધ નથી. સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા એવો છે કે... ખ્યાલમાં ક્યાં લીધો? પર્યાયમાં. ખ્યાલમાં તો પર્યાયમાં આવે છેને. વસ્તુ જે ત્રિકાળી વસ્તુ તે ખ્યાલમાં પર્યાયમાં (આવે છે). એ પર્યાયનો એ સ્વકાળ છે એમાં એ પર્યાય ઊભી થઈ. એટલે આને લઈને ઊભી થઈ એમેય ન રહ્યું ત્યાં. પણ આશ્રય જેનો હોય, તો તે પર્યાયનો આશ્રય ત્રિકાળી દ્રવ્ય ને ભાવ છે. ક્ષેત્ર તો તેમાં રહેલું છે એટલું. આહાહા! કિંમતે પાછી દ્રવ્ય ને ભાવની કેટલી? ક્ષેત્રની કાંઈ કિંમત નથી એવું પણ આવ્યું. ભાઈ! આત્મા સર્વવ્યાપક હોય તો જ મોટો થાય તે સર્વજ્ઞ (એમ નથી). આહાહા! ..... ન થાય એમ નહીં. એ તો ક્ષેત્રની કાંઈ કિંમત ન રહી. ક્ષેત્ર જે દ્રવ્યનું છે તે ભાવનું છે એટલે દ્રવ્ય ને ભાવ જે વસ્તુ છે એનો આશ્રય કરતાં જે પર્યાય સ્વકાળે પ્રગટી, બધી ઉડી ગઈ વાત. નિમિત્ત નથી, વ્યવહારથી નિશ્ચય નથી, ક્રમબદ્ધથી અક્રમ નથી. સમજાણું આમાં? કહો, સમજાય છે કે નહીં આમાં?

આ તો ઝઘડા.. ઝઘડા. અરે ભગવાન! ઝઘડા નથી ભાઈ! એ ચીજમાં ઝઘડા કેવા? આહાહા! ભગવાન ચારે બાજુથી એમ કહે. સમજાણું? એકકોર એમ કહે કે છએ દ્રવ્યને કાળલબ્ધિ છે. એમ કહ્યુંને સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષામાં. એ શું કહ્યું? દરેક દ્રવ્યનો તે તે સમયનો પર્યાય તે તે તેની કાળલબ્ધિ છે. અહીં સ્વકાળે થાય, સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળે સ્વથી છે એ તો એ જ એ આવ્યું. એ કાળલબ્ધિ આવી. પરથી નથી... પરના કાળથી આ નથી. પરના કાળથી એટલે પરની જે પર્યાય છે એને લઈને આ પર્યાય નથી. નિમિત્ત વિના થયું એ તો સિદ્ધ કર્યું. ત્યારે જ ઓલાને નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી નથી ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. એનાથી હોય તો 'નિમિત્ત' કહેવું ક્યાંથી આવે? સમજાણું કાંઈ? જરી વિચાર કરતાં આ મેળવવું જોઈએ અંદર હોં. એમ ને એમ (નહીં). આ માર્ગ તો અંદર જુદો છે. આહાહા!

કહે છે કે એવી વીતરાગી સામાયિકની પર્યાય.. એની વીતરાગી સામાયિકની પર્યાય સ્વકાળે જ થાય. ... આવી ગયું. ચીમનભાઈ! આહાહા! પણ એ સ્વકાળની પર્યાય તે કાળે થાય એ રાગથી નહીં, વિકૃતિથી નહીં, નિમિત્તથી નહીં. આહાહા! એ અહીં કહે છે જુઓ! ગજબ વાત છે! વીતરાગી દિગંબર સંતોની કથની ભૂતો ન ભવિષ્યતિ. ક્યાંય બીજે છે નહીં. એવી શૈલીથી વાત કરે છે. આહાહા! નાનામાં નાનો એક અંશ તારાથી—એમ કહેતાં તો આખી દુનિયા ચીરીને ભિન્ન પાડી દીધી. સમજાણું કાંઈ? ઝઘડા, આમાં ઝઘડા ક્યાં હતા? ૨૮ બોલ વાંચ્યાને રાતે, તે વળી સવારમાં ઉઠતાં આ આવ્યું અંદરથી. અને બહુ ગંભીરતા ભાસી અંદરથી. ઓહોહો! વાહ તારી કથની! તારા શાસનની રીત ને પદ્ધતિ! આહાહા! અંદર સમાયા વિના બીજી ચીજ જ નથી. સમજાણું કાંઈ?

એટલે કે દ્રવ્યનો આશ્રય લેતાં જે પર્યાય પ્રગટે એ સ્વકાળે છે. આહાહા! એનો ત્રિકાળ તે દ્રવ્ય છે. એમ આવ્યું છેને કળશટીકામાં. ત્રિકાળી સ્વદ્રવ્ય તે સ્વ(કાળ) છે અને એક સમયનો

પર્યાય તે પરકાળ છે. આહાહા! પોતાનો ... અપેક્ષા આહાહા! પોતાનું ત્રિકાળી દ્રવ્ય છે તે એનો સ્વકાળ છે, સ્વ છે અને એક સમયની પર્યાય તે પરકાળ છે. અહીં તો સ્વકાળની અપેક્ષાએ પર્યાયને પરકાળ કહ્યો અને પોતાની પર્યાયના સ્વકાળની અપેક્ષાએ બીજાની પર્યાયને પરકાળ કહ્યો. આહાહા! દ્રવ્યની સંધિ..... તે ગજબ છે ને! સમજાણું કાંઈ? એ તો જ્ઞાનનો પિંડ છે પ્રભુ! એ જ્ઞાનમાં આ બધું સમાઈ જાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે આહાહા! **જ્ઞાનજ્યોતિ વડે**... ચૈતન્ય સર્વજ્ઞતાનો પુંજ પ્રભુ આત્મા દ્રવ્ય અને એનો ભાવ, સર્વજ્ઞસ્વભાવનો પિંડ આત્મા એ વડે **પાપસમૂહરૂપી ઘોર અંધકારનો નાશ કર્યો છે**... જેમાં પાપ અને પુણ્યના પરિણામ અજ્ઞાનભાવ (નથી). એ અજ્ઞાન છે, એ જ્ઞાનનો કણ નથી. આહાહા! એવો ચૈતન્ય ત્રિકાળી સ્વભાવ એમાં આ પુણ્ય-પાપના ભાવનો અભાવ છે. અથવા એ **જ્ઞાનજ્યોતિ વડે**... જેણે જ્ઞાનજ્યોતિને સ્વીકારી, ત્રિકાળી જ્ઞાયકભાવ છે એમ જેનો સ્વીકાર આવ્યો, તો એ દ્વારા વિકારનો એમાં અભાવ થયો. નિર્મળ પર્યાય દ્વારા વિકારનો અભાવ થયો. એટલે નિર્મળ પર્યાય પ્રગટી આને આશ્રયે. પોતે વસ્તુમાં મલિનતા નથી, પણ વસ્તુનો આશ્રય કરનારને પણ મલિનતા નથી. આહાહા! ભારે. સમજાણું કાંઈ?

**એવું સહજ પરમાનંદરૂપી અમૃતનું પૂર...** આહાહા! કેવો છે ભગવાન એનો મૂળ સ્વકાળ? આ પર્યાયને (એક) અપેક્ષાએ પરકાળ કહી. આહાહા! એય! પરની અપેક્ષાએ આ પર્યાય સ્વકાળ, પણ પોતાના ત્રિકાળીની અપેક્ષાએ સ્વકાળ તે પરકાળ. આહાહા! કહે છે કે એવો જે ભગવાન આત્મા ચૈતન્યજ્યોત, સ્વભાવિક પરમાનંદરૂપી અમૃતનું પૂર, આહાહા! **(અર્થાત્ જ્ઞાનાનંદસ્વભાવી આત્મતત્ત્વ) જ્યાં નિકટ છે...** શું કીધું એ? સામાયિક નામ વીતરાગી પર્યાય જે છે એમાં સમીપપણે તો આવો આત્મા વર્તે છે. પરમાનંદનું પૂર જેના ધ્યેયમાં છે.

સામાયિકવંતની સામાયિક-પર્યાયમાં, એ વીતરાગી પર્યાય છે એના નિકટમાં, એના ધ્યેયમાં ત્રિકાળી દ્રવ્ય નિકટ વર્તે છે. આહાહા! સમજાણું આમાં કાંઈ? એટલે કે એની વીતરાગી સ્વપર્યાયના સ્વકાળે ત્રિકાળી દ્રવ્ય તેના ધ્યેયમાં, આશ્રયમાં વર્તે છે. વર્તમાન સ્વકાળમાં, એક સમયના સ્વકાળમાં, સામાયિક પર્યાયને ત્રિકાળીનો સ્વકાળ એવો જે દ્રવ્ય તેની સમીપ વર્તે છે, એને આનો આશ્રય વર્તે છે. ભારે.. ઘણું જ સત્યને સિદ્ધ કરવાની ભગવાનની કથની, સંતોની કથની ગજબ વાત છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે જ્યાં પરમાત્મા પોતે સામાયિકના પરિણામમાં એટલે કે વીતરાગીદશામાં એટલે કે વીતરાગીદશા ત્રિકાળીને આશ્રયે થઈ માટે વીતરાગીદશામાં ત્રિકાળી નિકટ વર્તે છે. સમજાણું કાંઈ? એને સામાયિક કહીએ. હજી તો કોને સામાયિક કહેવી એની ખબર નહીં. આહાહા! આ તો વીતરાગ ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરનો માર્ગ છે. કાંઈ

આલીદુઆલી નીકળી ગયા કે આમ માર્ગ છે, આમ માર્ગ છે —એવો આ માર્ગ નથી. આહાહા! સર્વજ્ઞનો ઢંઢેરો પીટીને આ માર્ગ છે. કહે છે...

ઓલામાં આવે છેને પ્રવચનસારમાં કે એક જાણે એ સર્વને જાણે. એટલે એક આત્માને જાણે તો એની ત્રણે કાળની પર્યાય આવી ગઈ એમાં. સમજાણું? ૪૮-૪૯ ગાથા છેને, પ્રવચનસાર. એક જાણ્યો ભગવાન આત્મા, એક જાણ્યો તો દ્રવ્યભાવે જાણ્યો, પણ એની ત્રણે કાળની પર્યાયવાળું આખું જાણ્યું તો કેટલું આમ મોટું થઈ પડ્યું! સ્વકાળની પર્યાય એમાં જે અનાદિ-અનંત જણાઈ ગયું, તે એક જાણતાં બધું જણાઈ ગયું. કારણ કે ત્રણ કાળની પર્યાય છે એને જાણી તો ભવિષ્યની સર્વજ્ઞની પર્યાય છે એમાં લોકાલોક જણાય છે એ પર્યાય પણ અહીં જાણવામાં આવી ગઈ. સમજાણું કાંઈ? આહાહા! એ વળી જુદું, આ તો આશ્રયની વાત છે. સાંભળો! આ તો બધી બીજી જ લાઈન છે. આહાહા!

એક વિશેષ જાણીએ તો વસ્તુમાં એકાકાર થવું તે. પણ એને અંદરમાં આ શું ચીજ છે? એકાકાર થયા પહેલા એ નિર્ણય શું કર્યો છે? સમજાણું કાંઈ? એ વસ્તુ અને એની ત્રણ કાળની પર્યાયો—બધું થઈને વસ્તુ છેને? તો એના જ્ઞાનમાં ત્રણે કાળની પર્યાયો, દ્રવ્ય, ગુણ–ભાવ બધા આવી ગયા. આહાહા! એક જાણ્યું એણે બધું જાણ્યું. એટલે? એની જ્યારે ભવિષ્યની પર્યાય આને સર્વજ્ઞની ઉઘડશે ત્યારે એમાં બધું જણાશે. એવી જે સર્વજ્ઞની પર્યાય થઈ સાદિ-અનંત સર્વજ્ઞપર્યાય અને આ (દ્રવ્ય)—એ બધાને આમ જાણ્યે બધું જણાઈ ગયું આમાં. સમજાણું કાંઈ? ઝીણું ઝીણું સ્વરૂપ છે ભાઈ! આહાહા! વસ્તુ એવી છે, એમાં ઝઘડાને સ્થાન નથી.

ઓહોહો! અહીં તો પરમાત્મા સામાયિક કોને કહેવી એ સિદ્ધ કરવા માગે છે. કહો, હસમુખભાઈ! આ બધા સામાયિક તો બહુ કરે છે છોડીયું ને છોકરાઓ. હવે નહીં? એની કલ્પનાની માનેલી છે. વીતરાગ પરમેશ્વર તીર્થંકર જેને સામાયિક કહે એ સામાયિક તો વીતરાગી નિર્વિકલ્પ આનંદ સહિતની પર્યાય છે, વીતરાગી આનંદ સહિતની સમતાના પરિણામ છે. અતીન્દ્રિય આનંદના પરિણામ સહિત વીતરાગી સમતાના પરિણામ છે એને સામાયિક કહીએ. બાકી વિકલ્પ આમ સામાયિક કરી, આ કરી—એ તો વિકલ્પ–રાગ છે. આહાહા!

અહીં તો એ સિદ્ધ કરશે. વીતરાગી સમતાના પરિણામ જ્યાં અંતર ત્રિકાળી સમતા-સ્વરૂપ ભગવાન ત્રિકાળી સમતાસ્વરૂપ, વીતરાગસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, જ્ઞાનપુંજ, સર્વજ્ઞસ્વભાવ... સર્વજ્ઞસ્વભાવ કહો કે આમ વીતરાગની અપેક્ષાએ આખો વીતરાગભાવ કહો, એને આશ્રયે જે વીતરાગતા પ્રગટી, એ વીતરાગતાના પરિણામની નિકટમાં તો દ્રવ્ય છે, એના આશ્રયમાં તો દ્રવ્ય છે એમ કહે છે. આહાહા! કહો, સમજાય છે કાંઈ? માળે ભારે વાતું. વાતું તો એના ઘરની છે હોં. પણ એણે માળે કોઈ દિ' પત્તો લીધો નથી અને ઉપર ને ઉપર માનીને બેઠા કે આપણે

ધર્મ કરીએ છીએ. અરે! એક ક્ષણનો ધર્મ જેને ભવના અંત લાવે. અરે! એક ક્ષણનો ધર્મ વર્તમાન રાગનો અભાવ લાવે. સમજાણું કાંઈ? એ વીતરાગી પર્યાય, ત્રિકાળી વીતરાગી સ્વભાવ જ્ઞાનભાવરૂપ એની પર્યાયમાં એ પરમાત્માનું નિકટપણું છે, એનો આશ્રય છે, એનું અવલંબન છે, એનો એ પર્યાયને આધાર છે. આહાહા! સમજાણું કાંઈ?

અરે! ભગવાન સમતાનો પિંડ પ્રભુનો જેની અંતર વીતરાગી પરિણતિને આધાર મળ્યો, એવી વીતરાગી પરિણતિની સામાયિક સમતા... અરે! **ત્યાં પેલા રાગદ્વેષો વિકૃતિ કરવાને સમર્થ નથી જ.** આહાહા! કહે છે કે આ વિકલ્પ ઉઠે કે આમ કરવું, ન કરવું એવો વિકલ્પ જ ત્યાં નથી. એવી વીતરાગભાવને સામાયિક કહેવામાં આવે છે. આહાહા! આ તો હવે જૈનશાસ્ત્રનો 'સામાયિક' તો શબ્દ છે. એ બધા સંપ્રદાયમાં ચાલે સામાયિક.. સામાયિક.. સામાયિક. કેવળીશાસન આવેને શબ્દે-શબ્દે આવે, કેવળીશાસનમાં આ કહ્યું છે. સર્વજ્ઞના.. ગાથા છે જુઓ! **तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे**.. ભગવાન કેવળજ્ઞાનના શાસનમાં આને સામાયિક, સાચી સામાયિક તેને કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા! છે વીતરાગી પરિણામ સ્વકાળે, એ તો સ્વકાળથી થયું. હવે એની ત્રિકાળી વસ્તુ જે દ્રવ્ય છે એનો આશ્રય છે, એનું ધ્યેય ત્યાં છે. આમ ક્યાંય નથી. સમજાણું કાંઈ? એને સમ્યગ્દર્શનરૂપી સામાયિક અને શાંતિની સ્થિરતારૂપ સામાયિક એને હોય છે. હસમુખભાઈ! બહુ ભારે વાત.

આવું સ્વરૂપ વીતરાગ સિવાય ત્રણ કાળમાં ક્યાંય નથી. બધા ઓલા વાતું ભલે કરે. વેદાંત કહે કે આત્મા આવો છે, નિરંજન છે. કાંઈ જાણ્યું નહીં, ખંડખંડને આત્મા માન્યો આખો. આહાહા! આ તો એકરૂપ અખંડ ભાવ, પોતાનો ભાવ જે જ્ઞાન ને સમતાનો ભાવ.. ચારિત્રગુણ એટલે વીતરાગતા, એવો જે એક અખંડભાવ તે તેનો ત્રિકાળી સ્વકાળ અને વર્તમાન પર્યાય પ્રગટી તેનો વર્તમાન સ્વકાળ. આહાહા! વાત તે વાત કરી છેને પણ! આહાહા! એવો જે ભગવાન આત્મા અમૃતનો પૂર, કહે છે. કહ્યુંને, પરમાનંદરૂપી અમૃતનું પૂર છે આત્મા. એનો આશ્રય લઈને એની પર્યાયમાં પરમ-આનંદના અમૃતનું પૂરનો અંશ પ્રગટ થયો, એને સામાયિક ભગવાનના શાસનમાં કહેવામાં આવે છે. કહો, હસમુખભાઈ! છે એમાં? આહાહા! આ પંડિતજીએ લખ્યું છે, અર્થ કર્યા છે, નહીં? આહાહા!

શ્રોતા : કાલે આ આવ્યું હતું અને આજે વળી બીજી વાત. આજની વાત અલૌકિક છે!

પૂજ્ય ગુરુદેવશ્રી : પર્યાય ફરે છે કે નહીં? આહાહા! અરે ભાઈ! આમાં ઝગડા..? ઓલા ૨૮ બોલ આવ્યાને. આ શું પણ કરે છે? લાંબું-લાંબુ એ કરે છે શું? આ તો એક સેકંડમાં જેનો ખુલાસા અંતરથી હોં. ત્યાં કોલ્હાપુરમાં ગયા હતાને માણસો. એક જણાએ પ્રશ્ન (પૂછ્યા), આ છપાણા છે પ્રશ્ન. ૨૮ પ્રશ્ન પૂછ્યા છે. આગંતુક, શું કહેવાય તમારે? મહેમાનો. મહેમાનો નહીં, વિદ્વાનો. અહીં આગંતુક વિદ્વાનો આનો ખુલાસો કરો, એમ કરીને.... આહાહા! અરે

ભગવાન! શું તું કરે બાપુ! ભાઈ! તને તારી ખબર નથી. સમજાણું કાંઈ? તેથી પરમાત્માને શું કહેવું છે એની તને ખબર પડતી નથી. આહાહા!

કહે છે કે સ્વભાવિક પરમાનંદરૂપી અમૃતનું પૂર જ્ઞાનાનંદ સ્વભાવી આત્મતત્ત્વ જ્યાં નિકટ વર્તે છે. આહાહા! સુજાનમલજી! આ તો સિદ્ધાંતશાસ્ત્રના ગડિયા છે. એ તો એને પૂરું સર્વજ્ઞ કહે, કાં ગણધર કહે. અપાર વસ્તુ બાપા! જેના જ્ઞાનની–શ્રુતજ્ઞાનની એક પર્યાયમાં પણ બધું–ત્રણ કાળ ત્રણ લોક જાણવામાં આવે. એ તે પર્યાય. ભલે પરોક્ષ (હોય), એનું કાંઈ નહીં. પણ પરોક્ષ પણ પ્રમાણ છે કે નહીં? કે અપ્રમાણ છે? એય! આહા! શ્રુતજ્ઞાન–ભાવશ્રુતજ્ઞાન એની એક સમયની દશામાં ત્રણ કાળના કેવળીઓ, સિદ્ધો, નિગોદો ને છ દ્રવ્યના ગુણ-પર્યાય અને પોતાની આદિ-અંત વિનાની દશા પણ એક સમયમાં જણાઈ જાય. આહાહા! સમજાણું કાંઈ? કહો, ભીખાભાઈ! અરે! આવો આત્મા એને.... આહાહા!

આમાં પ્રશ્ન કર્યો એનો ઉત્તર ન આવ્યો તો એના સ્નેહીએ જવાબ આપી દીધો. એ તમારી પાસે ન બોલી શકે એમ કરીને બચાવ કર્યો તમે. ઓલું પૂછ્યું હતુંને બે દિવસ પહેલા ભાઈને. આ પારિણામિક પરિણામ શું? .... ભાઈ બોલે છે ચંદુભાઈ. ચંદુભાઈ આ બેઠા. એના સ્નેહી છેને એ. બચાવ કર્યો. તમારી પાસે બોલતા નથી. બોલતા આવડતું હોય એ બોલતા અચકાય અંદર? અહીં કહે છે કે ભાઈ! આ તો અંદર સમજણના પિંડનો નાથ પ્રભુ છેને. આહા! એવી અનંતી-અનંતી વિદ્યા ને કળા તો જે ગળી ગયો છે. જગતની વિદ્યા ને જગતના બધા પ્રકારો... એ આવે છે હોં કેવળજ્ઞાનમાં. કેવળજ્ઞાનની વ્યાખ્યા જ્યાં આવે છેને. જગતની બધી વિદ્યાઓ જેમાં સમાઈ ગઈ છે. એને શું બાકી હોય? આહાહા!

જેટલા જાદુગરોની વિદ્યા, આ દુનિયાની જેટલી વિદ્યાઓ કહેવાય—એ બધી વિદ્યાઓ ભગવાનના એક સમયના જ્ઞાનમાં આવી ગઈ છે. આહાહા! વકીલાતની વિદ્યા તો ક્યાંય અનંતમા ભાગમાં ક્યાંય રહી ગઈ છે. આહાહા! એ સર્વજ્ઞની પર્યાયનો સ્વકાળ છે. આહાહા! ધન્ય રે ધન્ય નાથ! તારો માર્ગ આવો રૂડો, નિર્મળ. જેના એક પર્યાયમાં, સમજાણું કાંઈ? સર્વજ્ઞની પર્યાય પ્રગટ થાય એનો સ્વકાળ વર્તમાન સ્વકાળ છે અને ત્રિકાળી સર્વજ્ઞપણું એ જ એનો ત્રિકાળભાવ છે. આહાહા! ગજબ વાત છે. સમજાણું કાંઈ? બે ફાડ પાડે જ્યારે, (૧) એક સમયનો ને (૨) એક ત્રિકાળીનો. સર્વજ્ઞસ્વભાવ ત્રિકાળભાવ છે, પ્રગટદશા થઈ એ વર્તમાનભાવ એ એનો સ્વકાળ છે. આહાહા! કહો, પંડિતજી! આહાહા!

કહે છે, આહાહા! અરે! **ત્યાં પેલા રાગ-દ્વેષોની વિકૃતિ કરવાને સમર્થ નથી જ**. અંદર ભગવાન આત્મા પૂર્ણાનંદ ને વીતરાગભાવથી ભરેલો એનું જેણે નિકટપણું કર્યું, જેણે સમીપપણું કર્યું, એનો આશ્રય જેણે લીધો, એવી સામાયિકની દશામાં રાગની ઉત્પત્તિ થાય? ત્રણ કાળમાં થાય નહીં. આહાહા! સમજાણું કાંઈ? બરાબર ઝીણું તો આવ્યું. તોય સવારમાં જે ગંભીરતા

ભાસતી હતી એટલી બધી આવતી નથી. ભાષામાં આવવું જોઈએને પાછું. સમજાણું કાંઈ? ઓહોહો! એ કંઈ કાઢ્યું નીકળે–આવે? આહાહા!

કહે છે કે અરે! આવું તત્ત્વ જ્યાં નિકટ વર્તે છે, જેણે–વીતરાગી પર્યાયે જેનો–દ્રવ્યનો આશ્રય લીધો એટલે જે પર્યાયમાં જ્યાં વીતરાગતત્ત્વ તરવરે નજીકમાં, એને રાગ-દ્વેષની ઉત્પત્તિ ક્યાં હોય? એને વિષયની વાસનાની વિકૃતિ તો નહીં, પણ શુભની વિકૃતિનો રાગ પણ ત્યાં ક્યાં છે? એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા! જ્યાં ભગવાન આત્મા અમૃતના પૂરમાં ભરેલું તત્ત્વ આખું અમૃતનું પૂર વહે છે. અરેરે! જેનું દ્રવ્ય, આવા ભાવવાળું અમૃતના પૂરના ભાવવાળું એ દ્રવ્ય છે. એવા ભગવાનનો જેણે આશ્રય લીધો, એનું અવલંબન લઈને સ્વકાળે એને ત્રિકાળમાંથી વર્તમાનકાળના અંશમાં જે વીતરાગતા પ્રગટી, આહાહા! ચારેકોર જુઓ તો એક જ સિદ્ધાંત સત્યને, સત્ ખડું કરે છે હોં. આહાહા!

અરે! **તે નિત્ય (શાશ્વત) સમરસમય આત્મતત્ત્વમાં...** જુઓ! અહીં સમતા પ્રગટી છેને એટલે સામું સમરસ તત્ત્વ લીધું છે. વીતરાગતા જ્યાં પ્રગટી છે, સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત શાંતિ જ્યાં પ્રગટી છે, એવો જે સામાયિકનો સમરસમયભાવ એનો આશ્રય કોણ? એ બતાવે છે હવે. અરે! **નિત્ય (શાશ્વત) સમરસમય આત્મતત્ત્વમાં વિધિ શો અને નિષેધ શો?** આહાહા! એવો જે ત્રિકાળી ભગવાન આત્મા એમાં આ કરવા જેવું ને નહીં કરવા જેવું—એવા વિકલ્પનો અવકાશ ક્યાં છે? આહાહા! માણસને એવું લાગે કે ટીકા કરી, એમ કહે છે. એ વાત કહે છે એ તો સાચી લાગે છે, પણ ઊંચાવાળાની છે, એમ કહે છે. કેમકે ના પાડી શકે એવું નથી. એ વાત જે કહે છે એ સાચી છે, પણ ઊંચી છે, હેઠલાની નથી. અરે ભગવાન! આ હેઠલાની વાત ચાલે છે. આહાહા! સમજાણું કાંઈ? આ નીચલા સમ્યગ્દર્શનના કાળની વાત ચાલે છે. આહાહા! સમજાણું કાંઈ?

**નિત્ય (શાશ્વત) સમરસમય આત્મતત્ત્વ**... કોને લીધું એ? કે સામાયિક એ વીતરાગી પરિણતિ ભાવ છે. સામાયિકનો અર્થ શું છે? સમ+આય = સમતાનો લાભ. સમતાનો લાભ એટલે? અકષાય–વીતરાગી પર્યાયનો લાભ–પ્રાપ્તિ. અકષાય–વીતરાગી પર્યાયની પ્રાપ્તિ એનું કારણ(રૂપ) દ્રવ્ય કેવું? સમરસમય તત્ત્વ છે એ. એવી-એવી સમતા તો અનંતી.. અનંતી.. અનંતી.. અનંતી સમતા જેમાં પડી છે. આહાહા! યથાખ્યાતની સમતા.. આ તો અપૂર્ણ સમતા છે. યથાખ્યાતની સમતા, એવી તો અનંતી સમતા (પડી છે). અરે! એને વિશ્વાસ આવવો જોઈએ હોં. આહાહા! મહાસમરસ.. સમરસમય. સમરસવાળું એમ નથી કીધું. સમરસમય.. સમરસ–સમતા–વીતરાગના રસવાળું આખું તત્ત્વ એમાં વિધિ શો ને નિષેધ શો? અરે! એનામાં તો નથી, પણ એની પર્યાયમાં–સમતાના ભાવમાં આ કરવા જેવું, ન કરવા જેવું—(એવો) વિકલ્પ નથી, એમ કહેવું છે અહીં તો. સમજાણું કાંઈ?

ત્રિકાળી ભગવાન આત્મા નિત્યાનંદની મૂર્તિ પ્રભુ એમાં આ કરવું ને ન કરવાનો વિકલ્પ કેવો? એટલે કે જેણે એનો આશ્રય લઈને સમતા–વીતરાગી પરિણતિ પ્રગટ કરી છે એમાં આ કરવા જેવું ને આ ન કરવા જેવું એવા વિકલ્પનો અવકાશ ક્યાં છે? આહાહા! સમજાણું કાંઈ? આહાહા! વસ્તુ આવી જ હોય અને બીજી હોઈ શકે જ નહીં. આહાહા! અરે! પણ વસ્તુના સ્વભાવની ખબર ન મળે અને માની બેસે કે અમે ધર્મ કરીએ છીએ ને ધર્મ થાય છે. અહીં તો કહે છે કે ભગવાન તારું સમરસમય... પહેલું એમ લીધું હતું, પરમાનંદરૂપી અમૃતનું પૂર. એમાં અહીંયા પાછી વીતરાગતા નાખી ભેગી. સમજાણું કાંઈ? સમરસમય આત્મતત્ત્વ એમાં વિધિ શો, નિષેધ શો? એટલે કે જેનો આશ્રય લઈને સમતાના પરિણામ–વીતરાગી પર્યાય સામાયિક થઈ, એ સામાયિકમાં આ કરવા જેવું ને ન કરવા જેવું એના વિકલ્પ કેવા? એ તો વીતરાગી પરિણતિ છે. સમજાણું કાંઈ? આહાહા! ધન્ય રે ધન્ય! એવી વાતું સાંભળવી પણ કોઈ મહા પુણ્ય છે. સમજાણું કાંઈ? આહાહા!

આવો ભગવાન આત્મા ચારે બાજુથી–પડખેથી જુઓ તો એ સત્ય જ સિદ્ધ થાય છે. રાગાદિ હો એ પણ સત્ તરીકે છે, પણ આત્માના સ્વભાવના આશ્રયે નથી. આહા! **(સમરસસ્વભાવી આત્મતત્ત્વમાં**–સમરસસ્વભાવી ભગવાન આત્મતત્ત્વમાં **'આ કરવા જેવું છે અને આ છોડવા જેવું છે' એવા વિધિનિષેધના વિકલ્પરૂપ સ્વભાવ નહિ હોવાથી તે આત્મતત્ત્વને દૃઢપણે આલંબનાર મુનિને...** જોયું! એવું જે આત્મતત્ત્વ ભગવાન ત્રિકાળી સ્વભાવરૂપ, એવા **આત્મતત્ત્વને દૃઢપણે આલંબનાર મુનિને સ્વભાવપરિણમન થવાને લીધે સમરસરૂપ પરિણામ થાય છે,** આહાહા! તે સામાયિક. એને **વિધિ-નિષેધના વિકલ્પ રાગ-દ્વેષરૂપ પરિણામ થતા નથી.)** જોયું! અહીં પાછું (કહ્યું કે) પરિણામ અહીં નથી માટે અહીં થતા નથી. સમજાણું કાંઈ? આહાહા!

એક ક્ષણમાં એને દોલત દેખાય, એ દોલતમાં રાગ-દ્વેષ ક્યાં છે? એવી પરિણતિને સામાયિક કહેવામાં આવે છે. અહીં તો માળાને કાંઈ ખબર ન પડે ને ણમો અરિહંતાણં, તિખ્ખુતો કરીને બેસે. ઇચ્છામિ, તસ્સૂત્રી, લોગસ્સ, કરેમિભંતે ને નમોત્થુણં, જાઓ એ સામાયિક થઈ ગઈ. આહાહા! અરે! સામાયિક તો બાપા! વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરે... ગાથા દીઠ તો આવ્યું છે **इदि केवलिसासणे**.. સર્વજ્ઞના શાસનમાં આને સામાયિક કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? એ ગાથા પૂરી થઈ લ્યો, કળશ પૂરો થયો.

વર્તમાન કાળમાં પરકાળ નહીં. આહાહા! વર્તમાનકાળ ત્રિકાળમાં નહીં. આ ગજબ વાતું છે! ચારેકોર વાતું કરી છે એટલી. ભગવાનની કથની તો જુઓ! સંતોની કથની તો જુઓ! કથન નહીં, એનો ભાવ જુઓ. પાછળ ભાવ કેવો અવિરોધિપણે કામ કરે છે! આહાહા! છદ્મસ્થ મુનિ હોવા છતાં, દિગંબર મુનિ જંગલમાં વસતાં, આહાહા! કપડાનો કટકો ન હોય જેને અને અંતર

રાગનો કણ ન હોય જેને. આહાહા! શાંતિથી વિચારેને બાપા! આ માર્ગ પરમાત્માનો નહીં, પણ એ દ્રવ્યનો જ આવો માર્ગ છે. ભાઈ! તને ખબર નથી. એમ બીજે રીતે પોષાઈ ગયું છે વૃત્તિનું રૂપ એટલે આ વાત એને એવી લાગે... એમ નથી ભગવાન! આ રીત જ છે. એ રીતને તારે કબૂલ કરવી પડશે ભાઈ! એ કબૂલ કર્યા વિના તારું ડગલું નહીં ચાલે. માર્ગમાં નહીં ચાલે. કુમાર્ગે જાશે, એ તો અનાદિનો છે. આહાહા! સમજાણું કાંઈ? કહો, ...ભાઈ!

સવારમાં પહેલાં ત્યાં જતાં સંભાર્યું, પછી વળતા વાત કરી. આહાહા! આ તો વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ કહે છે હોં. આહા! અદ્ભૂત વીરરસ છે આ. આમાં પાછું કહે કે વ્યવહારથી થાય, નિમિત્તથી થાય. ભાઈ! સાંભળને બાપા! વ્યવહાર છે, નિમિત્ત છે. છે.. છે.. છે. (એનાથી) થાય એમ નથી. વ્યવહારથી ન થાય. તેથી કહ્યુંને ઓલામાં ..... 'મા વ્યવહાર નિશ્ચયે...' વ્યવહાર નથી એમ નહીં. છે. એનું નામ વ્યવહાર છે એટલું. પણ એનો અર્થ તું એમ કરી નાખ કે વ્યવહારથી પણ લાભ થાય ને નિશ્ચયથી (થાય).—એવો અર્થ નથી. બે (ભાગ) રહેતા નથી. સમજાણું કાંઈ? આહાહા! અરે! આવા માર્ગ જેને મળ્યા એને ભવની શંકા શી હોય? એને ભવભ્રમણના અંત–પૂરા થઈ ગયા. આહાહા! આંટા મટી ગયા. એવી જે વસ્તુ–ચીજ દૃષ્ટિમાં આવી એને બધા ખુલાસા નિઃશંકપણે એને વર્તતા હોય છે. આમ હશે કે તેમ હશે, ફલાણું હશે—એમ નહીં. આહાહા! ૧૨૮ ગાથાનો કળશ થયો. ૧૨૯ (ગાથા).

**जो दु अट्टं च रुद्दं च झाणं वज्जेदि णिच्चसो ।**

**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १२९॥**

કેવળી ભગવાન સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્માના શાસનમાં આને સામાયિક કહેવામાં આવે છે. એવો તો આચાર્યે પોકાર કર્યો છે. આહા! 'કેવલી પણ્ણત્તો ધમ્મો..' આવે છેને મંગળિકમાં. બોલે આખો દિ' સાંજ-સવાર 'કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં' ગડિયો. 'કેવલી પણ્ણત્તો ધમ્મો શરણં, ઉત્તમ ને મંગળિક.' ત્રણ આવે છે. અરે બાપા! એ મંગળ, ઉત્તમ, શરણ કોને કહેવા ભાઈ? આહાહા! એ વાતું જગતે સાંભળી નથી અને સાંભળી એને બેઠા વિના રહેતી નથી. .... ત્યારે સાંભળી કહેવાય. પ્રમાણ કરજે.. પ્રમાણ કરજે એમ કહ્યું. આહાહા!

**जदि दाएज्ज**.. લ્યો, અહીં તો દેખાડું છે એમ કહ્યું. પહેલા તો એમ કહ્યું કે દેખાડી શકાતો નથી. અરે ભગવાન! આવી શી તકરાર? બાપા! **तं एयत्तविहत्तं दाएहं**—દેખાડીશ. **अप्पणो सविहवेण**.. મારા નિજવૈભવથી દેખાડીશ હોં. આહાહા! અને **जदि दाएज्ज**—જો દેખાડું, કુંદકુંદાચાર્ય કહે છે કે ભાઈ! પ્રમાણ કરજે હોં. પ્રમાણ કરજે એટલે જ્ઞાનમાં બરાબર અનુભવજે. આહાહા! એનું નામ પ્રમાણ કરજે. આ બહારથી વિકલ્પથી નહીં. આહાહા! દિગંબર સંતોની વાણી તો જુઓ! ક્યાંય બીજે છે નહીં. આહાહા! પણ લોકો એમાં જન્મ્યા એને ખબર ન મળે.

**જે નિત્ય વર્જે આર્ત તેમ જ રૌદ્ર બન્ને ધ્યાનને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.**

છે નીચે? સ્થાયી એટલે સ્થિર સામાયિક, સાચી સામાયિક.

**ટીકા : આ, આર્ત અને રૌદ્ર ધ્યાનના પરિત્યાગ દ્વારા...** આર્તધ્યાન ને રૌદ્રધ્યાન (અર્થાત્) શુભ ને અશુભ પરિણામ બેય. એના ધ્યાનના પરિત્યાગરૂપ **સનાતન (શાશ્વત) સામાયિકવ્રતના સ્વરૂપનું કથન છે.** ભગવાનના શાસનમાં સાચી સામાયિક કોને કહેવી એનું આ કથન ભગવાન કરે છે. આહાહા! સમજાણું કાંઈ? સનાતન–શાશ્વત–સત્ય સામાયિક. સત્યરૂપ પરમ સમરસસ્વભાવી ભગવાન આત્મા એના અવલંબે પ્રગટેલી સમરસ પરિણતિ–વીતરાગીદશા, જેમાં શુભભાવનો અવકાશ નથી એવી પરિણતિને ભગવાનના શાસનમાં સામાયિક સાચી કહેવામાં આવે છે. આહાહા!

ત્યારે એ કહે, એ બધી સાચી સામાયિક આવે ક્યારે? પહેલા વ્યવહાર સામાયિક કરતાં કરતાં આવેને? અરે ભગવાન! શું માંડ્યું છે? વ્યવહાર તો વિકલ્પ છે. વિકલ્પનો તો આમાં અભાવ છે. જે ભાવ કરતાં કરતાં આવે એનો અભાવ થાય? આહાહા! રાગનો ભાવ જેમાં નથી. ભાઈ! આકરું પડે તને. પરના લક્ષવાળો રાગ જ્યાં નથી એને સ્વના લક્ષવાળી શુદ્ધ પરિણતિ હોય છે. આહાહા! સમજાણું કાંઈ?

**નિત્ય-નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપમાં નિયત (-નિયમથી રહેલા)...** કહે છે કે સામાયિક કરનારો જીવ કેવો હોય છે? સામાયિક કરનારો... સામાયિક થઈ છે, સામાયિક હોય છે, સામાયિક સત્યરૂપે પ્રગટી છે એ જીવ કેવો હોય છે? કે **નિત્ય-નિરંજન નિજ કારણસમયસાર...** દ્રવ્ય પોતાનો સ્વભાવ ત્રિકાળી. નિજ કારણસમયસાર એટલે ધ્રુવસ્વરૂપ એમાં રહેલા **શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃતના...** એમાં રહેલું જે પરમ વીતરાગી આનંદનું અમૃત. આત્મામાં ત્રિકાળી સુખામૃત આનંદ રહેલો છે એના **પાનમાં પરાયણ...** આહાહા! એવા નિર્વિકલ્પ આનંદના પીવામાં તત્પર (હોય) એને સામાયિક હોય છે. આહાહા! ગજબ શૈલી છે! **નિત્ય-નિરંજન નિજ કારણસમયસાર** એટલે આત્મા ત્રિકાળી, એના સ્વરૂપમાં રહેલા **શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ સુખામૃત**, એમ. વીતરાગી સુખનું અમૃત અંતર ત્રિકાળ. એના પાનમાં–આ પીવામાં, એ પર્યાય છે. એના પીવામાં પરાયણ (એટલે) અંદર એકાગ્ર થઈને નિર્વિકલ્પ આનંદને પીવામાં પરાયણ છે, એ જીવને આવા રાગ-દ્વેષ હોતા નથી. વિશેષ આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ-૨, બુધવાર, તા. ૨૨-૧૧-૧૯૭૨**
**ગાથા-૧૨૯-૧૩૦, શ્લોક-૨૧૪-૨૧૫, પ્રવચન નં. ૧૫૪**

સામાયિક એટલે સમતાનો ભાવ કોને હોય છે, કઈ રીતે હોય છે? **નિત્ય-નિરંજન નિજ કારણસમયસારના સ્વરૂપમાં...** આત્મા નિત્યસ્વરૂપ છે અને નિરંજન છે (અર્થાત્) અંજન નામ મેલરહિત છે. **નિજ કારણસમયસાર...** પોતાનો જ આત્મા કારણસમયસાર છે. કારણપરમાત્મા કહો, કારણસમયસાર (કહો). નિત્ય જે ધ્રુવ.. ધ્રુવ.. એના સ્વરૂપમાં–નિત્યસ્વરૂપમાં **નિયત (-નિયમથી રહેલા) શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃતના...** શુદ્ધ-નિશ્ચય-પરમ વીતરાગ-સુખ અમૃતસ્વરૂપ આત્મા... શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ-સુખામૃત એવો જે આત્મા એટલે કે નિત્ય આત્મામાં રહેલા જે આ ભાવો એના **પાનમાં પરાયણ...** આહાહા! ભારે કઠણ. એવો જે વીતરાગી પરમ-અમૃતસ્વરૂપ પ્રભુ એના નિર્વિકલ્પ અનુભવમાં પરાયણ એને સામાયિક હોય છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

અહીં સુધી તો આત્માનું વિશેષણ કહ્યું—આત્મા ને આત્માનો ભાવ. નિત્ય-નિરંજન નિજ કારણસમયસારનું સ્વરૂપ, એમાં–એના સ્વરૂપમાં નિયત-નિશ્ચય શુદ્ધ નિશ્ચય પરમ વીતરાગ સુખામૃત... આહાહા! એવો જે ભગવાન ભાવ, પરમ-વીતરાગ-સુખામૃતસ્વરૂપ ભાવ, એને નિર્વિકલ્પપણે (અર્થાત્) પુણ્ય-પાપના રાગ ને મનના સંબંધ વિના નિર્વિકલ્પસ્વરૂપને અનુભવે, એના આનંદને પીવે, આહાહા! એ અતીન્દ્રિય આનંદ એવો જે સુખામૃતભાવ એની સન્મુખ થઈને એને પીવે, નિર્વિકલ્પ પીણા પીવે. કહો, સમજાણું કાંઈ? આ સવારના ઉઠીને ચા પીવે છેને? ચા, કોફી, દૂધ ઘણા પ્રકારની વસ્તુ. આહાહા!

આ તો કહે છે કે વસ્તુ ભગવાન આત્મા એમાં સ્વરૂપે–એમાં રહેલા, એના સ્વરૂપમાં–એના ભાવમાં રહેલા શુદ્ધ-નિશ્ચય-પરમ-સુખામૃત વીતરાગ સુખામૃતભાવ. આહાહા! એને જે અનુભવે, અમૃતપણાના આનંદને વેદે. આહા! આવી વ્યાખ્યા તો જુઓ! વીતરાગમાર્ગની. કહો, ચીમનભાઈ! એ ક્યાંય સાંભળવા મળે નહીં. સામાયિક.. આ સામાયિક કરો. આહાહા! કહે છે કે નિરંજન નિજ કારણસમયસાર પ્રભુ એના સ્વરૂપમાં નિયમથી રહેલા શુદ્ધ- નિશ્ચય-પરમ-વીતરાગ સુખામૃત એ તો વસ્તુ ને વસ્તુનો ભાવ થયો. હવે એની પર્યાય કીધી. પહેલું શુદ્ધ દ્રવ્ય, એ દ્રવ્યમાં રહેલું સ્વરૂપ કહો કે ભાવ. લ્યો, આ સામાયિક. જાદવજીભાઈ! ત્યાં સાંભળ્યું હતું કલકત્તામાં? હતું નહીં. આહાહા! ગજબ વાત છે. દિગંબર સંતોનું સ્વરૂપ સર્વજ્ઞને અનુસાર આવ્યું છે. આ સામાયિક નવમું વ્રત. આ નિશ્ચયની વાત છે. છે અધિકાર નવમો. નવમો અધિકાર છેને આ. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે કે આત્મા વસ્તુ તરીકે નિત્ય-નિરંજન નિજ કારણસમયસાર એ વસ્તુ. થયું? હવે એના સ્વરૂપમાં.. એના સ્વ-રૂપમાં નિયમથી રહેલા શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ સુખામૃત એના પાનમાં પરાયણ (અર્થાત્) એવા આત્માની વીતરાગી પરિણતિને અનુભવવામાં તત્પર એને સામાયિક હોય છે. ભારે વાત સામાયિકની. આ સામાયિક. મગનભાઈ! સાંભળ્યું હતું...? ક્યાં ગયા ભાઈ નથી? ક્યાં ગયા છે? .. ગયા છે. કહો, સમજાણું કાંઈ? આહાહા! સામાયિક નવમું વ્રત, નવમું વ્રત સામાયિક છે. એ સામાયિક કોને કહેવી? વસ્તુ ત્રિકાળી નિરંજન કારણપ્રભુ સમયસાર–કારણસમયસાર એવું દ્રવ્ય એટલે વસ્તુમાં અને સ્વરૂપમાં રહેલા એવો જે સુખામૃત વીતરાગભાવ... 'શુદ્ધ, નિશ્ચય, પરમ' ત્રણ શબ્દ વાપર્યાં છે. એ તો શુદ્ધ વીતરાગ અમૃત છે અંદર, નિશ્ચય છે એનામાં અને પરમ વીતરાગી સુખામૃત. આહાહા! પૂર્ણ વીતરાગ સુખામૃતનું શું કહેવું? એવો જે આત્માનો સ્વભાવ એની સન્મુખ થઈને એ આનંદનું પીણું પીવે. કહો, ભીખાભાઈ! કેવી આ સામાયિક? કહો. આહાહા!

**એવો જે જીવ તિર્યંચયોનિ**નું કારણ જે આર્તધ્યાન ને **પ્રેતવાસ–**વ્યંતર આદિ... એ વ્યંતર આદિ થવામાં કારણ આર્તધ્યાન વિગેરે. **અને નારકાદિગતિ...** નરકાદિ ગતિનું કારણ રૌદ્રધ્યાન. એવા નરકાદિગતિની... આદિ એટલે નરકગતિની વિશેષતા, ... વિગેરે. કોઈ માણસ થાય પણ કોઈ મહાપાપ કરે એવા આકરા. .... મટી જાય અત્યારે, પછી એવા નરક, ઢોર કે તિર્યંચમાં આવી જાય..... એની **યોગ્યતાના હેતુભૂત...** તિર્યંચ થવાની, પ્રેતવાસ થવાની અને નરકાદિ થવાની એની યોગ્યતાનું કારણ **આર્ત અને રૌદ્ર બે ધ્યાનોને...** સમજાણું?

સવારમાં વાંચતો હતાને. કોઈક મરી ગયું. મોટો ઓલો હુશિયાર હતો એ. ક્યાં? અમેરિકા. ...... ૩૩ વર્ષનો હતો. .... હોશિયાર હશે આ રખડવામાં. ...... એ બધા માંસાદિ ન ખાતા હોય તો એ બધા તિર્યંચગતિના–પશુયોનિના મહેમાન છે. એ બધા ભાવિ તિર્યંચ—ભવિદ્ર તિર્યંચ છે એ તો. ભવિદ્ર તિર્યંચ એટલે થવાને લાયક. આહાહા! ગજબ વાત છે! સંસારના પડદા.. એક કોર મોટું માન ને એક કોર.... વાંદરા ને વાંદરી, શું કહે? વાંદરો થાય. એ આર્તધ્યાનના ફળ છે કહે છે. સમજાણું કાંઈ? તિર્યંચયોનિમાં જાવું, પછી રાજા હોય કે શેઠ હોય. આવા જેના પરિણામ આર્તધ્યાનના છે એનું ફળ તિર્યંચમાં કે પ્રેતયોનિમાં છે. રૌદ્રધ્યાન આદિના ફળ નરક છે.

એને **નિત્ય તજે છે...** જુઓ! આમાં તો શબ્દ મૂક્યો છે. ઓલામાં જરી પુણ્ય-પાપ... એકદમ પછી થતા નથી એટલે પર્યાય શબ્દ........ નિત્ય તજે છે... આર્ત ને રૌદ્રધ્યાનના પરિણામને નિત્ય તજે છે, ત્યારે એનો અર્થ થયો કે ધર્મધ્યાનના પરિણામ એ થયા. શુક્લ, ધર્મધ્યાનના પરિણામ છે. ઓલા શુભભાવને ધર્મધ્યાન કહે છેને. એમ ન રહ્યું... ધર્મધ્યાન એને

કહીએ કે આત્મા ધર્મી એના સ્વરૂપમાં રહેલો વીતરાગી શુદ્ધ નિશ્ચય પરમ આનંદ એને એકાગ્ર થઈને અનુભવે એને ધર્મધ્યાન કહીએ. સમજાણું કાંઈ?

એવું જે ધર્મધ્યાન **તેને ખરેખર કેવળદર્શનસિદ્ધ..** કેવળજ્ઞાનીના **(-કેવળદર્શનથી નક્કી થયેલું) શાશ્વત** પરમ **સામાયિકવ્રત છે.** શાશ્વત સામાયિક વ્રત છે. એને સામાયિક કહીએ, સાચી સામાયિક એને કહીએ. કહો, સમજાણું કાંઈ? આ તો આલીદુઆલી સામાયિક (કરે), ણમો અરિહંતાણં.. ણમો અરિહંતાણં કરે, સામાયિક થઈ ગઈ. ધૂળેય સામાયિક નથી. સામાયિક કોને કહેવી વીતરાગમાર્ગમાં એની ખબરું ન મળે. આ તમે બધા ડાહ્યા કહેવાઓને. આ જેઠાભાઈ જેવા હુશિયાર માણસ... ચોપડા કેટલા તપાસે લ્યો. આહાહા! આવી વાત તો જુઓ! એક વસ્તુ. નિર્લેપ, નિર્દોષતત્ત્વ ચૈતન્ય આનંદનું ધામ, જેનું સ્વરૂપ જ એ છે કહે છે. જેના સ્વરૂપમાં જ રહેલો પરમ સુખામૃત આનંદ છે. એવો આત્મા, એમાં જેની પર્યાય લીન થઈ ગઈ છે. આહાહા! એ નિર્વિકલ્પરસને પીવે છે એને સામાયિક હોય છે. આ બધી તો સૌના ઘરની વાતું છે. ઘણા વખતથી સામાયિક કરી એમાં આવી સામાયિક નથી કરી. સુજાનમલજી! સામાયિક તો કેટલી કરી હશે બધી? આહાહા!

**તેને ખરેખર કેવળદર્શન...** કેવળી પરમાત્માથી નક્કી થયેલું સત્ય સામાયિક વ્રત હોય છે. અરેરે! આવા શબ્દો પણ સાંભળવા મળ્યા નહીં હોં. શબ્દો સાંભળવા મળ્યા નહીં હીરાજી મહારાજને સંપ્રદાયમાં. કાને પડેલા નહીં. અમારા પંચમહાવ્રત એ અમારું ચારિત્ર. આ તો એમ જ વ્યાખ્યા કરે છે કે ચારિત્ર ને તપથી જ ધર્મ થાય. ચારિત્ર ક્યું? એમાં અંદર વ્રત ને તપ મૂક્યા. તો પછી સિદ્ધમાં ચારિત્ર ને તપ ન રહે. એ મૂળચંદજી એમ કહેતા કે આ તપ ને ચારિત્ર કરીએ તો એનાથી કર્મ ખપી જાય, પછી સિદ્ધમાં એ રહે નહીં. થઈ રહ્યું. ચારિત્ર ને તપનું ફળ સિદ્ધપદ આવી ગયું, પછી ચારિત્ર ત્યાં ન હોય. કહો! ચારિત્ર તો આત્માના સ્વરૂપની રમણતા એ ચારિત્ર છે. આ વ્રત ને તપ ચારિત્ર ક્યાંથી આવ્યું? અંતર આનંદસ્વરૂપમાં....

આ સામાયિક વ્રત છે, શું છે આ? આ સામાયિક ચારિત્ર છે. એ ચારિત્રની રમણતા તો સિદ્ધમાંય હોય છે. એ લોકોને એવી શૈલી ચાલે છે. ૨૭ મૂળગુણ ગુણ છેને એમાં 'ણાણ દંસણલખણં..' મોક્ષમાર્ગ જ્ઞાન-દર્શન-ચારિત્ર ને તપ, એનું જ્ઞાન-દર્શન લક્ષણ... આ ચારિત્ર એટલે વ્રત ને તપ કરવાથી જે સિદ્ધપદ થાય ત્યાં જ્ઞાન-દર્શન રહી જાય, ચારિત્ર ને તપ ત્યાં ન રહે, એમ કહેતા. એવું જ આમાં બધું આવે છે. આહા! ચારિત્ર તો સ્વરૂપની રમણતા થઈ અંદરની. શુદ્ધ ચૈતન્યઘન એનો જે આનંદભાવ, એમાં એકાગ્રતા, રમણતા એ તો આનંદની દશા છે. એ દશાનો સિદ્ધમાં અભાવ થાય? સમજાણું કાંઈ?

....... કૈલાસચંદજીને. કૈલાસચંદજી એમ કહે છે, ચારિત્ર સિદ્ધમાં નથી. સિદ્ધને ચારિત્ર હોય? ચારિત્ર સ્વરૂપની રમણતા છે. એ તો નિયમના વિકલ્પ ને સંયમના..... કરવાનું કાંઈ

બહારમાં નથી. એણે તો એમ કહ્યું કે એ તો કૃતકૃત્ય થઈ ગયા. ચારિત્ર હોય તો કરવાનું રહ્યું ત્યાં. અરે! કરવાનું ક્યાં? કરવાનું રહ્યું નથી. ........ જો ચારિત્ર સિદ્ધમાં હોય તો એને પણ હજી કરવાનું રહ્યું, કૃતકૃત્ય ન થયા. અરે! એને વ્રત ને તપ કરવા એ ચારિત્ર, એમ. એવું ત્યાં રહેતું નથી. વ્રત ને તપને ચારિત્ર કહે. એ તો વિકલ્પ ને અચારિત્ર છે. અહીં કહેશે હમણાં. એ તો પુણ્યભાવ છે, એ કંઈ ચારિત્ર નથી. ..... આ ઇન્દ્રિય સંયમ શું? .... ઇન્દ્રિય તો જડ છે. હવે એનું ફળ શું? આહાહા! અતીન્દ્રિય સ્વભાવમાં લીન થવું એ સામાયિક છે. એ તો ખસવાની વાત કરી. 'ખસવું' એ તો નાસ્તિથી વાત છે. અંદરમાં અણીન્દ્રિય સ્વભાવ ભગવાન પૂર્ણ સ્વરૂપ... શુદ્ધ-નિશ્ચય-પરમ-વીતરાગ સુખામૃતનું પૂર એનું પાણી પી. એ આનંદને પી. આહાહા! કહો, સમજાણું કાંઈ?

**[હવે આ ૧૨૯મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :]**

**इति जिनशासनसिद्धं सामायिकव्रतमणुव्रतं भवति ।**
**यस्त्यजति मुनिर्नित्यं ध्यानद्वयमार्तरौद्राख्यम् ॥२१४॥**

એ પણ અણુવ્રત છે હજી. પૂર્ણ સમતા વીતરાગની ક્યાં થઈ? એમ એ અપેક્ષાએ અણુવ્રત હોં. (બહારના) અણુવ્રત એ નહીં. ......

**શ્લોકાર્થ** : **એ રીતે, જે** ધર્માત્મા **મુનિ**–સંત **આર્ત અને રૌદ્ર નામનાં બે ધ્યાનોને નિત્ય તજે છે...** જુઓ! આર્ત ને રૌદ્રને નિત્ય છોડે છે. **તેને જિનશાસનસિદ્ધ (-જિનશાસનથી નક્કી થયેલું)...** વીતરાગમાર્ગમાં પરમેશ્વરે નક્કી કરેલું અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે. અણુવ્રત એટલે આ પાંચ મહાવ્રત ને અણુવ્રત એ નહીં. આ તો યથાખ્યાત ચારિત્રની જે સમતા–વીતરાગતા છે એનાથી થોડી (-ઓછી) છે માટે એને અણુવ્રત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? જુઓને! એની ભાષા કેવી છે! આ અણુવ્રત છે. સ્વરૂપમાં સ્થિરતાની જમવટ થઈ, પણ પૂર્ણ સ્થિરતા નથી એથી એ સામાયિકને અણુવ્રત સામાયિક કહેવામાં આવે છે. આહાહા!

**અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે.** સુખામૃતરૂપ વીતરાગભાવ, એમાં જેની વીતરાગતા પ્રગટ થઈ છે, આનંદના પીણા પીવે છે એવી દશાને સામાયિક–અણુવ્રત સામાયિક કહીએ. પૂર્ણ અમૃતને પીવે છે એને પૂર્ણ સામાયિક કહીએ. આહાહા! સમજાણું કાંઈ? અરે! એને વીતરાગ... વસ્તુ આવી છે અને વસ્તુમાં રહેલા આવા ભાવ છે, એવા ભાવને વિશ્વાસમાં દૃષ્ટિમાં લઈ પછી એમાં સ્થિર થવું, લીન થવું (એને) આનંદના ઝરણા ઝરતી સામાયિક કહે છે. કહો, છગનભાઈ! આવી સામાયિક હતી ક્યાંય ત્યાં? આહાહા! દિગંબર સંતોએ પૂરી વાત જેમ હતી એમ પ્રસિદ્ધ કરી નાખી છે. સમજાણું કાંઈ? સમાજને સમતોલે કેમ રાખવું એ વાત રહી નહીં. આહાહા! .... નહીં માને, નહીં માને.

આ દ્રવ્ય, ગુણ ને પર્યાય. દ્રવ્ય એટલે ત્રિકાળી કારણસમયસાર ધ્રુવ, એમાં રહેલા ભાવ પરમ આનંદ સુખામૃતભાવ એ ગુણ અને એની એકાગ્રતાની પર્યાયનો અનુભવ એ પર્યાય. એ પર્યાયને અહીં સામાયિક વ્રત કહે છે. દ્રવ્ય-ગુણ-પર્યાય. આ દ્રવ્ય-ગુણ-પર્યાયની ખબર ન મળે. આહાહા! ત્રણેય જુઓને અહીં. વર્જે છે, એ બે ધ્યાનોને વર્જે છે એનો અર્થ એ કે આમાં સ્થિર થાય છે. **તેને જિનશાસનસિદ્ધ**... જૈનશાસનમાં કહેલી વાત બીજે હોઈ શકતી નથી. વીતરાગ દિગંબર સંત એમણે કહેલું તત્ત્વ, એમાં નક્કી થયેલું અણુવ્રતરૂપ સામાયિકવ્રત છે. (હવે ગાથા) ૧૩૦.

શ્રોતા : કેવળજ્ઞાન પછી, કેવળદર્શન લીધું પહેલું?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ કેવળદર્શન ને કેવળજ્ઞાન લીધું એટલું. બધા સાથે જ છે. ... જૈનશાસન કીધું. એ તો જુદી-જુદી ભાષા છે. પાઠમાં **केवलिसासणे** છે બધે.

**जो दु पुण्णं च पावं च भावं वज्जेदि णिच्चसो ।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे ॥१३०॥**
**જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.**

આહાહા! આ વાત સહી ન જાય શુભભાવના આગ્રહીઓને. આહાહા!

શ્રોતા : થોડીક તો ઉપાદેય કહો.

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળેય ઉપાદેય નથી, સાંભળને! એ તો વ્યવહારે કહેવાય. વ્યવહારનો અર્થ સંસાર. અહીં તો વાત બહુ સરસ લેશે. વૈયાવૃત્યનો ભાવ જ રાગ છે. આહાહા! કોની વૈયાવૃત્ય? સર્વ જિન યોગીશ્વર સંતો મુનિઓની. આવી વાત મુનિ પોતે આવું સિદ્ધ કરે છે. સહન ન થાય માણસને. ઓલા કહે, વૈયાવચ્ચ......

એની મોટી ચર્ચા ચાલી હતી અમારે. જુઓ! આમાં આમ કહે છે. ઘણા વર્ષ પહેલાની વાત છે, આ સંપ્રદાયની છે હોં. સેંથણી છેને સેંથણી. ...... ત્યાં પછી આવ્યા હતા એક ગોપાણી, હીરો ગોપાણી. ત્યાં છેને અમદાવાદમાં, નહીં? ખાડિયાની સામે દુકાન છે. હીરાલાલ ગોપાણી, હીરા કેવા? એના બાપનું (નામ) ભૂલી ગયા. ઠાકરશી ગોપાણી. એક જણ આવ્યો. આમ કહે છે કે વૈયાચ્ચનો ભાવ આદરવા જેવો છે. એના ફળમાં તીર્થંકરગોત્ર બાંધે માટે આદરણીય છે. તીર્થંકરપણું બાંધે છેને. એનો એક ..... ઉતરેલા. ત્યાં ચર્ચા થાતી હતી. લ્યો, અત્યારે ઘણા વર્ષ થયા. (સંવત) ૧૯૮૧, ગઢડે ચોમાસું હતું ત્યારની વાત છે લ્યો. એ હેય છે, કીધું. હા, વૈયાવચ્ચનો ભાવ તો બંધ છે, હેય છે. તીર્થંકરગોત્ર બાંધવું એ હેય છે. આ તો જુની વાત છે. ખળભળાટ થઈ ગયો. ... જુઓ! આચાર્ય કેટલો ખુલાસો કરે છે!

**ટીકા : આ, શુભાશુભ પરિણામથી ઊપજતાં સુકૃતદુષ્કૃતરૂપ કર્મ...** બંધનની વાત લીધી છે. શુભ-અશુભ પરિણામથી ઉપજતા સુકૃત-દુષ્કૃતરૂપ **કર્મના સંન્યાસની...** એના ત્યાગની **વિધિનું (-શુભાશુભ કર્મના ત્યાગની રીતનું) કથન છે.** શુભાશુભકર્મના ત્યાગની વિધિનું (કથન છે). છે ત્યાગનું એનું, પણ એના કારણરૂપ પુણ્ય-પાપનો ત્યાગ પણ એમાં વર્ણવે છે. વાત તો એક જ છે. ઓલા....... કર્મની વાત છે. પણ કર્મના ચાર બોલ લીધા છે અર્થમાં. અમૃતચંદ્રાચાર્યે ચાર લીધા છે. શુભાશુભભાવ, બંધ, એનું ફળ અને બંધને આશ્રયે એ વર્તે છે, એ બંધને આશ્રયે છે, મોક્ષમાર્ગના આશ્રયે છે નહીં.

ભારે પુણ્યની મીઠાશ હોય જગતને. કારણ કે પુણ્યના ફળ આમ બાયડી-છોકરા, કુટુંબ, પૈસા આમ મળે અને આમ મીઠાશ.. મીઠાશ જાણે, બાદશાહી લાગે. એને ઓલા પુણ્યના ભાવ મીઠા લાગે બહુ. સમજાણું કાંઈ? ધૂળેય નથી. અરે! આ તારા બાયડી-છોકરા એ બધી પર, ધૂળ છે. એના ઉપર તારું લક્ષ જાય તો રાગ થાય એવું છે. અહીં તો મુનિરાજ ત્યાં સુધી કહે છે કે કોની વૈયાવચ્ચના પરિણામ હોય જીવને? એમ કહે છે. આહાહા!

**બાહ્ય-અભ્યંતર પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત પરમજિનયોગીશ્વરોનું...** આની વૈયાવચ્ચ ને આના ચરણ દાબવા, સેવા કરવી એ શુભભાવ છે. છે? નિર્જરા થાય મુનિની સેવા કરવાથી. એ મુનિ આવા (હોય). આ બધા માનેલા છે એ તો મુનિ છે જ નહીં કોઈ. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ આકરો. બાહ્ય જેને વસ્ત્રનો ધાગોય નથી, અભ્યંતર જેને રાગનો ત્યાગ છે—એવા પરિત્યાગરૂપ લક્ષણથી લક્ષિત... બાહ્ય-અભ્યંતરના સમસ્ત પ્રકારનો ત્યાગ, એમ. એવા **લક્ષણથી લક્ષિત પરમ-જિનયોગીશ્વર...** મહામુનિ દિગંબર સંત... પરમ વીતરાગી પરિણતિ અને પરમ નગ્નદશા—એવા **પરમજિનયોગીશ્વરોનું ચરણકમળ...** એના ચરણકમળનું પ્રક્ષાલન કરવું એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહીં. આહાહા! આચાર્ય તો કહે છે કે પુણ્યભાવને તજી મુક્ત થા. સમજાણું કાંઈ?

એ બધો ભક્તિનો પ્રકાર એ બધો શુભભાવ છે. પરદ્રવ્ય છેને. જુઓને! સ્પષ્ટતા કેટલી છે. ઓલાનો ન ગોઠે રતનચંદજીને. ... ગોઠે જ નહીં. જ્યાં હા પાડવા જાય તો એની એકેય વાત રહેતી નથી. અહીં તો કહે, આવા મુનિનું 'પધારો.. પધારો..' કહીને ભિક્ષા વખતે પડગાહન કરે છેને પહેલા. એ શુભભાવ, પુણ્ય છે, ધર્મ નહીં. એ પણ આવા યોગી–મુનિ. જે ક્રિયાકાંડમાં ધર્મ માનતા હોય બહારની ક્રિયામાં, એ તો મિથ્યાદૃષ્ટિ છે, એ મુનિ છે જ નહીં. આહાહા! સમજાય છે કાંઈ? એવા **બાહ્ય ને અભ્યંતર પરિત્યાગરૂપ**–સર્વથા ત્યાગરૂપ એવું જે **લક્ષણથી લક્ષિત...** આવા સ્વરૂપે જાણવાલાયક **પરમ જિનયોગીશ્વરો...** પરમ જિન યોગી, જેણે પૂર્ણાનંદમાં યોગ્યતા જોડી દીધી–યોગ જોડી દીધો. બહારની વૃત્તિઓ જેને છૂટી ગઈ છે. અંતરના પરિણમનમાં જેણે યોગ ને આનંદને જોડી દીધો છે. 'પરમ, જિન, યોગી ને ઈશ્વર' પાછા

આટલા શબ્દો. આહાહા! દિગંબર સંતોની વાણી જ આખી આમ જગતના ભાવથી તદ્દન જુદી છે, એનો રંગ જુદો છે. આહાહા!

એવા મુનિઓનું **ચરણકમળ-પ્રક્ષાલન, ચરણકમળસંવાહન...** છે નીચે. **પગ દાબવા તે, પગચંપી કરવી તે**. એવા મુનિઓની પગચંપી ... શુભભાવ છે, પુણ્ય છે. વર્જવાલાયક છે એમ કહે છે. (શ્રોતાઃ .... કરે છે). કોણ કરે છે? સમજાણું કાંઈ? અહીંયા કહે છે કે એવા જે મુનિઓ મહાસંત... આવા લીધા જોયું! એની સેવા, **વગેરે વૈયાવૃત્ય**માં બધા બોલ લઈ લીધા. દેવ-ગુરુને આશ્રયે જેટલા પરિણામ થાય બધાય પુણ્યના ભાવ, શુભભાવ છે. તો પછી ભગવાનની મૂર્તિની પૂજા, ભક્તિ ને જાત્રા એ શું ભાવ હશે? એ શુભભાવ છે, પુણ્ય છે, ધર્મ નહીં. કહો, સમજાણું કાંઈ? વગેરેમાં નાખી દીધું. ટૂંકમાં (કહ્યું) વૈયાવૃત્ય.

**વૈયાવૃત્ય કરવાથી ઊપજતી...** આહાહા! અહીં તો પ્રવચનસારમાં આવે છેને. શુભરાગ અને વૈયાવૃત્યનો ભાવ, આવે છેને. .... એને ... શુભભાવ હોય છે અને એવો સામે મુનિ રોગી દેખાય તો એને શુભભાવ.... પણ સમજે કે શુભભાવ તો હેય છે. મિથ્યાદૃષ્ટિ સાધુ કે મિથ્યાદૃષ્ટિ શ્રાવક જે પુણ્યને ધર્મ માને, દેહની ક્રિયાને કર્તાપણે ધર્મ માને—એની અહીં વાત નથી. એ તો પ્રવચનસારમાં લીધું છે. મિથ્યાદૃષ્ટિ કાયાની સેવા કરે છે..... હલકું પુણ્ય. હલકું પુણ્ય બાંધે, ભૂતડા-બૂતડા થાય. આહાહા!

કહે છે કે આવા મુનિની **વૈયાવૃત્ય કરવાથી ઉપજતી શુભપરિણતિ**... લ્યો, પાઠમાં પુણ્ય-પાપ કર્મ નાખ્યું તો આમાં નાખી પરિણતિ. વસ્તુથી સમજાવે છેને. પુણ્ય-પાપનો નિષેધ કર્યો કર્મબંધનનો તો તેના ભાવનો પણ નિષેધ છે. આહાહા! **શુભપરિણતિ વિશેષથી...** એ શું કહ્યું? ખાસ શુભપરિણતિ, એમ. બીજા શુભ પુણ્ય, દયા, દાન આદિના ભાવ કરતાં આ મુનિની વૈયાવૃત્ય આમ ખાસ ..... છે. મહાવીતરાગી મુનિ ધર્માત્મા, અમૃતના આનંદના સ્વાદિયા. ... એની આવી વૈયાવૃત્ય આદિનો ભાવ એ શુભપરિણતિ છે.

એનાથી **ઉપાર્જિત પુણ્યકર્મને...** લ્યો, લીધું અહીં ચોખ્ખું. એનાથી બંધાયેલું પુણ્યકર્મ... આમ થાય.. આમ થાય. .....ની અસ્તિ. એમાંથી નિર્જરા થાય. શુભભાવથી અશુભની નિર્જરા ન હોય તો પછી બીજો કોઈ ઉપાય નથી. જયધવલમાં આવે છે. એ તો પ્રમાણનું જ્ઞાન ભેગું કરાવ્યું છે. નિમિત્તનો આરોપ કરીને વાત છે. અહીં તો ચોખ્ખી વાત છે. આહાહા! વીતરાગમાર્ગમાં તો વીતરાગપરિણતિએ ધર્મ થાય, શુભપરિણતિએ ધર્મ ન થાય. આવું લખ્યું છે કે નહીં આમાં? પણ આ તો સાદા શબ્દ છે. આમાં ક્યાં ત્યાં...? આ કાંઈ બહુ ગૂઢ નથી.

**ઉપાર્જિત પુણ્યકર્મને...** કેવું છે પુણ્યકર્મ? અને ઓલું પાપકર્મ. **તથા હિંસા, અસત્ય, ચૌર્ય, અબ્રહ્મ ને પરિગ્રહના પરિણામથી ઊપજતા અશુભકર્મને, તે બન્ને કર્મ સંસારરૂપી સ્ત્રીના વિલાસ-વિભ્રમનું જન્મભૂમિસ્થાન હોવાથી...** છે કંઈ મુનિને? કહે છે કે મહામુનિ યોગીશ્વર જૈન

સંત સાચા, વીતરાગી અંદર દશા પ્રગટેલી, એની વૈયાવૃત્યનું ફળ સંસારરૂપી સ્ત્રીનું વિલાસ-વિભ્રમ છે. આહાહા! આ તો દિગંબર મુનિઓએ દુનિયાની દરકાર મૂકીને વાત કરે છે. દુનિયા દુનિયાનું જાણે, માર્ગ આ છે. આહાહા!

ઓલામાં શ્વેતામ્બરમાં તો આવે છે, મિથ્યાદૃષ્ટિ હોય દાતાર ને ઓલો હોય ધર્મી સાધુ, એને આહારપાણી આપે તો સંસાર પરિત કરે છે. વિપાકસૂત્ર આખું છે. દસ અધ્યાય એના ને દસ ઓલાના પાપના. કહો, સાચા હશે કે નહીં? શું છે? ત્યાં તો એમ કીધું. દેનારો દાતા મિથ્યાદૃષ્ટિ, લેનારો ધર્મી. ત્યાં એણે તો એમ માન્યું છે કે ત્યાં ક્યાં.....? સાધુને આહાર-પાણી આપે, પરિત સંસાર થયો. એ દસ અધ્યયન છે વિપાક(સૂત્ર)માં સુબાહુકુમાર આદિ.

અહીં તો કહે છે કે આવા મુનિ સાચા પરમયોગી છે એની વૈયાવૃત્ય, આહાર-પાણી દેવાનો શુભભાવ એ સંસારરૂપી સ્ત્રીનું વિલાસ-વિભ્રમનું જન્મસ્થાન છે લ્યો. એ સંસારના વિલાસરૂપી હાવભાવ– સંસારની ચેષ્ટા એમાં છે બધી. આહાહા! ગજબ વાત છે. દિગંબર નાગા એ બાદશાહથી આઘા. કોઈની દરકાર મળે. દુનિયા શું કહે છે. એને બેસે-ન બેસે, એને ઘરે રહ્યો. માર્ગ આ છે. એય ચીમનભાઈ! શ્રદ્ધા તો કર હજી. આહાહા! આવો ભાવ પણ પુણ્ય છે ને એ સંસારરૂપી સ્ત્રીનું કારણ છે. આહાહા!

**વિલાસયુક્ત હાવભાવ, ક્રીડા.** એનું જન્મભૂમિસ્થાન... ત્યાં તો બધો રાગનો વિલાસ એવો સંસાર છે, એ પુણ્યનું ફળ સંસાર–રખડવાનું મળશે, કહે છે. કહો! ... તો જણાવેને. હોય એ જુદી વાત છે. ભાવ આવે, પણ વસ્તુનું સ્વરૂપ આવું છે. એના ફળ તરીકે સંસારની ઉત્પત્તિ થશે. ધર્મની ઉત્પત્તિ (નહીં). આહાહા! સમજાણું કાંઈ? આમ પરિત સંસાર કર્યો. એ આવે છે, એ રેવતીનું આવે છેને ભગવતીમાં. રેવતીએ આહાર-પાણી આપી પરિત સંસાર કર્યો. એ ચર્ચા ચાલી હતી ૭૭માં, તમારે ગોંડલ. તમારા વેવાઈ પોપટલાલ. ૭૭ની વાત છે ૭૭. ...ના બાપ. બાપના બાપ. એ કહે, રેવતીએ આહાર... ભગવતીનો પાઠ છે. એવા દસ વિપાકનો પાઠ છે, આ ભગવતીનો પાઠ છે.

ભગવાનને રોગ થયોને રોગ. રેવતીને ત્યાં ગયા, આમ રેવતીએ આહાર આપ્યો મુનિને, પરિત સંસાર થયો. એવો પાઠ છે લ્યો. આ ભગવાનના કહેલા શાસ્ત્ર. અહીં કહે છે કે મહામુનિ... કેટલું સ્થાપ્યું. એક તો ભગવાનનો રોગ સ્થાપ્યો, રોગ માટે દવા સ્થાપી, દવા દેનારે પરિત સંસાર કર્યો એ સ્થાપ્યું. પરિત સંસાર... મોક્ષ થયો એમ નહીં, પરિત સંસાર (એટલે) સંસાર ઘટાડી દીધો. સંસાર પરિત થઈ ગયો–ઘટાડી દીધો. મોક્ષ નહીં, મોક્ષની વાત નહીં. સંસાર પરિત થયો–ઘટાડી દીધો. એ બધી વાતું ખોટી છે. ભગવાનને રોગ થાય એ ખોટી વાત, દવા લેવા જાય સાધુ એ ખોટી વાત, દવા આપે એને આમ... આહાહા! ભગવાને દવા લીધી,

રોગ મટી ગયો. બધા ખુશી થઈ ગયા દેવ, દેવીઓ..... ... શ્રાવકો ... થઈ ગયા ને આ અચ્છા થઈ ગયા. ...... ભગવાનને રોગ મટી ગયો.

અરે! ભગવાનને રોગ હોય? આહાહા! એને આહાર કેવા, પાણી કેવા, રોગ કેવા? .... નથી સમજ્યા પુણ્યને, નથી સમજ્યા આત્માને. બધામાં ફેર છે, પણ હવે શું થાય? કોઈ પ્રત્યે વિરોધ-વેર ન હોય. એ પણ ભગવાન આત્મા છે બિચારા. વિરોધ ન હોય, તિરસ્કાર ન હોય. વસ્તુની સ્થિતિ આવી છે..... અહીં તો નિયમસાર પોકાર કરે છે. કાંઈ ખાનગી રાખેલ નથી. પરમ યોગીશ્વર. આહાહા! **સંસારરૂપી સ્ત્રીના વિલાસ-વિભ્રમરૂપ જન્મભૂમિસ્થાન હોવાથી**... આહાહા! એ તો સંસારની ઉત્પત્તિનું કારણ શુભભાવ છે. એ ધર્મની ઉત્પત્તિ ને મોક્ષમાર્ગની ઉત્પત્તિનું કારણ નથી એમ કહે છે. આહાહા! વીતરાગ તો એમ કહે. એમ કહ્યુંને.

પોતે તીર્થંકર હતા જ્યારે છદ્મસ્થ. એને જ્યારે આહાર-પાણી આપે ત્યારે આહાર દેનારને ભાવ શુભ હોય છે. એમાં એમ નથી કહ્યું કે તીર્થંકરને આપે તો પરિત સંસાર થાય, બીજાને આપે તો આમ થાય. આહાહા! પરદ્રવ્ય ઉપર લક્ષ ગયું છે એટલો એનો શુભભાવ છે. સ્ત્રી-કુટુંબ પરિવાર ઉપર લક્ષ જાય તો પાપ છે. દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર લક્ષ જાય તો એને રાગ-પુણ્ય છે. આવા મુનિ કે જે અત્યારે તો હાથ ન આવે ગોતતા. એવા પરમ યોગીશ્વર, એવા સંતોની સેવા–વૈયાવચ્ચ... આહાહા! પગનું પ્રક્ષાલન કરવું, તિષ્ઠ.. તિષ્ઠ.. તિષ્ઠ કરીને પછી ... કરવું, પછી કોઈ શરીરનું કારણ હોય તો પગ દાબવું રાત્રે, વૈયાવચ્ચ કરવી, એનો ગળફો લઈને ફેંકવો, ધૂળ નાખીને..... એવું છે અહીંયા. આહાહા!

કહે છે કે એ શુભપરિણતિનું ફળ સંસારરૂપી સ્ત્રીનો વિલાસ-વિભ્રમ છે. રાગ કરશે તો સંસાર ફળશે એમ કહે છે. આહાહા! જુઓ! વીતરાગમાર્ગ. વીતરાગે એમ નથી કહ્યું કે અમારા આવા સંતોને આહાર આપો તો તમને ધર્મ થશે. એ તો શુભભાવ છે. બીજામાં આવે કે અમારા સાધુને આહાર-પાણી આપે, સારા લાડુ જમાડે, વૈકુંઠમાં એને લાડવા મળશે. આહાહા! અરેરે! એને હજી વૈકુંઠમાં શરીર ને ત્યાં પાછું ભાણું ને ભૂખ. ભાણું ને ભૂખ ને આહાર. જે આવો ભાવ શુભ-અશુભ.. ઓહોહો! પુણ્ય-પાપના બંધનનું કારણ આવો શુભભાવ હોં. એ શુભભાવ શુદ્ધનું કારણ–શુદ્ધોપયોગનું કારણ નહીં, એમ કહે છે. શુદ્ધોપયોગનું કારણ તો દ્રવ્યસ્વભાવનો આશ્રય છે. સમજાણું કાંઈ?

**તે બન્ને કર્મ**... પાછું બેમાં આ એક આ (ઉપાદેય) અને એક આ (હેય)—એમ નહીં. **સંસારરૂપી સ્ત્રીના વિલાસરૂપ વિભ્રમનું જન્મભૂમિસ્થાન**—ઉત્પત્તિનું સ્થાન છે કહે છે. ત્યાં તો સંસારની આવી પરિણતિ ઊભી થાશે. ગતિ–ભવ ઊભો થાશે. આહાહા! **જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ...** મુનિ કેવા છે સામાયિકવંત? સ્વભાવિક વૈરાગ્ય.. વૈરાગ્ય.. વૈરાગ્ય.. જેને શરીર પ્રત્યે વૈરાગ્ય, પુણ્ય-પાપના ભાવ પ્રત્યે વૈરાગ્ય, આખી દુનિયા પ્રત્યે

વૈરાગ્ય, દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે પણ વૈરાગ્ય. આહાહા! ગજબ વાત છે. **સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરનો શિખામણિ**... એક તો સહજ વૈરાગ્ય.. પુણ્ય-પાપથી રહિત દશા એનું નામ વૈરાગ્ય. એનો મોટો મહેલ, એનું શિખર, એનો શિખામણિ. ઉદાસ.. ઉદાસ.. આખી દુનિયાથી પડખું ફેરવી નાખ્યું છે. ભગવાનને પડખે ચડ્યો ને દુનિયાના પડખેથી ખસી ગયો છે. સમજાણું કાંઈ? ભગવાન એટલે આત્મા હોં અહીંયા. આહાહા!

એવી પરમ સત્ય વાત સંતો સ્પષ્ટ કરીને વાત કહે છે. અમારા જેવા સાચા સંતો એની વૈયાવૃત્ય પણ પુણ્યપરિણામ છે. અરર! એનાથી સંસાર થાશે. સમજાણું કાંઈ? ત્યારે ઓલા વિપાકમાં (કહે), સુબાહુકુમાર મિથ્યાદૃષ્ટિ હતો. મુનિઓ આવ્યા, સિંહાસનથી હેઠે ઉતરી ગયો. ...... આહાર આપ્યો, પરિત સંસાર થયો. અહો દાનં.. અહો દાનં. દેવે પ્રશંસા કરી લ્યો. એવી વાત આવે એમાં. હવે બિચારાને .... ક્યાં હતા? ભગવાનના કહેલા અગિયાર અંગ છે. દેવલોક ગયો, દેવ થયો. મિથ્યાદૃષ્ટિ દેનાર અને મુનિ ભલે એના માનેલા. અરે! આ માર્ગ વીતરાગનો મેલો થઈ જાય છે ભાઈ!

નિર્મળ વીતરાગમાર્ગ પરમાત્માનો... એવા સંતો સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ તે આ આર્તધ્યાનના પરિણામને છોડે છે એટલે પુણ્ય-પાપના ભાવને ત્યજે છે. એ ઉપરથી વિચાર આવ્યો સમજ્યાને. ઓલામાં નિત્ય વર્જે એટલે.... વજન ન આવ્યું. એ તો આત્માની વાત છે. એ **નિત્ય કેવળીમતસિદ્ધ..** એ તો આત્માની..... ઓલાની સાથે ફરી ગયું. **તેને નિત્ય કેવળીમતસિદ્ધ સામાયિકવ્રત છે.** ત્યાં સુધી લીધું. પાઠમાં એમ નથી. પાઠમાં તો **पुण्णं च पावं च भावं वज्जेदि णिच्चसो**.. સમજાણું કાંઈ? આહાહા! પોણી સોળ આની વીતરાગતામાં રાગ ઉત્પન્ન થાય તો કહે, સંસાર છે લ્યો. આવો વીતરાગમાર્ગ છે. એ જીવ **નિત્ય કેવળીમતસિદ્ધ (કેવળીઓના મતમાં નક્કી થયેલું) સામાયિક**... સામાયિકવ્રતની વ્યાખ્યા છે. ઓલું નિત્ય પુણ્ય-પાપ વર્જવાની વ્યાખ્યા નથી. સમજાણું કાંઈ?

એમાં હોંશ આવે પછી. એ ભાવ આવે છે, અશુભથી બચવામાં આવે એવું બહુમાન હોય, પણ હોય એની મર્યાદા આટલી છે. સમજાણું કાંઈ? ભરત ચક્રવર્તીનું આવે છેને. ભરત ચક્રવર્તી, છ ખંડના ધણી, સમકિતી, જ્ઞાની. આહાર ટાણે બહાર આવે. એને તો મોટા બંગલા હોય. બંગલામાં પહેલા સાધુ ન પેસે અંદર. બહાર નીકળીને દરવાજે ઊભા રહે ભરત ચક્રવર્તી. અહો! કોઈક મુનિ પધારે. ભાવ હોય છે, પણ એનું ફળ પુણ્ય છે. અહો! પાત્રદાન દીધા પછી હું આહાર કરું એવો એને ભાવ હોય. ભરત ચક્રવર્તી. ચક્રવર્તી એ ભવે દેહમુક્ત થવાના, ચરમ શરીરી. એના બહાર કરોડોના બંગલા હોય. એ બંગલાના દરવાજા બહુ છેટા હોય. મુનિ કાંઈ દરવાજામાં તિષ્ઠ.. તિષ્ઠ ન બોલે તો ગરે નહીં અંદર. અંદર ન ગરે મુનિ. નીકળતા હોય ને ત્યાં ઊભા હોય (અને કહે) તિષ્ઠ.. તિષ્ઠ..

... મોઢા આગળ મોટા બંગલા. અમે ગયા હતાને એક ફેરી જામનગર. એનો બંગલો એટલો બધો....... ઠેઠ સુધી રંગોળી કરી હતી. દરવાજા લાંબે હોયને. રાણી આવી હતી રાણી. આ છેને ગુલાબ બા. એ આવી હતી મોઢા આગળ. પધારો.. પધારો. આમ...... સહેજ વિકલ્પ આવ્યો હોય, આવ્યા, નીકળ્યા. આહાહા! .......... લેવા આવે તો આપે. એ ઘરે દેવા જાય? .....? એમ મુનિ ધ્યાનમાં છે, વિકલ્પ આવ્યો, આહાર લેવા નીકળે, એમાં કોઈ આવા નીકળે... .... તિષ્ઠ.. તિષ્ઠ.. આહાહા! ભગવાનનો માર્ગ તો જુઓ! પરદ્રવ્યના આશ્રયે ભાવ એટલો બધો શુભ છે કહે છે. દેવ-ગુરુ-શાસ્ત્ર હોં, ઓલા (કુ)દેવ નહીં. આહાહા! એને–સંતને અંદરમાં વીતરાગભાવની પ્રણાલિકા ધારા વહી છે એને સામાયિક કહેવામાં આવે છે.

**[હવે આ ૧૩૦મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ ત્રણ શ્લોક કહે છે :]**

**त्यक्त्वा सर्वं सुकृतदुरितं संसृतेर्मूलभूतं**
**नित्यानंदं व्रजति सहज शुद्धचैतन्यरूपम् ।**
**तस्मिन् सद्दग् विहरति सदा शुद्धजीवास्तिकाये**
**पश्चादुच्चैः त्रिभुवनजनैरर्चितः सन् जिनः स्यात् ॥ २१५ ॥**

........ આવે છેને.... **શ્લોકાર્થ : સમ્યગ્દૃષ્ટિ જીવ...** ધર્મી જીવ, જેને આત્માની દૃષ્ટિ પ્રગટ થઈ છે, આત્મા આનંદસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુનું જેને ભાન થઈને દૃષ્ટિ થઈ છે, એ **સંસારના મૂળભૂત સર્વ પુણ્યપાપને તજીને...** દેખો! એ તો સંસારના મૂળિયા ઉત્પન્ન કરનારા છે શુભ ને અશુભભાવ. સમજાણું કાંઈ? જેને સમ્યક્-ભાન છે એને આવા પ્રસંગમાં શુભભાવ આવ્યા વિના રહે નહીં. આવે એ જુદી વાત છે, એનો આદર, નિશ્ચયથી આદર નથી.

આમ તો નથી કહેતા મુનિ આવે ત્યારે? 'પધારો, તિષ્ઠ.. તિષ્ઠ' કહે છે એમાં શું આદર નથી? એ તો પરદ્રવ્યનો આદર નથી? 'આહાર શુદ્ધ, પાણી શુદ્ધ, મન શુદ્ધ, વચન શુદ્ધ, કાય શુદ્ધ.' એને માટે બનાવેલું હોય તો મન શુદ્ધ, વચન શુદ્ધ ક્યાંથી આવ્યું? એ જૂઠું બોલે છે. અને ઓલો લ્યે છે એ જૂઠા બોલનારને અનુમોદે છે. આહાર વહોરાવ્યા હશે કે નહીં તમે કોઈ દિ' બનાવીને? .... પંડિતો ભણાવવામાં રોકાઈ ગયા હોય ને વખત નહીં મળ્યો હોય એને. બધા....... આહાહા!

**સમ્યગ્દૃષ્ટિ** ધર્મી **જીવ સંસારના મૂળભૂત સર્વ પુણ્ય-પાપને તજીને નિત્યાનંદમય, સહજ, શુદ્ધચૈતન્યરૂપ જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે...** લ્યો. આને છોડે ને આને ગ્રહે એમ કહે છે. **નિત્યાનંદમય સહજ શુદ્ધ ચૈતન્યરૂપ જીવાસ્તિકાય...** પાછી ભાષા જોયું! અસંખ્ય પ્રદેશી પોતાનું અખંડ ક્ષેત્ર એને પ્રાપ્ત કરે છે. એને પ્રાપ્ત કરે એવી દશા એને સામાયિક કહેવામાં આવે છે, એને ધર્મ કહેવામાં આવે છે લ્યો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ-૩, ગુરુવાર, તા. ૨૩-૧૧-૧૯૭૨**
**શ્લોક-૨૧૫-૨૧૭, પ્રવચન નં. ૧૫૫**

૧૩૦મી ગાથા, એનો કળશ ૨૧૫. **સમ્યગ્દૃષ્ટિ જીવ...** આત્મા પૂર્ણ આનંદ ને પૂર્ણ જ્ઞાયકભાવસ્વરૂપ છે એવી અંતરમાં દૃષ્ટિ, વસ્તુના સ્વરૂપનો અનુભવ થઈને દૃષ્ટિ થઈ છે એને અહીંયા સમ્યગ્દૃષ્ટિ કહે છે. જેની દૃષ્ટિ મોહ, રાગ ને એક સમયની પર્યાયથી ઉઠીને અંતર જ્ઞાયક ત્રિકાળી શુદ્ધ ધ્રુવતત્ત્વ એમાં જેને અનુભવ ને દૃષ્ટિ થઈ છે એ જીવ **સંસારના મૂળભૂત સર્વ પુણ્યપાપને તજીને...** એ પુણ્ય-પાપ તો કર્મ છે, પણ એના કારણરૂપ જે શુભ-અશુભભાવ છે એને પણ તજીને... સામાયિક કહેવી છેને સામાયિક. એ સામાયિક મોક્ષનો માર્ગ છે. કહે છે કે **સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારના મૂળભૂત સર્વ પુણ્ય-પાપ...** સંસારનું તો એ મૂળિયું છે કહે છે. શુભ ને અશુભ ભાવ અને એનાથી બંધાયેલા પુણ્ય-પાપ કર્મ એ સંસારનું મૂળ છે.

**નિત્યાનંદમય...** ભગવાન આત્મા નિત્ય-આનંદ અતીન્દ્રિય આનંદમય સ્વરૂપ છે. એવો **સહજ, શુદ્ધચૈતન્યરૂપ...** એ આનંદ ને જ્ઞાન બે લઈને સ્વભાવિક આત્માનો નિત્ય આનંદ અને સ્વભાવિક શુદ્ધ જ્ઞાનમય આત્મા ચૈતન્યરૂપ—એવો **જીવાસ્તિકાય...** એવી જે જીવની અસ્તિ અને કાય. આત્માનો હોવાપણું અને અસંખ્યપ્રદેશનું કાયપણું એવા જીવને **પ્રાપ્ત કરે છે...** આહાહા! ભારે! પોતાનો ભગવાન નિત્યાનંદમય અને શુદ્ધ સહજ ચૈતન્યમય છે એવો શુદ્ધ જીવાસ્તિકાય... કેમકે એમાં અસ્તિકાય નાખ્યું. અસંખ્યપ્રદેશી જીવ સર્વજ્ઞ સિવાય બીજે હોતો નથી. એથી દૃષ્ટિમાં અસંખ્યપ્રદેશી ઘન, નિત્યાનંદ અને શુદ્ધ ચૈતન્યરૂપ એવા **જીવાસ્તિકાયને પ્રાપ્ત કરે છે...** આહાહા! એનું નામ સામાયિક છે.

શ્રોતા : જીવાસ્તિકાય તો અનાદિનો છે, તો શું કામનો?

પૂજ્ય ગુરુદેવશ્રી : પર્યાયમાં પામે છે. 'છે' એવી અહીં પ્રતીતમાં પામે છે. ત્યાં પ્રતીતમાં ક્યાં હતું? એ તો છે. શુદ્ધ જીવાસ્તિકાય નિત્યાનંદમય સહજ ચૈતન્યરૂપ એ તો છે, પણ અહીંયા આ બાજુ સંસારના કારણોને છોડી અને આને ભજે છે એવી જે પર્યાય... કહો, સમજાણું કાંઈ? આમ પ્રતીતમાં લીધા વિના જીવાસ્તિકાય અનાદિ છે એમ માન્યું કોણે? ન સમજાણું? આ નિત્યાનંદમય સહજ શુદ્ધ ચૈતન્યરૂપ જીવાસ્તિકાય છે એ તો અનાદિ છે, પણ એની સન્મુખ થઈને જ્યારે 'આ છે' એમ અનુભવમાં આવે છે ત્યારે તેને જીવાસ્તિકાય પ્રાપ્ત થાય એમ કહેવામાં આવે છે. ભારે કામ ભાઈ! લ્યો, આ સામાયિક આવી. મગનભાઈ! આ સામાયિક. આવી સામાયિક. સાંભળી પણ ન હોય સામાયિક. આહાહા!

**સમ્યગ્દૃષ્ટિ જીવ સંસારના મૂળભૂત સર્વ પુણ્ય-પાપના ભાવને તજીને...** એ તો નાસ્તિથી વાત કરી. પણ આ બાજુ નિત્યાનંદમય સહજ ચૈતન્યરૂપ જીવાસ્તિકાયને અંતરમાં

દૃષ્ટિમાં, જ્ઞાનની પર્યાયમાં આ જ્ઞેય છે એમ પામે છે. આ વસ્તુ છે એમ પોતાની દૃષ્ટિમાં– નિર્વિકલ્પ શ્રદ્ધામાં અને જ્ઞાનમાં–જ્ઞાનની પર્યાયમાં એને જ્ઞેય બનાવીને જે અહીં પામ્યો, એને અહીં 'જીવાસ્તિકાય પામે છે' એમ કહેવામાં આવ્યો. આમ જે અનાદિથી પુણ્ય ને પાપને પામતો, એ પર ઉપર દૃષ્ટિ હતી ત્યારે પુણ્ય-પાપના ભાવ વિકારીભાવ એને પામતો. એ તો મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? માર્ગ બાપા! દુર્લભ છે, પણ અશક્ય નથી. એને પ્રાપ્તિ પોતાથી થાય છે. એ બહારની કોઈ રીતથી, ક્રિયાકાંડથી મળે એવો એ આત્મા નથી.

અહીં તો, પુણ્ય ને પાપના ભાવનો આશ્રય ને રુચિ છોડી અને જેણે આત્મા પૂર્ણ નિત્યાનંદ સહજમૂર્તિ પ્રભુ એમાં જેણે દૃષ્ટિ નાખી છે, એને આત્મા પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું કાંઈ? ત્યાં સુધી કાલ આવ્યું હતું. **व्रजति** એટલે ગ્રહણ કરે છે, પ્રાપ્ત કરે છે. છેને? **व्रजति** એટલે અંગીકાર કરે છે, પ્રાપ્ત કરે છે. એ પ્રાપ્ત કરે છે. એના સામું જાય છે એનો અર્થ શું? કે પ્રાપ્ત કરે છે. આ વસ્તુ છે નિત્યાનંદ સહજ ચૈતન્યરૂપ જીવ જીવાસ્તિકાય. એકલો જીવ એમ નહીં, પણ અસ્તિકાય. છે અને અસંખ્યપ્રદેશી ક્ષેત્ર છે. અને સહજ નિત્યાનંદ ચૈતન્યરૂપ એવું જે જીવાસ્તિકાયનું તત્ત્વ, આ બાજુ (-વિકાર) તજીને આમ જાય એ પામે છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ?

માણસને આ ચીજ તો પોતે પડી છેને. ક્યાં ગઈ છે ક્યાંય? પડી જ છે. જેની નજરુંમાં વર્તમાન પર્યાયમાં રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ જ નજરે પડતા, ત્યારે આ નજરે પડતો નહીં. આહાહા! અને એ નજરું–એની દૃષ્ટિ જ્યાં પુણ્ય ને પાપના ભાવથી ખસી, એનું નામ તજી કહેવાય, એનું નામ પુણ્ય-પાપને ત્યજ્યા. ખસી અને જ્યાં જીવાસ્તિકાય સહજાનંદ ઉપર દૃષ્ટિ ગઈ ત્યારે અનુભવમાં આવ્યો કે આ આત્મા શુદ્ધ આનંદઘન ત્રિકાળી છે. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દૃષ્ટિની સામાયિક. એ સામાયિક કોને કહેવી ખબર ન મળે અને સામાયિકો કરી નાખી ... કેટલાએ. સમજાણું કાંઈ?

**શુદ્ધ જીવાસ્તિકાયમાં તે સદા વિહરે છે...** સમયસારમાં આવે છેને પાછળ. ધર્મીજીવ પુણ્ય ને પાપના પ્રેમથી છૂટી અને ત્રિકાળી સહજ ચૈતન્ય ને આનંદરૂપ પ્રભુ એમાં જેણે દૃષ્ટિ જોડી છે એને 'આ જીવાસ્તિકાય છે' એમ પ્રાપ્ત થયું અને એમાં એ વારંવાર વિચરે છે. **શુદ્ધ જીવાસ્તિકાયમાં તે સદા વિચરે છે...** આહાહા! એ તો જે દૃષ્ટિ અને સ્થિરતા સ્વભાવ સન્મુખ થઈ એ તો સદાય એમ ને એમ વર્તે છે. સમજાણું કાંઈ? માર્ગ આ.. તે સદાય.. સદાય વિચરે છે. અને જ્યારે અંદરો-અંદર સહજ નિત્યાનંદ ચૈતન્યરૂપ જીવાસ્તિકાયમાં... પહેલી જીવાસ્તિકાયને પ્રાપ્ત કરી એમ કહે છે, પછી એમાં વિચરે છે સ્વભાવમાં, એમ. એ વસ્તુને દૃષ્ટિમાં, જ્ઞાનમાં પ્રાપ્ત કરીને પછી એમાં વારંવાર વિચરે છે, એ ચારિત્ર થયું. આહાહા!

**અને પછી** એ જીવ **ત્રિભુવનજનોથી અત્યંત પૂજાતો એવો જિન થાય છે.** જે પોતાના આત્મામાં વીતરાગભાવે જ્યાં એકાગ્ર થયો છે અને એમાંથી સ્થિરતા જેણે પ્રગટ કરી, એ **ત્રિભુવનજનોથી (ત્રણ લોકના જનોથી) અત્યંત પૂજાતો એવો જિન થાય છે**. જેને પૂજ્ય એવો ભગવાન આત્મા અનુભવમાં, સ્થિરતામાં આવ્યો, એને જગતના જીવો–ત્રિભુવનના જન એને–જિન થયેલાને પૂજે છે. કહો, સમજાણું કાંઈ? પુણ્યથી સ્વર્ગ ગયેલા ને શેઠાઈમાં આવેલા એને ત્રિભુવનજન આદરતા નથી એમ કહે છે. અહીં તો ત્રિભુવનજન કહ્યા (એટલે) ત્રણ જગતમાં રહેનારા. બધા આત્માઓ એમ માને એને? અહીં તો ત્રિભુવનજન કહ્યા. (એનો અર્થ કે) જે જે મુખ્ય માણસો છે તેને ત્રિભુવનજનમાં મુખ્ય ગણીને, એની સાથે બીજા પણ ગણી લીધા. સમજાણું કાંઈ?

જિનને પૂજનારા બધા જીવ છે? અહીં તો કીધું 'ત્રિભુવનજનોથી પૂજિત.' એને ઓળખનારા મહાપુરુષો–ઉત્તમ પુરુષો જે છે એ પૂજે છે (એટલે) ત્રિભુવનજનમાં એ જ આવ્યા. બીજા સાધારણ રખડાઉ, આહાહા! એની ગણતરી જ નથી. એની શું ગણતરી હોય? આહાહા! સમજાણું કાંઈ? ત્રણ ભુવનમાં—ઉર્ધ્વ, મધ્ય ને અધો એમાં—જે મુખ્ય-મુખ્ય–પ્રધાન પુરુષો દેવો કે આદમીઓ આદિ, એને પૂજવાયોગ્ય જાણ્યો છે એ એને પૂજે છે, એમ કહે છે. પણ એ પૂજવાયોગ્ય જાણ્યો છે એવા મહાપુરુષો ત્રણ ભુવનમાં એ જ મુખ્ય હતા. સમજાણું કાંઈ? આહાહા! ભગવાનને બધા પૂજતા હોય તો તો બધાનો મોક્ષ થઈ જાય. વાસ્તવિક રીતે પૂજે તો, ક્રમે-ક્રમે જેને સમ્યગ્દૃષ્ટિ થઈ છે એ એને યથાર્થ પૂજે છે. અજ્ઞાની એને પૂજી શકતા નથી. અહીં તો કહે છે, જે મુખ્ય પુરુષો છે એને અહીંયા ગણવામાં આવે છે. આહાહા!

ઘરમાં પણ સાધારણ છોકરા ને છોડીયું હોય એ ગણતરીમાં આવે? એ તો બિચારા પડ્યા જ છે કહે છે. એમ જેને ભાન નથી, શુદ્ધ જીવાસ્તિકાયતત્ત્વ જેને પૂર્ણ પ્રાપ્ત થયું એવા જિન કોણ છે એની જેને જગતમાં ખબર નથી, એ માણસોને અહીં ગણવામાં આવ્યા નથી. સમજાણું કાંઈ? **એવો જિન થાય છે**. વીતરાગમૂર્તિ સર્વજ્ઞ થાય છે એ. નિત્યાનંદ સહજ ચૈતન્યરૂપ શુદ્ધ જીવાસ્તિકાય એને જેણે પકડી, પ્રાપ્ત કરીને ઠર્યો છે અંદર, એ વીતરાગ કેવળી થાય છે. કહો, સમજાણું? કેવળી થવાનો ઉપાય આ છે એમ પણ સાથે બતાવ્યું. અરિહંત થવાનો આ ઉપાય છે. અરિહંત થવાનો (ઉપાય) કોઈ અપવાસ કરવા ને આ વ્રત પાળવા (એ નથી), એ તો બધી વિકલ્પની–રાગની ક્રિયાઓ છે. એ અરિહંત(પણાની) પ્રાપ્તિની ક્રિયા નથી. ભારે કામ ભાઈ! લાગે. કળશ ૨૧૫ (થયો). ૨૧૬.

**स्वतःसिद्धं ज्ञानं दुरघसुकृतारण्यदहनं**
**महामोहध्वान्तप्रबलतरतेजोमयमिदम् ।**
**विनिर्मुक्तेर्मूलं निरुपधिमहानंदसुखजं**
**यजाम्येतन्नित्यं भवपरिभवध्वंसनिपुणम् ।।२१६।।**

આહાહા! ભગવાન આત્મા અંદર આનંદના પૂરથી ભરેલું તત્ત્વ છે. એવા આનંદ ને જ્ઞાન(સ્વરૂપ) સ્વતઃસિદ્ધ વસ્તુ છે એમ કહે છે. **શ્લોકાર્થ : આ સ્વતઃસિદ્ધ જ્ઞાન** ને આનંદ અંદર છે. એ કોઈથી બનેલું નથી, નવું થયું નથી, કોઈ એનો રચનાર નથી. એવો જે ભગવાન આત્માનું જ્ઞાન, જ્ઞાન કહો કે આત્મા કહો, આનંદ કહો. એ **સ્વતઃસિદ્ધ જ્ઞાન પાપપુણ્યરૂપી...** ઓલું અઘ હતુંને એ પાપ અને સુકૃત એટલે પુણ્ય. પાપ ને પુણ્યરૂપી **વનને બાળનારો** આહાહા! **અગ્નિ છે...** સ્વતઃ–પોતાથી છે એવો જે આત્મા જ્ઞાન ને આનંદસ્વરૂપ, એ શુભ ને અશુભભાવ એને બાળનારો અગ્નિ છે. પાઠમાં એ છેને એટલે એ લીધું જરા. **जो दु पुण्णं च पावं**.. વ્રત-અવ્રતના વિકલ્પો અને હિંસા, જૂઠું, ચોરી, વિષયની વાસનાના વિકલ્પ એને બાળનારો ભગવાન આ અગ્નિ છે.

**મહા-મોહાંધકારનાશક...** મહામોહ–મહામિથ્યાત્વરૂપી અંધકાર એનો નાશ કરનાર **અતિપ્રબળ તેજમય છે...** જ્ઞાનના તેજથી ભરેલો ભગવાન એ ચૈતન્યના તેજે મહા-અંધકાર મિથ્યાત્વનો નાશ કરનાર છે. સમજાણું કાંઈ? એ વિકારનો નાશ... ઓલા એમ કહે છે કે પાપનો નાશ કરવા પુણ્ય (કરવા એ) તો ઠીક, પણ પુણ્યનો પુણ્ય નાશ કરશે. કાંટે કાંટો કાઢી કાંટો નીકળી જશે. કાંટો વાગ્યો હોયને કાંટો. (બીજા) કાંટાથી (ઊંચું કરીને) પછી કાઢી નાખે. કઠણ કાંટો હોય. ગોરડના કઠણ કાંટા છે અહીં. અહીં છે એ ગોરડ કાંટા છે બધા. બહુ કઠણ. પણ એ વાત જ ખોટી છે. એ હાથના જોરે કાંટે કાંટો નીકળે છે, કાંટાથી નહીં. કાંટે કાંટો નીકળે, પણ હાથનું જોર છે એમાં. એમ આત્માના આનંદનું બળ છે જેમાં, એના બળ વડે પુણ્ય ને પાપનો નાશ થાય છે. સમજાણું કાંઈ?

અરે! ઘણા વર્ષોથી એમ કહેતા હોય ને આમાંય લખ્યું છે, કાંટે કાંટો નીકળે. વળી કહે છે કે પુણ્ય છોડવું જોઈએ નહીં. એ તો પછી સહેજે છૂટી જાય. સમજાણું કાંઈ? એમ કહે છે. ગામમાં પચાસ હજારનું દેણું હોય ને (ગામ છોડીને) જાતો હોય તો લેણાવાળો પકડે કે ઊભો રહે, દેતો જા. પણ ગામમાં એનું લેણું હોય પચાસ હજારનું અને ગામ બદલાવવું હોય તો લેણાવાળા આવતા હશે? એલા! લેતો જા, પછી જાજે અહીંથી. એમ દાખલો આપે છે. એમ પાપ કર્યા હોય એને માટે જરી કહે છે, પુણ્ય તો વળાવો છે, સથવારો છે, સથવારો સાથી. એ તો એણે પુણ્ય કર્યા હોય, ગામમાં ધીર્યા હોય લાખનું ને ગામ બદલાવવું હોય તો માણસો આમ કહેતા હશે કે નહીં બદલાવો હમણાં? જ્યાં સુધી અમે પુરું નહીં દઈએ ત્યાં સુધી નહીં જાઓ—એમ કહે? .,.ભાઈ!

શ્રોતા : એમ પુણ્ય કર્યા હોય એને કહે કે શુદ્ધપણે પરિણમાવો એને...?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ પુણ્યફળવાળો એમ કહે છે કે એ પુણ્ય જ પોતાને આગળ લઈ જાય છે—એમ કહે છે. અહીં કહે છે કે પુણ્ય હોય એને નાશ કરનારું આત્માનું બળ છે. નાશ

કરે ત્યારે આગળ વધે છે. સમજાણું કાંઈ? સમાધાન કરવું... એય પંડિતજી! આ પંડિત રહ્યા આપણે અહીં. પોણી સોળ આની અહીં રાખો, સવા સોળ આની ત્યાં કરો—એમ કરીને કાંઈક સમાધાન કહે છે ઓલા. વસ્તુસ્થિતિ જ આવી છે ત્યાં કોનું સમાધાન? આહાહા! ભગવાન પૂર્ણાનંદનો નાથ જેનો આશ્રય લેતાં પુણ્ય-પાપ નાશ થાય. બીજી કોઈ રીત ને કળા ત્રણ કાળમાં છે નહીં. બીજી રીત જ નથી, પછી રીત હોય એ રીતે થાયને? સમજાય છે કાંઈ?

કડાયામાં ઘી ને ગોળને નાખીને શીરો થાય. અગ્નિમાં હેઠે નાખીને થાતા હશે? અગ્નિ પકવે છે ખરુંને એને? ત્યારે કડાયામાં નાખવા કરતાં નાખો અગ્નિમાં ઘી ને લોટ. આહાહા! એમ રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ તો (કષાય) અગ્નિ છે. એને બાળનારો અગ્નિ આ છે, કહે છે. એ ભગવાન.... આત્માની શાંતિને બાળનાર છે એ તો. સમજાણું કાંઈ? એવી વાતો લોકોને અંદર ઉતરવા ગરજ (જોઈએ). ગરજ હોય તો ઉતરે હોં. ગરજુ થઈને સાંભળે તો એને સમજાય. એ તો પછી દાખલા આપે છેને. રેચ લે ત્યારે એને એરંડિયું નીકળી જાય. એમ કહે કે પુણ્યેય નીકળી જાય. પુણ્ય કરતાં કરતાં પાપેય નીકળી જાય ને પુણ્યેય નીકળી જાય. ખોટેખોટા ગપ્પ માર્યા છે.

આ સ્વતઃસિદ્ધ ભગવાન આત્મા... જ્ઞાન થઈ ગયું એ બતાવ્યું–જણાવ્યું. સ્વરૂપ ભગવાન નિત્યાનંદ એવો સ્વતઃસિદ્ધ જીવ, એ જ શુભ-અશુભ અરણ્યરૂપી વન એને બાળનારો અગ્નિ છે અને તે તેજ છે. આહાહા! એ તેજીલો છે, તેજમય છે કહે છે. આહાહા! **મહામોહાંધકાર નાશક**... મહામિથ્યાત્વનું અજ્ઞાન—પુણ્યને ધર્મ માનવો (એવું) મહામિથ્યાત્વરૂપી અંધકાર, એનો અતિ પ્રબળ તેજમય નાશક છે. તેજમય છે એ તો. ચૈતન્યના તેજથી દીપતો ચૈતન્યસૂર્ય છે. આહાહા! એ **વિમુક્તિનું મૂળ છે...** વિશેષે મુક્તદશા એટલે પરમાત્મ સિદ્ધદશા એનું મૂળ એ આત્મા છે. પુણ્ય-પાપ સંસારનું મૂળ છે. શુભ ને અશુભભાવ એ સંસારમાં રખડવાનું મૂળ છે. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ વિમુક્તિનું મૂળ છે. સિદ્ધ થવાની દશાનું મૂળિયું એ ભગવાન આત્મા છે. આહાહા!

કળશો પણ કર્યા છે ને! અમૃતથી ભરીને કળશા કર્યા છે. તરસ લાગી હોય ને પછી પીવેનો ગટ.. ગટ.. ગટ. આહાહા! **વિમુક્તિનું મૂળ છે**... કોણ? એ આત્મા. આ જ્ઞાન કીધું છે, પણ આત્મા (લેવો). જ્ઞાન એ જ આત્મા. જ્ઞાન એ જ આત્મા. બીજી ચીજ શું આત્મા? એની સાથે અનંતા ગુણો ભલે હોય, પણ એની–જ્ઞાનની પ્રધાનતા ગણીને જ્ઞાન તે જ આત્મા. એવો જે 'જ્ઞાન તે આત્મા' મુક્તિનું મૂળિયું છે. મુક્તિનું મૂળ તો એ છે. કહો, સમજાણું કાંઈ? આંબાનો દાખલો આપ્યો છેને તત્ત્વજ્ઞાન તરંગિણીમાં. પોપટ છે એ ઉપરથી કેરી ખાય અને કીડીયું છે એના મૂળને પકડીને જાય (અને) ખાય એ કેરી. ઓલા મૂળને પકડીને કીડી ચાલે. એમ ઉગ્ર પુરુષાર્થથી એકદમ આનંદના ફળને ભોગવે, સિદ્ધના પદને. પણ મંદ પુરુષાર્થી

કીડીની પેઠે (પામે), પણ મૂળને પકડ્યું હોય તો હળવે-હળવે સ્થિર થઈને વિમુક્તિને પામે. સમજાણું કાંઈ? મૂળિયું, એ મૂળિયું પકડ્યું હોય તો.

મૂળ હોય આંબાનું અહીં અને પકડે કોઈક આંકડાના મૂળને. આકોલિયા થાય છેને, એ કેરી જેવા હોય છે લીલા. લીલા હોય છે, કેરી જેવા આકોલિયા. આહાહા! એમ ભગવાન આત્મા મુક્તિનું મૂળ છે ત્યાં સિંચન કરવું જોઈએ. શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિને ત્યાં રોકવી જોઈએ. પુણ્ય-પાપ જોડે છે એ સંસારનું મૂળ છે. એની રુચિને પોષવાથી સંસાર ફળશે. દેવ હો કે સ્વર્ગ હો કે નર્ક હો—બધા દુઃખના ભવ છે. આહાહા! આનંદ ત્યાં આત્માનો નથી. આનંદ તો મુક્તિમાં છે. આ તો દુઃખ છે ચારે ગતિનું. કહે છે કે એ જ્ઞાન એટલે આત્મા વિમુક્તિનું મૂળ છે.

**અને નિરુપધિ–છેતરપીંડી** વિનાનો સ્વભાવ છે કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **સાચા, વાસ્તવિક મહા આનંદસુખનું દાયક છે**. કોણ? જ્ઞાન. જ્ઞાન એટલે આત્મા. ભગવાન આત્મદ્રવ્ય નિરુપાધિ એનો આશ્રય લઈને છેતરાશે નહીં કહે છે. પુણ્ય-પાપનો આશ્રય લેવા જશે તો છેતરાઈ જશે. સમજાણું કાંઈ? કાંઈક કરીએ છીએ, આપણે કંઈક કરીએ છીએ, એમ કરતાં-કરતાં થશે—એ છેતરપીંડી છે. ભવ પૂરો થશે અને જાઈશ નિગોદ ને નરક. આહાહા! સમજાણું કાંઈ? ભગવાન આત્મા છેતરપીંડી વિનાનો છે, એનો આશ્રય લીધો એને મુક્તિ થાય, થાય ને થાય. આહાહા! આરે, આવી વાતું પણ સાંભળવા મળે નહીં એણે શું કરવું? એ બિચારા રાડું પાડે, વિરોધ.. વિરોધ. કોની સાથે વિરોધ કરે છે? ભગવાન! તારી સાથે વિરોધ તને, આ શું? આહાહા!

પૂર્ણાનંદનો નાથ સહજાનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે. એનાથી લાભ ન માનતાં દયા, દાન, વ્રતના વિકલ્પથી લાભ માનવો એ તો તારા ભગવાનનો તેં વિરોધ કર્યો. સમજાણું કાંઈ? તને ખબર નથી. ઓલા સાધુ નામ ધરાવનાર (કહે), દયા, દાન ને વ્રતના પરિણામ એ શુભ છે, એનાથી ધર્મ ને મુક્તિ થાય. એ ચૈતન્યના વિરોધીઓ આત્માનો વિરોધ કરે છે. સમજાણું કાંઈ? આહાહા! એય ગિરધરભાઈ! 'કાર્યકર્તા' એમ શબ્દ આવ્યો છેને એટલે એનું મગજમાં આવ્યું. કાર્યકર્તા એટલે કર્તાનું કાર્ય. શાસ્ત્રમાં ના પાડે છે કે પરનું કાંઈ આત્માથી ન થાય, એમ કહે છે. સમજાણું કાંઈ?

કાર્યકર્તા, પણ શેના કાર્યકર્તા? ધૂળમાંય કરી શકતો નથી. કોણ કરે? અભિમાને માને કે અમે દેશના કામ કરીએ. ઓલા ઓશિયાળા માણસને (એમ થાય કે) અમને આ કરી દે તો અમારે વગર કર્યે ઠીક સગવડતા આવે, એમ. એક તો ભિખારા, ઓશિયાળા, કોઈ બીજા કરી દે આપણને કરવું ન પડે. આ બધા કાર્યકર્તાઓ બધાને–જગતને.... ધૂળેય કરે નહીં, શું કરે? મિથ્યાત્વ કરે, અજ્ઞાન. આહાહા! કાર્યકર્તા તો ભગવાન આત્મા આનંદના કાર્યનો કર્તા છે. કહો, સમજાણું કાંઈ? વસ્તુ આવી છે. જગતને ન બેસે એથી કાંઈ વસ્તુ ફરી જાય છે? આહાહા! પણ

અભ્યાસ નથી. એમ ને એમ જગતના દોરડા ખેંચી-ખેંચીને જીંદગીયું પૂરું કરે છે. રળવું, ભોગ, વાસના ને નોકરી, આ રખડ્યારખડ બિચારા. અને એમાં આવી વાત આવે (તો થાય કે) આ શું કહે છે? એ કહે છે, પ્રભુ! તને સુખ કેમ થાય એની વાત છે આ. સમજાણું કાંઈ? આહાહા!

શું કહે છે? જુઓને! **નિરુપધિ**... ભગવાન પૂર્ણાનંદનો નાથ જેણે પકડ્યો એની છેતરપીંડી નહીં થાય હવે. અનંતકાળથી છેતરપીંડી કરી છે માળે. પોતાને છેતરે. બીજો કોણ એને છેતરે? બીજાને કોણ છેતરી શકે છે? એવા વ્રત, દયા, દાનના પરિણામ કરી અને મને ધર્મ થાશે. છેતરી નાખ્યો આત્માને. રાગ છે એ તો પુણ્ય છે, એ તો સંસારનું મૂળિયું છે. એનાથી મુક્તિ પાકશે. છેતરાઈ ગયો, આત્માને છેતરી નાખ્યો એણે. સમજાણું કાંઈ? પછી મોટા અબજોપતિ હોય કે મોટા આચાર્ય ભગવંત નામ ધરાવતા હોય, રાગની ક્રિયા, રાગ સંસારનું મૂળિયું છે એને મુક્તિનું મૂળિયું કહે, એ છેતરપીંડી કરનારા છે બધા, આત્માનો ઘાત કરનારા છે. આત્માની સ્થિતિનું જે સ્વરૂપ છે એનો અનાદર કરનારા છે. સમજાણું કાંઈ? એ ચેતનજી! આ તો આકરું લાગે માણસને. આકરું લાગે, પણ વસ્તુ તો આ છે. આહાહા!

નિરુપધિ.. નિર-ઉપધિ–સાચું, વાસ્તવિક **મહા આનંદસુખનું દાયક છે.** ભગવાન આત્મા તો મહા આનંદ ને શાંતિનો દેનારો આત્મા છે. એનો આશ્રય લે, પ્રાપ્ત કરે તો મહા આનંદનો દેનાર છે. પુણ્ય-પાપનો આશ્રય ને પુણ્ય-પાપ તો મહા દુઃખદાયક છે. આહાહા! જરી સગવડતા પુણ્યને લઈને હોય, પાંચ-પચ્ચીસ લાખ મળતા હોય, શરીર નમણું હોય, બાયડી ઠીક હોય, છોકરા કહ્યાગરા હોય. આવું હોય કોઈકને. સેઠીયાને છેને જુઓને. દીપચંદ સેઠિયાને છે. શરીર, પૈસા ને આબરૂ ઘણું છે. એ તો બિચારા કહેતા હતા... પણ એથી શું? એમાં ક્યાં ધૂળમાં સુખ હતું? સમજાણું કાંઈ? આ દીપચંદજી સેઠીયા છેને, સરદાર શહેર. શરીર હવે (નબળું) થયું. તે દિ' આમ કછોટો વાળીને આવતા સાંભળવા. હવે શરીર મોળું પડ્યું.

તે દિ' એ પોતે કહેતા, બહાર .... તે દિ'. જે કોઈ ચક્રવર્તીની સગવડતા કહે છે એ માંહ્યલી અંશે સગડતા મારે દેખાય છે. એય! છોકરાઓ પણ એવા. અરે! વહુરુ કોઈકની જણેલી એ પણ અહીંયા આવે તો બીજી જીતની–અનુકૂળ થઈ જાય. અરે બાપુજી! એમ કહે. ઓલા તેરાપંથીની દીકરી આવેને. સરદાર શહેર, આ તો સ્થાનકવાસી હતા, હવે તો દિગંબર. તેરાપંથીની દીકરીયું આવે, તેરાપંથી સ્થાનકવાસી. પરની દયા પાળવો, બચાવવાનો ભાવ એ પાપ (એવી માન્યતા) છેને. એની દીકરીયું આવે, અહીં જ્યાં આવે ત્યાં કહે, આહાહા! બાપુજી! ધન્ય! અમને આ ઘર મળ્યું. એમ બોલે. અહીંયા લાવ્યા હતા, બે-ત્રણ વહુ લાવ્યા હતા. એ ગૃહસ્થની દીકરીયું હોય, આ પણ ગૃહસ્થ.

૬૦ લાખ રૂપિયા ચાલીસ વર્ષ પહેલા એનો મામો આપતા હતા, ન લીધા. સાઈઠ લાખ, એ વખતના સાઈઠ લાખ એટલે? તમારે અત્યારના પચ્ચીસગણો ભાવ થઈ ગયો છે.

જુઓને! કેટલો ...? ચાંદીનો કેટલો ભાવ? પંદરસોનું સો તોલા હતું ત્યારે. અત્યારે ઘણો ભાવ થઈ ગયો. કેટલો હશે? ઓહોહો! એ વખતે સો તોલાના પંદરસો અને સોનું પચ્ચીસ રૂપિયાનો તોલો. ૨૪ રૂપિયાનો તોલો હતો. બાર રૂપિયાના ગદિયાળું. પૈસાની કિંમત અત્યારે ઘટી ગઈ છે. પહેલાના એક લાખ, અત્યારના પચ્ચીસ લાખ બધા સરખા. એ વખતે સાંઈઠ લાખ એનો મામો એને–સેઠીયાને આપતો હતો, ચાલીસ વર્ષ પહેલા હોં. મામા! હું શું કરું? પૈસાનું શું કરું? મારી પાસે બે-ત્રણ લાખ છે. તે દિ' બે-ત્રણ હતા, હવે તો વધી ગયા. મને કાંઈ રુચતું નથી. કહો, પૈસાનું સુખ હશે? પૈસાનું દુઃખ હશે? એ પૈસા મને સુખ કરે એવી માન્યતા દુઃખ છે. પૈસા તો જડ છે, એ તો પરવસ્તુ છે, એની સાથે શું સંબંધ છે?

આ તો મહા આનંદસુખનું દાયક આત્મા. આહાહા! એમ કહીને, આ પુણ્ય-પાપનો ભાવ એ સંસારના દુઃખનું દાયક છે. **ભવભવનો ધ્વંસ કરવામાં નિપુણ...** આહાહા! ભવભવનો... પુણ્ય-પાપના ભાવ એ ભવ છે. એ ભવમૂળનો ધ્વંસ કરવામાં નિપુણ **એવા આ જ્ઞાનને...** એવો આ ભગવાન આત્મા પૂર્ણ આનંદ ને જ્ઞાન એને **હું નિત્ય પૂજું છું.** મુનિરાજ કહે છે કે હું તો આને પૂજું છું, મારા આત્માને પૂજું છું. આહાહા! કહો, સમજાણું કાંઈ? આ ત્રિલોકનાથ તીર્થંકરને પૂજવાનો ભાવ એ રાગ ને પુણ્ય છે. હોય છે, ભાવ આવે છે, પણ છે એ પુણ્ય. એની મર્યાદા બંધ કરનારા છે.

ભગવાન આત્મા એવો જે જ્ઞાનનો પૂંજ પ્રભુ, જ્ઞાનનો ઢગલો એવો તે આત્મા એને હું નિત્ય પૂજું છું. ઓલો 'જ્ઞાનમાં નિત્ય વર્તું છું' આવ્યું હતુંને, તો અહીં 'નિત્ય પૂજું છું' આવ્યું. આ નિત્ય વર્તું છું તો આ નિત્ય પૂજું છું. અહીં નિત્ય પૂજું છું આવ્યું, પણ 'વર્તુ'માં નિત્ય શબ્દ ન આવ્યો. સમજાણું કાંઈ? આરે, આવો ધર્મ કેવો આકરો? કઈ જાતનો હશે આ ધર્મ? કેમ ...ભાઈ? સાંભળ્યું હતું આવું પહેલું ક્યાંય? ઇચ્છામિ પડિકમણું ઇરિયાવહીયાએ વિરાહણએ ગમણાગમણે તસ્સ ઉત્તરી-કરણેણં પાયચ્છિત કરણેણં, કાયોત્સર્ગ, જાઓ, થઈ ગયું સામાયિક. આહાહા! ક્યાં કાંઈ ભાન ન મળે કે કોને કહેવી સામાયિક. આ સામાયિકની વ્યાખ્યા ચાલે છે.

સામાયિક તો એને કહીએ કે પૂર્ણાનંદનો નાથ સહજાનંદની મૂર્તિ પ્રભુ એને શ્રદ્ધામાં પ્રાપ્ત કરીને અંદરમાં ઠરવું, નિર્વિકલ્પ વીતરાગ પરિણતિએ ઠરવું એનું નામ સામાયિક છે. જૈનશાસનમાં એને સામાયિક કીધી છે. અજ્ઞાનીઓ કંઈને કંઈ માને છે. એનો ધ્વંસ કરવામાં નિપુણ છે એ તો ભગવાન, કહે છે. એનો સ્વભાવ જ્ઞાન છે, એ જ્ઞાનસ્વભાવ સંસારના ભવભવના ભાવને નાશ કરવાને સમર્થ છે, નિપુણ છે. એમાં એ ડાહ્યો–નિપુણ છે કહે છે. ભવભ્રમણને નાશ કરવામાં એ નિપુણ છે. ભવભ્રમણને વધારવા માટે એ નિપુણ નથી. આહાહા! આમ ગુંલાટ ખાઈને વાત કરે છે કે પુણ્ય ને પાપ એ ભવભવને વધારવામાં નિપુણ છે, પુણ્ય ને પાપ. ભગવાન ભવભવના નાશમાં નિપુણ, નાશમાં નિપુણ છે. આહાહા! ૨૧૬ (શ્લોક) થયો. ૨૧૭.

**अयं जीवो जीवत्यघकुलवशात् संसृतिवधू-**
**धवत्वं संप्राप्य स्मरजितसौख्यकुलमतिः।**
**क्वचिद् भव्यत्वेन व्रजति तरसा निर्वृतिसुखं**
**तदेकं संत्यक्त्वा पुनरपि स सिद्धो न चलति॥२१७॥**

પોતાનું સ્વરૂપ છોડીને પાછા નથી પડતા. આહાહા! અરે! એની જાતને સાંભળવાય નવરો ન થયો. એના સ્વરૂપમાં શું છે, એની જાત શું છે, એને સમજવામાં તો નવરો ન થયો, પણ સાંભળવાય નવરો ન થયો. વખત નથી હમણાં. દુનિયાના પાપ, આખો દિ' રળવા. રળી રળીને રડવા. રોનારા છે બધા બિચારા. સમજાણું કાંઈ? અરે! તું કોણ છો? ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર અરિહંત પરમાત્મા એની-આત્માની વાત કરે છે. પણ આપણે હમણા નહીં.. હમણા નહીં. હમણા તો રળો. એક જણો કહેતો હતો ઓલો. નરોત્તમનો દીકરો છેને તમારો શાંતિલાલ. આવ્યો હતોને હમણા અડધો દિ', એ કહેતો હતો એક ફેરી. હમણાં તો પૈસાની રેલ ચાલે છે, માટે રળવા દો. આરે, આ ગાંડા તો પણ કાંઈ?

રેલ ચાલે છે તે પુણ્ય વિના મળતું હશે? ધ્યાન રાખીને વેપાર કરે તો મળતા હશે-એમ હશે? ઘણા બુદ્ધિના ખાં હોય ને બિચારાને મહિને હજાર રૂપિયા મળવા મુશ્કેલ પડે અને બુદ્ધિના બારદાન હોય પાંચ લાખ પેદા કરે મહિને. બારદાન સમજાણું? કોથળા. એની સાથે શું સંબંધ છે? અને હોય તો એમાં આત્માને શું? આહાહા! અરે ભગવાન! તારી વાતેય સાંભળવા તું નવરો ન થયો. તારામાં શું ચીજ છે, તું કેવડો મોટો છો, તારી ચીજ ક્યાં છે અને એનો આશ્રય લેતા શું થાય—એવી વાતેય ન સાંભળી તેં. વિકથાઓ કરી, જાઓ.... સંસારની વિકથા તો છે, પણ ધર્મને નામે પણ દયા, દાન વ્રતના પરિણામથી મુક્તિ ને ધર્મ થાય એ બધી વિકથાઓ છે, પાપકથાઓ છે. આહાહા!

**શ્લોકાર્થ : આ જીવ અઘસમૂહના વશે...** અઘ નામ પુણ્ય ને પાપના કર્મના વશે **સંસૃતિવધૂનું પતિપણું...** આહાહા! જુઓ! સંસારરૂપી સ્ત્રીનું પતિપણું પામીને... આહાહા! કહે છે કે ભગવાન આત્મા, અઘસમૂહ—એ પુણ્ય ને પાપના ભાવ ને પુણ્ય-પાપનું કર્મ એને વશે-એને તાબે થયેલો છે અનાદિથી. થઈને શું થયું? **સંસૃતિવધૂ**-સંસારના પરિભ્રમણરૂપી સ્ત્રી. ચોર્યાસી લાખના અવતારના પરિભ્રમણરૂપી સ્ત્રી એનો પતિ થયો એ. આહાહા! સમજાણું કાંઈ? અનાદિ અજ્ઞાની મૂઢ જીવ... સહજાત્મસ્વરૂપ પોતાનો પતિ થવો જોઈએ, સ્વસ્વામીસંબંધનો ધણી થવો જોઈએ અંદર, એને ઠેકાણે કહે છે કે... આહાહા! મુનિરાજે પણ વર્ણવ્યો છેને એને!

ભગવાન આત્મા પોતાનો સહજાનંદસ્વભાવ, સર્વજ્ઞ પરમેશ્વરે પૂર્ણ પ્રાપ્ત કર્યો એવો તું છો. આહાહા! અરિહંત ભગવાને અનંત જ્ઞાન ને આનંદ પ્રાપ્ત કર્યું એ ક્યાંથી આવ્યું? અંદરમાં છે. એ તારામાંય છે. આહાહા! 'આ છે' એની ખબરું વિના પુણ્ય ને પાપ છે એનો આશ્રય લઈને... આહાહા! એને છે એ આ છે, આ નહીં. સમજાણું કાંઈ? આવો પરમાત્મા સહજાનંદની

મૂર્તિ પ્રભુ, એ 'છે'.. 'છે' એને છોડીને અને એનામાં નથી એવા પુણ્ય-પાપને આદરીને, આહાહા! એ એને વશ થઈ ગયો છે. એ શુભ ને અશુભ પરિણામ–ભાવકર્મ એને વશ થયેલો સંસૃતિવધૂ (એટલે) આ સંસારની વિકારી પરિણતિ–ભવના ભાવ, એ સંસૃતિસ્ત્રીનો એ પતિ થયો, એનો માલિક થયો. આહાહા! એ રખડવાના ભાવનો માલિક થયો કહે છે. રખડાઉ પોતાની જાતને ભૂલી ગયો. સમજાણું કાંઈ?

ઓલાને જરી કીધું હતું, રખડાઉ છે, બારે મહિના રખડે. હવે આવી ગયો છે. શું કહેવાય? રાજેન્દ્ર. રાજેન્દ્ર આવ્યો હતોને આ પ્રેમચંદભાઈનો દીકરો. રખડાઉ તરીકે આ બધી વાતું કરે છે માળા! ભણ્યો હશે શું, મોટી ડિગ્રી છે ડોક્ટરની. એમ.ડી. એમ. ડી. હશે મોટા પૂંછડા. છોકરાઓનો (ડોક્ટર) છે, સુરતમાં જાય છે, નડિયાદ જાય છે. પૈસા પેદા થતા હોય બે-ચાર. એમાં શું, ધૂળમાંય કાંઈ ન મળે. આહાહા! અહીં ઓલા પુણ્ય-પાપના ત્યાગનું આવ્યુંને એટલે મુનિરાજે એમાંથી એ સવળો ભાવ અને સવળાથી અવળો ભાવ—બેયના વખાણ કર્યા. વખાણ કર્યા એટલે વર્ણવ્યું, એમ. આહાહા!

**આ જીવ અઘસમૂહને વશે**... અર્થમાં લખ્યુંને. **(અર્થાત્ શુભાશુભ કર્મોના વશે સંસારરૂપી સ્ત્રીનો પતિ બનીને)...** આહાહા! રખડવાના ભાવનો ધણી થઈને... પુણ્ય ને પાપના ભાવ જે રખડવાના ભાવ છે. આહાહા! આવું સાંભળવુંય મુશ્કેલ પડે. અંદર તો એમ.... આવો માર્ગ છે આ. ત્યારે હવે અમારે પુણ્ય કરવા નહીં? અરે! પહેલો હવે સમજ તો ખરો. સમજાણું કાંઈ? ભીખાભાઈ! શું કરવું, અમારે કાંઈ કરવું નહીં? કરવાની ક્યાં વાત છે? સાંભળ તો ખરો એક વાર! પુણ્ય ને પાપના ભાવ એ સંસારવધૂ છે એનો એ પતિ થાય છે, ધણી થાય છે. આહાહા!

ચાર ગતિના રખડવાના ભાવો એ સંસારવધૂનો ધણી થાય છે, કહે છે, માલિક થાય છે. વિકારનો માલિક, પુણ્યનો માલિક. પુણ્યના ફળ આ ધૂળ મળે એ નહીં. એ તો બહારની ચીજ છે. આ તો અંદર પુણ્યના ભાવ થયા એનો ધણી થાય, સંસારવધૂનો પતિ થાય છે કહે છે. એ સંસારમાં રખડવાનો એ ધણી છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એને હવે પાળશે, પુણ્ય-પાપને રાખશે. પતિ થઈને પત્નીને રાખેને, સંભાળ લે, એમ એની–રખડવાના ભાવની સંભાળ લેશે એમ કહે છે. ભગવાન આત્મા એ પુણ્ય-પાપના રાગ રહિત, વીતરાગ સર્વજ્ઞે કહ્યો એવો નિત્યાનંદ સહજાનંદની મૂર્તિ પ્રભુ છે. એની સંભાળ લીધા વિના આની સંભાળ લેવાનો ધણી થયો. આહાહા! સંતોના વચનો રામબાણ છેને, જુઓ! આહાહા!

ભાઈ! તું કોનો ધણી થા છો? આહાહા! કાઢી નાખવા જેવી વિષ્ટાનો ધણી? આ પુણ્ય ને પાપ હરામ, સંસારના પરિભ્રમણના હેતુરૂપ તેનો ધણી થા છો તું? આહાહા! તો પછી આ દેશનો માલિક ને એ ક્યાંય રહી ગયા. આને દેશ અમારો થાશે. હિન્દુસ્તાન દેશ હમારા, આમચી મુંબઈ. જુઓ! એમ બોલેને તમારા. મુંબઈમાં બોલે ઓલા ઘાટી લોકો. આમચી મુંબઈ. અરે! તારી ક્યાં મુંબઈ હતી? સાંભળને! આવા ને આવા રખડાઉ તે. એવું સાંભળેલું. લોકો

એમ કહેતા. .... આ આફ્રિકામાં તો કેટલાકને બહાર કાઢ્યા. બીજા ભાગમાં કાઢે છે એમ હમણાં ભાઈ કહેતા હતા રામજીભાઈ. બીજા ભાગમાં... નીકળી જાઓ, ભાગી જાઓ. અમારો દેશ છે. અરે! દેશ કે દિ' તારો હતો? સંસારનો ધણી થઈ ગયો માળો.

અમારી બાયડી છે, અમારા છોકરા, અમારું ગામ, અમારું ઘર. અમારા ગામમાં બ્રાહ્મણ પૈસાવાળો હતો, એની ડોસી મા હતી. મકાન તો વેંચી નાખેલું. તો ડોસી કહે, અરે ભાઈ! આ ઘર આપણે રહેતા, આ આપણું ઘર. કીધું, વેચનાર છે, આપણું ઘર લઈ લઈએ આપણે. જે ઘરમાં રહેતા, જેમાં તારો જન્મ થયો. .... કોઈક બીજા હશે, એ ગૃહસ્થ બીજા. એ ગૃહસ્થ તો કરોડપતિ છેને. એ બીજા છે. આનંદભાઈ કરીને.... એ નહીં, આ એક બીજા બ્રાહ્મણ છે. એણે તો ઓલા મોટા મકાન કર્યા ઘરના. આ એક બીજા છે. .... એ ને ડોસી કહેતા હતા.

જેને મકાન આપ્યું હતું એને કહે, જેટલું માંગે એટલું લે, પણ મકાન મારે લેવું છે. એમ કે પોતાનું માનેલું, અહીં જન્મેલા. ગરીબ થયા એટલે વેંચાઈ ગયેલું. એવું સાંભળ્યું હતું. આંકડો તું મૂક, લે. ઓલાએ મૂક્યો આંકડો. મકાન લીધું. રાજી થઈ ગયા કે નહીં? ક્યાં તારા મકાન, તારી ધૂળ? રજકણ તારા નથી, આ તો માટી છે. અજીવતત્ત્વ, માટી ધૂળતત્ત્વ છે. આહાહા! એ તારા નથી તો મકાન ક્યાંથી આવી ગયા તારા? આહાહા! મૂર્ખના કાંઈ માપ હશે? આહાહા! એવું અનાદિથી જગતે જીવને રખડવાના સાધનોને પોતાના મનાવ્યા છે, માન્યા છે. આહાહા!

કહે છે કે અરે! એ જડના પુણ્ય-પાપના ભાવ અથવા કર્મ એને વશ થઈને સંસારરૂપી સ્ત્રીનો પતિ બની **કામજનિત સુખ માટે આકુળ મતિવાળો થઈને જીવે છે.** એના જીવનમાં આ લઉં.. આ લઉં.. આ લઉં.. આ લઉં.. અહીંથી સુખ.. અહીંથી સુખ.. એવો અજ્ઞાની પરમાં સુખની બુદ્ધિવાળો થઈ જીવે છે. આકુળ મતિવાળો થઈને જીવે છે. અરે! આ તારા જીવતર કહેવાય? કહે છે. આહાહા! સમજાણું કાંઈ? થોડુંક આ મેળવું પછી આ મેળવું, પછી આ મેળવું, આને લઉં, આને લઉં. કોને છે બાપા? ક્યાં તું છો? એ તો પર છે. પણ અજ્ઞાની પરનો પતિ થઈ પરમાં સુખ લેવા માટે આકુળતાબુદ્ધિ (કરે). એનું જીવન આવું છે. આહાહા!

આટલા રહ્યા, આટલા મેળવ્યા, આટલા બાયડી-છોકરા થયા, છોકરાઓને મોટા કરીને પરણાવ્યા. આહાહા! બાપા કાંઈ મૂકીને ગયા નહોતા, પણ બાહુબળે અમે બધું કર્યું. આવી વાતું કરે. વાતું કરેને. હવે સાંભળને! શું તેં કર્યું? સમજાણું કાંઈ? એ બધા રખડાઉ ચાર ગતિમાં રખડવાના કામીઓ પરને મેળવું, સુખ માટે મેળવું, મેળવવાના જીવનમાં જીવે છે. આ એના અજ્ઞાનીઓના જીવન છે કહે છે. આહાહા! ઓલા માણસ તો બહુ સારા હોં. **કામજનિતસુખ**... આત્માનું સુખ નહીં. કારણ કે આત્માનું સુખ તો છોડી દીધું છે. પુણ્ય-પાપને વશ થઈ ગયો છે માટે **આકુળ મતિવાળો થઈને જીવે છે**... આહાહા! એ દુઃખી થઈ, દુઃખવાળો થઈને જીવે છે. હવે સવળું લેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**કારતક વદ-૪, શુક્રવાર, તા. ૨૪-૧૧-૧૯૭૨**
**શ્લોક-૨૧૭-૨૧૮, ગાથા-૧૩૧-૧૩૩, પ્રવચન નં. ૧૫૬**

નિયમસાર, ૨૧૭ કળશ ચાલે છે. અડધો (શ્લોક) આવી ગયો છે, ફરીને લઈએ.

**શ્લોકાર્થ : આ જીવ અઘસમૂહના વશે...** એટલે કે પુણ્ય ને પાપના વિકારો–વિકલ્પોને વશે... પોતાનું સ્વરૂપ તો નિર્વિકલ્પ શાંતિ ને આનંદ છે. એ રાગથી, શરીરથી, કર્મથી અંદર ભિન્ન છે. એની સામું ન જોતાં, અનાદિકાળથી પુણ્ય ને પાપના વિકલ્પો–વાસના–લાગણી એને વશ થયેલો **સંસૃતિવધૂનું પતિપણું** કર્યું. સંસાર–વિકૃતદશાની પરિણતિ એનું એણે ધણીપતું કર્યું અનાદિથી. સમજાણું કાંઈ? પોતાનો ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, જ્ઞાનસ્વભાવી વસ્તુ એની સામું ન જોઈને, એની કિંમત કર્યા વિના અનાદિથી એ પુણ્ય ને પાપના શુભાશુભરાગ એને વશ થઈ ગયો, એ સંસારની પરિભ્રમણદશા એનો એ પતિ થયો.

એ આવ્યું હતુંને છેલ્લું એક પ્રાયશ્ચિત્તમાં. અરે! વિકારની પ્રભુત્વશક્તિથી હું માર્યો ગયો છું. પ્રાયશ્ચિત્ત કરે છે. હું એક પૂર્ણાનંદ પ્રભુ, મારા આનંદના સ્વાદ આગળ આખી દુનિયાના ઇન્દ્રોના સુખના સ્વાદ પણ ઝેરીલા દેખાય. એવો ભગવાન આત્મા એને મેં ન જોયો અને હું વિકારને વશ થયો વિકારની પ્રભુત્વશક્તિથી હું માર્યો ગયો. ભાન થયા પછીની વાત છે. સમજાણું કાંઈ? અરે! શુભ ને અશુભભાવ... હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગવાસના, કામ-ક્રોધના વિષયો....—એ બધો પાપભાવ, દયા, દાન, ભક્તિ, પૂજા, નામસ્મરણ આદિ પુણ્યભાવ.—બેય વિકૃત વાસનાને વશ થઈ ગયો હું. એથી, સંસારમાં રખડવાની દશા જે મારા સ્વભાવમાં નથી એ દશાને પામીને એ દશાનો પતિ થયો. સમજાણું કાંઈ?

**કામજનિત સુખ માટે...** ઇચ્છાથી, જાણે પરમાં સુખ છે એવા કામજનિત સુખ માટે... પોતાનો ભગવાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે એની તરફ તો ઝાંક.. ઝાંક પણ ન કરી–જોયું પણ નહીં. આ કામજનિત સુખ... ઇચ્છાથી પરમાં સુખ છે એવી કામનાથી મહા-આકુળ મતિવાળો થઈને... **આકુળ મતિવાળો થઈને જીવે છે.** આહાહા! અનાદિનો અજ્ઞાની એ મતિમાં આકુળતા.. પર તરફમાં સુખ છે એવી માન્યતાની આકુળતાથી અજ્ઞાની અનાદિથી પોતાનું જીવન જીવે છે. એ આત્માનું જીવન નહીં. એ તો અજ્ઞાનનું, મૂઢનું, દુઃખનું જીવન છે. સમજાણું કાંઈ?

પણ એ જીવ **ક્યારેક ભવ્યત્વ વડે...** પોતાની અંદર લાયકાત વડે... હું ભગવાન આનંદ-સ્વરૂપ છું એવા અંતરની યોગ્યતા વડે **શીઘ્ર મુક્તિસુખને પામે છે...** હું તો પરમ આનંદ–અતીન્દ્રિય આનંદ, જેની આગળ ઇન્દ્રના ઇન્દ્રાસનો પણ ઝેરીલા, ઝેર જેવા દેખાય એવો હું છું. પરમાનંદનો નાથ પરમાનંદ વડે... એ 'ભવ્યત્વ વડે' કીધું (એટલે) પોતાની યોગ્યતા વડે... પોતે

આનંદસ્વરૂપ છે તો આનંદની પરિણતિ દ્વારા... ભારે વાતું આ. આહાહા! પોતે અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. અનંત-અનંત આનંદ પ્રગટ થાય પરમાત્માને, એ પણ આનંદનો અંશ છે, અનંત-અનંત આનંદ(સ્વભાવ) આગળ એ પણ એક આનંદનો અંશ છે.

એવા પરમાનંદની મૂર્તિને પર્યાય દ્વારા... ભવ્યત્વ એટલે એ. **શીઘ્ર મુક્તિસુખને પામે છે**... એ પૂર્ણ આનંદની પ્રાપ્ત પર્યાયને પામે છે. બે વાત કરી. પુણ્ય ને પાપને વશ થયેલો કામજનિત સુખની આકુળતાથી જીવે છે, એ સંસારી દુઃખી પ્રાણી છે અનાદિના. ચાહે તો એ રાજા હો, રંક હો, નારકી હો, હાથી હો, શેઠીયા દુનિયાનો કહેવાય—એ બધા કામજનિત આકુળતાથી જીવી રહ્યા છે, દુઃખી છે. અને પોતાની યોગ્યતા ભવ્યત્વ... ભવ્યત્વપણું એ નહીં. એ ભવ્યત્વ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમજાણું કાંઈ? અથવા પરમ આનંદ એ જ ભવ્યની ભવ્યત્વતા છે. આહાહા! સમજાણું કાંઈ? પરમ આનંદસ્વરૂપમાં 'આનંદ ને જ્ઞાન સ્વભાવ તે હું' એવી અંતર પરિણતિની વીતરાગદશા દ્વારા જે મુક્તિસુખને પામ્યા છે, પૂર્ણાનંદની પર્યાયને–પરમાત્મદશાને પામ્યા છે.

**ત્યારે પછી ફરીને તેને એકને છોડીને...** અહો! અચિંત્ય પરમ અપૂર્વ આનંદની દશાને છોડીને સિદ્ધ ફરીને સંસારમાં કેમ આવે? આહા! રાગને કેમ ઇચ્છે એ? સમજાણું કાંઈ? **ત્યારે પછીને ફરીને તેને એકને છોડીને**... એવો અપૂર્વ આનંદ પ્રાપ્ત થયો એને છોડીને **તે સિદ્ધ ચલિત થતો નથી...** એ પરમાત્મા થયેલો આત્મા ફરીને રાગને કે સંસારને પ્રાપ્ત થતો નથી. આહાહા! **(અર્થાત્ એક મુક્તિસુખ જ એવું અનન્ય** છે. સુખ તો, આત્માની પરમાનંદ દશારૂપી મુક્તિ એમાં સુખ એવું છે કે **અનન્ય** છે. અનેરું કાંઈ એમાં નથી એવું છે. **અને પરિપૂર્ણ છે...** આત્મા વસ્તુએ પરિપૂર્ણ આનંદ છે એવા ભાન દ્વારા જેણે પરિપૂર્ણ આનંદની પ્રાપ્તિ કરી એ તો પરિપૂર્ણ અખંડ એકરૂપ છે.

**કે તેને પામીને તેમાં આત્મા સદાકાળ તૃપ્ત તૃપ્ત રહે છે...** અતીન્દ્રિય આનંદના અનુભવમાં આત્મા પરમાત્મપદ પામે ત્યારે તૃપ્ત-તૃપ્ત રહે છે. અનાદિ સંસારીજીવ કામજનિત આકુળતાથી જીવી રહ્યા છે. આહાહા! કહો, સમજાણું કાંઈ? પાછો ઉપાય પણ કહ્યો એનો. ભવ્યત્વભાવ... એ ભવિ(પણા)નો પાક થયો (એટલે કે) આનંદ, શાંતિ, શ્રદ્ધા ને જ્ઞાન પ્રગટ્યા. એ દ્વારા મુક્તિને પામે છે. કારણ કે ઓલા પુણ્ય-પાપ ન્યાં ગયા આ બાજુ. હવે આ બાજુ ચૈતન્યસ્વભાવ પ્રભુ પૂર્ણ આનંદ, સચ્ચિદાનંદ આત્મા તેની પોતાની નિર્મળ પર્યાયે એનો આશ્રય લીધો, એવી નિર્મળ પર્યાય દ્વારા મુક્તિના પરમસુખને પામે છે. આહાહા! આ બાજુ તો એમ કહ્યું કે પુણ્ય-પાપના ફળ એ સંસારી કામજનિત સુખને જીવે છે, પણ હવે આમ આત્માના આનંદના સુખને અનુભવે છે અને તૃપ્ત-તૃપ્ત છે. કાં આમ ઢળ કે કાં આમ ઢળ. ત્યાં પુણ્ય-પાપ તરફ ઢળ, તો કામજનિત સુખે જીવ ચાર ગતિમાં રખડશે. આહાહા!

અરે! એને સૂઝ-બૂઝ પડી નહીં કોઈ દિ'. અનંતકાળ થયો, સાધુ થયો, પણ આ સૂઝ જેની કરવી જોઈએ એની બૂઝ કરી નહીં એણે. ભગવાન આનંદ છે.. આનંદ છે. એકલો જ્ઞાનસ્વભાવથી જ પોતાનું સ્વરૂપ છે. એવા સ્વરૂપની નજરું કરી નહીં, નિધાનને જાણ્યા નહીં, એને મેળવવા માટે જે સ્વરૂપ તરફનો પ્રયત્ન (જોઈએ) એ પ્રયત્ન કર્યો નહીં. સમજાણું કાંઈ? રખડી મર્યો ચોરાશીમાં અને માને એમ કે અમે સુખી છીએ. આહાહા! દુઃખમાં પડ્યા છે, દુઃખને ડુંગરે. આહાહા! સુખનો–આનંદનો સાગર તો સિદ્ધપદ છે, એમાં સુખ છે. એ સુખ માટે ભવ્યજીવો પોતાના સ્વભાવનો આશ્રય, આદર લઈને પૂર્ણતાને પામે છે. એ પૂરો થયો કળશ, ગાથા થઈ. ૧૩૧-૧૩૨ ગાથા.

**जो दु हस्सं रई सोगं अरतिं वज्जेदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १३१॥**
**जो दुगंछा भयं वेद सव्वं वज्जेदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इंदि केवलिसासणे॥ १३२॥**
**જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.**
**જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જતો સૌ વેદને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.**

આહાહા! **ટીકા : આ, નવ નોકષાયના વિજય વડે...** હાસ્ય, રતિ, સ્ત્રી, પુરુષ, નપુંસકવેદ(રૂપ) વાસના (આદિ)—એવા નોકષાયના વિજય વડે... એ વિષયની વાસના અને હાસ્ય, રતિની વાસનાનો વિજય કરી **પ્રાપ્ત થતા સામાયિકચારિત્રના સ્વરૂપનું કથન છે.** આહાહા! જેમાં ત્રણે વેદની વાસના જીતી અને જેણે સ્વરૂપમાં સ્થિરતા કરી છે એને સામાયિકવ્રત હોય છે. સમજાણું કાંઈ? જેણે હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુર્ગંચ્છા—છ એ અને સ્ત્રી, પુરુષ ને નપુંસકવેદની વાસના ત્રણ એ—એવા નોકષાયનો જેણે વિજય કર્યો છે, એટલે કે એને જીત્યા છે, એટલે કે એને ટાળ્યા છે, એને ટાળીને આત્માના આનંદમાં સ્થિર રહ્યા છે એને સામાયિક હોય છે. લ્યો, આ તો સામાયિકની વ્યાખ્યા થઈ. આહાહા!

જેમાં સામાયિક—સમ–સમતાનો આય–લાભ થાય. તો સમતા એવો અતીન્દ્રિય આનંદનો લાભ થાય એને સામાયિક કહીએ. આહાહા! સમજાણું કાંઈ? જ્ઞાન પણ એને કહીએ, ધ્યાન પણ એને કહીએ કે જેમાં અતીન્દ્રિય આનંદનો લાભ થાય. સમકિત પણ એને કહીએ કે જેમાં અતીન્દ્રિય આનંદનો લાભ થાય. ચારિત્ર એને કહીએ કે જેમાં અતીન્દ્રિય આનંદની પરિણતિ પ્રગટ થાય. આહાહા! આવી વાત છે. જગતથી તો ઊંધું બહુ. અશુભયોગ છોડે તો

મિથ્યાત્વ ને કષાય ટળે (એમ માને). આહાહા! મિથ્યાત્વના પરિણામ એ મહા અશુભ છે. પુણ્યમાં ધર્મ માનવો, પાપના પરિણામમાં ઉલ્લસિત વીર્યથી રાજીપો થવો—એ બધો મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

પાપના ભાવમાં રાજીપાપણાનું વેદન થવું અને પુણ્યભાવમાં મીઠાશનું વેદન થવું, એ બધો મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવને છેદીને જેણે સાથે નવ નોકષાયનો પણ વિજય મેળવ્યો છે. નોકષાયના વિજય વડે એટલે? નોકષાયનો વિજય થયો? ભાષા તો આમ છે 'નોકષાયના વિજય વડે'. પણ એનો અર્થ શું? ઓહોહો! ભગવાન અતીન્દ્રિય આનંદનો જે કોઈ... એ આગળ આવશે હજી. ત્યાં તો 'કેવળજ્ઞાન-કેવળદર્શનનો લોલુપી' આવશે હોં. આમાં જ આવશે. ૧૩૩, હવેની ગાથા. કેવળજ્ઞાન-દર્શનનો લોલુપી જીવ... આહાહા! છેને ૧૩૩. છેલ્લું છે ખરુંને. આહાહા!

જગતના પ્રાણી રાગના લોલુપીઓ ચાર ગતિમાં દુઃખી થઈ જીવન ગાળે છે. કેવળજ્ઞાન અને કેવળદર્શનના લોલુપીઓ... લ્યો. સમજાણું કાંઈ? તીવ્ર અભિલાષાવાળા, એમ. કેવળજ્ઞાન ને કેવળદર્શન—પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન. એનો અર્થ મોક્ષની પર્યાય, અરિહંતની પર્યાય. એવી .... કેવળજ્ઞાન-દર્શનની તીવ્ર ભાવનાવાળો એ જીવ નવ નોકષાયને જીતે છે. સમજાણું કાંઈ? ભારે વાતું એવી. મોટી વાત ભગવાન... આહાહા! ભગવાન થવાની વાતું જુદી જ હોયને. આહાહા! રાંકો થઈને રખડે છે. એક પુણ્યનો વિકલ્પ ઉઠે ત્યાં હોંશ ને હરખ ધરાવે. હવે એ એમાંથી કેમ છૂટે? સમજાણું કાંઈ? અને એના બહારના ફળ જરીક કંઈક દેખાય પુણ્યના, છોકરાની સરખાઈ ને પૈસાની સરખાઈ ને મોટા-મોટા... ત્યાં રાજીપો વેદે. આહાહા! એ મિથ્યાત્વનું વેદન છે. શું હશે આ? આહાહા! આત્માના આનંદનું વેદન વેદે રાજીપો થઈને, કહે છે કે એને નોકષાય જીતીને સામાયિક થઈ. સમજાણું કાંઈ?

જુઓ! કહે છે, **મોહનીયકર્મજનિત સ્ત્રીવેદ...** સ્ત્રીવેદની વાસનાની વાત છે હોં. એ શરીરની વાત નથી. શરીર તો નામકર્મના ઉદયે સ્ત્રી-પુરુષનું મળે છે. આ અંદર મોહનીય-કર્મજનિત સ્ત્રીવેદ (અર્થાત્) સ્ત્રીઓને પુરુષ આદિ (સાથે) રમવાની ભાવના. પુરુષને સ્ત્રી આદિ (સાથે) રમવાની ભાવના, નપુંસકને બેય સાથે રમવાની ભાવના. સમજાણું કાંઈ? આહાહા! એ પરપદાર્થની સાથે રમવાની ભાવના વિષયવાસના. અને **હાસ્ય...** એવી ચીજ દેખીને કુતુહલતા થવી, અંદર હાસ્ય થવું. બહારની ફેરફારવાળી ચીજ દેખીને, સ્ત્રીએ પુરુષનું રૂપ ધારણ કર્યું હોય, પુરુષે સ્ત્રીનું ધારણ કર્યું હોય વિગેરે વિગેરે. પુરુષો હાથીના રૂપ આદિ ધારણ કરે છેને. તેમાં હાસ્ય થવું, બીજી ચીજોની અધિકતા દેખીને એને હાસ્ય થવું. એ હાસ્યની પ્રીતિમાં રંગાઈ જવું એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા!

એ ભાવને છોડીને... સ્ત્રી, પુરુષ, વિષય-વાસનાનો વિકલ્પ–રાગ એને છોડી દઈને... હાસ્યથી વાત કરી છે ને. હાસ્યને છોડી દઈને... આહાહા! **રતિ**–રાજીપો (થાય) કોઈપણ (ચીજ) એને અનુકૂળ લાગતાં. અનુકૂળ છે નહીં કોઈ. જગતની બધી ચીજો જ્ઞાનમાં જ્ઞેય છે. છતાં એને ભ્રમણાને લઈને અનુકૂળતાનો ભાસ થતાં રતિ–રાજીપો થઈ જાય. એ તો વિકાર છે. **અરતિ...** એણે ન કલ્પ્યું હોય એવી પ્રતિકૂળતા દેખીને અરતિ થઈ જાય. અરે! આ સ્ત્રી ચાલીસ વર્ષની ઉંમરે મરી ગઈ, હવે શું કરવું? એમ અરતિ અંદરમાં હોય છે. ઊંડે ઊંડે અરતિ થાય. **શોક...** છોકરો મરે ને શોક થાય. એકનો એક વીસ વર્ષનો હોય, બે વર્ષનું પરણેતર હોય, દીકરો-દીકરી થયા ન હોય, રળનાર બીજો એના ઘરમાં હોય નહીં. એ વખતે એને શોક.. શોક (થાય). આહાહા! એ બધા વિકાર છે. આહાહા! સમજાણું કાંઈ?

**ભય...** આ બધા આકુળતાના કારણને દેખીને ભૂતડા હાંકે, અવાજ એવા આકરા દેખીને ભય પામે. ... ભય શેનો? ભગવાનને ભય શેનો? ભગવાનને ભય ક્યાં છે? ભય પામે એ વિકૃત અવસ્થા છે. દુર્ગંચ્છા–(**જુગુપ્સા)...** સડેલા મીંદડા, સડેલા કૂતરા, એ માણસના શરીર પણ આમ સડે છે, જીવતા.. આમ જીવતા માંસમાં જીવડા પડે છે. હાથમાં જીવડા, કાળજે જીવડા, પૂંઠે જીવડા. આ હતોને આ વીરવાળો નહીં? વીરાવાળો. પૂંઠે જીવડાં. પછી માંસ બાંધે. ઓલા જીવ માંસ ખાવા આવે એટલે એને એટલી જરીક (શાતા થાય). આહાહા! શરીરમાં આમળી નીકળે, આમળી.... એ આમળીમાં કાણા પડ્યા હોય, એમાં જીવડા પડ્યા હોય જીવડા. અને સુંવાળું શરીર. એ માંસ બાંધે પૂંઠે જરી. ઓલા જીવડા ખાવા આવે એટલું જરીક એને (શાતા થાય). મરી ગયો હતો એમાં. રાજકોટમાં નહોતું થયું ... વીરાવાળાનું?

કહે છે કે દુર્ગંચ્છા... ભાઠા પડે છે. આ ભાઠા હોય છેને? ગુમડું થાય આખું આમ. એવું ગંધાય. રોટલી ને દાળ-ભાત ખાઈ શકે નહીં પોતે. એવો આમ સડો પડ્યો હોય. ગમે એટલા અંદર ... નાખે, પણ અંદર સડો ઊંડો જાતો જાય. શરીરનો પર્યાયધર્મ છેને. આહાહા! એવા જોયા છે હોં. એવી દુર્ગંધ કે દાળ-ભાત-રોટલી ખાઈ શકે નહીં (કેમકે ખાતા) વાર લાગે. શીરો કરી દે. ઝટ શીરો એકદમ નાખી દે થોડો.... એવું અહીં ગંધાય. અમે વહોરવા ગયેલા, મેડી ઉપર બેઠેલ, ગંધ મારે.. ગંધ મારે. આહાહા! કહે છે, એ પણ જડની એક અવસ્થા છે. એમાં જે દુર્ગંચ્છા કરે એ વિકાર છે. એવા નોકષાયથી થતા... એવા નવ **નોકષાયથી થતા કલંકપંકસ્વરૂપ (મળ-કાદવસ્વરૂપ)...** આહાહા! સ્ત્રી, પુરુષ, નપુંસક વેદની વાસના, કહે છે કે મળ અને કાદવ-સ્વરૂપ છે એ તો. આહાહા! સમજાણું કાંઈ? એમાં બધાય પહેલા એને લીધા છે. એમાં વેદ પાછળ હતો. સમજાણું કાંઈ?

**वेदं** છેને, પાછળ હતો. **दुगंछा भयं वेदं..** એમાં પાછળ હતો, અહીં ટીકામાં લીધો પહેલો. આહાહા! પરમાનંદનો નાથ એવા ચામડાં ચૂસવાની વૃત્તિમાં જાય. આહાહા! કહે છે કે એવી જે

વિકાર–વૃત્તિ એ મળ ને કાદવસ્વરૂપ છે. આહાહા! બે શબ્દ છેને કલંક-પંક, એમ. પંક એટલે કાદવ, કલંક એટલે મળ. પંક એટલે કાદવ. કલંક એટલે મળ. મળ, કાદવ સ્વરૂપ છે એ મેલ. એ પંક કલંકસ્વરૂપ છે. .... કલંક એ મળ, પંકસ્વરૂપ–કાદવ સ્વરૂપ છે એમ. માખી જેમ બળખામાં ચોંટી જાય, એમ આ વાસનામાં ચોંટી ગયો છે કહે છે.

એ **સમસ્ત વિકાર-સમૂહને...** આવા બધા જે વિકારના સમૂહને **પરમ સમાધિના બળથી...** સામાયિક આ. આહાહા! પોતે પરમ આનંદમૂર્તિ પરમ સમાધિસ્વરૂપ એના તરફના ઝુકાવથી એ પરમ શાંતિ ને સમાધિ–વીતરાગીદશા થઈ એ પરમ સમાધિ. પરમ વીતરાગી પરિણતિનું નામ પરમ સમાધિ. ઓલા બાવા જોગી ચડાવે સમાધિ એ વાત અહીંયા નથી. સમજાણું કાંઈ? ભગવાન પૂર્ણાનંદ પ્રભુને પકડી, જ્ઞાનની પર્યાયે તેમાં એકાગ્રતા કરીને, જે પરમ શાંતિ, પરમ સમાધિ, પરમ આનંદ દશા પ્રગટ થાય, એ **પરમ સમાધિના બળથી**... જુઓ! આનો નાશ થાય છે કહે છે. કોઈ ક્રિયાકાંડ વડે, પુણ્યપરિણામથી એ વાસનાનો નાશ થતો નથી. પુણ્યપરિણામ પોતે જ વાસના છે. આહા!

**જે નિશ્ચયરત્નત્રયાત્મક...** ઠીક. એ સમાધિનું સ્વરૂપ જ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ છે. અથવા નિશ્ચયરત્નત્રયસ્વરૂપ **પરમ તપોધન...** આવી અંતરની ધૂન દ્વારા, પરમાનંદની મૂર્તિ પ્રભુની ધૂન દ્વારા જે શાંતિ પ્રગટ થઈ. આહાહા! શાંતિ ત્યાં છે. (બીજે) ક્યાંય શાંતિ નથી ધૂળમાંય તે. આહાહા! એ વિકાર-સમૂહને જીતીને... શેના વડે? પોતાનું પરમ પરમાત્મસ્વરૂપ એની સમાધિ વડે સ્થિર થઈને.. એમાં સ્થિર થઈને, વીતરાગભાવ કરીને જેણે જીત્યા છે, તે નિશ્ચયરત્નત્રયસ્વરૂપ પરમ તપોધન... લ્યો, પરમ સમાધિને નિશ્ચયરત્નત્રય સ્વરૂપ છે. સમજાણું કાંઈ? શું કહ્યું? કે પરમાનંદનો નાથ પ્રભુ એવો ભગવાન પોતે પોતાના સ્વરૂપને શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિથી પામીને... એ શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ એ જ સમાધિ. સમાધિની સ્થિતિ આ.

એવી સમાધિ વડે તે **નિશ્ચયરત્નત્રયાત્મક પરમ તપોધન**... પરમ તપોધન (અર્થાત્) તપરૂપી જેની લક્ષ્મી છે. એ નિશ્ચયરત્નત્રય (સ્વરૂપ) પરમ સમાધિ એ જ એની લક્ષ્મી છે. ભારે વાત ભાઈ! લ્યો, આને સામાયિક કહે છે. સામાયિક કરો ને પછી ૩૨ દોષ ટાળો. આવે છેને? દસ વચનના, દસ મનના, બાર કાયાના. એ નહીં, આ દોષ ટાળ એમ કહે છે. તારા મન-વચન-કાયાના નહીં, એ તો પરની વસ્તુ થઈ. એના નિમિત્તે અંદરમાં થતાં વિષય-વાસના અને રતિ-અરતિના ભાવો... ભગવાન આત્માના આનંદની સન્મુખ થતાં એ ભાવો જ્યાં ઉત્પન્ન થતા નથી, એને 'એણે વિજય કર્યો' એમ કહેવામાં આવે છે.

એમાંય વાંધા કાઢે છે માળા. કહે કે કર્મ ટાળી શકાય નહીં, દોષ ટાળે નહીં, એ તો ટળી જાય છે. એવી ટીકા કરી છે. અરે ભગવાન! ટાળવા.. ટાળવા. એણે વાંચ્યું છે.... વાંચ્યું છે...... ટીકા .... હોયને. એમ કહે છે કે કર્મ તો એની મેળાએ ટળી જાય છે, ટાળવા પડે નહીં. દોષ એની

મેળાએ ટળી જાય. અશુભજોગ (હોય) એને કાઢે ને શુભજોગ કરે તો ટળે. અહીં કહે છે કે શુભજોગ એ તારું પાપ છે, લેને સાંભળને! રાગ છે, વિકારની વાસના છે. આહાહા! દુઃખરૂપદશા છે, એ તો આકુળતા છે. આહાહા!

એને આત્માની પરમ શાંતિ દ્વારા જીતીને... નિશ્ચય-રત્નત્રયવાળો એમ ન કહેતાં, નિશ્ચયરત્નત્રય સ્વરૂપ, એમ. નિશ્ચય સમ્યગ્દર્શન, નિશ્ચય સમ્યગ્જ્ઞાન, નિશ્ચય ચારિત્ર–સ્વરૂપમાં રમણતા—એવું પરમ તપોધન... પરમ તપરૂપી આ તપ લ્યો. એ પરમ સમાધિ, સામાયિક.. સામાયિક, એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર, એ તપ. એ તપોધન. તપરૂપી ધન આવું જેને પ્રગટ્યું છે. આહાહા! આ પુણ્યની લક્ષ્મીવાળાની તો આમાં વાતેય આવી નહીં કાંઈ. નિંદા આવી નિંદા. આહાહા!

**તેને ખરેખર...** આવા જીવને ખરેખર–વાસ્તવિક–યથાર્થપણે **કેવળીભટ્ટારકના શાસનથી...** લ્યો, .... અંશ લીધો. કેવળીભટ્ટારક–પૂજવાયોગ્ય પરમાત્મા એના શાસન.. એના શાસનમાં **સિદ્ધ થયેલું પરમ સામાયિક નામનું વ્રત શાશ્વતરૂપ છે...** કેવળીના શાસનમાં આને સાચી સામાયિક કીધી છે. આહાહા! પણ એ સાચી સામાયિક પણ વ્યવહાર કરતાં કરતાં.. વ્યવહાર કરતાં કરતાં થાય કે પાધરી થાતી હશે? એમ રાડ્યું પાડે છે. એનો વિષય એનો એ થયો તારે. આહાહા! દ્રવ્ય-સામાયિક આનું નામ, ભાવ-સામાયિક આનું નામ—બધી રાડ્યું પાડે. આહાહા! પરમ સામાયિક નામનું વ્રત શાશ્વત એટલે સાચું છે, એમ. સાચી શીલ છે તે તપ છે. તપ શાશ્વત હોય છેને. આ સામાયિક તે તપ છે. આહાહા!

**એમ આ બે સૂત્રોથી કહ્યું છે.** કહો, સમજાણું? સ્થાનકવાસી, દેરાવાસીમાં સામાયિક બહુ થાય. ત્યાગીઓ કરે સવાર, બપોર ને સાંજ. અહીં શીતલપ્રસાદ બેસતા ત્યાં ઓટલે. ક્ષુલ્લક કહેવાતાને. ક્ષુલ્લક નહિ, સાત પડિમાવાળા. આમ બેસેને પછી નવકાર ગણીને... એ સામાયિક. એ તો રાગ છે. રાગ તો અસામાયિક છે, વિષમભાવ છે (અને) એને સામાયિક કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એ (નિશ્ચય) સામાયિક ધર્મ અને એ સામાયિક મોક્ષનો માર્ગ અને એ સામાયિક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને એ સામાયિક એટલે સમાધિ લ્યો. સમજાણું કાંઈ? એને સામાયિક નામનું વ્રત... જુઓ! આ નિશ્ચય વ્રત. (બાર) વ્રતમાં જે વિકલ્પ(રૂપ) વ્રત છે એ નહીં આ. બાર વ્રત છે એ તો વિકલ્પવાળી વાત છે. આહાહા! બાર વ્રત છેને એમાં નવમું સામાયિક એ શુભરાગવાળું છે. પણ આ જે સામાયિક છે એ સાચી સામાયિક છે. સમજાણું કાંઈ? અમે સામાયિકું કરી નાખી, પડિકમણા કર્યા ને પોષા કર્યા. ઓલો લખે કે અશુભયોગ ટાળે એ મિથ્યાત્વ ને કષાય ટાળવાનો ઉપાય છે. આહાહા. અરેરે! કાંઈ એને ખબર ન મળે. છે તો એ પણ ભગવાન ને. ઊંધો પડ્યો એ ભગવાન પણ છેને. આહાહા!

**[હવે આ ૧૩૧-૧૩૨ મી ગાથાઓની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે છે :**

**त्यजाम्येतत्सर्वं ननु नवकषायात्मकमहं**
**मुदा संसारस्त्रीजनितसुखदुःखावलिकरम् ।**
**महामोहान्धानां सततसुलभं दुर्लभतरं**
**समाधौ निष्ठानामनवरतमानन्दमनसाम् ॥२१८॥**

આહાહા! ... **શ્લોકાર્થ :** અરે! **સંસારસ્ત્રીજનિત** એટલે કે વિકારી પરિણતિથી ઉત્પન્ન થયેલા **સુખદુઃખાવલિનું કરનારું...** આહા! સુખદુઃખાવલિ છેને? **સુખદુઃખાવલિ = સુખદુઃખની આવલિ; સુખદુઃખની પંક્તિ–હારમાળા.** એકલા સંસારનું સુખ માનેલું હોં. કલ્પિત સુખની કલ્પના. આહાહા! વિષયસુખના રંગે રંગાઈ ગયેલો એની પરંપરામાં... એ પરંપરા સુખની કલ્પનાની અને દુઃખ... એ આવલી કરનારો, લ્યો, પંક્તિ હારમાળા. **(નવ નોકષાયાત્મક વિકાર સંસારરૂપી સ્રીથી ઉત્પન્ન સુખદુઃખની હારમાળાનો કરનાર છે.)** આહાહા! એ વિકાર.. વિકાર. નવ નોકષાયનો વિકાર સંસારની સુખ-દુઃખની કલ્પનાની જાળ વધારનારો છે. હારમાળા એની કરે, એક પછી એક, એક પછી એક. આહાહા!

ફૂલખરણી.. ફૂલખરણી આવે છેને દિવાળીમાં. એક પછી એક, એક પછી એક ફૂલ ખરે. ફૂલ શું, અગ્નિ... ફૂલઝરી. એમ આ એક પછી એક સુખ-દુઃખની કલ્પના નીકળે. આહાહા! સુખ એટલે આ માનેલું સુખ. છે તો એ રાગ... રાગની કલ્પનાની હારમાળા જાગે એમાં. આહાહા! સમજાણું કાંઈ? એ રાગનો દોરો, શું કહે ઓલું સૂતર...? રાગને કાંતે. કોકડું ભરાવીને કાંતે છેને. કોકડું ભરાવે ને આમ કોકડી... પૂણી તો ઓલી, પણ કોકડું ભરાવે ને. પૂણી આમ કરે એટલે એમ કોકડું.... પૂણીમાંથી જેમ દોરો થતો જાય એમ કોકડું..... રાગનો તાણો ફર્યા કરે ને એમાં રાગની પુષ્ટિ થયા કરે.

**સંસારસ્ત્રીજનીત**... સંસાર એટલે વિકારરૂપી પરિણતિ એ સ્ત્રી, એનાથી ઉત્પન્ન થયેલી સુખ-દુઃખની હારમાળા. એવા **નવ કષાયાત્મક આ બધું (-નવ નોકષાયસ્વરૂપ સર્વ વિકાર) હું ખરેખર પ્રમોદથી તજું છું.** અરર! આ તજવા પડે એમ નહીં, આનંદથી છોડું છું, કહે છે. આ કરવું પડેને? શું કરવું પડે માળા! વેઠું છે ન્યાં? આહાહા! હું ખરેખર આનંદથી તેને છોડું છું. મારો ભગવાન આનંદનો નાથ જગાડીને એણે આનંદ પ્રગટ કર્યો છે, એમ કહે છે. સમજાણું કાંઈ? પ્રમોદ એટલે આનંદ. મારા આનંદની પર્યાય પ્રગટ કરીને એનો (-વિકારનો) વ્યય કરું છું, એમ કહે છે. આહાહા! ધ્રુવ તો ભગવાન છે, ધ્રુવના ધ્યેયે ધ્યાનથી આનંદની દશા વડે આ વિષયવાસનાને પ્રમોદથી છોડું છું, કહે છે. આહાહા!

ચાલીસ વર્ષે બાયડી મરે. અધવચ ભાંગ્યા બાપા! અહીંયા ન રહ્યા ને અહીંના (ન રહ્યા)—એમ વાતું કરે મારા. પાંચ વર્ષ પહેલા મરી ગઈ હોત તો બીજી થાત .. વર્ષે. કહેતો

હતાને અર્ધાંગના તમારી? ૪૫ વર્ષે મરવા પડે, પોતાને ૪૫ વર્ષ થયા હોય. હાય! હાય! હવે? પાંચ વર્ષ જો વહેલી મરી હોત તો પરણવાનો પ્રસંગ હોત, હવે શું? અધવચ્ચે ભાંગ્યા ઘર. એમ વાતું કરે છે હોં. કરે છે કે નહીં? આપણે તો સાંભળેલી વાત છે બધી. અધવચ્ચ ભાંગ્યા ઘર. ન રહ્યા અહીંના કે ન રહ્યા અહીંના. મૂર્ખાઈ છે તારી. એય! આહાહા! એની ભાવના કર ત્યારે તારું ઘર ભાંગી ગયું છે. આહાહા! તારું ઘર તો આનંદનું ઘર છે. એની (-વિકારની) ભાવના કર ત્યાં આનંદનું ઘર ભાંગી ગયું છે. એની તો ખબર ન મળે.

ઓલા અમારે નરસિંહ મહેતાનું એમ આવે છે. બાયડી મરી ગઈ. ભજન કરતા હતા. એમાં સાંભળ્યું કે સ્ત્રી મરી ગઈ. 'ભલું થયું ભાંગી ઝંઝાળ, સુખે ભજીશું શ્રીગોપાળ.' નિવૃત્તિ મળી. એ જાતનો વૈરાગ્ય. આ તો બીજી જાતનો છે. (બાયડી મરી ગઈ) એથી કાંઈ નિવૃત્તિ લે? સમજાણું કાંઈ? આહાહા! હું એ વિષયવાસના ને રતિ-અરતિના ભાવને, મારા ભગવાનને ઢંઢોળીને–જગાડીને આનંદથી એને છોડું છું. આહાહા! ભાષા તો શું કરે? તજું છું. તજું શું, ઉત્પન્ન થતા નથી એમ કહે છે. આહાહા! વાંધા ત્યાં. ત્યાં ઓલા એમ કહે, જુઓ! આ મહારાજ કહે છે કે રાગનો ત્યાગ થઈ શકતો નથી, પણ રાગ સહેજે ... જાય છે. એમ કરીને ... લખ્યું. રાગનો ત્યાગ કરી શકતો નથી જીવ. રાગ છૂટી જાય છે, એ આત્માની આનંદની એકાગ્રતા થતાં ઉત્પન્ન થતો નથી, એને ત્યાગ–છોડ્યો એમ કહે છે. એવો શબ્દ છે એક. અહીં સાંભળ્યું.... એમાં છે એક શબ્દ. સમજાણું કાંઈ?

**–કે જે નવ નોકષાયાત્મક વિકાર...** શું કહે છે? કે રતિ, અરતિ, હાસ્ય, વેદવાસના, શોક, ભય, દુર્ગંચ્છા—એ વિકાર **મહામોહાંધ જીવોને...** સુલભ **નિરંતર સુલભ છે.** મહામોહાંધ જીવને... મહા-મોહમાં આંધળા થયેલા, એ વિકારમાં અર્પાઈ ગયેલા, એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? એ **વિકાર મહામોહાંધજીવોને નિરંતર.. નિરંતર સુલભ છે**. નિરંતર સુખે સુખે એને મળે છે વાસના, એમ કહે છે. આહાહા! આત્મા આનંદનો નાથ જેને નજરે પડ્યો નથી, એનો જેણે આશ્રય લીધો નથી, એને એનો અનાદર વર્તે છે. અનાદર વર્તીને આ ભાવ એને સુલભ થઈ પડ્યા છે. વિકારીભાવ પ્રગટ કરવા ને વેદવા એ એને સુલભ થઈ ગયું છે. અજ્ઞાનીઓને વિકાર સુલભ છે એમ કહે છે. આહાહા! આચાર્ય મુનિ પણ મગદળ મારે છેને મોટા. આહાહા!

**અને નિરંતર આનંદિત મનવાળા...** દેખો! ઓલા દુઃખી મનવાળા છે. આકુળિત મનવાળાને એ વિકાર તો સહજ સુલભ છે. કહો, સમજાણું કાંઈ? પણ નિરંતર આનંદિત મનવાળા... આહાહા! જેણે ભગવાન આનંદના નાથને જગાડીને આનંદદશા પ્રગટ કરી છે, એવા ધર્મી જીવ દ્વારા આનંદિત મનવાળા **સમાધિનિષ્ઠ (સમાધિમાં લીન)...** આહાહા! પરમાનંદમાં જેની પ્રીતિ જામી છે અને પરમ આનંદમાં જેની લીનતા છે એવા પરમ આનંદવાળા જીવને **અતિ**

**દુર્લભ છે**. એને વિકાર બહુ દુર્લભ છે. લ્યો, ઠીક! એવી શૈલી લીધી છે! એને વિકાર થાતો નથી, બહુ દુર્લભ છે. આનંદિત મનવાળા જીવને વિકાર નિરંતર દુર્લભ છે અને વિષયવાસનામાં રંગાયેલા જીવને એ વિકાર નિરંતર સુલભ છે. સહેજે સહેજે એને વિકાર પ્રાપ્ત થાય છે એમ કહે છે. આહાહા! સમજાણું કાંઈ? **અતિ દુર્લભ છે.**

**નિરંતર આનંદિત મનવાળા સમાધિનિષ્ઠ**... ઓલાને નિરંતર સુલભ છે એમ કહ્યું. નોકષાય એ તો ... જીવોને નિરંતર સુલભ છે અને અહીં નિરંતર તો કીધું, પણ નિરંતર આનંદિત મનવાળા, એમ. આહાહા! અતીન્દ્રિય આનંદના તરફની દશા પ્રગટ થઈ છે, એવું જેનું અતીન્દ્રિય આનંદનું મન એટલે પરિણતિ છે. સમાધિમાં નિષ્ઠ છે, પોતાની શાંતિમાં પ્રેમથી પરિણમે છે. એવા જીવોને વિકાર, વિષયવાસના, રતિ-અરતિ બહુ દુર્લભ છે કહે છે. એને (વિકારી) થવું દુર્લભ છે, ઓલાને (વિકાર) જવો દુર્લભ છે. ગિરધરભાઈ!

ઓલામાં કીધી છેને. ઓલામાં આવે છેને, તત્ત્વજ્ઞાનતરંગિણીમાં આવે છે કે અનાદિથી ધર્મ મળ્યો નથી માટે આત્માને દુર્લભ છે અને પૈસાદિ મળવા એ સુલભ છે. કેમકે અનાદિથી મળ્યા છે. અનાદિથી મળે છે સુલભ છે. વળી પછી ગુંલાટ મારે છે વાત. કે પૈસાદિ મળવા એ દુર્લભ છે. કેમ? એમાં પુણ્ય હોય તો મળે. એમાં પુરુષાર્થ કામ કરે નહીં. અને ધર્મ મળવો સુલભ છે, કેમકે પોતાની પાસે સાધન છે. કહો, સુરેન્દ્રભાઈ! આ પૈસો મળવો દુર્લભ છે. ના, ના, એમ નહીં, એને (માટે) પુણ્ય જોઈએ, પુણ્ય હોય તો મળે. એ કાંઈ વર્તમાન પુરુષાર્થથી મળતા નથી. આહાહા! અશક્ય છે. કઈ અપેક્ષાએ વાત કરી. એ મેળવવું અશક્ય છે.

અહીં તો એ કહે છે કે એ દ્રવ્યમાં જવું અશક્ય છે એટલે કે એ દ્રવ્યની પરિણતિમાં ... પ્રાપ્ત કરવું... કંઈ પરદ્રવ્યનું કરી શકતો નથી. એ તો પોતામાં, જ્યાં દ્રવ્ય પોતે પોતામાં વર્તે છે, એ વર્તવું છોડતો નથી એટલે પરદ્રવ્યમાં જતો નથી તો પરદ્રવ્યને પરિણમાવે શી રીતે? સમજાણું કાંઈ? આહાહા! આવી ધર્મદેશના કઈ જાતની? આહાહા! અરે! વિષય ને રાગને રંગાયેલા જીવોને રાગ નિરંતર સુલભ છે અને રાગથી રહિત સમાધિમાં રંગાયેલા જીવને, નિરંતર રંગાયેલા આનંદિત–પ્રમોદિત જીવને અત્યંત દુર્લભ છે. **અતિ દુર્લભ છે**. આહાહા! બહુ ટીકા...! આ ટીકા સારી લાગે જ નહીં આ પુણ્યવાળાને–પુણ્યના આગ્રહીને. શુભ... અને વ્યવહારથી ધર્મ થાય. અહીં તો ધર્મધ્યાન તે શુભભાવ (એમ) ઓલો કહે. આ કહે, સ્વને આશ્રયે થાય તે ધર્મધ્યાન. ચોખ્ખી વાત કરતાં, નિર્વિકલ્પદશા એનું નામ ધર્મધ્યાન. અરે! તારા શુભભાવમાં ક્યાં ધર્મધ્યાન આવ્યું? આ વાત એને રુચે નહીં, ગોઠે નહીં બરાબર. ૧૩૩ છેલ્લી છે ગાથા આની સમાધિની.

**जो दु धम्मं च सुक्कं च झाणं झाएदि णिच्चसो।**
**तस्स सामाइगं ठाइ इदि केवलिसासणे॥ १३३॥**

**જે નિત્ય ધ્યાવે ધર્મ તેમ જ શુકલ ઉત્તમ ધ્યાનને,**
**સ્થાયી સામાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૩.**

**ટીકા : આ, પરમ-સમાધિ...** નિશ્ચય સમાધિ કહો, શાંતિ કહો, સામાયિક કહો, મોક્ષમાર્ગ કહો—બધું એક છે. એના **અધિકારના ઉપસંહારનું કથન છે.** આ છેલ્લી ગાથા છે આમાં. જુઓ! કેવી વ્યાખ્યા કરી! ગોઠે જ નહીં એને... **જે સકળ-વિમળ કેવળજ્ઞાનદર્શનનો લોલુપી...** એકલી કેવળજ્ઞાન ને કેવળદર્શનની ભાવનાવાળો. બીજી કોઈ ભાવના નથી એને. ધર્મી કેવળજ્ઞાન ને કેવળદર્શનની લોલુપી છે (અર્થાત્) એની ભાવના છે, બસ. આહાહા! સમજાણું કાંઈ? **સકળ-વિમળ કેવળજ્ઞાન...** જોયું! પૂર્ણ વિમળ કેવળજ્ઞાન એમ. કેવળજ્ઞાન કેવું છે? કે પૂર્ણ નિર્મળ. છે પર્યાય. પૂર્ણ વિમળ. કેવળજ્ઞાન ને પૂર્ણ વિમળ કેવળદર્શન, એનો લોલુપી.

**(સર્વથા નિર્મળ કેવળજ્ઞાન અને કેવળદર્શનની તીવ્ર અભિલાષાવાળો—ભાવનાવાળો)** એવા **પરમ જિનયોગીશ્વર...** પરમ જિન યોગીશ્વર... પોતાના સ્વરૂપમાં જોડાણ કર્યું છે એવો યોગી, એનો પણ ઈશ્વર **સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન...** લ્યો. એ આત્માના આશ્રયે ધર્મધ્યાન પ્રગટ થાય છે. શુભધ્યાન ને શુભભાવથી નહીં. આવો તો ખુલાસો એને ગોઠે નહીં. આહાહા! ઓલું ધર્મધ્યાન છે એ અત્યારે છે નહીં અને ધર્મધ્યાન છે એ શુભભાવ છે એ અત્યારે છે. આહાહા! અહીં તો કહે છે કે પરમ જિન યોગીશ્વરનો ધર્મધ્યાનનો ભાવ કેવો હોય છે અથવા નિશ્ચયધર્મધ્યાન સાચું કેવું હોય છે? કે સ્વાત્માશ્રિત. પોતાનો પૂર્ણ વીતરાગસ્વભાવ એને આશ્રિત પ્રગટેલી વીતરાગી પરિણતિ એને અહીંયા ધર્મધ્યાન કહે છે. ઓલા કહે, શુભભાવ એ ધર્મધ્યાન. આ (નિશ્ચય) ધર્મધ્યાનથી મુક્તિ ને શાંતિ થાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## કારતક વદ-૫, શનિવાર, તા. ૨૫-૧૧-૧૯૭૨
## ગાથા-૧૩૩-૧૩૪, શ્લોક-૨૧૯, પ્રવચન નં. ૧૫૭

નિયમસાર, પરમ-સમાધિ અધિકાર, ૧૩૩ ગાથા ચાલે છે. એની (-અધિકારની) છેલ્લી ગાથા. ધર્મ કેમ થાય અને ધર્મનું શું સ્વરૂપ છે? સમાધિ કહો, સામાયિક કહો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, અંદર શાંતિ.. શાંતિ.. સ્વરસની શાંતિ—એ બધો જૈનધર્મ છે. એ જૈનધર્મનું શું સ્વરૂપ છે એ વર્ણવે છે. જૈનધર્મ કોઈ સંપ્રદાય નથી, વાડો નથી. એ તો વસ્તુના સ્વભાવમાં એકાગ્ર થવાથી વીતરાગી પરિણતિ પ્રગટ થાય એને ધર્મ કહે છે. એ છેલ્લી વાત. જુઓ! અત્યારે ચાલે છેને, ધર્મધ્યાન, શુભ-ઉપયોગ એ ધર્મધ્યાન.

કહે છે કે જે કોઈ ધર્માત્મા સામાયિકના કરવાવાળા એટલે કે ધર્મના કરવાવાળા, **જે સકળ-વિમળ કેવળજ્ઞાનદર્શનનો લોલુપ** હોય છે. પૂર્ણ નિર્મળ કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત થવામાં અભિલાષવાળો—ભાવનાવાળો હોય છે. કહો, સમજાણું કાંઈ? જેને સામાયિક થાય એ જીવ કેવળજ્ઞાન-કેવળદર્શનનો અભિલાષી છે. સમજાણું કાંઈ? એનીથી કાંઈ સ્વર્ગ મળે કે શરીર મળે કે ભગવાનના સમવસરણનો સંયોગ મળે—એ ભાવના ધર્મીને હોતી નથી. સમજાણું કાંઈ? એની અભિલાષા તો પૂર્ણ જ્ઞાન ને પૂર્ણ આનંદ એવી જે મુક્તદશા, એનો એ લોલુપી–અભિલાષી છે.

**પરમ જિનયોગીશ્વર...** ઊંચી વાત કરી છેને. મુનિથી વાત લીધી છેને. **પરમ જિનયોગીશ્વર સ્વાત્માશ્રિત...** ધર્મ હોય છે એ સ્વ-આશ્રિત જ હોય છે. આત્મા પૂર્ણ આનંદ સ્વરૂપ છે એને આશ્રયે ધર્મ હોય છે. ધર્મમાં બીજાનો આશ્રય હોતો નથી. આહાહા! સ્વાત્માશ્રિત... **'भूदत्थमस्सिदो खलु'** આવ્યુંને અહીંયા અગિયાર ગાથા. એ અહીં શબ્દ વાપર્યો છે. સ્વાત્માશ્રિત... સ્વ-આત્મા એટલે? આગળ કહેશે નીચે. અખંડ અદ્વૈત સહજ ચિદ્વિલાસ આનંદસાગરમાં મગ્ન પ્રભુ આત્મા છે. એવો જે આત્મા એના આશ્રયે, **નિશ્ચય-ધર્મધ્યાન વડે** આત્માને ધ્યાવે છે. આવા નિશ્ચય સ્વાશ્રિત... સામાયિક પણ એને કહીએ કે અખંડ મહા આનંદસ્વરૂપ પ્રભુ એને આશ્રયે જે દશા પ્રગટ થાય એને સામાયિક કહીએ. કહો, સમજાણું કાંઈ?

એ નિશ્ચય ધર્મધ્યાન વડે **અને સમસ્ત વિકલ્પજાળ રહિત નિશ્ચય-શુક્લધ્યાન વડે...** સમસ્ત વિકલ્પજાળ રહિત નિશ્ચય શુક્લધ્યાન વડે—**સ્વાત્મનિષ્ઠ (નિજ આત્મામાં લીન એવી) નિર્વિકલ્પ પરમ સમાધિરૂપ સંપત્તિના કારણભૂત...** આહાહા! રાગ વિનાની–વિકલ્પ વિનાની પરમ સમાધિ... આનંદ, પરમશાંતિ એવી સંપત્તિ–પોતાની સંપદા આત્માની, એનું કારણભૂત ધર્મધ્યાન ને શુક્લધ્યાન વડે... સમજાણું કાંઈ? બે વખત નાખ્યું પુરું કરવા. છે તો એક જ

વખત. ધર્મધ્યાન ને શુક્લધ્યાન એક જ વાત છે, પણ એ પુરું કરવા એમાં નાખ્યું છે. શું કીધું એ? પહેલું 'નિશ્ચય ધર્મધ્યાન ને શુક્લધ્યાન વડે' કીધુંને, એ જ અહીં લીધું છે. **પરમ સમાધિરૂપ સંપત્તિ...** આત્માની શાંતિ, આનંદની લક્ષ્મી એના કારણભૂત **એવા તે ધર્મ-શુક્લ ધ્યાનો વડે...** એવી સમાધિ ને શાંતિ વડે.. કોને ધ્યાવે છે?

**અખંડ-અદ્વૈત-સહજ-ચિદ્વિલાસલક્ષણ** એવું જે આત્માનું લક્ષણ છે. અખંડ છે આત્મા. આ બધી સમાધિ છે એ છે પર્યાય, પણ એ પર્યાયને આશ્રય દ્રવ્યનો હોય છે એમ કહે છે. ત્યારે એને પર્યાયમાં ધર્મ... ધર્મ થાય છે પર્યાયમાં. કેવળજ્ઞાન એ પર્યાય છે, મોક્ષ એ પર્યાય છે, ધર્મધ્યાન ને શુક્લધ્યાન પણ પર્યાય છે, આનંદનો અનુભવ પણ પર્યાય છે અને દ્રવ્યને અવલંબે છે એ પર્યાય. દ્રવ્ય તો દ્રવ્ય છે. સમજાણું કાંઈ? કેવા દ્રવ્યને અવલંબે છે આવા શુક્લધ્યાન-ધર્મધ્યાન વડે? એ ધર્મધ્યાન, શુક્લધ્યાન પર્યાય છે. સમજાણું કાંઈ?

**(અર્થાત્ અખંડ અદ્વૈત સ્વાભાવિક ચૈતન્યવિલાસ જેનું લક્ષણ છે એવા)...** કોનું? આત્માનું. જેના ચૈતન્યનો વિલાસ છે, જ્ઞાન ને આનંદની જેમાં રમતું છે. આ બહારના વિલાસ ભોગવે છેને બહારના વિલાસ, બાગ ને બગીચા ને વિલાસ આમ ઓહોહો.. ઝેરના વિલાસ છે એ બધા, ઝેર છે. હવા ઠંડી એ તો જડ છે. એના તરફનો વિકલ્પ છે કે મારે મજા છે, એ ઝેર છે. કહો, સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ બહુ અલૌકિક છે. જગતને જૈનને નામે અજૈનપણું મળ્યું છે. વીતરાગ તીર્થંકર કેવળજ્ઞાની પરમાત્મા અરિહંતદેવ જૈનપણું, જૈનધર્મ કોને કહે છે એ અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? જૈનધર્મ એ પર્યાય છે. પંદરમી ગાથામાં આવ્યુંને. જે કોઈ ભગવાન આત્માને અબદ્ધસ્પૃષ્ટ, અનન્ય, અવિશેષ, અસંયુક્ત અનુભવે છે, કહે છે કે ... અનુભવે છે. એ પર્યાય જૈનશાસન છે. જૈનશાસન પર્યાય છે. જૈનશાસન કોઈ દ્રવ્ય-ગુણ નથી. આહાહા! સમજાણું કાંઈ? એ જૈનશાસનની આ વ્યાખ્યા છે.

દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ તો રાગ છે, એ તો પરાશ્રયે ઉત્પન્ન થયેલી ઉપાધિ છે. એ એની સ્વરૂપદશા નહીં. સ્વરૂપદશા–નિશ્ચયધર્મધ્યાન અને શુક્લધ્યાન વડે કોને ધ્યાવે છે? અખંડ અદ્વૈત સહજ ચિદ્વિલાસરૂપ સ્વાભાવિક જ્ઞાનનો વિલાસ જેમાં છે એવો ભગવાન એ દ્રવ્ય. આહા! એક-એક ગાથા સમજવી કઠણ પડે એવી છે. **અક્ષય આનંદસાગરમાં મગ્ન...** ધર્મધ્યાનની પર્યાયે કોનો આશ્રય લીધો છે? એમ કહે છે. અનુભવની પર્યાયે... અનુભવ એ પર્યાય છે. સમજાય છે કાંઈ? એ અનુભવ અસંખ્યપ્રદેશમાં હોય છે. ધર્મધ્યાન, શુક્લધ્યાન પણ અસંખ્યપ્રદેશી જીવમાં હોય છે અને એ જ અસંખ્યપ્રદેશમાં ધ્રુવ હોય છે. આરે, ભારે. આ તો મૂળ ચીજ છે. સમજાણું કાંઈ? અસંખ્યપ્રદેશમાં ધર્મધ્યાન ને શુક્લધ્યાનની જે અવસ્થા કે સામાયિકની પર્યાય એ જૈનશાસન. એ વીતરાગી પર્યાય શુદ્ધોપયોગ એ જૈનશાસન છે. એ જૈનશાસન આત્માની પર્યાયમાં રહે છે અને એ પર્યાયને આશ્રય દ્રવ્યનો છે. સમજાણું કાંઈ?

આવી લાંબી વાતું પકડવાની ક્યાં નવરાશ છે? કરી નાખો આ સામાયિક, ધ્યાન કરી નાખો, જાઓ. શેનું ધ્યાન પણ? વસ્તુ શું છે એ તો હજી લક્ષમાં, જ્ઞાનમાં આવી નથી. સમજાય છે કાંઈ? વસ્તુ કેવી છે, એની પર્યાય કેવી છે, એ પર્યાય ક્યાં ઢળે છે ત્યારે એને ધર્મ થાય છે? પર્યાય ક્યાં ઢળે છે? એને પર્યાયમાં ધર્મ થાય છે. સમજાણું કાંઈ? આનંદની દોર છે. સાચી વાત છે. વાત તો એમ છે. વસ્તુ શું છે ને એની પર્યાય શું છે? અને એમાં રાગ શું છે? રાગ એ વિકારી પર્યાય છે અને ધર્મધ્યાન જૈનશાસનની નિર્વિકારી પર્યાય છે. આ શું હશે? વિકારી પર્યાય ક્યાં રહેતી હશે, નિર્વિકારી પર્યાય ક્યાં રહેતી હશે અને દ્રવ્ય ક્યાં રહેતું હશે? આહાહા! કહે છે કે એકવાર સાંભળ ભાઈ! વસ્તુ જે ધ્રુવ નિત્ય ચૈતન્યમૂર્તિ છે, આહાહા! સમજાણું કાંઈ? એને આત્મા કહ્યો અને એની અનુભવની પર્યાયને પાછો આત્મા કહ્યો. સમજાણું કાંઈ?

એ આત્મામાં ધર્મધ્યાન ને શુક્લધ્યાન વડે એટલે નિર્મળ વીતરાગી પર્યાય વડે... 'વીતરાગી શાંતિ દ્વારા' એ પર્યાય છે. એ દ્વારા... જેનું ધ્યેય દ્રવ્ય છે એ પર્યાય ત્યાં જાય છે. સમજાણું કાંઈ? **અક્ષય આનંદસાગરમાં મગ્ન થતાં**... ધર્મધ્યાન અને શુક્લધ્યાનની પર્યાય વડે કોને ધ્યાવે છે? કે આત્માને. કેવો આત્મા? કે અખંડ અદ્વૈત ચૈતન્ય ચિદ્વિલાસ આનંદસાગરમાં મગ્ન આત્મા છે. આહાહા! અતીન્દ્રિય આનંદ અમૃતસાગરમાં તો આત્મા ડૂબેલો છે. આહાહા! અતીન્દ્રિય આનંદના સાગરમાં ડૂબેલો એવો જે ભગવાન આત્મા એનો પોતાની નિર્મળ ધર્મધ્યાન અને શુક્લધ્યાનની પર્યાયે આશ્રય લીધો છે. સમજાણું કાંઈ? **અક્ષય આનંદ-સાગરમાં**... ઓહો! એનો આનંદ છે એ કોઈ દિ' ક્ષય ન પામે. એવો આનંદનો સાગર આત્મા.. કેમકે જેનો સ્વભાવ આનંદ છે એને હદ શું? એને મર્યાદા શું? એવો પરમ આનંદસાગરમાં ભગવાન એકમેક છે, તન્મય છે ત્રિકાળ.

**સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ** છે. એવો જે સ્વરૂપ ભગવાન આત્મા, એ બધા વિકલ્પની ક્રિયાઓથી ભિન્ન છે. બાહ્ય ક્રિયા જેટલી છે એ બધીથી વસ્તુ ભિન્ન છે અને વસ્તુના ધ્યાનને કાળે પણ બાહ્ય ક્રિયા ભિન્ન થઈ જાય છે. સમજાણું કાંઈ? વસ્તુ... દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ધ્યાન આદિ એ વિકલ્પની ક્રિયા છે બધી. એ ક્રિયાથી રહિત વસ્તુ છે અને એના ધ્યાનની પર્યાય પણ એ બધી બાહ્ય ક્રિયાના વિકલ્પથી ભિન્ન છે. સમજાણું કાંઈ? આહાહા! ભારે સામાયિકની.... અહીંયા તો કેટલી સામાયિક કરી નાખી. જૈનના વાડામાં તો દરરોજ કેટલી થાતી હશે? ઢગલા થાતા હશે. આહાહા! ભાઈ! એ સામાયિક કોને કહેવી અને ધ્યાનની પર્યાય કોને કહેવી? ધર્મધ્યાન હો કે શુક્લધ્યાન હો. અને એ પર્યાય ક્યાં વળે છે? જ્યાં વળે છે એ ચીજ શું છે? સમજાણું કાંઈ?

સકળ બાહ્યક્રિયાથી પરાઙ્મુખ એ (ત્રિકાળી) ચીજ છે અને ધર્મધ્યાનની પર્યાય પણ (બાહ્યક્રિયાથી પરાઙ્મુખ છે). કેમકે એ પર્યાયે દ્રવ્યનો આશ્રય લીધો એથી એ પર્યાય પણ

બાહ્યક્રિયાથી રહિત થઈ ગઈ. કહો, જેઠાભાઈ! ભારે આકરી વાતું ભાઈ! **શાશ્વતપણે (સદા)...** ભગવાન નિત્યાનંદ આનંદસાગરમાં ડૂબેલો પ્રભુ ધ્રુવ **અંતઃક્રિયાના અધિકરણભૂત...** બાહ્યક્રિયાથી પરાઙ્મુખ ને અંતરક્રિયાનો આધાર. આહાહા! અંતરક્રિયા એટલે આ. ધર્મધ્યાન, શુક્લધ્યાન, સામાયિક વીતરાગીદશા, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ અંતઃક્રિયા છે. એનો એ (દ્રવ્ય) આધાર છે. સમજાણું કાંઈ? **સદાશિવસ્વરૂપ...** સદા કલ્યાણરૂપ છે એ તો. ભગવાન સદા શિવસ્વરૂપ છે. એવો આત્મા. આ બધા વિશેષણ આત્માના કહ્યા. એવા **આત્માને** ધર્મધ્યાન ને શુક્લધ્યાન વડે **નિરંતર ધ્યાવે છે...** આંતરો પડ્યા વિના જેમાં એકાગ્રતા છે, એ પર્યાયને સામાયિક ને જૈનશાસન કહીએ. ભારે વાતું ભાઈ! સમજાણું કાંઈ?

**તેને ખરેખર જિનેશ્વરના શાસનથી...** જિનેશ્વરના શાસનમાં શાસનથી **નિષ્પન્ન થયેલું...** જૈનશાસનથી પ્રાપ્ત થયેલું **નિત્યશુદ્ધ, ત્રિગુપ્તિ વડે ગુપ્ત એવી પરમ સમાધિ જેનું લક્ષણ છે...** નિત્યશુદ્ધ એ પર્યાય, પર્યાય. ધર્મની પર્યાય, સામાયિકની પર્યાય, પર્યાય જૈનશાસનની પર્યાય એ નિત્ય શુદ્ધ છે. એ ત્રિગુપ્તિ વડે ગુપ્ત છે. આહાહા! મન-વચન ને કાયાના વિકલ્પથી ગુપ્ત છે એ ચીજ. કહો, આવું સાંભળતા માણસને થઈ જાય કે આ તે શું કહે છે? કોની વાત કરે છે? કેવળીની વાત કરે છે? ભાઈ! શું છે આ? કેવળજ્ઞાનીની વાત છે? હા, કેવળજ્ઞાનના લોલુપીની વાત છે આ. એ તો પહેલું કહ્યું. મોક્ષનો જે લોલુપી છે. અજ્ઞાની રાગનો લોલુપી છે, જ્ઞાની કેવળજ્ઞાનનો લોલુપી છે. આહાહા! થોડું પણ એનું પરમ સત્ય હોય એમ હોવું જોઈએ. સમજાણું કાંઈ?

ભગવાન અંદર આત્મા સદાશિવસ્વરૂપ.. સદાશિવરૂપ, ધ્યાનમાં–ધ્યાનરૂપી પર્યાયમાં એને જે લક્ષમાં ને આશ્રય લે છે તેને જૈનશાસનથી નિષ્પન્ન થયેલું, વીતરાગભાવથી પ્રાપ્ત થયેલું... આહાહા! કહો, આ સામાયિક તો ત્રણે સંપ્રદાયમાં નામ તો હોય છે કે નહીં? દિગંબર, શ્વેતામ્બર, સ્થાનકવાસી ને તેરાપંથી. પણ કોને કહેવી સામાયિક? સમજાણું કાંઈ? ભગવાન આત્મા અદ્વૈત, અખંડ, ચૈતન્યવિલાસ, આનંદમાં ડૂબેલો એવા ભગવાનને જે વીતરાગી.. વર્તમાન મન, વચન, કાયાના વિકલ્પથી ગુપ્ત થયેલી એવી વીતરાગી પર્યાય ધ્યાન.. ધ્યાનની પર્યાય એને ધ્યાવે છે. સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ એ પર્યાય છે, મોક્ષ એ પર્યાય છે, કેવળજ્ઞાન એ પર્યાય છે, જૈનશાસન એ પર્યાય છે. ભીખાભાઈ!

જૈનશાસન પર્યાય છે? અહીં કીધું લ્યો. જિનેશ્વરના શાસનથી નિષ્પન્ન થયેલું, વીતરાગભાવે ઉત્પન્ન થયેલી એ પર્યાય છે. ભારે કામ ભાઈ! ભોળા માણસને, સાધારણ માણસને તો અપવાસ કરવા, નોકારવાળી ગણવી નવકાર.., થઈ ગયું જાઓ, ઉના પાણી પીવા. પહેલું તો આવો આત્મા છે એ જેને લક્ષમાં, પ્રતીતમાં, શ્રદ્ધામાં નથી એ આત્માનું ધ્યાન કરી શકે નહીં. આહાહા!

**એવું, શાશ્વત સામાયિકવ્રત છે. ગુપ્ત એવી પરમ સમાધિ જેનું લક્ષણ છે**... સામાયિકનું લક્ષણ જ પરમ આનંદ છે કહે છે. કહો, સમજાણું કાંઈ? સામાયિક એટલે પરમ શાંતિ, પરમ સમાધિ, આનંદની લહેર ઉઠે, પર્યાયમાં આનંદની લહેર એ પર્યાય. એ આનંદની લહેરની પર્યાયને સામાયિક કહીએ. આહાહા! પાણીના જેમ કલ્લોલ–તરંગ ઉઠે, એમ વીતરાગભાવે પડેલો પ્રભુને વીતરાગી પર્યાયના તરંગ ઉઠે, આહાહા! એને પરમાત્મા ધર્મની પર્યાયરૂપ સામાયિક કહે છે. સમજાણું કાંઈ? આ તો મુદ્દાની રકમની વાત છે. કહો, મનહરભાઈ! ક્યાં ગયા મનસુખભાઈ? આ સામાયિકની વાત છે આ તો. બધા સામાયિક.. સામાયિક કરે છે કે નહીં? 'સામાયિક સામાયિક' એમ ભાષા કરે છે કે નહીં? આહાહા! એક સમયની સામાયિક એને જન્મ-મરણના અંત લાવશે, એને જૈનશાસનમાં સામાયિક કહેવામાં આવે છે. આહાહા!

કહે છે કે **પરમ સમાધિ જેનું લક્ષણ**... સામાયિકનું. સત્ય સામાયિક. આહાહા! પરમ શાંતિ જેની પર્યાયમાં પરમ આનંદ પ્રગટ્યો, એ પરમ આનંદની પર્યાય એને સામાયિક કહીએ. આહાહા! ચીમનભાઈ! પછી આ તકરાર વાંધા ઉઠાવે. એ તો નિશ્ચયની વાત છે, પણ એનું સાધન? વ્યવહારસાધન છે ને આ સાધન છે. હોય છે વિકલ્પ, એને ઉપમા વ્યવહારની અપાય. સમજાણું કાંઈ? વસ્તુ એ નથી. નથી એને કહેવું એનું નામ વ્યવહાર. 'ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં'. બહાર અશુભભાવ ન થયો અને શુભભાવ રાખ્યો એ કાંઈ ધર્મ નથી. સમાધિ જેનું લક્ષણ... એકલી સમાધિ નથી લીધી. લોગસ્સમાં આવે છેને 'સમાહિવરમુત્તમં દિંતું.' આવે છે? લોગસ્સ.. લોગસ્સ. મગનભાઈ! શું એનો અર્થ? એટલે શું? ભગવાન જાણે. નહીં? ગડિયા હાંક્યે જાય.

કહે છે કે સમાધિ એટલે આ શાંતિ. વીતરાગી આનંદનું પરિણમવું, વીતરાગી આનંદનું પર્યાયપણે પરિણમવું એનું નામ સમાધિ. સમજાણું કાંઈ? એનું નામ સામાયિક. જે સમાધિ આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત (હોય). ઉપાધિ એટલે સંયોગ નથી બહારના, વ્યાધિ એટલે રોગ નથી જેમાં શરીરની વ્યાધિ, આધિ એટલે મનના સંકલ્પ-વિકલ્પ, શુભ અને અશુભરાગ. એ રહિત છે અને જેને આત્માનો ત્રિકાળી ભગવાનનો આશ્રય છે એવી પરમ સમાધિ જેનું લક્ષણ એને સામાયિક કહેવામાં આવે છે. એક વાત સમજે તો આખી વાત સમજી જાય બધી. આહાહા! આ પુસ્તક છે કે નહીં? મગનભાઈ! રાખો છો પુસ્તક સામે. જુઓ! .... બેઠા છો. જુઓ તો ખરા ચોપડામાં કે આ ચોપડા શું કહે છે? કહો, સમજાણું આમાં? ઓહો! આનંદનો સાગર ભગવાન, કહે છે, ભાઈ! પરમાનંદ અતીન્દ્રિય આનંદનો સાગર ડોલે છેને અંદર. તારી નજરું ત્યાં ગઈ નથી અને ત્યાં નજર ગયા વિના શાંતિ વળે એવી નથી. આહાહા! સમજાણું કાંઈ? આનંદની પર્યાયનો અનુભવ એ સત્ય સામાયિક, એ પર્યાય પોતે ધર્મ. સમજાણું કાંઈ? હવે એનો છેલ્લો કળશ કહે છે.

**[હવે આ પરમ-સમાધિ અધિકારની છેલ્લી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવ શ્લોક કહે છે :]**

**शुक्लध्याने परिणतमतिः शुद्धरत्नत्रयात्मा**
**धर्मध्यानेप्यनघपरमानन्दतत्त्वाश्रितेऽस्मिन् ।**
**प्राप्नोत्युच्चैरपगतमहद्दुःखजालं विशालं**
**भेदाभावात् किमपि भविनां वाङ्मनोमार्गदूरम्।।२१९।।**

ઓહોહો! આ વાચ્યું હશે મનસુખભાઈ? ઘરે વાંચવાનો વખત ન હોય.. વખત ન હોય. વખત ક્યાંથી હોય? એય મનહર! એને તો ક્યાં ઠેકાણું છે? એને તો મકાન ને છોકરાઓ, દુકાન કરે. હા, ઘરે એક પુસ્તક રાખી મૂકે, પણ વાંચવાનું નહીં. મનહર! નિયમસાર પુસ્તક તો છેને? ઠીક. બેયને કહીએ છીએને. તારા કાકાને કહીએ છીએ. અહીં તો મનસુખભાઈને કહીએ. એ બધું ઉપર ટપકે ચાલે. ઘરના ચોપડા હોય એ બધા તપાસે. કેટલું લેણું, કેટલી ઉઘરાણી, કેટલી પતશે, કેટલી ક્યાં રોકાશે? દુકાળ પડ્યો આમ થયું, તેમ થયું. ત્યાં તો સારું છે, દુકાળ નથી. કોને કહેવું સારું? ઝીણું.. ઝીણું પડે નહીં? નિયમસર ન વાંચે. નિયમસાર ન વાંચે. કીધું, નિયમસર ન વાંચે. આ તો વાંચે તો માંડ માંડ કાંઈક સમજાય એવું છે. વાત તો સાચી. ભીખાભાઈ! .... હોય એ વાત કરે. બીજા આવડે ક્યાંથી? ગોટા વાળે ગોટા ઊંધા. આહાહા! આ તો બધાને સમજવા જેવી વાત છે. સામાયિકની વાત છે. સામાયિકનો અધિકાર પૂર્ણ થાય છે. ગજબ વાત કરી છે. આહાહા! હવે ભક્તિનું લેશું. લોકો વળી ભક્તિ કોને કહેવી એમ લઈ લેશે. નિયમસારમાં ભારે વાતું નાખી છે. ઓહોહો!

**શ્લોકાર્થ : આ અનઘ (નિર્દોષ) પરમાનંદમય તત્ત્વને...** લ્યો. '**આ**' પ્રભુ પ્રત્યક્ષ છે અંદર. અનઘ નામ નિર્દોષ પરમાનંદમય તત્ત્વ ભગવાન આત્મા છે, વસ્તુ ધ્રુવ. 'એને આશ્રિત' એ પર્યાય. **(તત્ત્વને આશ્રિત) ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે...** આહાહા! આ તો મુનિઓના વીતરાગી મુનિઓના વાક્યો છે. જેના એક-એક શબ્દમાં, એક-એક ગાથામાં અનંત આગમ ભર્યા છે. કહો, સમજાણું કાંઈ? **આ**... 'આ' એમ કહેને. આ આત્મા અંદર વસ્તુ **અનઘ (નિર્દોષ) પરમાનંદમય**... પરમ આનંદમય છે. એવું જે તત્ત્વ... જુઓ! અહીં દ્રવ્ય કહેવું છે એને અહીં તત્ત્વ કીધું ભાઈ! એ તો કાંઈ ધર્મને તત્ત્વ કહે ને તત્ત્વને દ્રવ્ય કહે. એમાં કાંઈ નહીં.

**પરમાનંદમય તત્ત્વને**... સમજાણું કાંઈ? **આશ્રિત ધર્મધ્યાનમાં અને શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે**... જુઓ! ભાષા ચોખ્ખી કરી છે. જેની બુદ્ધિ પર્યાયમાં પરિણમી છે. આહાહા! ધર્મધ્યાન ને શુક્લધ્યાનમાં જેની બુદ્ધિ પરિણમી છે... વીતરાગી પર્યાયપણે પર્યાય પરિણમી છે.

આહાહા! મતિ હતુંને મતિ. પરિણિત મતિ. પરિણમન મતિનું, જેની બુદ્ધિમાં પરિણમન નિર્દોષ આનંદની પર્યાયનું પરિણમન જેને થયું છે ત્રિકાળીને આશ્રયે.

**એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ...** શુદ્ધ રત્નત્રયાત્મક જીવ. ભાષા ફેરવીને પાછી કહે છે જુઓ! સામાયિક એ શુદ્ધરત્નત્રયસ્વરૂપ છે. નિશ્ચય સમ્યગ્દર્શન એ પર્યાય છે, નિશ્ચય સમ્યગ્જ્ઞાન એ પર્યાય છે, નિશ્ચય ચારિત્ર એ પર્યાય છે—એ ત્રણ રત્નત્રય પર્યાય છે એને અહીં સામાયિક કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? 'શુદ્ધ રત્નત્રય' (શબ્દ) કેમ વાપર્યા? નિશ્ચય રત્નત્રય કહેવા છે. વ્યવહાર રત્નત્રય એ રાગ છે, અશુદ્ધ છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ એ બધા અશુદ્ધ છે. એ અશુદ્ધપર્યાય છે, આ શુદ્ધપર્યાય. સમજાણું કાંઈ? આહાહા! શુદ્ધરત્નત્રયસ્વરૂપ જીવ, જેને પરમાનંદમય એવા તત્ત્વને આશ્રિત ધર્મ ને શુક્લધ્યાનરૂપી પરિણતિ થઈ છે. આહાહા! એવો શુદ્ધરત્નત્રયાત્મક જીવ... શુદ્ધરત્નત્રયસ્વરૂપ એવો જીવ.

**એવા કોઈ વિશાળ તત્ત્વને...** એવા કોઈ વિશાળ તત્ત્વને... વર્તમાન પરમાનંદ ને વીતરાગી પર્યાય દ્વારા એવા કોઈ વિશાળ તત્ત્વને એ પામે છે, કહે છે. આહા! સમજાણું કાંઈ? આ હરખજમણ છે હરખજમણ. તમારે નથી કરતા? લગન પછી કરે છે કે નહીં મોહનભાઈ? શું કરે? વણોઠી. હરખજમણ.. હરખજમણ કરે. આહાહા! નિયમસારમાં તો હરખજમણ પીરસ્યા છે. ખુશી–આનંદના ભોજન, ખુશીપાના ભોજન છે. વણોઠી કરે.... જમણ કરે ત્યારે. ....ઓલું વણોઠી કહેવાય. હરખજમણ આ કરે માંડવાવાળો. ઓલો કરે તો કહે, તમારે જેટલા માણસ લાવવા હોય તો લાવજો. અમારે વણોઠી છે. ઓલો કહે, જેટલા માણસ તમારે લાવવા હોય એ લાવજો જાનમાં. ત્યાં હોંશીલા પાપમાં. કાલ ઓલા તમારા આવ્યા હતા. તમને મળ્યા? તમારા છબીલભાઈનો દીકરો આવ્યો હતો. હા, આવ્યો હતો. એ કહેતો હતો. પાલેજ આવ્યો હતોને હમણાં. આવ્યો હતો એ કહેતો હતો. એનો ભાઈ દીક્ષા લેવાનો છે? આનાથી મોટો? દીક્ષા. કોને દીક્ષા કહેવી? હજી સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબરું ન મળે. આહાહા!

અહીં તો કહે છે કે શુદ્ધરત્નત્રયસ્વરૂપ જીવ **એવા કોઈ વિશાળ તત્ત્વ...** વિશાળ તત્ત્વ.. અનંત.. અનંત.. અનંત.. અનંત સ્વભાવનો સાગર એવું તત્ત્વ વિશાળ.. વિશાળ.. વિશાળ એવા તત્ત્વને **અત્યંત પામે છે...** પર્યાયમાં એ દ્રવ્યને પામે છે. સમજાય છે કાંઈ? ધર્મીજીવની પર્યાયમાં દ્રવ્ય પમાય છે, એમ કહે છે. **કે જેમાંથી (-જે તત્ત્વમાંથી) મહા દુઃખસમૂહ નષ્ટ થયો છે...** એ તત્ત્વ એવું છે ત્રિકાળી ભગવાન (કે) જેમાંથી દુઃખનો સમૂહ નષ્ટ થયો છે (એટલે) એમાં છે જ નહીં. એમ પર્યાયમાં પણ આ દુઃખનો સમૂહ છે નહીં.

**ભેદોના અભાવને લીધે...** બીજી વિશેષ વાત કરે છે. વસ્તુ અખંડ અભેદ છે એમાં ભેદ નથી. સમજાણું કાંઈ? એકરૂપ અભેદ એવા ભેદના અભાવને લીધે ભવ્યોને–ભવિ નામ લાયક પ્રાણીને... આહાહા! ધર્મીની પર્યાયે આવા તત્ત્વને પ્રાપ્ત કર્યું કે જે તત્ત્વે દુઃખના સમૂહને નાશ કરેલું છે અંદર અને જેમાં ભેદનો અભાવ છે. આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે—એવા

ભેદનો પણ જ્યાં વિકલ્પ નથી. આહાહા! સમજાણું કાંઈ? ભવ્યોને **વચન અને મનના માર્ગથી દૂર છે**. કાયા તો એકકોર રહી ગઈ. શું કહે છે? ભવ્યોને–જીવોને. જીવ.. જીવ. **જીવોને...** લખ્યું છે એમાં. **વચન અને મનના માર્ગથી દૂર છે.** એ મનનો વિકલ્પમાર્ગ ને વાણી એનાથી દૂર છે ભગવાન આત્મા. નિર્મળ વીતરાગી ધર્મધ્યાનની પર્યાય દ્વારા, સામાયિકની પર્યાય દ્વારા આવા તત્ત્વને પામે છે કે જે તત્ત્વ વચન ને મનથી દૂર છે. આહાહા!

કહો, જેઠાભાઈ! સામાયિક આટલા વર્ષ કર્યું, આવું સાંભળ્યું નહોતું કોઈ દિ'? આહાહા! (શ્રોતાઃ સંભળાવનારા મળ્યા નહીં). ભોજન કરનાર સામે હોય તો પીરસનાર મળે જ તે. ભાણું લઈને બેઠો હોય એ ખાલી રહે નહીં. આવી સામાયિક.. આહાહા! જૈનશાસનનો પ્રાણ, પ્રાણ(રૂપ) વીતરાગીદશા એ જૈન સામાયિક. એ શાસનના પ્રાણ છે, એનાથી જૈનશાસન જીવે છે. સમજાણું કાંઈ? લ્યો, એ અધિકાર પૂરો થયો, નવમો અધિકાર પૂરો થયો. નવમું નિશ્ચય સામાયિકવ્રત એનો આ અધિકાર પૂરો થયો. નવમું વ્રત, અધિકાર પણ નવમો છે.

હવે દસમો. આવી ભક્તિના કરનારા કેવા હોય છે? આહાહા! ભારે પણ આચાર્યે પણ ગજબ કામ કર્યા છેને! સામાયિકમાં ભૂલેલા હોય એને આ સમજાવે છે. ભક્તિમાં ભૂલેલાને ભગવાનની ભક્તિ કરવી, પૂજા, દાન, દયા, સમ્મેદશિખર ને શેત્રુંજય... એ બધું હોય છે, પણ એ શુભભાવ છે, એ સાચી ભક્તિ નથી. આહાહા! સમજાણું કાંઈ? કેટલાક એવા હોય, કાર્તિક સુદ પૂનમે એક જાત્રા કરી આવીએ શેત્રુંજયની, પછી ૩૬૦ દિ' ધંધામાં જોડાવું. ઓલા પાપ ધોવાઈ જાય. ધૂળેય ધોવાય નહીં, સાંભળને! સમૂળગું મિથ્યાત્વનું પોષણ થાય ત્યાં તો. થાય શુભભાવ ને માને કે આમાં ધર્મ છે ને આનાથી કલ્યાણ થાશે, એ મિથ્યાત્વને પોષે છે. આહાહા! સમજાણું કાંઈ? ભક્તિનો વારો આવ્યો હવે. આહાહા!

## પરમ-ભક્તિ અધિકાર.

**હવે ભક્તિ અધિકાર કહેવામાં આવે છે.**

**सम्मत्तणाणचरणे जो भत्तिं कुणइ सावगो समणो ।**
**तस्स दु णिव्वुदिभत्ती होदि त्ति जिणेहि पण्णत्तं॥ १३४॥**

દેખો! શ્રાવક ને સાધુ બેય પરમ ભક્તિ કરે છે. સાધુને જ હોય અને શ્રાવકને ન હોય એમ નહીં. વીતરાગ ત્રિલોકનાથ તીર્થંકરદેવે આને ભક્તિ કહી છે. કહેશે હોં.

**શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચારિત્રની ભક્તિ કરે,**
**નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.**

વીતરાગદેવ, જેની શક્તિમાં વીતરાગતા પડી હતી (અને) જેણે પર્યાયમાં વીતરાગતા પ્રગટ કરી એને જિનદેવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? દિવ્ય વીતરાગતા શક્તિરૂપ પિંડ આત્મા... આત્મા એટલે દિવ્ય વીતરાગશક્તિનો પિંડ પ્રભુ, એને પર્યાયે અવલંબીને, જેની

વર્તમાન પર્યાયમાં દિવ્યશક્તિની વ્યક્તતા પ્રગટ થઈ ગઈ છે, જ્ઞાન, આનંદ, શાંતિ પર્યાયમાં પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ એને જિનદેવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે! જિનદેવ કોને કહે? આહાહા! વિશ્વાસની ગતિમાં, વિશ્વાસની પરિણતિએ જિનદેવને લેવા... વિકલ્પથી લે એ જુદી વાત છે, પણ નિર્વિકલ્પ પરિણતિએ જિનદેવને સ્વીકારવા... આવે છેને ૮૦ ગાથામાં. **जो जाणदि अरहंतं दव्वत्तगुणपज्जयत्तेहिं**.. જે કોઈ આત્મા... અરિહંત ભગવાન એનું દ્રવ્ય ત્રિકાળી, એનો ગુણ ત્રિકાળી, એની પર્યાય વર્તમાન પૂર્ણ... જે જીવ એવા અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણે... ભગવાનની પર્યાયને જાણે એમ કહે છે. કહો, પ્રવચનસારમાં આવે છે કે નહીં?

જે કોઈ આત્મા અરિહંત પરમાત્મા એનું દ્રવ્ય એટલે વસ્તુ, એનો ગુણ એટલે એની શક્તિ (અને) પર્યાય... કેવળજ્ઞાન, કેવળદર્શન, પૂર્ણ આનંદ એ એની–તીર્થંકર કેવળીની પર્યાય છે. એને જાણે એ આત્માને જાણે અને આત્માનો જાણે એનો મોહ ક્ષય થાય. સમજાણું કાંઈ? આ તો પોતાની પર્યાય તો ઠીક, પણ અરિહંતની પર્યાયને જાણે. ભાઈ! સમજાણું કાંઈ? અરિહંત તીર્થંકરદેવની પર્યાય એ જ તીર્થંકરપણું કેવળી(પણું) છેને. કેવળજ્ઞાન, કેવળદર્શન એ જ તીર્થંકરપણું અરિહંતપણું છે. એ પર્યાય પોતે પૂર્ણ મોક્ષ છે. તેરમે ભાવમોક્ષ થઈ ગયો છે, રજકણો થોડા બાકી છે છે અવ્યાબાધ આદિ... દ્રવ્યમુક્તિ થશે, રજકણોથી છૂટો થઈ જશે. એવા અરિહંતના... કુંદકુંદાચાર્ય પોતે ફરમાવે છે કે જે કોઈ અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે, એ આત્માને જાણે. એટલે કે આવો જ મારો આત્મા છે, એમ. એના આત્માની સાથે મેળવે, વીતરાગી પર્યાય દ્વારા દ્રવ્યમાં જાય, એને અરિહંતના ગુણ ને પર્યાયનું જ્ઞાન કહેવાય, એને આત્માનું જ્ઞાન થાય. આહાહા! સમજાણું કાંઈ? આ તો ટૂંકું છે બહુ.

ભગવાન ત્રિલોકનાથ અરિહંતદેવ એના હોવાપણાનો સ્વીકાર, એનું દ્રવ્ય એવું મારું દ્રવ્ય, એના ગુણ એવા મારા ગુણ, એની પર્યાયની સાથે મેળવે તો અહીં તો પર્યાય અપૂર્ણ છે હજી. એટલે એ પર્યાયને પૂર્ણ પ્રગટ કરવા દ્રવ્યમાં દૃષ્ટિ આપતા **जाणदि अप्पाणं**–આત્માને જાણે. આહાહા! ધન્ય રે ધન્ય માર્ગ છે ને! જેણે માર્ગને જાણ્યો એના અવતાર સફળ થઈ ગયા. એ જન્મ્યો એ ફરીને જન્મવા માટે નહીં. આહાહા! સમજાણું કાંઈ? જેણે જે ભવમાં અરિહંતના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણ્યા અને જાણીને આત્મા સાથે મેળવવા અંદરમાં ગયો, એને આત્મજ્ઞાન થાય અને એનો અવતાર સફળ છે. અરે! એના ભવના અભાવ માટે અવતાર છે એ. સમજાણું કાંઈ?

રાગાદિ હો, એ મારા સ્વભાવમાં નથી હોં. એ કૃત્રિમ અંદર ઊભા થાય એ વિભાવ ભગવાનને નથી એની પર્યાયમાં. તો મારી પર્યાયમાં ક્યાં છે એ? એમ જ્યાં મેળવવા જાય ત્યાં એના સ્વભાવનો આશ્રય થઈ જાય. ત્યારે એને સમકિતની સાચી ભક્તિ થાય છે. એ નિશ્ચય સમકિત એ જ ભક્તિ છે. આહાહા! પાઠ છેને જુઓ! ત્રણેય. **सम्मत्तणाणचरणे जो भत्तिं**.. સમજાણું કાંઈ? પહેલો અન્વયાર્થ લેવાનું મન થયું. વખત થઈ ગયો. પાંચ મિનિટ (બાકી છે). અન્વયાર્થ લ્યો અન્વયાર્થ. શું કે ઓલો શ્રાવક આવે છેને એમાં. પછી આવશે ખરું ટીકામાં.

**અન્વાયર્થ : જે** કોઈ **શ્રાવક** ગૃહસ્થાશ્રમી હો કે મુનિ **સમ્યગ્દર્શન**... ભગવાન પૂર્ણાનંદ પ્રભુ એનું સમ્યગ્દર્શન, એ પર્યાય છે. મોક્ષનો માર્ગ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પર્યાય છે. એ પર્યાયની ભક્તિ કરે છે તે ભક્તિ (અને તે) ભક્ત છે એમ કહે છે. **સમ્યગ્જ્ઞાન**... આત્માના આનંદસ્વરૂપનું જ્ઞાન અને **સમ્યક્ચારિત્રની ભક્તિ કરે છે**... ભાઈ! એમ છે. શું કીધું? એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયની ભક્તિ કરે છે એમ કહે છે. એ ભક્તિ નામ એનું ભજન– પરિણમન થાય છે. આહાહા! અહીં તો ... એવું આવશે. દ્રવ્યની ભક્તિ કરે છે એવું નથી આવતું. દ્રવ્ય ત્રિકાળી એનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર નિશ્ચય મોક્ષમાર્ગ એની ભક્તિ કરે તે ભક્ત છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યની ભક્તિ કરે એ તો રાગ છે કહે છે અને રાગનું ભજન એકાકાર થઈને કરે એ તો મિથ્યાદૃષ્ટિ છે. આ સમ્યગ્દર્શનની સામે લેવાય છે ભાઈ! આહાહા!

રાગ ને રાગનું ભજન મિથ્યાત્વ છે. અહીં આત્મા તરફનું સમ્યગ્દર્શન, એનું જે જ્ઞાન ને ચારિત્ર, એ વીતરાગી પર્યાયનું ભજન એ મોક્ષમાર્ગ છે. એ સાચી ભક્તિ છે. આહાહા! અરે! ભક્તિ પણ સાચી સાંભળી નહીં એણે. હાંક્યે રાખે ગાડાં એમ ને એમ. સમજાણું કાંઈ? એ શ્રાવક પણ હોં પંચમ ગુણસ્થાનવાળો ગૃહસ્થાશ્રમી. કેટલાક ના પાડે છે કે એને નિશ્ચય સમકિત હોય નહીં. શું કહે છે આ? ત્રણેય નિશ્ચય હોય છે. એ પંડિતજી! વીતરાગી સમકિત ચોથે-પાંચમે ગુણસ્થાને ન હોય. સાતમે-આઠમે હોય, એમ. અહીં તો (કહે છે), શ્રાવક પાંચમા ગુણસ્થાનવાળાને સદાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણ એની ભક્તિ છે. લ્યો, જેઠાભાઈ! છે એમાં કે નહીં? આહાહા!

આ તો પાઠ ચોખ્ખો આમાં નીકળ્યો નહીં? શ્રાવક નિશ્ચય ભક્તિ કરે છે. ઓલા છ (આવશ્યક) આવે છેને, ગુરુસેવા ને ઉપાસના—એ બધો વ્યવહાર છે, વિકલ્પ છે. આ અંતર ભક્તિ કરે છે, એમ. ઓલા છ ભાવ આવે ખરા, એ (નિશ્ચય) વસ્તુ નથી. વ્યવહાર છે, પુણ્યબંધનું કારણ છે. આ સમ્યગ્દર્શન, જ્ઞાન ને સમ્યક્ચારિત્ર એ ત્રણેય વીતરાગી પર્યાય છે. રત્નત્રયનો મોક્ષમાર્ગ પર્યાય છે, એની ભક્તિ કરે છે. **તેને નિવૃત્તિભક્તિ (નિર્વાણની ભક્તિ)**– મોક્ષની ભક્તિ છે **એમ જિનોએ કહ્યું છે**. કહો, સમજાણું કાંઈ? એની વ્યાખ્યા આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)



Vitragvani

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

: સહપ્રકાશક :
શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

info@vitragvani.com vitragvani.com /vitragvani /c/vitragvani